
www.vitragyani.com

શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત

# પાંડવ પુરાણ

અર્થાત્

# જૈન મહાભારત




: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com

ૐ

श्री शुभचंद्राचार्य विरचित

# પાંડવ પુરાણ

અર્થાત્

# જૈન મહાભારત

: અનુવાદક :

શ્રી પ્રશમ જિતેન્દ્રભાઈ મોદી, સોનગઢ
(સંપાદક : આત્મ-જાગ્રતિ)

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણકુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.,
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, www.vitragvani.com



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૪ | ૨૦૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |

ISBN No. = 978-93-81057-21-6

પ્રત : ૧૦૦૦

## : પ્રાપ્તિસ્થાન :


* **શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
  ૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦,
  નવયુગ સી.એચ.એસ. લિ.,
  વિ.એલ. મહેતા માર્ગ, વીલેપાર્લે (વેસ્ટ),
  **મુંબઈ–૪૦૦૦૫૬**
  ફોન : ૦૨૨–૨૬૧૩૦૮૨૦

Email : info@vitragvani.com
Web : www.vitragvani.com
FB : www.facebook.com/vitragvanee

* **તીર્થધામ મંગલાયતન**
  સાસની–૨૦૪૨૧૬, **અલીગઢ**(ઉ.પ્ર.)
  ફોન : (૦૫૭૧) ૨૯૦૨૯૭૭
  Email: info@mangalayatan.com

* **ચિંતન જિતુભાઈ મોદી**
  ''ક્રમબદ્ધ નિવાસ'',
  ૪૫, કહાન નગર સોસાયટી,
  **સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
  મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮
  ૦૯૭૨૨૮૩૩૧૪૩

* **શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
  યોગી નિકેતન પ્લોટ,
  ''સ્વરુચિ'' સવાણી હોલની શેરીમાં,
  નિર્મલા કોન્વેન્ટ રોડ,
  **રાજકોટ – ૩૬૦ ૦૦૫**,(ગુજરાત)
  ફોન : (૦૨૮૧) ૩૧૦૦૫૦૮

* **શ્રી હિતેશભાઈ ચોવટીયા**
  ડી/૧૬/૨૦૫, યોગી તુલ્સી,
  યોગી નગર, બોરીવલી (વેસ્ટ),
  **મુંબઈ – ૪૦૦ ૦૯૨**
  ફોન : (૦૨૨) ૨૮૬૩૧૧૫૫
  મો. નં. : ૦૯૩૨૨૮ ૯૦૦૮૯


* **અશ્વિનભાઈ એ. શાહ**
  બી-૨૧, રૂસ્તમજી આદર્શ હેરીટેઝ,
  ઓફ માર્વે રોડ,
  આદર્શ કોમ્પ્લેક્સ વિહાર,
  **મલાડ (વેસ્ટ), મુંબઈ-૬૪**
  મો. નં. : ૦૯૮૨૦૧ ૨૪૩૭૮


## મૂલ્ય : સ્વાધ્યાય


મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો. ૦૯૮૨૪૯ ૪૪૪૦૧**

ટાઈપ સેટીંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફીક્સ**
**સોનગઢ**
**મો. ૦૯૯૦ ૪૧૦ ૪૪૩૨**

# અર્પણ



ભવાટવીમાં ભટકતાં ભૂલા પડેલાં ભવ્યોને ઉગારનાર ભગવાન શ્રી સીમંધરસ્વામીના સમવસરણના શ્રોતા, મહાવિદેહમાં સમવસરણમાં ભગવત્ કુંદકુંદાચાર્યદેવના પ્રત્યક્ષ દર્શન કરનાર હે અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ! આપશ્રીએ ૪૫-૪૫ વર્ષો સુધી અધ્યાત્મની ધોધમાર વર્ષા વરસાવીને પંચમઆરાના અંત સુધી ધસમસતી વહેતી રહેનાર તત્ત્વજ્ઞાનની ગંગા વડે ભવ્ય જીવો પર જે અસીમ ઉપકાર કર્યો છે તે ઉપકાર પ્રતિ ભક્તિ-અંજલિ સમર્પિત કરવા શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત **પાંડવ પુરાણ** અર્થાત્ **જૈન મહાભારત** ગુજરાતીમાં પ્રકાશિત કરીને આપને અર્પણ કરતાં અમો અત્યંત પ્રસન્નતા અનુભવીએ છીએ.

—પ્રકાશક-પરિવાર

# પ્રકાશકીય

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે–તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન–ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો ! અને અહીં ભરતમાં પધારીને, ૪૫-૪૫ વર્ષો સુધી અધ્યાત્મની ગંગા વહેવડાવીને અધ્યાત્મક્રાંતિ વડે વિષમ પંચમકાળને ધર્મકાળમાં પરિવર્તીત કર્યો.

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રધાનપણે દ્રવ્યદૃષ્ટિનો મૂળભૂત માર્ગ પ્રકાશ્યો અને સાથો સાથ એ દ્રવ્યદૃષ્ટિના માર્ગે પ્રયાણ કરવામાં સહાયભૂત એવી વૈરાગ્યભૂમિ તૈયાર કરવા પ્રથમાનુયોગના પુરાણપુરુષોના અનેક પ્રસંગોને ખૂબ મલાવીને પ્રબોધ્યો છે.

તેઓશ્રી ફરમાવતા હતા કે ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે અને તેથી જ તેઓશ્રી પોતાના ઉપદેશમાં દ્રવ્યાનુયોગની પ્રરૂપણા સાથે ચરણાનુયોગ, કરણાનુયોગ અને પ્રથમાનુયોગની પ્રરૂપણા કરતા હતા, તોપણ પ્રધાનપણે તો તેઓશ્રીએ દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક દ્રવ્યાનુયોગની પ્રરૂપણા કરી હતી; કેમ કે ચારે અનુયોગ સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં આવેલ હોવા છતાં, નિર્વિકલ્પ થતી વખતે છેલ્લો વિકલ્પ દ્રવ્યાનુયોગસંબંધીનો જ હોઈ શકે; અન્ય ત્રણ અનુયોગસંબંધી વિકલ્પોમાંથી નિર્વિકલ્પતામાં જવાતું જ નથી. એ રીતે નિર્વિકલ્પતાના પૂર્વકારણરૂપ–ઉપાદેયરૂપ દ્રવ્યાનુયોગ જ છે, ત્રણ અનુયોગ નહીં; તેથી પૂજ્ય ગુરુદેવશ્રીએ જીવનપર્યંત દ્રવ્યાનુયોગના ઉપદેશનો ધોધ વહેવડાવ્યો હતો પરંતુ ક્યારેય અન્ય ત્રણ અનુયોગને ઉપાદેયરૂપ મહત્વ આપેલ ન હતું.

જોકે તેઓશ્રી બાળપણમાં રામલીલા આદિ વૈરાગ્યપૂર્ણ નાટક જોતા અને વૈરાગ્યની ભાવના ઘૂંટતા રહેતા હતા; તેથી તેઓશ્રી પ્રવચનોમાં પણ અવારનવાર પુરાણના પ્રસંગોને મલાવીને વૈરાગ્યસંબોધન કરતા રહેતા હતા; તેમાંથી પ્રેરણા મેળવીને અમોએ પુરાણની બાવન કથાઓના સંગ્રહરૂપ સ્વ. સંપાદક શ્રી નાગરભાઈ મોદીનું **''બોધિ-સમાધિ-નિધાન''** પ્રકાશિત કર્યું હતું જે મુમુક્ષુ સમાજને વિશેષ રુચિકર બનતા અમોએ અનેકવાર ગુજરાતી તેમજ હિન્દીમાં પ્રકાશિત કરેલ હતું.

વર્તમાન ટી.વી.યુગમાં રામાયણ-મહાભારત-હનુમાનજી આદિની સિરિયલો પ્રસ્તુત થવા લાગી છે પરંતુ તેમાં દર્શાવાયેલ કથાઓ આપણી સર્વજ્ઞકથિત કથાઓ અનુસાર હોતી નથી તેથી ખાસ કરીને બાળકો પુરાણપુરુષોસંબંધી વિપરીત માન્યતા ધરાવતા થતા થઈ જવાથી, આપણા પુરાણોનો પ્રચાર કરવો જરૂરી લાગ્યું. પરંતુ પુરાણો હિન્દીમાં જ ઉપલબ્ધ હોવાથી પુરાણનો ગુજરાતી અનુવાદ જરૂરી બન્યો.

અમને જણાવતાં આનંદ થાય છે કે અમારી ઉપરોક્ત ભાવના અનુસાર **શ્રી શુભચંદ્ર આચાર્યદેવ વિરચિત ''પાંડવ પુરાણ અર્થાત્ જૈન મહાભારત''**નો ગુજરાતી અનુવાદ શ્રી પ્રશમભાઈ જિતુભાઈ મોદી, (સંપાદક : આત્મ-જાગ્રતિ) સોનગઢે તૈયાર કરી આપતાં અમો પાંડવ પુરાણ ગુજરાતીમાં પ્રકાશિત કરી રહ્યા છીએ. અમને પૂરો વિશ્વાસ છે કે આ પાંડવ પુરાણના અધ્યયન વડે આપણા મહાપુરુષોનું સાચું જીવનચરિત્ર સમજવાનો મુમુક્ષુઓ લાભ લઈને પોતાના બાળકોને સાચી કથાની સમજણ આપીને, ટી.વી. સિરિયલોની ગ્રહિત-મિથ્યાત્વપોષક કથાની અનુમોદનાથી પાછા વાળશે.

પાંડવ પુરાણનો ગુજરાતી અનુવાદ શ્રી જિતુભાઈ નાગરદાસ મોદી (સોનગઢ)એ તપાસી આપેલ છે, તેમજ ટાઈપ સેટીંગ અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ (સોનગઢ)એ કરી આપેલ છે તથા સુંદર મુદ્રણ સ્મૃતિ ઓફસેટ(સોનગઢ)એ કરી આપેલ છે, તે બદલ અમે તે સર્વેનો આભાર માનીએ છીએ. મુમુક્ષુ વાચકોને વિનંતી કે આ પાંડવ પુરાણના અધ્યયન દરમ્યાન આપને કોઈ ત્રુટિ ખ્યાલમાં આવે તો અમને જરૂર અવગત કરશો જેથી નવા સંસ્કરણમાં સુધારી શકાય.

છેલ્લે, આચાર્ય સમંતભદ્રસ્વામીએ જેને બોધિ તથા સમાધિનું નિધાન કહેલ છે એવા સર્વજ્ઞકથિત પુરાણના અધ્યયન વડે સૌ મુમુક્ષુઓ પોતાનું જીવન વૈરાગ્યમય બનાવીને આત્મસાધનાના માર્ગે પ્રગતિ કરે એવી ભાવના સહ–

લિ.
**ટ્રસ્ટીગણ**
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
**મુંબઈ**



# પ્રસ્તાવના

જેના અભાવમાં જિનવરસ્વામી મળવા છતાં ન મળ્યા સમાન રહ્યો, જેના અભાવમાં દિવ્યધ્વનિના શ્રવણપાન છતાં ધર્મોપદેશથી વંચિત રહેવા સમાન રહ્યો એવો દુર્લભ દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશ આ દુષમકાળે ભવ્ય જીવોને જેમના પ્રતાપે સુલભ બન્યો એવા ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત કરુણાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પ્રધાનપણે તો, જેની પ્રાપ્તિ વિના જીવ બોધિપણે–સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યો નથી એવો, દ્રવ્યદૃષ્ટિનો જ માર્ગ પ્રકાશ્યો છે અને સાથોસાથ તે બોધિબીજને અનુકૂળ એવી સમાધિ-વૈરાગ્યની ભૂમિ માટે પુરાણોના સેંકડો પ્રસંગોનું ખૂબ મલાવી મલાવીને વર્ણન કરતાં કરતાં એ પુરાણ-પ્રસંગો વડે જીવોના પરિણામની વિચિત્રતા, તે તે પરિણામોની તેના જન્મક્ષણે અફરતા-નિશ્ચિતતા, પરિણામોની યોગ્યતા અને ક્રમબદ્ધતા તેમજ પુણ્ય-પાપ અને તેનું ફળ, સંયમ અને તેનું ફળ અને તે દ્વારા હેય-ઉપાદેયપણાની સિદ્ધિ કરતાં રહ્યા હતા. તેઓશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન મૂળભૂત ઉપદેશનું સંકલન તો અનેકવાર અગાઉ પ્રકાશિત થતું આવ્યું જ છે પરંતુ તેઓશ્રીના પ્રવચનોમાં વારંવાર પુરાણ-પ્રસંગો સાંભળતાં એક ભાવના રહ્યા કરતી હતી કે મોટા ભાગના પુરાણો હિન્દીમાં જ ઉપલબ્ધ હોવાથી તથા મોટા ગ્રંથાકારમાં હોવાથી સામાન્ય જનસમુદાય માટે તેનું વાંચન સુલભ ન હોવાથી, આચાર્યોના મહાન પુરાણોમાંથી કેટલાક સમાધિ-વૈરાગ્ય-પ્રેરક પુરાણોનું ગુજરાતીમાં સંકલન પ્રકાશિત કરવું. ફળસ્વરૂપે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત આ **''પાંડવ પુરાણ અર્થાત્ જૈન મહાભારત''** પ્રકાશિત કરવાનું બનતાં પ્રસન્નતા અનુભવીએ છીએ.

સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં ચાર અનુયોગનો ઉપદેશ હોય છે તેમાં પ્રથમ અનુયોગનું નામ પ્રથમાનુયોગ છે. બીજી રીતે કહીએ તો દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ અને કરણાનુયોગમાં જે વર્ણન છે તેનો 'પુરાવો' (-સાક્ષી) એટલે આ પ્રથમાનુયોગ છે તેથી પ્રથમાનુયોગના અભ્યાસથી એ ત્રણેય અનુયોગના વર્ણનનું ભાવભાસન સરળ બને છે; વિશેષરૂપે દ્રવ્યાનુયોગના વિષયની દૃઢતા તેમજ ચિંતન-મનન પ્રબળ બને છે.

આ **'પાંડવ પુરાણ'**ની કથા વાંચતાં સમજાશે કે—

● જેમનું તદ્દ્ભવે કે આગામી ભવે મોક્ષ જવાનું સુનિશ્ચિત છે એવા પાંચ પાંડવોને રાજમહેલમાં રહેવાને બદલે વનજંગલમાં ભટકતા રહેવું પડે! એક વર્ષ છૂપાવેષમાં હીન કક્ષાની નોકરી કરતાં રહેવું પડે! ઈત્યાદિ પ્રતિકૂળતાના ગંજ સમાન પૂર્વકૃત ઉદયો ભોગવવા છતાં તેઓ આત્મ-આરાધનામાં અડગ રહીને વૃદ્ધિ પામે તો આ જીવને તો અત્યારે એવી કોઈ પ્રતિકૂળતાનો અંશમાત્ર નથી ને ધર્મ-આરાધનાનો ઉત્કૃષ્ટ યોગ પ્રાપ્ત થયો છે તો પોતે આત્મ-આરાધનામાં વિશેષ પુરષાર્થ-આરૂઢ બને એવી ભાવના પ્રબળ બને છે.

✽ વર્તમાનયુગમાં, માંગીતુંગીગિરિના તુંગીગિરિએથી મુક્તિપ્રાપ્ત શ્રી રામચંદ્રજીના જીવન-આધારિત રામાયણ તેમજ માંગીતુંગીગિરિ ઉપર જેનો અગ્નિસંસ્કાર થયો હતો એવા આગામી ચોવીસીના ભાવી તીર્થંકર શ્રીકૃષ્ણના જીવન-આધારિત મહાભારત વિશેષ પ્રચલિત છે. જેવી રીતે રામાયણના ચરિત્રનાયક શ્રી રામચંદ્રજીના કર્મોદયના પ્રસંગો–જેવા કે સુપ્રભાતે જેનો રાજ્યાભિષેક થવાનો હતો તેને આગલા દિવસે વનવાસ પ્રાપ્ત થયો! ઈત્યાદિ અનેક પ્રસંગો વડે અત્યંત વૈરાગ્યભાવના જાગૃત થાય છે, તેવી જ રીતે મહાભારતના ચરિત્રનાયક શ્રીકૃષ્ણના કર્મોદયના પ્રસંગો–જેવા કે ત્રણ ખંડનો ધણી થનાર શલાકાપુરુષ વાસુદેવનો જન્મ જેલમાં થયો, ઉછેર રાજમહેલમાં માતા-પિતાના લાડપ્યારથી થવાને બદલે બીજાને ત્યાં થયો, દેવોપનિત ચક્રના સ્વામી છતાં દ્વારિકાનગરીને બળતી અટકાવી તો ન શક્યા પરંતુ માતા-પિતાને બળતી નગરીમાં મરતાં જોતાં રહેવા સિવાય કાંઈ મદદ ન કરી શક્યા! અને સ્વયં પાણી માટે તરસ્યા મર્યા! ઈત્યાદિ અનેક પ્રસંગો વડે અત્યંત વૈરાગ્યભાવના જાગૃત થાય છે. એ રીતે આ જૈન મહાભારત એ ખરેખર તો મુમુક્ષુઓ માટે મહા વૈરાગ્યપ્રદ પ્રેરણાદાયી પુરાણ છે.

✽ પૃથ્વી પર જેની તુલના ન કરી શકાય એવી અદ્વિતીય દ્વારિકા નગરી કે જેનું નિર્માણ દેવોએ કર્યું હતું તેમાં જેનો નિવાસ, ત્રણ ખંડનો ધણી, દેવો જેના પરમ મિત્ર ને સેવકો એવા શ્રીકૃષ્ણને જન્મતા તો કોઈએ જાણ્યો નહિ–કોઈએ જન્મોત્સવ મનાવ્યો નહીં, જેનો ઉછેર પણ રાજમહેલમાં થયો નહીં પણ મરણ નજીક આવતાં રાજમહેલ તો શું પણ પૂરા નગરમાં જમીનનો એક ટુકડો પણ રહેવા મળ્યો નહીં, અરે! સાંસારિક દૃષ્ટિમાં તીર્થ સમાન ગણાતા જીવતા સળગી રહેલા માતા-પિતાને બચાવવા ત્રણ ખંડનો સ્વામી છતાં પંગુ સમાન બની ગયો! અને પાણી માટે વલખા મારતાં મરણ પામ્યો!–એવા પાપ-પુણ્યના ઉત્કૃષ્ટ વિચિત્ર પ્રસંગો વાંચતા આત્માર્થીને અંદરથી સંસારસંબંધી ઉદાસીનતા ઘૂંટાય છે ને આત્મ-આરાધનામાં વિશેષ અગ્રેસર બનવા પુરુષાર્થની પ્રેરણા મળે છે.

✽ શ્રીકૃષ્ણનું વેદનાપૂર્ણ મરણ થવાનું શ્રી નેમિનાથ તીર્થંકરના શ્રીમુખેથી સાંભળતાં ૧૬-૧૬ ઋદ્ધિનો અધિપતિ પુત્ર પ્રદ્યુમ્ન પિતાની રક્ષા માટે રોકાતા નથી કે ઋદ્ધિઓને પિતાશ્રીની રક્ષા કરવાનો આદેશ કરતા નથી ને સ્વયં સંસારની ભયંકર ક્ષણભંગુરતાથી વૈરાગ્ય પામી દીક્ષિત થઈને મુક્તિ પામે છે. અર્થાત્ અશાતાના ઉદયકાળે પ્રિય પુત્ર પણ મદદ કરવા રોકાતો નથી. આવું સંસારનું સ્વરૂપ જાણીને જીવને સંસારરસ નીતરી જાય છે.

✽ જેના ખોરાકના એક લાડુના હજારો ટુકડા કરીને પૂરા સૈન્યને ખવરાવવામાં આવે તો એક ટુકડો પણ કોઈ પચાવી ન શકે એવા લાડુના ખોરાક વડે જેનું બાહુબળ સમૃદ્ધ બનેલું એવા શ્રીકૃષ્ણને જંગલમાં એક ડગલું પણ આગળ વધવાની તાકાત ન હતી! અર્થાત્ પુણ્યના ઉદયમાં કર્મની ઓશિયાળી સમજી પુણ્યના યોગમાં ગર્વ કરવાયોગ્ય નથી પરંતુ પુણ્યના અનુકૂળ યોગમાં આત્મસાધના કરી લેવા જેવી છે–એમ જીવને આત્મભાવના વૃદ્ધિ પામે છે.

✽ કીચક જેવો મહાપ્રતાપી રાજા દાસીવેષમાં રહેલ દ્રૌપદીને દેખતાં પૂર્વભવના સ્નેહના સંસ્કારવશ મોહાંધ બની જાય છે ને ફળસ્વરૂપે ભીમના હાથે મરણતોલ માર ખાય છે ત્યારે(હરિવંશપુરાણ મુજબ) વૈરાગ્યભાવ જાગૃત થતાં દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી લ્યે છે. ક્યાં દાસીમાં આસક્ત મોહાંધ પરિણામ ને ક્યાં મુક્તિ-પ્રાપ્તિયોગ્ય પરિણામ! અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે

કે કાલનો મહાપાપી આજે કેવળી બની જાય છે કેમકે ગમે તેવા આર્તરૌદ્ર પરિણામ હો કે ગમે તેવા શુભ પરિણામ હો, સ્વભાવમાં તેની ગંધ પણ પેસતી ન હોવાથી, સ્વભાવની સન્મુખતાનો ઉગ્ર પુરુષાર્થ કરે તો તે જ ભવે મુક્તિ!—એવો ગુરુ-ઉપદેશ સ્પષ્ટ રીતે સમજવા મળે છે.

✻ શ્રીકૃષ્ણ વાસુદેવની કુળપરંપરામાં પૂર્વે શાંતિનાથ ભગવાન એ કુળમાં થયા હોવાથી શાંતિનાથ ભગવાનના પૂર્વના ભવના વર્ણનમાં એક ભવમાં પોતાના જ બે પુત્રો એક દાસી માટે લડતા હોય છે અને માતા-પિતાના સમજાવવા છતાં લડવાનું છોડતા નથી. અંતે મુનિરાજ પાસેથી જાણવા મળ્યું કે પૂર્વના કોઈ ભવમાં તે દાસી બંને ભાઈઓની બેન હોવાથી પૂર્વસ્નેહવશ દાસી પ્રત્યે મોહ ઉત્પન્ન થયો છે ત્યારે વૈરાગ્ય પામીને બંને ભાઈઓ દીક્ષિત થઈને મોક્ષવધુને વરે છે! પૂર્વના એક ભવમાં જે બહેન હતી તેના પ્રત્યે વર્તમાન ભવે કામાંધ પરિણામ! અને ઘડીકમાં વૈરાગ્યપણું પામી આરાધનાની દશા! પરિણામોની આવી વિચિત્રતા વચ્ચે પણ દ્રવ્યસ્વભાવ તો સદાય નિર્લેપ એવો ને એવો મહિમાવંત રહ્યો છે તેવો ગુરુ-ઉપદેશ પુરાણના આવા અનેક પ્રસંગોથી સારી રીતે સમજી શકાય છે.

✻ જેઓ સ્વયં જાણે છે કે અમારે આ ભવે જ મોક્ષે જવાનું છે છતાં રાજ્યના લોભવશ પોતાના દુર્યોધનાદિ સો ભાઈઓ, પિતાથી અધિક એવા પિતામહ, શિક્ષાદાતા ગુરુવર દ્રોણાચાર્ય સહિત હજારો મનુષ્યોનો, તિર્યંચોનો વધ કરે છે એ પરિણામની કેવી ભયંકર વિચિત્રતા! એનો ગંભીરતાથી ઊંડો વિચાર કરતાં જીવને પરિણામને એકમાત્ર આત્મ-આરાધનામાં લગાડવાની ભાવના પ્રબળ બને છે.

✻ નેમિતીર્થંકરના શ્રીમુખેથી સાંભળ્યું કે શ્રીકૃષ્ણનું મરણ તેના જ ભાઈ જરતકુમારના હાથે થશે ને તેના જ મામા દ્વિપાયનથી દ્વારિકા નગરી ભસ્મીભૂત થશે! જેઓનું હોનહાર ઉજ્જ્વળ હતું તેઓએ દીક્ષા લઈને આત્મસાધના કરી પણ જેનું હોનહાર સંસારમાં રખડવાનું હતું એવા જરતકુમાર, દ્વિપાયન જેવાએ પુરુષાર્થ વડે ક્રમબદ્ધને ફેરવવાનો નિર્ણય કર્યો! ફળસ્વરૂપે ક્રમબદ્ધ અનુસાર થવું સહજ બન્યું!—આવું સમજાતાં આત્માર્થી જીવને કર્તૃત્વરૂપ ખોટા પુરુષાર્થની આડ લઈને ક્રમબદ્ધના નિષેધપૂર્વક અકર્તૃત્વસ્વભાવથી વિમુખ થવા જેવું નથી એમ દઢતા થાય છે.

✻ પોતે વાસુદેવ હોવાથી ત્રણ ખંડનો પોતે સ્વામી રહેશે એવું જાણવા છતાં શ્રીકૃષ્ણને શંકા ઊપજી કે કુમાર નેમિ મારા કરતાં વિશેષ પુણ્યવંત હોવાથી મારું રાજ્ય-સામ્રાજ્ય લઈ લેશે તો!–એટલે પોતાના જ નાનાભાઈ નેમિકુમારના લગ્નોત્સવ પ્રસંગે પશુઓના રૂદનનો માયાચારીનો પ્રસંગ ઊભો કરીને નેમિકુમારને વૈરાગ્ય જગાડી પોતાના રાજ્યભોગવટા સંબંધી નિશ્ચિંત થયા!—આગામી ચોવીસીમાં પોતે તીર્થંકર થવાના છે એવા શ્રીકૃષ્ણએ વર્તમાનમાં તીર્થંકર થનારા પોતાના નાનાભાઈ સાથે લગ્નોત્સવ જેવા પ્રસંગે આવી માયાચારી કરી!–તે પ્રસંગ વડે મુમુક્ષુને પોતાના ગૃહસ્થજીવન-વ્યવહારમાં કોઈ પુણ્યવંતપ્રાણી પૈસાદિના લોભવશ પોતાની સાથે માયાચારી કરે તો તેના પ્રત્યે કરુણાભાવે વૈરાગ્યવૃત્તિ કેળવવાની પ્રેરણા મળે છે.



✻ પુણ્ય-પાપના વિચિત્ર ભયંકર ઉદયોનું વર્ણન વાંચતાં જીવને સંસારથી ઉદાસીનતા વૃદ્ધિગત થઈને વૈરાગ્યભાવે દ્રવ્યસ્વભાવનો મહિમા વિશેષ વિશેષ લાગે છે એ પુરાણના સ્વાધ્યાયની મોટી ઉપલબ્ધિ છે.

વધુમાં, આ પાંડવ પુરાણનો સ્વાધ્યાય નીચે પ્રમાણે અનેક લાભનું કારણ બને છે :–

* જીવોના ભૂતકાળના અને ભવિષ્યકાળના પરિણામોની નિશ્ચિતતા જાણીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રિય અફર સિદ્ધાંત–ક્રમબદ્ધપર્યાયની યથાર્થ શ્રદ્ધા વડે સ્વભાવ-સન્મુખ થવાય છે.

* સાક્ષાત્ સર્વજ્ઞદેવની વાણીમાં સાંભળવા છતાં, હોનહારને જીવ સ્વયં ફેરવી કે ટાળી શકતો નથી; હોનહાર સંયોગ-વિયોગને અગાઉથી જાણી લેવા છતાં તેમાં ફેરફાર કરી શકતો નથી તે પાંચ પાંડવો, શ્રીકૃષ્ણ આદિના કર્મોદયો અને મરણ-પ્રસંગની સ્થિતિથી સમજાય છે. એ રીતે યોગ્યતા, પર્યાયના પરિણમનની સ્વતંત્રતા અને ક્રમબદ્ધપર્યાયના ઉપદેશ વડે અકર્તા જ્ઞાયકસ્વભાવની સન્મુખતાનો પૂજ્ય ગુરુદેવશ્રી જે માર્ગ બતાવી ગયા છે તેનું આ કથા દ્વારા ભાવભાસન પૂર્વક દૃઢ શ્રદ્ધાન થાય છે.

* ધર્મના ક્ષેત્રમાં આવીને પણ જીવ સ્થૂળ માન-સન્માનની અપેક્ષાથી વિરાધનામાં અનુમોદના પણ કરી બેસે તો તેના ફળમાં ચિરકાળ ભયંકર અધોગતિ પામે છે, તેથી વિરાધનામાં અજાણતાં પણ જોડાઈ ન જવાય તેની જીવને સાવધાની રહે છે.

* સંસારી જીવોના પાપમય પરિણામો હોવા છતાં તેની ક્ષણિકતા બતાવીને સ્વભાવમાં સંસારની ગંધ પણ નથી–એમ પૂજ્ય ગુરુદેવશ્રી સમજાવતાં તે વાત દૃઢ થાય છે.

* પૂજ્ય ગુરુદેવશ્રીએ મુખ્યપણે દ્રવ્યદૃષ્ટિનો ઉપદેશ આપતાં કહ્યું છે કે પાપ-પુણ્યના પરિણામો જીવને થવા છતાં તે બધાં પાણીમાં તેલના ટીપાંની જેમ ઉપર ઉપર થતાં હોવાથી તેઓ આત્મસ્વભાવમાં પ્રવેશ પામતા નથી, તેથી જ્યારે જીવો આત્મસ્વભાવની સમીપ જાય છે ત્યારે શીઘ્ર મોક્ષ પામે છે તે વાત સારી રીતે સમજી શકાય છે.

* જીવના પરિણામો અને તેનું નિમિત્તપણું પામીને આશ્ચર્યકારી રીતે પરિણમતા કુદરતના પ્રસંગો વાંચતાં જીવ પાપ કરે તો નરકાદિના તીવ્ર દુઃખો પામે છે ને પુણ્ય કરે તો સ્વર્ગાદિના સુખ પામે છે, વીતરાગતા કરે તો મોક્ષ પામે છે—એ રીતે જીવના પરિણામ સાથે કુદરત બંધાયેલી છે, જીવની ભાવના ન ફળે એમ બનતું નથી, એ વાત સારી રીતે સમજી શકાય છે.

* એક જીવ બીજા જીવ ઉપર ક્રોધાદિ કરે છે તો તે ક્રોધાદિના સંસ્કાર ભવોભવ સુધી રહે છે; એ રીતે એક જીવ બીજા જીવ પ્રત્યે રાગાદિ કરે છે તેના સંસ્કાર પણ ભવોભવ સુધી છૂટતા નથી; તેમ જ કુદેવ-શાસ્ત્ર-ધર્મના સેવનથી નરક-નિગોદમાં ચિરકાળ ભ્રમણ કરીને ફરી મનુષ્ય થતાં કુધર્મના સંસ્કાર ફરીથી જાગૃત થઈ જાય છે—એ બધા પ્રસંગો વાંચીને જીવને વીતરાગધર્મની આરાધનાની વિશેષ ભાવના જાગૃત થાય છે.

* જીવને રૌદ્રધ્યાનના તીવ્ર કષાયના પરિણામ થવા છતાં તે આત્મસ્વભાવને કિંચિત્ પણ હાની કરી શકતા નથી તેમજ જીવ અતિ મંદ-કષાયના પરિણામ કરે તોપણ તેનાથી આત્મસ્વભાવને કિંચિત્ લાભ થઈ શકતો નથી. એ બધા પરિણામો વાયુના વેગ સમાન ક્ષણિક હોવાથી આત્મસ્વભાવને કિંચિત્ લાભ-નુકશાન કરી શકે નહીં; આવા મહિમાવંત આત્મસ્વભાવની દૃઢતા વડે સ્વભાવસન્મુખનો પુરુષાર્થ ઊપડે છે.

✻ મોક્ષગામી મહાપુરુષોના ભૂતકાળના જીવન મહાઘોર પાપમય હોવા છતાં જ્યારે તેઓ પવિત્ર જૈનધર્મને પામે છે ત્યારે પરિણામો પવિત્ર થવાથી ઉત્કૃષ્ટ પ્રકારના પુણ્યોદયપૂર્વક મોક્ષ પામે છે, તે જાણતાં પાપ-પુણ્યની તુચ્છતા સમજાતાં અંતર્મુખના પ્રયત્નને બળ મળે છે.

✻ પાપ કરનાર મોટા રાજાઓ પણ મરીને નરકાદિમાં જાય છે અને પુણ્ય કરનાર પશુઓ મરીને ક્ષણમાં સ્વર્ગાદિમાં જાય છે. આ રીતે આ બધી ભવાવલી સંસાર-નાટકના ક્ષણિક સ્વાંગોમાત્ર હોવાથી શાશ્વત ચૈતન્યપ્રભુનો મહિમા સમજી શકાય છે.

✻ મહાપુરુષોના પૂર્વના કેટલાક ભવોનું વર્ણન વાંચતાં, કોઈ જીવ પ્રત્યે વેરભાવ કરવાથી કેટલાય ભવો સુધી એ વેરભાવ લંબાય છે તે સમજાતાં જીવ ખૂબ જ વૈરાગ્યપૂર્વક એવા ભાવોથી સાવચેત રહે છે.

✻ શ્રીકૃષ્ણ આદિ મહાપુરુષોને પણ પૂર્વે બાંધેલી અશાતાના ઉદયકાળે કોઈ સહાયક બનતું નથી એ વાત સમજાતાં જીવને અશાતાના ઉદયમાં સમાધાન-શાંતિ રાખીને આત્મ-આરાધના કરવાનો બોધ મળે છે.

✻ આ પુરાણ વાંચતાં સ્વભાવ-સન્મુખતાની ખુમારી તો જાગૃત થાય જ છે પરંતુ સાથોસાથ મોટા પુરુષોના બાહ્ય-આચરણમાં ઉત્કૃષ્ટ પ્રકારની પ્રમાણિકતા, ન્યાય, નીતિ, તેમજ પ્રાણ જાય તોપણ ધર્મની વિરાધનામાં જરા પણ અનુમોદના ન થવા દેવી ઈત્યાદિ પ્રસંગો વાંચતાં મુમુક્ષુઓને પોતાના પરિણામની સંભાળ લેવાની મહત્તા સમજાય છે.

✻ ચતુર્થકાળમાં સાક્ષાત્ સર્વજ્ઞદેવને ધર્માત્માઓ પોતે પણ મહાપુરુષોના ભવોનું વર્ણન પૂછતાં હતા કેમ કે મહાપુરુષોની પૂર્વની મહાઘોર પાપમય અને ઉત્કૃષ્ટ પુણ્યમય ભવાવલી સાંભળીને ધર્માત્માને પણ સંસાર પ્રત્યે ઉદાસીનતાપૂર્વક પુરુષાર્થની વૃદ્ધિ થતી હતી.

આ પુરાણના પ્રસંગો વાંચતાં પુરુષાર્થને અને વૈરાગ્યની ભાવનાને અત્યંત બળ મળે છે. તેથી જ સમંતભદ્ર જેવા સમર્થ આચાર્યે પુરાણની કથાઓને બોધિ અને સમાધિનું નિધાન કહેલ છે.

આ પુરાણના વાંચન વડે, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મના માર્મિક સિદ્ધાંતોનું સરળતાપૂર્વક ભાવભાસન થાઓ તથા આ દુર્લભ મનુષ્યભવમાં બોધિ-સમાધિની ઉપલબ્ધિ થાઓ અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી આદિ ધર્માત્માઓનો સત્સમાગમ ચરિતાર્થતાને પામો એવી ભાવના સહ—

નોંધ : પ્રસ્તુત ગ્રંથ શ્રી પાંડવપુરાણના રચયિતા શ્રી શુભચંદ્રાચાર્યે શ્રી હરિવંશપુરાણ (આચાર્ય શ્રી જિનસેનસ્વામી પ્રથમ), શ્રી આદિપુરાણ (આચાર્ય શ્રી જિનસેનસ્વામી દ્વિતીય–આચાર્ય શ્રી વીરસેનસ્વામીના શિષ્ય) અને શ્રી ઉત્તરપુરાણ (શ્રી ગુણભદ્રાચાર્ય–શ્રી જિનસેનસ્વામી દ્વિતીયના શિષ્ય) આદિ પુરાણોનો આધાર લઈને વાગ્વર (વાગડ) પ્રાંતના શાકવાર (સાગવાડા) નગરમાં વિક્રમ સંવત ૧૬૦૮મા આ પાંડવપુરાણની રચના કરી હતી. વિશેષ જાણકારી માટે હિન્દી પુરાણની પ્રસ્તાવના અવલોકનીય છે.

—અનુવાદક

ૐ

શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત

# પાંડવ પુરાણ

અર્થાત્

# જૈન મહાભારત

## અધ્યાય પહેલો

### મંગલાચરણ

(છપ્પય)

**સેવત સત્સુરરાય સ્વયં સિદ્ધ શિવ સિદ્ધિમય,**
**સિદ્ધારથ સરવંશ નય પ્રમાણ સંસિદ્ધિ જય.**
**કરમ કદન કરતાર કરણ હરન કારણ વરન,**
**અસરણ સરણ અધાર મદન દહન સાધન સદન.**
**ઈહ વિધિ અનેક ગુણગણ સહિત જગભૂષણ દૂષણ રહિત,**
**તિહિ નંદલાલ બાલક નમત સિદ્ધિ હેત સર્વજ્ઞ નિત.**

શ્રી સિદ્ધ ભગવાનને નમસ્કાર છે કે જેમની સો ઈન્દ્રો સેવા કરે છે, જે સિદ્ધિના દાતા અને ભંડાર છે, જેમનાં સર્વ કાર્ય સિદ્ધ થઈ ચૂક્યા છે તથા જે નય-પ્રમાણથી પ્રસિદ્ધ છે, જેમણે કર્મોનો નાશ કર્યો છે, જે અશરણના શરણ છે તથા કામદેવને નષ્ટ કરવાવાળા છે. આ રીતે, અનેક ગુણોથી સહિત જગતના આભૂષણ સર્વજ્ઞ પ્રભુ મને સિદ્ધિ પ્રદાન કરે!

શ્રી આદિ તીર્થંકર પ્રભુને નમસ્કાર છે કે જે ધર્મના નાયક અને ધર્મનું પ્રવર્તન કરાવવાવાળા છે તથા બળદના ચિહ્નથી ચિહ્નિત છે, કર્મભૂમિના પ્રારંભમાં સર્વ પ્રકારની વ્યવસ્થા સમજાવવાને કારણે બ્રહ્મા છે, તે મારા આ કાર્યની સિદ્ધિ કરે!

ચન્દ્રમા સમાન કાન્તિ છે જેમની તથા ચન્દ્રમાના ચિહ્નથી યુક્ત મનોહર જેમના ચરણકમલ છે એવા એ ચન્દ્રપ્રભ ભગવાનની હું સ્તુતિ કરું છું.

શાંતિસ્વરૂપ અને શાંતિને કરવાવાળા સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનની હું સ્તુતિ કરું છું. જે શાંતિનાથ સ્વયં પાપરહિત છે, ભવ્યજીવોના કર્મશત્રુઓને શાંત કરવાવાળા છે તથા હરણના ચિહ્નથી યુક્ત છે એ શાંતિનાથ પ્રભુ મને શાંતિ પ્રદાન કરે!

ધર્મરૂપ રથની ધુરા, ત્રણ લોકના નાથ અને કામદેવને ચકનાચૂર કરવાવાળા એવા બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથનું હું સ્મરણ કરું છું.

જે બાલ્યાવસ્થામાં જ કામદેવ ઉપર વિજય મેળવી વીર, અતિવીર, મહાવીર, સન્મતિ, વર્ધમાન નામોથી પ્રસિદ્ધ થયા છે એવા અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાન મારી રક્ષા કરે!

ચાર જ્ઞાન (મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય)ના ધારક, સંઘના નાયક અને જ્ઞાનના પુંજ એવા ગૌતમ ગણધરસ્વામીના ગુણોનું હું સ્મરણ કરું છું.

જગતનાં પ્રાણીઓને યથાર્થ બોધ કરવાવાળી, બધાને હિતકારી એવી જિનવાણી માતાને નમસ્કાર કરું છું.

જે કર્મશત્રુઓ સાથે લડાઈમાં સ્થિર રહીને આત્મસ્વરૂપમાં દૃઢ રહી, જન્મ-જરારૂપી યોદ્ધાઓને જેમણે પછાડી દીધા એવા પૂજ્ય યુધિષ્ઠિર મારા મનમંદિરમાં બિરાજો!

જેમણે મહાભયાનક કર્મરૂપી શત્રુઓને જીતીને વિજય મેળવ્યો એટલે ''ભીમ'' સંજ્ઞા ધારણ કરી એવા મહામુનિ ભીમનું હું સ્મરણ કરું છું. એ મારા કર્મશત્રુઓને નષ્ટ કરે!

જેમનો આત્મા દૃષ્ટિથી અગોચર થઈને પણ અનુભવમાં આવી રહ્યો છે, જે પોતાના આત્મામાં જ રમણશીલ છે, કામદેવથી રહિત છે એવા અર્જુન મહામુનિ મારા મનમંદિરમાં બિરાજો!

જેમણે કર્મસમૂહનો નાશ કર્યો, જે કળાવાન છે, જે પાપોનો નાશ કરવાવાળા છે એવા નકુળ મારા હૃદયમાં બિરાજો!

જે ગુણોના પટારા છે તથા દેવતાગણ જેમની સેવા કરે છે એવા સૂર સુભટ સાહસી સહદેવ મારા મનમંદિરમાં બિરાજો!

એ શ્રુતકેવલી ભદ્રબાહુ મહારાજ જયશીલ હો કે જે મહાન તપસ્વી અને કલ્યાણના પુંજ છે, જેમની કીર્તિ સંસારમાં પ્રસારિત છે, સંસારના પ્રાણીઓને સહારો દેવાના કારણે જેમને મહાબાહુ કહે છે એ મને આ કાર્યમાં સદ્‌જ્ઞાન પ્રદાન કરે!

જેમની શિષ્ય પરંપરા જગત્પ્રસિદ્ધ છે, જેમને આખું જગત નમસ્કાર કરે છે એ સ્વામી કાર્તિકેય મુનિ મારી સહાયતા કરે!

એ જગત્‌વંદ્ય કુંદકુંદસ્વામી જયવંત રહો જેમણે ગિરનાર પર્વત પર પાષાણની બનેલી ''બ્રાહ્મી'' દેવીથી એ સાક્ષી અપાવી કે ''દિગંબર જૈન ધર્મ જ આદ્ય-ધર્મ છે.''

જેમણે દેવાગમ જેવા ગંભીર સ્તોત્રની રચના કરીને યુક્તિવાદથી આપ્તની પરીક્ષા કરી એ નિશ્ચિત કરી આપ્યું કે વાસ્તવમાં આપ્તદેવ જિનેન્દ્રભગવાન જ હોઈ શકે છે, બીજા કોઈ નહીં! જેમના બધા જ કાર્ય કલ્યાણમય છે, જે જ્ઞાનગુણમાં લીન છે એવા તાર્કિક મહામુનિ સમંતભદ્રસ્વામી મારું કલ્યાણ કરો!

પૂજ્ય પુરુષ પણ જેમના ચરણોની પૂજા કરે છે એ કારણે જેમનું નામ ''પૂજ્યપાદ'' સાર્થક થયું, જે ન્યાય-વ્યાકરણ-વૈદક આદિ અનેક શાસ્ત્રોના જ્ઞાતા છે એ જગત્પૂજ્ય પૂજ્યપાદસ્વામીને હું મન-વચન-કાયાથી નમસ્કાર કરું છું!

એ કલંક રહિત અકલંકદેવ મને જ્ઞાન પ્રદાન કરે જેમણે ઘડામાં બેઠેલી તારાદેવીને વાત વાતમાં જ ચૂપ કરાવી દીધી અને સંસારમાં જૈનધર્મની ધ્વજા ફરકાવી દીધી.

એ જયસેન યતિની જય હો જે વાસ્તવમાં જિનસેન છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ આદિઓમાં પ્રમુખ છે અને સરસ્વતીના મંદિર છે, જેમનો યશ સંસારમાં પ્રસિદ્ધ થઈ રહ્યો છે!

એ ગુણભદ્રગુરુ મારી સહાયતા કરે જે પુરાણપુરુષ પહાડ ઉપર પ્રકાશ કરવા માટે સૂર્ય સમાન છે. તેમના પુરાણને જોઈને તથા અન્ય સંસારમાં પ્રસિદ્ધ કથાના આધારે આ ''પાંડવપુરાણ'' નામક ગ્રંથ લખવામાં આવ્યો છે. આનું બીજું નામ ''ભારત'' અથવા ''મહાભારત'' પણ છે.

ક્યાં તો આટલું ગંભીર આ પુરાણ-સમુદ્ર અને ક્યાં એનો તાગ પામવાને સર્વથા અસમર્થ મારી તુચ્છ બુદ્ધિ! એ બંનેની થોડી પણ બરાબરી નથી. તોપણ મેં જે આ ગ્રંથને કહેવાનું સાહસ કર્યું છે એ મારું અતિ સાહસ છે. મારું આ સાહસ જોઈને લોકો હસશે તો જરૂર, તોપણ શાસ્ત્ર-પારંગત જૂના જિનસેન આદિ મહાકવિઓનું સ્મરણ કરવાથી મને જે પુણ્યલાભ મળ્યો છે તેના બળથી હું આ ગ્રંથ-સમુદ્રમાં અવગાહન કરું છું અર્થાત્ આ ગ્રંથ લખવાનું સાહસ કરું છું. જે રીતે બોલવાની ઈચ્છા ધરાવતા મૂક માણસ અને અત્યન્ત ઉન્નત સુમેરુ પર્વત પર ચડવાની ઈચ્છા કરવાવાળા લંગડા માણસની લોકો હાંસી ઉડાવે છે તે જ રીતે મારા આ અતિ સાહસ માટે લોકો મારી પણ હાંસી ઉડાવે તો એમાં કોઈ નવીન વાત નથી.

અથવા જેવી રીતે એક દુબળી-પાતળી ગાય દૂધ પીવડાવીને પોતાના બચ્ચાને પાળવાનો પણ શક્તિભર પ્રયત્ન કરે છે તેવી રીતે જોકે હું અલ્પજ્ઞ છું તોપણ પોતાની શક્તિ અનુસાર આ લખવાનો પ્રયત્ન કરું છું.

આ ગ્રંથમાં જે પણ કાંઈ લખવામાં આવશે તે જોકે પ્રાચીન મહર્ષિઓની રચનાથી કાંઈ નવું નહીં હોય તોપણ એની ઉપાદેયતામાં ઓછપ નહીં આવે. જે રીતે દીપક સૂરજ દ્વારા પ્રકાશિત પદાર્થોને જ પ્રકાશિત કરે છે તોપણ તે ઉપાદેય-ગ્રાહ્ય છે.

જોકે જગતમાં પલાશ આદિના નિઃસાર અને નિરર્થક વૃક્ષો સમાન દુષ્ટ સ્વભાવવાળા થોડા છે, તોપણ કેટલાય સજ્જન પુરુષ હજી સુધી મૌજૂદ છે જે સુવર્ણમાંથી કચરો, કાળાશ આદિ મેલને સાફ કરનારી અગ્નિની જેમ કવિતાના દોષોને છોડીને તેના ગુણો પર જ દૃષ્ટિ આપે છે તથા તેનો આદર કરે છે. પરંતુ અસત્ પુરુષો તો દુષ્ટ ઘુવડ પક્ષીની જેમ બીજાની કૃતિ-રચનાને દોષ જ આપ્યા કરે છે, એને તેમાં ગુણ જ નથી દેખાતા! તેઓનો સ્વભાવ બિલકુલ એ અગ્નિ જેવો છે કે જે બાળીને દાહ પેદા કરે છે! પરંતુ સત્પુરુષોનો સ્વભાવ બિલકુલ આનાથી વિપરીત છે અર્થાત્ એ મેઘ સમાન છે જે નિરપેક્ષતાથી લોકોને ઠંડુ અને મીઠું પાણી આપીને તેમની તરસ બુજાવે છે!

દુષ્ટ પુરુષ મતવાલા પુરુષ જેવા હોય છે, તેમને હેયોપાદેયનું કાંઈ પણ જ્ઞાન નથી હોતું, પરંતુ પોતાના દુષ્ટ સ્વભાવથી આખા સંસારને દુષ્ટ બનાવવાની ચેષ્ટામાં લાગ્યા રહે છે. સજ્જન પુરુષ સમયસર વરસવાવાળા મેઘ સમાન હોય છે. તે પોતાના અમૂલ્ય ઉપદેશ દ્વારા મનુષ્યોને હિત તરફ પ્રવૃત્તિ કરાવીને સુખી બનાવવાની ચેષ્ટા કરે છે.

જેવી રીતે સર્પ વિષ અને ચંદ્રમા અમૃત આપે છે, તેવી રીતે દુષ્ટ પુરુષ સંસારને દુઃખ અને સજ્જન પુરુષ સંસારને સુખ આપે છે. આ રીતે, સજ્જન-દુર્જનમાં સ્વભાવનું વર્ણન છે જેના ઉપર વાચકગણ ધ્યાન આપશે અને લાભ ઊઠાવશે.

આચાર્યોનો મત છે કે દરેક કથામાં છ વાત—૧. મંગલ, ૨. નિમિત્ત, ૩. કારણ, ૪. કર્તા, ૫. અભિધાન અને ૬. સંખ્યા—અવશ્ય હોવી જ જોઈએ, કારણ કે એ વિના કથાનું મૂલ્ય નથી. આથી, આ વાતો પર વિચાર કરીએ છીએ.

**૧. મંગલ** : ગ્રંથના પ્રારંભમાં જિનેન્દ્રદેવનું ગુણગાન કર્યું છે એ આ ગ્રંથનું મંગલ છે કેમકે મમ્ નામ ગાળવું અર્થાત્ પાપનો વિનાશ કરવો અથવા મંગ નામ સુખ અર્થાત્ સુખને લાવે તે મંગલ કહેવાય છે. આ મંગલ આ ગ્રંથમાં મૌજૂદ છે. આ મંગલના કરવાથી ભવ્ય જીવોનો કર્મ-મળ ધોવાય જાય છે.

**૨. નિમિત્ત** : આ ગ્રંથની રચનાનું નિમિત્ત પાપનો વિનાશ અને પુણ્યની પ્રાપ્તિ માનવામાં આવ્યું છે કે જે આ ગ્રંથમાં મૌજૂદ છે, કારણ કે આ ગ્રંથના લખવા-વાંચવાથી મારા અને શ્રોતાઓના પાપકર્મ હલકા થઈ જશે.

**૩. કારણ** : આ ગ્રંથની રચનાનું કારણ ભવ્યજીવોના ચિત્તનું સમધાન માનવામાં આવ્યું છે, કારણ કે આ કથા

પરોપકારક પ્રસિદ્ધ શ્રોતા શ્રેણિક રાજાના પ્રશ્ન કરવાથી એમના ચિત્તનું સમાધાન કરવા માટે શ્રી ૧૦૦૮ શ્રી મહાવીરસ્વામીએ (શ્રી ગૌતમ ગણધરે) કહી હતી.

**૪. કર્તા** : આ ગ્રંથના મૂળકર્તા તો તીર્થંકર ભગવાન છે અને ઉત્તરકર્તા શ્રી ગૌતમ ગણધર છે તથા વિષ્ણુનંદી, અપરાજિત, ગૌવર્ધન, ભદ્રબાહુ આદિ શ્રુતકેવળી અને આચાર્ય પ્રકર્ષિગણ છે.

**૫. અભિધાન** : ''નામ''ને અભિધાન કહે છે જે આ ગ્રંથનું નામ ''પાંડવપુરાણ'' છે, કારણ કે આ ગ્રંથમાં પુરાણપુરુષોની કથા કહેવામાં આવી છે, તેથી જ તેને પુરાણ કહે છે અને તે પુરાણપુરુષ પાંડવ છે, તેથી તેનું નામ ''પાંડવપુરાણ'' છે.

**૬. સંખ્યા** : આ ગ્રંથની સંખ્યા તો અનંત છે પણ અક્ષર રચનાના હિસાબે સંખ્યાત જ છે.

આ રીતે, છ વાતો પર વિચાર કરીને પુરાણની રચના કરવી જોઈએ—એ નિયમાનુસાર એ વાતોનો વિચાર કરવામાં આવ્યો છે. આ છ વાત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવના ભેદથી પાંચ જ છે એમ વિચાર કરીને જ ગુણી પુરાણકાર પુરાણનો પ્રારંભ કરે છે તથા શ્રોતાઓને સમ્યગ્જ્ઞાન માટે ગ્રંથની શરૂઆતમાં વક્તા અને શ્રોતાના લક્ષણો પર વિચાર કરે છે.

**વક્તાના લક્ષણ** : શાસ્ત્રનો ઉપદેશ કરવાવાળામાં નીચે લખેલા ગુણોનું હોવું અત્યંત જરૂરી છે :

- પ્રથમ તો ભવ્ય હોવો જોઈએ કારણ કે ભવ્ય હોયા વિના તે પોતાનું આત્મકલ્યાણ જ ન કરી શકે! પાત્રતા ભવ્યતાથી જ આવે છે.
- વક્તા શુદ્ધ અને સ્પષ્ટ બોલવાવાળો હોવો જોઈએ.
- કુલીન, વિદ્વાન, વ્યાખ્યાતા, ધીરવાન, ચારિત્રવાન અને વ્યવહારકુશળ હોવો જોઈએ.
- શાંતચિત્ત, નિસ્પૃહ, મંદકષાયી, ઈન્દ્રિયવિજયી, શાંતમૂર્તિ, જોવાવાળાને પ્રિય હોવો જોઈએ.
- છએ મતોના શાસ્ત્રોનો પૂર્ણ-જ્ઞાતા, આગમપ્રેમી, ચતુર અને બીજાના પ્રશ્નોને શાંતિથી સાંભળીને આગમ અને યુક્તિ અનુસાર ઉત્તર આપવાવાળો હોવો જોઈએ તથા પ્રશ્ન થવા પહેલાં જ ઉત્તર જાણવાવાળો હોવો જોઈએ.
- કવિઓમાં ઉત્તમ તથા બીજાની નિંદા કરવાવાળો ન હોવો જોઈએ.

ઈત્યાદિ ગુણોસહિત વક્તા પ્રશંસનીય ગણવામાં આવ્યો છે.

**શ્રોતાના લક્ષણ** : શાસ્ત્રનો ઉપદેશ સાંભળવાવાળો એ પ્રશંસનીય ગણાય છે જે શીલથી વિભૂષિત હોય, શુભદર્શન

હોય, સારા લક્ષણોથી યુક્ત હોય, શ્રીમાન્ હોય, સદાચારી હોય, ચતુર હોય, વ્રતોનો ધારક હોય, દાતા હોય, ભોક્તા હોય, ધર્માત્મા પુરુષોને આશ્રય દેવાવાળો હોય, હેયોપાદેયનો વિચાર કરવાવાળો હોય, ઉદાર અને પવિત્રચિત્ત હોય, તર્ક-વિતર્ક દ્વારા પદાર્થનો વિચાર કરવાવાળો હોય, હઠગ્રાહી ન હોય, જિનમતનો પક્ષ હોય, કુલીન હોય, પ્રવીણ હોય, ગુરુની આજ્ઞાનો પાલક હોય, વિવેકી અને વિનયી હોય, વિધિવિધાનનો યથાર્થ જ્ઞાતા હોય, સૌમ્યમૂર્તિ સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની હોય, દયાળુ અને શાંતચિત્ત હોય, ધર્મજ્ઞ અને ધર્માત્મા હોય, મિષ્ટ અને મિતભાષી હોય, સરલસ્વભાવી આદિ ગુણોસહિત હોય!

શ્રોતાના શુભ-અશુભ આદિ ઘણા ભેદ શાસ્ત્રમાં આવે છે. તેમાં જે શ્રોતાઓનો સ્વભાવ હંસ અને ગાયના સ્વભાવ જેવો છે તે શ્રોતા ઉત્તમ શ્રોતા છે, જેમનો સ્વભાવ માટી અને પોપટ જેવો છે તે મધ્યમ શ્રોતા છે તથા જેમનો સ્વભાવ બિલાડી, બકરી, શિલા, સર્પ, કાગડો, છિદ્ર-સહિત માટલું, ચારણી, મચ્છર, ભેંસ સમાન છે તે શ્રોતા અધમ છે.

અસત્-અધમ શ્રોતાઓને ઉપદેશ આપવો, શાસ્ત્ર સંભળાવવું વ્યર્થ છે. જેવી રીતે, ફૂટેલા માટીના ઘડામાં પાણી રહેતું નથી તેવી રીતે, અધમ શ્રોતાના હૃદય ઉપર ઉપદેશની કાંઈ પણ અસર થતી નથી તથા સત્ શ્રોતાને ઉપજાવ જમીનમાં વાવેલા બીજની જેમ અનેકગણું થઈને ફળે છે.

વાક્યોની રચના દ્વારા પદાર્થોના સ્વરૂપવર્ણનને તથા પુરાણપુરુષોના ચારિત્રવર્ણનને કથા કહે છે. આવી કથાના બે ભેદ છે : (૧) સત્કથા (૨) વિકથા.

**સત્કથા** : સત્કથા એને કહે છે કે જેમાં જીવાદિ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું હોય, વ્રત, તપ, દાન, સંયમ આદિનું તથા પુણ્ય-પાપનું ફળ તથા ચરમશરીરી પુરુષોના ચારિત્રનું વર્ણન હોય. આ કથાના કહેવા અને સાંભળવાથી ધર્મ-અર્થની વૃદ્ધિ થાય છે, સુખ મળે છે અને પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ કથાના ચાર ભેદ છે : (૧) સંવેગિની, (૨) નિર્વેગિની, (૩) આક્ષેપિની, (૪) વિક્ષેપિની.

**૧. સંવેગિની કથા** : આ કથાના સાંભળવાથી જીવોના પરિણામ સંવેગ તરફ ઋજુ થાય છે.

**૨. નિર્વેગિની કથા** : આ કથામાં ધર્મ અને ધર્મના રૂપનું તથા વૈરાગ્યનું કથન હોય છે.

**૩. આક્ષેપિની કથા** : આ કથામાં તર્ક-વિતર્ક દ્વારા સ્યાદ્વાદ–અનેકાંત મતનું મંડન કરવામાં આવે છે તથા બીજા દ્વારા કલ્પિત મિથ્યામતોનું ખંડન કરવામાં આવે છે. આ કથાના કહેવા અને સાંભળવાથી જ્ઞાનનો વિકાસ થાય છે.

**૪. વિક્ષેપિની કથા** : આ કથામાં સમ્યક્ રત્નત્રયનું નિરૂપણ હોય છે, મિથ્યાદર્શનાદિનું ખંડન કરવામાં આવે છે. આ કથાના કહેવા–સાંભળવાથી આત્મીય ગુણોની વૃદ્ધિ થાય છે.

આ રીતે, ચાર કથાઓનું સંક્ષેપમાં વર્ણન છે.

**વિકથા :** ખોટી કથાને વિકથા કહે છે. આ કથામાં મિથ્યાત્વીઓ દ્વારા કપોળ-કલ્પિત ખોટી વાતો હોય છે. આ કથાના કહેવા અને સાંભળવાથી પાપનો બંધ અને મિથ્યાત્વની પુષ્ટિ થાય છે.

દરેક સત્કથાના પ્રારંભમાં સાત વાતોનું હોવું અત્યંત આવશ્યક છે : (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાળ, (૪) ભાવ, (૫) તીર્થ, (૬) ફળ, (૭) પ્રકૃત. આ જ નિયમ અનુસાર અહીં આ બધું નિરૂપણ કર્યું છે. હવે, આ પવિત્ર પુરાણનો પ્રારંભ કરીએ છીએ. ભવ્યજન મનને સ્થિર રાખીને આ પુણ્યમયી કથાને વાંચે, સાંભળે અને મનન કરે!

અસંખ્યાત દ્વીપોના મધ્યમાં જમ્બૂદ્વીપ નામનો એક પ્રસિદ્ધ અનુપમ દ્વીપ છે. એ જ દ્વીપમાં ભરતક્ષેત્ર નામનું એક પવિત્ર મનોહર ક્ષેત્ર છે. તેના છ ખંડ છે. તેમાં એક આર્યખંડ અને પાંચ મ્લેચ્છખંડ છે. આર્યખંડમાં ધીર-વીર અને ઈન્દ્ર જેવી વિશાળ વિભૂતિના અધિપતિ આર્યપુરુષોનો નિવાસ છે. તે આર્યપુરુષ પરમ દયાળુ, અભયદાન દેવાવાળા અને ધર્માત્મા પુરુષ હોય છે. એવા આ આર્યખંડમાં 'વિદેહ' નામનો એક સુંદર દેશ છે. આ દેશ પણ ઉત્તમ ગુણોથી યુક્ત નર-નારીઓથી વિભૂષિત છે. ત્યાંના અધિવાસીઓને કોઈપણ વાતની કમી નથી. બધા લોકો આનંદથી પોતાનો સમય વ્યતીત કરે છે. ત્યાં લોકો સદા વિદેહ-મુક્ત હોય છે. મુક્તિનો માર્ગ સદાકાળ માટે અહીંથી ખુલ્લો છે તેથી આ દેશનું નામ વિદેહ પડ્યું છે.

વિદેહ દેશમાં પૃથ્વીનું ભૂષણ કુંડનપુર નામનું એક સુંદર નગર છે. આ નગરમાં ઉત્તમોત્તમ ગુણોથી યુક્ત પુરુષ નિવાસ કરે છે, જેનાથી એવું જણાય છે કે માનો ઈન્દ્ર આદિ દેવતાઓનું નિવાસસ્થાન અમરપુર જ છે. કુંડનપુરના રાજા સિદ્ધાર્થ હતા. કોઈપણ વાતની કમી ન હતી. તેમની રાણીનું નામ ત્રિશલાદેવી હતું. રાણી ત્રિશલા રૂપ અને શીલથી સુંદર હતી. રાણી ખરેખર નદીની ઉપમાને ધારણ કરતી હતી. જેવી રીતે, નદી પહાડથી નીકળીને સમુદ્રમાં જઈને ભળે છે તેવી રીતે, રાણી પણ ચેટક (પિતા)રૂપી પહાડથી ઉત્પન્ન થઈ સિદ્ધાર્થ (પતિ)રૂપી સમુદ્રમાં ભળે છે. નદી સમુદ્રની પ્રિયા હોય છે તેમ આ રાણી સિદ્ધાર્થ–સમુદ્રની પ્યારી હતી. તે બધી કળાઓમાં પ્રવીણ અને બધા જ કાર્યમાં ચતુર હતી. ભગવાન મહાવીરના ગર્ભમાં આવવાના છ માસ પૂર્વેથી જ છપ્પન દિક્કુમારીઓ વિવિધ પ્રકારથી જેમની સેવા કરતી હતી તથા દેવતાગણ પણ અનેક પ્રકારની દિવ્યવસ્તુ લાવીને જેમની ઉપાસના કરતા હતા તથા ઈન્દ્રની આજ્ઞાથી કુબેર દ્વારા જેના આંગણામાં રત્નોની વૃષ્ટિ કરવામાં આવતી હતી એવી એ ત્રિશલાદેવી એક સમયે પોતાના શયનખંડમાં પલંગ પર સુખેથી સૂતા હતા. રાત્રિનો પાછલો પહોર હતો, તે સમયે તેણે સોળ સ્વપ્ન : (૧) હાથી, (૨) બળદ, (૩) સિંહ, (૪) લક્ષ્મી, (૫) યુગલ માળા, (૬) ચન્દ્રમા, (૭) સૂરજ, (૮) યુગલ માછલી, (૯) કળશ, (૧૦) તળાવ, (૧૧) સમુદ્ર, (૧૨) સિંહાસન, (૧૩) દેવ-વિમાન, (૧૪) ધરણેન્દ્રનું વિમાન, (૧૫) રત્નરાશિ, (૧૬) શુદ્ધ અગ્નિ-શિખા જોયા.

પ્રાતઃ ક્રિયાઓથી નિવૃત્ત થઈને મહારાણીએ જોયેલા સ્વપ્નોનું ફળ મહારાજ સિદ્ધાર્થને પૂછ્યું. રાજાએ તેમને તેનું ફળ કહીને રાણીને સંતુષ્ટ કરી.

એ જ સમયે કોમલાંગી ગજગામિની સુલક્ષણા રાણી ત્રિશલાદેવીએ સ્વર્ગના પુષ્પોત્તર વિમાનથી ચય કરીને આવેલા પુણ્યશાળી દેવને પોતાના ગર્ભમાં ધારણ કર્યો. આ દિવસ અષાઢ સુદ-૬ અને હસ્ત નક્ષત્ર હતું. આ દિવસે પ્રભુનો ગર્ભકલ્યાણક મનાવવા માટે સ્વર્ગથી ઈન્દ્ર અને દેવતાગણ પરિવાર સહિત પોતપોતાના વાહનો ઉપર બેસીને કુંડનપુર આવ્યા અને ત્યાં ભક્તિભાવથી ખૂબ આનંદપૂર્વક ભગવાનનો ગર્ભોત્સવ માનવ્યો તથા ભગવાનની માતાની ભક્તિભાવથી પૂજા કરી. માતાને કોઈ પ્રકારનું ગર્ભસંબંધી કષ્ટ ન થયું. દેવીઓ વિવિધ પ્રકારથી માતાની સેવા કરવા લાગી. ધીરે ધીરે જ્યારે ગર્ભના દિવસો પૂરા થયા ત્યારે ચૈત્ર સુદ-૧૩ના દિવસે ત્રિશલાદેવીએ જગદ્વંદ્ય ભગવાન વીરપ્રભુને જન્મ આપ્યો, જેવી રીતે પૂર્વ દિશા સૂર્યને જન્મ આપે છે. ભગવાનનો જન્મ થતાં દશે દિશાઓ ઉજ્જ્વળ થઈ ગઈ, આખા સંસારમાં આનંદ-મંગળ છવાઈ ગયું, નરકમાં નારકીઓને સદાકાળ જે માર-કાટ ચાલુ જ રહે છે તેમને પણ ક્ષણિક સુખ મળ્યું. ચૌદશના દિવસે ઘણી વિભૂતિ સાથે ઈન્દ્ર પોતાના પરિવારના ઐરાવત હાથી પર બેસીને સ્વર્ગેથી ભગવાનનો જન્મકલ્યાણક મનાવવા માટે કુંડનપુર આવ્યા અને ત્યાંથી ભગવાનને સુમેરુ પર્વત પર લઈ ગયા. સુમેરુ પર્વત પર તેમણે ભગવાનનો ખૂબ જ ઠાઠમાટ સાથે ક્ષીરસમુદ્રના જળના એક હજાર આઠ કળશો દ્વારા અભિષેક કર્યો અને કર્મશત્રુઓ પર વિજય લાભ કરાવવાવાળા ભગવાનનું ''વર્ધમાન'' નામ પ્રગટ કર્યું અને ભગવાનને સ્વર્ગીય વસ્ત્રાભૂષણ પહેરાવ્યા.

ત્રીસ વર્ષ સુધી તો ભગવાન ગૃહસ્થમાં-ઘરમાં રહ્યા. પછી વૈરાગ્યનું કોઈ કારણ પામીને સંસારથી વિરક્ત થઈ ગયા અને કુટુંબને એમ દર્શાવ્યું કે આ ભોગ વિનશ્વર છે.

ત્યારબાદ, ભગવાનને વિરક્ત થયા જાણીને પોતાનો નિયોગ પૂરો કરવા માટે પાંચમા બ્રહ્મ સ્વર્ગમાંથી લૌકાંતિક દેવ તેમની સેવામાં આવ્યા અને તેમના આ કાર્યની પ્રશંસા કરવા લાગ્યા તથા ભક્તિ પ્રદર્શિત કરી ચાલ્યા ગયા. ત્યારબાદ, સ્વર્ગમાંથી ઈન્દ્ર આદિ દેવતાગણ આવ્યા અને તેમણે ભક્તિભાવથી પ્રભુને નમસ્કાર, સ્તુતિ, પૂજા કરી. પછી ભગવાનને સ્નાન કરાવી દિવ્ય વસ્ત્રાભૂષણ પહેરાવ્યા અને ભક્તિભાવથી વિનમ્ર થઈ જગતના ભૂષણ ભગવાનની ફરી સ્તુતિ-પૂજા કરી તથા મુક્તકંઠથી તેમના આ વૈરાગ્યરૂપી કાર્યની પ્રશંસા કરી. ત્યારબાદ, જાતજાતના ચિત્રોથી ચિત્રિત ચંદ્રપ્રભા નામની સુંદર પાલખીમાં તેઓ શ્રી વીર પ્રભુને બેસાડી નગરથી બહાર ઉદ્યાનમાં લઈ ગયા. ત્યાં લોકોત્તમ વીર ભગવાને માગસર વદ–૧૦ના દિવસે હસ્ત–નક્ષત્રમાં છઠ્ઠા યોગ પછી બપોરના સમયે દિગંબરી જિનદીક્ષા ધારણ કરી કે જે દીક્ષામાં શરીરને પણ હેય સમજવામાં આવે છે!

તે જ સમયે ભગવાન મહાવીર ચાર જ્ઞાન—મતિ, શ્રુત, અવધિ તેમ જ મનઃપર્યયજ્ઞાનના ધારક થઈ ગયા અર્થાત્ તેમને (ત્રણ જ્ઞાન તો હતા જ અને હવે) મનઃપર્યયજ્ઞાન પણ થઈ ગયું.

ત્યારબાદ, વીરપ્રભુએ બધા દેશોમાં મૌન ધારણ કરીને વિહાર કર્યો અને બાર વર્ષ સુધી ઘોર તપ કર્યું. તેમનો જ્યાં જ્યાં પણ વિહાર થતો હતો ત્યાં લોકો ખૂબ જ ભક્તિભાવથી પારણું કરાવતા હતા. વિહાર કરતાં કરતાં થોડા દિવસો પછી ભગવાન જંભક ગામ પહોંચ્યા જ્યાં ઋજુકુલા નામની નદીના કિનારે સાલવૃક્ષનું એક સઘન જંગલ હતું. ભગવાન તે જંગલમાં એક વૃક્ષની નીચે સ્થિત પવિત્ર શિલા પર ધ્યાનમાં મગ્ન થઈ ગયા.

ત્યારબાદ, વૈશાખ સુદી-૧૦ના દિવસે બપોરના સમયે ષષ્ટ યોગ અને હસ્ત નક્ષત્રમાં ભગવાન ક્ષપકશ્રેણી પર આરૂઢ થયા અને અંતર્મુહૂર્તમાં જ તેમણે દુષ્ટ ઘાતિયા કર્મોની ૪૭ પ્રકૃતિ, આયુકર્મની ૩ અને નામકર્મની ૧૩ એમ કુલ ૬૩ કર્મપ્રકૃતિઓનો નાશ કરીને જગતના સમસ્ત દ્રવ્યો અને તે દ્રવ્યોની અનંત પર્યાયોને એક સાથે જાણવાવાળું પંચમજ્ઞાન–કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ત્યારબાદ, જગત્‌વંદ્ય વીર ભગવાન આખા જગતમાં ધર્મનો ઉપદેશ કરતાં કરતાં સમવસરણ સહિત વિપુલાચલ પર્વત પર પહોંચ્યા. સમવસરણની વિભૂતિનો કોઈ પાર ના હતો. અશોકવૃક્ષ, સિંહાસન, છત્રત્રય, ભામંડળ, દિવ્યધ્વનિ, પુષ્પવૃષ્ટિ, ચૌસઠ ચમર, દુંદુભિવાજાનું વાગવું—એ આઠ પ્રાતિહાર્યોથી તે વિશેષ શોભા પામતું હતું. સમવસરણમાં આવવા-જવાવાળા લોકોના અવાજથી દશે દિશાઓ ગુંજાયમાન હતી. દેવતાગણ દ્વારા લાવવામાં આવેલા ગૌતમાદિ ગણધર પણ ત્યાં ભગવાનની સેવામાં ઉપસ્થિત હતા. તે સમયની શોભા અનુપમ હતી.

ઉત્તમ ગુણોથી પરિપૂર્ણ મગધ નામનો એક દેશ છે, ત્યાં ધર્માત્મા સજ્જન પુરુષોનો નિવાસ છે. એ દેશ એવો જણાય છે કે માનો દેવતાઓને રહેવાનું નિવાસસ્થાન સ્વર્ગ જ છે. તે દેશમાં રાજગૃહ નામનું એક સુંદર ધન-ધાન્યથી પૂર્ણ નગર છે. એ નગરમાં મનોહારી વિશાળ રાજ-મંદિર બનેલા છે, તે એવા જણાય છે કે માનો ઈન્દ્રને રહેવાનો મહેલ જ હોય! રાજા શ્રેણિક એ નગરના રાજા હતા. તે ઉત્તમ કોટિના નરપુંગવ હતા, ગુણોના ભંડાર હતા, સમ્યગ્દષ્ટિ હતા, ઉદાર, પ્રતિભાશાળી અને ઐશ્વર્યવાન હતા, રાજાઓના શિરોમણિ હતા. એમને ચેલણા નામની રાણી હતી કે જે અત્યંત સુંદર અને સ્ત્રી-ઉચિત્ ગુણોથી પૂર્ણ હતી. મહારાજને ચેલણા પર અત્યંત અનુરાગ હતો.

એકવાર મહારાજ શ્રેણિકને વનપાલકે એ શુભ સંદેશ આપ્યો કે વિપુલાચલ પર્વત પર વીરપ્રભુનું સમવસરણ આવ્યું છે. રાજા આ શુભ સમાચારથી ખૂબ પ્રસન્ન થયા. તેમણે વનપાલકને યથોચિત પુરસ્કાર આપ્યું અને તે જ સમયે વીરપ્રભુની વંદના કરવા ગયા કે જેવી રીતે ભગવાન આદિનાથના શુભ આગમનના સમાચાર સાંભળીને હર્ષિત થઈને ભરત ચક્રવર્તી વંદના કરવા ગયા હતા.

મહારાજ શ્રેણિકની સાથે ચાર પ્રકારની સેના હતી, ઘોડા, મદોન્મત્ત હાથી, વિવિધ પ્રકારની વસ્તુઓથી સજાવેલા મનોહર રથ, નૃત્ય કરતા પાયદળ અને ગુણાનુવાદ–વખાણ કરતાં બારોટ સાથે હતા. અનેક પ્રકારના વાજાઓની ધ્વનિથી

બધી દિશાઓ ગૂંજી રહી હતી. બંદીજન મહારાજના યશોગાન કરતાં જઈ રહ્યા હતા. આ સમયની શોભા અપૂર્વ હતી.

થોડા જ સમયમાં શ્રેણિક મહારાજ જ્યાં વીરપ્રભુ બિરાજમાન હતા ત્યાં પહોંચી ગયા. ત્યાં પહોંચતા જ હાથી ઉપરથી નીચે ઉતરી તથા છત્ર, ચમર આદિ રાજચિહ્નોને છોડીને ભગવાનના સમવસરણમાં પહોંચ્યા. ત્યાં પહોંચીને ત્રણ લોકના નાથ ભગવાન વીરપ્રભુને એક મનોહર સિંહાસન ઉપર બિરાજેલા જોયા. તેમના મસ્તક ઉપર ત્રણ છત્ર શોભતા હતા, દેવતાઓ વિવિધ પ્રકારથી તેમના તપશ્ચરણ આદિ કાર્યોની પ્રશંસા કરી રહ્યા હતા. રાજા-મહારાજા ઈન્દ્ર આદિ તેમના ચરણની ધૂળને પોતાના મસ્તક ઉપર ચડાવતાં હતા. વીરપ્રભુના સમવસરણની અનુપમ મહિમા જોઈને મહારાજાએ ભગવાનની વંદના કરી અને ભક્તિભાવથી નમસ્કાર કર્યાં.

ત્યારબાદ, મહારાજ શ્રેણિકે સ્તવન કરવાયોગ્ય સ્તોત્ર, સ્તવન કરવાવાળા, સ્તુતિ–ગુણગાન અને તેનું ફળ—એ ચાર વાતોને જાણીને ભગવાનની મન-વચન-કાયથી નીચે લખ્યા અનુસાર સ્તુતિ કરવાનો પ્રારંભ કર્યો. :

હે ત્રણલોકના નાથ! દેવોના દેવ પરમદેવ વીરપ્રભુ! તમારા ગુણ અપાર છે. તેથી એ ગુણોના ગાન માટે શક્તિશાળી ઈન્દ્ર પણ જો અસમર્થ છે તો મારા જેવા અલ્પ શક્તિવાળા તથા મંદ બુદ્ધિવાળાની તો તાકાત જ શું કે આપના ગુણોનું ગાન કરી શકું!

દેવાધિદેવ ભગવાન! આપ ચિત્તરહિત થઈને પણ ચૈતન્યસ્વરૂપ છો, ઈન્દ્રિયોથી રહિત છો છતાં નિર્મળ રૂપવાળા છો, રૂપ, રસ, ગંધ આદિથી રહિત હોઈને પણ તેના જાણવાવાળા છો, કર્મમળથી રહિત નિર્મળ છો, ત્રણ લોકના અધિપતિ છો!

હે વીરનાથ પ્રભુ! હું આપની વંદના કરીને આપને નમસ્કાર કરું છું. આપે આ વિપુલાચલને સુશોભિત કરીને લોકાલોકને પ્રકાશિત કર્યું છે, તેથી આપ પ્રાણીમાત્રને પાપથી બચાવવાવાળા એક રક્ષક છો.

હે નાથ! હું આપની ક્યાં સુધી પ્રશંસા કરું? આપે બાળપણમાં જ કામ જેવા મહાન યોદ્ધાને વશમાં કરી લીધો અને રમત-ગમતના સમયમાં જે દેવ સાપનું રૂપ લઈને આવ્યો હતો તેને તથા બીજા શત્રુઓને જીતીને આપે આપના ''વીર'' નામને સાર્થક કર્યું છે.

હે ત્રણ લોકના સ્વામી! એક દિવસ આપ બાળક અવસ્થામાં રમી રહ્યા હતા અને તે જ સમયે ત્યાં એક આકાશગામી બે મુનિરાજ આવ્યા. તેમણે તમને રમતા જોયા અને જોતાં જ તેમનો સંદેહ દૂર થઈ ગયો કે જે તેમના હૃદયને શૂળની જેમ વ્યથિત કરતો હતો. આથી, આપનું નામ ''સન્મતિ'' રાખ્યું.

હે નાથ! એવી જ રીતે એક દિવસ આપ મુનિ-અવસ્થામાં ધ્યાનસ્થ હતા ત્યારે આપના ઉપર રુદ્રની દૃષ્ટિ પડી.

તેણે ક્રોધમાં આવીને આપના ઉપર ભારે ઉપસર્ગ કર્યો પરંતુ આપને એ રંચમાત્ર પણ વિચલીત ન કરી શક્યો. ત્યારે તેણે આપને ''મહાવીર'' કહ્યા અને આપની ભક્તિભાવથી સ્તુતિ કરી.

હે ભગવાન! આપનો જ્ઞાનચંદ્ર પૂર્ણ વૃદ્ધિગત છે તેથી આપને ''વર્ધમાન'' કહે છે.

આ રીતે, વીરનાથ ભગવાનની ભક્તિભાવથી ગદ્ગદ્ થઈને સ્તવન કરીને મહારાજ શ્રેણિક મનુષ્યોના કોઠામાં બેસી ગયા. ત્યારબાદ, ભગવાન વીરપ્રભુએ કંઠ, તાળવું આદિની ક્રિયા વિના જ નિરક્ષરી દિવ્યધ્વનિ દ્વારા ધર્મોપદશે કરવાનો પ્રારંભ કર્યો.

તેઓ કહેવા લાગ્યા કે હે રાજન્! ધર્મમાં મન લગાવો. ધર્મ કરુણા-દયાને કહે છે. એ ધર્મ બે પ્રકારનો છે. એક મુનિધર્મ અને બીજો શ્રાવકધર્મ. મુનિધર્મ એ કહેવાય જ્યાં તિલતુષમાત્ર પણ પરિગ્રહ નથી રહેતા, અહીં નિર્ગ્રંથતા જ પ્રધાન છે. ગ્રંથ નામ પરિગ્રહ છે અને પરિગ્રહ મમત્વબુદ્ધિ–મમતાને કહે છે. જ્યાં મમત્વબુદ્ધિ અર્થાત્ મમતાનો અભાવ છે ત્યાં જ વાસ્તવિક નિર્ગ્રંથતા છે અને તે જ મુનિઓનું સર્વસ્વ છે, તે જ દુર્દ્ધર તપ છે, તે જ ધ્યાન છે, તે જ નિર્મળ જ્ઞાન છે અને ગુણ છે. તેના વિના મુનિ મુનિ જ ન કહેવાય શકે! તેથી, આ મુનિધર્મ ધારણ કરવો અત્યંત જ કઠિન છે.

બીજો શ્રાવકધર્મ છે. તેના શીલ, દાન, તપ અને ભાવના એ ચાર ભેદ છે. આ ધર્મનું પાલન કરવાથી પ્રાણીઓને સ્વર્ગાદિક ઉત્તમ સુખ મળે છે. ઉપર જે ચાર ભેદ કહેવામાં આવ્યા છે તેનું સંક્ષેપમાં વર્ણન આ પ્રકારે છે :

**શીલ** : શીલ, બ્રહ્મચર્યને કહે છે. તે એકદેશરૂપ અને સર્વદેશરૂપ પાલન કરવામાં આવે છે. જે એકદેશરૂપ પાલન કરવામાં આવે છે તે ''સ્વદારા સંતોષ'' કહે છે અર્થાત્ પોતાની વિવાહીતા સ્ત્રીને છોડીને બાકી સ્ત્રીઓને માતા, બહેન અને પુત્રી સમાન જોવું. એ જ રીતે, સ્ત્રી પોતાના પતિને છોડીને બાકીના પુરુષોને પિતા, ભાઈ અથવા પુત્રવત્ જોવે. સર્વદેશ બ્રહ્મચર્ય એ કહેવાય છે કે સ્ત્રીમાત્રનો ત્યાગ કરી દેવો. આ શીલવ્રત એ આત્માનો વાસ્તવિક સ્વભાવ છે. આ ગુણનું પાલન કરવાથી જ અન્ય વ્રતોની રક્ષા થઈ શકે છે. શીલવ્રતના અભાવમાં અન્ય ગુણોની કાંઈપણ કિંમત નથી. એક શીલવ્રતના હોવાથી અન્ય ગુણ અનાયાસે જ પ્રાપ્ત થઈ જાય છે. આથી આ શીલગુણનું અવશ્ય પાલન કરવું જ જોઈએ.

**દાન** : દાન દેવું એ પણ શ્રાવકનું આદ્ય કર્તવ્ય છે. મન, વચન, કાયની શુદ્ધતાપૂર્વક ઉત્તમ, મધ્યમ, જઘન્ય પાત્રમાં ન્યાયોપાર્જિત ધન ખર્ચવું, તેમને યથાવિધિ ભક્તિપૂર્વક આહારાદિ કરાવવો એ દાન કહેવાય છે. આ દાનનાં—આહાર, ઔષધ, જ્ઞાન અને અભય—એ ચાર ભેદ છે. જ્યાં જે દાનની આવશ્યકતા હોય ત્યાં તે દાન આપવું જોઈએ. આ દાનના ફળમાં ભોગભૂમિ અને સ્વર્ગાદિકની પ્રાપ્તિ થાય છે. એટલું વિશેષ છે કે વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની વિશેષતાથી દાનના ફળમાં પણ વધ-ઘટ થઈ જાય છે.

**તપ :** વિષય-કષાયથી ઈન્દ્રિયોને હરાવીને અનશન આદિ તપ કરવું–રસોનો પરિત્યાગ કરવો, શરીરને વશમાં કરવું તે તપ છે. એ તપ બાહ્ય અને અભ્યંતરનાં ભેદથી છ-છ પ્રકારનું છે.

**ભાવના :** જિનધર્મનું મનન કરવાથી અને ચૈતન્યસ્વરૂપ આત્માની કે હૃદયની શુદ્ધિ કરવાને ભાવના કહે છે. આ ભાવનાથી આત્મબળની પ્રાપ્તિ થાય છે.

આ રીતે, વીરપ્રભુએ ધર્મામૃતની વર્ષા કરી, જેને સાંભળી ભવ્ય જીવ ખૂબ જ સુખી થયા. ત્યારબાદ, મહારાજ શ્રેણિકને પાછા નગર જવાની ઈચ્છા થઈ તેથી ભગવાનને નમસ્કાર કરીને પોતાના ઘરે પાછા ચાલ્યા ગયા. ઈન્દ્ર, નરેન્દ્રો દ્વારા સેવનીય વીરપ્રભુએ પણ બીજા બીજા દેશોમાં ભવ્યજીવોના ભાગ્યવશે વિહાર કર્યો અને એમને ધર્મનો ઉપદેશ આપ્યો. મહારાજ શ્રેણિક ઘરે પહોંચીને રાણી ચેલણાની સાથે આમોદ-પ્રમોદ થઈ કાળ વ્યતીત કરવા લાગ્યા. રાણી ચેલણા ઉદારચિત્ત હતી, ભગવાન વીરપ્રભુનું સદાય ધ્યાન કરતી હતી. આ બાજુ, રાજા શ્રેણિક દીન-દુ:ખીઓને સુખી બનાવવા માટે દાન દેતા હતા અને એ બાજુ ભગવાન વીરનાથ સંસારતાપથી સંતપ્ત જીવોને શાંતિ પહોંચાડવા માટે પોતાની દિવ્યધ્વનિ દ્વારા ધર્મનો ઉપદેશ આપતા હતા. ભગવાન મહાવીરે ઘણા આર્ય દેશોમાં વિહાર કરી સંસારના દુ:ખોથી સંત્રસ્ત પ્રાણીઓને ધર્મનો ઉપદેશ આપ્યો અને તેમને શાંતિનો માર્ગ બતાવ્યો. ભગવાને જે દેશોમાં વિહાર કર્યો તેના નામ આ પ્રમાણે છે :

અંગ, બંગ, કુરુજાંગલ, કૌશલ, કલિંગ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, ભેદપાટ, સુભોટક, ચાલવા, કર્ણાટક, કર્ણકૌશલ, યશભીર, સુગંભીર અને વિરાટ.

ત્યારબાદ, મગધદેશને પુન: પ્રતિબોધ કરવા માટે ભગવાન ફરીવાર વિપુલાચલ પર્વત પર આવ્યા અને ત્યાં તેઓ એવા સુશોભિત થયા કે માનો પૂર્વદિશાથી ઉદયાચલ પર્વત ઉપર સૂર્યનો જ ઉદય થયો છે. આ બાજુ, આમ તેમ ફરતો વનપાળ ત્યાં આવ્યો અને ત્યાં વીરપ્રભુની વચન અગોચર વિભૂતિને જોઈને આશ્ચર્યમાં પડી ગયો અને વિચારવા લાગ્યો કે આ શું વાત છે? થોડી વારમાં બધું સમજી ગયો અને બધી ઋતુઓના ફળ-ફૂલ લઈને મહારાજના રાજમંદિરમાં ગયો.

ભાગ્યશાળી મહારાજ એક મનોહર સિંહાસન ઉપર બેઠા હતા, ઉપર શ્વેત છત્ર લાગેલું હતું જે ધૂપની બાધાને દૂર કરતું હતું. મહારાજનું મસ્તક મુકુટથી શોભાયમાન થઈ રહ્યું હતું. મુગુટના કિરણો ચારેબાજુ ફેલાઈ રહ્યા હતા તે એવા લાગતા હતા માનો કે મહારાજ તેના દ્વારા આકાશ ઉપર પોતાનું ચિત્ર જ અંકિત કરી રહ્યા હોય. તેમની લાંબી અને સશક્ત ભુજા તેમના પરાક્રમને જણાવતી હતી. ગાયક સંગીત દ્વારા તેમના ગુણગાન કરતાં હતા. અનેક રાજા-મહારાજા હાથમાં તલવાર લઈને તેમનો યશોગાન કરતાં હતા. મહારાજના કાનમાં રત્નજડિત કુંડલ એવા લાગતા હતા માનો એ ચાંદ અને સૂરજ જ ન હોય! તેમના ગળાના મનોહર હારની કાંતિ ચારે બાજુ ફેલાઈ રહી હતી તે એવી લાગતી હતી

કે માનો બીજા લોકોની મજાક કરતી હોય! મહારાજના કડા, અંગદ અને બાજુબંધની કાંતિ અંધકારને નષ્ટ કરતી હતી. આ રીતે અનેક શોભાયુક્ત મહારાજ રાજમંદિરમાં બેઠા હતા.

એવામાં દ્વારપાળે વનપાળના આવવાની ખબર મહારાજને આપી. મહારાજની આજ્ઞાથી વનપાળ અંદર આવ્યો અને બધી ઋતુઓના ફળફૂલ મહારાજને ભેટ આપીને તથા નમસ્કાર કરીને હર્ષથી બોલ્યો કે હે નાથ! આજે વિપુલાચલ પર્વત પર નાથવંશના દીપક શ્રી વીરપ્રભુજી પધાર્યા છે. હે રાજન્! આ તેનું જ માહાત્મ્ય છે કે જે આજે વનમાં જાતિ વિરોધી દુષ્ટચિત્ત વ્યાઘ્રી પણ પોતાના બચ્ચાની જેમ ગાયના વાછરડાને પ્રેમ કરે છે તથા સિંહ અને હાથીના બચ્ચા વેરભાવ ભૂલીને સુખની ઈચ્છાથી એક સાથે રમે છે, સર્પ અને નોળિયો એક જ સ્થાનમાં રહે છે, બિલાડી અને ઉંદર એક સાથે પ્રેમથી રમે છે, જે તાલ-તલૈયા વર્ષોથી સુકાયેલી પડી હતી તે આજે પાણીથી લબાલબ ભરાઈ રહી છે, જેમાં કોક-હંસ આદિ પક્ષી સુંદર અવાજ કરી રહ્યા છે તથા સાલવૃક્ષ, તાલવૃક્ષ ઘણા દિવસોથી સૂકાયેલા હતા તે આજે ફળફૂલ અને પાંદડાઓથી હર્યાભર્યા થઈ ગયા છે, ફળ-ફૂલોના ભારથી તે પૃથ્વી સુધી નીચે ઝૂકીને ભગવાનને નમસ્કાર કરી રહ્યા છે.

હે રાજન્! આ સિવાય, વૃક્ષો ઉપર આ જે અસમયમાં જ ફળ-ફૂલો આવી ગયા છે તેનાથી જણાય છે કે એ વૃક્ષ પોતાને અહમિન્દ્ર સમજીને ફળ-ફૂલ લઈને ભગવાનની સેવા અને ભક્તિ કરવા જ ઉપસ્થિત થયા છે. સ્વામિન્! પહેલાં તો બધી જ ઋતુઓના ફળ-ફૂલ એક સાથે જોઈને મને આશ્ચર્ય થયું પણ પછી પ્રભુનું માહાત્મ્ય સમજીને બધી ઋતુઓનાં ફળ-ફૂલ લઈને આપની સેવામાં આવ્યો છું. આ સમાચાર સાંભળીને મહારાજને ખૂબ જ હર્ષ થયો જેવી રીતે કોઈ તૃષાતુર પુરુષને જળથી ભરેલો કૂવો જોઈને પ્રસન્નતા થાય છે. મહારાજે પ્રસન્ન થઈને વનપાળને ઘણી ધન-સંપત્તિ આપી અને તેને માલામાલ બનાવી દીધો. પછી મહારાજ સિંહાસન છોડીને જે દિશામાં વીર ભગવાન બિરાજમાન હતા તે દિશામાં સાત ડગલા આગળ ગયા અને તેમણે ભગવાનને ભક્તિભાવથી નમસ્કાર કર્યા અને પછી પોતાના સ્થાન પર આવીને બેઠા. આ સમયે મહારાજ વીરપ્રભુની વંદના કરવા માટે ખૂબ જ ઉત્સુક થઈ રહ્યા હતા.

વીરનાથ પ્રભુ ગુણોના આશ્રય છે. ગુણોએ તેમને આશ્રય એટલે બનાવ્યા છે કે જેથી તે આખા જગતમાં પ્રસિદ્ધ થઈ જાય. વીરપ્રભુજીએ વ્રતોનો ઉપદેશ આપ્યો છે, ધર્મતીર્થને ચલાવ્યું છે, સંસારના રક્ષક અને સર્વસિદ્ધિના દાતા છે તથા સંસારી જીવોના મોહ-મદને નષ્ટ કરવાવાળા છે! એ વીરપ્રભુને નમસ્કાર હો! તેઓ અમારા માટે મંગલમય બનો!

**॥ અધ્યાય પહેલો સમાપ્ત ॥**

# અધ્યાય બીજો

એ પરમપવિત્ર વીરનાથ ભગવાનને નમસ્કાર હો કે જે અનંતબળના ધારક છે, જેમણે કર્મમળને નષ્ટ કરી નાખ્યો છે તથા જેમનું સેવન કરવાથી ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે.

ત્યારબાદ, મહારાજ શ્રેણિકે સંસારને આનંદ પ્રદાન કરવાવાળી આનંદભેરી વગડાવી જેને સાંભળીને પુરવાસીઓને અત્યંત આનંદ થયો અને તે બધા વસ્ત્રાભૂષણોથી સુસજ્જ થઈ યાત્રા કરવા માટે ઉદ્યત થયા. ઘોડેસવારોએ હર્ષિત થઈને પોતાના ઘોડા સજાવ્યા, મહાવતોએ પોતાના મદોન્મત્ત હાથીઓને સુંદર સજાવ્યા તથા સારથી પણ મનોહર રથોમાં સુંદર ઘોડાઓને જોડીને રાજમંદિરની સામે આવ્યા. પાયદળમાં કોઈ પાલખી પર, કોઈ બળદ ઉપર, કોઈ ઊંટ ઉપર સવાર થઈને રજવાડાના ચોકમાં આવીને ઉપસ્થિત થયા. કોઈના હાથમાં ઢાલ, કોઈના હાથમાં તલવાર, કોઈની પાસે બરછી હતી. નર્તકીગણ નટને સાથે લઈને નૃત્ય કરવા તૈયાર થઈને આવ્યા અને મહારાજની સામે નૃત્ય કરવા લાગ્યા. આ રીતે મહારાજને બધી જ સામગ્રી સુલભ હતી. તેમનો પરાક્રમ અદ્ભુત હતો, લક્ષ્મીના સ્વામી હતા, જેથી એવું લાગતું હતું કે બીજા કુબેર જ છે. આ રીતે સજીધજીને રાજા શ્રેણિક પોતાના પુત્ર નિર્ભય–અભયકુમાર અને પવિત્ર–વારિષેણને સાથે લઈને વીર ભગવાનની વંદના કરવા ગયા. જિનધર્મ પરાયણ રાણી ચેલણા પણ તેમની સાથે જ હતી. જ્યારે ઉદ્યાન નજીકમાં આવ્યું ત્યારે તેઓ હાથી ઉપરથી નીચે ઉતર્યા અને વીરપ્રભુના સમવસરણમાં જઈ પહોંચ્યા. ત્યાં તેમણે વીરપ્રભુને વારંવાર નમસ્કાર કર્યા અને પછી બધાની સાથે પોતાના યોગ્યસ્થાને સ્થિર ચિત્તથી બેસી ગયા અને શાંતિપૂર્વક ધર્મનો ઉપદેશ સાંભળ્યો.

ત્યારબાદ રાજા ઊભા થયા અને જ્ઞાની ગણનાયક ગૌતમ ગુરુને નમસ્કાર કર્યા અને તેમની આ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા :

ભગવન્! આપ મહાભૂતિ છો! રાજા, મહારાજા, ચક્રવર્તી આદિ બધા જ આપની પૂજા અને સ્તુતિ કરે છે. આપને માટે કોઈ પણ વસ્તુ અગમ્ય નથી. હે નાથ! આપની પાસે એ જ્ઞાન છે જે આખા જગતમાં સૂર્યની જેમ પ્રકાશ ફેલાવે છે. હે મહર્ષિ! આપ ઘણા ઋષિઓના સ્વામી છો. બીજઋદ્ધિથી યુક્ત ચતુર્થજ્ઞાન-મન:પર્યયજ્ઞાનના ધારક છો તથા પાદાનુસારિણીઋદ્ધિથી યુક્ત પરમાવધિજ્ઞાનના ધારક છો! સંસારના બધા પ્રાણીઓના બધા જ રોગ દૂર કરવાવાળી જે સર્વૌષધિઋદ્ધિ છે તેના આપ સ્વામી છો તથા ચારણઋદ્ધિના બળથી આપ આકાશમાર્ગમાં ચાલો છો જેથી કોઈ પણ પ્રાણીને પીડા નથી થતી. તેથી આપ પરમ દયાળુ કહેવાવ છો! અક્ષીણઋદ્ધિએ પણ આપને પોતાના સ્વામી બનાવી લીધા છે.

હે ભગવાન! આપના ગુણ ક્યાં સુધી કહીએ! આપ કૃપાસિંધુ છો. ગુણોના આગાર છો. હે નાથ! મને એક સંદેહ છે, મને આશા છે અને પૂર્ણ વિશ્વાસ છે કે મારો એ સંદેહ આપના પ્રસાદથી અવશ્ય જ દૂર થઈ જશે.

હે પ્રભો! હું આપનાથી ઘણું બધું જાણવા માગું છું. જેનાથી બીજા લોકોને પણ લાભ થશે અને મને પણ લાભ થશે. તેથી, હે સ્વામી! પ્રસન્ન થાઓ અને મારા પર કરુણા કરો. હે પુરુષોત્તમ! હું કુરુવંશના દીપક પાંડવોનું પવિત્ર ચરિત્ર સાંભળવા માંગું છું. પાંડવ લોકો ક્યા વંશમાં જન્મ્યા હતા ? કુરુવંશ ક્યા યુગમાં ચાલુ થયો? એ વંશમાં ક્યા ક્યા પ્રસિદ્ધ પુરુષોએ જન્મ લીધો છે? તથા ક્યા ક્યા ધર્મ-તીર્થના પ્રવર્તક તથા ચક્રવર્તી ઉત્પન્ન થયા? નાથ! અન્ય શાસ્ત્રોમાં પાંડવોનું જે ચરિત્ર જોવા મળે છે તે તો વાંજ સ્ત્રીના પુત્રની સુંદરતાના વર્ણન જેવું છે, મિથ્યા છે, કપોળ કલ્પિત છે. તે આ પ્રકારે :

એક સમયે કાશીનો રાજા શાંતનું યુદ્ધ માટે ગયો હતો. ત્યાં તેને પોતાની સ્ત્રીની ઋતુ (માસિક) સમયની યાદ આવી ગઈ. તેથી તેણે રતિદાન કરવા માટે પોતાનું વીર્ય પોતાની પ્રિયા પાસે મોકલવા વિચાર કર્યો. આ વિચારથી તેણે એક તાંબાનું વાસણ મંગાવ્યું અને તેમાં પોતાનું વીર્ય રાખીને તેના ઉપર પોતાના નામની મહોર-સીલ લગાવીને તેને એક શ્યેન પક્ષીના ગળામાં બાંધીને પોતાની પ્રિયા પાસે કાશી મોકલી દીધું. તે પક્ષી થોડીવારમાં જ ગંગાનદીને કિનારે આવી પહોંચ્યું. તે નવીન પક્ષીને જોઈને એક બીજું શ્યેન પક્ષી પેલા સાથે લડવા લાગ્યું. એ ઝગડામાં તે પક્ષીના ગળામાંથી તે તાંબાનું વાસણ ગંગાનદીમાં પડ્યું અને પડતા જ ખૂલ્લી ગયું. દૈવયોગથી એ વાસણમાં રાખેલું વીર્ય એક માછલીના પેટમાં જતું રહ્યું. માછલીના પેટમાં તે ગર્ભના રૂપમાં પરિણમી ગયું. ગર્ભના દિવસો પૂરા થયા કે અચાનક એ જ માછલી પર એક ધીવરની નજર પડી. તેણે માછલીને પકડીને ચીરી નાખી. તે માછલીના ગર્ભમાંથી એક છોકરી ઉત્પન્ન થઈ કે જે સંસારમાં મત્સ્યગંધાના નામથી પ્રખ્યાત છે. તે છોકરીના શરીરમાંથી ખૂબ જ દુર્ગંધ આવતી હતી કે જે કોઈથી સહન થતી ન હતી. આથી એ ધીવરે મત્સ્યગંધાને પોતાના ઘરે ન રાખી ને એને ગંગાનદીના કિનારે જ છોડી દીધી. મત્સ્યગંધા ત્યાં રહેતી હતી અને નૌકા ચલાવીને પોતાનું પેટ ભરતી હતી. ધીરે-ધીરે એ છોકરી યુવાન થઈ. ભાગ્યવશ એક દિવસ નૌકમાં જતા પરાશર ઋષિ સાથે તેનો સમાગમ થઈ ગયો અને તેનાથી તેને ચારેય વેદના જાણકાર વ્યાસ જેવા સુંદર પુત્રનો જન્મ થયો. વ્યાસ પણ બાળપણમાં જ પોતાના પિતા પરાશર ઋષિની પાસે તપસ્યા કરવા માટે જતો રહ્યો અને ત્યાં તેણે તપસ્યા ધારણ કરી લીધી.

એટલામાં એક દિવસ રાજા શાંતનું ગંગાનદીના કિનારે આવ્યો કે જ્યાં મત્સ્યગંધા રહેતી હતી. મત્સ્યગંધાને જોઈને તે કામથી વિંધાઈ ગયો અને તેણે ધીવરને કહીને તેની સાથે લગ્ન કરી લીધા. થોડા સમય પછી રાજા શાંતનુના સમાગમથી તેને બે પુત્રો થયા. એકનું નામ ચિત્ર અને બીજાનું નામ વિચિત્ર રાખવામાં આવ્યું. સમય જતા બંને પુત્રો યુવાન થયા અને તેમનો વિવાહ ક્રમથી અંબા અને અંબિકા સાથે કરી દીધો. આ બંનેને એક અંબાલિકા નામની દાસી હતી.

કર્મવશે થોડા જ સમયમાં રાજા શાંતનુનો સ્વર્ગવાસ થઈ ગયો. પછી ચિત્ર-વિચિત્ર બંને ભાઈઓ રાજ્યના અધિકારી થયા. કર્મની ગતિ ખૂબ વિચિત્ર છે. તે બે ભાઈઓની સામે કોઈની પણ તાકાત કામ ન કરતી. આયુકર્મ જ્યારે નિઃશેષ રહી જાય છે ત્યારે કોઈ પણ આ જીવને નથી બચાવી શકતા. આ નિયમાનુસાર ચિત્ર-વિચિત્રનો પણ સમય આવી ગયો અર્થાત્ દુષ્ટ કાળે એ બે ભાઈઓને પણ કોળિયો બનાવી લીધો. તે બંને ભાઈઓને એક પણ સંતાન ન હતું. આથી રાજપાટ નાયક વિનાનું થઈ ગયું. આવી અવસ્થા જોઈને મત્સ્યગંધાએ રાજ્યકાર્ય કરવા માટે વ્યાસજીને બોલાવ્યા. એ ત્યાં આવી ગયા અને રાજ્ય સંભાળવા લાગ્યા. વ્યાસજીએ રાજ્ય પામીને અત્યંત નિંદિત કુકર્મ–ખોટા કર્મ કર્યાં.

વ્યાસજી કહેવા લાગ્યા કે હે ગંધિકે! તું મારી વાત સાંભળ, હું જે કહું છું તે બધા માટે હિતકારી છે. વાત એ છે કે તારી બંને પુત્રવધુઓ–વહુઓ અને તેની દાસી મારી સામે નગ્ન થઈને નીકળી જાય તો તે નિશ્ચયથી ગર્ભ ધારણ કરશે! ગંધિકાએ વ્યાસની વાત માનીને એમ જ કર્યું. પરિણામ એ આવ્યું કે ત્રણે ગર્ભવતી થઈ ગઈ. ધીરે ધીરે જ્યારે ગર્ભના દિવસો પૂરા થયા ત્યારે અંબાએ અંધ ધૃતરાષ્ટ્ર તથા અંબિકાએ કુષ્ટરોગી પાંડુને તથા અંબાલિકા દાસીએ વિદુરને જન્મ આપ્યો.

ભગવન્! બતાવો કે અન્યમતમાં જે કથા કહેવામાં આવી એ કેટલી સત્ય અને ઉપાદેય છે?

બીજી વાત એ છે કે ગાંધારીનો અજ આદિ સો રાજાઓ સાથે વિવાહ થયો અને તોપણ તે શીલવાન સતી કહેવાઈ! આ વાત પણ કેટલી સાચી માની શકાય?

ત્રીજી વાત એ પણ સાંભળવામાં આવે છે કે અજ આદિને તેના પિતા ભોજકવૃષ્ટિએ મારી નાખ્યા અને મરીને એ ભૂત-પ્રેત થઈ ગયા. તેઓએ પોતાની તે જ અવસ્થામાં (ભૂત-પ્રેતવાળી અવસ્થામાં) જ ગાંધારીની સાથે સંભોગ કર્યો અને તે સંભોગરૂપ ક્રિયાથી દુર્યોધન આદિ કૌરવની ઉત્પત્તિ થઈ. એ વાત પણ અત્યંત આશ્ચર્યકારી છે કે દેવ પણ સ્ત્રીની સાથે સંભોગ કરવા લાગ્યા અને તેનાથી સ્ત્રી ગર્ભ ધારણ કરવા લાગી. તેનાથી પણ વિશેષ આશ્ચર્ય એ છે કે ગર્ભ પૂરો ન થઈને પડી ગયો અને તેને કપાસમાં રાખીને વધારવામાં આવ્યો! પછી ગાંધારીના પુનર્વિવાહ વિધવાથી ઉત્પન્ન થયેલા થરપુત્ર (વૈશ્યપુત્ર) ધૃતરાષ્ટ્રની સાથે થયા.

હે દેવ! આ વાત પણ આકાશના ફૂલ સમાન નિરાધાર અને અસંગત છે. પણ કોણ જાણે મૂઢ લોકો કેવી રીતે આ મનઘડત કથા ઉપર વિશ્વાસ કરે છે!

સફેદ કોઢવાળા ગોલક-થરપુત્ર પાંડુના લગ્ન કુંતી અને માદ્રીની સાથે થયા. કહે છે કે એક સમયની વાત છે કે રાજા પાંડુ પોતાની બંને પ્રિયાઓ સાથે વનમાં શિકાર કરવા ગયા હતા ત્યાં તેણે હરણ જેવા દીનહીન પશુઓને મારવાનો સંકલ્પ કર્યો.

સ્વામિન્! આ વાત પણ ખટકે એવી છે કે પાંડવ લોકો અત્યંત દયાળુ, પરોપકારી અને ધાર્મિક પુરુષો હતા. તેઓ કેવી રીતે દીનહીન પશુઓને મારવાનો ઈરાદો કરી શકે છે? એ કામ એમનું ક્યાં સુધી ઉચિત માની શકાય? બીજી પણ વાત છે કે એ જ વનમાં બે તાપસ હરણનું રૂપ લઈને રતિક્રિયામાં આસક્ત હતા. પાંડુની દૃષ્ટિ તેના પર પડી. દૃષ્ટિ પડતા જ પાંડુએ તેમના ઉપર બાણ છોડ્યું અને બાણ વાગતા જ હરણ મરી ગયો. હરણના મરી જવાથી હરણીને ખૂબ જ દુઃખ થયું જેથી દુઃખથી દુઃખિત થઈને તેણે રાજાને એવો શ્રાપ આપ્યો કે મારા પતિની જેમ જ તું પણ તારી પ્રિયાની સાથે કામસેવન કરતાં સમયે જ યમરાજ પાસે જઈશ અર્થાત્ મૃત્યુ પામીશ. આ શ્રાપ સાંભળીને રાજા ખૂબ જ દુઃખી થયો અને તે જ સમયે તેણે પ્રતિજ્ઞા કરી કે આજથી જ આજન્મ સ્ત્રીની સાથે સમાગમ નહીં કરે.

ભગવન્! આ કથનથી એ શંકા ઉત્પન્ન થાય છે કે શું મનુષ્ય પણ હરણનું રૂપ ધારણ કરીને રતિક્રિયા કરે છે? તથા એક ધર્મપરાયણ પરમ દયાળુ રાજા હરણ જેવા કે જે દાંતની નીચે તૃણ દબાવી રાખે છે તેના પર બાણનો પ્રહાર કરે તે કેવી રીતે સંભવિત હોઈ શકે છે?

એ પણ સાંભળવામાં આવે છે કે સૂરજની સાથે કુંતીએ સંભોગ કર્યો હતો જેનાથી કુંતીને કાનમાંથી પુત્રની ઉત્પત્તિ થઈ. નાથ! આજ સુધી એ સાંભળવામાં નથી આવ્યું કે કાનથી મનુષ્યોની ઉત્પત્તિ થઈ હોય! હવે આપ જ કહો કે આ વાત ક્યાં સુધી સંભવિત થઈ શકે?

ત્યારબાદ, કુંતીનો સધર્મની સાથે સમાગમ થયો જેનાથી તેને યુધિષ્ઠિર જેવા વીર પુત્રનો જન્મ થયો તથા પવનની સાથે સંયોગથી નિર્ભય ભીમને તથા ઈન્દ્રના સમાગમથી ચાંદી સમાન શરીરની કાંતિને ધારણ કરવાવાળા બળશાળી અર્જુન પુત્રને જન્મ આપ્યો. આ જ રીતે, માદ્રીએ પણ આશ્વિનેય સુરની સાથે સમાગમ કરીને નકુલ અને સહદેવને જન્મ આપ્યો. હે નાથ! આવી કથાથી એમ જણાય છે કે પાંડવ લોકો કુંજ હતા–થરપુત્ર હતા. કહો કે આવા પૂજ્ય મોક્ષગામી પુરુષોને જારપુત્ર કહેવા શું સંગત છે? ભીમ મહા બળવાન પુણ્યવાન અને વિદ્વાન યોધ્ધો હતો, તેનો આહાર પણ ખૂબ ઓછો હતો તોપણ કોણ જાણે લોકો તેને ૧૦ મણ (ખાજા) અન્ન આરોગવાવાળો કહેતા હતા. આ કેવું આશ્ચર્ય છે? લોકો એ પણ કહે છે કે ગાંગેય ઋષિ ગંગાનદીથી ઉત્પન્ન થયા. હે નાથ! આ વાત પણ કેવી છે? જો નદીઓથી જ મનુષ્યોની ઉત્પત્તિ થવા લાગે તો પછી લગ્ન કરવાની આવશ્યકતા જ શું રહી જાય છે?

એવું પણ કહેવામાં આવે છે કે દ્રૌપદી અત્યંત સુંદર પરમ સતી અખંડ શીલનું પાલન કરવાવાળી હતી. તેને જ તેઓ પંચ-ભરતારી કહે છે! હે નાથ! જ્યારે તેના પાંચ પતિ છે અર્થાત્ પાંચેયની સાથે રતિક્રીડા કરે છે તો એ સતી ક્યાં રહી? આ વાત તો પરસ્પર વિરુદ્ધ છે. બીજી વાત એ છે કે જ્યારે એ મોટાભાઈ યુધિષ્ઠિરની સાથે રમણ કરતી હતી ત્યારે બાકીના ચાર પાંડવ તેના દેવર થયા કે જે પુત્ર સમાન માનવામાં આવે છે, પછી તે કેવી રીતે તેમની સાથે

રમણ કરતી હતી? અને જ્યારે તે બીજા નાના ભાઈઓ સાથે રમણ કરતી હતી ત્યારે યુધિષ્ઠિર દ્રૌપદીનો જેઠ થયો કે જે પિતા સમાન માનવામાં આવે છે; આવી અવસ્થામાં કેવી રીતે એને ભોગવાતી હતી? આ વાત તો ખૂબ અચરજ પમાડે તેવી છે! આ વાત તો દ્રૌપદી જેવી સતીઓના પરમ પવિત્ર આદર્શ-ચરિત્ર ઉપર હુમલો કરવાવાળી છે.

હે નાથ! આવી કપોળ-કલ્પિત અસંગત કથાઓને સાંભળીને તેનાથી ફળ પ્રાપ્તિની આશા કરવી રેતીમાંથી તેલની આશા કરવા બરાબર છે! અથવા જવનું મંથન કરવાથી માખણ નીકાળવા બરાબર છે! અથવા આવી કથાને મનોરથ-સિદ્ધની લાલસાથી કે પુણ્ય-પ્રાપ્તિની વાંછાથી કહેવું અથવા તો સાંભળવું અથવા બીજાને સંભળાવવું વ્યર્થ છે, કાંઈ લાભ નથી! લાભની જગ્યાએ પાપાસ્રવ કરવાવાળી છે!

હે નાથ! મારા મનમાં બીજા પણ (નીચે લખેલા) ઘણા સંદેહ ઊભા થાય છે, તેથી કૃપા કરીને મારા સંદેહને દૂર કરો જેનાથી મને સદ્જ્ઞાનની પ્રાપ્તિ થાય, સંસારનું હિત થાય.

ગંગાજળની સમાન નિર્મળ ચારિત્રવાળા ગાંગેય ઋષિનું માહાત્મ્ય, દ્રોણાચાર્યનું પરાક્રમ, ભીમની વીરતા, હરિવંશની ઉત્પત્તિ, કૃષ્ણ અને ભગવાન નેમિનાથનું બાળપણ, દ્વારિકાપુરીની રચના, જરાસંઘનો વિનાશ, કૌરવ-પાંડવોનું વેર અને તેમના વેરનું કારણ, પાંડવોનું વિદેશગમન અને પાછું આવવું, દ્રૌપદીનું હરણ, દક્ષિણ મથુરાની અવસ્થા, કૃષ્ણનું મરણ થવાથી પાંડવોનું નેમિનાથ ભગવાન પાસે આવવું, પાંડવોના પૂર્વભવ, દ્રૌપદી ઉપર પંચ ભરતારી હોવાના કલંકનું કારણ, પાંડવોની દીક્ષા, શત્રુંજય પર્વત પર જવું અને ત્યાં ઘોર પરિષહોનું સહન કરવું, ત્રણ પાંડવોનું કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાં જવું અને બે પાંડવોનું અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર પદ પ્રાપ્ત કરવું.

હે નાથ! ઉપર કહેલા પ્રશ્નોનું સમાધાન કરો. આનું સમાધાન કરવાથી બધા જીવો સુખી થશે. હે દેવ! આપની સિવાય આ પ્રશ્નોનું સમાધાન કરવાવાળું બીજું કોઈ નથી. આ રીતે રાજા શ્રેણિકે શ્રી ગૌતમ ગણધરસ્વામીને નિવેદન કર્યું.

ગૌતમસ્વામીની ચારે બાજુએ જે શ્રોતાગણ બેઠા હતા તે મહારાજ શ્રેણિકના પ્રશ્નોને સાંભળીને ખૂબ જ આનંદિત થયા અને હર્ષયુક્ત કહેવા લાગ્યા કે અમને પાંડવોનું ચરિત્ર સાંભળવાનો સારો સુયોગ મળી ગયો. અમને ઘણા સમયથી આ ચરિત્ર સાંભળવાની અભિલાષા રહેતી હતી. હવે અમારી અભિલાષા જરૂર પૂરી થઈ જશે.

હે રાજન્! આપે મગધદેશના તમામ શત્રુઓ જીતી લીધા છે, આપ મિષ્ટભાષી અને સમ્યગ્દષ્ટિ છો. આપે અમારા સંદેહરૂપ અંધકારનો નાશ કર્યો છે, તેથી આપ સૂર્ય સમાન છો. અમે આપની જ કૃપાથી આ પુરાણ સાંભળીશું. આપ અમારા સાચા હિતકારી વૈદ છો! અમે તમારી ક્યાં સુધી પ્રશંસા કરીએ! આપ અમારા વાસ્તવમાં પરમોપકારી હિતૈષી ગુરુ છો!

આ ભારતદેશમાં ભરત આદિ ઘણા તેના સ્વામી થઈ ગયા છે. તેમણે પુરાણને સાંભળીને દેશાવધિ નામનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. શ્રીકૃષ્ણ નારાયણે નેમિનાથ સ્વામીની સભામાં પુરાણપુરુષોના પવિત્ર ચરિત્રને સાંભળીને એ જ સમયે તીર્થંકર

પ્રકૃતિનો બંધ કર્યો હતો. જે કારણે એ આગળ ભવિષ્યમાં ધર્મતીર્થના ચલાવવાવાળા જગતના ઉદ્ધારક તીર્થંકર ભગવાન બનશે. હે રાજન્! એ જ રીતે આપ પણ આજે શ્રી વીરપ્રભુની સભામાં આગમમાં કહેલી પુણ્યપુરુષોની સત્કથાઓને સાંભળી રહ્યા છો, તેથી તમે પણ ઉત્સર્પિણીકાળમાં મહાપદ્મ નામના આદિ (પ્રથમ) તીર્થંકર થશો. આપના દ્વારા જગતના જીવોનું કલ્યાણ થશે.

હે રાજન્! અમારી જે ઈચ્છા પૂરી થઈ છે તે આપની કૃપાથી જ થઈ છે; ઠીક છે કે ગુણી પુરુષોના સમાગમથી ગુણોનો લાભ થાય જ છે. હે રાજન્! આપ સાચા ધર્માત્મા અને ધર્માત્માઓથી સાચો પ્રેમ કરવાવાળા છો. આપની જિનાગમમાં પરમ શ્રદ્ધા છે. આપમાં રાજાને ઉચિત બધા જ ગુણ વિદ્યમાન છે. આપના સમાન ધર્મભીરુ, પ્રજાપાલક, સચ્ચરિત્ર, સમ્યગ્દૃષ્ટિ રાજા ન તો થયા છે અને ન તો વર્તમાનમાં દેખાય છે! આ રીતે સભ્ય અને ઋષિ મહર્ષિઓએ રાજા શ્રેણિકની ખૂબ પ્રશંસા કરી.

ત્યારબાદ, પરમવિદ્વાન જગતના વંદનીય ગુરુ ગૌતમ ગણધરસ્વામી પોતાની પવિત્ર ગંભીર વાણીમાં કહેવા લાગ્યા કે હે શ્રેણિક મહારાજ! તમે ખૂબ જ સારી વાત પૂછી છે. આ વાત સાંભળવાથી જેટલા પણ પાપ થયા છે એ બધા નષ્ટ થઈ જશે અને સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થશે. હે રાજન્! તમે જે સંસારપ્રસિદ્ધ વાત પૂછી છે તેનું હવે હું સંક્ષેપમાં વર્ણન કરું છું. તમે સ્વસ્થચિત્ત થઈને ધ્યાનથી સાંભળો.

ત્યારબાદ, પરમદયાળુ ગૌતમ ગુરુ ઉત્તરમાં કહેવા લાગ્યા. ભવ્યજીવોને એમની દિવ્યવાણી સાંભળીને ખૂબ જ આનંદ થયો અને હર્ષથી રોમાંચિત થઈ ગયા. જે રીતે મેઘના શબ્દ સાંભળી મયૂર નૃત્ય કરવા લાગે છે એ રીતે શિષ્યગણ પણ એમનો સંતાપ દૂર કરવાવાળી પવિત્ર વાણી સાંભળીને નાચવા લાગ્યા અર્થાત્ ખૂબ જ ખુશ થયા.

આ ભરતક્ષેત્રમાં પહેલાં ભોગભૂમિ હતી. ભોગભૂમિમાં રહેવાવાળા જીવો કલ્પવૃક્ષો દ્વારા મનમાની વસ્તુઓ પ્રાપ્ત કરતા હતા. પરંતુ જ્યારે ભોગભૂમિનો ક્ષય થવા લાગ્યો અને જ્યારે ત્રીજા કાળના પુણ્યનો આઠમો ભાગ સમય બાકી રહ્યો ત્યારે ૧૪ કુલકર થયા. તેર કુલકરો સુધી તો રાજા-પ્રજાને કોઈ સંબંધ જ ન હતો. પરંતુ લોકો તેમને પોતાના પૂજ્ય સમજતા હતા. આ કુલકરોએ અનેક કુલોની વ્યવસ્થા કરી. આથી એમનું કુલકર નામ પડ્યું. ચૌદ કુલકરો જે થયા એમના નામ આ હતા : ૧. પ્રતિશ્રુતિ, ૨. સન્મતિ, ૩. ક્ષેમંકર, ૪. ક્ષેમંધર, ૫. સીમંકર, ૬. સીમંધર, ૭. વિપુલવાહન, ૮. ચક્ષુષ્માન, ૯. યશસ્વી, ૧૦. અભિચંદ, ૧૧. ચંદ્રાભ, ૧૨. ભરુદેવ, ૧૩. પ્રસેનજિત, ૧૪. નાભિરાજ.

આ કુલકરોએ હા, મા, ધિક્—આ ત્રણ દંડ નિયત કર્યા હતા. આ દંડ દ્વારા જ દોષિ વ્યક્તિઓને દંડ આપતા હતા. એ સમયમાં હા, મા, ધિક્—એ ત્રણ દંડ ખૂબ જબરદસ્ત માનવામાં આવતા હતા. ચૌદમા કુલકર નાભિરાજાના વિવાહ સુલક્ષણા મરુદેવી સાથે થયા હતા. મરુદેવી રૂપ અને ગુણોની ખાણ હતી. મિષ્ટભાષી હોવાથી રાજાને અત્યંત

પ્રિય હતી. તેમના રહેવા માટે ઈન્દ્રોએ અયોધ્યા નગરીની રચના કરી અને પોતાના ખજાનચી કુબેરને આજ્ઞા કરી કે તમે અત્યારે અયોધ્યાનગરી જાઓ અને રત્નોની વૃષ્ટિ કરો કારણ કે ત્યાં ત્રણ લોકના નાથ ભગવાન આદિનાથ સ્વામી જન્મ લેશે. કુબેરે ઈન્દ્રની આજ્ઞા માનીને અયોધ્યામાં પંદર મહિના રત્નોની વર્ષા કરી તથા દેવીઓએ માતાની ગર્ભશોધન આદિ ક્રિયાઓ કરી.

એ જ સમયે સર્વાર્થસિદ્ધિ નામક વિમાનથી એક દેવ ચ્યવીને અષાઢ વદ-૨ના દિવસે માતા મરુદેવીના ગર્ભમાં આવ્યો. ભગવાનને ગર્ભમાં ધારણ કરીને મરુદેવી એવા લાગતા હતા કે માનો રત્નોને ધારણ કરનારી પૃથ્વી વસુંધરા જ છે. ભગવાનની માતા મરુદેવીની છપ્પન કુમારિકાઓ સેવા કરવા માટે સદાય તત્પર રહેતી હતી. માતાને કોઈ પણ પ્રકારથી કષ્ટ ન થાય, મનમાં થોડો પણ ખેદ ન થાય, સદાકાળ પ્રસન્નતા રહે એ માટે એ દેવીઓ વિવિધ પ્રકારની ક્રિયાઓ કરતી રહેતી, અનેક પ્રશ્નો પૂછતી હતી તથા માતા તેનો એક જ શબ્દમાં જવાબ આપતી હતી. આ રીતે તેમનો સમય આનંદથી વ્યતીત થતો હતો. જ્યારે નવ મહિના પૂરા થઈ ગયા ત્યારે માતા મરુદેવીએ ચૈત્ર વદ-૯ના દિવસે ત્રણ લોકના આભૂષણ ભગવાન આદિનાથને જન્મ આપ્યો.

ભગવાનનો જન્મ થતાં જ ઈન્દ્રનું આસન કંપાયમાન થયું અને તેણે અવધિજ્ઞાન દ્વારા ભગવાનનો જન્મ જાણી લીધો. આ વાત જાણતા જ તે સિંહાસન ઉપરથી ઊભા થયા અને સાત પગલા આગળ ચાલીને જે દિશામાં ભગવાનનો જન્મ થયો હતો તે તરફ ભગવાનને પરોક્ષ નમસ્કાર કર્યાં તથા દેવતાઓને ભગવાન આદિનાથસ્વામીનો જન્મકલ્યાણક ઉજવવા અયોધ્યાનગરી પહોંચવાની આજ્ઞા કરી. ઈન્દ્ર પોતાના સૈન્યસહિત ઐરાવત હાથી ઉપર ચડીને અયોધ્યા પહોંચ્યો. ત્યાં આવીને તે અન્ય દેવતાઓ સાથે નાભિરાજાના મહેલના દ્વાર પર ઊભો રહ્યો તથા અનુપમ રૂપવાળી શચી ઈન્દ્રાણીને મનોહર પ્રસૂતિગૃહમાં ભગવાનને લેવા માટે મોકલી. ઈન્દ્રાણી ભક્તિથી વિનમ્ર થઈને ગુપ્ત રીતિથી પ્રસૂતિગૃહમાં ગઈ. ત્યાં તેણે દિવ્યશરીરધારી, ગુણોના ભંડાર આદિનાથસ્વામીને એક મનોહર પલંગ ઉપર સૂતા જોયા; જોતાં જ તેમને માતાસહિત નમસ્કાર કર્યાં અને ભગવાનના તેજયુક્ત શરીરને જોઈને ખૂબ જ હર્ષિત થઈ.

ત્યારબાદ, ભગવાનની માતાને માયામયી નિદ્રામાં સુવડાવીને તેમની પાસે માયામયી બાળક સુવડાવીને ભગવાનને ખોળામાં લઈને બહાર આવી ગઈ અને બહાર આવીને ભગવાનને ઈન્દ્રના હાથમાં સોંપી દીધા. તે સમયે ભગવાન એવા જણાતા હતા કે જે રીતે પૂર્વદિશામાં ઉદયાચળ પર્વત ઉપરથી ઉદય થતો સૂર્ય શોભાને પ્રાપ્ત થાય છે. ભગવાનના તેજોમય સર્વાંગસુંદર શરીરને જોઈને ઈન્દ્ર તૃપ્ત નથી થતા ત્યારે અત્યંત હર્ષિત થઈને એકહજાર આંખ દ્વારા ભગવાનના પુનિત શરીરને જુવે છે, તે સમયે ઈન્દ્રના હર્ષનો પાર નથી રહેતો.

ત્યારબાદ, ઈન્દ્ર અન્ય દેવતાઓની સાથે ધામધૂમથી જયજયકાર કરતાં સુમેરુ પર્વતના શિખર ઉપર પહોંચ્યો અને

ત્યાં અનાદિનિધન અર્ધચંદ્રાકાર પાંડુકવનની પાંડુકશિલા ઉપર પૂર્વની તરફ મુખ રાખીને શિશુ ભગવાનને બિરાજમાન કર્યા. ત્યારબાદ ભગવાનનો અભિષેક કરવા માટે દેવતાગણ ક્ષીરસમુદ્રથી જળ લાવવા માટે ગયા. ત્યાંથી સોનાના એક હજાર આઠ કળશોને ક્ષીરસમુદ્રના જળથી પૂરા ભરીને હાથોહાથ લાવ્યા અને એ કળશો દ્વારા ભગવાનને સ્નાન કરાવ્યું. પછી તેમના દિવ્ય વસ્ત્રાભૂષણ પહેરાવી એમની ભક્તિભાવથી સ્તુતિ કરી અને ભગવાનનું નામ 'ઋષભ' રાખ્યું.

ત્યારબાદ, પ્રભુને ઐરાવત હાથી ઉપર બેસાડીને એ જ રીતે ધામધૂમથી અયોધ્યામાં લઈ આવ્યા અને ત્યાં આવીને તેણે માયામયી નિદ્રાથી રહિત નાભિરાયની નજીક બેઠેલી માતાને ખૂબ ભક્તિભાવથી જોયા અને નાભિરાજાને નમસ્કાર કરી બાળ સૂરજ સમાન ભગવાન આદિનાથને માતાના ખોળામાં આપ્યા તથા સુમેરુ પર્વતની બધી જ કથા તેમને કહી સંભળાવી તથા ભગવાનનું જે નામ પ્રસિદ્ધ કર્યું હતું તે પણ કહ્યું.

ત્યાર પછી, હર્ષિત થઈને ઈન્દ્રે ઈન્દ્રાણી સહિત, નૃત્યકલા-વિશારદ હજારો નટોથી પણ ઉત્તમ નૃત્ય કર્યું જેને તાંડવ નૃત્ય કહે છે. પછી, ભગવાનની સેવા-સુશ્રુષા કરવા માટે ચતુર દેવતાઓને નિયુક્ત કરી નાભિરાજાની આજ્ઞા લઈને પોતે સ્વર્ગમાં ચાલ્યો ગયો. ભગવાનની સેવામાં દેવતાગણ સદાય નિયુક્ત રહેતા હતા. ભગવાન ત્રણ જ્ઞાનના ધારક હતા. ધીરે-ધીરે થોડો સમય વ્યતીત થતા ભગવાને શીશુ અવસ્થાનો ત્યાગ કરી કુમાર અવસ્થામાં પ્રવેશ કર્યો તથા કુમાર અવસ્થા છોડીને યૌવનાવસ્થામાં પદાર્પણ કર્યું. એ સમયે ભગવાનના તેજથી દશે દિશાઓ પ્રકાશમાન થઈ ગઈ.

ત્યારબાદ, પ્રભુએ ઈન્દ્ર અને નાભિરાજાની પ્રેરણાથી યશસ્વી અને સુનંદા સાથે લગ્ન કર્યા. આ રીતે પ્રભુનો સમય ખૂબ આનંદથી વીતવા લાગ્યો.

તે જ સમયે ભગવાન પર ભારે કષ્ટ ઉપસ્થિત થઈ ગયું. ધીરે ધીરે બધા જ કલ્પવૃક્ષ નષ્ટ થઈ ગયા. આ જોઈને પુરવાસી લોકોને ખૂબ જ આશ્ચર્ય થયું અને તેઓ આજીવિકા વિના દુઃખી થઈને નાભિરાજા પાસે આવ્યા અને તેમનાથી નિવેદન કરવા લાગ્યા કે હે રાજન્! અત્યારે અમે ક્ષુધાથી પીડિત થઈ દુઃખી થઈ રહ્યા છીએ. આ રીતે અમે કેટલા દિવસ જીવતા રહી શકીએ? હે નાથ! અમે બધા આપનાથી પ્રાર્થના કરીએ છીએ કે આપ અમારા દુઃખોને દૂર કરીને અમને સુખી બનાવો. હે રાજન્! જે કલ્પવૃક્ષ અમારું પિતાની સમાન પાલન પોષણ કરતા હતા તે અચાનક જ અમારા જોતજોતામાં જ ન જાણે કેમ વિલીન થઈ ગયા? તેમના ન રહેવાથી અમે ખૂબ જ દુઃખી છીએ. અમને આજીવિકાનું કોઈ સાધન જ દેખાતું નથી.

આ રીતે, એ દીન-હીન જીવોનો કરુણ પોકાર સાંભળીને બુદ્ધિમાન નાભિરાજાએ તેમને ઘણું સમજાવીને આદિનાથ ભગવાન પાસે મોકલી દીધા. ત્યાં જઈને એ લોકોએ પોતાની બધી જ કથા વિનમ્ર શબ્દોમાં કહી સંભળાવી કે હે નાથ! જે સમયે આપ ગર્ભમાં પધાર્યા તેના છ મહીના પહેલાં જ દેવોએ જળવર્ષાની જેમ રત્નોની વર્ષા કરી હતી. તેમાં અમે

માલામાલ થઈ ગયા હતા. તે વખતે અમને અમારી દરિદ્રતાનું જ્ઞાન જ ન હતું. હવે ન જાણે એ સંપત્તિ ક્યાં જતી રહી?

હે સ્વામીન્! આ સમયે આપ અમને એવો કોઈ ઉપાય બતાવો કે જેનાથી અમારી ભૂખ શાંત થઈ જાય અને અમે બધા સુખી થઈ જઈએ. હે નાથ! પુણ્યશાળી દેવતાગણ પણ જ્યારે આપની આજ્ઞાને શિરોધાર્ય કરે છે તો પછી આપને શું દુર્લભ હોઈ શકે! આપ ધારો તો અમને ક્ષણમાત્રમાં સંપત્તિશાળી બનાવીને સુખી કરી શકો છો. હે દેવ! આપના રહેતા જો અમે ભૂખ્યા રહી જશું તો પછી આપની દયાળુતા ક્યાં રહેશે? તેથી, હે દયાળુ પવિત્રાત્મા! અમારી રક્ષા કરો, અમને મૃત્યુથી બચાવો.

આ રીતે આવેલા જીવોના દીન-હીન કરુણ વચનોને સાંભળીને ભગવાનનું હૃદય દયાથી ઓતપ્રોત થઈ ગયું. ઠીક જ છે કે દયાળુ સ્વામીઓનું હૃદય પોતાને આશ્રિત દુઃખી જીવોને જોઈને પીગળી જ જાય છે. આથી, ત્રણ જ્ઞાનના ધારક ભગવાને ઉત્તરમાં કહ્યું કે આ પૃથ્વી ઉપર વિવિધ અનેક જાતિના વૃક્ષ છે અને તેમાં અનેક પ્રકારના ગુણ છે. તેમાં કેટલાક તો ભક્ષ્ય-ખાવા યોગ્ય છે અને કેટલાક અભક્ષ્ય-ખાવા યોગ્ય નથી. તેથી તમે લોકો એ વૃક્ષોનો આદર કરો અને જે ભક્ષ્ય ચીજ છે તેને તેનાથી ગ્રહણ કરો.

વૃક્ષ, વેલ અને ઘાસ એ ત્રણ વનસ્પતિ છે અને તેના જ ખાદ્ય તથા અખાદ્ય એવા બે પ્રકારના ભેદ છે, તેમાં ક્યા ખાવા યોગ્ય છે તે કહું છું. કેરી, નારિયેળ, લીંબુ, જાંબુ, કેળા, નારંગી, કમળકાકડી, બોર, આમળા આદિ વનસ્પતિ તથા દાખ, કુષ્માંડી અને ચિભડા આદિ વેલ તથા ચોખા, અડદ, મગ, ઘઉં, સરસવ, કોદો, રાજમા, મસૂર, ચણા, મઠ, જવ, તુવેર, બાજરો આદિ અન્ન આ વસ્તુઓને ભૂખ દૂર કરવા માટે કામમાં લેવી જોઈએ.

આ રીતે, અન્નના ભેદ બતાવીને તેને પકાવવાની વિધિ બતાવી તથા માટીના વાસણો કામમાં લેવાનું કહીને તેના નામ અને ભેદ કહ્યા. અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય અને પશુપાલનનો ઉપદેશ પણ ભગવાને આપ્યો.

ત્યારબાદ, ભગવાને પોતાના ભરત આદિ સો પુત્રોને શિક્ષા આપી તથા બ્રાહ્મી અને સુંદરી એ બે પુત્રીઓને પણ અનેક પ્રકારની કલા શીખવાડી.

ત્યારબાદ, શુભ મુહૂર્ત શુભ સમયમાં નાભિરાજાએ પ્રભુને પ્રજાના કલ્યાણ માટે ઉત્તમ સિંહાસન ઉપર બેસાડી એમનો રાજ્યાભિષેક કર્યો. રાજ્યનો ભાર સંભાળતા જ સ્વામીએ ઈન્દ્રને આજ્ઞા કરી કે તમે વિદેહક્ષેત્રની જેમ અહીં દેશોની રચના કરો. ઈન્દ્રએ પ્રભુની આજ્ઞા મળતા જ કૌશલ આદિ દેશોની રચના કરી અને તેની નીચે લખ્યા અનુસાર વ્યવસ્થા કરી.

જેની ચારે બાજુ વાડ હોય તે ગામ અને જેની ચારે બાજુ કિલ્લો હોય તે પુર તથા નદી અને પહાડની વચ્ચે જે હોય તે ખેટ કહેવાય છે. જે ચારેબાજુ પર્વતથી ઘેરાયેલું હોય તે કર્વટ કહેવાય છે તથા જેને પાંચસો ગામ લાગતા હોય તેને પતન કહે છે.

આ રીતે નગરોની રચના કરીને ભગવાને ત્રણ વર્ણની–ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર—સ્થાપના કરી. જેમનું આચરણ ઉચ્ચ હતું તથા ઉચ્ચ આજીવિકા હતી તેમને તો ક્ષત્રિય અને વૈશ્ય કહ્યા તથા જેમનું આચરણ નિંદ્ય હતું તથા નીચ આજીવિકા હતી તેમને શુદ્ર કહ્યા. આ રીતે, વર્ણ વ્યવસ્થા કરીને પ્રભુએ ચાર ભેદ–ઈક્ષ્વાકુ, કૌરવ, હરિવંશ અને નાથવંશ–કર્યા. આ સિવાય પ્રભુએ કૌરવવંશમાં ઉત્તમ લક્ષણોના ધારક સોમ અને શ્રેયાંસ એ બે શ્રેષ્ઠ રાજાઓની સ્થાપના કરી.

કુરુજાંગલ નામનો એક પ્રસિદ્ધ મનોહર દેશ છે. એ દેશ પૃથ્વીનું ભૂષણ છે અને ઉત્તમ ગુણોથી યુક્ત છે. અન્ય દેશોથી આની વિશેષતા એ છે કે અહીં વિના વાવ્યે જ ધાન્ય ઉત્પન્ન થાય છે તેથી ગુણોનો ખજાનો છે. અહીંના ખેતરોમાં અન્નના ઢગલાઓ સદા હોય છે જેને જોઈને એવું પ્રતીત થાય છે કે માનો એ અન્નથી પરિપૂર્ણ રાજાના કોઠાર જ છે. અકાળનું તો નામ જ આ દેશમાં સાંભળવામાં નથી આવતું. ત્યાંના વનની શોભાની તુલના એક ઉત્તમ મહારાણી સાથે થાય છે. જેવી રીતે મહારાણી કુલીન–શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલી હોય તથા રૂપાદિથી સુંદર હોય છે તે જ રીતે આ વન પણ કુ=પૃથ્વીમાં લીન=મળેલું અને મનમોહક છે. મહારાણી જેવી રીતે સફલા અને નિર્મળ હોય છે અર્થાત્ બાળકોવાળી તથા શારીરિક મેલથી રહિત અથવા નિર્મળ ચારિત્રવાળી હોય છે તેવી જ રીતે આ વન પણ ઋતુ અનુસાર સારા મધુર ફળને આપનાર નિર્મળ છે. જેવી રીતે મહારાણી રાજાની મનોભિલાષાને તૃપ્ત કરે છે અને તેને વિવિધપ્રકારે સુખ ઉપજાવે છે તેવી જ રીતે આ વન પણ ત્યાં રહેવાવાળા મનુષ્યોના ભોગ પૂરા પાડે છે અર્થાત્ તેમને ઈચ્છિત સરસ ફળ આપે છે.

ત્યાંના ગામ દૂર-દૂર નથી. ત્યાં ઉત્તમ-ઉત્તમ અને સજ્જન પુરુષોનો નિવાસ છે. ત્યાંના મકાન એક લાઈનમાં બનેલા છે અને ખૂબ જ ઊંચા છે. મનોહર દેશમાં પુણ્યના ઉદયથી સ્વર્ગમાંથી ચ્યુત થઈને દેવતાઓ આવીને જન્મ લે છે કે જેઓ મદ, માત્સર્ય, ક્રોધ, માન, માયા, લોભાદિ વિકારોથી રહિત ત્યાગી જેવા લાગે છે. ત્યાંના વૃક્ષ કલ્પવૃક્ષોની તુલના કરવામાં પણ જરાય સંકોચ નથી કરતા અર્થાત્ જેવી રીતે કલ્પવૃક્ષ ઈચ્છિત ફળને આપે છે તેવી જ રીતે આ વૃક્ષ પણ બધાને ઈચ્છિત ફળ આપે છે.

ત્યાંના જિનમંદિર ઉન્નત અને મનોજ્ઞ તથા ચિત્તાર્ષક છે, તેની ઉપર ધ્વજા ફરકે છે એ એવી લાગે છે કે માનો દર્શનાર્થી લોકોને ત્રણ લોકના નાથના દર્શન કરવા માટે બોલાવી રહી હોય. ત્યાંની સ્ત્રીઓ પોતાના રૂપ-લાવણ્યથી દેવાંગનાઓને પણ જીતવાની ઈચ્છા રાખે છે. ત્યાંના બાગ-બગીચા એટલા સુંદર છે કે તે સ્ત્રીઓની તુલના કરે છે. જે રીતે સ્ત્રીઓ સુંદર અને કામોદ્દીપક હોય છે તથા લલાટ ઉપર સૌભાગ્યનું સૂચક તિલક લગાવી રાખે છે તે જ રીતે ત્યાંના બગીચા પણ જોવાવાળાની આંખને આનંદ આપનારા કામોદ્દીપક અને તિલક જાતિના વૃક્ષોથી યુક્ત છે. સ્ત્રીઓ જે રીતે સપુષ્પા-રજોધર્મયુક્ત અને સફલા-બાળકોવાળી હોય છે તેવી રીતે તે બગીચાઓ પણ ઋતુ અનુસાર પુષ્પ અને ફળ આપવાવાળા છે. આનો અર્થ એમ છે કે આ દેશ પોતાની વિભૂતિ, શોભા અને કલાકૌશલ આદિથી સ્વર્ગને પણ તિરસ્કૃત કરે છે.

અહીંયાની ભૂમિ દેવકુરુ અને ઉત્તરકુરુ ભોગભૂમિ સમાન છે. આથી તેને કુરુજાંગલ દેશ કહે છે. આ દેશને જોવાથી જ જેટલા પણ કલા-કૌશલાદિમાં કુશળ મનુષ્ય છે તેના હૃદય-પટલ ઉપર ચિત્ર અંકિત થયા વિના રહેતું જ નથી એટલે કે આ દેશ પોતાની જ્ઞાન-શક્તિ, વૈભવ અને અનુપમ શોભાથી બધા જ દેશોનો અધિપતિ-સ્વામી છે.

આવા સમૃદ્ધિશાળી કુરુજાંગલ દેશમાં હાથીઓના સમૂહોથી ભરેલું એક હસ્તિનાપુર નામનું નગર છે કે જે અત્યંત મનોહર અને સમૃદ્ધિશાળી છે. આ નગરનો કિલ્લો ખૂબ જ ઊંચો છે જેથી કિલ્લા પરના તારાસમૂહ એવા લાગે છે કે જાણે કિલ્લામાં જડેલાં મોતી જ હોય! કિલ્લાના દરવાજા ઉપર ચંદ્ર આવતા સુવર્ણ કળશ જેવી શોભા લાગે છે. જળથી પરિપૂર્ણ અને મણિઓથી જડેલી ત્યાંની ઊંડી ખાઈ એવી લાગે છે કે જાણે સૂર્ય દ્વારા છોડેલી કાચલી જ હોય. ત્યાં સજ્જન પુરુષોને રહેવા માટે સુંદર અટારિઓ બનેલી છે. તેની જમીન અત્યંત સુંદર અને મનમોહક છે. તેના ઉપર ચડવા–ઉતરવાથી એવું લાગે છે કે જાણે સ્વર્ગમાં જવાનો રસ્તો જ બતાવે છે.

ત્યાંના જિનમંદિર ખૂબ ઊંચા અને ત્રણ લોકના પ્રાણીઓના ચિત્તને મોહિત કરવાવાળા છે. તેના શિખર ઉપર ધ્વજાઓ અને ઘંટડીઓ લાગી છે જેથી એવું પ્રતીત થાય છે કે એ ધ્વજારૂપી હાથ દ્વારા અને ઘંટડીઓના મધુર શબ્દોથી ભવ્ય જીવોને ભગવાનના પુનિત દર્શન કરવા જ બોલાવે છે અને કહે છે કે હે પુણ્યાત્માઓ! પુણ્યનો સંચય કરો, જેથી તમે પણ અમારી જેમ ઉન્નત-ઊંચા બની જાવ.

ત્યાંના બધા લોકો દાની, ધનવાન અને જ્ઞાની છે, અહંકાર, મત્સરાદિથી રહિત ઉત્તમ ગુણોથી સહિત છે. ગાય જેમ પોતાના વાછરડાથી પ્રેમ કરે છે તેમ, ત્યાંની પ્રજા ધર્માત્માઓથી પ્રીતિ રાખવાવાળી છે, ત્યાં વક્રતા ફક્ત વાળમાં જોવામાં આવે છે, ત્યાંના રહેવાસી નર-નારીઓમાં વક્રતા નથી. ચંચળતા કેવળ નવોઢા સ્ત્રીઓમાં જ છે, બીજા કોઈમાં નથી. ત્યાં વાલોના નેત્ર જ નવીન સ્ત્રીના મુખારવિંદને જોવાની યાચના કરે છે અર્થાત્ બીજા કોઈ ત્યાં યાચના કરવાવાળા ભિખારી નથી. ત્યાં ફક્ત મૃદંગને જ વગાડવામાં–તડપાવવામાં આવે છે, બીજા કોઈને અપરાધ કરીને તડપાવવામાં નથી આવતાં. ત્યાં મદન જાતિના વૃક્ષ તો જોવામાં આવે છે પણ કોઈ પણ મદન-કામદેવને આસક્ત નથી. પતન તો ફક્ત વૃક્ષના પાનનું જ થાય છે, બીજું કોઈ ઉન્નત અવસ્થાથી નીચે પડતું નથી. ત્યાં ફક્ત વ્યાકરણમાં જ લોપ-વિનાશ શબ્દનો ઉપયોગ થાય છે, બીજે ક્યાંય લોપ-વિનાશનો યોગ જ નથી.

ત્યાંના નર-નારીઓ દાન દેવામાં જ એકબીજાથી તુલના કરતા હોય છે, બીજી કોઈ વાતમાં નહીં. ત્યાંના કામી પુરુષોના ચિત્તને જ સ્ત્રીઓ ચોરે છે, એની સિવાય ત્યાં બીજી કોઈ વસ્તુ ચોરાઈ જવાનું નામ પણ સાંભળવામાં નથી આવતું. ત્યાં નીચતા–ઊંડાણ ફક્ત નાભિમંડળમાં જ છે, બાકી કોઈ પુરુષ નીચ નથી. ત્યાંના પથ્થરોમાં જ લુખાશ છે, કોઈ પુરુષનો સ્વભાવ લુખાશવાળો નથી. ત્યાં બધા જ પુરુષો સમજદાર છે, કોઈ મૂર્ખ નથી. ત્યાંની બધી જ સ્ત્રીઓ

શીલવાન અને પતિની સેવા કરવાવાળી છે. ત્યાંના વૃક્ષો હંમેશા ફળફૂલોથી ભરેલા રહે છે. ત્યાંના બધા જ ધનિક લોકો ધીર, વીર અને યોગ્ય આચરણ કરવાવાળા છે, તેમને પુણ્યનો પૂર્ણ લાભ પ્રાપ્ત છે. તેઓ સદાય ત્રિવર્ણ—ધર્મ, અર્થ, કામનું સેવન કરે છે અર્થાત્ ધર્મ-સાધનાના સમયે ધર્મ-સેવન, ધન-ઉપાર્જનના સમયે ધન-અર્થ-ઉપાર્જન અને કામ-સેવનના સમયમાં કામ-સેવન કરે છે.

તેઓ સદાય દાન, પૂજા, અતિથિસત્કાર, દયા આદિ સત્કાર્યોથી પાપકર્મોનો નાશ કર્યા કરે છે. તેથી પાપ કર્મોથી ઉપાર્જિત રોગ, શોક, આધિ, વ્યાધિ તેમને થતા જ નથી. ઘરોમાં સદાય માંગલિક કાર્યો થતા જ રહે છે અને સદાય સ્વસ્થ રહે છે. ત્યાં લોકો કલ્યાણ અને મંગલની પ્રાપ્તિ માટે જિનેન્દ્ર ભગવાનની નિત્ય તેમ જ અષ્ટાહ્નિકા આદિ પર્વોમાં પૂજા કર્યા કરે છે.

ત્યાંની સ્ત્રીઓના મુખ ચંદ્રની તુલના કરે છે અને તેનાથી જ રાત્રિનો અંધકાર દૂર થઈ જાય છે, રાત્રિમાં જે દીપક કરવામાં આવે છે એ તો ફક્ત મંગળકાર્ય સમજીને કરવામાં આવે છે. ત્યાંના સ્ત્રી-પુરુષોને પાન ખાવાનો એટલો શોખ છે કે તેમના પાનની પિચકારીથી ત્યાંના બજારોમાં એટલું કીચડ થઈ જાય છે કે જેમાં મદોન્મત્ત હાથી પણ આવીને ફસાઈ જાય તો ત્યાંથી નીકળવું જ મુશ્કેલ થઈ જાય. ત્યાંની સ્ત્રીઓ પગમાં કસ્તુરીનો એવો લેપ કરે છે કે જેની સુગંધથી તેની પાસે ભ્રમરોના સમૂહના સમૂહ ઉડતાં ચાલ્યા આવે છે અને ગણ-ગણ અવાજ દ્વારા કામી લોકોને કહે છે કે જેવી રીતે અમે આ સ્ત્રીઓના ચારુચરણ-કમળની સેવા કરીને સુખી છીએ એમ જો તમે પણ સુખ ચાહતા હો તો અમારી જેમ તમે પણ તેમના ચરણ-કમળની સેવા કરો. આ રીતે, હસ્તિનાપુર નગર ખૂબ જ શોભાયુક્ત અને વિશાળ નગર છે.

આવા નગરમાં શ્રી આદિનાથ ભગવાને કુરુવંશના ભૂષણ પુરુષોત્તમ બે રાજાઓની સ્થાપના કરી. જેમનું નામ સોમપ્રભ અને શ્રેયાંસ હતું. એ બંને ભાઈઓ જ હતા. તે બંનેને આપસમાં ખૂબ જ પ્રેમ-રાગ હતો. સોમપ્રભની રાણીનું નામ લક્ષ્મીમતી હતું. તે ચંદ્રમા જેવા મુખવાળી સર્વાંગ સુંદરી હતી, સ્ત્રી-ઉચિત ગુણોથી યુક્ત હતી, પતિભક્ત અને શીલવાન હતી. રાજા સોમપ્રભને તે રાણી પ્રાણોથી પ્યારી હતી. લોકો તેને સરસ્વતીની ઉપમા આપતા હતા. તે ઠીક જ છે કારણ કે જેવી રીતે સરસ્વતીમાં પ્રશસ્ત–મનોહર પદોનો વિન્યાસ હોય છે અને અલંકારાદિ હોય છે તેવી રીતે એ રાણી પણ મનોહર પદોનો વિન્યાસ કરતી ચાલતી હતી અને અનેક પ્રકારના આભૂષણોથી અલંકૃત હતી. સરસ્વતીમાં જે રીતે ગૂઢ અને ઉત્તમ ગુણ હોય છે તેવી જ રીતે એ પણ ગૂઢ અભિપ્રાયવાળી હતી અને ઉત્તમ ગુણોથી યુક્ત હતી. સરસ્વતી નિર્દોષ અને બુદ્ધિમાન લોકોને રમણ કરાવવાવાળી હોય છે તેવી જ રીતે આ પણ દોષરહિત અને લોકોને સુખ આપવાવાળી હતી. તેનું શરીર સ્વભાવથી જ સુંદર અને ચમકીલું હતું. પરંતુ આભૂષણો પહેરવાથી વધારે સુંદર અને તેજયુક્ત દેખાતી હતી. તેના કાનના કુંડળ અને બાહુમાં પહેરેલાં કેયુરોની શોભા અદ્ભુત હતી. તેના ગળાનો હાર મનને મોહિત કરવાવાળો હતો. તેના હાથની આંગળીઓમાં પહેરેલી હીરાની અંગૂઠીઓ અને કમરની કરધની અત્યંત મનોહર દેખાતી હતી. તેનું મુખ

ચંદ્રમા જેવું સુંદર હતું. નેત્ર હરણની સમાન સુંદર અને ચંચળ હતા. તેનું ભાલ-કપાળ અષ્ટમીના ચંદ્ર સમાન હતા તથા સ્તનયુગલ પાકા નાળિયેર જેવા સ્થૂળ, કઠણ અને સુંદર હતા. સારાંશ એ છે કે તેનું રૂપ–લાવણ્ય અનુપમ હતું. કોઈ બીજી વસ્તુ સાથે તેની ઉપમા આપી ન શકાય. એમ લાગતું હતું કે બ્રહ્માએ પહેલાં સંસારની રચના કરીને તેનો અનુભવ કર્યો અને પછી તેની રચના કરી સુંદરતાની ચરમ સીમા એક એનામાં જ ભરી દીધી હોય! રાજા સોમપ્રભ અને આ પ્રકારના ગુણોવાળી તેમની લક્ષ્મીમતીના મોટા પુત્રનું નામ જયકુમાર હતું. તે સુંદર રૂપવાળો અને જેવું નામ તેવા ગુણવાળો શત્રુઓ ઉપર વિજય કરવાવાળો હતો.

ભગવાન ઋષભદેવ આ સમયે પૃથ્વી ઉપર ન્યાય-નીતિપૂર્વક રાજ્ય કરતાં હતા. તેમણે પોતાની બુદ્ધિમત્તાથી વસુંધરા-ધનની ખાણ પૃથ્વીને સુધામય બનાવી દીધી હતી. જ્યાં જુઓ ત્યાં સુખ જ સુખ નજર આવતું હતું. બધા નગરવાસી લોકો તેમની ધર્મનીતિ અને રાજનીતિથી પરમ સંતુષ્ટ હતા. એ પ્રજાનું શાસન કરતાં અત્યંત શોભા પામતા હતા.

એક સમયે ઈન્દ્રની આજ્ઞાથી ગંધર્વસહિત નીલાંજના નામની પરમ સુંદરી ગુણવતી અપ્સરા ત્યાં આવી અને પ્રભુની સામે હાવભાવપૂર્ણ નૃત્ય કરવા લાગી. નીલાંજના નૃત્ય કરવામાં અત્યંત ચતુર હતી, વિજળી સમાન અત્યંત ચંચળ હતી. નૃત્ય કરતાં કરતાં ક્યારેક આકાશમાં જતી તો ક્યારેક પૃથ્વી ઉપર આવતી હતી. તે વીણા અને વાંસળીના શબ્દોથી ચંચળ બનીને તાલ–લયને અનુસાર કલાપૂર્ણ નૃત્ય કરતી હતી અને સુંદર ગીતો ગાતી હતી. આ રીતે, અપ્સરાએ ખૂબ જ સુંદર નૃત્ય કર્યું. જેને જોઈને ત્યાં બેઠેલા બધા જ ચિત્રવત્ થઈ ગયા.

દૈવયોગથી નૃત્ય કરતાં કરતાં જ તેનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું અને અચાનક જ તે અદૃશ્ય થઈ ગઈ તથા નૃત્ય પણ તે જ સમયે બંધ થઈ ગયું. જેવી રીતે મૂળ વિના વૃક્ષ પડી જાય છે ઠીક તેવી જ હાલત ત્યાં થઈ ગઈ. નીલાંજનાના એ પ્રકારના મરણને બીજા લોકોએ તો ન જાણ્યું પરંતુ પ્રભુએ તરત જ અવધિજ્ઞાનથી જાણી લીધું અને તેઓ એવી અવસ્થા જોઈને સંસારથી વિરક્ત થઈ ગયા તથા આ રીતે સંસારની પરિસ્થિતિ ઉપર વિચાર કરવા લાગ્યા.

સંસારી જીવોનું જીવન પાણીના પરપોટા સમાન છે અથવા હાથમાં અંજુલીમાં ભરેલા પાણી સમાન ધીરે ધીરે નષ્ટ થવાવાળું છે. પરંતુ આશ્ચર્ય તો એ વાતનું છે કે આ જીવ જાણતો હોવા છતાં પોતાનું હિત નથી વિચારતો અને વિષય–ભોગોમાં લીન થતો સમયને વ્યર્થ જ ખોઈ દે છે! આ પ્રકારે સંસારની ક્ષણભંગુરતાનો વિચાર કરીને પ્રભુએ પોતાના પુત્ર ભરતને બોલાવ્યો અને તેને ભારતનું સમગ્ર રાજ્ય આપ્યું તથા વીર બાહુબલીને પોદનપુરનું રાજ્ય આપ્યું તથા પોતાના બધા જ પુત્રોને બીજા બીજા દેશોના અધિપતિ બનાવી પોતે નિશ્ચિત થઈ ગયા. તે જ સમયે સ્વર્ગમાંથી દેવતાલોકો આવ્યા અને પ્રભુને સ્નાન કરાવી તથા ઉત્તમોત્તમ આભૂષણ પહેરાવી પાલખીમાં બેસાડી વનમાં લઈ ગયા. ત્યાં તેમણે એક વડના વૃક્ષની નીચે પ્રભુને બિરાજમાન કર્યા. ત્યારબાદ, પ્રભુએ કેશલોંચ કર્યું અને જિનેન્દ્ર દીક્ષા ધારણ કરી. જે દિવસે દીક્ષા ધારણ કરી એ દિવસ ચૈત્ર વદ-૯ હતો.

ત્યારબાદ, પ્રભુએ છ મહિનાનો યોગ ધારણ કર્યો. યોગ ધારણ કરવાથી તેમનું શરીર તેજોમય થઈ ગયું અને આખા જગતમાં એ તેજ વિજળીની જેમ ફેલાઈ ગયું. જ્યારે યોગ પૂરો થયો ત્યારે પ્રભુ ત્યાંથી ચાલીને આહાર માટે ઘણા દેશોમાં વિહાર કરવા લાગ્યા. તે સમયે કોઈને પણ આહારની વિધિ ખબર ન હતી. ભગવાન જ્યાં જ્યાં પણ જતા હતા ત્યાં ત્યાંના લોકો ભગવાનના પગમાં પડી જતા તથા કેટલાક લોકો તો પ્રભુને ભેટ આપવા માટે ઉત્તમ ઉત્તમ વસ્તુઓ હીરા, પન્ના, મુક્તા, હાથી, ઘોડા, પાલખી વગેરે લાવતા હતા. કોઈ વસ્ત્ર, કોઈ કન્યા, કોઈ આભૂષણો ભેટમાં લાવતા હતા. કોઈ ફૂલોની માળા વગેરે વગેરે અનેક પ્રકારની વસ્તુઓ લાવતા અને પ્રભુની સન્મુખ રાખતા અને અનેક પ્રકારે વિનતી કરતાં હતા. પરંતુ ભગવાન તેમની સામે આંખ ઊંચી કરીને પણ જોતા ન હતા અને સમજતા હતા કે તેઓ આહારની વિધિથી અનભિજ્ઞ છે.

આ રીતે, ભગવાને મૌન ધારણ કરીને ઈર્યાપથ શુદ્ધિથી છ મહિના વિહાર કર્યો પરંતુ ક્યાંય પણ આહારની વિધિ ન મળી. ત્યારબાદ, વિહાર કરતાં કરતાં તેઓ હસ્તિનાપુર પહોંચ્યા. ત્યાંના રાજા શ્રેયાંસ હતા. રાત્રિનો સમય હતો. રાજા શય્યા ઉપર સુખનિદ્રા લઈ રહ્યા હતા. તે વખતે તેમણે સ્વપ્નમાં સુમેરુ પર્વત, કલ્પવૃક્ષ, ચાંદ, સૂરજ અને ઊંડો સમુદ્ર જોયો. સ્વપ્ન જોયા પછી તે જાગ્યા અને જે સ્વપ્ન જોયા હતા તે તેમના મોટાભાઈ મહારાજ સોમપ્રભને કહી સંભળાવ્યા. મહારાજ સોમપ્રભે તે સ્વપ્નોનું ફળ કહ્યું. કોઈ સુમેરુ પર્વત જોવાથી ઉન્નત અર્થાત્ તેમના સમાન કોઈ બીજો પુરુષ નથી, કલ્પવૃક્ષ જોવાથી તેમના સમાન ઈચ્છિત પદાર્થ દેવાવાળા, ચંદ્ર જોવાથી તેમના સમાન જગતના જીવોને શાંતિ કરવાવાળા તથા શીતળ પ્રકાશ કરવાવાળા, સૂરજ જોવાથી તેમના સમાન તેજસ્વી અને સંસારને પ્રકાશ કરવાવાળા તથા સમુદ્ર જોવાથી અત્યંત ગંભીર ધીર વીર મહાન પુરુષ આજે નિયમથી આપણા ઘરે પધારશે.

ત્યારબાદ, બપોરના સમયે પ્રભુ તેમના ઘરે આહાર કરવા માટે આવી પહોંચ્યા. ભગવાનને જોતા જ શ્રેયાંસને અપાર પ્રસન્નતા થઈ અને તેમના દર્શનમાત્રથી જ તેને પૂર્વભવનું જાતિસ્મરણ થઈ આવ્યું. જાતિસ્મરણ થતા જ તેમને દિગંબર મુનિઓને કઈ વિધિથી આહારદાન કરાય છે, તે વિધિ ખબર પડી ગઈ. બસ, પછી તો શું હતું! ભક્તિથી વિનમ્ર થઈ પોતાના મોટાભાઈ સોમપ્રભસહિત પ્રભુના ચરણોમાં પડી ગયા અને તેમણે ભક્તિપૂર્વક સવિધિ વૈશાખ સુદ-૩ના દિવસે (કે જે વર્તમાનમાં અક્ષયતૃતીયાના નામથી પ્રસિદ્ધ છે) શેરડીના રસનો આહાર કરાવ્યો. ભગવાન તીર્થંકરને આહાર દેવાના પ્રભાવથી તેમને ત્યાં રત્નોની વૃષ્ટિ થઈ. જેનાથી તેમને ખૂબ જ પ્રસન્નતા થઈ. ભગવાન આહાર લઈને ત્યાંથી વનમાં વિહાર કરી ગયા.

ત્યારબાદ, ભગવાને એક હજાર વર્ષ સુધી ઘોર તપ કર્યું અને ફાગણ વદ–૫ ના દિવસે તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ઈન્દ્રોએ આવીને જ્ઞાનકલ્યાણકની બધી વિધિ ખૂબ જ આનંદપૂર્વક કરી. આ બાજુ ભગવાનને તો કેવળજ્ઞાન થયું અને પેલી બાજુ ભરત મહારાજની આયુધશાળામાં ચક્રરત્નની ઉત્પત્તિ થઈ જેને ગ્રહણ કરી એ મોટી સેના સાથે લઈને પૂરા

ભરતખંડને દિગ્વિજય કરવા માટે તૈયાર થઈ ગયા. તે વખતે ભરતે કૌરવવંશના દીપક જયકુમારને બોલાવ્યો અને તેને સેનાપતિનું પદ આપ્યું. આ રત્ન (ચક્રવર્તીના ૧૪ રત્નોમાં સેનાપતિ પણ એક રત્ન છે) ની એક હજાર દેવતા સેવા કરે છે. ત્યારબાદ, ચક્રવર્તીએ દિગ્વિજય કરવો પ્રારંભ કર્યો અને સાઈઠ હજાર (૬૦,૦૦૦) વર્ષમાં ભરતક્ષેત્રના છ ખંડને જીતીને પોતાને આધીન કરી લીધા.

આ રીતે દિગ્વિજય કરીને તે અયોધ્યા નગરીમાં આવ્યા. સેનાપતિ જયકુમારે દિગ્વિજયના સમયે મેઘેશ્વર દેવતાઓને ખૂબ જ બહાદુરીથી જીતી લીધા હતા, તેથી ચક્રવર્તીએ પ્રસન્ન થઈને તેનું નામ મેઘેશ્વર રાખી દીધું. આ રીતે મેઘેશ્વર-જય પોતાના રાજ્ય હસ્તિનાપુરમાં આવ્યો અને ત્યાં અમનચેનથી રહેવા લાગ્યો.

સેનાપતિ મેઘેશ્વર જય કે જે ગુણોના પુંજ છે, શરીરથી અત્યંત સુંદર છે, જેણે પોતાના પરાક્રમથી મોટા મોટા યોદ્ધાઓને જીતી લીધા છે, મેઘેશ્વર જેવા દેવતાઓને જીતીને સંસારમાં જેણે પોતાનું નામ મેઘેશ્વર ચરિતાર્થ કર્યું છે, જેણે પોતાની રાજનીતિ દ્વારા પ્રથમ વેરીઓના સમૂહને નષ્ટ-ભ્રષ્ટ કરી દીધું છે, જે ચક્રવર્તીને અત્યંત પ્રિય છે, સેનાપતિ રત્ન હોવાથી જેની સેવામાં દેવતાગણ હાજર રહે છે, મહાન પુરુષો દ્વારા જે સેવનીય છે એવા, ધર્મના ફળને ભોગવતા મેઘેશ્વરનો સમય આનંદથી વ્યતીત થવા લાગ્યો કે જે ઠીક જ છે, ધર્મના પ્રસાદથી સંસારમાં એવી કોઈ વસ્તુ નથી કે જે અલભ્ય હોય! માન, પ્રતિષ્ઠા, કીર્તિ, ધનાદિ વૃદ્ધિ, પુત્ર-પૌત્રાદિ, સમૃદ્ધિ ધર્મના ફળમાં જ પ્રાપ્ત થાય છે. આથી, જીવમાત્રનું કર્તવ્ય છે કે તે ધર્મનું સદાય પાલન કરે! એક સમય પણ ધર્મ વિના વ્યતીત ન કરે!

**॥ અધ્યાય બીજો સમાપ્ત ॥**

**કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલા સંસારના બધાં કાર્યો, પાણીમાં માટીના પૂતળાની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઈ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ! ઘણા ખેદની વાત છે કે એ સાંસારિક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે? બુદ્ધિમાન પ્રાણી ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી.**

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૦)*

# અધ્યાય ત્રીજો

ભગવાન આદીશ્વર પ્રભુને નમસ્કાર હો કે જે બળદના ચિહ્નથી ચિહ્નિત છે. અપાર સુખ દેવાવાળા અને દુઃખોનો નાશ કરવાવાળા છે. જેમણે યુગની શરૂઆતમાં પ્રજાને જીવનોપાય બતાવીને ઋદ્ધિ–સિદ્ધિની વૃદ્ધિ કરી પશ્ચાત્ દિગંબર અવસ્થા ધારણ કરી, જેમણે કામદેવને નષ્ટ કર્યો, જેઓ ધર્મમય ધર્મના દાતા છે તથા જેમની કીર્તિ સુરેન્દ્રએ ગાઈ છે એવા શ્રી આદિનાથ ભગવાન અમારા માટે મંગલમય બને!

મહારાજ સોમપ્રભને સેનાપતિ જય સિવાય વિજય આદિ ચૌદ પુત્ર હતા કે જે ઘણા ગુણોથી યુક્ત મનોહર રૂપવાળા અને પરાક્રમી હતા. એક સમય કોઈ નિમિત્ત મળતા રાજા સોમપ્રભ સંસારના ભોગોથી વિરક્ત થઈ ગયા અને રાજપાટ પોતાના પુત્રોને સોંપીને પરાક્રમી જયને તે બધાનો મુખીયા બનાવી દીધો. ઠીક જ છે કે ભવિતવ્ય જે સમયે સારું હોય છે ત્યારે તેને કલ્યાણ કરવાનું કોઈ ને કોઈ સાધન મળી જ જાય છે. આ રીતે, સોમપ્રભ ભવ–તન–ભોગોથી વિરક્ત થઈ ભગવાન ઋષભદેવ પાસે ગયા અને તેમનાથી જિનેશ્વરી દીક્ષા લઈને દિગંબર થઈ ગયા. ત્યારબાદ, થોડા સમયમાં કર્મજાળને કાપીને મોક્ષ–સ્ત્રીના પતિ–સ્વામી બની ગયા.

ત્યારબાદ, જય પોતાના કાકા શ્રેયાંસની સાથે પહેલાંની જેમ રાજસુખ ભોગવવા લાગ્યો. એક દિવસ જય વિહાર કરવા વનમાં ગયો હતો કે ત્યાં તેણે એક મુનિરાજને બેઠેલા જોઈ તેમને નમસ્કાર કર્યા અને એક નાગ-નાગણીની સાથે ધર્મોપદેશ સાંભળ્યો, જેના સાંભળવાથી તેમના ચિત્તમાં અત્યંત પ્રસન્નતા થઈ. ત્યાંથી તે પોતાના ઘરે ચાલ્યો ગયો અને એ નાગ–નાગણી પણ પોતાના દરમાં ચાલ્યા ગયા. વરસાદનો સમય હતો. અચાનક ઉપરથી વિજળી પડવાથી તે નાગ મૃત્યુ પામ્યો અને મરીને નાગકુમાર જાતિનો દેવ થયો.

એક દિવસ ફરી જય મહારાજ હાથી ઉપર બેસીને તે જ વનમાં ગયા. ત્યાં જઈને તેમણે તે જ નાગણીને કે પહેલાં જેની સાથે બેસીને ધર્મશ્રવણ કર્યું હતું, એક નીચ જાતિના નાગ સાથે ક્રીડા કરતી જોઈ. આ જોઈને તેમને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેમણે બંનેને ખૂબ ધિક્કાર્યા. રાજાને જોઈને બીજા લોકોએ પણ તેમને ઈંટ, પથ્થર, લાકડી દ્વારા માર્યા. **ઠીક જ છે કે જે હીન–ચારિત્ર થઈ જાય છે તેનાથી બધાને દ્વેષ થઈ જાય છે અને બધા જ તેને ધિક્કરવા લાગે છે.** આ રીતે મારથી વ્યાકુળ થઈને તે નાગ મરીને ગંગા નદીમાં કાળી નામની જળદેવી થઈ. તે નાગણી પણ પોતાના ખોટા કામ ઉપર ખૂબ પસ્તાઈ અને ધર્મધ્યાનનું ચિંતવન કરતી કરતી મરી અને મરીને તે પોતાના નાગની કે જે મરીને નાગકુમાર જાતિનો દેવ થયો હતો તેની પ્રિયા બની. ત્યાં તેણે પોતાના સ્વામી નાગકુમારને જય દ્વારા પોતના મૃત્યુના બધા સમાચાર

યથાવત્ કહ્યા તથા તેની ખૂબ જ ચુગલી કરી. આ સાંભળીને નાગકુમાર ખૂબ ગુસ્સે થયો અને તે તે જ સમયે જયને મારવાની ઈચ્છાથી તેમના મહેલમાં ગયો. ઠીક જ છે કે પશુ પણ પોતાની સ્ત્રીના તિરસ્કારને નથી સહન કરી શકતો, તેને પણ ગુસ્સો આવી જ જાય છે.

રાતનો સમય હતો. જય પોતાની પ્યારી સ્ત્રી લક્ષ્મીમતીની સાથે વાતચીત કરતો હતો. તે કહી રહ્યો હતો કે હે પ્રિયે! મેં આજે મોટું કૌતુક જોયું તે તું ધ્યાનથી સાંભળ. આમ કહીને તેમણે તે નાગણીનું ચરિત્ર લક્ષ્મીમતીને કહી સંભળાવ્યું. નાગકુમારે જયની આ વાત સાંભળી તો એ વિચારવા લાગ્યો કે ક્યાં તો હું પશુ–નાગ હતો અને હવે ધર્મના પ્રસાદથી ઉત્તમ શરીરને ધારણ કરવાવાળો દેવ થયો. ઠીક જ છે કે ધર્મનું ફળ અચિંત્ય જ હોય છે. ધર્મના પ્રસાદથી જ્યારે મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થઈ જાય છે તો બીજાની શું વાત! મેં જે દેવનું શરીર ધારણ કર્યું છે તે આ જ મહાપુરુષ જયના નિમિત્તથી મળ્યું છે. તેથી, તે મારા પરમોપકારી અને પરમ હિતૈષી છે. આ વિચારની સાથે જ તેનો ક્રોધ શાંત થઈ ગયો અને તેણે પોતાના હિતૈષી જયની રત્નોં દ્વારા પૂજા કરી તથા તેમને પોતાની બધી વાત કહી સંભળાવી તથા એ નિવેદન કર્યું કે હે સ્વામીન્! જરૂર પડે મને યાદ કરજો, હું એ જ સમયે આપની સેવામાં હાજર થઈ જઈશ. આ નિવેદન કરીને એ દેવ પોતાના સ્થાન પર જતો રહ્યો.

આ બાજુ સેનાપતિ જયકુમાર જ્યારે ચક્રવર્તીની સાથે દિગ્વિજય કરી ચૂક્યા ત્યારે તેણે આક્રમણ કરવાનું છોડી દીધું અને શાંતચિત્ત થઈને સંયમી મુનિની જેમ પોતાના સમયને આનંદથી વ્યતીત કરવા લાગ્યો. હવે, અહીં બીજી કથા કહેવામાં આવે છે.

કાશી નામનો એક સુંદર દેશ છે કે જે આખા સંસારમાં પ્રસિદ્ધ છે. એ એવો જણાય છે કે માનો તમામ ભોગભૂમિઓ બધી જગ્યાએથી આવીને અહીં જ ભેગી થઈ ગઈ હોય! એવા વિશાળ કાશી દેશમાં એક સુંદર બનારસ નામનું સુંદર નગર છે. આ નગરી અત્યંત વિશાળ અને મનોહર છે. તેના ભવન સ્વર્ગના વિમાનોથી પણ ઉન્નત અને સુંદર બનેલા છે. તે એવા જણાય છે કે માનો પોતાની વિશાળતા અને સ્વચ્છતાથી સ્વર્ગના વિમાનોને જીતીને અમરપુરીની મજાક જ ઉડાડતા હોય! ત્યાંના રાજા અકંપન હતા, જેના તેજના ડરથી શત્રુગણ થરથર કાંપતા હતા. તેને સુપ્રભા નામની રાણી હતી. રાણી સુપ્રભા જેવું નામ તેવા ગુણવાળી હતી એટલે કે તેના શરીરની કાંતિ ચંદ્રમાની પ્રભા સમાન સુંદર હતી. એ પુણ્યશાળી રાજા અને રાણીને એક હજાર ઉત્તમ ગુણોને ધારણ કરવવાળા પુત્રો હતા કે જે સૂરજ સમાન પ્રતાપી હતા. તેમના નામ–હેપાંડ, સુકેતુ, સુકાંત આદિ હતા. એ સિવાય તેમને સુલોચના અને લક્ષ્મીમતી નામની બે પુત્રીઓ હતી. એ બંને કન્યાઓ હિમવન અને પદ્મદ્રહથી ઉત્પન્ન થયેલી ગંગા-સિંધુની સમાનતા ધારણ કરતી હતી.

મોટી પુત્રી સુલોચના વાસ્તવમાં સુલોચન = સુંદર નેત્રવાળી હતી. તેના સમાન કોઈ સુંદર ન હતું. સુલોચના

પોતાની કળા અને પોતાના ગુણો દ્વારા ચંદ્રને પણ જીતતી હતી કારણ કે ચંદ્રમા કલંકિત છે અને આનામાં કોઈ પણ જાતનું કલંક ન હતું અર્થાત્ નિર્દોષ હતી. તેથી, બધા તેને પ્યારથી જોતા હતા. તેની જાંઘ રંભા–કેળના વૃક્ષ સમાન હતી, તેથી લોકો તેને રંભા રહેતા હતા. તેના કેશ–વાળ સઘન અને સુશોભિત હતા, તેથી તે સુકેશી કહેવાતી હતી. તેના રુપની સુંદરતાનું વર્ણન ક્યાં સુધી કરીએ? તે ઈન્દ્રાણી જેવી જ દેખાતી હતી. સુલોચના પોતાના નામને વાસ્તવમાં ચરિતાર્થ કરતી હતી. તેને સુમતિ નામની ધાય હતી કે જે તેના ગુણ અને કળાઓને વધારવાનો સતત પ્રયત્ન કર્યા કરતી હતી.

ફાગણ માસની અષ્ટાનિકાનો સમય હતો. તે સમયે સુલોચનાએ ખૂબ જ ભક્તિભાવથી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી અને ઉપવાસ કરવાનો નિયમ લીધો. પૂજાપાઠ સમાપ્ત કરીને તે પ્રભુના અભિષેકનું જળ–ગંધોદક પોતના પિતાને દેવા તેમની પાસે ગઈ. રાજાએ તેના હાથમાં ગંધોદક જોઈને ખૂબ જ ભક્તિભાવથી હાથની અંજુલી બનાવીને માથા ઉપર ચડાવ્યું. રાજાએ પુત્રીની તરફ જોયું અને કહ્યું કે પુત્રી! તારું શરીર ઉપવાસાદિ કરવાથી ખૂબ જ કૃશ થઈ ગયું છે. તેથી તું શીઘ્ર જ ઘરે જા અને પારણું કરી લે. આ વાત કહીને રાજાએ તેને ઘરે મોકલી પરંતુ પોતે એ વિચારમાં પડી ગયા કે પુત્રી હવે યુવતી થઈ ગઈ છે, તેથી તેનો વિવાહ કરવો જોઈએ. બરાબર જ છે કે યુવતી–પુત્રી ચિંતાનું કારણ હોય છે. આ પ્રશ્નનો જ્યારે પોતે ઉકેલ ન લાવી શક્યા ત્યારે તેણે ચારેય મંત્રીઓને (૧. શ્રુતાર્થ, ૨. સિદ્ધાર્થ, ૩. સર્વાર્થ, ૪. સુમતિ) બોલાવ્યા ને આ પ્રશ્ન તેની સામે રાખ્યો કે સુલોચના કોને આપવી જોઈએ.

આ પ્રશ્ન સાંભળીને પ્રથમ શ્રુતાર્થ મંત્રીએ કહ્યું કે ભારતનું તિલક ભરત ચક્રવર્તીના પુત્ર અર્કકીર્તિને આ કન્યારત્ન આપવી જોઈએ કારણ કે કુળ, રુપ, અવસ્થા, વિદ્યા, ધન, પુરુષાર્થ આદિ એ જે ગુણ વરમાં હોવા જોઈએ તે બધાનો સમાવેશ તેનામાં છે. અર્કકીર્તિ વાસ્તવમાં અર્ક–સૂર્ય સમાન કીર્તિવાળો છે. તેથી, તે આ કન્યાને માટે યોગ્ય પાત્ર છે.

આ વાત સાંભળીને સિદ્ધાર્થ મંત્રી કહેવા લાગ્યો કે તમે જે કોઈ વાત કહી તે જોકે બધી જ અર્કકીર્તિમાં વિદ્યમાન છે પરંતુ એક સાધારણ પુરુષનો એક મોટા માણસ સાથે સંબંધ થવો ઉચિત નથી. આવા સંબંધને બુદ્ધિમાન લોકો આદરથી નથી જોતા. સંબંધ પોતાની બરાબરીના લોકો સાથે જ કરવો જોઈએ કે જેથી સંસારમાં યશ થાય, અભ્યાસમાં પ્રીતિ અને સુખની વૃદ્ધિ થાય. હે રાજન્! આપની બરાબરીવાળા પ્રભંજન, રથચર, બલિ, વજ્રાયુદ્ધ, મેઘેશ્વર, ભૂમિપૂજ આદિ ઘણા રાજાઓ છે, તેમાંથી તમને જે ઠીક લાગે તેને કન્યા આપો.

સિદ્ધાર્થ મંત્રીની વાત સાંભળીને સર્વાર્થ મંત્રીએ કહ્યું હે રાજન્! ભૂમિગોચરીઓ સાથે તો પહેલેથી જ સંબંધ થતો આવ્યો છે પરંતુ અત્યાર સુધી વિદ્યાધરો સાથે નથી થયો. તેથી મારું એવું મંતવ્ય છે કે આપ આ સંબંધ કોઈ યોગ્ય વિદ્યાધર સાથે જ નિશ્ચિત કરો. આવા સંબંધથી આપણને બધાને અને કન્યાને ખૂબ જ સુખ મળશે.

ત્યારબાદ, સુમતિ મંત્રી બોલ્યો કે સ્વામિન્! આ બધાની અપેક્ષાએ તો આ સમયે સ્વયંવર વિધિ કરવી જ ઉત્તમ

થશે. તેનાથી બધાને સુખશાંતિ મળશે. બુદ્ધિમાન સુમતિનો આ વિચાર સાંભળીને ચતુર અકંપન રાજાએ કહ્યું કે આ સમયે સ્વયંવર કરવો જ ઉચિત છે. આ સંબંધમાં અકંપને પોતના પુત્ર હેમાંગદ અને પ્રિયા સુપ્રભાથી પણ વિચાર-વિમર્શ કર્યો. બધાની સંમતિથી સ્વયંવર કરવો જ નિશ્ચિત થયો. પછી, રાજા અકંપને ચારે દિશાઓમાં રાજાઓ પાસે પત્ર સહિત દૂત મોકલ્યા અને તેમને સ્વયંવરમાં આવવાનો આગ્રહ કર્યો.

જયકુમાર અને સુલોચનાના ભાવિ સંબંધનો વિચાર કરીને તે જ સમયે પહેલાં સ્વર્ગમાંથી ચિત્રાંગદ નામનો દેવ ત્યાં આવ્યો અને અકંપન પાસે આવીને કહેવા લાગ્યો કે હું સુલોચનાનો સ્વયંવર જોવાની ઈચ્છાથી અહીં આવ્યો છું. આમ કહીને તે દેવે નગરની બાજુમાં જ એક બ્રહ્મસ્થાન બનેલું હતું તેની ઉત્તર તરફ પૂર્વ–મુખવાળો એક મોટો સર્વતોભદ્ર નામનો મહેલ બનાવ્યો અને તેની ચારે બાજુએ સુંદર સ્વયંવર મંડપની વિધિપૂર્વક ભવ્ય રચના કરી.

દૂતગણ કે જે રાજા અકંપનના પત્ર લઈ ગયા હતા તેણે રાજા-મહારાજાઓને પત્ર આપ્યા. પત્રને વાંચીને અને અકંપનના અભિપ્રાયને જાણીને પ્રાતઃ તાનસમુદ્રની અંદરના રાજાગણ સ્વયંવરમાં આવી ઉપસ્થિત થયા અને પોતપોતાને યોગ્ય સ્થાનમાં આવીને બેસી ગયા. તે એવા લાગી રહ્યા હતા કે માનો ઈન્દ્રની સભા જ હોય. આ બાજુ સુલોચનાએ સ્નાનાદિ ક્રિયાઓ પૂરી કરીને સુંદર મનમોહક વસ્ત્રાભૂષણ પહેર્યાં તથા પ્રથમ સર્વવિઘ્નવિનાશક સિદ્ધ પરમાત્માનું પૂજન કર્યું અને તેમનું ગંધોદક મસ્તક પર ચડાવ્યું. ત્યારબાદ, મહેન્દ્રદત્ત નામનો કંચુકી તેને રથમાં બેસાડીને સ્વયંવર મંડપમાં લઈ આવ્યો.

આ સમયે સુલોચના પોતાની રુપરાશિથી રાણીને પણ શરમાવતી હતી. રાણી સહિત અકંપન મહારાજ પણ મંડપની બાજુમાં જ એક તરફ બેસી ગયા. તેઓ એવા લાગતા હતા કે માનો સ્વર્ગથી ઈન્દ્ર જ ઈન્દ્રાણી સહિત સ્વયંવર મંડપને જોવા માટે આવ્યા હોય. હેમાંગદ પણ પોતાના નાના ભાઈઓને સાથે લઈને ચતુરંગ સેના સહિત ત્યાં આવી ગયો. આ બાજુ સુલોચનાનો રથ પણ સ્વયંવર મંડપમાં પહોંચી ગયો. સુલોચના રથમાંથી ઊતરીને મંડપમાં ગઈ. પછી હાથમાં વરમાળા લઈને પતિવરણ કરવાની ઈચ્છાથી ચાલી ત્યારે કંચુકીએ વિદ્યાધર રાજાઓની તરફ ઈશારો કરીને કહ્યું કે હે પુત્રી! આ નમિનો પુત્ર સુનમિ છે. એ દક્ષિણ શ્રેણીનો રાજા છે. જો તારી ઈચ્છા આને વરવાની હોય તો આને વર. આ સુનમિનો પુત્ર સુવન છે કે જે વિદ્યાધરોમાં શિરોમણિ છે અને ઉત્તર શ્રેણીનો અધિપતિ છે. આ રીતે, કંચુકીએ ક્રમથી બધા જ વિદ્યાધરોનો પરિચય સુલોચનાને કરાવ્યો.

એ સિવાય બીજા પણ રાજા–મહારાજાઓનો પરિચય આપતા કંચુકી સૂર્ય સમાન તેજવાળા ગુણોના ભંડાર ભરત ચક્રવર્તીના પુત્ર અર્કકીર્તિ પાસે પહોંચ્યો અને ત્યાં પહોંચીને તેણે તેમનો પરિચય આપ્યો અને કહ્યું કે હે પુત્રી! તું જો સુખની કામના કરે છે તો આમને વર! અન્ય રાજાઓની જેમ સુલોચના તેમને પણ છોડીને આગળ વધી અને અંતમાં કોઈથી

પણ ન જીતી શકાય તેવા જયકુમાર પાસે પહોંચી અને ત્યાં જઈને ઊભી રહી ગઈ, જેમ વસંતઋતુ આવતા કોયલ અન્ય વૃક્ષોને છોડીને કેરીના વૃક્ષ ઉપર પહોંચી જાય છે તેમ.

સુલોચનાને જયકુમારમાં આસક્તચિત્ત જોઈને કંચુકીએ કહ્યું કે પુત્રી! આ સોમપ્રભ મહારાજના સુપુત્ર જગત્પ્રસિદ્ધ મહારાજ જય છે. એમની સુંદરતા કામદેવને પણ લજાવે છે, ગુણોથી પરિપૂર્ણ છે જે તું સામે જોઈ જ રહી છે. તેમણે ઉત્તર ભારતમાં જઈને ત્યાંના બળવાન રાજા મેઘેશ્વર દેવને જીતીને જે સિંહનાદ કર્યો હતો તે મેઘેશ્વર–દેવતાના શબ્દને પણ જીતતો હતો. તે સમયે ભરત ચક્રવર્તીએ પ્રસન્ન થઈને પોતાના હાથે આમના મસ્તક પર ''વીર પટ્ટ'' બાંધ્યો હતો તથા આમનું નામ મેઘેશ્વર રાખ્યું હતું. આટલી વાત સાંભળીને પૂર્વભવના અનુરાગથી તે માનિની અત્યંત શોભાયુક્ત ગુણાઢ્ય જયને જોઈને અને તેમના વખાણ સાંભળીને મનમાં હર્ષિત થઈ અને તેણે તે વરમાળા જયના ગળામાં નાખી દીધી.

એ સમયે વાજાઓના શબ્દોથી દશે દિશાઓ ગુંજાયમાન થઈ ગઈ અને બધા લોકો એક સાથે કહેવા લાગ્યા કે કન્યાએ જયને વરીને ખૂબ જ ઉત્તમ કાર્ય કર્યું છે. સજ્જન લોકો તેના વર પસંદ કરવાની આ બુદ્ધિ–ચાતુર્યતાને સાધુવાદ આપવા લાગ્યા પરંતુ ખોટી બુદ્ધિવાળા અર્કકીર્તિના કર્મચારીઓને આ વાત સહન ન થઈ અને તેઓ અર્કકીર્તિને એવી રીતે ભડકાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે મહારાજ અકંપનને જો જયને કન્યા આપવાનો વિચાર હતો તો પછી આપણને બધાને અહીં બોલાવીને તિરસ્કાર કેમ કર્યો કે જે કલ્પાંત સુધી વ્યાપેલો રહેશે? આ સાંભળીને અર્કકીર્તિ થોડા લજ્જિત થયા અને તેમણે પોતાનું મસ્તક નીચે કરી લીધું. આ જોઈને એ દુષ્ટ કર્મચારીએ તેમને વધારે ભડકાવવાનું ચાલુ કર્યું. તેણે કહ્યું કે અકંપને આપને ઘરે બોલાવીને આ ખૂબ દુષ્ટતા કરી છે અને હદથી વધારે અપમાન કર્યું છે. તમે જ વિચારો કે ક્યાં તો તમે ચક્રવર્તીના પુત્ર અને ક્યાં આપનો સેવક આ જય! એ વાતનો તેણે જરાય પણ વિચાર ન કર્યો કે આ આપણે શું કરી રહ્યા છીએ! અકંપનની આ દુષ્ટતા જ નહીં પરંતુ નીચતાની પરાકાષ્ટા છે.

જેવી રીતે પ્રજ્વલિત અગ્નિમાં ઘી નાખવાથી તે વધારે ભયાનક રૂપ ધારણ કરી લે છે અથવા વાયુના ઝપાટા તેને ઉગ્રરૂપ ધારણ કરાવી દે છે, ઠીક તેવી જ રીતે એ કર્મચારીના વાક્યોએ અર્કકીર્તિની ક્રોધાગ્નિને ભડકાવી દીધો અને તે તેમાં સળગવા લાગ્યો. તે બોલ્યો કે આ દુષ્ટ અકંપને મારા હોવા છતાં પણ મને છોડીને મારા સેવકને કન્યા આપી એ તેણે ઘણો મોટો અપરાધ કર્યો છે. તેથી તેને એનું ફળ અવશ્ય ચાખવું જ પડશે. એ સમયે તો મેં મારા પિતાજી ચક્રવર્તીનો ભય રાખીને ''વીર–પટ્ટ–પદ''નું પ્રદાન કરવું સહન કરી લીધું હતું પરંતુ અત્યારે મારા બધા જ સૌભાગ્ય અને કીર્તિને નષ્ટ કરવાવાળી માળાની ક્ષતિને હું કેવી રીતે સહન કરી શકું!

આ રીતે ક્રોધમાં આવીને તેણે પોતાની બધી જ માન-મર્યાદાને તિલાંજલી આપી દીધી. તેના હૃદયમાંથી હેય–ઉપાદેયનું જ્ઞાન રફુચક્કર થઈ ગયું અને તે એકદમ યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયો. **ઠીક જ છે કે દુષ્ટ પુરુષ બીજાના**

**અભ્યુદયને–વૃદ્ધિને સહન નથી કરી શકતો.** એ રીતે, અર્કકીર્તિને વિવેકશૂન્ય જોઈને અનવદ્ય નામના યોગ્ય અને ચતુર મંત્રીએ ન્યાયયુક્ત અને હિતકર વચનો દ્વારા સમજાવવાનું શરૂ કર્યું કે રાજન્! આપના વંશથી ધર્મતીર્થની પ્રવૃત્તિ થઈ છે અને જયના વંશથી દાનતીર્થ ચાલ્યું છે. તેથી આપ બંને બરાબર છો. તેથી, આપે પોતાનો પરાભવ સમજવો જોઈએ નહીં. બીજી વાત એ છે કે બીજાની સ્ત્રીની ઈચ્છા કરવી નિતાંત અનુચિત છે, લોકગર્હિત છે. કદાચ જો તમે લડી ઝગડીને બલાત્ કન્યા લઈ પણ લીધી તોપણ એ જીવતે જીવતા તમારી પત્ની નહીં થાય એ નિશ્ચિત છે, કારણ કે કુલવતી સ્ત્રીઓ એક જ પુરુષને ઈચ્છે છે, ભલે પછી તેના પ્રાણ કેમ ન જતા રહે! જો કન્યા પ્રાણ ત્યાગી દેશે તો તે સમયે જયનો પ્રતાપ સૂર્યની જેમ સંસારમાં ફેલાઈ જશે અને આપની અપકીર્તિ અંધારાની જેમ ફેલાઈ જશે.

અનવદ્ય મંત્રી હજી સમજાવે છે કે હે રાજન્! અત્યારે તમે યુદ્ધની તૈયારી ન કરો. તમે એમ ન સમજો કે જય એકલો છે અને સાધનવિહીન છે. તેની તરફમાં અકંપનના ઘણા રાજા–મહારાજાઓ છે અને સાધન પણ પર્યાપ્ત છે. સ્વામિન્! ધર્મ, અર્થ, કામ–આ ત્રણની પ્રાપ્તિ થવી જગતમાં ખૂબ જ દુર્લભ છે, પરંતુ ત્રણે પુરુષાર્થ આપ સાધી ચૂક્યા છો, એટલે ન્યાયનું ઉલ્લંઘન કરીને તેનો નાશ ન કરો. રાજન્! સંસારમાં ઘણા રાજા-મહારાજાઓ છે અને તેમને ત્યાં એકથી એક ગુણોથી યુક્ત કન્યારત્ન છે જે હું લાવીને આપના ભંડારમાં સોંપી દઈશ, પરંતુ આપ નીતિને ન તજો. આ સ્વયંવર વિધિ છે. આ વિધિમાં એવો કોઈ નિયમ નથી કે કન્યા મોટા પુરુષોના–ધની માની પુરુષોના ગળામાં જ વરમાળા પહેરાવે અને ગરીબને નહીં; તથા અહીં સેવક–માલિકનો પણ પ્રશ્ન નથી. અહીં તો બધી જ વાત કન્યા ઉપર નિર્ભર કરે છે. તે જેને પસંદ કરે તેના ગળામાં જ વરમાળા પહેરાવે અર્થાત્ તે જ તેનો પતિ થાય.

આ રીતે, અનવદ્ય મંત્રીએ ઘણું સમજાવ્યું પરંતુ અર્કકીર્તિ ઉપર તેની કાંઈ અસર ન થઈ. જેવી રીતે કમળપત્ર પર પાણીની એક બુંદ પણ રહેતી નથી તેવી જ રીતે તેના હૃદયમાં પણ એ ન્યાયપૂર્ણ વચન સ્થાન ન પામી શક્યા. ઠીક જ છે કે જેને પિત્તનો તાવ ચડી રહ્યો હોય તેને દૂધ પણ કડવું લાગે છે. આથી, તે કુબુદ્ધિ હઠી રાજાએ–અર્કકીર્તિએ તરત જ સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે આપણા પક્ષના જેટલા રાજાઓ છે તેને આજ્ઞા કરો કે તેઓ લડાઈ માટે તૈયાર થઈ જાય. આમ કહીને તેણે ત્રણે લોકને ક્ષોભિત કરનારી રણભેરી વગડાવી દીધી. રણભેરીનો અવાજ સાંભળીને બધા રાજાઓ યુદ્ધ કરવા માટે ઉત્સુક થઈ ગયા અને ચાલતા ભટના હાથના ચંચળ શબ્દો દ્વારા પોતાની કઠોરતા દેખાડવા લાગ્યા. બધી સેનાઓ ચાલવા લાગી. બધી સેનાની આગળ અંજનગિરિ સમાન ઉન્નત સજેલા હાથી ચાલતા હતા. તેની પાછળ યુદ્ધરૂપી સમુદ્રની તરંગોની જેમ ઉછળતા ઝુલા આદિથી સુશોભિત ઘોડા ચાલ્યા જતા હતા. ઘોડાની પાછળ ચિત્કાર શબ્દ કરતા રથ અને તેની પાછળ પાયદળ ચાલતું હતું જેના હાથમાં અનેક પ્રકારના હથિયાર હતા. કોઈના હાથમાં દંડ હતા તો કોઈના હાથમાં ધનુષબાણ હતા તથા કોઈના હાથમાં ભાલા હતા. આ રીતે, ચતુરંગ સેનાસહિત અર્કકીર્તિએ વિજયઘોષ નામના હાથી ઉપર ચડીને અકંપન મહારાજ ઉપર ચડાઈ કરી દીધી.

અકંપન મહારાજાએ જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તેમણે મંત્રીઓને બોલાવીને સલાહ કરી અને અર્કકીર્તિ પાસે એક દૂત મોકલ્યો, દૂતે જઈને અર્કકીર્તિને વિનયપૂર્વક કહ્યું કે હે ચક્રવર્તીના કુમાર! આ રીતે આપને પોતાની માન–મર્યાદાનું ઉલ્લંઘન કરવું શોભા નથી આપતું. હે કુમાર! તમે ખટક કાઢીને પ્રસન્ન થાઓ. વ્યર્થનો ઝઘડો ન કરો. આ રીતે, દૂતે વિનય–અનુનયથી ઘણું સમજાવ્યું પરંતુ અર્કકીર્તિ ઉપર કાંઈ પણ અસર ન થઈ. અંતે દૂત પાછો આવ્યો અને બધા જ સમાચાર રાજા અકંપનને આપ્યા. આ બધી વાત સાંભળીને જય બોલ્યા કે કાંઈ પણ ચિંતાની વાત નથી. હું એ પરસ્ત્રી-લંપટને સાંકળ પકડવા ઉદ્યત વાંદરાની જેમ જોતજોતામાં બાંધી લઈશ.

ત્યારબાદ, જયકુમારે ઘનઘોષા નામની ભેરી વગડાવી કે જે મેઘકુમારને હરાવીને તેણે પ્રાપ્ત કરી હતી. ભેરીના શબ્દ સાંભળતા જ જયનું સૈન્ય પણ યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયું. લહેરાતા સમુદ્રની જેમ મદોન્મત્ત હાથી ચાલતા એવા લાગતા હતા કે માનો મદથી જ ફરતા હોય તથા પોતાના પગથી જમીનને જ ખોદતા હોય. વાયુના વેગ સમાન વેગવાળા ઘોડા તથા હથિયારોથી ભરેલા રથ ચાલવા લાગ્યા. રથ ઉપર લાગેલી ફરકતી ધજાઓ એવી લાગતી હતી કે માનો બીજા યોદ્ધાઓને યુદ્ધ માટે જ બોલાવતી હોય. એવી જ રીતે પાયદળ પણ આમોદ–પ્રમોદ સાથે સંગ્રામ ક્ષેત્રમાં પહોંચવા માટે ઉદ્યત થઈ ગયું. આ સમયે ત્યાંની સ્ત્રીઓ પણ ભેરીના શબ્દો સાંભળીને સુભટનું કામ કરતી હતી. ત્યાંનું બીજું શું વર્ણન કરીએ!

આ રીતે, પોતાની સેનાને સાથે લઈને સ્વયં જયકુમાર અને દુશ્મનોને થર–થર કંપાવતા અકંપન પણ સંગ્રામ–સ્થળમાં જઈ પહોંચ્યા. આ જ સમયે સૂર્યમિત્ર, સુકેતુ, જયવર્મા, શ્રીધર, દેવકીર્તિ આદિ મુકુટબદ્ધ રાજા તથા નાથવંશી, સોમવંશી આદિ રાજાઓ પણ જયને આવીને મળ્યા. આ સિવાય અર્ધ્ધવિદ્યેશોને સાથે લઈને મેઘપ્રભ વિદ્યાધર પણ જયકુમારની સહાયતા માટે આવ્યો. આ રીતે, જયનો પક્ષ પણ ખૂબ પ્રબળ થઈ ગયો. આ સમયે મેઘેશ્વર જયકુમારે શત્રુઓને ભય ઉત્પન્ન કરાવનારી મકરવ્યૂહની રચના કરી કે જેનાથી તેની શોભા અદ્વિતીય થઈ ગઈ. આ જોઈને અર્કકીર્તિએ ચક્રવ્યૂહની રચના કરી અને જયના મકરવ્યૂહને તોડી નાખ્યું. સુનમિ આદિ વિદ્યાધર કે જે અર્કકીર્તિના પક્ષમાં હતા તેમણે તાર્ક્ષ્યવ્યૂહની રચના કરી. આ સમયે અષ્ટચંદ્ર આદિ વિદ્યાધર પણ અર્કકીર્તિ સાથે જઈ મળ્યા અને હથિયારોથી યોદ્ધાઓ સાથે પ્રચંડ યુદ્ધ કરવા લાગ્યા. બંને તરફના બાણ શત્રુઓના હૃદયને વિદારવા લાગ્યા. આ રીતે, બંને તરફના યોદ્ધાઓમાં ન્યાય યુદ્ધ થવા લાગ્યું.

હાથીસવાર હાથીસવાર સાથે, ઘોડેસવાર ઘોડેસવાર સાથે, પાયદળ પાયદળથી લડવા લાગ્યા. આ બાજુ અર્કકીર્તિએ સળગતી અગ્નિની જ્વાળા સમાન બાણો દ્વારા શત્રુદળના વીરોના હૃદયને વિદીર્ણ કરી નાખ્યા. આ જોઈને જય પોતાના નાના ભાઈઓને સાથે લઈને વજ્રકાંડ ધનુષ દ્વારા ભીષણ સંગ્રામ કરવા લાગ્યો અને થોડી જ વારમાં શત્રુગણના યોદ્ધાઓને તહસ–નહસ કરી નાખ્યા જેવી રીતે વિજયના અભિલાષી વાદી પોતાની પ્રબળ શાસ્ત્રની યુક્તિઓ દ્વારા પ્રતિવાદીને પરાજિત કરી નાખે છે. ત્યારબાદ, જયપક્ષના વિદ્યાધરોએ આકાશમાં જઈને શત્રુપક્ષના વિદ્યાધરોનો ખૂબ જ તિરસ્કાર કર્યો અને વિદ્યાયુદ્ધના અભિમાનમાં આવીને કહ્યું કે અમે તમારી સાથે યુદ્ધ કરવા હંમેશા તૈયાર જ છીએ. આ જ સમયે નીચેથી

ભૂમિગોચરી અને ઉપરથી વિદ્યાધર બરાબરની તાકાતથી બાણોને છોડી રહ્યા હતા કે જે વચમાં જ એક બીજાને ભટકાઈને રહી જતા હતા અર્થાત્ કોઈ કોઈને નુકશાન પહોંચાડી શકતું ન હતું.

ત્યારબાદ, જયકુમારે તેના ભાઈઓ સહિત યમનુરૂપ બનાવ્યું અને તે બધા ઘોડા ઉપર સવાર થઈને સિંહની જેમ નિઃશંક શત્રુદળ સાથે યુદ્ધ કરવા લાગ્યા. આ સમયે જયની જીત થવા લાગી તે જોઈને શત્રુદળના યોદ્ધા તેમની ઉપર એક સાથે તૂટી પડ્યા જેવી રીતે અગ્નિ ઉપર પતંગીયાઓ આવીને એક સાથે પડે છે. ત્યારબાદ, હાથીઓની સેનાને ઓળંગીને અર્કકીર્તિએ જય ઉપર આક્રમણ કર્યું. જયએ પણ વિજ્યાર્ધ નામના હાથી ઉપર ચડીને તેની સાથે યુદ્ધ કરવાનો આરંભ કર્યો.

ચક્રવર્તીએ અર્કકીર્તિને બે વસ્તુઓ આપી હતી. એક વજ્રકાંડ અને બીજો સફેદ ઘોડાવાળો રથ. આ સમયે અર્કકીર્તિએ આ બંને વસ્તુથી કામ લીધું જેના કારણે તેના વિજયના થોડા ચિહ્ન દેખાવા લાગ્યા. આ જાણી યમ સમાન પરાક્રમી જયએ વજ્રકાંડ ધનુષ દ્વારા વાતવાતમાં હાથીઓને નષ્ટ કરી અર્કકીર્તિને જીતરહિત કરી નાખ્યો, જેવી રીતે વાદળાઓ સૂર્યને તેજરહિત કરી દે છે. જયએ અર્કકીર્તિના શસ્ત્ર, ધ્વજા, છત્ર, ચામર આદિ બધા જ રાજચિહ્ન ભેદી નાખ્યા અને તેના મદને ચકનાચૂર કરી નાખ્યો. આ જોઈને અષ્ટચંદ્ર આદિ રાજા જયના ઈષ્ટને નષ્ટ કરવા તૈયાર થયા પરંતુ તે તેનું કાંઈપણ અહિત ન કરી શક્યા. તે બાજુ ભુજબલિ આદિ રાજા હેમાંગદની સાથે લડવા તૈયાર થયા. હેમાંગદના ભાઈ વગેરે પણ લડવા આવ્યા તથા પોતાના ભાઈઓ સહિત અનંતસૈન પણ આવ્યો અને જયના ભાઈઓ સાથે લડવા લાગ્યો. બંને પક્ષના રાજાઓમાં પરસ્પર ખૂબ જ યુદ્ધ ચાલ્યું. ક્રોધના માર્યા બંને પક્ષના રાજા ધ્રુજતા હતા. આ જોઈને જયને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેના આવેગમાં તેમના ઉપર તૂટી પડ્યો.

જયના પુણ્યોદયથી આ જ સમયે નાગકુમારનું કે જેની ઉપર તેમનો ઉપકાર હતો, આસન કંપાયમાન થયું અને જય ઉપર આવેલા સંકટને તરત જાણી લીધું. તે તરત જ ત્યાં આવ્યો અને જયને નાગપાશ અને અર્ધચંદ્ર બાણ આપીને જતો રહ્યો. **ઠીક જ છે કે પુણ્ય જ સંકટના સમયમાં સહાયક થાય છે.** આ બે અમોઘ અસ્ત્ર પોતાની પાસે આવતા જ જયએ તે બાણને ધનુષ ઉપર ચડાવીને અષ્ટચંદ્ર આદિ રાજાઓને રથ સહિત ભસ્મ કરી નાખ્યા. આ જોઈને અર્કકીર્તિનું અભિમાન રસાતળમાં જતું રહ્યું. જેવી રીતે દાંત અને સૂંઢના કપાઈ જવાથી હાથી નિર્મદ થઈ જાય છે ઠીક તેવી જ દશા એ સમયે અર્કકીર્તિની થઈ ગઈ. તેના બધા જ ઉપાય નિષ્ફળ થઈ ગયા, અભિમાન–પ્રતાપ બધું જ નષ્ટ થઈ ગયું.

ગ્રંથકાર કહે છે કે આ નીચ કર્મને ધિક્કાર છે. જુઓ, કર્મના ચક્કરમાં ચક્રવર્તીના પુત્ર અર્કકીર્તિને જયએ બાંધી લીધો તો બીજાની શું વાત છે! **ઠીક જ છે, જે અસત્માર્ગ પર જાય છે તેની આવી જ દુર્દશા થાય છે તેમાં આશ્ચર્યની કોઈ વાત જ નથી.**

ત્યારબાદ, અસ્તગત સૂર્યસમાન પ્રભારહિત અર્કકીર્તિને જયએ રથમાં બેસાડીને પોતે સ્વયં હાથી ઉપર સવાર થયો. જયએ અર્કકીર્તિ સિવાય તેના પક્ષના જેટલા પણ રાજાઓ હતા તે બધાને નાગપાશમાં બાંધી લીધા. આ રીતે શત્રુસેના ઉપર વિજય મેળવી સિંહ સમાન પરાક્રમી જય અત્યંત પ્રસન્ન થયો. જયના જીતની ખબર જ્યારે દેવોને થઈ ત્યારે તેઓ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને જયધ્વનિથી દશે દિશાઓ શબ્દાયમાન કરી દીધી. ત્યારબાદ, જયએ રણસ્થળનું અવલોકન કર્યું અને જે યોદ્ધાઓ રણાંગણમાં મૃત્યુ પામ્યા હતા તેની દાહક્રિયા કરી અને જેટલા ઘાયલ હતા તેનો ઈલાજ કર્યો.

આ બધા કામ કર્યા પછી જયએ મહારાજ અકંપનની સાથે કાશીમાં પ્રવેશ કર્યો. એ સમયે કાશી મનુષ્યોથી ભરપૂર અને લહેરાતી ધ્વજાઓથી અત્યંત શોભાયુક્ત હતી—અનેક પ્રકારની વસ્તુઓથી શોભા કરી હતી. એમ લાગતું હતું કે જયની જીતની ખુશીમાં નગરીએ પોતાની કાયા જ પલટી નાખી હોય! ત્યાં પહોંચીને જયએ પકડેલા રાજાઓ તથા અર્કકીર્તિને પ્રતિષ્ઠિત પુરુષો દ્વારા વિશ્વાસ અપાવીને તેમના યોગ્ય સ્થાને બેસાડ્યા.

વિઘ્ન–બાધાઓનો નાશ જિનેન્દ્રદેવના પ્રસાદથી જ થાય છે એમ જય વગેરે બધાએ નિશ્ચય સમજીને સૌથી પહેલાં જિનેન્દ્ર ભગવાનની ભક્તિભાવથી પૂજા-વંદના કરી અને વિવિધ ભક્તિઓ દ્વારા ભગવાનની ભક્તિ પ્રદર્શિત કરી. પછી બધા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ત્યારબાદ, જયએ બધા રાજાઓને છોડી દીધા અને વિશ્વાસ અપાવ્યો કે તમે કોઈ પણ જાતની ચિંતા નહીં કરતા. ત્યારબાદ સરલચિત્ત જય અને અકંપન મહારાજાએ કુમાર અર્કકીર્તિને યોગ્ય આસન ઉપર બેસાડ્યા અને તેમની સ્તુતિ કરી તથા તેમને વંદન કરીને કહ્યું કે હે કુમાર! અમારા બંને કુળને તમે જ લાલન–પાલન કરીને વધાર્યા છે. પછી આ કુળ તમારા દ્વારા કેવી રીતે નષ્ટ થઈ શકે? વાડ ક્યારે પણ ખેતરને નષ્ટ નથી કરતું પણ એની રક્ષા જ કરે છે. તેથી જ આવું થયું છે. વાસ્તવમાં આપની હાર નથી થઈ, અમે બધા તો આપના સેવક છીએ. આપ જગતના માતા–પિતા છો. બીજી વાત એ છે કે ભાઈ, મિત્ર, સેવક વગેરેથી ક્યારેક ભૂલ થઈ જાય તોપણ મહાપુરુષ તેને માફ કરી જ દે છે કારણ કે સજ્જન પુરુષોનું ક્ષમા જ મોટું આભૂષણ છે.

હે કુમાર! અમારા અવિવેકીઓથી આ એક અપરાધ થઈ ગયો છે પરંતુ અમે આપના સેવક છીએ તેથી આપ અમને ક્ષમા કરી દો એ જ અમારી વિનમ્ર પ્રાર્થના છે. હે સ્વામીન્! એક સુલોચના તો શું પણ બધું જ આપનું છે અને અમે પણ આપના જ છીએ. જો આપને સુલોચના પ્રાપ્ત કરવાની ઈચ્છા હતી તો પહેલાં જ સ્વયંવર વિધિને રોકી લેવી હતી. પરંતુ આપનો એવો ભાવ તો હતો જ નહીં, કારણ કે આપ એક ન્યાયવંત, પ્રજાપાલક અને વિવેકી રાજકુમાર છો. તમને તો કોઈએ અગ્નિની જેમ ભડકાવ્યા છે તેથી જ આવું બધું થયું છે.

પ્રભો! હવે આપ અમારી ઉપર શીતળ જળની જેમ ઠંડા થઈ જાવ એ જ અમારી વિનમ્ર પ્રાર્થના છે અર્થાત્ અમારા ઉપર પ્રસન્ન થાવ અને જે બન્યું એ બધું ભૂલી જાવ. આ રીતે, કુમાર અર્કકીર્તિને બધી જ રીતે સંબોધિત કર્યા. પશ્ચાત્ મહારાજ અકંપને તેમને ખૂબ જ સંપત્તિ આપી અને પોતાની નાની પુત્રી લક્ષ્મીમતીનો વિવાહ તેમની સાથે કરાવ્યો. આ

રીતે મહારાજ અકંપને અકીર્તિને ખૂબ જ આદર સાથે સંતુષ્ટ કરીને તેમને હાથી ઉપર બેસાડીને ઘણા રાજા–મહારાજાઓની સાથે તેમના દેશમાં વિદાય કર્યા તથા બીજા રાજાઓને પણ હાથી, ઘોડા આદિ ભેટ આપીને તેમને સંતુષ્ટ કર્યા. તે લોકો પણ પોતપોતાના નગરમાં ચાલ્યા ગયા.

ત્યારબાદ, ખૂબ ઠાઠમાઠ સાથે તે નાગકુમાર ત્યાં આવ્યો અને તેણે સુલોચના સાથે જયકુમારના વિવાહ ખૂબ જ આનંદથી ઉત્સાહપૂર્વક કરાવ્યા. આ બધું શું છે?–પુણ્યનું જ ફળ છે કે જ્યાં દેવતાગણ પણ આવીને સેવામાં ઉપસ્થિત થઈ જાય છે! સંસારમાં પુણ્ય સમાન બીજી કોઈ વસ્તુ નથી. જ્યાં સુધી પ્રાણીનો પુણ્યકર્મનો ઉદય રહે છે ત્યાં સુધી તેને બધા જ પ્રકારની ભોગોપભોગની સામગ્રી સ્વતઃ મળી જાય છે અને જ્યાં પુણ્ય ક્ષીણ થયું કે તે સામગ્રી જોતજોતામાં જ વિલીન થઈ જાય છે, જેવી રીતે હાથી દ્વારા ખવાયેલ કોઠીંબડાનો રસ તેને તોડ્યા વિના જ વિલીન થઈ જાય છે. પુણ્યનું અચિંત્ય ફળ છે.

ત્યારબાદ, જય અને અકંપને વિચાર કરીને નક્કી કર્યું કે સુમુખ નામના દૂતને રત્ન આદિ ભેટ આપીને ચક્રવર્તી પાસે મોકલવો જોઈએ. પછી તેમણે તેમ જ કર્યું. દૂત અયોધ્યા પહોંચ્યો અને સાથે લાવેલી ભેટ ચક્રવર્તીની સામે રાખી અને હાથ જોડીને વિનયથી કહ્યું કે સ્વામિન્! અકંપન આપના ડરથી ભયભીત થઈને આપને એ જણાવવા ચાહે છે કે મેં સ્વયંવર વિધિ કરીને સુલોચનાના વિવાહ જયકુમાર સાથે કરી દીધા છે. એ સ્વયંવરમાં કુમારે પણ આવવાની કૃપા કરી હતી પરંતુ જે સમયે આવેલ રાજા–મહારાજાઓને છોડીને જયકુમારના ગળામાં વરમાળા નાખી હતી તે સમયે તેમણે પોતાની અનુમતિ આપી હતી કે બરાબર થયું છે. પરંતુ, પાછળથી કોઈએ તેમને ભડકાવી દીધા જેથી તેઓ ક્રોધમાં આવી ગયા અને ક્રોધમાં આવીને તેમણે યુદ્ધ કરી દીધું.

હે સ્વામિન્! આ બધું તમે સારી રીતે જાણો છો કારણ કે તમે અવધિજ્ઞાનના ધારક છો. આપના દિવ્યજ્ઞાનથી આ વાત જાણવી એ કોઈ દૂરની વાત નથી. હે પ્રભુ! હવે જે આપને ઠીક લાગે તેમ કરો કે જેમાં અમારો કોઈ ક્ષય ન થાય કે ન અમને ક્લેશ પહોંચે કે ન તો અમે માર્યા જઈએ. આ રીતે, દીનતાપૂર્વક વિનમ્ર નિવેદન કરીને દૂત એક બાજુમાં બેસી ગયો.

ત્યારે પરચક્રને ભયવંત કરવાવાળા ચક્રવર્તીએ ઉત્તરમાં આ પ્રકારે કહ્યું કે અકંપને આવા વિનમ્ર દીનતા ભરેલા શબ્દો લઈને તને અહીં વ્યર્થમાં જ મોકલ્યો છે. તેઓ મારાથી મોટા છે તેથી પૂજ્ય પિતા આદિનાથ પ્રભુથી મારા માટે જરાય ઓછા નથી. જેવી રીતે ભગવાન આદિનાથસ્વામી મોક્ષમાર્ગના પ્રવર્તક ગુરુ છે તથા દાનની પ્રવૃત્તિ કરવાવાળા શ્રેયાંસ છે તથા ચક્રવર્તીપદ પામવામાં હું પ્રથમ છું તેવી જ રીતે સ્વયંવર વિધિના વિધાતા–પ્રવર્તન કરવાવાળા રાજા અકંપન છે. જો તેઓ ન હોત તો આ વિધિને કોણ ચલાવેત? અહીં ભોગભૂમિ હોવાથી જે વિધિ લુપ્ત થઈ ગઈ હતી તેને જે

મહાનુભાવોએ ફરીથી ચલાવી છે તેઓ સંસારમા પૂજ્ય છે, માન્ય છે. આવા શુભ અવસર પર મારા પુત્ર અર્કકીર્તિએ જે અન્યાયરૂપ લડાઈ લડી તેનાથી તેણે મારા યશને કલ્પકાળ સુધી કલંકનું તિલક લગાડી દીધું, મારી અપયશી પુરુષોમાં ગણતરી કરાવી દીધી. આ રીતે, દૂતને સારી રીતે સમજાવીને પાછો મોકલી દીધો.

દૂતે પાછા આવીને મહારાજ અકંપનને તથા જયકુમારને ચક્રવર્તીએ કહેલી બધી વાતો કહી સંભળાવી જે સાંભળીને તેઓ ખૂબ જ પ્રસન્ન થયા. ત્યારબાદ, થોડા સમય સુધી જયકુમાર અને સુલોચનાએ આનંદપૂર્વક ત્યાં દિવસો પસાર કર્યા. પશ્ચાત્ જયએ પોતાના નગરમાં પાછા જવાની ઈચ્છ પ્રગટ કરી તો અકંપને હાથી, ઘોડા, ધન આદિથી સારી રીતે સન્માનિત કરી તેમને વિદાય કર્યા અને સાથે હેમાંગદ આદિ રાજાઓને મોકલ્યા. આ રીતે, ઈષ્ટ બંધુવર્ગથી સુશોભિત દંપતિ ગંગા નદીના કિનારે પહોંચ્યા. ત્યાં આવીને તેમણે બધી સેનાને તો ત્યાં જ રોકી દીધી અને કેટલાક યોગ્ય પુરુષોની સાથે અયોધ્યા નગરી ગયા. ત્યાં નગરીની બહાર આવીને અર્કકીર્તિ આદિએ તેમનું ખૂબ જ ઠાઠમાઠથી સ્વાગત કર્યું અને તેમને નગરીમાં લાવ્યા.

જ્યારે જયએ અર્કકીર્તિ આદિની સાથે નગરીમાં પ્રવેશ કર્યો તે સમયે એવું લાગતું હતું કે ઘણા દેવતાઓની સાથે ઈન્દ્ર જ અમરપુરીમાં પ્રવેશ કરી રહ્યો હોય. ત્યાં પહોંચીને તે સીધા રાજસભામાં ગયા અને ચક્રવર્તીને નમસ્કાર કરીને તેમણે બતાવેલ સ્થાન પર જઈને બેસી ગયા. ચક્રવર્તીએ હૃદયમાં પ્રેમભાવ ધારણ કરીને કહ્યું કે જય! તું ચન્દ્રવદની વહુને કેમ સાથે ન લાવ્યો? હું તેને જોવા માટે ખૂબ જ ઉત્સુક છું. હું શું કહું? અકંપન તો આ નવીન વિવાહ–ઉત્સવમાં અમને ભૂલી જ ગયા! નિમંત્રણ જ ન આપ્યું. તું જ કહે કે શું આ ઉચિત કહેવાય? શું તેણે અમને ભાઈઓથી જુદા કરી નાખ્યા? જે પણ હોય પણ તારા માટે તો પિતા સમાન છું, તું પણ કેવી રીતે ભૂલ્યો? તારે તો મને આગળ કરીને તારા વિવાહ કરવા જોઈતા હતા. ચક્રવર્તીના આવા પ્રેમભર્યા શબ્દો સાંભળીને જયની નજર શરમના લીધે ઉપર જ ન થઈ શકી. તે વિનયપૂર્વક નીચું મુખ રાખીને ચૂપચાપ બધું સાંભળતો હતો. આ રીતે, ચક્રવર્તીએ ખૂબ જ મીઠા શબ્દો દ્વારા તેને સંતુષ્ટ કર્યો અને તેનો યોગ્ય આદર-સત્કાર કર્યો.

ત્યારબાદ, જય મહારાજ ચક્રવર્તીને નમસ્કાર કરીને પાછા આવ્યા તથા હાથી ઉપર સવાર થઈને જલ્દી ગંગાકિનારે જઈ પહોંચ્યા. તેઓ પ્રાણોથી પણ પ્યારી સુલોચનાને મળવા માટે અધીરા થઈ રહ્યા હતા. એટલામાં જ તેમણે એક સૂકા વૃક્ષની ડાળી ઉપર સૂર્યની તરફ મોઢું રાખેલા એક કાગડાને રોતો હોય તેવો અવાજ સાંભળ્યો. તેને સાંભળતા જ પોતાની પ્રાણપ્યારીના સંબંધમાં કોઈ મોટું અનર્થ થયાની આશંકા થઈ અને આશંકા થતા જ તેમને મૂર્છા આવી ગઈ અને બેહોશ થઈ ગયા. તેમની એ દશા થયેલી જાણીને કૃતજ્ઞ નાગકુમાર ત્યાં આવ્યો અને આવીને શીતળ સુગંધિત વસ્તુઓ દ્વારા તેમની તે મૂર્છા દૂર કરી અને કહ્યું કે આપ સુલોચનાની ચિંતા ન કરો. તે બધી રીતે કુશળ છે. જયએ તેના વચન પ્રમાણ કરીને ઉતાવળના કારણે ઘાટ વગરના ગંગાના એક અપરિચિત માર્ગમાં હાથીને ઉતારી દીધો.

હાથી ખૂબ જ સુડોળ અને સુંદર ચમકીલા દાંતવાળો હતો. તે પાણીમાં સૂંઢ ઊઠાવીને ચાલતો એવો લાગતો હતો કે માનો પાણીમાં તરતો મગર જ હોય. હાથી તરતો તરતો જ્યારે એકદમ નદીની વચ્ચે પહોંચ્યો ત્યારે તે સર્પે કે જે મરીને ગંગામાં કાળીદેવી થયો હતો તેણે તેને આગળ જતા રોકી દીધો. હાથીએ આગળ જવાની ખૂબ જ મહેનત કરી પણ તે પોતાની જગ્યાથી એક ઈંચ પણ ટસથી મસ ન થઈ શક્યો. ઠીક જ છે કે પોતાના સ્થાન પર નિર્બળ પણ બળ દેખાડવા લાગે છે. પૂર્વ ભવના વેરને કારણે તેણે રોષથી કહ્યું કે આને પાણીમાં ડૂબાડીને મારો, તેણે મને માર્યો હતો અને ખૂબ દુઃખ આપ્યું હતું. હવે મારા હાથમાં આવ્યો છે. જોવ છું તારી રક્ષા કરવામાં કોણ સમર્થ થશે? આમ કહીને કાળીદેવીએ જેવો જયના હાથીને પકડ્યો કે તે પાણીમાં ડૂબવા લાગ્યો. તેને ડૂબતા જોઈને ગંગાકિનારે જે હેમાંગદ આદિ રાજા હતા તે પણ પાણીમાં કુદી પડ્યા. પેલી બાજુ સતી સુલોચના પણ આહારાદિ તથા શરીરાદિ મમતા છોડીને વિઘ્નોને દૂર કરવાવાળા ણમોકાર મંત્રનો જાપ કરવા લાગી અને પોતાની સખીઓની સાથે તે પણ ગંગામાં કુદી પડી. ઠીક જ છે કે સતી સ્ત્રી પતિની ઉપર આવી પડેલી વિપત્તિના સમયે પોતાના પ્રાણોની પણ પરવાહ ન કરીને તેની સહાયક થાય છે.

આ ગંગાકિનારે જ ત્યાંની અધિષ્ઠાત્રી એક ગંગા નામની દેવી રહે છે. આ ભયાનક ઉપદ્રવ થતાં જ અચાનક જ તેનું આસન કંપાયમાન થયું અને તેણે બધી જ વિગત તરત જ જાણી લીધી. તે દેવી તે જ સમયે ત્યાં આવી અને તે કાળીદેવીને એક જોરથી લાત મારી અને ખીજાઈને ભગાડી દીધી. અંતમાં તેણે બધાને સહીસલામત ગંગાતટ સુધી પહોંચાડી દીધા. **ઠીક જ છે કે ધર્માત્માઓની પુણ્ય–યોગથી બધી જ જગ્યાએ જીત જ થાય છે. તેઓ જ્યાં જાય છે ત્યાં તેમની પૂજા અને સત્કાર થાય છે.**

ત્યારબાદ, ગંગાદેવીએ નદીના કિનારા ઉપર એક સુંદર સંપત્તિથી પરિપૂર્ણ મહેલ બનાવડાવ્યો અને તેમાં એક મનોહર સિંહાસન સ્થાપિત કર્યું જેના ઉપર સુલોચનાને બેસાડીને તેની ખૂબ જ ભક્તિભાવથી પૂજા–સત્કાર કર્યો અને સુંદર સુંદર વસ્ત્રાભૂષણ ભેટમાં આપ્યા. પછી તેણે કહ્યું કે વસંતતિલક નામના ઉદ્યાનમાં જ્યારે સર્પે મને ડંસ માર્યો હતો ત્યારે તમે મને ણમોકાર મંત્ર સંભળાવ્યો હતો. તેના પ્રસાદથી જ મારી આ દશા થઈ છે અર્થાત્ તે ભવમાંથી આવીને આ ગંગા નદીની અધિષ્ઠાત્રી દેવી ને સૌધર્મ ઈન્દ્રની નિયોગીની દેવી થઈ છું. આ બધી આપની કૃપાનું જ ફળ છે જેના માટે હું આપની અત્યંત કૃતજ્ઞ છું. આ બધી વાત સાંભળીને જયકુમારે સુલોચનાને પૂછ્યું કે પ્રિયે! શું વાત છે તે મને કહો. ત્યારે સુલોચના નીચે અનુસાર કહેવા લાગી :

વિદ્યાચલ પર્વત પર એક વિંધ્યપુરી નામની નગરી છે કે જે અત્યંત સુંદર અને મનમોહક છે. તે નગરમાં વિંધ્યધ્વજ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ પ્રિયંગશ્રી હતું. તેને વિંધ્યશ્રી નામની એક કન્યા પણ હતી. વિંધ્યધ્વજ રાજાએ પોતાની તે કન્યાને ગુણસંપન્ન બનાવવા મારી પાસે મોકલી દીધી અમે બંને આપસમાં ખૂબ હળીમળી ગયા હતા. એક સમયે અમે બંને વસંતતિલક ઉદ્યાનમાં ક્રીડા કરતા હતા કે દૈવયોગથી તેને એક સર્પ કરડી ગયો. સર્પ કરડતાં જ

તે અર્ધમૂર્છિત થઈને જમીન ઉપર પડી ગઈ. તે સમયે મેં તેને ણમોકારમંત્ર સંભળાવ્યો અને તેનું મહત્ત્વ પણ સારી રીતે સમજાવ્યું. પછી થોડી વાર એ કન્યા ણમોકારમંત્રનો જાપ કરતી રહી અને જાપ કરતાં કરતાં જ તેનું મૃત્યુ થઈ ગયું અને અહીં આવીને ગંગાદેવી થઈ. તે જ ધર્માનુરાગથી તેણે મારાથી આટલો સ્નેહ કર્યો.

આ કથા સાંભળીને જયએ ગંગાદેવીને આદરથી વિદા કર્યા અને તેના બનાવેલા મહેલમાં આવીને આનંદથી રાત્રિ વ્યતીત કરી. પછી, સવાર થતાં જ ત્યાંથી ગંગાનદીના કિનારે કિનારે ચાલીને હસ્તિનાપુર આવી પહોંચ્યા. હસ્તિનાપુર એ સમયે પોતાની અનુપમ સુંદરતાથી પુરુષ જેવું લાગતું હતું. પુરુષને જેવી રીતે બે હાથ હોય છે તેને પણ બે ધ્વજા હતી, મનુષ્યને મુખ હોય છે તો તેને સુવર્ણકળશ જ મુખ હતું, પુરુષને વક્ષઃસ્થળ હતું તો તેને ખૂબ લાંબા તોરણ વક્ષઃસ્થળ હતા, મનુષ્યને બે નેત્ર હોય છે તેમ તેના ઝરોખા જ તેના નેત્ર હતા, મનુષ્યને જે રીતે કટિભાગ, પગ અને નખ હોય છે તેમ ત્યાં પણ નાની નાની ગુમટિયા બનેલ છે તેની ઊંડપ જ કટિપ્રદેશ હતો અને થાંભલા પગ તથા તેમાં લાગેલા રત્ન જ નખ હતા. મનુષ્યોને સ્ત્રી હોય છે, તેમ તેને સજ્જન પુરુષોની ગણના તે જ સ્ત્રી હતી. આ નગરીની શોભાનું વધારે કેટલું વર્ણન કરીએ? એ નગર વાસ્તવમાં અનુપમ શોભાયુક્ત હતું. આવા વિશાળ સમૃદ્ધિશાળી સજાવેલા નગરને જોઈને જય મહારાજે સુલોચના સહિત ત્યાં પ્રવેશ કર્યો અને નગરને જોઈને ખૂબ જ સંતુષ્ટ થયા. સુલોચના સહિત જય મહારાજ એવા શોભિત થતા હતા જેમ કે અયોધ્યા નગરીમાં પ્રવેશ કરતાં ચક્રવર્તી જ હોય! મહારાજ જય ત્યાંના મહેલોમાં નિવાસ કરવા લાગ્યા. સુલોચનાના મુખકમળના ભ્રમર જેવા જય પોતાના નાના ભાઈઓ સહિત પૃથ્વીનું પાલન કરતાં ઈન્દ્ર સમાન લાગતા હતા.

એક સમયે જય મહારાજ અને સુલોચનાએ મહેલના ઉપરના ભાગમાં એક કબૂતર–કબૂતરીના જોડાને જોયું અને તેને જોતાં જ જય મહારાજના મોઢામાંથી આ શબ્દ અચાનક જ નીકળી પડ્યા કે ‘‘હા! મારી પ્રભાવતી ક્યાં છે?’’ આ શબ્દ નીકળતા જ તેમને મૂર્છા આવી ગઈ અને તે બેહોશ થઈ ગયા. સુલોચનાને પણ તે કબૂતરના જોડાને જોઈને પૂર્વભવનું જાતિસ્મરણ થઈ આવ્યું અને તે પણ ‘‘હા! મારો રતિવર ક્યાં છે?’’ એમ બોલીને મૂર્છિત થઈને જમીન ઉપર પડી ગઈ. એ વખતે ‘‘શું થયું? શું થયું?’’ એમ કહેતા ઘરના બધા લોકો ભેગા થઈ ગયા અને ચંદન, કપૂર આદિ ઠંડી વસ્તુઓ દ્વારા તેમની એ ચિંતા દૂર કરી જેવી રીતે રત્નોની કાંતિ અંધારાને નષ્ટ કરી દે છે.

એ બંને જ્યારે હોંશમાં આવ્યા ત્યારે તેમને પોતાના પરિવારના લોકોની વિકળતા જોઈને ખૂબ જ આશ્ચર્ય થયું અને તરત તેમને પોતાના પૂર્વ ભવોનું ભાન થઈ આવ્યું. જય મહારાજાએ સુલોચનાને કહ્યું કે હે પ્રિયે! તું તારા પૂર્વભવની બધી જ વાત કહીને આ કુટુંબીઓનો સંશય દૂર કર કે જેથી તેમને શાંતિ પ્રાપ્ત થાય. પતિની આજ્ઞા મેળવીને એ મિષ્ટ ભાષિણી આ રીતે કહેવા લાગી કે હે નાથ! હું મારા પૂર્વભવોનું વર્ણન કરું છું. તમે લોકો સારી રીતે સાંભળો.

જંબૂદ્વીપના પૂવવિદેહમાં એક પુષ્કલામયી નામનો દેશ છે. તેમાં મૃણાલવતી નામની નગરી છે. ત્યાંના રાજા સુકેતુ હતા. આ જ નગરીમાં રતિવર્મા નામના એક શેઠ રહેતા હતા જેની સ્ત્રીનું નામ કનકશ્રી તથા તેના પુત્રનું નામ ભવદેવ હતું. ત્યાં જ શ્રીદત્ત નામના એક વૈશ્ય પણ રહેતા હતા. તેમની સ્ત્રીનું નામ વિમલશ્રી તથા પુત્રીનું નામ રતિવેગા હતું કે જે શીલ આદિ ગુણોથી યુક્ત હતી. અશોકદેવ નામના ત્રીજા શેઠ પણ ત્યાં જ રહેતા હતા જેની સ્ત્રીનું નામ જિનદત્તા અને પુત્રનું નામ સુકાન્ત હતું કે જે હંમેશા ધર્મકાર્યમાં લાગેલો રહેતો હતો.

એક દિવસ ભવદેવના માતા–પિતાએ ભવદેવ માટે રતિવેગાની માગણી તેના માતા–પિતા પાસે કરી અને ફલતઃ બંનેની મંજુરી થઈ ગઈ. ભવદેવનું ચરિત્ર સારું ન હતું તેથી લોકો તેને દુર્મુખ પણ કહ્યા કરતાં હતા. એક સમયે ધન કમાવાની લાલસાથી તે પરદેશ જઈ રહ્યો હતો. એ સમયે શ્રીદત્તે તેને કહ્યું કે અત્યારે તો તમે વ્યાપાર માટે જઈ રહ્યા છો, તો કહો કે આ લગ્ન માટે કેટલો સમય રાહ જોઈએ? ઉત્તરમાં ભવદેવે બાર વર્ષની પ્રતિજ્ઞા કરી અને કહ્યું કે જો હું બાર વર્ષમાં પાછો ન આવું તો આ કન્યાના વિવાહ બીજે કરી નાખજો. આમ કહીને તે વ્યાપારાર્થે પરદેશ જતો રહ્યો.

કર્મસંયોગથી થયું પણ એવું જ. ધીમેધીમે બાર વર્ષનો સમય પૂરો થઈ ગયો પણ ભવદેવ પાછો ન આવ્યો. અંતમાં રતિવેગાના પિતા શ્રીદત્તે ખૂબ જ ધામધૂમથી તેની કન્યાના લગ્ન અશોકશેઠના પુત્ર સુકાંત સાથે વિધિપૂર્વક કરી દીધા. રતિવેગા વાસ્તવમાં રતિ સમાન સુંદર રુપ–ગુણવાળી હતી. ત્યારબાદ, ભવદેવ પરદેશથી પાછો આવ્યો અને જ્યારે તેણે સાંભળ્યું કે રતિવેગાના વિવાહ સુકાંતની સાથે થઈ ગયા છે ત્યારે અત્યંત ક્રોધના આવેશમાં આવીને તેણે બંનેને મારી નાખવાનો નિશ્ચય કર્યો. **ઠીક જ છે કે ક્રોધી પુરુષ હિત–અહિત, કર્તવ્ય–અકર્તવ્યનો વિચાર જ નથી કરતો.**

આ સાંભળીને તે બંને (રતિવેગા–શ્રીકાંત) ખૂબ જ ડરી ગયા અને વનમાં ચાલ્યા ગયા. એ ઉચિત જ છે કે પોતાના નાશની શંકા કોને ભય ઉપજાવતી નથી? જે વનમાં તેઓ ગયા ત્યાં એક સુંદર સરોવર હતું. તે સરોવર પાસે શક્તિષેણ નામના રાજા રોકાયા હતા. તેઓ તે રાજાની શરણમાં પહોંચી ગયા અને નિર્ભય થઈને રહેવા લાગ્યા. પછી તે દુર્મુખ પણ તેમને મારવા ત્યાં પહોંચી ગયો પણ તે તેઓનું કાંઈ નુકશાન ન કરી શક્યો. જ્યારે તેનું ત્યાં કાંઈ ન ચાલ્યું ત્યારે તે પોતાના ઘરે પાછો આવી ગયો.

શુભકર્મના યોગથી જ્યાં શક્તિષેણ રાજા રોકાયો હતો ત્યાં એક ચારણ ઋદ્ધિધારી મુનિરાજ આહારના નિમિત્તે પધાર્યા અને શક્તિષેણ રાજાએ તે મુનિરાજને નવધાભક્તિ પૂર્વક મનમાં ઉલ્લાસ સાથે આહારદાન કર્યું તથા પૂજા–ભક્તિ–સત્કાર કર્યો. આ ક્રિયા જોઈને તે દંપતિને પણ મનમાં ખૂબ આનંદ થયો. તેઓ અનિત્યાદિ બારહ ભાવનાઓનું ચિંતવન કરતાં મનમાં દયાભાવ ધારણ કરીને આનંદથી ત્યાં જ પોતાનો સમય વીતાવવા લાગ્યા. એક દિવસ અવસર પામીને દુષ્ટ ભવદેવે એ દંપતિને આગ લગાડીને મારી નાખ્યા જેથી તેઓ ગતપ્રાણ થઈ ગયા. મોકો મેળવીને શક્તિષેણના સુભટોએ દુષ્ટ ભવદેવને પણ મારી નાખ્યો. **બરાબર જ છે કે જે બીજા માટે કૂવો ખોદે છે તેના માટે કૂવો પહેલાં જ તૈયાર હોય છે.**

પૂર્વવિદેહની પુંડરીકની નગરીમાં પ્રજાપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો અને ત્યાં જ કુબેરમિત્ર નામનો શેઠ પણ રહેતો હતો. શેઠ ઉપર રાજાની પૂર્ણ કૃપાદૃષ્ટિ હતી અર્થાત્ તે તેનો ઘણો આદર સત્કાર કરતો હતો. તે શેઠને સ્ત્રી-ઉચિત્ત ગુણોથી સંયુક્ત બત્રીસ સ્ત્રીઓ હતી જેમાં ધનવતી શેઠાણી મુખ્ય હતી. બરાબર જ છે કે સંસારમાં સૌભાગ્યનું મળવું ખૂબ જ મુશ્કેલ છે તે બધાને નથી મળતું, કદાચિત્ કોઈને જ મળે છે. તે શેઠના ઘરે સુકાન્તનો જીવ તો રતિવર નામનું કબૂતર અને રતિવેગાનો જીવ રતિષેણા નામની તેની કબૂતરી થઈ. તે બંને કબૂતર-કબૂતરી શેઠના ઘરમાં વિખરાયેલા ચોખાના દાણા ચણીને પરસ્પર પ્રીતિ ધારણ કરીને આનંદથી પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

એક સમયની વાત છે કે તે શેઠના ઘરે આહાર માટે બે ચારણઋદ્ધિધારી મુનિ આકાશમાર્ગથી આવ્યા. તેમને જોઈને શેઠ–શેઠાણીને હૃદયમાં ખૂબ જ હર્ષ થયો અને તેમણે શુદ્ધ ભાવથી મુનિઓને પડગાહન કર્યું તથા નવધા ભક્તિપૂર્વક તેમને આહારદાન કર્યું. તે સમયે તે કબૂતર–કબૂતરીની નજર પણ એ મુનિરાજ પર પડી. તેમણે પણ ભક્તિભાવથી મુનિરાજના ચરણોના દર્શન કર્યાં તથા પોતાની પાંખ ફેલાવીને ચરણ–સ્પર્શ કર્યાં. મુનિરાજના દર્શનમાત્રથી જ તેમને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ થઈ આવ્યું. **બરાબર જ છે કે જે જીવોનું સારું ભવિતવ્ય છે તેમને આત્મહિત સાધનહેતુ કોઈ ને કોઈ પ્રબળ નિમિત્ત મળી જ જાય છે.** જાતિસ્મરણ થવાથી તે બંનેને પૂર્વભવમાં રાજા શક્તિષેણ દ્વારા ભક્તિપૂર્વક મુનિરાજને અપાયેલ આહારદાનની યાદ આવી ગઈ. મુનિરાજની પાસે આવીને તેમણે મુનિદાનની ખૂબ જ અનુમોદના કરી અને તેના પ્રભાવથી ખૂબ જ પુણ્યનો બંધ કર્યો.

એક સમયની વાત છે કે તે બંને બાજુના ગામમાં દાણા ચણવા માટે ગયા હતા. ત્યાં તેમના પૂર્વભવનો વૈરી ભવદેવ કે જે મરીને બિલાડો થયો હતો, તેમને જોઈને જ ખૂબ ક્રોધમાં આવી ગયો અને તેમને મારીને ખાઈ ગયો. આથી ગ્રંથકારનું કહેવું છે કે **ક્યારે પણ કોઈથી વેરભાવ ન કરો! આ વેરભાવ જ ભવ–ભવાંતરોમાં જીવોને દુઃખ દેવાવાળું છે.**

ત્યાં વિજ્યાર્દ્ધની દક્ષિણ શ્રેણીમાં ગાંધાર નામનો એક દેશ છે. તેમાં શીખણી નામની સુંદર નગરી છે. તેનો રાજા આદિત્યગતિ હતો તથા તેની સ્ત્રીનું નામ શશિપ્રભા હતું. તેના ગર્ભથી તે કબૂતર હિરણ્યવર્મા નામનો પુત્ર થયો. ત્યાં જ વિજ્યાર્દ્ધની ઉત્તર શ્રેણીમાં અનુપમ ગૌરી દેશ છે. તેમાં એક ભોગપુર નામનું નગર છે. તેનો રાજા વાયુધર હતો તથા તેને સ્વયંપ્રભા નામની રાણી હતી. તેના ગર્ભથી તે રતિષેણા નામની કબૂતરી પ્રભાવતી નામની પુત્રી થઈ. એક દિવસ રાજાએ જોયું કે પુત્રી પ્રભાવતી વયસ્ક થઈ ગઈ છે તો તેને તેના યોગ્ય વર જોવાની ચિંતા થવા લાગી. બરાબર જ છે કે કન્યાઓનો જન્મ જ માતા–પિતા માટે ચિંતાદાયક જ હોય છે. તેમાં પણ જેની કન્યા યુવાન થઈ જાય તેની ચિંતાનું તો શું કહેવું?

રાજાએ તરત જ આ પ્રશ્નનું સમાધાન મેળવવા માટે પોતાના વિચારક મંત્રીઓને બોલાવ્યા અને તેમનો અભિપ્રાય

લીધો કે પુત્રી પ્રભાવતી કોને આપવી જોઈએ, કારણ કે જે કામ પોતાના હિતૈષીઓ દ્વારા વિચાર–મંત્રણાપૂર્વક કરવામાં આવે છે તેમાં પછી પસ્તાવુ પડતું નથી. રાજાના આ યોગ્ય પ્રશ્નને સાંભળીને મંત્રીઓએ વિચાર કરીને કહ્યું કે હે નાથ! બધાની એક મતથી એવી સલાહ છે કે કન્યાની સ્વયંવર–વિધિ કરવી જોઈએ. રાજાએ તેમની આ યોગ્ય સંમતિનું સન્માન કર્યું અને તે અનુસાર કાર્ય કરવાનું પ્રારંભ કરી દીધું. ભવ્ય સ્વયંવર–મંડપ બનીને તૈયાર થઈ ગયો. દેશ–દેશાંતરના વિદ્યાધર રાજાઓને નિમંત્રણ મોકલાવી દેવામાં આવ્યું. બધા વિદ્યાધર રાજાઓ કે જે કન્યારત્નના અર્થી હતા તેઓ આવીને ઉપસ્થિત થઈ ગયા અને સ્વયંવર–મંડપમાં પોતપોતાના યોગ્ય સ્થાન પર આવીને બેસી ગયા.

પ્રભાવતી હાથમાં વરમાળા લઈને પતિ–પરણવાની ઈચ્છાથી સ્વયંવર-મંડપમાં આવી અને તેણે ત્યાં બેઠેલા વિદ્યાધર રાજાઓમાંથી કોઈને પણ પસંદ ન કર્યો. આ જોઈને તેના માતા–પિતાએ તેને પૂછ્યું કે હે પુત્રી! એનું શું કારણ છે કે તે આ રાજાઓમાંથી કોઈને પણ પસંદ ન કર્યો? કન્યાએ ઉત્તરમાં કહ્યુ કે જે કોઈ મને ગતિયુદ્ધમાં પરાજય કરી આપશે તેના ગળામાં વરમાળા નાખીશ. આ રીતે, સ્વયંવરનો એક દિવસ પૂરો થઈ ગયો.

ત્યારબાદ, સ્વયંવરનો બીજો દિવસ થયો. તે સમયે પ્રભાવતીએ સિદ્ધકૂટ ચૈત્યાલયના શિખરથી માળા નીચે નાખી પરંતુ ત્યાં બેઠેલા વિદ્યાધરોમાંથી કોઈની પણ હિંમત ન થઈ કે ત્યાં બનેલા મેરુની ત્રણ પ્રદક્ષિણા દઈને તે માળાને વચ્ચે જ પકડી લે. ત્યારે બધા વિદ્યાધર રાજાઓ શર્મિંદા થઈ પોતપોતાના ઘરે ચાલ્યા ગયા. ત્યારબાદ, આદિત્યગતિનો હિરણ્યવર્મા નામનો પુત્ર કે જે કબૂતરનો જીવ હતો તે ત્યાં આવ્યો. તે ગતિયુદ્ધમાં ખૂબ જ પ્રવીણ હતો. તેણે વાત વાતમાં જ મેરુની ત્રણ પ્રદક્ષિણા કરીને વચમાં જ માળાને હાથમાં લઈ લીધી. આ જોઈ પ્રભાવતી ખૂબ જ પ્રસન્ન થઈ અને તેણે તેના ગળામાં વરમાળા નાખી દીધી.

ત્યારબાદ, હિરણ્યવર્માએ સિદ્ધકૂટ ચૈત્યાલયોમાં જઈને ભગવાનના સ્તવન–પૂજન આદિ ધાર્મિક ક્રિયાઓ કરી. પછી વાયુધર રાજાએ પ્રભાવતીનો વિધિપૂર્વક વિવાહ હિરણ્યવર્મા સાથે કર્યો. વિવાહ કરીને તે દંપતિ પોતાને ઘરે આવ્યા અને ત્યાં આવીને અનેક પ્રકારના સુખ ભોગવવા લાગ્યા. કેટલાક દિવસો પછી પ્રભાવતીએ એક કબૂતરના જોડાને ઉડતું જોયું. તેને જોતાં જ તેને પોતાના પૂર્વભવની યાદ આવી ગઈ અને યાદ આવતા જ તેના પરિણામ વિરક્ત થઈ ગયા. તે વખતે પ્રભાવતીએ એક ચારણમુનિને વિનયપૂર્વક પ્રશ્ન કર્યો કે હે નાથ! દયા કરીને મારા પૂર્વ ભવોની કથા કહો. દયાળુ નિસ્પૃહી મુનિરાજે ઉપર અનુસાર પ્રભાવતી અને હિરણ્યવર્માની કથા કહી સંભળાવી. એ સાંભળીને તે દંપતિને એકબીજા માટે વધારે ગાઢ પ્રીતિ થઈ ગઈ. બરાબર જ છે કે પૂર્વભવના પોતાના નિકટ સંબંધીનું જ્ઞાન થતાં કોને પ્રીતિ ન થાય? થાય જ.

એક સમયની વાત છે કે આદિત્યગતિએ આકાશમાં ઘનઘોર વાદળાને જોયા અને પલભરમાં છૂટા પડી ગયા. એ જોઈને તેને સંસાર–શરીર–ભોગોથી વિરક્તિ થઈ ગઈ. **બરાબર જ છે કે જે જીવોનું હોનહાર–ભવિતવ્ય સારું હોય અથવા તો એમ કહો કે જેની કાળલબ્ધિ પાકી ગઈ છે તેને આવા નિમિત્ત સ્વતઃ મળી જાય છે અને તે નિમિત્ત પામીને**

**પોતાના આત્મહિતની તરફ લાગી જાય છે અને પછી એક મિનિટ પણ સમય બગાડતા નથી.** આદિત્યગતિએ પણ ઠીક એમ જ કર્યું. તેણે તરત જ હિરણ્યવર્માને બોલાવ્યો અને તેને પોતાનું તમામ રાજ્ય સોંપી અને પોતે જિનદિક્ષા લઈ લીધી કારણ કે જૈનેશ્વરી દીક્ષા જ એક એવી દીક્ષા છે કે જેમાં આ કાર્ય પણ હેય સમજવામાં આવે છે. પછી ઘણો સમય હિરણ્યવર્માએ ન્યાય–નીતિપૂર્વક ઘણા દિવસો સુધી રાજ્ય કર્યું અને કોઈ એક સમયે કોઈ નિમિત્ત પામીને તે પણ સંસારથી વિરક્ત થઈ ગયા. તેમણે પણ નીતિ અનુસાર પોતાના પુત્ર સ્વર્ણવર્માને રાજ્ય સોંપીને સ્વયં તપશ્ચરણ કરવા માટે વનવિહારી બની ગયા. પોતાના પતિને દીક્ષિત જોઈને પ્રભાવતીએ પણ ગુણવતી નામની આર્યિકા પાસે જિનદીક્ષા લઈ લીધી અને ઘોર તપશ્ચરણ આદિથી શરીરને સુકાવવા તથા શાસ્ત્ર-સ્વાધ્યાય દ્વારા જ્ઞાનને વધારવા લાગી.

કેટલાક દિવસો પછી તે બંનેએ ત્યાંથી વિહાર કર્યો અને વિહાર કરતાં કરતાં પુંડરીકની નગરીમાં પહોંચ્યા. ત્યાં પ્રભાવતીને જોઈને પ્રિયદત્તા શેઠાણીએ સંઘની ગુરાણીથી પૂછ્યું કે આ કોણ છે કે જેને જોતા જ મારા મનમાં તેના પ્રત્યે સ્નેહ થાય છે? તેનું કારણ મને જણાવો. આ સાંભળીને પ્રભાવતીએ સ્વયં કહ્યું કે તમને ઘરમાં રહેવાવાળા કબૂતર–કબૂતરીની યાદ નથી? યાદ કરો, હું તે રતિષેણા નામની કબૂતરીનો જીવ જ છું. આ સાંભળીને શેઠાણીને ખૂબ જ આશ્ચર્ય થયું અને તેણે ફરી પૂછ્યું કે તે રતિવર કબૂતર ક્યાં છે? પ્રભાવતીએ કહ્યું કે તે પણ મરીને વિદ્યાધરોના ઈશ્વર હિરણ્યવર્મા રાજા થયા છે અને જે અત્યારે મુનિદીક્ષા ધારણ કરીને વિહાર કરતાં આ નગરીમાં આવ્યા છે. પ્રિયદત્તા શેઠાણીએ મુનિ પાસે જઈને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. ત્યારપછી, તે પણ મુનિરાજના ઉપદેશથી આર્જિકા થઈ ગઈ અને ઉત્તમક્ષમાનું પાલન કરવા લાગી. બરાબર જ છે કે વૈરાગ્યનું ફળ જ આવું હોય છે.

ત્યારબાદ, મુનિરાજ હિરણ્યવર્માએ કોઈ એક સમયે સાત દિવસ માટે સ્મશાનમાં પ્રતિમાસનથી યોગ ધારણ કર્યો. આ બાજુ દુષ્ટ બિલાડાના જીવ વિદ્યુત ચોરે પ્રિયદત્તની દાસીના મોઢેથી તે મુનિરાજના પાછલા ભવોનું વર્ણન સાંભળીને વિભંગાવધીથી મુનિમહારાજને સ્મશાન ભૂમિમાં ધ્યાનસ્થ જાણીને તે ચોર ત્યાં આવ્યો અને તે દુષ્ટે સળગતી ચિતામાં મુનિરાજ હિરણ્યવર્મા અને આર્જિકા પ્રભાવતીને એકસાથે હોમી દીધા. તે સમયે તે બંને અગ્નિના તીવ્રતર ભયાનક પરિષહને શુદ્ધ અને સમતા ભાવોથી સહન કરીને મર્યા અને તેના પુણ્ય–પ્રતાપથી સ્વર્ગમાં ઉચ્ચ જાતિના દેવ થયા. આ વાત જ્યારે સ્વર્ણવર્માને ખબર પડી ત્યારે તેણે વિદ્યુત ચોરને મારી નાખવાની આજ્ઞા કરી. સ્વર્ણવર્માના એ વિચારને અવધિજ્ઞાનથી તે દેવને ખબર પડી ગઈ અને તે બંને યતિનું રૂપ ધારણ કરીને આવ્યા અને સ્વર્ણવર્માને સમજાવીને તેનો ક્રોધ શાંત કરી દીધો. એ ઠીક જ છે. સાધુ–મહાત્માઓના વચન ક્યારે પણ વિફળ નથી જતા. ત્યારબાદ, તે બંને દિવ્યશરીરધારી દેવોએ સ્વર્ણવર્માને દિવ્ય વસ્ત્રાભૂષણ ભેટ આપીને સ્વર્ગમાં જતા રહ્યા.

કેટલાક સમય પછી કોઈ સમયે તે બંને દેવ ત્યાં પાછા આવ્યા અને તેમણે મહામુનિ ભીમને જોઈને તેમને નમસ્કાર કર્યાં અને તેમનાથી ધર્મ–શ્રવણ કર્યો. મુનિમહારાજે કહ્યું કે આ ધર્મ દયામય છે અને તે દયા સત્ય અને સંયમ પાલન

કરવાથી થાય છે. અદત્તાત્યાગ અને પરિગ્રહત્યાગથી પણ ધર્મ થાય છે. આ ધર્મ જ જીવોનું કલ્યાણ કરવાવાળું છે અને મનવાંછિત પદાર્થ દેવાવાળું છે. આ સાંભળીને દેવોએ ફરી કહ્યું કે હે સ્વામિન્! આપના દીક્ષિત થવાનું કારણ કૃપા કરીને અમને કહો.

તેના ઉત્તરમાં મુનિરાજે કહ્યું કે હું આ જ પુંડરીકની નગરીમાં એક દરિદ્ર કુળમાં ઉત્પન્ન થયો હતો. મારું નામ ભીમ છે. એક સમયે મોકો મળતા મેં એક મુનિરાજથી ધર્મનું શ્રવણ કર્યું જેથી મેં આઠ મૂળગુણોનું પાલન કર્યું અને શ્રાવકના વ્રત અંગીકાર કર્યા. આ વાત મેં ઘરે જઈને મારા પિતાજીને કહી તો તે મારા ઉપર ખૂબ જ નારાજ થયા અને ઘણું ભલું–બૂરું સંભળાવ્યું. પણ મેં તેમની કોઈ વાત ન માની. મને તે વખતે જાતિસ્મરણ થઈ ગયું હતું તેથી મને મારા પૂર્વભવની બધી વાત ખબર પડી ગઈ હતી. હું એ સમયે સંસારથી વિરક્ત થઈને સાધુ થઈ ગયો.

તેમણે આગળ કહ્યું કે હું વિચારવા લાગ્યો કે હું મારા પૂર્વના ભવમાં પહેલાં ભવદેવ નામનો વૈશ્યપુત્ર હતો. ત્યાં મેં વિરોધને કારણે રતિવેગા અને સુકાંતને મારી નાખ્યા. ત્યાંથી મરીને તે બંને કબૂતર–કબૂતરી થયા ત્યારે હું બિલાડો થયો હતો. આ પર્યાયમાં પણ મેં પૂર્વના વિરોધને કારણે તે કબૂતર–યુગલને મારી નાખ્યું. ત્યાંથી તેઓ હિરણ્યવર્મા અને પ્રભાવતી થયા ત્યારે હું વિદ્યુતચર ચોર થયો અને ત્યાં પણ પૂર્વના વિરોધથી સળગતી અગ્નિમાં બંનેને નાખીને મારી નાખ્યા. તે મહાપાપના કારણે જે ભયાનક દુઃખનું સ્થાન જે નરક છે ત્યાં ગયો અને ત્યાં અનેક પ્રકારની ભૂખ, તરસ, ઠંડી, ગરમી આદિ યાતનાઓ સહન કરવી પડી. **બરાબર જ છે કે પાપ જીવોને દુઃખ જ આપે છે.** નરકમાંથી નીકળીને સંસારચક્રમાં મને જે ચક્કર લગાવવા પડ્યા છે તેનાથી મારો આત્મા એટલો સંક્લેષિત થઈ ગયો છે કે હું તે શબ્દો દ્વારા વર્ણન નથી કરી શકતો.

આ વિચિત્ર કથા સાંભળી તે દેવોને ખૂબ જ આશ્ચર્ય થયું. તેમને અવધિજ્ઞાન દ્વારા બધી વાતોનું સ્પષ્ટ જ્ઞાન થઈ ગયું કે ભીમ મુનિરાજે વિદ્યુતચર ચોરના ભવમાં જે મુનિ-અર્જિકાને સળગતી ચિતામાં બાળી નાખ્યા તે અમે જ હતા. તેથી તેઓ પણ સંસારને કંટક સમાન ગણવા લાગ્યા. પરંતુ તે શાતારૂપ વેદનીય કર્મના ઉદયથી સ્વર્ગમાં જઈને દેવાંગનાઓ સાથે સ્વર્ગીય સુખનો અનુભવ કરવા લાગ્યા. તેમના ગયા પછી નિર્ભય મહામુનિ ભીમે બાર ભાવનાઓનું ચિંતવન કર્યું અને કઠિનતર તપ તપીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તથા અઘાતિયા કર્મોનો ઘાત કરીને મોક્ષમાં જઈને બિરાજમાન થઈ ગયા કે જ્યાં જીવોને અનંત સુખની પ્રાપ્તિ થાય છે.

અહીંયા સુલોચના પોતાના સ્વામી જયકુમારને યાદ કરાવે છે કે હે નાથ! એ વખતે આપણે પણ મુનિવંદના માટે ગયા હતા અને તેમની વંદના કરીને પાછા સ્વર્ગમાં જતા રહ્યા હતા. ત્યારપછી, સ્વર્ગમાંથી ચ્યવીને આપ ભરતક્ષેત્રના હસ્તિનાપુરના રાજા સોમપ્રભના પુત્રરત્ન થયા અને હું રાજા અકંપનની પુત્રી સુલોચના થઈ. એ જ કારણ છે કે આજે કબૂતરના જોડાને જોઈને આપ તો ''હા પ્રભાવતી'' કહીને મૂર્છિત થઈ ગયા અને હું તે ભવના મારા સ્વામી રતિવરને

યાદ કરીને ''હા રતિવર'' કહીને મૂર્છિત થઈ ગઈ. આ રીતે આપણે અહીં સુંદર ક્રીડા કરવાવાળા દંપતિ થયા છીએ અને નિમિત્ત મળતા આપણને જાતિસ્મરણ પણ થઈ ગયું. આ રીતે, સુલોચનાએ પોતાના પૂર્વભવની બધી વાત કહી સંભળાવી કે જેને સાંભળીને જયકુમારને ખૂબ જ આનંદ થયો. બરાબર જ છે કે સ્ત્રીઓના કોમળ વચનોથી કોણ પ્રસન્ન નથી થતું?



આ રીતે, એ દંપતિ મનવાંછિત ભોગ ભોગવતા પોતાના સમયને આનંદથી વ્યતીત કરવા લાગ્યા. આ લોકો પાસે વિદ્યાધરના ભવમાં પ્રાપ્ત કરેલી ઘણી વિદ્યાઓ હતી જેના કારણે તેઓ મેરુ અને કુલાચલો પર જ્યાં પણ તેમની ઈચ્છા થતી હતી ત્યાં જઈને અનેક પ્રકારની ક્રીડા કરતાં હતા અને સાંસારિક સુખોનો આસ્વાદ લેતા હતા. એક સમયની વાત છે કે જયકુમાર ક્રીડા કરવા માટે કૈલાસ પર્વતના વનમાં ગયા હતા. ત્યાં એક સ્થાને સુલોચનાને એકલા છોડીને પોતે થોડે દૂર નીકળી ગયા. એ જ સમયે દૈવાત્ ઈન્દ્રએ પોતાની સભામાં જયકુમારના શીલવ્રતની ખૂબ જ પ્રશંસા કરી અને સુલોચનાના પતિવ્રતની પણ તે જ રીતે સરાહના કરી.

આ વાત ત્યાંના એક રવિપ્રભ નામક દેવને સહન ન થઈ. તેણે તરત જ કાંચના નામની એક સુંદર અપ્સરાને જયની પાસે મોકલી. તે જયની પાસે આવીને એવી રીતે કહેવા લાગી કે આ જ ભરતક્ષેત્રમાં વિજયાર્દ્ધની ઉત્તર શ્રેણીમાં એક સુંદર રત્નપુર નગર છે. ત્યાંનો રાજા પિંગલાધાર છે. તેની રાણીનું નામ સુપ્રભા અને કન્યાનું નામ વિદ્યુત્પ્રભા છે કે જે હાવભાવથી પૂર્ણ છે. હું એ જ વિદ્યુત્પ્રભા છું. મારો વિવાહ રાજા નાભી સાથે થયો હતો. એકવાર મેં તમને મેરુના નંદનવનમાં ક્રીડા કરતાં જોયા હતા, ત્યારથી જ તમને પ્રાપ્ત કરવાની મારી લાલસા થઈ રહી છે. મારું મન તમારી તરફ સંપૂર્ણ રીતે ખેંચાઈ ગયું છે. હે નાથ! આટલા દિવસો સુધી આપના દર્શન નહોતા થયા. આજે શુભ ભાગ્યોદયથી આપના દર્શન કરવાનો મને મોકો મળ્યો છે. અતઃ હે નાથ! મને સ્વીકાર કરો અને મારી સાથે મનવાંછિત ભોગ ભોગવો.

વિદ્યુત્પ્રભાની એ વાત સાંભળીને અને તેની એ નિંદ્ય ચેષ્ટા જોઈને જયકુમારે કહ્યું કે તું મનમાં આવા ઘૃણિત પાપના વિચારો ન કર. મારે પરસ્ત્રીનો ત્યાગ છે. તું અત્યારે જ અહીંથી ચાલી જા. આ રીતે મેઘેશ્વરે તેને ધમકાવી. આ જોઈને વિદ્યુત્પ્રભાને ખૂબ જ ગુસ્સો આવ્યો. તે રાક્ષસણીનું રૂપ બનાવીને જયકુમારને અનેક પ્રકારે ઉપદ્રવ કરવા લાગી. પરંતુ જય પોતાને વશ ન થયો તો ત્યાંથી ભાગીને તે સુલોચના પાસે આવી. સુલોચનાએ પણ તેની ખબર લીધી. અંતમાં તેના અખંડ અને દૃઢ શીલના માહાત્મ્યથી ડરીને અદૃશ્ય થઈ ગઈ.

**શીલની ખૂબ જ મહિમા છે. શીલવ્રતધારી વ્રતીઓથી જ્યારે દેવતાઓ પણ ડરી જાય છે ત્યારે બીજાની તો વાત જ શું?** તે અપ્સરાએ સ્વર્ગમાં પહોંચીને પોતાના સ્વામી પાસે જયકુમાર-સુલોચનાની શીલની મુક્તકંઠથી પ્રશંસા કરી. તેની એ વાત સાંભળીને રવિપ્રભને ખૂબ જ આશ્ચર્ય થયું. તે તુરત જ ત્યાં આવ્યો અને આવીને તેણે તે દંપતિને નમસ્કાર કર્યા અને પોતાની બધી વાત તેમને કહી સંભળાવી અને અંતમાં બોલ્યો કે હું આપનો મોટો ગુનેગાર છું. કૃપા કરીને મને ક્ષમા

કરો. ત્યારબાદ, તેણે તે દંપતિને વસ્ત્રાભરણ ભેટ કર્યા અને તેમની સ્તુતિ કરી. પછી તે પોતાના સ્થાને ચાલ્યો ગયો. આ બાજુ જયકુમાર પણ પોતાની પ્રિયા સુલોચનાની સાથે પોતાના સ્થાન હસ્તિનાપુર ચાલ્યા આવ્યા.

એક સમય અનેક રાજાઓ દ્વારા પૂજિત જયકુમારનું ચિત્ત સંસારની ક્ષણભંગુરતાની તરફ ગયું અને તે એટલી ઊંડી વિચારણામાં ઊતરી ગયા કે તેઓ સંસારને એકદમ અનિત્ય સમજવા લાગ્યા. તેમણે આદિનાથસ્વામી પાસે જઈને ધર્મનો સારી રીતે ઉપદેશ સાંભળ્યો. ઉપદેશ સાંભળીને તે સંસાર, શરીર, ભોગોથી વિરક્ત થઈ ગયા અને તેમણે પોતાના મોટા પુત્ર અનંતવીર્યને રાજ્ય આપ્યું અને પોતે ઘણા રાજાઓ સહિત દિગંબર દીક્ષા ધારણ કરી લીધી. ત્યારબાદ, થોડા જ દિવસોમાં સપ્તઋદ્ધિ અને મનઃપર્યયજ્ઞાન પ્રાપ્ત કરીને તેઓ આદિનાથ ભગવાનના એકોતેરમાં ગણધર થઈ ગયા અને ક્રમથી ઘાતિયા કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાની બની ગયા.

આ બાજુ, સ્વામીના વિરહથી પીડિત સુલોચનાએ પણ વિરક્ત થઈ સુભદ્રા નામની ભરત મહારાજની પત્નીની સાથે બ્રાહ્મી આર્જિકાની પાસે આર્જિકાના વ્રત ધારણ કરી લીધા અને ઘોર તપ કરીને અંતમાં સંન્યાસમરણ પૂર્વક શરીર ત્યાગ કર્યો કે જેથી તે સોળમાં અચ્યુત સ્વર્ગમાં સ્ત્રીપર્યાયનો છેદ કરીને દેવ થઈ ગઈ.

ત્યારબાદ, ભગવાન આદિનાથે સંપૂર્ણ દેશોમાં વિહાર કરીને ધર્મામૃતની વર્ષા કરી અને વિહાર કરતાં કરતાં કૈલાશ પર્વત ઉપર પહોંચ્યા. ત્યાં તેમણે ચૌદ દિવસ સુધી મુક્તિને સાધક યોગ ધારણ કરી યોગનો નિરોધ કર્યો અને માઘ કૃષ્ણા ચતુર્દશીની સવારે (સૂર્યોદયના સમયે) પૂર્વ તરફ મુખ કરીને પદ્માસનમાં ઔદારિક શરીર છોડીને અક્ષયપદ જે મોક્ષપદ છે તેને પ્રાપ્ત કર્યું. તે સમયે સુર–અસુર આદિ દેવતાઓએ પ્રભુનો મોક્ષકલ્યાણક મહોત્સવ ખૂબ જ ભક્તિભાવથી ઉજવ્યો અને સિદ્ધિની અભિલાષાથી સાતિશય પુણ્યબંધ કર્યો. ત્યારબાદ, જય પણ ઘાતિ–અઘાતિ કર્મોને નષ્ટ કરીને કલ્યાણમય અવિનાશી જે મોક્ષ અવસ્થા છે તેના ભોક્તા થઈ ગયા. તે જયની જય હો જે સંસારના વિજેતા અને સર્વ શાસ્ત્રોના પૂર્ણ જ્ઞાતા છે તથા શત્રુરૂપી જે પ્રબળ દાવાનળ–અગ્નિ તેને શાંત કરવા માટે મેઘ સમાન છે તથા જેમણે પ્રબળ કર્મરૂપી મળનું પ્રબળ શુદ્ધિ દ્વારા માર્જન કરી દીધું છે, જેની ભવ્યજન અનેક પ્રકારે સ્તુતિ કરે છે તથા જે કૌરવોના શિરોમણિ છે.

આ રીતે, ભગવાન આદિનાથસ્વામી તત્ત્વોનું સ્વરૂપ બતાવીને ઘણા જીવોને સંસારથી પાર કરીને પોતે કૈલાશ પર્વત પરથી નિર્વાણ ચાલ્યા ગયા. હવે, ઘરમાં જ વૈરાગી શુદ્ધ સંવેગી દયાળુ ભરત મહારાજ મોક્ષ લાભ કરે!

**॥ અધ્યાય ત્રીજો સમાપ્ત ॥**

# અધ્યાય ચોથો

એ આદિનાથ ભગવાનને મારા નમસ્કાર હજો કે જેઓ પુરાણ–પુરુષોમાં શ્રેષ્ઠ છે, જેમની કીર્તિ સંસારમાં અક્ષુણ્ણ પ્રસરી રહી છે, જેમણે કામરૂપી પહાડોને છેદીને ઉત્તમ અવસ્થા જે મોક્ષ અવસ્થા છે તેને પ્રાપ્ત કરી છે.

જય પછી કુરુવંશમાં અનંતવીર્ય રાજા થયો. તેની પછી કુરુચંદ્ર, શુભંકર, ધૃતિંકર, ધૃતિદેવ અને ગુણોના પુંજ ગુણદેવ રાજા થયા. તેના પછી ધૃતિમિત્ર આદિ ઘણા રાજાઓએ આ વંશને સુશોભિત કર્યો. તેમના પછી ભ્રમઘોષ, હરિઘોષ, હરિધ્વજ, રવિઘોષ, મહાવીર્ય, પૃથ્વીનાથ, પ્રથુ, ગમ્યાહન આદિ સેંકડો પ્રતાપી રાજા થયા. તેમના પછી સનત્કુમાર, સુકુમાર, વીરકુમાર, વિશ્વ, વૈશ્વનર, વિશ્વધ્વજ અને બૃહત્કેતુ આદિ ઘણા પરાક્રમી રાજાઓએ આ વંશમાં જન્મ લીધો. તેમના પછી વિશ્વસેન મહારાજાએ આ વંશને અલંકૃત કર્યો. આ રાજાને ત્યાં જ સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ સ્વામીનો જન્મ થયો છે. હવે, સંક્ષેપમાં શાંતિનાથ તીર્થંકરનું ચરિત્ર કહેવામાં આવે છે કે જે સંસારના કર્મમળથી મલિન છે તેવા આત્માઓને માટે સદ્‌બોધ અને સદ્‌ચારિત્રના પ્રરુપક થશે. જેનું શ્રવણ કરવામાત્રથી તેમના કર્મનો ભાર હલકો થઈ જશે. તેથી, તે પુણ્યમયી ચરિત્રને સ્થિર મન થઈને સાંભળો.

આ જ ભરતક્ષેત્રની વચ્ચે એક વિજ્યાર્ધ નામનો પર્વત છે. તેની દક્ષિણ શ્રેણીમાં રથનૂપુર નામનું એક નગર છે. ત્યાંના રાજાનું નામ જ્વલનજટી અને તેની રાણીનું નામ વાયુવેગા હતું. તેમને અર્કકીર્તિ નામનો એક પુત્ર હતો તથા સ્વયંપ્રભા નામની એક પુત્રી હતી કે જે શીલ, ગુણ, રુપ આદિથી સુશોભિત હતી. એક દિવસ રાજાને સમાચાર મળ્યા કે વનમાં જગનંદન અને અભિનંદન નામના બે મુનિરાજ આવ્યા છે તો સમાચાર સાંભળતાં જ તેમની વંદના કરવા તે વનમાં ગયા. ત્યાં જઈને તેમણે મુનિચરણોની વંદના કરી અને તેમનાથી ધર્મનો ઉપદેશ સાંભળ્યો તથા સમ્યગ્દર્શન ધારણ કર્યું. સાથે સાથે સ્વયંપ્રભાએ પણ મુનિરાજનો ઉપદેશ સાંભળ્યો. પછી મુનિરાજોને નમસ્કાર કરીને રાજા પોતાના નગરમાં પાછો ચાલ્યો ગયો.

એક દિવસ પર્વના દિવસોમાં સ્વયંપ્રભાએ ખૂબ જ પ્રસન્નતાપૂર્વક ઉપવાસ કર્યા જેથી તેનું આખું શરીર સુકાઈ ગયું હતું પરંતુ ઉપવાસના કારણે શરીરની કાંતિ યથાવત હતી. સ્વયંપ્રભાએ ખૂબ જ ભક્તિભાવથી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી અને તેમના ચરણકમલમાં નમસ્કાર કરીને ગંધોદક પિતાને આપ્યું. પિતાએ ખૂબ જ આદર અને ભક્તિભાવથી ગંધોદકને મસ્તક પર ચડાવ્યું. જ્વલનજટીએ પોતાની પુત્રીને યૌવનવતી જોઈને એ નિશ્ચય કર્યો કે તેના વિવાહ તેને યોગ્ય કોઈ ઉત્તમ વર સાથે કરવા જોઈએ. પરંતુ, તે નિશ્ચય ન કરી શક્યો કે આ સુંદર કન્યા કોને આપવી જોઈએ. તે માટે તેણે

પોતાના મંત્રીવર્ગને બોલાવ્યા અને તેમનાથી પરામર્શ કર્યો.

શાસ્ત્રના જાણકાર સુશ્રુત નામના મંત્રીએ કહ્યું કે મહારાજ! આ જ વિજ્યાર્દ્ધની ઉત્તર શ્રેણીમાં એક અલકાપુરી નગરી છે કે જે યથાનામ તથાગુણવાળી છે. ત્યાંનો રાજા મયૂરગ્રીવ છે. તેની રાણીનું નામ નિલાંજના છે. તેને ઘણા પુત્રો છે. જેના નામ અશ્વગ્રીવ, નીલકંઠ, વજ્રકંઠ ઈત્યાદિ છે. તેમાં અશ્વગ્રીવની સ્ત્રીનું નામ કનકચિત્રા છે, તેના પાંચ સો પુત્ર છે. અશ્વગ્રીવને હરિસ્મશ્રુક નામનો મંત્રી છે અને શતબિંદુ નામનો નિમિત્તજ્ઞાની છે. રાજા અશ્વગ્રીવ ત્રણ ખંડ પૃથ્વીના સ્વામી છે. મારી સલાહ એ છે કે આપ તમારી કન્યા તેને આપો તો અતિ ઉત્તમ છે. કન્યા તેમને ત્યાં ખૂબ સુખ ભોગવશે અને આપને પણ શાંતિ મળશે.

સુશ્રુત મંત્રીના વચનો સાંભળીને બહુશ્રુત નામના મંત્રીએ કહ્યું કે જોકે તમે જે વાત કહી તે બરાબર છે પરંતુ અશ્વગ્રીવની અવસ્થા–ઉંમર વધારે છે. તેથી તેને કન્યા આપવી મને ઉચિત નથી લાગતું. વરમાં નીચે લખેલા નવ ગુણ જોઈને જ કન્યા આપવી જોઈએ : ૧. ઉચ્ચજાતિ, ૨. નિરોગતા, ૩. યોગ્ય આયુ, ૪. શીલ, ૫. શાસ્ત્રજ્ઞાન, ૬. સુંદર સુડોલ શરીર, ૭. ધનસંપત્તિ, ૮. પક્ષ, ૯. કુટુંબ. આ નવ વાત કન્યા આપતા સમયે વરમાં અવશ્ય હોવી જોઈએ. અશ્વગ્રીવમાં આ નવ વાતોમાંથી કેટલીક વાતો નથી મળી આવતી. તેથી, કોઈ બીજો જ વર કન્યા માટે ગોતવો જોઈએ. કારણ કે બધી વાતોનો વિચાર કરીને જ બુદ્ધિમાન પોતાની કન્યા પ્રદાન કરે છે કે જેથી કન્યાને ભવિષ્યમાં સુખ મળે. તેણે કહ્યું કે મહારાજ! ગગનવલ્લભપુરમાં સિંહરથ, મેઘપુરમાં પદ્મરથ, ચિત્રપુરમાં અરિંજ્ય, અશ્વપુરમાં હેમરથ, રત્નપુરમાં ધનંજય આદિ ઘણા રાજાઓ રહે છે. તેમાંથી આપને જે અધિક રુચે તેને કન્યા આપો.

આ વાત થઈ જતા ત્રીજો શ્રુતસાગર નામનો મંત્રી બોલ્યો કે મહારાજ! સ્વયંપ્રભાને યોગ્ય વર કહું છું તે સાંભળો. વિજ્યાર્દ્ધની ઉત્તર શ્રેણીમાં સુરેન્દ્રકાંત નામનું એક નગર છે. ત્યાંનો રાજા મેઘવાહન છે. તેની સ્ત્રીનું નામ મેઘમાલિની છે. તેમને વિદ્યુત્પ્રભ નામનો એક પુત્ર છે તથા જ્યોતિર્માલા નામની એક પુત્રી છે. એક સમય રાજા મેઘવાહન સિદ્ધકૂટ ચૈત્યાલય ગયો હતો. ત્યાં તેમણે એક ચારણમુનિને જોયા કે જેમનું નામ વરધર્મ હતું. તેણે મહામુનિરાજને નમસ્કાર કર્યા અને તેમનાથી ધર્મનો ઉપદેશ શ્રવણ કર્યો તથા પોતાના પુત્ર વિદ્યુત્પ્રભના પૂર્વભવનો વૃત્તાંત પૂછ્યો. ઉત્તરમાં દયાળુ મુનિરાજે કહ્યું કે—

જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહમાં વત્સ્યકાયવતી નામનો એક દેશ છે. તેમાં પ્રભાપુરી નામનો એક દેશ છે. તે નગરીનો રાજ નંદન હતો. તેને જયસેના નામની રાણી હતી તથા તે બંનેને વિજયભદ્ર નામનો પુત્ર હતો. એક દિવસ વિજયભદ્ર વનક્રીડા કરવા વનમાં ગયો હતો ત્યાં વૃક્ષ ઉપરથી એક ફળને નીચે પડતા જોઈને સંસારથી વિરક્ત થઈ ગયો અને પિહિતાશ્રવ મુનિરાજ પાસે જઈને અન્ય ચાર હજાર રાજાઓની સાથે દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી. થોડા સમયમાં તે શાંત પરિણામોથી મરીને ચોથા સ્વર્ગમાં–માહેન્દ્ર સ્વર્ગમાં ચક્રક વિમાનમાં દેવ થયો. ત્યાં તેણે સાત સાગરનું આયુષ્ય

પ્રાપ્ત કર્યું. ત્યાંથી ચ્યવીને તારે ત્યાં વિદ્યુત્પ્રભ નામનો પુત્ર થયો છે અને થોડા જ સમયમાં નિશ્ચયથી મોક્ષમાં જશે.

શ્રુતસાગર નામનો મંત્રી રાજા જ્વલનજટીને કહી રહ્યો છે કે જે સમયે આ કથા ચાલી રહી હતી તે સમયે હું ત્યાં જ હતો. પિહિતાશ્રવ મુનિ દ્વારા આ કથા મેં મારા કાનથી સાંભળી છે. આથી, મારી સલાહ એમ છે કે તમે તમારી કન્યા તેને જ આપો અને જ્યોતિર્માલા જે તેની પુત્રી છે તે આપના કુમાર અર્કકીર્તિને યોગ્ય છે. આથી, આપણે તેને અર્કકીર્તિ માટે લઈ લઈશું.

શ્રુતસાગરનાં ઉપર્યુક્ત વચન સાંભળીને સુમતિ મંત્રીએ કહ્યું કે રાજન્! કન્યાને પ્રાયઃ બધા જ વિદ્યાધર ચાહે છે તેથી તેને કોઈ એક ને આપી દેવાથી ઘણો વેર–વિરોધ થઈ જશે. આથી, મારી રાય એવી છે કે સ્વયંવર કરવો અતિ ઉત્તમ રહેશે. આવું કરવાથી કોઈને કહેવા–સાંભળવાનો મોકો જ નહીં મળે. આટલું કહીને તે મંત્રી બેસી ગયો. રાજાને તેની વાત ગમી ગઈ. તેણે મંત્રીવર્ગને વિદા કર્યા અને એકાંતમાં એક સંભિન્નશ્રોતૃ નામના પૌરાણિક પંડિતને બોલાવીને તેને પૂછ્યું કે તમે એ કહો કે અમારી સ્વયંપ્રભા કન્યાનો પતિ કોણ થશે? આ સાંભળીને પૌરાણિકજીએ કહ્યું કે શાસ્ત્રના આધારથી હું આપની સામે પ્રતિપાદન કરું છું તે આપ ધ્યાનપૂર્વક સાંભળો.

સુરમ્ય દેશમાં પોદનાપુર નગર છે, તેનો રાજા પ્રજાપતિ છે. તેને ભદ્રા અને મૃગાવતી નામની બે રાણીઓ છે. ભદ્રાના પુત્રનું નામ વિજય અને મૃગાવતીના પુત્રનું નામ ત્રિપૃષ્ઠ છે. અગિયારમાં તીર્થંકર શ્રી શ્રેયાંસનાથના તીર્થમાં ત્રિપૃષ્ઠ નારાયણ અને વિજય બળભદ્ર થશે. તે બંને મહાબળી રાજા અશ્વગ્રીવને મારીને ત્રિપૃષ્ઠ ત્રણ ખંડના અધિપતિ થશે તથા સંસારના પરિભ્રમણનો અંત કરીને તીર્થંકર(મહાવીર) થશે. તેથી, ત્રણ ખંડના અધિપતિ ત્રિપૃષ્ઠને જ કન્યા આપવી જોઈએ. કન્યા તેના મનને મોહિત કરીને કલ્યાણની ભાગિની બનશે તથા તેના નિમિત્તથી આપ પણ વિદ્યાધરોના સ્વામી બનશો. ત્રિપૃષ્ઠ ખૂબ જ પરાક્રમશાળી પ્રભુતાસહિત છે.

પૌરાણિકના આ પ્રકારના વચનો સાંભળીને રાજા ખૂબ જ પ્રસન્ન થયો અને તેણે પૌરાણિકને ખૂબ જ સારી ભેટો આપીને સાદર વિદા કર્યા. ત્યારબાદ, રાજાએ તે જ સમયે ઈન્દ્ર નામના દૂતને બોલાવ્યો અને તેને પત્ર તથા વર માટે ભેટ આપીને તથા બધી વાતો સમજાવીને મહારાજ પ્રજાપતિ પાસે પોદનાપુર મોકલ્યો. જ્યાં મહારાજ બિરાજમાન હતા ત્યાં મહેલના સભાભવનમાં દૂત પહોંચ્યો તથા જે ભેટ લાવ્યો હતો તે મહારાજની સામે રાખીને પત્ર હાથમાં આપીને કહેવા લાગ્યો કે હે નાથ! જ્વલનજટીની ઈચ્છા છે કે તેઓ તેમની પુત્રી સ્વયંપ્રભાને આપના પુત્રરત્ન ત્રિપૃષ્ઠને આપે. આ રીતે, દૂત પોતાની પ્રાર્થના કરીને એક બાજુ બેસી ગયો. રાજાએ પત્ર વાંચ્યો અને બધી વાત સમજી ગયા અને દૂતનો ખૂબ જ આદર સત્કાર કર્યો અને બદલાની ભેટ આપીને તેને કહ્યું કે જેવી તારા રાજાની ઈચ્છા હશે તેવું જ થશે. આમ કહીને દૂતને વિદા કર્યો.

દૂત પોદનાપુરથી પાછો રથનૂપુર આવ્યો અને ત્યાં આવીને તેણે પોતાના રાજાને ત્યાંના બધા સમચાર જેમના તેમ કહી સંભળાવ્યા. પોતાના મનોભિલષિત કાર્યની સિદ્ધિ જાણીને જ્વલનજટીને ખૂબ જ પ્રસન્નતા થઈ. ત્યારબાદ, વિશાળ વિભૂતિ અને ઠાઠમાઠ સાથે જ્વલનજટી સ્વયંપ્રભાને સાથે લઈને પોદનાપુર પહોંચ્યા. મહારાજ પ્રજાપતિ એ સમાચાર સાંભળીને સત્કાર કરવા માટે નગરથી બહાર આવ્યા અને ખૂબ જ સમ્માન સાથે જ્વલનજટીને નગરમાં લઈ આવ્યા અને સુંદર મનોરમ્ય મંડપમાં નિવાસ કરાવ્યો. ત્યારબાદ, જ્વલનજટીએ વિવાહની બધી સામગ્રી એકત્ર કરીને કન્યાના ત્રિપૃષ્ઠ સાથે વિધિપૂર્વક વિવાહ કરી દીધા. ભેટ સાથે તેણે પોતાના જમાઈને સિંહવિદ્યા, નાગવિદ્યા તથા તાર્ક્ષ્યવિદ્યા પણ આપી. કન્યાના વિવાહ કરાવીને જ્વલનજટી રથનૂપુર જતો રહ્યો અને નિશ્ચિંત થઈને સુખ ભોગવવા લાગ્યો.

આ જ સમયે ઉત્તર શ્રેણીની અલકાપુરીમાં કે જ્યાં અશ્વગ્રીવ રહેતો હતો ત્યાં ત્રણ પ્રકારના ઉપદ્રવ–દિવ્ય, ભૌમ અને અંતરિક્ષ–થવા લાગ્યા. પહેલાં ક્યારેય ન થયા હોય તેવા ભયાવહ ઉપદ્રવોને જોઈને ત્યાંના અધિવાસી લોકો ખૂબ જ આકુલિત થવા લાગ્યા. તે સમયે અશ્વગ્રીવે શતબિંદુ નામના નિમિત્તજ્ઞાનીને બોલાવ્યા અને તેને આ ઉપદ્રવના કારણ પૂછ્યા. નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે હે રાજન્! જેણે સિંધ દેશમાં કેહરિ સિંહને મારીને પોતાનું બળ દેખાડ્યું તથા જેણે તમારી પાસે આવતી ભેટને વચ્ચે જ જબરદસ્તી છીનવી લીધી તથા જે ધીરવીરે વિદ્યાધર જ્વલનજટીની પુત્રી સ્વયંપ્રભા સાથે વિવાહ કર્યો તેના દ્વારા તમને દુઃખ થશે એ જ આ ઉપદ્રવોનું ફળ છે. તેથી, આપ તેની શોધ કરો અને તમારો સારી રીતે પ્રબંધ કરો તથા તેનો નાશ કરવાનો પ્રયત્ન કરો. નિમિત્તજ્ઞાનીની આ વાત સાંભળીને રાજાએ તે જ સમયે પોતાના મંત્રીઓને આજ્ઞા કરી કે તમે લોકો શત્રુઓને જલદી શોધો અને શોધીને તેનું શિરઃછેદ કરી નાખો કારણ કે વિષવૃક્ષને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવું જ શ્રેયસ્કર છે. મંત્રીઓએ રાજાની આ વાત સાંભળતાં જ બધી જગ્યાએ શત્રુને જોવા માટે પોતાના ગુપ્તચર મોકલી દીધા. કેટલાક ગુપ્તચર પોદનાપુર પણ ગયા અને ત્યાં તેણે શતબિંદુની કહેલી સિંહવધ આદિ વાતોથી એ નિશ્ચય કર્યો કે અમારા મહારાજનો શત્રુ આ આત્માભિમાની ત્રિપૃષ્ઠ જ છે. તેના જ નિમિત્તે અમારે ત્યાં ભયાનક ઉપદ્રવ થઈ રહ્યા છે.

આટલા સમાચાર મેળવીને તે ગુપ્તચરો પોતાના મહારાજ અશ્વગ્રીવ પાસે ગયા અને બધા સમાચાર કહી સંભળાવ્યા. અશ્વગ્રીવ આ સમાચાર સાંભળીને ખૂબ જ ભયભીત થયો. તેણે તે જ સમયે ચિંતાગતિ અને મનોગતિ નામના બે દૂતને બોલાવીને ત્રિપૃષ્ઠ પાસે ભેટ લઈને મોકલ્યા. તે દૂત ત્રિપૃષ્ઠ પાસે ગયા અને તેમની સામે ભેટ રાખીને આદર સાથે બોલ્યા કે રાજન્! વિદ્યાધરોના અધિપતિ અશ્વગ્રીવે આપના માટે આજ્ઞા કરી છે કે તેઓ રથાવર્ત પર્વત ઉપર આવે છે અને તમે પણ આવીને તેમને મળો. તેથી અમે આપને લેવા માટે આવ્યા છીએ.

આ વાત સાંભળીને ત્રિપૃષ્ઠને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે ક્રોધથી કહ્યું કે મેં આજ સુધી ઉષ્ટ્રગ્રીવ, ખરગ્રીવ, અશ્વગ્રીવવાળા મનુષ્ય નથી જોયા! પછી આ અશ્વ–ઘોડા જેવી ડોકવાળો ક્યાંથી આવી ગયો? ત્રિપૃષ્ઠની વાત સાંભળીને

બંને દૂતોએ કહ્યું કે વિદ્યાધરોના સ્વામી અને સંસારના પૂજ્ય એવા પુરૂષોત્તમ માટે તમારે આવા શબ્દનો પ્રયોગ કરવો શોભા નથી દેતો! ત્રિપૃષ્ઠે કહ્યું કે જો તારો સ્વામી આકાશમાં ઉડવાવાળો ખગેશ–વિદ્યાધર છે તો યક્ષ–યુક્ત પક્ષી થયો; તો મારા જેવા રાજાએ પક્ષી જોવાની શી જરૂરત છે એ હું નથી સમજતો! આના ઉત્તરમાં ફરી દૂત બોલ્યા કે અમારા સ્વામી ચક્રનાયક છે, તેને જોયા વિના અભિમાનને વશ થઈને યદ્વા–તદ્વા વચન બોલવા ઠીક નથી. તેમના કોપથી શરીરમાં રહેવું પણ કઠીન થઈ જાય છે તો પછી પૃથ્વી પર રહેવું તો નિતાંત કઠીન છે. દૂતના આવા વચન સાંભળીને ત્રિપૃષ્ઠે કહ્યું કે જો તારો સ્વામી ચક્રનાયક અર્થાત્ કુંભાર છે તો એવાને માટે હું શું તો મોકલું અને શું એનાથી મેળ–મિલાપ કરું?

ત્રિપૃષ્ઠના આવા વચન સાંભળીને ક્રોધે ભરાઈને દૂતોએ કહ્યું કે જે કન્યા અશ્વગ્રીવને યોગ્ય હતી તે તમે ચોરી લીધી તો શું તે તમને એમ સહજમાં જ પચી જશે? જ્વલનજટી અને પ્રજાપતિ કઈ ખેતની મૂળી છે કે તેઓ ચક્રવર્તીના ક્રોધ સામે કાંઈ કરી શકવાના? આટલું કહીને બંને દૂત પાછા આવી ગયા તથા અશ્વગ્રીવને નમસ્કાર કરીને તેમની ત્રિપૃષ્ઠ સાથે જે કાંઈ વાતચીત થઈ હતી તે જેમની તેમ કહી સંભળાવી. અશ્વગ્રીવને આ વાત સાંભળી ખૂબ ક્રોધ આવી ગયો અને તેણે ક્રોધના આવેશમાં આવીને તરત જ રણભેરી વગડાવી દીધી. **બરાબર જ છે કે ભવિતવ્યતા અનુસાર જ બુદ્ધિ કામ કરે છે અને તે અનુસાર જ કાર્ય થાય છે.** સંસારવ્યાપી રણભેરીના શબ્દો સાંભળીને બધા રાજાઓ લડાઈના બધા સામાન સાથે અશ્વગ્રીવની સેનામાં આવીને ઉપસ્થિત થયા.

ત્યારબાદ, ચતુરંગ સેનાસહિત અશ્વગ્રીવ રથાવર્ત પર્વત તરફ રવાના થયો. તેના ગમનના શબ્દોથી દશે દિશાઓ ગુંજાયમાન થઈ ગઈ. જે સમયે અશ્વગ્રીવ લડાઈ માટે નીકળ્યો તે સમયે ઉલ્કાપાત થયો, વિજળી પડી તથા ધરતીકંપ આદિ અપશુકનસૂચક ચિહ્ન થયા. અશ્વગ્રીવને આવ્યો જાણી પ્રજાપતિના બંને પુત્રો પણ યુદ્ધ માટે તૈયાર થઈને ત્યાં આવી ગયા. બંને તરફની સેનામાં ભયંકર યુદ્ધ થવા લાગ્યું. આ જોઈને ત્રિપૃષ્ઠને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે આવેશમાં આવીને અશ્વગ્રીવને મારવા માટે તે સ્વયં તૈયાર થયો. આ બાજુ અશ્વગ્રીવ પણ પૂર્વ ભવના વેરથી ત્રિપૃષ્ઠ સાથે પહેલેથી જ યુદ્ધ કરવા તૈયાર હતો, પછી વાર જ શેની હતી? બંને તરફથી બાણોની વર્ષા થવા લાગી. આખું સૈન્ય બાણમય દેખાવા લાગ્યું. આ રીતે, સામાન્ય શસ્ત્રો દ્વારા તેમની વચ્ચે ઘણો લાંબો સમય યુદ્ધ ચાલ્યું પરંતુ તેનાથી કોઈનો પરાજય ન થયો ત્યારે વિદ્યાયુદ્ધ થવાનું શરૂ થયું. આ યુદ્ધ પણ ઘણો સમય ચાલ્યું. પછી જ્યારે અશ્વગ્રીવનું વિદ્યાબળ પૂરું થવા લાગ્યું ત્યારે તેણે અત્યંત ક્રોધિત થઈને પોતાના શત્રુ ઉપર ચક્ર ચલાવ્યું. ચક્ર ત્રિપૃષ્ઠની ત્રણ પ્રદક્ષિણા કરીને તેના હાથમાં આવી ગયું. અંતમાં ત્રિપૃષ્ઠે તે જ ચક્ર દ્વારા અશ્વગ્રીવની ગરદન કાપીને તેને ધરાશાયી કરી દીધો.

આ રીતે, વિજય અને ત્રિપૃષ્ઠ અડધા ભરતક્ષેત્રના અધિપતિ બની ગયા. તે સમયે રાજા, મહારાજા, વ્યંતર અને મગધ તેમની સેવા–સુશ્રુસા કરવા લાગ્યા. ત્યારબાદ, ત્રિપૃષ્ઠે જ્વલનજટીને બંને શ્રેણીના સ્વામી બનાવી દીધા. બરાબર

જ છે કે મહાપુરુષોની સંગતિથી સંસારની એવી કઈ વસ્તુ છે જે પ્રાપ્ત નથી થતી?! અર્થાત્ બધું જ મળી જાય છે. ત્યારપછી, પૂર્વપુણ્યકર્મના યોગથી નારાયણ ત્રિપૃષ્ઠને ૧. ખડ્ગ, ૨. શંખ, ૩. ધનુષ, ૪. ચક્ર, ૫. દંડ, ૬. શક્તિ અને ૭. ગદા–એ સાત રત્ન અને બળભદ્ર વિજયને ૧. રત્નમાળા, ૨. ગદા, ૩. મૂશળ અને ૪. હળ—એ ચાર રત્ન મળ્યા. આ દેવોપનીત રત્નોની હજારો દેવતા સેવા કરતાં હતા. નારાયણ ત્રિપૃષ્ઠને સોળ હજાર રાણીઓ હતી જેમાં પટ્ટરાણી સ્વયંપ્રભા જ હતી. બરાબર છે કે સૌભાગ્ય હોવું ખૂબ જ કઠણ છે. વિજય બળભદ્રને આઠ હજાર રાણીઓ હતી જે બધી શીલ, રૂપ આદિ ગુણોની ખાણ હતી.

ત્યારબાદ, રાજા પ્રજાપતિએ પણ પોતાની જ્યોતિર્માલા પુત્રીના વિવાહ જ્વલનજટીના પુત્ર અર્કકીર્તિ સાથે ખૂબ જ ઠાઠમાઠથી વિધિપૂર્વક કરી દીધા. જેનાથી તે બંનેમાં પરસ્પર ગાઢ પ્રીતિ થઈ ગઈ. અર્કકીર્તિ–જ્યોતિર્માલાને અમિતતેજ નામનો એક પુત્ર અને સુતારા નામની એક કન્યા થઈ. આ રીતે, નારાયણને પણ શ્રીવિજય અને બળભદ્ર નામના બે પુત્ર થયા અને જ્યોતિપ્રભા નામની એક કન્યા થઈ. ત્યારબાદ, કોઈ નિમિત્ત મળી જવાથી પ્રજાપતિ મહારાજ સંસાર, શરીર, ભોગથી વિરક્ત થઈ ગયા અને પિહિતાશ્રવ મુનિરાજ પાસે જઈને દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી તથા કઠીનમાં કઠીન તપ કરીને કર્મોનો નાશ કરી પંચમગતિ–મોક્ષગતિને પ્રાપ્ત કરી જ્યાંથી પાછું આવવાનું નથી થતું. આ વાત સાંભળીને જ્વલનજટીએ પણ પોતાના પુત્ર અર્કકીર્તિને રાજ્યભાર સોંપીને સ્વયં જગનંદન મુનિરાજ પાસે દિગંબરી દીક્ષા લઈ શુક્લધ્યાનના પ્રભાવથી મુક્તિવધૂના દુલ્હા બની ગયા.

ત્યારબાદ, જ્યોતિપ્રભા(નારાયણની પુત્રી)નો સ્વયંવર રચવામાં આવ્યો. તેણે અમિતતેજના ગળામાં વરમાળા નાખી અને અર્કકીર્તિની પુત્રી સુતારાએ શ્રીવિજયના ગળામાં વરમાળા નાખી. પછી, બંને કન્યાઓના ધામધૂમથી વિવાહ કરવામાં આવ્યા. ત્યારબાદ, ઘણો સમય નારાયણે રાજપાટનું સુખ ભોગવ્યું અને અંતમાં મરીને તે સાતમી નરકમાં ગયા અને વિજય બળભદ્રએ પોતાના પુત્ર શ્રીવિજયને રાજ્ય આપીને, પોતે ભાઈના વિયોગથી વ્યાકુળ થઈ સ્વર્ણકુંભ મુનિરાજ પાસે દીક્ષા ધારણ કરી લીધી. તેમની સાથે બીજા સાત હજાર રાજાઓએ પણ તપ ધારણ કર્યું. બળભદ્રએ થોડા જ સમયમાં ઘાતિયા કર્મોને નષ્ટ કરી સૌથી ઉત્કૃષ્ટ જ્ઞાન–કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ વાત સાંભળીને અર્કકીર્તિએ પણ પોતાના પુત્ર અમિતતેજને રાજ્ય આપીને વિપુલમતિ મુનિરાજના ચરણોમાં દીક્ષા ધારણ કરી લીધી તથા તપ કરીને અષ્ટકર્મોનો નાશ કરીને મોક્ષપદ પ્રાપ્ત કર્યું કે જ્યાં જીવને વાસ્તવિક અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે. પછી, શ્રીવિજય અને અમિતતેજ યુવરાજે ઘણા સમય સુધી રાજ્યસુખ ભોગવ્યું.

એક દિવસ પોદનાપુરના રાજાની સભામાં એક નવા માણસે આવીને રાજાને આશીર્વાદ આપ્યા ને બોલ્યો કે રાજન્! સાવધાન થઈને મારી વાતને સાંભળો. આજથી સાતમા દિવસે પોદનાપુરના રાજાના મસ્તક પર મહા વજ્રપ્રહાર થશે. આ વાત હું તને વિચારીને કહી રહ્યો છું. તમે તેનાથી બચવાનો અત્યારથી જ ઉપાય કરો. આ સાંભળીને શ્રીવિજયભદ્ર

યુવરાજને ગુસ્સો આવી ગયો અને બોલ્યો કે પંડિતજી મહારાજ! એ તો કહો કે એ સમયે આપના મસ્તક ઉપર શેની વર્ષા થશે? આ વાત સાંભળીને નિમિત્તજ્ઞાનીએ અહંકારભર્યા શબ્દોમાં કહ્યું કે એ સમયે મારા મસ્તક ઉપર અભિષેક પૂર્વક રત્નોની વૃષ્ટિ થશે અને ઉત્તમોત્તમ વસ્ત્રાભરણ પહેરવા મળશે. તેના આ પ્રકારના વચનો સાંભળીને શ્રીવિજયભદ્રને ખૂબ આશ્ચર્ય થયું. તેણે કહ્યું કે હે ભાઈ! તમે અહીં આવો અને બેસો, મારી વાત સાંભળો, કહો કે તમે કયા ગોત્રમાં ઉત્પન્ન થયા છો? કોણ તમારા ગુરુ છે? અને તમે કયા કયા ગ્રંથોનું અધ્યયન કર્યું છે? તથા આ વાત તમે કયા નિમિત્તથી જાણી છે? તમારું નામ શું છે?—આટલી વાત તમે મને સમજાવો અને મારો સંશય દૂર કરો.

તેમના ઉત્તરમાં નિમિત્તજ્ઞએ કહ્યું કે હું કુંડલપુરમાં રહું છું. ત્યાંનો રાજા સિંહરથ છે. તેના પુરોહિતનું નામ સુરગુરુ છે, તેનો હું શિષ્ય છું! મેં વિજય બળભદ્ર સાથે દીક્ષા ધારણ કરીને નિમિત્તશાસ્ત્રોને સારી રીતે ભણીને કંઠસ્થ કર્યા છે. અંતરીક્ષ, ભૌમ, અંગગ, લક્ષણ, વ્યંજન, છિન્ન, સ્વર અને સ્થાન—આ બધા અંગોના લક્ષણ, ભેદ, પ્રભેદ મને ખબર છે. મેં દીક્ષા તો લઈ જ લીધી હતી પરંતુ જ્યારે ભૂખ તરસ સહન ન કરી શક્યો ત્યારે પીડાથી આકુલિત થઈ મેં દીક્ષા છોડી દીધી અને દુઃખી થઈને આમતેમ ભટકવા લાગ્યો. કેટલાક સમય પછી ફરતો ફરતો હું પદ્મની ગામમાં આવ્યો. ત્યાં મારા મામા સોમશર્મા રહેતા હતા. તેની સ્ત્રીનું નામ હિરણ્યલોભા હતું. તેને ચંદ્રનના નામની એક કન્યા હતી. મારા મામાએ એ કન્યા સાથે મારા લગ્ન કરી દીધા તથા તેની સાથે થોડું ધન પણ આપ્યું. જ્યારે મને કન્યા અને ધન બંને મળી ગયા તો પછી શી વાતની ચિંતા હતી? મેં તે સમયે નિશ્ચિંત થઈને નિમિત્તશાસ્ત્રોનું અધ્યયન ખૂબ મન લગાવીને કર્યું. ધીરે ધીરે મારા મામાએ આપેલું ધન બધું જ ખર્ચ થઈ ગયું ત્યારે મારી સ્ત્રીને ખૂબ જ દુઃખ થયું. બરાબર જ છે કે જ્યાં આવક ન હોય ને પ્રતિદિનનો ખર્ચો હોય ત્યાં વિપુલ સંપત્તિ–ખજાના પણ એકના એક દિવસ ખાલી થઈ જ જાય છે. એ જ હાલ મારા પણ થયા.

એક દિવસ મારી સ્ત્રીએ ક્રોધભર્યા શબ્દોમાં કહ્યું કે શું આ ધન તમારું કમાએલું હતું? આમ કહીને તેણે મારી સામે એ કોડીઓ ફેંકી જે નિમિત્તજ્ઞાનની વાત જાણવામાં કામમાં આવતી હતી. એ ક્રિયાથી મેં નિશ્ચય કર્યો કે પોદનાપુર નરેશના મસ્તક પર મહાવજ્રપાત થશે અને મારે ભોજન કરવાની જે સ્ફટિકની થાળી હતી જેમાં મારું પ્રતિબિંબ પડી રહ્યું હતું તેમાં મારી સ્ત્રીએ હાથ ધોવાના પાણીની ધારા કરી જેનાથી મેં જાણ્યું કે મને અભિષેકપૂર્વક રાજ–લાભ થશે. મારું નામ અમોઘવૃદ્ધિ છે. ઉપર કહેલા નિમિત્તથી મેં આ બધી વાત જાણીને જ આપને સાવધાન કર્યા છે. એમાં મારું બીજું કોઈ જ કારણ નથી.

આ વાત સાંભળીને રાજાએ એ નૈમિત્તિકને તો વિદા કરી દીધો પણ સ્વયં ચિંતાતુર થઈ ગયો અને પોતાના બચાવનો ઉપાય શોધવા લાગ્યો. બરાબર જ છે કે પોતાના નાશની શંકા પ્રાણીઓના હૃદયમાં શંકુની જેમ સદાય ચૂભ્યા જ કરે છે. તેણે તરત જ મંત્રીઓને બોલાવ્યા અને તેમને કહ્યું કે આજે એક અત્યંત ભયાનક સમાચાર છે કે આજથી

સાતમા દિવસે પોદનાપુર નરેશના મસ્તક ઉપર મહાવજ્રપાત થશે. આ વાત મને એક સારા નિમિત્તજ્ઞએ કહી છે. રાજાની આ વાત સાંભળીને સુમતિ નામનો મંત્રી બોલ્યો કે મહારાજ! તે માટે તમે જરા પણ ચિંતા ન કરો. અમે તમને એક લોખંડના પટારામાં બંધ કરીને સમુદ્રની વચ્ચે છોડી દેશું કે જ્યાં વિજળી આદિ કોઈનો ભય નહીં રહે અને તમારી સારી રીતે રક્ષા થઈ જશે. આ વાત સાંભળીને સુબુદ્ધિ નામના મંત્રીએ કહ્યું કે આ ઉપાય બરાબર નથી લાગતો કારણ કે સમુદ્રમાં ઘણા મગરમચ્છ રહે છે તેથી ગળી જવાનો ભય છે. આથી તમને ત્યાં ન લઈ જઈને અમે તમને વિજ્યાર્દ્ધની ગૂફામાં છુપાવી દેશું. ત્યાં તમારી નિશ્ચયથી રક્ષા થઈ જશે. સુબુદ્ધિ મંત્રીની વાત સાંભળીને બુદ્ધિસાગર મંત્રી બોલ્યો કે હું એક પ્રસિદ્ધ કથા કહું છું તે આપ ધ્યાનપૂર્વક સાંભળો.

સિંહપુરમાં એક દુષ્ટ સોમ નામનો તપસ્વી રહેતો હતો. તેને વાદવિવાદ કરવાનો ભારે શોખ હતો. એક દિવસ શાસ્ત્રાર્થમાં જિનદાસે તેને જીતી લીધો જેનાથી તે ખૂબ જ લજ્જિત અને દુઃખી થયો. અંતમાં ખોટા પરિણામોથી મરીને ભેંસો થયો. તેનો માલિક તેના ઉપર જરા પણ દયા કરતો ન હતો. તે સદા તે ભેંસાને ભાર ઉપાડવામાં લગાવી રાખતો હતો. ખાવા–પીવાનું પણ સમય પર દેતો ન હતો જેથી તે ખૂબ જ દુબળો–પાતળો થઈ ગયો હતો. વેદનાનુભવથી તેને પોતાના પૂર્વભવનું જ્ઞાન થઈ ગયું. તે ત્યાંથી પણ વેર બાંધીને મર્યો અને મરીને સ્મશાનભૂમિમાં દુષ્ટ મહિસાસુર રાક્ષસ થયો. સિંહપુરમાં બે રાજા હતા. એકનું નામ ભીમ અને એકનું નામ કુંભ હતું. કુંભનો રસોઈયો ખૂબ જ ચતુર હતો. લોકો તેને પાકશાસ્ત્રીના નામથી બોલાવતા હતા. તે સદાય કુંભને રાંધેલુ માંસ ખાવા દેતો હતો. રાજાને માંસ ખાવાનો શોખ હતો.

એક દિવસ રસોઈયાએ રાજાને મનુષ્યનું માંસ પકાવીને ખવડાવ્યું. રાજાને તે ખૂબ જ સ્વાદિષ્ટ લાગ્યું. રાજાએ જિહ્વા–ઈન્દ્રિયની લોલુપતાવશ રસોઈયાને કહ્યું કે જેવું તે આજે સ્વાદિષ્ટ માંસ આપ્યું છે તેવું જ પ્રતિદિન બનાવીને મને આપ્યા કર. રસોઈયાએ ''જી હાઁ'' કહીને એ દિવસથી મનુષ્યનું માંસ બનાવીને રાજાને ખવડાવવા લાગ્યો. ગામમાં રહેવાવાળા મનુષ્યોના બાળકો ઓછા થવા લાગ્યા. જ્યારે નગરના લોકોને ખબર પડી કે આ રાજા જ મનુષ્યભક્ષક છે ત્યારે પ્રજાએ અને મંત્રીએ એકતા કરીને દુષ્ટ રાજાને નગરથી બહાર કાઢી મૂક્યો. હવે એ રાજાની સાથે એક રસોઈયો જ રહી ગયો અને બાકી બધાએ તેનો સાથ છોડી દીધો. બરાબર જ છે કે દુષ્ટ–હિંસક મનુષ્યનો કોઈ પણ સહવાસ નથી ઈચ્છતું.

એક સમયની વાત છે કે દુષ્ટ રાજાએ એ રસોઈયાને પણ મારી નાખ્યો અને તેને ખાઈ ગયો. પછી તે સ્મશાનમાં રહેતા મહિસાસુર રાક્ષસની આરાધનાથી પ્રજાને મારી મારીને ખાવા લાગ્યો અને નગરની બહાર રાક્ષસની જેમ ફરવા લાગ્યો. તે વખતે લોકો તેનાથી ખૂબ જ ડરવા લાગ્યા. તેમનો ડર બરાબર જ હતો. કોને પ્રાણહારી નરરુપ રાક્ષસથી ડર ન લાગે? ગામવાસીઓએ તેના ડરથી સિંહપુરમાં રહેવું જ છોડી દીધું અને તેઓ કુંભકારપુર નામક નગર વસાવીને

ત્યાં રહેવા લાગ્યા. લોકોએ થાકી હારી દુઃખી થઈને રાક્ષસને કહ્યું કે હે રાક્ષસ! તું પ્રતિદિન એક જ આદમી અને એક ગાડી અન્ન લઈ લીધા કર પરંતુ બીજા બાકી મનુષ્યો ઉપર તો દયા–દૃષ્ટિ કર! ત્યાં જ ચંડ કૌશિક નામનો એક બાડવ (જાતિ વિશેષ) રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સોમશ્રી હતું. તે પ્રતિદિન ભૂતોની આરાધના કર્યા કરતી હતી અને પ્રાર્થના કરતી કે હે ભૂતો! તમે મને એક પુત્ર આપો. કર્મ સંયોગથી સોમશ્રીને એક મૌડ્ય કૌશિક નામનો પુત્ર થયો. એક પછી એકના વારામાં એક દિવસ એ મૌડ્ય કૌશિકનો રાક્ષસ પાસે જવાનો વારો આવ્યો. પ્રતિદિનની જેમ તેને પણ એક અન્નની ગાડી સાથે તે નર–રાક્ષસ પાસે મોકલી દેવામાં આવ્યો. તે નરના રુપમાં રાક્ષસકુંભ તેને જોતાં જ તેને ખાવા માટે તેના તરફ જપટ્યો. મૌડ્ય કૌશિકના ઉપાસક ભૂતોથી આ ન જોઈ શકાયું અને તેઓ રહી ન શક્યા અને તેઓ કુંભ ઉપર એકદમ તૂટી પડ્યા અને તેને લાત, ઢીંકા, ડંડા આદિ દ્વારા એવી ખબર લીધી કે તે મારના ત્રાસથી ભાગીને વિજ્યાર્દ્ધની ગૂફામાં ચાલ્યો ગયો. કર્મના યોગથી તે મૌડ્ય કૌશિક છૂટી ગયો અને નગરવાસી નિર્ભય થઈ ગયા.

**બરાબર જ છે કે જે સમયે જીવના શુભ કર્મનો ઉદય આવે છે ત્યારે તેના બધા જ કામ સુધરી જાય છે. શત્રુ પણ મિત્ર થઈ જાય છે, મનગમતા ભોગોપભોગની પ્રાપ્તિ થાય છે, કુટુંબીજન તથા અન્યજન બધા જ તેના સહાયક થઈ જાય છે. મનુષ્યની તો શું વાત પણ દેવતાગણ પણ તેની સેવામાં હાજર રહે છે! કર્મના સંયોગથી જ જીવનું મૃત્યુ આવે છે અને કર્મના સંયોગથી જ પુત્રાદિની પ્રાપ્તિ થાય છે. આ સંસારની જેટલી રમત છે તે બધી જ કર્માધીન છે. લોકો સમજે છે કે અમે કોઈની સહાયતા કરીએ છીએ, અમે તેને કામમાં લગાવ્યો છે, અમારા કારણે તેનું પાલન પોષણ થાય છે–આમ તેમનું સમજવું ભૂલ ભરેલું છે. સિદ્ધાંત એમ કહે છે કે ન તો કોઈ કોઈને કાંઈ આપે છે અને ન તો કોઈ કોઈનું અપહરણ કરે છે. આ સંસારીજીવ કર્માધીન થઈને પોતાના દ્વારા કરવામાં આવેલા શુભાશુભ કર્મોનું જ ફળ ભોગવે છે એમાં જરાય પણ સંદેહ કરવાની જરૂર નથી. કર્મના નિમિત્તથી જ બધું થાય છે. કર્મ જ સંસારમાં સૌથી પ્રધાન છે.**

મંત્રી કહે છે કે એ વિજ્યાર્દ્ધની ગૂફામાં કુંભ રાક્ષસ રહે છે તેથી એ ગૂફામાં એ રાક્ષસનો પૂરેપૂરો ભય છે. આથી મારો મત એવો છે કે રાજાને ત્યાં ન રાખીએ. જે જીવને જેવા કર્મનો ઉદય હશે ઠીક તેવું થઈને જ રહેશે. તેને ટાળવાવાળું કોઈ નથી. પછી આવા ઉટપટાંગ ઉપાયો કરવા એકદમ વ્યર્થ છે. આ વાત સાંભળીને મતિસાર મંત્રીએ હિતકર વચનોમાં કહ્યું કે હે મહારાજ! નિમિત્તજ્ઞએ એમ જ તો કહ્યું છે કે પોદનાપુરના રાજા ઉપર વજ્રપાત થશે! કોઈ ખાસ વ્યક્તિ વિશેષ ઉપર વજ્રપાત થશે એમ તો નથી કહ્યું. એમાં ચિંતા કરવાની શું વાત છે? મારી સલાહ છે કે સાત દિવસ માટે કોઈ બીજા વ્યક્તિને રાજા બનાવી સિંહાસન પર બેસાડી દેવો જોઈએ. આ યુક્તિમાન વાત સાંભળીને બધા લોકોએ મતિસાગરની મુક્ત કંઠે પ્રશંસા કરી. ત્યારબાદ, બધાની સહમતિથી રાજ–સિંહાસન ઉપર રાજાના ચિત્રપટની સ્થાપના કરી દીધી. બધાએ આ ચિત્રપટને જ પોદનાપુરના રાજા માનીને નમસ્કાર કર્યા અને તેની આજ્ઞા શિરોધાર્ય કરી.

અસલી રાજા શ્રીવિજયે રાજકાજનું તમામ કામ છોડીને શ્રી જિનેન્દ્રભગવાનની ભક્તિ–પૂજામાં મન લગાવ્યું અને

ગરીબોને ખૂબ દાન કર્યું તથા મંદિરોમાં શાંતિ મહોત્સવ કરાવ્યો. નિરંતર જિનવાણીનું અધ્યયન, પૂજા, ઉત્સવ, ધાર્મિક કાર્ય કરવા લાગ્યો. ધીરે ધીરે સાતમો દિવસ આવી ગયો. તે નિમિત્તજ્ઞના કહ્યા અનુસાર ઠીક સમયે રાજાના ચિત્રપટ ઉપર વજ્રપાત થયો. વજ્રપાત થતા જ તે પ્રતિબિંબ નષ્ટ–ભ્રષ્ટ થઈ ગયું. જ્યારે બધો ઉપદ્રવ શાંત થઈ ગયો ત્યારે નગરના લોકોએ અનેક પ્રકારના વાજાઓ તથા નટ–નટીના નૃત્યો દ્વારા ખૂબ મોટો ઉત્સવ કર્યો અને ખૂબ જ પ્રસન્નતા પ્રગટ કરી. તે નિમિત્તજ્ઞને પણ ઘણા વસ્ત્રાભૂષણ ભેટ આપ્યા તથા જેમાં સો ગામ લાગતા હતા તેવું પદ્મિની ખેટ ભેટમાં આપ્યું તથા તેનો ખૂબ જ આદર–સત્કાર કર્યો. ત્યારબાદ, મંત્રીઓએ સુવર્ણના કળશો દ્વારા અભિષેક કરી શ્રીવિજયને ધામધૂમથી ફરી રાજસિંહાસન ઉપર બિરાજમાન કર્યા. આ પ્રકારે પોદનાપુરના રાજા નિર્ભય થઈને ભોગ ભોગવવા લાગ્યો.

એક સમયની વાત છે કે શ્રીવિજય પોતાની માતા સ્વયંપ્રભા પાસેથી આકાશગામિની વિદ્યા લઈને સુતારા સહિત જ્યોતિર્વનમાં ક્રીડા કરવા ગયો હતો. ત્યાં તેણે સુતારા સાથે મનવાંછિત ક્રીડા કરી. અમરચંચપુરીનો રાજા ઈન્દ્રાશતિ હતો. તેને અશનિઘોષ નામનો એક પુત્ર હતો. તે ભ્રામરી વિદ્યા સાધીને ઘરે પાછો જતો હતો. અચાનક જ તેની નજર સર્વાંગ સુંદર સુતારા રાણી ઉપર પડી. તેને જોતાં જ તે કામાસક્ત થઈ ગયો અને તેનું અપહરણ કરવા માટે ઉદ્યમ કરવા લાગ્યો. તેણે છળ કરીને માયામયી એક હરણ રાજા પાસે છોડ્યું. તેને જોઈને સુતારાએ કહ્યું હે નાથ! જુઓ, આ કેવું સુંદર હરણ છે! આપ તેને લઈને આવો. રાજા સુતારાના કહ્યા અનુસાર હરણ પકડવા ચાલ્યો ગયો. **બરાબર છે કે વિપત્તિકાળ આવવાનો હોય ત્યારે બુદ્ધિમાન લોકોની બુદ્ધિ પણ મલિન થઈ જાય છે.** આ બાજુ અશનિઘોષે શ્રીવિજયનું રૂપ ધારણ કરીને સુતારા પાસે આવીને પ્રિય વચનોમાં કહ્યું કે હે સુમુખી! ચાલો, આજે થોડી જલ્દી છે. તેથી સૂર્યાસ્ત પહેલાં જ નગરમાં પહોંચી જઈએ. આમ કહીને તેણે સુતારાનો હાથ પકડીને તેને વિમાનમાં બેસાડી દીધી અને આકાશમાર્ગથી તેને લઈ ગયો. થોડે દૂર જઈને તે કામીએ પોતાનું અસલી રૂપ પ્રગટ કર્યું જેને જોઈને સુતારા ચિંતિત થઈ ગઈ. તે મનમાં વિચારવા લાગી કે આ કોણ છે કે જેણે મારું અપહરણ કર્યું છે?

એ બાજુ શ્રીવિજય રાજાને જ્યારે તે માયામયી હરણ હાથમાં ન આવ્યું ત્યારે તે હતોત્સાહ થઈ તે જ સ્થાન ઉપર પાછા આવ્યા કે જ્યાં સુતારાને છોડીને ગયા હતા. ત્યાં તેણે વૈતાલી વિદ્યાને સુતારાના રૂપમાં બેઠેલ જોઈ કે જે અશનિઘોષની આજ્ઞાથી ત્યાં બેઠી હતી અને કહી રહી હતી કે મને કુરકટ જાતિના સર્પે ડંખ માર્યો છે. સુતારાની હાલત જોઈને એવું લાગતું હતું કે તેનું મૃત્યુ નજીક આવી ગયું છે. તેને આવી હાલતમાં જોઈને શ્રીવિજય ખૂબ જ વ્યાકુળ થઈ ગયા. તેમણે તે વખતે વિષ ઉતારવા માટે ઘણા મણિમંત્ર–તંત્ર આદિથી ઉપચાર કર્યો પરંતુ જેમ જેમ ઉપચાર કરવામાં આવતો હતો તેમ તેમ તેનું વિષ બમણું થતું જતું હતું. તે સમયે તેમણે અંતમાં નાગદમન નામની ઔષધી આપી, પરંતુ તેનાથી પણ તેની પીડા ન મટી. તેમના ગળામાં એક વિષહારી મણિ પડી હતી, તે પણ તેમણે ઘસીને આપી પરંતુ ફળ કાંઈ ન આવ્યું. ત્યારે તેમણે માન્યું કે આ વિષ ખૂબ જ ભયાનક છે અને પ્રાણસંહારી છે, તેનું ઉતરવું શક્ય નથી. આમ,

નિશ્ચય કરી સ્ત્રીના મોહથી રાજા પોતે તેની સાથે મરવા તૈયાર થઈ ગયા. તેણે ચિતા બનાવી તેના ઉપર સુતારાના શબને રાખીને સૂર્યકાંત મણિથી આગ લગાવીને ચિતાને પ્રજ્વલિત કરી દીધી. ત્યારબાદ, તેઓ સ્વયં વ્યાકુળ થઈને ચિતામાં કુદવા જ ચાહતા હતા કે એટલામાં આકાશમાંથી તેમની પાસે બે વિદ્યાધર આવ્યા અને તેમણે વિચ્છેદની વિદ્યાથી વૈતાલી વિદ્યાને નષ્ટ કરી પોતાના પગથી એવી જોરથી ઠોકર મારી કે જે સહન ન કરી શકવાથી પોતાનું અસલી સ્વરૂપ પ્રગટ કરીને કાંપતી અદશ્ય થઈ ગઈ.

આ તમાશો જોઈને શ્રીવિજયને ખૂબ જ આશ્ચર્ય થયું. તેથી તેમણે તે વિદ્યાધરોને પૂછ્યું કે આ શું વાત છે? કૃપા કરીને મને કહો. વિદ્યાધરોએ કહ્યું કે ભરતક્ષેત્રના વિજ્યાર્ધ પર્વતની ઉત્તર શ્રેણીમાં જ્યોતિપ્રભ નામનું એક નગર છે. ત્યાંનો હું રાજા સંભિન્ન છું. મારી સ્ત્રીનું નામ સર્વકલ્યાણી છે અને મારે દ્વીપશિખ નામનો પુત્ર છે. રથનૂપુરના મહારાજા અમારા માલિક છે. હું તેમની સાથે શિખરતળ નામના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો હતો. ત્યાંથી પાછા ફરતા મેં આકાશમાર્ગથી જતું એક વિમાન જોયું અને તેમાં મેં એવો કરુણ આર્તનાદ સાંભળ્યો કે મારા સ્વામી શ્રીવિજય નરેશ ક્યાં છે? હે નાથ! તમે મારી રક્ષા કરજો. જલ્દી આવીને આ સંકટથી છોડાવજો! આવા દીનતા ભરેલા શબ્દો સાંભળીને હું તે વિમાન પાસે ગયો. ત્યાં મેં સુતારા સાથે એક વિદ્યાધરને બેઠેલો જોયો અને જોતાં જ ગુસ્સાથી કહ્યું કે તું કોણ છે અને આ બાજુમાં બેઠેલી કોણ છે કે જેને તું જબરદસ્તી હરણ કરીને લઈ જઈ રહ્યો છે? આ સાંભળીને અશનિઘોષ મારા ઉપર ખૂબ જ ક્રોધિત થયો અને ગુસ્સામાં બોલ્યો કે તું નથી જાણતો કે મારું નામ વિદ્યાધરોનો વિરોધી રાજા અશનિઘોષ છે! મારા જેટલા શત્રુ છે તે મારા ચરણોમાં મસ્તક ઝુકાવે છે. હું અમરચંચપુરનો અધિશ્વર છું. આ બાજુમાં બેઠેલી સુતારા છે. તેને હું જબરજસ્તી હરણ કરીને લઈ જઈ રહ્યો છું. જો તમારામાં શક્તિ હોય તો તમે બંને તેને છોડાવવાનો પ્રયત્ન કરો.

તેની એ વાત સાંભળીને મેં વિચાર્યું કે સુતારા મારા સ્વામીની બહેન છે, તેથી મારી પણ બહેન છે. આ દુષ્ટ તેનું હરણ કરી લઈ જઈ રહ્યો છે. આવા સમય પર ચૂપ રહેવું તે અસમર્થતા જ નહીં પણ પહેલાં દર્જાની કાયરતા છે. ક્ષત્રિયધર્મ આને નથી કહેતાં કે જે શત્રુથી ડરીને પીઠ દેખાડીને ભાગી જાય. હું મારા પ્રાણોત્સર્ગ કરીને પણ આ દુષ્ટના પંજામાંથી આને છોડાવીને તેની રક્ષા કરીશ એવો વિચાર કરીને હું તેની સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો. આ જોઈ સુતારાએ મને કહ્યું કે ભાઈ! તમે યુદ્ધ ન કરો. જ્યોતિર્વનમાં પોદનાપુરના રાજા મારા પતિ શ્રીવિજય છે, તેમની પાસે જઈને તેમને મારા આ બધા સમાચાર કહી સંભળાવો. તેથી, સુતારાના કહેવાથી હું અહીં આપની પાસે આવ્યો છું અને અહીં આપની પાસે જે સ્ત્રી બેઠી હતી તે અશનિઘોષની શીખડાવેલી વૈશાખી (વૈતાલી) વિદ્યા સુતારાના રૂપમાં હતી. તેથી, તે મારી લલકાર અને ડરથી અહીંથી ભાગી ગઈ છે.

આ વાત સાંભળીને રાજા શ્રીવિજયે તે વિદ્યાધરને કહ્યું કે આપ કૃપા કરીને મારા ઘરે પહોંચવાનું કષ્ટ કરો અને ત્યાં મારી માતા, નાનાભાઈ તથા બાંધવોને આ બધા સમાચાર કહો. રાજાના આમ કહેવાથી તે વિદ્યાધરે પોતાના પુત્ર

દ્વીપશિખને શીઘ્ર પોદનાપુર રાજાની પાસે મોકલી દીધો. ત્યાં પોદનાપુરમાં પણ ભયાનક ઉત્થાન મચી રહ્યા હતા જેને જોઈને બધા નગરવાસીઓને ભય લાગી રહ્યો હતો. તે ઉપદ્રવ જોઈને અમોઘજિહ્વા નામક નિમિત્તજ્ઞને મંત્રીએ પ્રશ્ન કર્યો કે આ ઉપદ્રવોનું ફળ શું છે? નિમિત્તજ્ઞએ કહ્યું કે શ્રીવિજય નરેશ ઉપર કોઈ વિપત્તિ આવી હતી પણ હવે તે ટળી ગઈ છે અને થોડી જ વારમાં હમણાં કોઈ પુરુષ તેમના કુશળક્ષેમના સમાચાર લઈને આવશે. તમે પ્રસન્નચિત થાઓ, કોઈ ચિંતા કે ભય ન કરો. નિમિત્તજ્ઞાનીના આવા સંતોષપ્રદ વચનો સાંભળીને સ્વયંપ્રભા આદિ બધા પોતપોતાના કામમાં પહેલાંની જેમ લાગી ગયા.

થોડી જ વારમાં આકાશમાર્ગથી વિદ્યાધરનો પુત્ર દ્વીપશિખ ત્યાં આવ્યો અને તેણે સ્વયંપ્રભને પ્રણામ કરી તેમને શ્રીવિજય નરેશની બધી વાત યથાવત્ કહીને કહ્યું કે હે માતા! શ્રીવિજય નરેશ સકુશળ છે. તેથી તમે એ સંબંધી ચિંતા છોડીને સ્વસ્થ થઈ જાવ. આમ કહીને તેણે સુતારાના હરણ થઈ જવા સંબંધીના બધા જ સમાચાર આદિથી અંત સુધી કહી સંભળાવ્યા. આ સાંભળતાં જ સ્વયંપ્રભા અગ્નિથી બળેલી વેલ જેવી થઈ ગઈ અથવા બુઝતા દીપકની જેમ નિસ્તેજ થઈ ગઈ અથવા એમ જ સમજો કે જેવી રીતે મેઘની ધ્વનિ સાંભળીને હંસની શોકાકુળ થઈ જાય છે ઠીક તેવી જ રીતે, તે પણ પુત્રવધૂના હરણના સમાચાર સાંભળીને શોકસાગરમાં ગોથા ખાવા લાગી. તે જ સમયે ચંદ્રપ્રભા ચતુરંગસેના સહિત દ્વીપશિખ વિદ્યાધરને આગળ રાખીને પોતાના પુત્ર વિજયભદ્ર આદિને સાથે લઈને જ્યોતિપ્રભ નામના વનમાં પહોંચી ગયા કે જ્યાં શ્રીવિજય બેઠો હતો.

પોતાની માતાને પોતાના ભાઈઓ સહિત આવતા જોઈને શ્રીવિજય સામે મળવા ગયો અને તેમને નમસ્કાર કર્યા. દુઃખી માતાએ પુત્રને જોઈને કહ્યું કે હે વત્સ! ઉઠ અને શોક છોડીને શીઘ્ર પોદનાપુર ચાલો. માતાની આવી આજ્ઞા સાંભળીને શ્રીવિજય તેમની સાથે ઘરે આવી ગયા. ત્યાં આવીને તેમનું ચિત્ત થોડું શાંત થયું ત્યારે સ્વયંપ્રભાએ સુતારાના હરણના સમાચાર પૂછયા. શ્રીવિજયે માતાને બધા જ સમાચાર કહી સંભળાવ્યા અને પૂછ્યું કે હે માતા! આ સંભિન્ન વિદ્યાધર આપણો ઘણો મોટો ઉપકારી છે. તે રાજા અમિતતેજના સેવક છે. તેણે આપણા ઉપર જે ઉપકાર કર્યો છે તે હું શબ્દો દ્વારા વર્ણન નથી કરી શકતો.

ત્યારબાદ, માતા અને નાના ભાઈ વિજયભદ્રથી સલાહ કરીને વિજયભદ્રને પોદનાપુરની રક્ષા માટે છોડીને શ્રીવિજય, માતા સાથે વિમાનમાં બેસીને રથનૂપુર રવાના થઈ ગયા. થોડી જ વારમાં તે રથનૂપુર જઈ પહોંચ્યા. ત્યાં જ્યારે અમિતતેજને એ સમાચાર મળ્યા કે ફઈ પોતાના પુત્ર સાથે અહીં આવ્યા છે તો તરત જ તે સત્કાર કરવા નગરની બહાર સામે ગયો અને ખૂબ જ આનંદપૂર્વક મળ્યો તથા નગરમાં લઈ જઈને ઉત્તમ સ્થાનમાં નિવાસ કરાવ્યો. ત્યારબાદ, સ્વયંપ્રભાએ અમિતતેજને સુતારાની બધી વાત કહી. તેમની વાત સાંભળીને અમિતતેજે મરીચિ નામનો પોતાનો એક દૂત અશનિઘોષ પાસે મોકલ્યો. અશનિઘોષે દૂતને કઠોર અને નીચ વચન કહીને ફટકાર્યો. તેની ફટકાર સાંભળીને દૂત અમિતતેજ

પાસે પાછો આવ્યો અને તેણે અશનિઘોષના બધા વચનો કહ્યા. અમિતતેજને તેની એ વાત ખૂબ જ અયોગ્ય લાગી. તેણે મંત્રીઓથી સલાહ કરીને અશનિઘોષને મારવાનો સંકલ્પ કર્યો અને શ્રીવિજયને યુદ્ધવીર્ય, અસ્રાવરણ અને બંધમોચન—એ ત્રણ વિદ્યા કે જે પરંપરાથી તેમને ત્યાં ચાલી આવતી હતી તે આપીને તથા રશ્મિવેગ, સુવેગ આદિ પોતાના પુત્રોને સાથે મોકલીને શત્રુને જીતવા માટે મોકલ્યા અને પોતે સહસ્ર નામક પોતાના જ્યેષ્ઠ પુત્રને સાથે લઈને હ્રીમંત પર્વત પર ગયો. ત્યાં તે સંજયંત મુનિના ચરણોમાં બેસીને બીજી વિદ્યાઓને છેદવાવાળી મહાજ્વાલા નામની વિદ્યા સિદ્ધ કરવા લાગ્યો.

આ બાજુ અશનિઘોષને જ્યારે ખબર પડી કે શ્રીવિજયે રશ્મિવેગ આદિને સાથે લઈને યુદ્ધ કરવા માટે અમારી ઉપર ચડાઈ કરી છે તો તેણે પણ પોતાના પુત્ર સુઘોષ, સતઘોષ અને સહસ્રઘોષ આદિને યુદ્ધ કરવા મોકલ્યા પરંતુ તે બધા શ્રીવિજયના વિદ્યાધરોની સાથે યુદ્ધમાં હારી ગયા. આ વાત જ્યારે અશનિઘોષને ખબર પડી ત્યારે તેને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તે જ સમયે તે પોતે યુદ્ધ કરવા માટે ત્યાં પહોંચી ગયો. બન્ને તરફ ઘમાસાણ યુદ્ધ થવા લાગ્યું. દશે દિશાઓ યુદ્ધના શબ્દોથી ગુંજાયમાન થઈ ગઈ. શત્રુના શરીરને છિન્નભિન્ન કરવા માટે શ્રીવિજય જે બાણ ચલાવતો હતો તેને અશનિઘોષ ભ્રામરી વિદ્યાના બળથી કાપીને પોતાના બમણા રૂપ કરતો જતો હતો. શ્રીવિજય જેમ જેમ પોતાના બાણોથી તેનો નષ્ટ કરતો હતો તેમ તેમ તે પોતાના અનેક રૂપ બનાવતો જતો હતો. થોડી જ વારમાં આખું રણસ્થળ જ અશનિઘોષમય થઈ ગયું. એટલામાં મહાજ્વાલા વિદ્યાને સાધીને રથનૂપુરનો રાજા અમિતતેજ પણ ત્યાં આવી ગયો અને પંદર દિવસ બરાબર યુદ્ધ કરીને તેણે મહાજ્વાલા વિદ્યાના પ્રભાવથી અશનિઘોષની બધી જ વિદ્યા નષ્ટ કરી દીધી.

પોતાની બધી જ વિદ્યા નષ્ટ થયેલી જાણી અશનિઘોષ ખૂબ જ શરમાયો અને ત્યાંથી ભાગીને ભયભીત થઈને કૈલાસ પર્વત પર વિજય ભગવાનની સભામાં જઈને છુપાઈ ગયો. તેની પાછળ શ્રીવિજય આદિ પણ તેને પકડવા માટે ત્યાં પહોંચ્યા. પરંતુ ત્યાં પહોંચીને માનસ્તંભના દર્શન કરતાં જ તેમના માન ઊતરી ગયા અને જેટલો વેર–વિરોધ હતો તે મટી ગયો. તેમણે ભગવાનની ત્રણ પ્રદક્ષિણા ફરીને સભક્તિ નમસ્કાર કર્યા અને બધાય યથાસ્થાન બેસી ગયા. તે જ વખતે અશનિઘોષની માતા આસુરી સુતારાને સાથે લઈને ત્યાં આવી અને તેમને કહ્યું કે મારા પુત્રથી જે કાંઈ અપરાધ થયો છે તે આપ ક્ષમા કરો અને મારો પુત્ર મને ભિક્ષામાં આપો. આમ કહીને તેણે શ્રીવિજય અને અમિતતેજને સુતારા સોંપી દીધી. ત્યારબાદ, અમિતતેજે પ્રશ્ન કરવાથી વિજય ભગવાન ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા. તેમણે સાત તત્વ, નવ પદાર્થ, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું વ્યાખ્યાન કર્યું. તે સાંભળી અમિતતેજે ભગવાનને ફરી પ્રશ્ન કર્યો કે હે નાથ! કૃપા કરીને બતાવો કે અશનિઘોષે મારી બહેન સુતારાનું હરણ શા માટે કર્યું? આના ઉત્તરમાં કેવળી ભગવાને કહ્યું કે હું એનું કારણ કહું છું તે ધ્યાનથી સાંભળો.

આ ભરતક્ષેત્રનાં મગધ દેશમાં અચલ નામનું એક ગામ છે. ત્યાં એક ધરણીધર નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ અગ્નિલા હતું. તેને ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ નામના બે પુત્ર હતા. તે ઉપરાંત ધરણીધરને એક દાસીપુત્ર

પણ થયો. જેનું નામ કપિલ હતું. કપિલને તે બ્રાહ્મણ ભણાવતો ન હતો તથા સદાય તેના ઉપર ક્રોધ કર્યા કરતો હતો. તેના બીજા પુત્રોને તે સારી રીતે શિક્ષા આપતો હતો. કપિલ બુદ્ધિમાન હતો તેથી તે બ્રાહ્મણ બીજા પુત્રોને જે કાંઈ ભણાવતો હતો તે સાંભળીને તે જલ્દી યાદ કરી લેતો હતો. આવી રીતે તે થોડા જ સમયમાં વેદનો સારો વિદ્વાન થઈ ગયો. તેને આવો વિદ્વાન જોઈને ધરણીધરે ઈર્ષાવશ તેને ઘરેથી કાઢી મૂક્યો. કપિલને તેના પિતાનો આ વર્તાવ ખૂબ જ ખરાબ લાગ્યો અને તે મનમાં ઘણો ખેદખિન્ન થયો. ઘરેથી નીકળીને તે થોડા જ દિવસોમાં રત્નપુર પહોંચી ગયો. ત્યાંનો રાજા શ્રીષેણ હતો. તેને બે રાણીઓ હતી–એક સિંહમંદિતા અને બીજી આનંદિતા. તેને ઈન્દ્ર અને ઉપેન્દ્ર નામના બે પુત્ર હતા. રાજાના પુરોહિતનું નામ સત્યકી હતું. તેની સ્ત્રીનું નામ જામ્બુ હતું. તેને સત્યભામા નામની એક પુત્રી હતી.

એક દિવસ કપિલને જોઈને સત્યકીએ વિચાર કર્યો કે આ છોકરો વેદનો મોટો પંડિત છે. આની સાથે મારી પુત્રીના વિવાહ કરવાયોગ્ય છે. આમ વિચાર કરીને તેણે સત્યભામાના વિવાહ કપિલ સાથે વિધિપૂર્વક કરી દીધા. કપિલ ત્યાં રહીને થોડા જ દિવસોમાં ખૂબ જ ધની–માની થઈ ગયો. રાજા પણ તેનું વધારે માન–સમ્માન કરવા લાગ્યો. થોડા સમય બાદ ધરણીધરે એ સમાચાર સાંભળ્યા કે કપિલ ખૂબ જ ધનાઢ્ય ને રાજમાન્ય થઈ ગયો છે ત્યારે તે પોતાની દરિદ્રતા નષ્ટ કરવા માટે તેની પાસે રત્નપુર આવ્યો. કપિલે તેને દૂરથી જ આવતા જોઈને ઊઠીને નમસ્કાર કર્યા અને લોકોમાં એ પ્રસિદ્ધ કરી દીધું કે આ મારા પિતા છે. ધરણીધરે લોકોને એમ કહ્યું કે આ મારો પુત્ર છે. કપિલે પોતાના પિતાને ઘણી જ સંપત્તિ, વસ્ત્રાભૂષણ આદિ આપ્યા જેનાથી તેની દરિદ્રતા નષ્ટ થઈ ગઈ.

એક દિવસની વાત છે સત્યભામાએ ધન, વસ્ત્ર, ભોજનાદિથી ધરણીધરનો ખૂબ આદર–સત્કાર કર્યો અને ભક્તિભાવ પ્રદર્શિત કરીને એકાંતમાં તેમને પૂછ્યું કે સસુરજી! મને સાચું સાચું કહો કે આ કપિલ આપનો કઈ જાતિનો પુત્ર છે? મને તો ઉત્તમ જાતિનો નથી લાગતો. ધરણીધરે કહ્યું કે એમ વાત નથી. તે ઉત્તમ જાતિનો જ છે અને મારો જ પુત્ર છે. પરંતુ આ વાતથી સત્યભામાનો સંદેહ ન મટ્યો. તે ફરી ફરી એ જ વાત પૂછતી અને ફરી ફરી એ જ જવાબ મળતો. ત્યારે સત્યભામાએ તેનો લોભ જગાવ્યો. ઘણું સુવર્ણ આપ્યું. ખૂબ જ કિંમતી વસ્ત્ર–આભૂષણ આપ્યા. મીઠા–મીઠા સ્વાદિષ્ટ ભોજન કરાવ્યા અને પછી ફરી એ જ પ્રશ્ન કર્યો. ધરણીધરે લોભને વશ કપિલની આખી કથા સત્યભામાને કહી દીધી અને કહીને તરત જ બીજે દેશ ચાલ્યો ગયો.

**બરાબર જ છે કે લોભ સંસારમાં શું અનર્થ નથી કરાવતો! લોભથી જ ક્રોધ ઉત્પન્ન થાય છે, લોભથી જ કામ થાય છે, લોભથી જ મોહ થાય છે! ક્યાં સુધી લોભના વખાણ કરવા! લોભથી આ જીવનનું સત્યાનાશ થઈ જાય છે, બુદ્ધિ ખરાબ થઈ જાય છે. હેય–ઉપાદેયનું કાંઈ જ્ઞાન નથી રહેતું. લોભી મનુષ્યને પોતાના માન–અપમાનની કાંઈ ખબર નથી રહેતી. જેટલું પણ અનર્થ દુનિયામાં થાય છે તેનું મૂળ કારણ ધન-લોભ જ છે. તેથી જ કહ્યું છે કે લોભ પાપનો બાપ છે. તેનાથી વધીને કોઈ પાપ નથી!**

પતિના આવા ચારિત્રને સાંભળીને સત્યભામાને ખૂબ જ દુઃખ થયું અને દુઃખી થઈને રાજા શ્રીષેણની શરણમાં ગઈ. ત્યાં તેણે મહારાજને પોતાના પતિની બધી વાત કહી દીધી. એ સાંભળી રાજાને પણ ખરાબ લાગ્યું કારણ કે ખરાબ લાગવાની જ વાત હતી. તેણે કપિલને દેશ-નિકાલની આજ્ઞા આપી દીધી.

એક દિવસ રાજા શ્રીષેણને ત્યાં બે ચારણમુનિ આવ્યા જેમનું નામ અમિતગતિ અને અરિંજય હતું. રાજાએ તેમને ખૂબ જ ભક્તિભાવથી પડગાહ્યા અને તેમને નવધાભક્તિથી આહારદાન આપ્યું જેનાથી તેને અતિશય પુણ્યની પ્રાપ્તિ થઈ. શ્રીષેણની બંને રાણીઓએ અને સત્યભામાએ મુનિદાનની અનુમોદના કરી જેના પ્રભાવથી તેમણે રાજાની સાથે સાથે ઉત્તમ ભોગભૂમિના ત્રણ પલ્યના આયુનો બંધ કર્યો. બરાબર જ છે કે **કૃત કારિત અને અનુમોદનાનું ફળ સમાન હોય છે.**

કૌશાંબી નામની એક નગરી છે. ત્યાંનો રાજા મહાબળ હતો. તેને શ્રીમતી નામની રાણી હતી અને તેને શ્રીકાન્તા નામની એક પુત્રી હતી. મહાકાળ રાજાએ શ્રીકાંતાના વિવાહ રાજા શ્રીષેણના પુત્ર ઈન્દ્રસેન સાથે કરી દીધા અને શ્રીકાંતાની સેવા કરવા માટે એક દાસી પણ આપી.

એ દાસી અત્યંત રૂપવતી હતી. રાજા શ્રીષેણના બીજા પુત્ર ઉપેન્દ્રએ જેવી એને જોઈ કે તે તેના ઉપર આસક્ત થઈ ગયો. એ વાત જ્યારે ઈન્દ્રસેનને ખબર પડી ત્યારે તેને ખૂબ ક્રોધ થયો અને ઉપેન્દ્ર સાથે લડાઈ કરવા તૈયાર થઈ ગયો. આ વાત જ્યારે શ્રીષેણને ખબર પડી ત્યારે તે બંને પુત્રોની લડાઈને રોકવા માટે તેમની પાસે ગયો અને તેમને બધી રીતે સમજાવ્યા પણ તેમણે શ્રીષેણની વાત ન માની. પિતાને આ વાત ખૂબ જ ખટકી અને તેમણે અત્યંત દુઃખી થઈને વિષનું ફૂલ સુંઘીને આત્મહત્યા કરી લીધી. શ્રીષેણની આવી અવસ્થા જોઈને બંને રાણીઓ ખૂબ જ દુઃખી થઈ. તેમણે વિચાર્યું કે હવે અમારે જીવીને શું મતલબ છે? વિના પતિ વિધવાઓનું જીવન અસાર છે. આવું વિચારીને બંને રાણીઓએ અને સત્યભામાએ પણ વિષફૂલ સુંઘીને આત્મહત્યા કરી લીધી. શ્રીષેણ અને રાણી સિંહનંદિતા મરીને ધાતકી ખંડની ઉત્તરકુરુ નામની ભોગભૂમિમાં યુગલ ઉત્પન્ન થયા. ત્યાં જ અનંદિતા અને સત્યભામા પણ યુગલરૂપે ઉત્પન્ન થયા. એ બંનેમાં અનંદિતાનો જીવ સ્ત્રી લિંગ છેદીને પુરુષ થયો અને સત્યભામાનો જીવ તેની સ્ત્રી–પત્ની થયો. તેમનું આયુષ્ય ત્રણ પલ્યનું હતું. તેઓ ભોગભૂમિમાં આનંદથી કલ્પવૃક્ષોના સુખ ભોગવતા અમનચૈનથી પોતાનો સમય વીતાવવા લાગ્યા.

પુણ્યનો હિસ્સો હજી બાકી રહી ગયો હતો તેથી આયુષ્ય પૂર્ણ કરીને શ્રીષેણનો જીવ સૌધર્મ નામના પહેલાં સ્વર્ગમાં શ્રીપ્રભ નામનો દેવ થયો અને સિંહનંદિતાનો જીવ તેની વિદ્યુતપ્રભા નામની દેવી થઈ. એ જ રીતે અનંદિતાનો જીવ વિમલપ્રભ વિમાનમાં ભવદેવ નામનો દેવ થયો અને સત્યભામાનો જીવ તે જ વિમાનમાં શુક્લપ્રભ નામની તેની દેવી થઈ. તેનું આયુષ્ય પાંચ પલ્યનું હતું. સ્વર્ગમાં કલ્પવૃક્ષોનું સુખ ભોગવતા પાંચ પલ્યનું આયુષ્ય પૂરું કર્યું અને ત્યાંથી આવીને શ્રીષેણનો જીવ તો તું અમિતતેજ થયો અને સિંહનંદિતાનો જીવ જ્યોતિપ્રભા નામની તારી પત્ની થઈ છે. અનંદિતાનો જીવ

શ્રીવિજય થયો છે તથા સત્યભામાનો જીવ સુતારા થઈ છે. એ દુષ્ટ કપિલના જીવે પણ ઘણા દુઃખો સહન કર્યાં અને દુઃખમયી આ સંસારમાં અનેક પ્રકારની યાતના દુર્ગતિઓમાં સહન કરી. બરાબર જ છે કે પાપના કારણે જીવે દુઃખ જ દુઃખ ભોગવવા પડે છે, તેને ક્ષણિક પણ શાંતિ નિરાકુલતા નથી મળતી.

ભૂતરમણ નામના વનમાં એહાવતી નદીના કિનારે તાપસીઓનું એક આશ્રમ હતું. એ આશ્રમમાં કૌશિક નામનો એક તપસ્વી રહેતો હતો. તેની સ્ત્રીનું નામ ચપલવેગા હતું. કપિલનો જીવ તેને ત્યાં મૃગશ્રૃંગ નામનો પુત્ર થયો. તે પણ તાપસ થઈ ગયો. એક સમયની વાત છે કે મૃગશ્રૃંગે વિદ્યાધર ચપલવેગની વિપુલ વિભૂતિ જોઈ. તેને જોઈને તેણે નિદાન કર્યું કે હું હવેના ભવમાં આ વિદ્યાધરનો પુત્ર થાવ. આ નિદાન બાંધીને તાપસ મર્યો અને કુતપના પ્રભાવથી તે ચપલવેગને ત્યાં અશનિઘોષ નામનો પુત્ર ઉત્પન્ન થયો છે. તેને હેય–ઉપાદેય અથવા ગ્રાહ્ય–અગ્રાહ્યનું કાંઈ જ જ્ઞાન નથી. પૂર્વભવના સ્નેહવશ તેણે સુતારાનું હરણ કર્યું હતું. હે ખગપતિ અમિતતેજ! તમે આ ભવથી પાંચમાં ભવમાં તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ—એમ ત્રણ પદવીના ધારી મહાન આત્મા થશો.

આ રીતે, આ કથા સાંભળીને અશનિઘોષ, સ્વયંપ્રભા અને સુતારા આદિ ઘણા મહાનુભાવોએ દીક્ષા ધારણ કરી લીધી. ત્યારબાદ, ભગવાનને નમસ્કાર કરી શ્રીવિજય આદિ બધા અમિતતેજની સાથેસાથે પોતપોતાના નગર ચાલ્યા ગયા. નગરમાં પહોંચીને અમિતતેજે ધર્મકાર્યમાં મનને વધારે લગાવ્યું. **બરાબર જ છે કે ભવિતવ્યતા અનુસાર મનની પ્રવૃત્તિ પણ તેવી જ થઈ જાય છે.** અમિતતેજના જીવે ભવિષ્યમાં જગતનું પરમ કલ્યાણ કરવાવાળા તીર્થંકર થવાનું છે તો તેની મનોપ્રવૃત્તિ ધર્મના કાર્યોમાં વિશેષ લાગવી જ જોઈએ. પર્વના દિવસોમાં તે ઉપવાસ કરતાં, પ્રતિદિન દાન આપતા, ભગવાનનું સ્તવન-પૂજન કરતાં, સાધુઓની ભક્તિ કરતાં, તેમની બધી જ રીતે વૈયાવૃતિ કરતાં તથા હંમેશા જ ધર્મકથા સાંભળવામાં અથવા કરવામાં સંલગ્ન રહેતા હતા. આ રીતે, ધાર્મિક ક્રિયાઓનું પાલન કરતાં કરતાં તેને નિર્મળ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ગઈ.

તે ઘણા જ પ્રેમથી ન્યાય–નીતિ અનુસાર, જેવી રીતે પિતા પુત્રની રક્ષા અને સંભાળ કરે છે તેવી જ રીતે પ્રજાનું પાલન કરતાં હતા. તે ઘણા જ મંદકષાયી, શાંતચિત્ત, આલોક–પરલોકના હિતેચ્છુ હતા. વિદ્યાઓ પણ તેમની પાસે ઘણી જ હતી જે તેમના કુળક્રમથી ચાલી આવી હતી. તેના નામ આ હતા—(૧) પ્રજ્ઞપ્તિ, (૨) આગ અને પાણીને રોકવાવાળી સ્તંભિની, (૩) કામરુપિણી, (૪) વિશ્વપ્રકાશિકા, (૫) અપ્રતિઘાતસુગામિની, (૬) આકાશગામિની, (૭) ઉત્પત્તિની, (૮) વશંકરી, (૯) આવેશીની, (૧૦) શત્રુદયા, (૧૧) પ્રસ્થાપિની, (૧૨) આવર્તની, (૧૩) પ્રહરણી, (૧૪) મોહની, (૧૫) વિપાટીની, (૧૬) સંક્રામણી, (૧૭) સંગ્રણી, (૧૮) ભંજની, (૧૯) પ્રવર્તની, (૨૦) ધ્રતાપિની, (૨૧) પ્રભાવતી, (૨૨) પલાયિની, (૨૩) નિક્ષેપિણી, (૨૪) ચાંડાલી, (૨૫) શબરી, (૨૬) ગૌરી, (૨૭) ખટ્વાંગિકા, (૨૮) મૃદુગુણી, (૨૯) શતસંકુલા, (૩૦) માતંગી, (૩૧) રોહિણી, (૩૨) કૂષ્માંડિની, (૩૩) વરવેગિકા, (૩૪) મહાવેગા,

(૩૫) મનોવેગા આદિ ઘણી વિદ્યાઓના સ્વામી અને બંને શ્રેણીઓના અધિપતિ અમિતતેજ હતા. પુણ્યોદયથી તેમને ભોગોપભોગની બધી જ સામગ્રી પ્રાપ્ત હતી. **બરાબર જ છે કે પુણ્ય જ સંસારમાં એક એવી વસ્તુ છે કે જેનાથી આ જીવ ઈચ્છિત પદાર્થો પ્રાપ્ત કરી શકે છે.**

એક દિવસ પુણ્ય–યોગથી તેમને ત્યાં દમવર નામના એક ચારણ–મુનિરાજ આહાર નિમિત્તે આવ્યા. અમિતતેજે તેમને પ્રસન્નચિત્તથી આહાર કરાવ્યો જેના પ્રભાવથી તેમના ઘરમાં પંચાશ્ચર્યની વર્ષા થઈ. કોઈ એક દિવસ અમિતતેજ અને શ્રીવિજય બંને વનમાં વિહાર કરવા ગયા હતા. ત્યાં તેમણે સુરગુરુ અને દેવગુરુ એ બે મુનિરાજોને જોયા. જોતાં જ બંનેએ તેમને ભક્તિભાવથી નમસ્કાર કર્યા અને તેમને વિનયભર્યા શબ્દોમાં શ્રીવિજયે નિવેદન કર્યું કે હે નાથ! મારી અને મારા પિતાની કથા કૃપા કરી બતાવો. પરમ દયાળુ મુનિરાજે શ્રીવિજયના પૂર્વ ભવોનું અને ત્રિપૃષ્ટ નારાયણના વિશ્વનંદિના ભવથી લઈને ઘણા ભવોનું વર્ણન કર્યું. શ્રીવિજયે પોતાના પિતાના માહાત્મ્યને સાંભળીને તેમની પદવીની પ્રાપ્તિ માટે સ્વયં નિદાનબંધ કર્યું. ત્યારબાદ, બંને પોતપોતાના નગરમાં ગયા અને ત્યાં સુખામૃતનું પાન કરતાં કરતાં પ્રસન્નતાપૂર્વક સમય વીતાવવા લાગ્યા.

એક સમય તે બંનેએ વિપુલમતિ અને વિમલમતિ નામના મુનિરાજોના મુખારવિંદથી એમ સાંભળ્યું કે તેમનું આયુષ્ય હવે ફક્ત એક માસ જ બાકી રહ્યું છે. આ જાણીને તેઓ પહેલાંથી પણ વધારે શ્રદ્ધાપૂર્વક ધર્મનું પાલન કરવા લાગ્યા. ત્યારબાદ, અમિતતેજે પોતાના પુત્ર અર્કતેજને અને શ્રીવિજયે પોતાના પુત્ર શ્રીદત્તને રાજપાટ આપી ભક્તિભાવથી અષ્ટાહ્નિકાની પૂજા કરી અને બંને ચંદનવનમાં ગયા. ત્યાં તેમણે અત્યંત શાંત પરિણામી નંદનમુનિની પાસે દિગંબરી દીક્ષા ધારણ કરી. પશ્ચાત્ પ્રાયોપગમન નામનું સંન્યાસ ધારણ કરીને અત્યંત શાંત પરિણામો દ્વારા પ્રાણોનો ત્યાગ કર્યો. જેના પ્રભાવથી તેઓ આનત સ્વર્ગમાં દેવ થયા. અમિતતેજનો જીવ આનત સ્વર્ગમાં નંદ્યાવર્ત નામક વિમાનમાં રવિચૂલિક નામનો દેવ થયો અને શ્રીવિજયનો જીવ તે જ સ્વર્ગના સ્વસ્તિક વિમાનમાં મણિચૂલિક નામનો દેવ થયો. ત્યાં તેમનું આયુષ્ય વીસ સાગરનું હતું. વીસ સાગર સુધી તેમણે સ્વર્ગમાં સુખ ભોગવ્યા તે સમય તેમનો વાતવાતમાં જ નીકળી ગયો. **બરાબર છે કે સુખનો સમય જતો ખ્યાલમાં નથી આવતો અને દુઃખની એક ઘડી પણ પસાર કરવી મુશ્કેલ થઈ જાય છે.**

તેઓ ત્યાંથી ચ્યવીને આ જંબૂદ્વીપના પૂર્વ વિદેહમાં વત્સકાવતી દેશની પ્રભાકરી નગરીમાં સ્તમિતસાગર રાજાને ત્યાં પુત્ર થયા. એ રાજાને બે રાણીઓ હતી. એકનું નામ વસુંધરા અને બીજીનું નામ અનુમતિ હતું. બંને રાણીઓ રુપ, શીલ, ગુણની ખાણ હતી. આ બંનેમાંથી વસુંધરાના ગર્ભથી તો રવિચૂલિકનો જીવ અપરાજિત અને અનુમતિના ગર્ભથી મણિચૂલિકનો જીવ અનંતવીર્ય પુત્રરૂપે જન્મ્યા. તે બંને પુત્ર માતા–પિતાને આનંદ આપવાવાળા, સદાય ખીલેલા કમળ સમાન પ્રસન્ન ચિત્ત રહેતા હતા. તેમને જોઈને લોકોને તેમના ઉપર અત્યંત પ્રેમ આવતો હતો. જ્યારે તે બંને યુવાન થયા ત્યારે રાજા સ્તમિતસાગર કોઈ કારણ મળતા સંસારથી તથા ભોગોથી વિરક્ત થઈ ગયા. પછી તેમને તે ભોગ ન લાગતા ભુજંગ

સમાન લાગવા મંડ્યા. તેઓ પોતાના પુત્રો ઉપર રાજ્યનો ભાર નાખીને સ્વયં વનમાં જઈને સ્વયંપ્રભ ગુરુની પાસે જિનેશ્વરી દીક્ષા ધારણ કરી લીધી. એક સમયે સ્તમિતસાગરે ધરણેન્દ્રની વિભૂતિ જોઈ અને તેણે તે વિભૂતિનું નિદાન બાંધી લીધું. નિદાનના પ્રભાવથી તે મરીને ધરણેન્દ્ર જ થયો. વાસ્તવમાં આ નિદાનબંધ ખૂબ જ ખરાબ છે. સ્તમિતસાગર જિનેશ્વરી દીક્ષા ધારણ કરીને ન જાણે કેટલું મોટું પદ પ્રાપ્ત કરેત પરંતુ નિદાનબંધ કરવાથી તેને એટલી જ વસ્તુ મળી. તેથી, નિદાનબંધ ક્યારેય પણ ન કરવું જોઈએ.

આ બાજુ તે બન્ને ભાઈ–અપરાજિત અને અનંતવીર્ય પૃથ્વીપર એકછત્ર શાસન કરતાં ઈન્દ્ર–પ્રતીન્દ્ર જેવા શોભતા હતા. એક સમયની વાત છે કે કોઈ રાજાએ તેમની સેવામાં વર્વરી અને ચિત્તાલિકા નામની બે કુશળ નર્તકી મોકલી. તે નર્તકી પોતાના કાર્યમાં ખૂબ જ પ્રવીણ, હાવ–ભાવની જાણકાર હતી અને ચિત્તને હરણ કરવાવાળા નૃત્ય કરતી હતી. તેમનું નૃત્ય જોવા માટે બીજા રાજાઓની સાથે એ બંને ભાઈ પણ નાટ્યશાળામાં બેઠા હતા. તેનું કૌતુક જોવા માટે દૈવયોગથી તે જ સમયે નારદ પણ ત્યાં આવી પહોંચ્યા. પરંતુ તે બંને ભાઈઓનો મનોયોગ નૃત્યની તરફ લાગી રહ્યો હોઈ તેઓ નારદને ન જોઈ શક્યા. નારદે પોતાનું ખૂબ અપમાન સમજ્યું અને તે ગુસ્સાને કારણે લાલ–પીળા થઈ ગયા. તે તરત જ ત્યાંથી પાછા ફર્યા અને પ્રતિનારાયણ દમતારિના નગરમાં પહોંચ્યા. દમતારિ એ સમયે સિંહાસનારૂઢ હતો. ઘણા સભ્યગણો તેની સભામાં ઉપસ્થિત હતા. તેને જોઈને નારદ આકાશમાંથી ધરતી પર ઉતર્યા. દમતારિ તેમને જોઈને તરત જ ઊભો થયો અને નમસ્કાર કરીને આદર સહિત તેમને ઉચ્ચ આસન પર બેસાડ્યા. નારદજી તેમને શુભ આશીર્વાદ આપીને સિંહાસન ઉપર બેસી ગયા.

ત્યારબાદ, દમતારિ બોલ્યો કે મહારાજ! આપ ભક્તો ઉપર પ્રેમની દૃષ્ટિ રાખવાવાળા ભવ્યોત્તમ છો. તેથી, મારા ઉપર પ્રસન્ન થાવ અને દયા કરીને કહો કે આપનું અહીં આવવું કેવી રીતે થયું? ઉત્તરમાં નારદજીએ કહ્યું કે રાજન્! હું તારા જ હિત માટે આમતેમ ફર્યા કરું છું. સંસારની જે ઉત્તમ વસ્તુ છે તે તને પ્રાપ્ત થાય તે માટે જ મારો આ પ્રયત્ન છે. મને તારી રાત–દિવસ યાદ રહે છે. સાંભળ, કાલે મેં રંભા અને ઉર્વશી સમાન રૂપ–ગુણવાળી સુંદર બે નર્તકીઓને પ્રભાકરી પુરીના રાજા અપરાજિત અને અનંતવીર્યની સભામાં નૃત્ય કરતા જોઈ છે. તે બંને નર્તકી તારે લાયક છે અને તે અનિષ્ટ સંયોગ સહન ન થયો તેથી હું શીઘ્રગતિથી તારી પાસે આવ્યો છું. બધા જાણે છે કે ચૂડામણિ રત્ન ઉત્તમાંગ–શિર પર ધારણ કરવામાં આવે છે. તેને જો પગમાં પહેરવામાં આવે તો શું તે સારું દેખાશે? રાજન્! જે રીતે અમૂલ્ય મણિ દરિદ્રીને શોભા નથી દેતું, તે તો રાજા, મહારાજા, શેઠ, શાહુકારને ત્યાં જ શોભા પામે છે અર્થાત્ યોગ્ય વસ્તુ યોગ્ય સ્થાનમાં જ શોભા પામે છે. તેવી જ રીતે તે નર્તકી પણ અપરાજિત–અનંતવીર્યને ત્યાં શોભા નથી પામતી, એ તો મહારાજ આપ જેવા મહારાજાઓ પાસે જ શોભ પામશે.

નારદની આ વાત સાંભળીને દમતારિએ તે જ સમયે એક દૂતને બોલાવ્યો અને થોડી ભેટ આપીને અપરાજિત અને

અનંતવીર્ય પાસે મોકલ્યો. દૂત ઘણો હોંશિયાર અને સમયોચિત વાતનો જાણકાર હતો. તે પ્રભાનગરીમાં પહોંચી ગયો. ત્યાં જઈને તેણે તે બંને ભાઈઓને સભામંડપમાં બેઠેલા જોયા. તેમની સામે ભેટ રાખીને તેમને નમસ્કાર કર્યા અને કહ્યું કે રાજન્! મને પ્રતિનારાયણ દમતારિએ તમારી પાસે મોકલ્યો છે અને તમારાથી તે બે નર્તકીઓની યાચના કરી છે કે જે આપની પાસે છે. કૃપા કરીને આપ તે નર્તકીઓ તેમને આપી દો જેથી પરસ્પર પ્રીતિ વધે. આ વાત સાંભળીને તેમણે દૂતને બહાર બેસવા માટે કહ્યું અને મંત્રીઓને અંદર બોલાવી તેમની સાથે ચર્ચા કરીને પૂછ્યું કે આ સમયે આપણું શું કર્તવ્ય છે? એટલામાં પુણ્યોદયથી અમિતતેજને ત્રીજા ભવમાં જે વિદ્યાઓ પ્રાપ્ત હતી તે બધી જ આવીને અમિતતેજને કહેવા લાગી કે હે રાજન્! આપ કોઈ પણ પ્રકારની ચિંતા ન કરો. અમે શત્રુને બધી જ રીતે તહસ-નહસ કરવા માટે સક્ષમ છીએ. આટલું કહીને તે બધી જ વિદ્યાઓ હાથ જોડીને ઊભી રહી ગઈ અને અપરાજિતની નોકરાણીની જેમ કામ કરવામાં સંલગ્ન થઈ ગઈ. બરાબર જ છે કે **પુણ્યાત્માઓને સંકટમાં બધા જ સહાયક થઈ જાય છે.**

પછી, બંને ભાઈએ પ્રભાકરી નગરીની રક્ષા માટે મંત્રીઓને નિયુક્ત કરીને સ્વયં નર્તકીઓનું રુપ બનાવીને દૂતની સાથે શિવમંદિર ચાલ્યા અને થોડી જ વારમાં ત્યાં પહોંચી ગયા. ત્યાં પહોંચીને તેમણે દમતારિની સભામાં ખૂબ જ મનમોહક કલાપૂર્ણ નૃત્ય કર્યું જેને જોઈને આખી સભા આશ્ચર્ય કરવા લાગી. દમતારિએ પ્રસન્ન થઈને નર્તકીઓને કહ્યું કે તમે ખૂબ જ ઉત્તમ નૃત્ય કર્યું છે. તમે આ વિષયની સારી જાણકાર છો તેથી હું મારી પુત્રી કનકશ્રીને નૃત્યકળા શીખવા માટે તમને સોંપું છું. રાજાએ એ કન્યા તે બંનેને સોંપી દીધી. તેઓએ પણ એ કન્યાને યોગ્ય નૃત્ય, સંગીત, ગીત આદિ ઘણી કળા શીખવાડી દીધી. ભાગ્યવશ એ કન્યા અનંતવીર્ય ઉપર મોહિત થઈ ગઈ. ત્યારે તે કન્યાને લઈને બંને આકાશમાં જતા રહ્યા.

આ વાત જ્યારે દમતારિને ખબર પડી ત્યારે તે ખૂબ જ ક્રોધિત થયો અને પસ્તાવો પણ કરવા લાગ્યો. **બરાબર જ છે કે જે મનુષ્ય વિના વિચારે શીઘ્ર જ આવેશમાં આવીને કામ કરવા લાગી જાય છે તેમને અંતમાં પસ્તાવો જ કરવો પડે છે.** દમતારિએ ક્રોધમાં આવીને તેમને પકડવા માટે ઘણા યોદ્ધો મોકલ્યા પણ અપરાજિતની સામે કોઈ ન ટકી શક્યા. પછી તેણે વિચાર્યું કે આ કામ કોઈ નર્તકી ન કરી શકે. આ તો કોઈ છળ છે. આ વિચારીને તે પોતે યુદ્ધ કરવા માટે તૈયાર થયો. ત્યારબાદ, પૂર્વભવની વિદ્યાઓના બળથી અપરાજિતે ઘણો કાળ દમતારિ સાથે યુદ્ધ કર્યું. પછી, ઘણો સમય અનંતવીર્યએ દમતારિ સાથે યુદ્ધ કર્યું. અંતમાં ક્રોધે ભરાઈને દમતારિએ અનંતવીર્ય ઉપર ચક્ર ચલાવી દીધું. પુણ્ય-યોગથી તે ચક્ર અનંતવીર્યની ત્રણ પ્રદક્ષિણા કરીને તેમના હાથમાં આવી ગયું. તે જ ચક્રથી અનંતવીર્યએ દમતારિનું મસ્તક છેદી નાખ્યું. એ વખતે ચારે બાજુ હળધરની જીતના સમાચાર ફેલાઈ ગયા જેને સાંભળીને બધા વિદ્યાધર તેમની પાસે આવ્યા અને આવીને તેમને પ્રણામ કર્યા અને તેમની આધીનતા સ્વીકાર કરી.

ત્યારબાદ, તે બંને ભાઈ ઘણા વિદ્યાધરો સહિત અને અતુલ સંપત્તિસહિત પોતાની નગરી પ્રભાકરીમાં પાછા આવ્યા.

રસ્તામાં આવતા તેમણે કેવળજ્ઞાની અતુલવિભૂતિના સ્વામી કીર્તિધર નામના જિનેન્દ્રભગવાનને જોયા અને જોઈને ભક્તિ સહિત નમસ્કાર કર્યા અને સભામાં બેસી ભગવાનનો હિતકારી ઉપદેશ સાંભળ્યો તથા કનકશ્રીના પૂર્વભવો પૂછયા. કનકશ્રી ભગવાનના મુખારવિંદથી પોતાના પૂર્વભવની કથા સાંભળીને આ અસાર સંસાર અને નશ્વર શરીરથી વિરક્ત થઈ ગઈ અને તેણે આર્યિકા પાસે દીક્ષા લઈ લીધી. ત્યારબાદ, તે બંને ભાઈ કનકશ્રીની પ્રશંસા કરીને અને ભગવાનને નમસ્કાર કરી સમવસરણની બહાર આવ્યા અને પોતાની નગરી પ્રભાકરી તરફ રવાના થઈ ગયા. અપરાજિત અને અનંતવીર્યના પુણ્યોદયથી દેવતાઓ પણ આવીને સેવા કરતા હતા, તેમના ચરણોમાં પુનઃ પુનઃ પ્રણામ કરતાં હતા. તેઓ સદાય પ્રસન્નચિત્ત રહેતા હતા. સંસારમાં કોઈપણ તેમનો શત્રુ નહતો. નિંદા–અપવાદ આદિથી સર્વથા જ રહિત હતા. કોઈ પણ તેમનું નિંદક દેખાતું નહોતું. તેઓ વાસ્તવમાં ધર્મના લાભને પ્રાપ્ત કરી ચૂક્યા હતા અને પોતાના ચરિત્રથી અન્ય પુરુષોને કહેતા હતા કે તમે પણ જો સુખી થવા ઈચ્છો છો તો આ જાતિનું પુણ્ય ઉપાર્જન કરો.

જેમણે મોટા મોટા યોદ્ધાઓથી યુદ્ધ કરી અપરાજિત નામને ચરિતાર્થ કર્યું એ અપરાજિત બળદેવ સદાય જયવંત રહે તથા જેમણે પોતાના પ્રચંડ વીર્યથી દમતારિ જેવા બળવાન પ્રતિનારાયણના બળને ચકનાચૂર કરી નાખ્યું તથા જે શૂરવીરોમાં પ્રધાન છે, બધી જ શક્તિઓના સ્વામી છે એવા નારાયણ અનંતવીર્ય સર્વજ્ઞના પ્રભાવથી શોભિત થાય. આ રીતે બંને ભાઈ પ્રીતિપૂર્વક પોતાનો સમય વીતાવતા હતા.

**॥ અધ્યાય ચોથો સમાપ્ત ॥**

**હે જીવ! આત્મકલ્યાણના અર્થે કંઈક યત્ન કર! કર! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ—એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડ્યા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે.**

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક--૭૮)*

# અધ્યાય પાંચમો

એ શાંતિનાથ ભગવાનને હું ભક્તિપૂર્વક વંદના કરું છું જેમણે કર્મોનો નાશ કરી મોક્ષસુખ પ્રાપ્ત કર્યું છે અને અજ્ઞાન અંધકારને સુજ્ઞાન દ્વારા દૂર કર્યું છે; તથા જે પરમશાંતિને પ્રાપ્ત કરી ચૂક્યા છે એ ભગવાન મને શાંતિ પ્રદાન કરે!

ત્યારબાદ, નારાયણ અનંતવીર્યે ત્રણ ખંડનું રાજ્ય મેળવીને બધા પ્રકારના ભોગોપભોગ ભોગવ્યા અને આયુષ્યના અંતમાં પાપોદયથી રત્નપ્રભા નામની પ્રથમ નરકમાં નારકી થયો અને ત્યાં નરકના દુઃખ ભોગવ્યા. આ બાજુ અપરાજિત અજિતસેનને રાજ્ય સોંપીને પોતે યશોધર મુનિ મહારાજ પાસે દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી જેના પ્રભાવથી સોળમા અચ્યુત સ્વર્ગનો સ્વામી થયો. અહીં પહેલી નરકમાં અનંતવીર્યનો જીવ નારકી થયો હતો તેને સંબોધન કરવા તેના પૂર્વ ભવના પિતા ધરણેન્દ્ર ત્યાં આવ્યા અને તેણે ત્યાં જિનવાણીનો ઉપદેશ આપ્યો જેનાથી તેને દૃઢ સમ્યગ્દર્શન થઈ ગયું. આ રીતે, નરકનું સંખ્યાતવર્ષનું આયુષ્ય પૂરું કરીને બહાર નીકળ્યો અને આ ભરતક્ષેત્રની ઉત્તર શ્રેણીમાં એક વ્યોમવલ્લભ નામનું નગર છે, તેના રાજા મેઘવાહનને ત્યાં પુત્ર થયો. તેનું નામ મેઘનાદ હતું. તે બંને શ્રેણીનો સ્વામી હતો. એક દિવસ તે સુમેરુના નંદનવનમાં ગયો અને ત્યાં જઈને પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા સિદ્ધ કરવા લાગ્યો. એટલામાં તેના પૂર્વના મોટા ભાઈ– અચ્યુત ઈન્દ્રની દૃષ્ટિ તેના પર પડી. પ્રેમને વશ થઈ તે ત્યાં આવ્યો અને તેણે મેઘનાદને સારી રીતે સંબોધન કર્યું. ભવિતવ્યતાવશ તે તેના સમજાવાથી સમજી ગયો. **ઠીક જ છે કે જે જીવોનું સારું હોનહાર છે તેને જ ધર્મના વચનો રુચિકર થાય છે અને જેનો ઉદય સારો નથી તેને તે જ વચન વિષ સમાન લાગે છે.**

મેઘનાદને સ્વ-પર તત્ત્વનું જ્ઞાન થઈ ગયું જેથી તેણે તે જ સમયે જિનદીક્ષા ધારણ કરી લીધી અને તે નંદન નામક પર્વત પર પ્રતિમાયોગ લગાવીને ધ્યાનસ્થ થઈ ગયો. આ બાજુ અશ્વગ્રીવનો નાનોભાઈ કે જે સંસારચક્રમાં ચક્કર લગાવતો અસુર જાતિનો દેવ થયો હતો તેણે એક દિવસ દૈવયોગથી મુનિ મેઘનાદને ધ્યાનસ્થ જોયા અને તેમને જોતા જ તેમના ઉપર ખૂબ જ ક્રોધ થયો અને ક્રોધના આવેશમાં આવીને તે દુષ્ટે મુનિરાજ ઉપર ઘોર ઉપસર્ગ કર્યો. પરંતુ તે ધીર-વીર મુનિરાજ પોતાના ધ્યાનથી જરાપણ વિચલિત ન થયા અને ધ્યાનમાં વધારે દૃઢ થઈ ગયા. ઉપસર્ગને સમતાભાવે ધારણ કરીને સહન કર્યો જેના પ્રભાવથી તેઓ અચ્યૂત સ્વર્ગમાં પ્રતીન્દ્ર થયા. ત્યાં તે પોતાના મોટાભાઈ ઈન્દ્રની સાથે સ્વર્ગીય સુખ ભોગવવા લાગ્યા.

આયુ પૂર્ણ થતાં ઈન્દ્રનો જીવ તો ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપના પૂર્વ વિદેહના મંગલાવતી દેશમાં રત્નસંચયપુરના રાજા ક્ષેમંકર અને તેમની રાણી કનકમાળાને વજ્રાયુધ નામનો ઉત્તમ લક્ષણોથી યુક્ત પુત્રરત્ન થયો. જ્યારે તે યુવાન થયો ત્યારે

તેના વિવાહ રાજલક્ષ્મી નામની રાજપુત્રી સાથે થયા. અનંતવીર્યનો જીવ જે પહેલાં પ્રતીન્દ્ર થયો હતો તે ત્યાંથી ચ્યવીને આ જ રાજા વજ્રાયુધ (–મોટાભાઈ અપરાજિતનો જીવ) અને રાજલક્ષ્મીને ત્યાં પુત્ર ઉત્પન્ન થયો જેનું નામ સહસ્રાયુધ રાખવામાં આવ્યું. તેની સ્ત્રીનું નામ શ્રીષેણા હતું. તે બંનેને કનકશાંતિ નામનો પુત્ર ઉત્પન્ન થયો. પુત્ર યથા નામ તથા ગુણવાળો હતો. તેના શરીરની કાંતિ તપેલા સુવર્ણ સમાન હતી. આ રીતે, પુત્ર-પૌત્રાદિ સહિત રાજા ક્ષેમંકર આનંદપૂર્વક રાજસુખ ભોગવતો હતો.

એક સમયે ઈશાન સ્વર્ગના ઈન્દ્રએ પોતાની સભામાં વજ્રાયુધના દૃઢ સમ્યક્ત્વની ખૂબ જ પ્રશંસા કરી કે એની જેવું નિર્મળ સમ્યક્ત્વ બીજા કોઈને નથી. આવી પ્રશંસા ત્યાં બેઠેલા એક વિચિત્રચૂલક નામના દેવથી સહન ન થઈ શકી અને તે ત્યાંથી તેની પરીક્ષા લેવા પંડિતનો વેષ બનાવીને વજ્રાયુધ પાસે આવ્યો. રાજાએ તેનો યથાયોગ્ય આદર-સત્કાર કર્યો. પંડિતે રાજાને કહ્યું કે રાજન્! મેં સાંભળ્યું છે કે આપ જીવાદિ તત્ત્વોના વિષયમાં વિદ્વાન છો, તેથી હું આપ સાથે વાદ-વિવાદ કરવાની ઈચ્છા રાખું છું.

આ રીતે, વિચિત્રચૂલ એકાંતનયનો આશ્રય લઈને અને રાજા અનેકાંતના આધારે આપસમાં વાદ-વિવાદ કરવા લાગ્યા. વિચિત્રચૂલે કહ્યું કે આપ બતાવો કે જીવ આદિ તત્ત્વથી પર્યાય ભિન્ન હોય છે કે અભિન્ન? જો કહેશો કે ભિન્ન હોય છે તો પર્યાય નિરાધાર થઈ જશે, તેનો કોઈ આધાર નહીં રહે. નિરાધાર થવાથી વસ્તુનો જ અભાવ થઈ જશે, જેવી રીતે ઘટના અભાવમાં માટીનો જ અભાવ થઈ જશે. આવું માનવાથી શૂન્યવાદનો પ્રસંગ આવે છે તેથી પર્યાય પર્યાયીથી ભિન્ન નથી. જો એમ કહેશો કે પર્યાય પર્યાયીથી અભિન્ન છે તો 'આ પર્યાય છે અને આ પર્યાયી છે' એવો જે ભેદ થાય છે તે પછી નહીં થાય. તેથી તમારું આમ માનવું પણ યુક્તિસંગત ન થઈ શકે. જો એમ કહેશો કે દ્રવ્ય તો એક જ છે તેની પર્યાય અનેકરૂપ દેખાય છે તે કાંઈ નહીં રહે, જીવોને પુણ્ય-પાપનું ફળ પણ નહીં મળે અને જગતમાં જે જોવામાં આવે છે કે અમુક મનુષ્ય પુણ્યોદયથી સુખી છે અને અમુક મનુષ્ય પાપોદયથી દુઃખી છે તે પણ નહીં બને તથા ફળ ન મળવાથી બંધ પણ નહીં રહે અને બંધ ન થવાથી મોક્ષ પણ નહીં રહે. આથી આમ માનવું પણ યુક્તિસંગત નથી. અહીં બીજો પ્રશ્ન એ થાય છે કે તે દ્રવ્ય નિત્ય છે કે ક્ષણિક છે? આ બંને પક્ષથી માનવું નહીં બને અને અર્થક્રિયાના અભાવમાં વસ્તુની સત્તાનો જ અભાવ થઈ જશે અને સત્તાનો અભાવ થવાથી વસ્તુમાં વસ્તુનો અર્થ-ક્રિયા-હલનચલનનો અભાવ થઈ જશે અને તે બંનેનો અભાવ થવાથી શૂન્યતાનો પ્રસંગ આવી જશે. જો શૂન્યતાને માનશો તો મારા મતનું સમર્થન થશે અને તમારા મતનો અભાવ થઈ જશે. તેથી તમારો મત કલ્પનામાત્ર છે. સાત તત્ત્વ, નવ પદાર્થ એ બધી કલ્પના છે, વાસ્તવમાં કાંઈ જ નથી. આથી હે રાજન્! આવી કપોળકલ્પિત વાતોમાં ન ફસાવ, તેમાં કાંઈપણ વાસ્તવિકતા નથી.



આ રીતે, વિચિત્રચૂલના વચનો સાંભળીને રાજા વજ્રાયુધે કહ્યું કે મિત્ર! હવે થોડું ધ્યાન આપીને મારા વચનોને પણ સાંભળો. તમે જે કાંઈ વિકલ્પ ઊઠાવીને દોષ બતાવ્યા છે એ તો વસ્તુને ક્ષણિક-એકાંત અથવા નિત્ય-એકાંત માનવાથી

દોષ આવે છે અથવા સર્વથા ભેદભાવ અથવા સર્વથા અભેદભાવ માનવાથી એ દોષ આવે છે. પરંતુ સ્યાદ્વાદમત-અનેકાંત મતના માનવાવાળાને આ બધા દોષ નથી આવતા. અહીં તો સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિનાસ્તિ, સ્યાત્ અવક્તવવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય—આ સપ્તભંગો દ્વારા પદાર્થની સિદ્ધિ થાય છે તથા પુણ્ય-પાપનો આસ્રવ થઈને બંધ થાય છે અને બંધનો અભાવ થઈ જવાથી મોક્ષ અવસ્થા પ્રાપ્ત થાય છે. તેમ જ દ્રવ્યાર્થિકનય દ્વારા વસ્તુ ધ્રુવરૂપ માનવામાં આવી છે તથા પર્યાયાર્થિકનય દ્વારા ઉત્પાદ-વ્યયરૂપ માનવામાં આવી છે. નયના ભેદ દ્વારા જ સ્યાદ્વાદીઓને ત્યાં વસ્તુમાં કાંઈ પણ વિરોધ નથી આવતો.

એક વસ્તુમાં ઘણા ધર્મ રહે છે. જેવી રીતે એક પુરુષ પિતાની અપેક્ષાએ પુત્ર અને પુત્રની અપેક્ષાએ પિતા છે, સ્ત્રીની અપેક્ષાએ પતિ છે, ભાણેજની અપેક્ષાએ મામા છે, તેવી જ રીતે વસ્તુ પણ અનેકાંતાત્મક જ છે. આ વાત સ્યાદ્વાદની સિદ્ધિમાં સુનિર્ણિત થઈ ગઈ છે. પદાર્થની અનેકાંતતામાં કોઈ પણ બાધક પ્રમાણ ઉપસ્થિત નથી થતું, હોઈ પણ ક્યાંથી? પદાર્થોનો સ્વભાવ જ એવો છે. તેથી વિદ્વાન્! એકાંત પક્ષને છોડીને અનેકાંત-સ્યાદ્વાદમતનો સ્વીકાર કરો. રાજાના આ પ્રકારના યુક્તિસંગત વચનો સાંભળીને દેવ નિરુત્તર થઈ ગયો અને ખૂબ જ પ્રસન્ન થયો. તેણે હૃદયમાં નિશ્ચય કર્યો કે વાસ્તવમાં આ વજ્રાયુધ સ્યાદ્વાદમતમાં દૃઢ છે, શુદ્ધ સમ્યગ્દર્શનનો ધારક છે. સ્વર્ગમાં ઈન્દ્રએ જેવી તેની પ્રશંસા કરી હતી તે વાસ્તવમાં એવો જ છે.

આ રીતે, દેવ નિઃસંદેહ થઈને વજ્રાયુધને કહેવા લાગ્યો કે હે વજ્રાયુધ! તમે ધન્ય છો! જેવું મેં તમારા વિષયમાં સાંભળ્યું હતું તમે તેવા જ છો. તે સમયે તે દેવે પોતાના આવવાની આખી વાત રાજાને કહી સંભળાવી અને રાજાને દિવ્ય વસ્ત્રાભૂષણ આપી તેમનો પૂજા-સત્કાર કરી તે દેવ સ્વર્ગમાં જતો રહ્યો. ત્યારબાદ, રાજા ક્ષેમંકરને પ્રતિબોધ થયો. તે બારહ ભાવનાઓનું ચિંતવન કરવા લાગ્યો. સંસાર, શરીર, ભોગોની ક્ષણભંગુરતાનો વિચાર કરવા લાગ્યો, એટલામાં પાંચમાં બ્રહ્મ સ્વર્ગથી લૌકાંતિક દેવ ત્યાં આવ્યા અને ત્યાં આવીને રાજાના વૈરાગ્યની પ્રશંસા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે હે રાજન્! આ તમે ઘણો જ સારો વિચાર કર્યો છે. આ રીતે, તેઓ રાજાની સ્તુતિ-ભક્તિ કરીને સ્વર્ગમાં ચાલ્યા ગયા. ત્યારબાદ, ક્ષેમંકરે પોતાના પુત્ર વજ્રાયુધને બોલાવ્યો અને તેને રાજ્યભાર સોંપીને પોતે વનમાં જઈને દિગંબરી સાધુ-મુનિ થઈ ગયા. કેટલાક સમય પછી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ જેથી તેઓ ત્રણેલોકની વાતને દર્પણવત્ જાણવા લાગ્યા. તે સમયે તે ભગવાન તીર્થંકર સમવસરણ સહિત અત્યંત શોભતા હતા. આ બાજુ રાજા વજ્રાયુધ ન્યાયનીતિપૂર્વક ભોગોને ભોગવતો રાજ્ય કરવા લાગ્યો.

એક સમયે તે રાજા વસંતના સમયમાં વનક્રીડા કરવા પોતાની રાણીઓ સહિત ગયો હતો. તે ત્યાં સુદર્શન નામના સરોવરમાં જલક્રીડા કરતો હતો એ જ સમયે પૂર્વભવના વેરી કોઈ દુષ્ટ વિદ્યાધરે તેના ઉપર પત્થરની એક શિલા નાખી

દીધી અને નીચે આવીને નાગપાશ દ્વારા બંધનબદ્ધ કરી દીધા પરંતુ તે બલી વજ્રાયુધે પોતાના હાથથી જ તે શિલાના ટુકડે ટુકડા કરી નાખ્યા અને નાગપાશને પણ નષ્ટ-ભ્રષ્ટ કરી નાખ્યું. આ જોઈને પેલો પૂર્વભવનો વેરી વિદ્યાધર ભય પામીને ત્યાંથી ભાગી ગયો અને રાજા પણ પોતાની રાણીઓ સહિત નિઃશંક થઈને પાછા આવ્યા અને સુખપૂર્વક રહેવા લાગ્યા. કેટલાક સમય પછી ધર્મના પ્રભાવથી તેને ત્યાં નવનિધિ સહિત ચક્રરત્નની ઉત્પત્તિ થઈ. બરાબર છે કે ધર્મનું ફળ અચિંત્ય જ હોય છે. ચક્રરત્નને પ્રાપ્ત કરીને તે ચક્રવર્તી આનંદપૂર્વક ભોગોપભોગ ભોગવવા લાગ્યો. સદાય તેનું મન ભોગોથી ભરપૂર રહેતું હતું.

જે સમયે ચક્રવર્તી છ ખંડનું એકછત્ર રાજ્ય કરી રહ્યા હતા તે સમયે વિજયાર્ધની દક્ષિણ શ્રેણીમાં શીવમંદિર નામનું એક નગર હતું. ત્યાંના રાજા વિમલવાહન હતા તથા તેમની પ્રિયાનું નામ મિલવા હતું તથા તે શુભ લક્ષણવાળીને એક કનકમાલા નામની પુત્રી હતી જેના વિવાહ કનકશાંતિ સાથે કરી દીધા. સ્તોકસારપુરના રાજા સમુદ્રસેન તથા તેની રાણી જયસેનાને વસંતસેના નામની પુત્રી હતી જેના વિવાહ પણ કનકશાંતિ સાથે કરવામાં આવ્યા. આ બંને સુલક્ષણોવાળી પત્નીઓને મેળવીને કનકશાંતિ આનંદપૂર્વક સાંસારિક સુખોને ભોગવવા લાગ્યો. એક દિવસ કનકશાંતિ પોતાની બંને પત્નીઓ સહિત ક્રીડા કરવા વનમાં ગયો હતો, ત્યાં તેણે એક વિમલપ્રભ નામના મુનિરાજને જોયા અને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને ધર્મશ્રવણ કર્યું. ધર્મકથા સાંભળવાથી તેનું ચિત્ત સંસારના વિષયભોગોથી એકદમ વિરક્ત થઈ ગયું. બરાબર જ છે કે **જ્યાં સુધી આંધળો થઈને જીવ આ ભોગોને ભોગવે છે ત્યાં સુધી તો તે અત્યંત પ્રિય લાગે છે અને જ્યાં તેના દિવ્યનેત્ર ખૂલ્યા અને તેને સ્વ-પરનું જ્ઞાન થયું કે તે જ વિષય-ભોગ ભુજંગ સમાન લાગે છે.** એ જ અવસ્થા તે સમયે કનકશાંતિની થઈ ગઈ. તેણે તે જ સમયે દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી. પોતાના પતિને દીક્ષિત જોઈને કનકમાલા અને વસંતસેનાએ પણ વિમલા નામની એક આર્યિકા પાસે જિનદીક્ષા લઈ લીધી અને તપ કરવા લાગી. તે બરાબર જ છે કે કુળવંતી સ્ત્રીઓ એવું જ આદર્શ કાર્ય કરે છે.

એક દિવસ મુનિરાજ કનકશાંતિ સિદ્ધાચલ ઉપર ધ્યાન લગાવીને પ્રતિમાસન યોગ કરી રહ્યા હતા. ત્યાં કોઈ એક વિદ્યાધરે તેમના ઉપર ઘોર ઉપસર્ગ કર્યો પરંતુ તેઓ તે ઉપસર્ગથી રંચમાત્ર પણ વિચલિત ન થાય જેથી તેમને તે જ સમયે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. પૌત્રને કેવળજ્ઞાન થયું જોઈને વજ્રાયુધ ચક્રવર્તી પણ સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થઈ ગયા. સહસ્રાયુધને તેમણે રાજ્ય સોંપીને પોતે ક્ષેમંકર ભગવાનની સમીપ દીક્ષા ધારણ કરી લીધી અને સિદ્ધાચલ ઉપર એક વર્ષ સુધી પ્રતિમાયોગ ધારણ કરીને ધ્યાનસ્થ થઈ ગયા. આ સમયે વજ્રાયુધે એવું ધ્યાન લગાવ્યું કે તેના પગમાં સર્પોએ રાફડા બનાવી લીધા હતા તથા ગળા સુધી વેલ ચડી ગઈ હતી.

આ બાજુ અશ્વગ્રીવના રત્નકંઠ અને રત્નાયુધ–એ બે પુત્ર ભવભ્રમણ કરતાં કરતાં અતિબલ અને મહાબલ નામના

અસુર થયા હતા. તે બંને વજ્રાયુધને અનેક પ્રકારે કષ્ટ આપવા લાગ્યા. તે બંને અસુરોએ તે સમયે વજ્રાયુધનું મન ધ્યાનથી ડગાવવા માટે રંભા અને તિલોત્તમાનું રૂપ બનાવ્યું. તેઓ અનેક પ્રકારના હાવ-ભાવ બતાવીને તેમનું મન વિચલિત કરવા પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ મુનિરાજનું મન–સુમેરુ ધ્યાનથી જરાય પણ વિચલિત ન થયું. મુનિરાજની આ અવસ્થા જોઈને તેઓ ચુપચાપ ત્યાંથી ભાગી ગયા. થોડી વાર પછી તેઓ પોતાના અસલી રૂપમાં ઉપસ્થિત થયા અને વજ્રાયુધ મુનિરાજની સ્તુતિ, પૂજા, ભક્તિ આદિ કરીને સ્વર્ગમાં ચાલ્યા ગયા.

આ બાજુ સહસ્રાયુધે કેટલોક સમય રાજ્યભાર સંભાળ્યો અને પછી કોઈ નિમિત્ત પામીને તે પણ સંસારથી વિરક્ત થઈ ગયો. તેણે તેના નાના પુત્ર શાંતબલીને રાજ્ય આપીને પોતે પિહિતાશ્રવ મુનિરાજ પાસે દીક્ષા લઈ લીધી. આ બાજુ વજ્રાયુધ મુનિનું ધ્યાન પૂરું થયું ત્યારે તે બંને મુનિરાજ (વજ્રાયુધ અને સહસ્રાયુધ) સાથે વિહાર કરવા લાગ્યા. વિહાર કરતાં કરતાં તેઓ વિપુલાચલ પર્વત ઉપર આવ્યા અને ત્યાં બંને મૌન ધારણ કરીને ધ્યાનમાં લીન થઈ ગયા અને અંત સમયે ધર્મધ્યાનપૂર્વક શાંત પરિણામોથી દેહનો ત્યાગ કર્યો જેના પ્રભાવથી ઉર્ધ્વ ગ્રૈવેયકના સૌમનસ નામના અધોવિમાનમાં ૧૯ સાગરની આયુવાળા ઉત્તમ જાતિના અહમિન્દ્ર થયા. ત્યાં તેમણે આયુપર્યંત સુખ ભોગવ્યા.

આયુ પૂર્ણ થતા ત્યાંથી ચ્યવીને વજ્રાયુધનો જીવ તો જંબૂદ્વીપના પૂર્વવિદેહમાં પુષ્કલાવતી દેશની પુંડરીકિણી નગરીમાં ઘનરથ નામના રાજાને મનોહરા નામની રાણીના ગર્ભથી મેઘરથ નામનો પુત્ર થયો. જ્યારે રાજા ઘનરથને મેઘરથ પુત્ર થયો ત્યારે તેણે ઘણો મોટો મહોત્સવ કર્યો. આ જ રીતે ઘનરથની બીજી રાણી મનોરમાના ગર્ભથી સહસ્રાયુધનો જીવ કે જે ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયો હતો તે દૃઢરથ નામે પુત્ર ઉત્પન્ન થયો. બંને પુત્ર ક્રમ-ક્રમથી મોટા થવા લાગ્યા. જ્યારે તે બંને યુવાન થયા ત્યારે તેમના પિતા ઘનરથે તેમના વિવાહ કરી દીધા. મેઘરથના વિવાહ પ્રિયમિત્રા અને મનોરમા સાથે થયા તથા દૃઢરથના વિવાહ સુમતિ સાથે થયા. થોડા સમય પછી મેઘરથની પ્રિયા પ્રિયમિત્રાના ગર્ભથી નંદિવર્ધન નામનો પુત્ર થયો અને દૃઢરથની વલ્લભા સુમતિના ગર્ભથી બરસેન નામનો પુત્ર થયો.

આ રીતે, પુત્ર-પૌત્રાદિ સહિત રાજા ઘનરથ તીર્થંકર એવા શોભતા હતા જેમ કે તારાગણ, સૂર્ય અને ચંદ્રમા આદિ સહિત સુમેરુ પર્વત શોભા પ્રાપ્ત કરે છે. કોઈ એક સમયે ઘનરથ કોઈ નિમિત્ત પામીને સંસારથી ઉદાસ થઈ ગયા. તેણે પોતાના પુત્ર મેઘરથને રાજ્ય સોંપ્યું અને પોતે દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી. તે સમયે સ્વર્ગથી લૌકાંતિક દેવ આવ્યા તથા તેમની પછી દેવતાગણ આવ્યા અને ત્યાં તેમણે દીક્ષા મહોત્સવ પણ કર્યા બાદ તેઓ સ્વર્ગમાં ચાલ્યા ગયા. આ બાજુ તીર્થંકર ઘનરથ થોડા જ સમયમાં ઘાતિકર્મોને નષ્ટ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સમવસરણ આદિ વિભૂતિસહિત કરોડો સૂર્યની પ્રભાથી પણ અધિક શોભાને ધારણ કરવા લાગ્યા.

ત્યારબાદ, કોઈ એક સમિયે મેઘરથ રાજા દેવરમણ નામક ઉદ્યાનમાં પોતાની રાણીઓને સાથે લઈને ક્રીડા કરવા ગયો

હતો. ત્યાં પહોંચીને તે એક શિલા ઉપર બેસી ગયો. એટલામાં જ આકાશમાર્ગથી જતાં વિદ્યાધરનું વિમાન ત્યાંથી નીકળ્યું અને ત્યાં જ અટકી ગયું. તે વિદ્યાધરને ખૂબ જ ગુસ્સો આવ્યો અને ગુસ્સામાં આવીને તેણે ચારે બાજુ નજર કરી તો એક શિલા ઉપર મેઘરથને બેઠેલો જોયો. તે તેને મારવાના વિચારથી શિલાની નીચે ઘૂસી ગયો અને વિચાર્યું કે તેને શિલા સહિત ઉપાડીને ફેંકી દે કે જેથી તે મરી જાય. આ વાત મેઘરથને ખબર પડી ગઈ. તેણે તે જ સમયે એ શિલાને પોતાના પગના અંગૂઠાના અગ્રભાગથી થોડી દબાવી કે જેથી તે વિદ્યાધર તે શિલાના ભારને સહન કરવામાં અસમર્થ થઈ ગયો અને દુઃખી થઈને બૂમો પાડવા લાગ્યો. તેનો અવાજ સાંભળીને તેની સ્ત્રી તે જ સમયે મેઘરથની શરણમાં આવી અને વિનમ્ર થઈને પતિના જીવનની ભિક્ષા માગવા લાગી. તેની આ પ્રકારે પ્રાર્થના કરવાથી મેઘરથે તે શિલા ઉપરથી અંગૂઠાનું દબાણ ઢીલું કરી નાખ્યું. આ અવસ્થા જોઈને પ્રિયમિત્રાએ પોતાના સ્વામી મેઘરથને પૂછ્યું કે સ્વામિન્! આ શું વાત છે?

મેઘરથે ઉત્તરમાં કહ્યું કે વિજયાર્ધ પર્વત ઉપર એક અલકાપુરી નામની નગરી છે. તેનો રાજા વિદ્યુદ્દષ્ટ અને રાણી અતુલવેગા છે. તેમને સિંહરથ નામનો એક પુત્ર છે. તે એકવાર વિમલવાહન મુનિની વંદના કરવા ગયો હતો. તે પાછો ઘરે જઈ રહ્યો હતો કે તેનું વિમાન અત્યારે અહીં અટકી ગયું ત્યારે તેણે ચારે બાજુ જોઈને મારા ઉપર ગુસ્સો કર્યો અને શિલાસહિત મને ઉપાડવાના વિચારથી શિલા નીચે ઘૂસી ગયો મને ખબર પડતાં મેં અંગૂઠાથી શિલાને દબાવી દીધી જેથી તે તેનો ભાર સહન ન કરી શક્યો અને બૂમો પાડવા લાગ્યો. તેનો અવાજ સાંભળી તેની સ્ત્રી અહીં આવી અને તેના જીવનની ભિક્ષા માંગી. આ રીતે, તેણે બધી જ વાત પોતાની સ્ત્રીને કહી સંભળાવી. પછી તે વિદ્યાધરને સંતોષ બંધાવીને વિદા કર્યો.

એક દિવસ રાજા મેઘરથે ચારણઋદ્ધિધારી મુનિરાજને આહારદાન કર્યું કે જેના પ્રભાવથી દેવોએ તેને ત્યાં પંચાશ્ચર્ય પ્રગટ કર્યા. આ રાજા સદાય શક્તિ અનુસાર તપ કરતો હતો. અષ્ટાહ્નિકા પર્વ ઉપર તેણે ખૂબ જ ભક્તિથી ભગવાનની પૂજા કરી અને પ્રોષધોપવાસ વ્રત લીધું તથા રાત્રિના સમયમાં પ્રતિમાયોગ ધારણ કરીને મેરુની જેમ અચલ થઈ ગયા. આ સમયે ઈશાન ઈન્દ્રે અવધિજ્ઞાન દ્વારા પોતાની સભામાં બેઠા બેઠા જાણી લીધું કે મેઘરથ રાજા ધ્યાનમાં બેઠા છે એટલે તેમને જોતાં જ તેમની સ્તુતિ કરવા લાગ્યો કે 'મેઘરથ! તમને ધન્ય છે! ધન્ય છે તમારા ધૈર્યને! હે સંસારી અસાતાને મટાડવાવાળા આત્મધ્યાની! તમને મારા શતવાર પ્રણામ છે.' આ સાંભળીને અન્ય દેવતાઓએ પોતાના સ્વામીને પૂછ્યું કે હે દેવ! આપ કોની સ્તુતિ કરી રહ્યા છો? આ સાંભળી ઈન્દ્રે કહ્યું કે આ સમયે શુદ્ધ સમ્યગ્દષ્ટિ રાજા મેઘરથ પ્રતિમાયોગમાં લીન થઈ રહ્યા છે. તેઓ જ્ઞાની, વિવેકી, ઉત્તમ ગુણોના ભંડાર હોવાથી પૂજનીય છે, તેથી મેં તેમને નમસ્કાર કર્યા.

ઈન્દ્રની એ વાત ત્યાંની અતિરૂપા અને સુરૂપા નામની બે દેવીઓને સહન ન થઈ શકી અને તે જ વખતે તેઓ

મેઘરથ પાસે પહોંચી. ત્યાં પહોંચીને તેમણે વિભ્રમ, હાવ-ભાવ, વિલાસ, નૃત્ય, ગીત આદિ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરી પરંતુ તે બધી વિફળ થઈ ગઈ. તે રાજા મેઘરથના મન-સુમેરુને જરા પણ ચલિત ન કરી શકી ત્યારે તેમને ઈન્દ્રની વાત પર વિશ્વાસ થયો અને તેઓ મેઘરથને નમસ્કાર કરીને પોતાના સ્થાને જતી રહી. આવી જ રીતે એક દિવસ ઈશાન ઈન્દ્રએ પોતાની સભામાં પ્રિયમિત્રાના રૂપની પ્રશંસા કરી હતી જે સાંભળીને રતિષેણા અને રતિ નામની બે દેવીઓને ખૂબ જ આશ્ચર્ય થયું અને તે બંને દેવી રાણીનું રૂપ જોવા માટે સ્વર્ગથી નીચે આવી અને સ્નાનના સમયમાં સુગંધિત તેલ આદિ દ્વારા સુગંધિત કરેલા ભૂષણ અને વસ્ત્રરહિત રાણીના મનોહર શરીરને જોઈને આશ્ચર્ય કરવા લાગી અને કહેવા લાગી કે જ્યારે આમનું રૂપ અત્યારે આટલું સુંદર છે તો શ્રૃંગાર આદિ કરતાં તો ન જાણે કેટલું સુંદર લાગશે ! ત્યારબાદ, તે બંનેએ સુંદર કન્યાનું રૂપ બનાવીને બુદ્ધિમાની સાથે કહ્યું કે 'હે દેવી! અમે તમારું રૂપ જોવા સ્વર્ગથી આવ્યા હતા. ઈન્દ્રએ પોતાની સભામાં વાસ્તવમાં તમારા રૂપની જે પ્રશંસા કરી હતી, અમે ઠીક એવું જ અહીં જોયું છે.'

આ વાત સાંભળી રાણીએ કહ્યું કે તમે થોડીવાર રોકાવ. રાણીની આજ્ઞા માનીને એ દેવીઓ તે જગ્યાએ રોકાઈ ગઈ એટલામાં રાણીએ પોતાના અત્યંત કિમતી વસ્ત્રાભૂષણ પહેર્યાં, શરીરાદિમાં સુગંધિત તેલ લગાવ્યું, માથામાં સુગંધિત પુષ્પ ગૂંથ્યા અને દરેક પ્રકારે શરીર શ્રૃંગારિત કર્યા બાદ અપ્સરાઓને બોલાવીને પોતાનું રૂપ દેખાડ્યું. તે સમયે તે દેવીઓએ રાણીનું રૂપ જોઈને પોતાનું માથું હલાવવા લાગી. આ જોઈને રાણીએ કહ્યું કે આ શું વાત છે? દેવીઓએ કહ્યું કે હે સુભગે! સાંભળો, ઈશાન ઈન્દ્રએ સ્વર્ગમાં આપના રૂપની પ્રશંસા કરી હતી તે આપનું રૂપ સ્નાન કરતી વખતે તેવું જ જોયું; પરંતુ જેવી શોભા સ્નાન કરતાં સમયે હતી તેવી હવે ષોડશ શ્રૃંગાર કર્યા પછી નથી. આટલું કહીને તે દેવીઓ પોતાના સ્થાન પર જતી રહી. આ બાજુ રાણી પોતાના રૂપને ક્ષણસ્થાયી જાણી વૈરાગ્યયુક્ત થઈ ગઈ. તે વખતે રાજાએ રાણીને ધૈર્ય બંધાવ્યું અને કહ્યું કે તું અત્યારે દીક્ષા ન લે. મારા પરિણામ પણ આ ભોગથી ઉદાસ થઈ રહ્યા છે. તેથી આપણે બંને એક સાથે દીક્ષા લેશું.

એક દિવસ રાજા મનોહર નામના ઉદ્યાનમાં ગયા હતા. ત્યાં તેમણે તેમના પિતા ધનરથ પ્રભુના દર્શન કર્યા અને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. તેઓ એક સુંદર પદ્મ ઉપર બિરાજમાન હતા. રાજા ત્યાં જ એક સ્થાન ઉપર બેસી ગયા અને તેણે આત્મહિતની ઈચ્છાથી પ્રશ્ન કર્યો કે ભગવન્! ક્રિયા અને સંસ્કાર આદિથી શું લાભ છે? તેના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે રાજન્! સાતમા ઉપાસકાધ્યયનાંગમાં જે ૧૦૮ ક્રિયાઓ કહેવામાં આવી છે તેમાંથી ૫૩ ક્રિયાઓ ગર્ભાન્વય નામથી કહેવામાં આવી છે જે ગર્ભથી લઈને મરણ સુધીની વિધિ બતાવે છે તથા ૪૮ ક્રિયાઓ દીક્ષાન્વય નામથી કહેવામાં આવે છે કે જે દીક્ષાથી પ્રારંભ કરીને નિર્વાણ સુધીની વિધિ બતાવે છે. બાકી ક્રિયાઓ કર્તાન્વય નામથી કહેવાય છે કે જે સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. આ ક્રિયાઓનું પાલન કરવાથી આત્માનું બળ વધે છે, સંસ્કાર પવિત્ર થાય છે, આત્મ-વિશુદ્ધિ થાય છે, સદ્‌વિચાર અને સદ્‌ભાવના થાય છે.

આ રીતે, પ્રભુની કહેલી ક્રિયાઓનું સ્વરૂપ, વિધિ-વિધાન તથા તેના ક્રમને અને શ્રાવક-ધર્મને સાંભળીને રાજાને વિરક્ત પરિણામ થઈ ગયા અને તે જ સમયે પોતાના નાના ભાઈ દઢરથને બોલાવીને કહ્યું કે ભાઈ! હવે તું આ રાજ-પાટને સંભાળ. હું હવે આત્મકલ્યાણ માટે તપ કરીશ. ભાઈની આ વાત સાંભળી દઢરથે કહ્યું કે હે પૂજ્ય! રાજ-કાજમાં જે દોષ આપને દેખાય છે તે મને પણ દેખાય છે. તેથી હું વિચારું છું કે પહેલાં ગ્રહણ કરીને પછી છોડવા કરતાં તો એ જ ઉત્તમ છે કે તેને પહેલાં ગ્રહણ જ ન કરું. કીચડમાં કપડું ફેંકીને તેને પોતાની ઉપર નાખવું તથા પછી તેને પાણીથી સાફ કરવું એ ક્યાંની બુદ્ધિમાની છે? બુદ્ધિમાની તો એ છે કે પહેલાંથી જ કીચડથી દૂર રહેવું. આ પ્રકારની વાતચિતથી મેઘરથે પોતાના ભાઈને વિરક્તચિત્ત જાણીને પોતાના પુત્ર મેઘસેનને બોલાવીને તેને રાજ-પાટ સોંપ્યું અને પોતે સાત હજાર રાજાઓ તથા પોતાના નાનાભાઈ દઢરથ સાથે દિગંબર દીક્ષા ધારણ કરી લીધી.

દિગંબર મુનિરાજ મેઘરથ દુર્ધર સંયમનું પાલન કરવા લાગ્યા જેથી થોડા જ સમયમાં દ્વાદશાંગના પારગામી અર્થાત્ શ્રુતકેવળી થઈ ગયા. તેમણે પરમ પવિત્ર ષોડશ કારણ ભાવના ભાવીને સર્વોત્કૃષ્ટ તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો. પછી તે મુનિરાજ દઢરથ મુનિરાજ સાથે સાથે નમસ્તિક પર્વત પર ગયા અને ત્યાં તે બંનેએ શરીર અને આહારાદિથી મમતા છોડીને એક મહિના માટે સંન્યાસ ધારણ કર્યો અને સન્યાસમરણપૂર્વક પ્રાણ છોડ્યા જેથી તે બંને સર્વાર્થસિદ્ધિ નામના વિમાનમાં મહાઋદ્ધિધારક દેવ થયા. ત્યાં તેમનું આયુષ્ય ૩૩ સાગરનું હતું અને શરીર સ્ફટિક સમાન નિર્મળ અને કાંતિયુક્ત હતું. સોળ સોળ મહિનામાં એક વાર શ્વાસોચ્છ્વાસ લેતા હતા, અમૃતપાન જ તેમનો આહાર હતો, તે પણ ૩૩ હજાર વર્ષ પછી એકવાર લેતા હતા. શુક્લલેશ્યાના ધારક હતા, મૈથુનક્રિયા–સ્ત્રીસંભોગરહિત તેમને ઉત્તમ સુખ હતું. શરીરની ઉંચાઈ એક હાથની હતી તથા લોકનાડીની અંદર પોતાને યોગ્ય દ્રવ્ય-ક્ષેત્રાદિને વિષય કરવાવાળું જેમને અવધિજ્ઞાન હતું. એક ભવાવતારી અર્થાત્ મનુષ્યનો એક ભવ પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરશે. મેઘરથનો જીવ અહમિન્દ્ર પર્યાયમાં સર્વોત્કૃષ્ટ જાતિના સાંસારિક સુખોને ભોગતો હતો.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કુરુજાંગલ નામનો એક દેશ છે. તેમાં હસ્તિનાપુર નામનું એક નગર છે જેની શોભાનું વર્ણન પૂર્વે કહી દીધું છે. ત્યાંનો રાજા વિશ્વસેન હતો. તે મોટો વિદ્વાન, કાર્ય-કુશળ અને નીતિજ્ઞ હતો. તેમની રાણીનું નામ એરાદેવી હતું. તે ખૂબ ગુણવતી, વિદૂષી અને સુંદરી હતી. શ્રી, હ્રી, ધૃતિ આદિ દેવી તેમની સેવા કરતી હતી. રાત્રિના પાછલા પહોરમાં તે શૈય્યા ઉપર સુખે સૂતી હતી તે સમયે તેને સોળ સ્વપ્ન જોયા તથા મોઢામાં પ્રવેશ કરતો એક ઉન્નત હાથી જોયો. એ સમયે મેઘરથનો જીવ કે જે સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયો હતો તે ત્યાંથી ચ્યવીને માતા એરાદેવીના ગર્ભમાં આવ્યો. તે ભાદરવા વદ-૭નો દિવસ હતો. ત્યારબાદ, માતા જાગી અને શય્યામાંથી ઊઠીને પ્રાતઃક્રિયા કરીને વસ્ત્રાભૂષણ પહેરીને મનમાં અત્યંત હર્ષિત થતી પોતાના પતિદેવ પાસે ગઈ. ત્યાં પહોંચીને તેણે પતિદેવને નમસ્કાર કર્યા, સ્વામીએ પણ આદર સાથે અડધા સિંહાસન ઉપર આસન ગ્રહણ કરાવ્યું અને આવવાનું કારણ પૂછ્યું. માનિની રાણીએ

પણ રાત્રિમાં જે સ્વપ્ન જોયા હતા તે જેમના તેમ કહ્યા અને નમ્ર શબ્દોમાં નિવેદન કર્યું કે સ્વામિન્! આ સ્વપ્નોનું શું ફળ છે?

ઉત્તરમાં રાજાએ કહ્યું કે આ સ્વપ્નાઓ ઉપરથી એમ જણાય છે કે તમારા ગર્ભથી સંસારનો ઉદ્ધાર કરવાવાળો કોઈ મહાન પુણ્યશાળી આત્મા જન્મ ધારણ કરશે. સ્વપ્નાઓનું ફળ સાંભળીને રાણીને અપાર હર્ષ થયો. બરાબર જ છે, એક તો પુત્રનું થવું જ હર્ષનું કારણ છે એમાં પણ જેને ત્રણલોકનો નાથ, સંસારના મુકુટમણિ, ચક્રવર્તી, તીર્થંકર અને કામદેવ જેવા પુત્રરત્ન ઉત્પન્ન થાય તેમના માતા-પિતાને પરમ હર્ષ થવો જ જોઈએ. ત્યારબાદ, અવધિજ્ઞાનથી ઈન્દ્રએ જાણી લીધું કે ભગવાન માતાના ગર્ભમાં આવ્યા છે તો તે પોતાની ચતુરંગ સેનાસહિત તથા અન્ય દેવતાગણ સાથે હસ્તિનાપુરમાં ભગવાનનો સ્વર્ગાવતરણ–ગર્ભકલ્યાણક ઉજવવા ત્યાં આવ્યા અને ખૂબ જ ધૂમધામથી ઉત્સવ ઉજવીને તે દેવતાગણ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

માતાનો ગર્ભ જેમ-જેમ વૃદ્ધિ પામતો જતો હતો તેમ તેમ તેમનું શરીર તેજયુક્ત થતું જતું હતું. તેમનું મન પ્રતિદિન દાન, પૂજા આદિ સત્કાર્યોમાં અગ્રેસર રહેતું હતું. દેવતાઓએ ૧૫ મહિના સુધી માતા એરાદેવીના ઘરે રત્નોની વર્ષા કરી હતી. પછી જેઠ વદ-૧૪ના દિવસે ઉગતા બાળસૂર્યની જેમ તેમણે પુત્રરત્નને જન્મ આપ્યો. ભગવાનનો જન્મ થતાં જ દેવોને ત્યાં વિના વગાડ્યે જ મહાશંખ, ભેરી, સિંહનાદ, ઘંટા આદિ વાજાઓ વાગવા લાગ્યા. ઈન્દ્રનું આસન કંપાયમાન થયું જેથી તેમને ખબર પડી કે ભગવાનનો જન્મ આજે હસ્તિનાપુરમાં થયો છે. આ જાણીને ઈન્દ્ર બધા દેવતાગણની સાથે મહારાજ વિશ્વસેનના ઘરે આવ્યા અને ભગવાનને સુમેરુ પર્વત પર લઈ ગયા. ત્યાં તેમણે ભગવાનનો ૧૦૦૮ સુવર્ણ કળશો દ્વારા ક્ષીરસમુદ્રના જળથી મહાભિષેક કર્યો તથા સ્વર્ગીય વસ્ત્રાભૂષણ ભગવાનને પહેરાવી ખૂબ જ ભક્તિભાવ પ્રદર્શિત કર્યો તથા ભગવાનનું નામ શાંતિનાથ પ્રગટ કર્યું. ત્યાંથી પાછા આવીને ભગવાનને માતાની ગોદમાં આપ્યા. ભગવાનનું આયુષ્ય એક લાખ વર્ષનું હતું, શરીર ચાલીશ ધનુષ ઊંચું હતું તથા ઉત્તમ લક્ષણોથી યુક્ત હતું. શરીરની કાંતિ સુવર્ણ સમાન હતી.

ત્યારબાદ, દઢરથનો જીવ કે જે સર્વાર્થસિદ્ધિમાં ઉત્પન્ન થયો હતો તે ત્યાંથી ચ્યવીને રાજા વિશ્વસેનની બીજી રાણી યશસ્વતીના ગર્ભથી ચક્રાયુધ નામનો પુત્ર થયો. ચક્રાયુધ બુદ્ધિમાન અને સારા ગુણોથી યુક્ત હતો જેથી પંડિત લોકો પણ તેની સેવા કરતા હતા. ત્યારબાદ, રાજા વિશ્વસેને કુળ, શીલ, રૂપ, કળા, યોગ્ય અવસ્થા આદિ જોઈને કન્યાઓની સાથે શાંતિનાથના વિવાહ-સંસ્કાર કર્યા અને તેમનો અભિષેક કરીને પોતાનું રાજ્ય સોંપી દીધું. આ સમયે પ્રભુ સૂર્યની પ્રભાને પણ જીતતા હતા અર્થાત્ તેમનો પ્રતાપ ઘણો જ તેજ હતો. તેઓ ન્યાય-નીતિપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા. જેવી રીતે સૂર્યના નિકળવાથી અંધકાર નાશ થઈ જાય છે ઠીક તેવી જ રીતે, તેમના સુશાસનમાં અન્યાયનો નાશ થઈ ગયો હતો.

કેટલાક સમય પછી ભગવાનની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું જેના દ્વારા તેમણે છ ખંડ જીત્યા, વિરોધી રાજાઓને પણ જીત્યા. તેમની આયુધશાળામાં ૧ ચક્ર, ૨. ગદા, ૩. દંડ, ૪. અસિ–એ ચાર રત્ન તથા ગૃહલક્ષ્મીમાં ૧. ચર્મ, ૨. ચૂડામણિ, ૩. કાંકિણીએ ત્રણ રત્નો એ પ્રકારે સાત જડ રત્નો ઉત્પન્ન થયા તથા સાત ચેતન રત્ન થયા અર્થાત્ હસ્તિનાપુરમાં ૧. પુરોહિત, ૨. ગૃહપતિ, ૩. સેનાપતિ, ૪. રથપતિ તથા વિજયાર્ધમાં ૧. કન્યા, ૨. હાથી, ૩. ઘોડો એ પ્રમાણે ચક્રવર્તી ભગવાનને જડ અને ચેતન મેળવીને ચૌદ રત્ન ઉત્પન્ન થયા તથા નવનિધિ પ્રાપ્ત થઈ. આ પ્રકારે અતુલ વિભૂતિ પ્રાપ્ત કરી ભોગોપભોગને ભોગવતા થકા શાંતિનાથ પ્રભુનો ઘણો સમય નીકળી ગયો. બરાબર છે કે સુખનો સમય જતો કોઈને ખબર નથી પડતી પણ દુઃખની એક ઘડી પણ મુશ્કેલીથી જાય છે.

એક સમયની વાત છે કે પ્રભુ અલંકારયુક્ત થઈને પોતાનું પ્રતિબિંબ દર્પણમાં જોઈ રહયા હતા. તે સમયે તેમણે પોતાનો ચહેરો બે રૂપમાં જોયો અર્થાત્ પહેલાં સમયમાં તો કોઈ એક રૂપમાં અને બીજા સમયમાં બીજા જ રૂપમાં પ્રતીત થયો. તેઓ આ નિમિત્તને લઈને સંસારથી વિરક્ત થઈ ગયા. જે વિષયો થોડા સમય પહેલાં મધુર પ્રતીત થતા હતા તે જ વિષયો આ અવસ્થામાં વિષ સમાન જણાવા લાગ્યા. એટલામાં જ બ્રહ્મ સ્વર્ગથી લૌકાંતિક દેવો આવ્યા અને તેમણે પ્રભુનું સ્તવન કર્યું તથા તેમના આ કાર્યની અનુમોદના કરી અને પોતાનો નિયોગ પૂરો કરીને પાછા પોતાના સ્થાને ચાલ્યા ગયા. ત્યારબાદ, અન્ય દેવગણ સાથે ઈન્દ્ર ત્યાં આવ્યો અને ભગવાનનો અભિષેક કરીને ઉત્તમોત્તમ વસ્ત્રાભૂષણ પહેરાવીને અને પાલકીમાં બેસાડીને તેમને સહસ્રાભ્રુવનમાં લઈ ગયા અને ત્યાં લઈ જઈને એક મનોહર શિલા ઉપર પ્રભુને બિરાજમાન કર્યા. તે સમયે પ્રભુએ પંચમુષ્ટિ કેશલોંચ કર્યો અને તમામ વસ્ત્રાભૂષણ ઉતારીને દિગંબર થઈ ગયા. આ દિવસ જેઠ વદ-૪નો દિવસ તથા બપોરનો સમય હતો. પ્રભુની સાથે ચક્રાયુધ આદિ હજારો રાજાઓએ આત્મહિત સાધનાની ઈચ્છાથી સંયમ ધારણ કર્યું. પ્રભુ છ દિવસના ઉપવાસ પછી પારણું કરવા માટે શિવમંદિરપુર ગયા અને ત્યાં તેમને સુમિત્ર રાજાએ ભક્તિભાવ સહિત સવિધિ આહાર આપ્યો.

આ રીતે, પ્રભુ ૧૬ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા પછી તેમને પોષ સુદ-૧૦ના દિવસે દૈદીપ્યમાન કેવળજ્ઞાન થઈ ગયું. તે સમયે સ્વર્ગથી આવીને ઈન્દ્રએ સમવસરણની ભવ્ય રચના કરી. સમવસરણમાં બાર સભા હતી કે જે ભવ્ય જીવો દ્વારા ભરપૂર હતી. ભગવાનના ચક્રાયુધ આદિ ૩૬ ગણધર હતા. ત્યારબાદ સુર-અસુર દ્વારા ત્રણ લોકના નાથ પ્રભુએ આર્યખંડમાં વિહાર કર્યો અને ભવ્યજીવોને ધર્મોપદેશ આપ્યો. જ્યારે તેમનું આયુષ્ય એક મહિનાનું બાકી રહી ગયું ત્યારે તેઓ અનાદિનિધન શ્રી સમ્મેદશિખર પર્વત ઉપર પહોંચ્યા અને ત્યાં જેઠ વદ-૧૪ના દિવસે પ્રભુએ બધા જ કર્મોનો નાશ કરી સિદ્ધાલયને પ્રાપ્ત કર્યું તથા ચક્રાયુધ આદિ નવ હજાર મુનિગણે પણ કર્મસમૂહનો નાશ કરી નિર્વાણ પ્રાપ્ત કર્યું.

આ સમયે સ્વર્ગથી આવીને દેવોએ પ્રભુનો નિર્વાણ મહોત્સવ ખૂબ જ ભક્તિભાવથી કર્યો તેમ જ પ્રભુનું અનેક પ્રકારે સ્તવન કર્યું પછી તેઓ પોતપોતાને સ્થાન ચાલ્યા ગયા. આ રીતે, કૌરવવંશમાં આદિ જિન શ્રી શાંતિનાથસ્વામીનો જન્મ

થયો. જે શાંતિનાથ સ્વામીના ચરણકમળમાં ઈન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી આદિ નમસ્કાર કરે છે, જે ગુણોના ભંડાર છે તેથી ગુણી પુરુષો દ્વારા પૂજવાયોગ્ય છે, કામશત્રુને સમૂળ નષ્ટ કરવાવાળા તેમ જ જયશ્રીના પતિ છે, ચક્રરત્નના સ્વામી છે, ધર્મના પ્રવર્તક છે, તીર્થના કર્તા છે, સુંદર અનુપમ શરીરવાળા–કામદેવ છે એ શાંતિનાથ પ્રભુ મારી રક્ષા કરે!

શ્રી શાંતિનાથ પ્રભુ શાંતિના કર્તા અને શાંતિના કેન્દ્ર છે, મોક્ષના દાતા અને મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે. જે મહાનુભાવ મન સ્થિર કરીને શાંતિનાથ પ્રભુના ગુણોનું સ્મરણ કરે છે તે સહજમાં શાંતિલાભ કરે છે, તેને મનવાંછિત સુખોની પ્રાપ્તિ થાય છે, તેના મોહનો નાશ થાય છે અને ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે એવા એ શાંતિનાથ પ્રભુને મારા મન-વચન-કાયથી નમસ્કાર છે. તેઓ મને પરમ શાંતિ આપે તથા મારા નિર્મળ મનોમંદિરમાં બિરાજમાન થઈને મને આત્મકલ્યાણનો માર્ગ બતાવે કે જેથી મને સુખની પ્રાપ્તિ થાય.

(ત્રિપૃષ્ઠ નારાયણનો પુત્ર શ્રીવિજય, ત્રિપૃષ્ઠની બેન જ્યોર્તિમાલાનો પુત્ર અમિતતેજ(શાંતિનાથ થનારનો જીવ) અર્થાત્ બંને મામા-ફૈબાના દિકરા-ભાઈઓ. શ્રીવિજયે નારાયણપદનું નિદાન બાંધ્યું તે અનંતવીર્ય નારાયણ થયા; અમિતતેજ અપરાજિત બળભદ્ર થયા. અનંતવીર્ય નારાયણ મરીને પહેલી નરકે ગયો, અપરાજિત સોળમે સ્વર્ગે ગયો. અનંતવીર્ય નરકેથી નીકળીને મેઘનાદ થયો, ત્યાંથી પ્રતિન્દ્ર થયો, બંને સાથે રહ્યા. અપરાજિતનો જીવ સ્વર્ગેથી ચ્યવીને વજ્રાયુધ થયો ને અનંતવીર્યનો જીવ વજ્રાયુધ કે જે પૂર્વે મોટોભાઈ બળભદ્ર હતો તેનો પુત્ર સહસ્રાયુધ થયો! વજ્રાયુધ ચક્રવર્તી બન્યો. વજ્રાયુધ અને સહસ્રાયુધ મુનિદશામાં સાથે રહ્યા બાદ અહમિન્દ્ર થયા. ત્યાંથી વજ્રાયુધ મેઘરથ થયો ને સહસ્રાયુધ તેનો ભાઈ દ્દઢરથ થયા! તેમના પિતા તીર્થંકર ધનરથ હતા. ત્યાંથી સર્વાર્થસિદ્ધિમાં ઉપજ્યા, ત્યાંથી અમિતતેજનો જીવ વજ્રાયુધ કે જે સર્વાર્થસિદ્ધિમાં હતો તે શાંતિનાથ તીર્થંકર થયા અને શ્રીવિજયનો જીવ શાંતિનાથની બીજી માતાનો પુત્ર ચક્રાયુધ થયો ત્યાંથી બંને મોક્ષ ગયા!)

**।। અધ્યાય પાંચમો સમાપ્ત ।।**

# અધ્યાય છઠ્ઠો



એ કુંથુનાથ સ્વામીને મારા નમસ્કાર છે કે જે કુંથુ-કંથવા આદિ જીવોની પરમ રક્ષા કરવાવાળા છે અને ભવ્યાત્માઓને મોક્ષના માર્ગમાં લગાડવાવાળા છે. તેમના સ્મરણમાત્રથી જ કર્મરજ સમૂળ નાશ થઈ જાય છે.

શાંતિનાથ પ્રભુ પછી કુરુવંશમાં તેમના પુત્ર શ્રીનારાયણ નામના રાજા થયા. ત્યારબાદ, શાંતિવર્ધન અને તેમનો પુત્ર શાંતિચંદ્ર નામના રાજા થયા. ત્યારબાદ, ચંદ્રચિહ્ન અને કુરુ રાજા પણ આ જ વંશમાં ઉત્પન્ન થયા. તેમનાથી લઈને બીજા ઘણા રાજાઓ આ વંશમાં થયા. ત્યારબાદ, સૂરસેન નામના એક પ્રતાપી રાજા થયા કે જે નીતિજ્ઞ અને નીતિપૂર્વક ચાલવા અને ચલાવવાવાળા હતા. તેમના સમયમાં કોઈને પણ કોઈ પ્રકારનો ભય ન હતો. તેમનો પ્રતાપ-સૂર્ય એટલો તેજ હતો કે ડરના માર્યા શત્રુગણ પહાડ-ગૂફાઓમાં છૂપાયેલા રહેતા, જેવી રીતે સૂર્યના પ્રતાપથી તારાસમૂહ દિવસમાં છૂપાયેલ રહે છે. તે રાજાની સ્ત્રીનું નામ શ્રીકાંતા હતું. શ્રીકાંતા વાસ્તવમાં લક્ષ્મીની સમાન કાંતિવાળી હતી. તેનું રૂપ-સૌંદર્ય અનુપમ હતું. સ્ત્રીઓચિત ગુણોથી પરિપૂર્ણ હતી. શ્રી આદિ દેવીઓ તેની સેવામાં હંમેશા ઉપસ્થિત રહેતી હતી. બરાબર જ છે કે સંસારમાં પુણ્ય એક અનુપમ વસ્તુ છે. પુણ્યના યોગથી અલભ્ય વસ્તુ પણ પ્રાપ્ત થઈ જાય છે. આશ્ચર્યની વાત તો એ હતી કે એ રાણીના આંગણામાં ઈન્દ્રનો કુબેર પાણીની જેમ રત્નોની વર્ષા કરતો હતો જેથી એ સમયે આખી પૃથ્વી પર ધન જ ધન દેખાતું હતું. ત્યાં રહેવાવાળા કોઈ પણ દરિદ્ર ન હતા. પૃથ્વીનું વસુધા નામ સાર્થક થતું હતું.

એક દિવસ રાણી શ્રીકાંતા સુખેથી સૂતા હતા. રાત્રીનો પહોર હતો. તે સમયે રાણીએ સોળ સ્વપ્નો જોયા. જ્યારે સવાર થઈ ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્રોના અવાજથી રાણી શય્યા પરથી ઊઠ્યા. તે સમયે તેમના હૃદયમાં ખૂબ જ હર્ષ હતો. તેમણે સવારની બધી ક્રિયાઓ કરી અને વસ્ત્રાભૂષણ પહેરીને રાજાની સભામાં પહોંચ્યા. તે એ સમયે એવી શોભા પામતી હતી કે જેવી રીતે વિજળીથી આકાશ શોભે છે. રાણી ત્યાં જઈને રાજાને નમસ્કાર કરીને અડધા સિંહાસન પર બેસી ગયા અને જે શુભ સ્વપ્નો જોયા હતા તે રાજાને કહ્યા. તે સાંભળીને રાજાએ અવધિજ્ઞાન દ્વારા એ સ્વપ્નાઓનું ફળ જાણી લીધું અને ક્રમશઃ તે સ્વપ્નાઓનું ફળ રાણીને કહી દીધું. સ્વપ્નાઓનું ફળ સાંભળીને રાણીનું મુખકમળ એવી રીતે પ્રફુલ્લિત થઈ ગયું કે જેવી રીતે ચંદ્રના કિરણોના સંસર્ગથી કુમુદિની વિકસીત થઈ જાય છે. ત્યારબાદ, શ્રાવણ વદ-૧૦ના દિવસે સર્વાર્થસિદ્ધિમાંથી ચ્યવીને આવેલા દેવને દેવીઓ દ્વારા શોભિત પોતાના ગર્ભમાં ધારણ કર્યા. તે સમયે ઈન્દ્ર અન્ય દેવતાઓ સાથે ત્યાં આવ્યા અને તેણે ખૂબ જ ઉત્સાહથી ગર્ભકલ્યાણકનો ઉત્સવ કર્યો. મુક્તાફળને ધારણ કરવાવાળી છીપની જેમ અથવા રત્નોની ખાણને ધારણ કરવાવાળી વસુંધરા જેવી રીતે શોભાને પ્રાપ્ત થાય છે ઠીક એવી જ રીતે

તે રાણી પણ પ્રભુને ગર્ભમાં ધારણ કરતી અનુપમ શોભાને પ્રાપ્ત કરતી હતી. તે સમયે તેના શરીરની કાંતિ અત્યંત તેજયુક્ત થઈ ગઈ હતી પણ તેને ગર્વ રંચમાત્ર પણ ન હતો. સુંદરી દેવાંગનાઓ હંમેશા જ તેની સેવામાં ઉપસ્થિત રહેતી હતી અને તેને પ્રસન્ન કરવા માટે અનેક પ્રકારના પ્રશ્નો પૂછતી હતી કે દેવી! સંસારમાં સાર વસ્તુ શું છે? સુખ કોને કહે છે? પ્રાણીઓને-જીવોને સુખ આપનારું કોણ છે? માતા આ પ્રશ્નોના ઉત્તર એવી રીતે આપતા કે જેનો પ્રથમ અક્ષર ભલે ભિન્ન હોય પણ બાકીના બીજા અક્ષર સમાન હોય.

રાણીએ જવાબ આપ્યો કે સંસારમાં એક ધર્મ જ સાર છે. ધર્મને સુખ કહે છે. પ્રાણીઓને પોતાના કરેલા શુભ-અશુભ કર્મો દ્વારા જ સુખ-દુ:ખ મળે છે. કર્મના નિમિત્તથી જ તેઓ સંસારના બંધનમાં બંધાય છે અને જન્મ-મરણ ધારણ કરે છે તથા વિવિધ પ્રકારના સંકટોને સહન કરે છે અને જન્મ-મરણ ધારણ કરે છે તથા કર્મના નિમિત્તથી જ સાંસારિક સુખોને ભોગવે છે. આ પ્રશ્નોના જવાબ સાંભળી દેવીઓએ ફરી પૂછ્યું કે હે દેવી! સૂર્યથી શું ઉત્પન્ન થાય છે? વિદ્વાનોના મુખમાં શું રહે છે? ગંગા કોને કહે છે? વિદુષી રાણીએ આ ત્રણે પ્રશ્નોના ઉત્તર એક જ શબ્દમાં એ રીતે આપ્યો કે ભા-ગી-ર-થી અર્થાત્ સૂર્યથી ભા-આભા ઉત્પન્ન થાય છે. વિદ્વાનોના મુખમાં ગી-વાણી સરસ્વતી રહે છે. ગંગા ભાગીરથીને કહે છે. આ રીતે, માતાને પ્રસન્ન કરવા માટે દેવીઓ નાના પ્રકારના પ્રશ્ન કરતી હતી અને માતા તે પ્રશ્નોના સયુક્તિક ઉત્તર એક શબ્દમાં આપતી હતી.

ત્યારબાદ, જ્યારે નવ માસ પૂરા થયા ત્યારે રાણીએ વૈશાખ સુદ-૧૫ના દિવસે પુત્રરત્નને જન્મ આપ્યો જેવી રીતે પૂર્વ દિશા સૂર્યને જન્મ આપે છે. પ્રભુનો જન્મ થયો જાણીને તે જ સમયે ઈન્દ્ર સ્વર્ગમાંથી અન્ય દેવગણ સહિત આવ્યા અને તેઓ હર્ષયુક્ત ભગવાનને સુમેરુ પર્વતના શિખર પર લઈ ગયા. ત્યાં તેમણે પ્રભુને એક ઉત્તમ રત્નમયી સિંહાસન પર બિરાજમાન કર્યા અને નાના પ્રકારના ઉત્તમ પાઠ-શ્લોક-સ્તુતિ દ્વારા પ્રભુનું સ્તવન કર્યું અને ક્ષીર સમુદ્રનું જળ હાથોહાથ લાવીને મહાભિષેક કર્યો તથા સ્વર્ગીય વસ્ત્રાભૂષણ પહેરાવીને તેમનું ''કુંથુનાથ'' નામ રાખ્યું.

ત્યારબાદ, તેઓ પાછા હસ્તિનાપુર ગયા અને પ્રભુને તેમના માતા-પિતાને સોંપી દીધા. પ્રભુ ધીરે-ધીરે મોટા થતા ગયા અને કુમાર અવસ્થા છોડીને યુવાન અવસ્થામાં દાખલ થયા. આ સમયે પ્રભુના શરીરની સાથે બધા ગુણો વૃદ્ધિગત હતા. તેમના શરીરની ઊંચાઈ ૩૫ ધનુષ હતી, શરીરની કાંતિ તપાવેલા સુવર્ણ સમાન હતી, આયુષ્ય ૯૫૦૦૦ વર્ષનું હતું. થોડા સમય પછી પ્રભુનો રાજ્યાભિષેક થયો અને તેઓ ન્યાયનીતિપૂર્વક પ્રજાનું પાલન કરતાં રાજ્ય-સુખ ભોગવવા લાગ્યા. કેટલાક સમય પછી તેમની આયુધશાળામાં ચક્રરત્નની ઉત્પત્તિ થઈ જેને પ્રાપ્ત કરીને તેમણે છ ખંડો ઉપર દિગ્વિજય કર્યો.

એક દિવસ તેમને પોતાના પૂર્વભવની યાદ આવી ગઈ અને તેઓ સંસારથી વિરક્ત થઈ ગયા. આ જાણીને પાંચમાં સ્વર્ગમાંથી લૌકાંતિક દેવો આવ્યા અને સંસારથી ઉદાસચિત્ત પ્રભુની સ્તુતિ કરીને પોતાના સ્થાન પર ચાલ્યા ગયા.

ત્યારબાદ પ્રભુએ પંચમુષ્ટિ કેશલોંચ કર્યું અને હજારો રાજાઓની સાથે સંયમ ધારણ કર્યું. જે દિવસ તેમણે સંયમ ધારણ કર્યું એ જ દિવસથી તેમણે છ દિવસ પછી આહાર લેવાની સદાય માટે પ્રતિજ્ઞા કરી.

હસ્તિનાપુરમાં જ ધર્મમિત્ર નામનો એક શ્રાવક રહેતો હતો. તેમણે પારણાને દિવસે ભગવાનને ખીરનો આહાર આપ્યો જેથી તેના ઘરે પંચાશ્ચર્ય પ્રગટ થયા. પ્રભુ સહેતુક વનમાં સોળ વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં રહ્યા. ત્યારબાદ, તિલક વૃક્ષની નીચે પ્રભુએ ઘાતિયા કર્મોનો નાશ કરી ચૈત્ર સુદી-૩ના સાંજના સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ સમયે ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે ભગવાનના સમવસરણની રચના કરી. સુર, અસુર, મનુષ્ય આદિ ત્યાં આવીને ભગવાનની સ્તુતિ-વંદના કરવા લાગ્યા. પ્રભુના સમવસરણમાં સ્વયંભૂ આદિ ૩૫ ગણધર, ૭૦૦ મુનિરાજ અને ૫૩૧૦૦ શિષ્ય હતા, ૨૫૦૦ અવધિજ્ઞાનના ધારક હતા તથા ૩૩૦૦૦ કેવળજ્ઞાની હતા, ૫૧૦૦ વિક્રિયાઋદ્ધિના ધારક હતા તથા ૩૩૦૦ મન:પર્યયજ્ઞાની હતા તથા ઉત્તરવાદી મુનિ ૨૦૫૦ હતા. બધા મળીને કુલ ૬૦૦૦૦ મુનિ હતા અને ૬૦૩૫૦ અર્જિકાઓ હતી, ૨૦૦૦૦૦ શ્રાવક અને ૩૦૦૦૦૦ શ્રાવિકાઓ હતી. આ ઉપરાંત અસંખ્યાત દેવ અને દેવીઓ હતી અને અસંખ્યાત તિર્યંચ હતા. આ રીતે પ્રભુએ સંઘસહિત પૃથ્વી ઉપર વિહાર કર્યો અને ભવ્ય જીવોને મોક્ષનો રસ્તો દેખાડ્યો.

અંતમાં વિહાર કરતાં કરતાં તેઓ હજારો મુનિઓ સાથે સમ્મેદાચલ પર પધાર્યાં. ત્યાં પ્રભુએ એક મહિના સુધી યોગ નિરોધ કર્યો અને ઘાતિયા કર્મોની જેમ અઘાતિયા કર્મોનો નાશ કરીને તેઓ મોક્ષ-કાંતાના પતિ બની ગયા. ભગવાનની સાથે સાથે બીજા પણ ઘણા મુનિઓને મોક્ષનો લાભ થયો. જે દિવસે ભગવાન મોક્ષ પધાર્યાં એ દિવસ વૈશાખ સુદ પૂનમનો હતો. પ્રભુનો નિર્વાણ થયો જાણી ઈન્દ્ર ત્યાં દેવતાઓ સાથે આવ્યા અને ખૂબ જ ઉત્સાહિત થઈને પ્રભુનો નિર્વાણ મહોત્સવ ઉજવ્યો અને તેમના ગુણોનું સ્મરણ કરતાં કરતાં તે બધા દેવતાઓ સ્વર્ગમાં ચાલ્યા ગયા.

જે પહેલાં જંબૂદ્વીપના પૂર્વ વિદેહમાં વૈભવશાળી પ્રતાપી સિંહરથ નામના રાજાઓના મુકુટમણિ થયા અને ત્યાંથી સર્વાર્થસિદ્ધિ નામક વિમાનમાં અહમિન્દ્ર થયા તથા ત્યાંથી ચ્યવીને ત્રણ લોકના નાથ, ચક્રવર્તી અને કામદેવ—એ ત્રણ પદવીના ધારક થયા તે પ્રભુ અમને ઉત્તમ ગુણ પ્રદાન કરે, અમારી રક્ષા કરે. જે સ્વામી ત્રણ લોક દ્વારા પૂજનીય છે, કામદેવ સમાન પ્રણય યોદ્ધાને જેમણે વાત વાતમાં હરાવી દીધા, જે પુણ્યના ભંડાર છે અર્થાત્ જેનું સ્મરણ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે એવા કુંથુનાથ ભગવાન આપણને સુખ આપે, આપણી રક્ષા કરે!

**॥ છઠ્ઠો અધ્યાય સમાપ્ત ॥**

*

# અધ્યાય સાતમો

હું એ અરહજિનને નમસ્કાર કરું છું કે જેમણે કર્મશત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે, ઈન્દ્ર, અહમિન્દ્ર, ચક્રવર્તી આદિ જેમની પૂજા કરે છે, જેઓ બધા જ ગુણોના આશ્રયભૂત છે તથા જે તીર્થંકર અને ચક્રવર્તીની પદવીથી વિભૂષિત છે તથા જે સંસારમાં સર્વોત્કૃષ્ટ છે.

આ રીતે, ઘણા રાજા-મહારાજાઓ થયા બાદ કુરુવંશમાં સુંદર આકૃતિને ધારણ કરવાવાળા સુદર્શન નામના રાજા થયા. તેમને મિત્રસેના નામની પત્ની હતી. તે પણ સુંદર આકૃતિયુકત અને સતી હતી. શ્રી આદિ દેવીઓ તેની સેવા કરતી હતી. એક દિવસ રાણીએ રાત્રિના પાછલા પહોરમાં સોળ સ્વપ્ના જોયા અને ફાગણ સુદ-૩ના ગર્ભ ધારણ કર્યો. તે સમયે અવધિજ્ઞાનથી ભગવાન માતાના ગર્ભમાં આવ્યા જાણીને ચતુર્નિકાયના દેવોએ હર્ષથી ગર્ભોત્સવ ઉજવ્યો. ત્યારબાદ, તેઓ માતા-પિતાને નમસ્કાર કરી સ્વર્ગમાં ચાલ્યા ગયા. જોકે ગર્ભનો ભાર ઘણો હતો તથાપિ મિત્રસેનાને એ ખબર પડતી ન હતી. ત્યારબાદ, જ્યારે ગર્ભના નવ મહિના પૂર્ણ થયા ત્યારે એ રાણીએ માગશર સુદ-૧૪ના દિવસે પૂર્વદિશા સમાન બાળસૂર્યને જન્મ આપ્યો, પ્રભુ જન્મથી જ ત્રણ જ્ઞાન–મતિ, શ્રુત અને અવધિજ્ઞાનના ધારક તીર્થંકર હતા. એ જ સમયે સ્વર્ગથી ઈન્દ્ર આદિ દેવતાગણ ત્યાં આવ્યા અને ભગવાનને સુમેરુ પર્વત પર લઈ ગયા. ત્યાં એમણે સુવર્ણના કળશો દ્વારા પ્રભુનો અભિષેક કર્યો અને તેમનું નામ અર અથવા અરહ રાખ્યું તથા જન્મકલ્યાણકની જે કાંઈ વિધિ હતી તે કરી.

ત્યારબાદ, પ્રભુ ક્રમ-ક્રમથી મોટા થવા લાગ્યા અને થોડા સમય બાદ કુમાર અવસ્થાનું ઉલ્લંઘન કરીને યુવાવસ્થા ધારણ કરી. તેમના શરીરની ઊંચાઈ ૩૦ ધનુષ હતી, શરીરની કાંતિ તપાવેલા સુવર્ણ સમાન હતી, આયુષ્ય ૮૪૦૦૦ વર્ષનું હતું. પ્રભુની સાથે ૧૦૦૦ કન્યાઓનો વિવાહ થયો હતો. થોડા સમય બાદ તેઓ રાજા થયા. દેવતાઓ હંમેશા તેમની પાસે આવીને નમસ્કાર કરતાં હતા. થોડા સમય પછી પ્રભુની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું જેના દ્વારા તેમણે ૩૨ હજાર રાજાઓને પોતાને આધિન કર્યા–તેમને નમ્રીભૂત કર્યા. છ ખંડનો દિગ્વિજય કર્યો. આ સ્વામી ચક્રવર્તી, પુણ્યાત્મા અને તીર્થંકર હતા. તેમને ત્યાં ૧૮ હજાર ઘોડા, ૮૪ લાખ હાથી અને ૮૪ લાખ રથ હતા. તેઓ ૩૨ હજાર દેશના અધિપતિ હતા, ૯૬ હજાર સ્ત્રીઓના ભોક્તા હતા તથા ૭૨ હજાર પુરના રક્ષક હતા તથા ૯૯ હજાર દ્રોણ અને ૪૮ હજાર શહેરના સ્વામી હતા. એ પ્રભુને ત્યાં ૧૬ હજાર નાના ગામડાં અને ૯૬ હજાર નાના શહેર હતા. તેઓ ૩૨ હજાર નાટકો જોતા હતા. તેમને ત્યાં ૧ કરોડ થાળી, ૩ કરોડ ગાય અને ૧ કરોડ હળ હતા તથા ૭૦૦ કુક્ષિવાસ અને ૭૮૦૦ અટવી–કૂર્મ હતા. તે રાજાને ૧૮ હજાર મ્લેચ્છ રાજાઓ નમસ્કાર કરતાં હતા. તેમને ત્યાં ૯ નિધિ અને ૧૪ રત્ન હતા. તેમના ચરણોની રક્ષા કરવાવાળા બે ચપ્પલ (ખડાઉ) હતા કે જે વિષ-વિકારને દૂર કરતાં હતા. પ્રભુને ત્યાં અભેદ્ય નામનું કવચ અને અજિતેય નામનો રથ હતો, વજ્રકાંડ નામનું ધનુષ અને અમોઘ નામનો હાર હતી. તેમને ત્યાં વજ્રતુંડા નામની

શક્તિ અને સિંહારક નામનું ભાલું હતું, સુનંદા નામની તલવાર અને ભૂતમુખ નામની ઢાલ હતી, સુદર્શન નામનું ચક્ર અને ચંડવેગ નામનું દંડ હતું. તેમને ત્યાં વજ્રમયી ચર્મરત્ન ચિંતામણિ અને કાંકિણી નામના બે રત્નો હતા, પવંજય નામનો ઘોડો અને વિજય-પર્વત નામનો હાથી હતો. તેમને ત્યાં મનને આનંદિત કરવાવાળી બાર પ્રકારની ભેરીઓ હંમેશા વાગતી રહેતી હતી, વિજયઘોષ નામના બાર નગારા હતા.

આ પ્રકારે ચક્રવર્તીની અતુલ વિભૂતિ પ્રાપ્ત કરીને પ્રભુ પોતાનો સમય વ્યતીત કરી રહ્યા હતા કે એટલામાં એમણે એક સમયે વર્ષાકાલીન વાદળાઓ જોયા. એ વાદળાઓ જોતજોતામાં વિઘટીત થઈ ગયા. આ નિમિત્તને લઈને પ્રભુ સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થઈ ગયા. તેઓએ તેમના પુત્ર અરવિંદકુમારને બોલાવ્યો અને તેને બધો જ રાજભાર સોંપી દીધો. એ જ સમયે પોતાનો નિયોગ પૂરો કરવા બ્રહ્મલોકથી લૌકાંતિક દેવો આવ્યા, પ્રભુના આ કાર્યની પ્રશંસા કરી અને આગળના માર્ગની અનુમોદના કરી અને પછી તેઓ સ્વર્ગમાં ચાલ્યા ગયા. ત્યારબાદ, પ્રભુ વૈજયંતી નામની સુંદર પાલખીમાં સવાર થઈને દેવતાઓ અને રાજા-મહારાજાઓની સાથે સહેતુક વનમાં ગયા. ત્યાં તેમણે માગસર સુદ-૧૦ના દિવસે હજારો રાજાઓની સાથે દિગંબર દીક્ષા ધારણ કરી તથા છ ઉપવાસ પછી આહાર લેવાની પ્રતિજ્ઞા કરી. ચાર જ્ઞાનના ધારક પ્રભુએ પારણાના દિવસે ચક્રપુરના રાજા અપરાજિતને ત્યાં આહાર ગ્રહણ કર્યો, એ જ સમયે દેવતાઓએ રાજા અપરાજિતને ધન્ય-ધન્ય કહ્યું તથા તેમના ઘરે પંચાશ્ચર્ય પ્રગટ થયું. પ્રભુ ભોજન કરી વિહાર કરી ગયા.

આ રીતે, પ્રભુના ૧૬ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં વ્યતીત થયા. ત્યારબાદ, આમ્રવૃક્ષની નીચે બેઠેલા પ્રભુએ પ્રચંડ ઘાતિકર્મોને નાશ કરી કાર્તિક સુદ-૧૨ના દિવસે ષષ્ઠોપવાસના પ્રભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું જેથી તેમણે ત્રણે લોકને દર્પણની જેમ જાણી લીધું. એ સમયે સુર-અસુર આદિ બધા દેવો આવ્યા અને તેમણે ભગવાનના પંચમજ્ઞાનની ભક્તિભાવથી પૂજા કરી અને ભવ્ય સમવસરણની રચના કરી. ભગવાન અરહનાથે આર્યખંડમાં વિહાર કર્યો. જ્યારે આયુષ્યનો એક મહિનો બાકી રહી ગયો ત્યારે ભગવાન શ્રી શિખરજી પધાર્યા અને ત્યાં તેમણે યોગ નિરોધ કરીને ચૈત્ર વદ અમાવસના દિવસે હજારો મુનિઓની સાથે મોક્ષ પ્રાપ્ત કર્યો. તે સમયે દેવતાગણ ત્યાં આવ્યા અને વિવિધ પ્રકારે ભગવાનનું સ્તવન કર્યું અને બધી વિકલ્પજાળને છોડીને ભગવાનનો ખૂબ જ ભક્તિભાવથી નિર્વાણ-મહોત્સવ ઉજવ્યો જેનાથી તેમનો આત્મા પણ કર્મમળથી પ્રક્ષાલિત થઈ ગયો. ત્યારબાદ, બધા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

એ અરહનાથ ભગવાનની જય થાઓ કે જેઓ કર્મરૂપી વેરીઓને જીતવાવાળા છે, જેમના ચરણકમળની ઈન્દ્ર, નરેન્દ્ર, અહમિન્દ્ર પૂજા કરતાં પોતાને ધન્ય સમજે છે, જે બધી વિદ્યાઓના અધિપતિ છે, ભવ્ય જીવોને મોક્ષનો રસ્તો દેખાડવાવાળા છે. જે મહાન આત્મા પહેલાં ધનપતિ નામના રાજા હતા, પછી મુનિઓમાં શ્રેષ્ઠ મુનીશ્વર થયા અને સંયમ પાલન કરવાના પ્રભાવથી જેમણે સંજયત નામના વિમાનમાં અહમિન્દ્ર પદ પ્રાપ્ત કર્યું. ત્યાંથી ચ્યવીને જે આ ભરતક્ષેત્રમાં ધર્માત્માઓના મુકુટમણિતીર્થના પ્રવર્તક તીર્થંકર થયા, ચક્રવર્તી અને કામદેવ થયા. એવા એ ત્રણ પદવીના ધારક અરહજિન અમારી રક્ષા કરે, અમને પણ કર્મસમૂહથી રહિત કરે!

✻ ✻ ✻

**॥ સાતમો અધ્યાય સમાપ્ત ॥**

# અધ્યાય આઠમો

જે જગતના સ્વામી, મુનિઓના નાયક અને શ્રેષ્ઠ જ્ઞાન આપવાવાળા છે અને જેમના સ્મરણમાત્રથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે એવા પ્રભુને અમારા નમસ્કાર હજો. તેઓ અમને સન્મતિ પ્રદાન કરે!

અરહનાથ ભગવાનની પછી તેમના પુત્ર અરવિંદ રાજા થયા અને તેના પછી શૂર, પદ્મરથ અને રથી નામના રાજા રાજ્યના ભોક્તા થયા. ત્યારબાદ, રથીનો પુત્ર મેઘરથ રાજા થયો. તેની પત્નીનું નામ પદ્માવતી હતું. પદ્માવતીના ગર્ભથી વિષ્ણુ અને પદ્મરથ નામના બે પુત્ર થયા. બંને પુત્ર તેજસ્વી અને મહાબલી હતા. એક દિવસ મેઘરથ રાજા કોઈ નિમિત્ત પામીને પોતાના પુત્ર વિષ્ણુ સાથે દિગંબર થઈ ગયા. ત્યારબાદ, પદ્મરથ હસ્તિનાપુરનો રાજા થયો. હવે, અહીં સુખ ઉપજાવનાર બીજી કથા કહીએ છીએ.

આ જ સમયે અવની દેશમાં ઉજ્જૈન નામની અત્યંત શોભાયુક્ત નગરી હતી. તેનો રાજા શ્રીવર્મા હતો અને તેને ચાર બુદ્ધિમાન મંત્રી હતા. જેના નામ બલિ, બૃહસ્પતિ, પ્રહ્લાદ અને નમુચિ હતા. તે ચારેય મંત્રી વાદ-વિવાદ કરવામાં ખૂબ જ દક્ષ હતા. એક દિવસ ઉજ્જૈનમાં સસંઘ શ્રી ૧૦૮ અકંપન આચાર્ય વિહાર કરતાં કરતાં આવ્યા અને તેઓ બધા આવીને એક વનમાં રોકાઈ ગયા. આચાર્ય અકંપનના સંઘમાં બીજા ૭૦૦ મુનિરાજ હતા. અવધિજ્ઞાનથી ભવિષ્યની વાત જાણવાવાળા આચાર્ય મહારાજે એ જ સમયે બધા મુનિરાજને કહી દીધું કે તમો કોઈ વાદ-વિવાદ ન કરતાં, મૌન થઈને બેસો એમાં જ સંઘની કુશળતા છે.

આ બાજુ, મુનિઓના આગમનના સમાચાર સાંભળીને નગરના બધા સ્ત્રી-પુરુષો તેમની વંદના-પૂજા કરવા માટે વનમાં ગયા. તેમને જતાં જોઈને રાજાએ પૂછ્યું કે આજે શું કારણ છે કે નગરના બધા સ્ત્રી-પુરુષો પૂજાની સામગ્રી લઈને ઉત્સવ સાથે ચાલ્યા જાય છે? શું તેઓ બધા તીર્થની વંદના કરવા જઈ રહ્યા છે? અમે જોઈએ છીએ કે આજે અમારી નગરીમાં મોટો ઉત્સવ થઈ રહ્યો છે! રાજાની વાત સાંભળીને મંત્રીઓએ કહ્યું કે આ બધા ઉદ્યાન તરફ જઈ રહ્યા છે. ત્યાં દિગંબર મુનિવરોનો એક સંઘ આવ્યો છે. આ વાત સાંભળી રાજાના હૃદયમાં પણ ભક્તિનો સંચાર થવા લાગ્યો અને તે જ સમયે તે રાજા પણ મુનિઓની વંદના કરવા ચાલી નીકળ્યા. તેમની સાથે બલિ આદિ મંત્રીઓ પણ ગયા. રાજાએ વનમાં પહોંચીને મુનિઓની વંદના કરી પરંતુ બદલામાં મુનિઓએ રાજાને આશીર્વાદ ન આપ્યા અને ચૂપચાપ બેઠા રહ્યા. આ જોઈને મંત્રીઓએ રાજાને કહ્યું કે રાજન્! આ બધા નર્યા મૂર્ખ છે, બળદ સમાન છે એટલે ચૂપચાપ બેઠા રહ્યાં છે.

ત્યારબાદ, તેઓ બધા રાજાની સાથે સાથે પાછા ચાલ્યા આવ્યા. ભાગ્યવશ તેમને સામેથી આવતા શ્રુતસાગર નામના મુનિરાજ દેખાયા. તેમને જોઈને મંત્રીઓએ હાસ્યરૂપમાં રાજાને કહ્યું કે રાજન્! જુઓ, આ એક યુવાન બળદ પેટ ભરીને આવી રહ્યો છે. મુનિ શ્રુતસાગરને પોતાના ગુરુની આજ્ઞાની ખબર ન હતી તેથી તેમણે મંત્રીઓ સાથે ખૂબ વાદ-વિવાદ કર્યો અને એમનો પરાજય કરી દીધો. જેથી એ ઘણા લજ્જિત થયા અને મનમાં કષાયભાવ લાવીને તેમને કષ્ટ પહોંચાડવાનો સંકલ્પ કરી લીધો. આ બાજુ શ્રુતસાગર મુનિરાજ ત્યાંથી આવીને પોતાના સંઘમાં પહોંચ્યા અને તેમણે ગુરુને બધા જ સમાચાર જેમના તેમ કહી દીધા. જવાબમાં ગુરુએ કહ્યું કે તમે આ કામ સારું નથી કર્યું, તેથી તમે અહીંથી જાઓ અને જે સ્થાન પર વાદ-વિવાદ કર્યો છે ત્યાં જઈને રાત્રિ વ્યતીત કરો, નહીંતર સંઘને મોટી વિપત્તિમાં પડવું પડશે.

ગુરુની આજ્ઞા માની શ્રુતસાગર એ જ સ્થાન પર ગયા કે જ્યાં એમણે વાદ-વિવાદ કર્યો હતો. ત્યાં પહોંચીને તેઓ ધ્યાનમાં તન્મય થઈ ગયા. આ બાજુ રાત્રિ થતાં એ દુષ્ટ મંત્રીઓ મુનિઓને મારવા માટે ચાલ્યા. તે જતા જ હતા કે રસ્તામાં તેમને એ જ મુનિરાજ વાદ-વિવાદના સ્થાન પર દેખાયા. એમને જોતાં જ એ દુષ્ટોનો ક્રોધ ઉમટી પડ્યો અને તેઓ આપસમાં કહેવા લાગ્યા કે જેમણે આપણું માનભંગ કર્યું છે એ આ જ છે, આને જ મારવો જોઈએ, આમ કહીને એમને મારવા હથિયાર ઉગામ્યું કે એ જ સમયે ત્યાંના વનદેવતાએ તેમને કીલિત કરી દીધા જેથી તેમના હથિયાર જેમના તેમ ઉપર સ્થિર રહી ગયા; ત્યારે તેઓ ઘણા ગભરાયા અને વ્યાકુલિત થયા. આશ્ચર્યની વાત તો એ થઈ કે તેમણે મુનિરાજને મારવા માટે જે તલવાર ઉગામી હતી તેનાથી મુનિરાજની ઉપર તોરણ જેવી શોભા થઈ ગઈ.

પ્રાતઃકાળ થયો. નગરવાસી લોકો જાગ્યા. રાજાને પણ આ સમાચારની જાણ થઈ. રાજાએ ત્યાં આવીને, દુષ્કૃત્યને કારણે કીલિત એ મંત્રીઓને જોયા ને તેમને ખૂબ જ દુઃખ થયું. પુરવાસી લોકો તેમને ધિક્કારવા લાગ્યા અને તેમના આ દુષ્કૃત્યની નિંદા કરવા લાગ્યા, રાજાએ એ દુષ્ટ મંત્રીઓનું માથું મુંડાવીને તેમને ગધેડા ઉપર બેસાડીને નગરની પરિક્રમા કરાવીને દેશની બહાર કાઢી મૂક્યા. તે મંત્રીઓ હસ્તિનાપુરના રાજા પદ્મરથને ત્યાં આવ્યા અને ત્યાં તેમણે નમ્રતાનો વ્યવહાર કર્યો જેથી પ્રસન્ન થઈને રાજાએ તેમને પોતાના મંત્રી બનાવી લીધા અને બધી જ રીતે તેમની રક્ષા કરી.

ત્યારબાદ, કુંભનગરનો રાજા હરિબલ નિત્ય પદ્મરથના રાજ્યમાં ઉપદ્રવ કરતો હતો. પદ્મરથને આ વાત સહ્ય ન હતી પરંતુ હરિબલ એટલો બળવાન હતો કે પદ્મરથ તેને યુદ્ધમાં જીતી શકતો ન હતો તેથી તે દિવસ-રાત ચિંતામાં મગ્ન રહેતો હતો જેના કારણે તેનું શરીર પણ દુર્બળ થઈ ગયું હતું. **સત્ય જ છે કે સંસારમાં ચિંતા એક એવી વસ્તુ છે કે જે મનુષ્યને એકદમ નષ્ટ કરી દે છે. નીતિકારોનું કહેવું છે કે ચિતા અને ચિંતા એ બે શબ્દમાં એક અનુસ્વારનો જ ફર્ક છે પરંતુ બન્નેના કાર્યમાં જમીન-આસમાનનો ફર્ક છે. ચિતા તો નિર્જીવ-મૃત મનુષ્યને સળગાવે છે પરંતુ ચિંતા તો સજીવને સળગાવે છે.**

રાજા પદ્મરથના આ હાલ જોઈને બલિ મંત્રીએ પૂછ્યું કે રાજન્! આપને ત્યાં અમારા જેવા મંત્રી હોવા છતાં કઈ વાતનું દુ:ખ છે કે આપ દિવસે દિવસે ચિંતાતુર થતા જાવ છો? કૃપા કરીને આપ પોતાના અંતરનું દુ:ખ અમને કહો. મંત્રીના વચન સાંભળીને રાજા બોલ્યા કે મને હરિબલ રાજાની ચિંતા છે. તે હંમેશા આપણા રાજ્યમાં ઉપદ્રવ કર્યા કરે છે. રાજાની આ વાત સાંભળીને બલિ મંત્રીએ પોતાની સાથે મોટી સેના લઈને હરિબલ રાજા ઉપર ચઢાઈ કરી દીધી. રાજા હરિબલનો ગઢ ઘણો ઊંચો હતો પણ બુદ્ધિમાન બલિએ તેને તત્કાળ તોડી નાખ્યો અને યુક્તિ દ્વારા પકડી લીધો અને તેને બાંધીને રાજા પદ્મરથની સામે રાખી દીધો. બલિ મંત્રિની આ કૃતિથી રાજા ખૂબ જ પ્રસન્ન થયો અને પ્રસન્ન થઈને તેણે ચારેય મંત્રીને કહ્યું કે તમને જે માંગવું હોય તે માગી શકો છો. ત્યારે બલિ મંત્રિએ કહ્યું કે મહારાજ! અમારું આ વર હમણા સરકારના ભંડારમાં જમા રહે. જ્યારે અમને આવશ્યકતા હશે ત્યારે આપને નિવેદન કરીશું. રાજા બલિની આ વાત સાંભળીને ચૂપ થઈ ગયા.

આ બાજુ, ઉજ્જૈયનીથી વિહાર કરતાં કરતાં આચાર્ય અકંપન સાતસો મુનિઓની સાથે હસ્તિનાપુરમાં આવ્યા અને યોગની સિદ્ધિ માટે તેમણે વર્ષાઋતુમાં ચાર મહિના સુધી ત્યાં જ રહેવાનો સંકલ્પ કરી લીધો અને યોગીઓને આજ્ઞા કરી દીધી કે કોઈ પણ યોગી-મુનિ વાદિઓથી કોઈ પણ પ્રકારનો વાદ-વિવાદ ન કરે, નહિ તો સંઘને ઘણી મોટી વિપત્તિમાં પડવું પડશે. મુનિઓના આગમનની ખબર જ્યારે પુરવાસીઓને પડી ત્યારે તેઓ પૂજાની સામગ્રી લઈને ભક્તિભાવથી તેમની વંદના માટે જ્યાં સંઘ રોકાયો હતો ત્યાં જવા લાગ્યા. આ જોઈને બલિ મંત્રીના અંતરંગમાં પૂર્વ વેરની યાદ આવતા ક્રોધ ઉમટી પડ્યો. તે રાજા પાસે ગયો અને તેણે પૂર્વની પ્રતિજ્ઞા અનુસાર પોતાનું વર માગ્યું કે સાત દિવસ માટે મને રાજ્ય આપો. રાજા તો વચનબદ્ધ હતો જ તેથી તેણે સાત દિવસ માટે તેને રાજા બનાવી દીધો અને પોતે રણવાસમાં જતો રહ્યો.

રાજ્ય મેળવીને બલિ કુબેરની જેમ ધન ખર્ચવા લાગ્યો અને જ્યાં સાતસો મુનિઓ સહિત અકંપન આચાર્ય સમાધિ લગાવીને બિરાજમાન હતા તે જગ્યાને તેણે ઘેરી લીધી અને ત્યાં નરમેઘ નામનો એક મહાયજ્ઞ કરવાનું શરૂ કર્યું કે જેનાથી સાધુઓને ખૂબ જ સંતાપ થવા લાગ્યો. એ મહાયજ્ઞમાં ઘણા જીવોને હોમવામાં આવ્યા જેથી ખૂબ જ દુર્ગંધયુક્ત પ્રાણાપહારી ધૂમાડો ત્યાં વ્યાપ્ત થઈ ગયો. મુનિવરોએ પોતાની ઉપર ખૂબ મોટો ઉપસર્ગ આવ્યો જાણી સમતાભાવથી સહન કર્યો. પ્રાણની આશા છોડી મૌનાવલંબન થઈ આત્મધ્યાનમાં વધારે દૃઢ થઈ ગયા. ધન્ય છે જિનેશ્વરી દીક્ષા કે જ્યાં પ્રાણોની કાંઈ પણ રક્ષા નથી કરવામાં આવતી પરંતુ જ્યાં પ્રાણ જવાનો પ્રસંગ આવે તો ત્યાં વિશેષ દૃઢતા સાથે ધ્યાનમાં સંલગ્ન થઈ જવાનું હોય છે.

મિથિલાપુરી નગરી નજીક વનમાં શ્રુતસાગર શ્રીચંદ્રાચાર્ય નામના આચાર્ય બિરાજમાન હતા. તેમણે અર્ધરાત્રિના સમયે આકાશમાં શ્રવણ નક્ષત્રને કંપાયમાન થતા જોયો. એ જોઈને અવધિજ્ઞાનથી એમણે કહ્યું કે ખેદ છે કે મુનિગણ ઉપર ભારે દુ:ખ આવી પડ્યું છે. આચાર્ય મહારાજની બાજુમાં જ પુષ્પદંત નામના ક્ષુલ્લક બેઠા હતા. તેમણે જ્યારે આચાર્યના મોઢે

આવા દુ:ખભર્યાં વચન સાંભળ્યા તો કહેવા લાગ્યા કે સ્વામિન્! ક્યા સ્થાને કોને સંકટ થઈ રહ્યું છે? આચાર્ય મહારાજે મુનિ-ઉપસર્ગની બધી જ વાત ક્ષુલ્લકજીને કહી દીધી. ત્યારબાદ ક્ષુલ્લકજીએ પૂછ્યું કે મહારાજ! મુનિઓનો એ ઉપસર્ગ કઈ રીતે દૂર થઈ શકે? ઉત્તરમાં આચાર્ય મહારાજે અવધિજ્ઞાનથી જાણીને કહ્યું કે ધરતીભૂષણ પહાડ ઉપર મહામુનિ વિષ્ણુકુમાર તપસ્યા કરી રહ્યા છે. તેમને તપસ્યાના પ્રભાવથી વિક્રિયાઋદ્ધિ પ્રાપ્ત થઈ છે, પરંતુ એ મુનિ તપશ્ચર્યામાં એટલા લીન છે કે તેમને આ વાતની ખબર જ નથી કે તેમને વિક્રિયાઋદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ છે. એ વિષ્ણુકુમાર મુનિરાજ જ આ ઉપસર્ગને દૂર કરવામાં સમર્થ થઈ શકે છે.



આચાર્ય મહારાજની વાત સાંભળીને ક્ષુલ્લકજી વિષ્ણુકુમાર મુનિ પાસે ગયા અને તેમના ચરણસ્પર્શ કરીને બધા સમાચાર આપ્યા. મહામુનિ વિષ્ણુકુમારે પરીક્ષા કરવા માટે પોતાનો હાથ લાંબો કર્યો તો એટલો લાંબો થતો ગયો કે સમુદ્ર સુધી પહોંચી ગયો. ત્યારે વિષ્ણુકુમાર મુનિએ વિક્રિયઋદ્ધિ પ્રાપ્ત થઈ હોવાનો નિશ્ચય કર્યો. પછી તેઓ આકાશમાર્ગથી ચાલીને ખૂબ જ જલ્દી હસ્તિનાપુર પહોંચી ગયા અને ત્યાં પહોંચીને તેમણે રાજા પદ્મરથને કહ્યું કે રાજન્! તે મુનિઓ ઉપર આ ઘોર ઉપસર્ગ કેમ કર્યો છે? તેં ઉત્તમ કુળમાં જન્મ લીધો છે, પછી તારી આ દુર્મતિ કેવી રીતે થઈ? ઉત્તરમાં રાજાએ વિનમ્ર શબ્દોમાં કહ્યું કે સ્વામિન્! આ કાર્ય મારું નથી. મેં સાત દિવસ માટે બલિને રાજ્ય આપ્યું છે, હું તેનાથી વચનબદ્ધ છું. આ દુષ્કૃત્ય બલિ દ્વારા કરવામાં આવી રહ્યું છે. હું પ્રતિજ્ઞાબદ્ધ હોવાથી કાંઈ પણ કરી શકતો નથી. હૉં, આપ રોકવા ચાહો તો રોકી શકો છો. ઉત્તરમાં વિષ્ણુકુમારે કહ્યું કે રાજન્! હું નથી સમજતો કે તારામાં આ ઉદ્ધતતા ક્યાંથી આવી ગઈ કે પોતાના પૂજ્ય પુરુષો ઉપર ઉપસર્ગ થતો હોવા છતાં તું એને રોકતો નથી! આ શું તારું ઉચિત કાર્ય છે?

આપસમાં આટલી વાતચીત થયા પછી વિષ્ણુકુમારે પોતાનું ઠીંગણું રૂપ બનાવ્યું અને તરત જ યજ્ઞભૂમિમાં પહોંચી ગયા કે જ્યાં બલિરાજા કિમિચ્છક દાન આપી રહ્યો હતો. ત્યાં પહોંચીને તે ઠીંગણાએ પોતાને બ્રાહ્મણ વર્ણમાં ઉત્પન્ન થયેલો કહ્યું અને વેદનો પ્રકાંડ વિદ્વાન બ્રાહ્મણ છું અને તમે દાન આપવાવાળા દાતાર છો તેથી હું આપની પાસેથી કંઈક દાન લેવાની ઈચ્છા રાખું છું. બ્રાહ્મણની વાત સાંભળીને બલિ રાજાએ કહ્યું કે તમને જે જોઈએ એ માંગી લો, હું આપને અવશ્ય આપીશ. તેના આ પ્રકારે કહેવાથી બ્રાહ્મણે કહ્યું કે મને માત્ર ત્રણ ડગ-કદમ જમીન જોઈએ છે. આ સાંભળીને ત્યાં બેઠેલા બધાએ કહ્યું કે વિપ્ર તે કાંઈ ન માંગ્યું? આ બલિ રાજા અત્યારે કુબેરની જેમ દાન આપી રહ્યા છે ત્યારે તારી આ થોડી માંગણી કાંઈ મહત્વ નથી રાખતી. એના ઉત્તરમાં ફરી તે બ્રાહ્મણે કહ્યું કે રાજન્! હવે વધારેથી શું લાભ? હવે તમે બીજો વિકલ્પ છોડીને મને ત્રણ ડગ જમીન આપવાનો સંકલ્પ કરો. બલિએ તથાસ્તુ કહીને તથા હાથમાં જળ લઈને એ સંકલ્પનો સ્વીકાર કર્યો.



બસ! પછી શું હતું! તેમણે વિક્રિયાઋદ્ધિ દ્વારા પોતાનું ખૂબ જ વિશાળ રૂપ બનાવી લીધું અને પગ લંબાવીને એક પગ તો સુમેરુ પર્વતના શિખર ઉપર રાખ્યો અને બીજો પગ માનુષોત્તર પર્વત ઉપર રાખ્યો. હવે ત્રીજો પગ રાખવાની

જગ્યા ન મળી તો બલિની પીઠ ઉપર રાખી દીધો. આ જોઈને બધા મંત્રી ત્યાં ભેગા થયા અને વિષ્ણુકુમાર મુનિના શરણમાં જઈને પ્રાર્થના કરવા લાગ્યા. આ બાજુ આકાશમાં દેવવાણી થવા લાગી અને મુનિરાજ પર પુષ્પવૃષ્ટિ થવા લાગી. તે સમયે સુર, અસુર અને નારદ આદિ બધા વીણા લઈને સંગીત દ્વારા તેમનું યશોગાન કરવા લાગ્યા. એ કહેવા લાગ્યા કે હે કરુણાસાગર મુનિરાજ! હવે આપ આપનો પગ પાછો ખેંચી લો. તેમાં અમર જાતિના દેવોએ વીણા વગાડીને મુનિરાજને પ્રસન્ન કર્યા અને વિદ્યાધર રાજાઓને ઘોષા, સુઘોષા, મહાઘોષા અને ઘોષાવલી આદિ વીણાઓ આપી. આ રીતે, બલિને હરાવીને વિષ્ણુકુમાર મુનિએ મુનિ-ઉપસર્ગનું નિવારણ કર્યું.

ત્યારબાદ, બલિને પોતાના આ દુષ્કૃત્ય પર ખૂબ જ દુઃખ થયું અને તેણે પોતાના મસ્તકને મુનિઓના ચરણોમાં રાખીને પોતાના અપરાધની પુનઃ પુનઃ ક્ષમાયાચના કરી. ત્યારબાદ, તે ચારેય મંત્રીઓએ શ્રાવકના વ્રત ધારણ કર્યા. ત્યારબાદ, તે વિષ્ણુકુમાર મુનિરાજ સંસારમાં જૈન ધર્મની પ્રભાવના કરીને તથા લોકની સમક્ષ વાત્સલ્ય અંગનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત ઉપસ્થિત કરીને પોતાના સ્થાને ચાલ્યા ગયા. આ રીતે, નગરવાસીઓએ સાક્ષાત્ ધર્મનો પ્રભાવ જોઈને ધર્મને હૃદયમાં ધારણ કર્યો.

પદ્મરથ રાજા પછી ક્રમથી પદ્મનાભ, મહાપદ્મ, સુપદ્મ, કીર્તિ, સુકીર્તિ, વસુકીર્તિ, વાસુકી આદિ ઘણા રાજા થયા. ત્યારબાદ, શાંતનુ નામનો રાજા થયો કે જે ખૂબ જ શક્તિશાળી અને કુરુવંશમાં અગ્રેસર હતો તથા પૃથ્વીને સુખી કરવાવાળો હતો અને ગુણી પુરુષોમાં અગ્રણી હતો. તેની પત્નીનું નામ સબકી હતું કે જે સીતા સમાન પતિવ્રતા હતી. તેના ગર્ભથી પરાસર નામનો એક પુત્ર-રત્ન ઉત્પન્ન થયો કે જે અત્યંત બળવાન હતો.

રત્નપુરમાં જન્હુ નામનો વિદ્યાધર રાજા રહેતો હતો. તેને ગંગા નામની એક પુત્રી હતી. તે ખૂબ જ પવિત્ર શરીરવાળી અને ગુણવતી હતી. એક સમય જન્હુએ સત્યવાણી નામના કોઈ નિમિત્તજ્ઞાનીને તેના વિવાહના સંબંધમાં પૂછ્યું હતું તે અનુસાર તેણે ગંગાના વિવાહ પરાસર સાથે કરી દીધા. પરાસર ગંગા જેવી ગુણવતી અને સુંદરી સ્ત્રીને મેળવીને ખૂબ જ સંતુષ્ટ થયો અને તેની સાથે સુંદર મહેલોમાં મનચાહી ક્રીડા કરવા લાગ્યો. થોડા સમય પછી તેને એક પુત્રરત્ન ઉત્પન્ન થયો જેનું નામ ગાંગેય રાખવામાં આવ્યું. બાળક ગાંગેય બૃહસ્પતિની સમાન બુદ્ધિમાન હતો. ધીરે ધીરે એ બાળચંદ્ર બીજના ચંદ્રની માફક વધવા લાગ્યો અને ક્રમ-ક્રમથી બધી વિદ્યાઓમાં પંડિત થઈ ગયો. તેણે બાણ-વિદ્યામાં વિશેષ નિપુણતા પ્રાપ્ત કરી કે જેનાથી તે કોઈ પણ નિશાનને વાતવાતમાં છેદી નાખતો હતો.

એક સમયે શુભકર્મના યોગથી તેણે ચારણઋદ્ધિધારી મુનિઓથી ધર્મનો ઉપદેશ સાંભળ્યો અને યથાશક્તિ ગ્રહણ કર્યો. ત્યારબાદ, પરાસર રાજાએ પોતાના પુત્રને બુદ્ધિમાન જાણી તેને યુવરાજ બનાવી દીધો. બરાબર જ છે કે પિતા યોગ્ય પુત્રને અને ગુરુ યોગ્ય શિષ્યને પોતાની બધી જ સંપત્તિ આપી દે છે, તો યુવરાજપદ આપવું એમાં શું વાત છે?

એક દિવસ પરાસર નદીના કિનારે ક્રીડા કરવા માટે ગયો હતો કે ત્યાં તેણે એક નૌકામાં બેઠેલી સુંદર નેત્રવાળી,

રૂપ અને ગુણની ખાણ એક મનોહારી કન્યાને જોઈ. એને જોતાં જ એના રૂપ-લાવણ્ય ઉપર એકદમ મુગ્ધ થઈ ગયો અને એની પાસે જઈને પૂછવા લાગ્યો કે હે સુભદ્રે! તું કોણ છે? કોની પુત્રી છો અને તારી કઈ જાતિ છે? ઉત્તરમાં કન્યાએ કહ્યું કે હે રાજન્! હું અહીં યમુનાતટ પર રહેવાવાળી નૌકા ચલાવવાવાળા મલ્લાહોના સ્વામીની પુત્રી છું. મારું નામ ગુણવતી છે. હું મારા પિતાની આજ્ઞાથી સદાય અહીં નૌકા ચલાવું છું, કારણ કે જે શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલી કન્યા છે તે ક્યારે પણ પોતાના માતા-પિતાના વચનોનું ઉલ્લંઘન નથી કરતી.

કન્યાની વાત સાંભળીને રાજા, કન્યાની ઈચ્છાથી તે જ સમયે તેના પિતા પાસે ગયા. ધીવરે પરાસરને આવતા જોઈ તેનું ખૂબ આદરપૂર્વક સ્વાગત કર્યું જેનાથી પરાસરના મનમાં ખૂબ પ્રસન્નતા થઈ. શિષ્ટાચાર પછી રાજાએ પોતાની મનોરથની વાત એ ધીવરને કહી કે હું તમારી ગુણવતી પુત્રીને મારી પત્ની બનાવા માગું છું. રાજાની વાત સાંભળી ધીવરે કહ્યું કે રાજન્! આ કન્યા તમને આપવામાં મને ઉત્સાહ નથી થતો; એનું કારણ એ છે કે તમારે ત્યાં રાજ-પાટને સંભાળવા માટે પરાક્રમી બુદ્ધિશાળી ગાંગેય પુત્ર હયાત છે ત્યારે તમે જ કહો કે મારી પુત્રીથી જે સંતાન થશે, તે ગાંગેયના હોતા કઈ રીતે રાજ-પાટનો અધિકારી થાય? તેથી આપ આ વિચારને છોડી દો.

ધીવરની નિરાશાભરી વાત સાંભળીને રાજાનું મુખ-કમળ મૂરજાઈ ગયું અને તે હતપ્રભ થઈને પોતાના ઘરે ચાલ્યો ગયો. પોતાના પિતાનું મલીન મુખ જોઈને ગાંગેયના હૃદયમાં ખૂબ ચિંતા થઈ આવી અને તે વિચારવા લાગ્યો કે શું મારાથી એમનો કાંઈ અવિનય થઈ ગયો છે કે કોઈ પણ પ્રકારે એમને મારા દ્વારા કે કોઈ અન્ય દ્વારા આજ્ઞાભંગ કરવામાં આવી છે કે જેથી એમનું મુખ આજે મલિન દેખાય રહ્યું છે? ગાંગેયે આ વિષય પર ખૂબ ઉહાપોહ કર્યો પણ કોઈ નિર્ણય સુધી ન પહોંચી શક્યો ત્યારે એકાંતમાં મંત્રીને પૂછ્યું કે આજે મહારાજનું મુખ મલિન કેમ દેખાય છે? તેના ઉત્તરમાં મંત્રીએ નદીના કિનારાની બધી વાત ગાંગેયને કહી દીધી. ગાંગેય એ જ સમયે એ ધીવરની પાસે ગયો અને તેને કહેવા લાગ્યો કે તમે જે રાજાનો અનાદર કર્યો એ ઠીક નથી કર્યું. તેના ઉત્તરમાં ધીવરે કહ્યું કે કુમાર! એનું કારણ એ છે કે સૌતનો પુત્ર હોવા છતાં પણ જે પોતાની કન્યા આપે છે તે પુરુષ પોતાના પ્રાણોથી પણ વધારે પ્યારી પુત્રીને અંધારા કૂવામાં ધકેલી દે છે! કુમાર! તમારા પિતાને તમારી જેવા પરાક્રમી બુદ્ધિમાન સૌતપુત્ર હયાત હોવા છતાં પછી તમે જ કહો કે મારી કન્યાને જે સંતાન થશે એ કેવી રીતે સુખી થશે? શું ક્યારેય વનમાં ગર્જના કરતા સિંહના રહેવા છતાં મૃગગણ સુખી રહી શકે છે?–ક્યારેય પણ નહીં. કુમાર! મારી પુત્રીથી જે ભાવિ સંતાન થશે તે ક્યારેય પણ રાજ-પાટ નહીં મેળવી શકે. ઉપરાંત તેને આપત્તિમાં જ ફસાઈ જવું પડશે. કારણ કે રાજ્યલક્ષ્મી તમને છોડીને બીજાની પાસે જઈ ન શકે કે જેવી રીતે સમુદ્રને છોડીને નદીઓ તળાવમાં ભળવું પસંદ કરતી નથી.

ધીવરની આ વાત સાંભળીને ગાંગેયે પ્રેમભર્યા શબ્દોમાં પોતાના ભાવી નાનાને સમજાવ્યું કે આપે જે કલ્પના કરી છે એ માત્ર આપનો ભ્રમ છે. આપ એ નિશ્ચય સમજો કે અમારા કુરુવંશનો અન્ય વંશોથી જુદો જ સ્વભાવ છે. બધાને

સરખા ન સમજો. શું ક્યારેય હંસ અને બગલાનો એક સ્વભાવ હોઈ શકે? બીજી વાત એ છે કે હું આપની પુત્રી ગુણવતી સતીને મારી માતાથી પણ અધિક આદરની દૃષ્ટિથી જોઈશ. હું આપની સામે હાથ ઊઠાવીને પ્રતિજ્ઞા કરું છું કે ગુણવતીની ભાવી સંતાન જ રાજ-પાટની ભોક્તા થશે, હું નહીં. એના ઉત્તરમાં ધીવરે કહ્યું કે કુમાર! આપને જે ભાવી સંતાન થશે એ કેવી રીતે બીજાના રાજકાજને જોઈ શકશે? એનાથી પણ મારી કન્યાની સંતાન નિષ્કંટક રાજ્યના સુખને નહીં ભોગવી શકે. ધીવરની આ વાત સાંભળીને ગાંગેય એના મનમાં રહેલા અભિપ્રાયને સમજી ગયા અને કહેવા લાગ્યા કે તમારી આ ચિંતાને પણ હું હમણા દૂર કરી દઉં છું. આમ કહી તેણે કહ્યું કે તમે અને આકાશમાં રહેતા ગંધર્વ, વિદ્યાધર વગેરે બધા સારી રીતે સાંભળો કે હું આજથી જન્મપર્યંત બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરું છું અર્થાત્ આજીવન બ્રહ્મચારી રહીશ, ભૂચર, ખેચર અને જિનદેવની સાક્ષીપૂર્વક હું આ વ્રત ગ્રહણ કરું છું. આ બધી વાતચીત થયા બાદ ધીવરે પોતાની કન્યાને બોલાવી અને પોતાની ગોદમાં બેસાડી દીધી. ત્યારબાદ, બુદ્ધિમાન ગાંગેયની તેણે ઘણી જ પ્રશંસા કરી અને કહ્યું કે તમે પોતાના પિતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે જે આજીવન બ્રહ્મચર્ય વ્રત લીધું છે તેનાથી જણાય છે કે તમે ગુણવાન, પિતૃભક્ત અને આદર્શ પુત્રરત્ન છો. હું તમને આ પ્રસંગે એક કહાની કહેવા માગું છું. તેને આપ સ્થિરચિત થઈ સાંભળશો.

એક દિવસ હું વિશ્રામ કરવા માટે યમુના નદીના કિનારે ગયો હતો. ત્યાં મેં અશોકવૃક્ષની નીચે સુંદર રૂપવાળી એ જ સમયે ઉત્પન્ન થયેલી એક કન્યાને પડેલી જોઈ. મારે કોઈ સંતાન ન હતું. હું દિવસ-રાત સંતાનની ચિંતામાં રહેતો હતો. હું એ કન્યાને કંઈક આશ્ચર્ય સાથે લેવામાં પ્રવૃત્ત થયો એટલામાં ઉપરથી આકાશવાણી થઈ કે જે મેં મારા કાનથી સાંભળી. આકાશવાણીમાં એમ કહ્યું કે રત્નપુરના રાજા રત્નાંગદની રાણી રત્નવૃષ્ટિના ગર્ભથી આ કન્યાનો જન્મ થયો છે. તેના પિતા રત્નાંગદના કોઈ વેરી વિદ્યાધરે આ કન્યાને અહીં આવીને મૂકી દીધી છે. આ સાંભળી મેં એ કન્યાને નિઃશંકભાવથી પ્રસન્નતાપૂર્વક ગોદમાં લઈ લીધી અને લાવીને મારી પ્રિયાને આપી દીધી. તે કન્યાનું નામ મેં ગુણવતી રાખ્યું. ધીરે ધીરે એ કન્યા મારા ઘરે જ સયાની થઈ ગઈ. આ એ જ મારી પુત્રી છે. તેથી આપ એને તમારા પિતા પરાસર માટે ગ્રહણ કરો.

ધીવરની આ વાત સાંભળીને ગાંગેય એ કન્યાને લઈને પાછો પોતાના નગર હસ્તિનાપુર આવ્યો અને ત્યાં આવીને ખૂબ જ વિનય સાથે તેના વિવાહ પોતાના પિતા સાથે વિધિપૂર્વક કરાવી દીધા. રાજા પરાસર ગુણવતી જેવી, જેવા નામ તેવા ગુણવાળી પત્ની મેળવીને ખૂબ જ પ્રસન્ન થયા; જેવી રીતે એક દરિદ્રિ પુરુષ નિધિ મેળવીને ખૂબ જ ખુશ થઈ જાય છે, તેની હાલત પણ એ સમયે એવી જ થઈ ગઈ. ગુણવતીને ગંધીકા અને યોજન ગંધિકા પણ કહેતા હતા. થોડા સમય પછી તેના ગર્ભથી સારી આદતોવાળો અને અવ્યસની વ્યાસ નામનો એક સુંદર પુત્ર થયો. તે પાપનો નાશ કરવાવાળો, ધર્માત્મા અને બધામાં શ્રેષ્ઠ હતો. તેની પત્નીનું નામ સુભદ્રા હતું. સુભદ્રા વાસ્તવમાં ખૂબ જ ભદ્ર પરિણામી હતી. તેના ગર્ભથી ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર—આ ત્રણ ક્રમથી પુત્રરત્ન થયા. આ ત્રણેય અત્યંત સુંદર, ગુણશાળી, બળવાન અને

ચતુર હતા. આ રીતે ત્રણ પુત્રો સહિત વ્યાસ હસ્તિનાપુરમાં રાજ્ય કરતો પોતાનો સમય પસાર કરતો હતો. અહીં ગૌતમ ગણધર શ્રેણિક રાજાને સંબોધન કરતાં કહે છે કે હે શ્રેણિક! હવે હું તને હરિવંશની ઉત્પત્તિ સંક્ષેપમાં કહું છું કે જે પ્રકારે ભગવાને કહ્યું છે તે તમે ધ્યાનપૂર્વક સાંભળો!

ભરતક્ષેત્રના હરિવર્ષ નામના દેશમાં એક ભોગપુર નામનું નગર છે. તે ખૂબ જ શોભાયુક્ત અને ભોગોપભોગની સામગ્રીથી પરિપૂર્ણ છે. ત્યાં આદિનાથ ભગવાન દ્વારા સ્થાપિત હરિવંશનો પ્રભંજન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની પત્નીનું નામ મૃકંડુ હતું. તે અત્યંત રૂપ-લાવણ્યવતી હતી. જેવી રીતે ઈન્દ્રાણી શોભે છે ઠીક એવી જ રીતે રાજા પ્રભંજનને ત્યાં મૃકંડુ શોભા પામતી હતી.

કૌશાંબી નગરીમાં એક શેઠ રહેતો હતો કે જેનું નામ સુમુખ હતું. તે સુંદરાકૃતિ અને ધની હતો. કોઈ સમયે એ લોભમાં ફસાઈને વીરદત્તની સ્ત્રી વનમાલાને હરીને લઈ ગયો. એક સમયે તેણે મુનિને આહારદાન આપ્યું કે જેના પ્રભાવથી તે મરીને પ્રભંજન રાજાને ત્યાં સિંહકેતુ નામનો પુત્ર-રત્ન થયો. તે પોતાના તેજથી સૂર્યના તેજને પણ જીતતો હતો.

એ જ હરિવર્ષ દેશના શીલનગરમાં વજ્રઘોષ નામનો એક રાજા રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સુપ્રભા હતું. તેના ગર્ભથી વનમાલાનો જીવ વિદ્યુત્પ્રભા નામની પુત્રી થઈ. તે સુંદર રૂપવાળી અને ગુણવતી હતી. થોડા સમય પછી તેના વિવાહ સિંહકેતુ સાથે થઈ ગયા. એ બાજુ વીરદત્ત કે જેની સ્ત્રી હરણ થઈ ગઈ હતી તે મરીને ચિત્રાંગદ નામનો દેવ થયો. એક દિવસ સિંહકેતુ વિદ્યુત્પ્રભા સાથે વનક્રીડા કરી રહ્યા હતા ત્યારે પૂર્વભવના વેરને કારણે એ ચિત્રાંગદ નામના દેવે એ દંપતિનું હરણ કરી લીધું. તે આ બંનેને મારવા જ માંગતો હતો કે તેના મિત્ર સૂર્યપ્રભ દેવે તેને આવું કરવા માટે ના પાડી અને તેની વાત માની લીધી પરંતુ તેણે એ દંપતિને ચંપાનગરીના વનમાં છોડી દીધા અને તે બંને દેવ સ્વર્ગમાં જતા રહ્યા.

દૈવયોગથી એ ચંપાનગરીનો રાજા ચંદ્રકીર્તિ મરી ગયો હતો, તેને કોઈ સંતાન ન હોવાથી ત્યાંના રાજાનો નિર્ણય કરવા માટે એક હાથી છોડવામાં આવ્યો હતો. હાથી વનમાં આવ્યો અને તેણે આ દંપતિને જોયા, જોઈને તેણે તે દંપતિનો કળશ દ્વારા અભિષેક કર્યો અને બંનેને નગરમાં લઈ આવ્યો. ત્યાં સિંહકેતુએ ત્યાંના અધિવાસીઓને પોતાના બધા સમાચાર કહી દીધા. જેને સાંભળીને તેઓ ખૂબ પ્રસન્ન થયા અને તેમણે મળીને તેની પૂજા કરી. સિંહકેતુ મૃકંડુનો પુત્ર હતો તેથી ત્યાં તેનું માર્કંડેય નામ પ્રસિદ્ધ થયું. ત્યારબાદ હરિગિરિ, હેમગિરિ, વસુગિરિ આદિ રાજાઓની વંશ પરંપરા ચાલી.

ત્યારબાદ, શૂર અને વીર બે ભાઈ રાજા થયા. શૂર રાજાની રાણીનું નામ શૂરસુંદરી હતું. તે પોતાની સુંદરતાથી દેવાંગનાઓની તુલના કરતી હતી. થોડા સમય બાદ તેને અંધકવૃષ્ટિ નામનો નીતિજ્ઞ પ્રતાપશાળી એક પુત્ર ઉત્પન્ન થયો. તેની ભાર્યાનું નામ ભદ્રા હતું. તેનું મુખ ચંદ્રમા સમાન શીતળ હતું અને તે ગુણોથી પરિપૂર્ણ હતી. તેના ગર્ભથી દશ પુત્રો

ઉત્પન્ન થયા કે જે બધા નીતિજ્ઞ, વિદ્વાન અને પુરુષોત્તમ હતા. તે દશ પુત્ર દશ ધર્મ સમાન દેખાતા હતા. તેમના નામ આ પ્રમાણે હતા : (૧) સમુદ્રવિજય, (૨) સ્તિમિતસાગર, (૩) હિમવત્, (૪) વિજય, (૫) અચલ, (૬) ધારણ, (૭) પૂરણ, (૮) સુવીર, (૯) અભિનંદન અને (૧૦) વસુદેવ; તથા તેને બે પુત્રીઓ પણ હતી કે જેનું નામ કુંતિ અને માદ્રી હતું. કુંતી અનેક કળાઓમાં નિપુણ હતી. તેનું મુખચંદ્ર અત્યંત શોભાયુક્ત હતું. માદ્રી તેના કરતાં ઓછી સુંદર ન હતી, તે પણ પોતાની સુંદરતાથી કામદેવની રતિ સાથે તુલના કરતી હતી. તેના ચંચળ કટાક્ષ પંડિતોને પણ જીતતા હતા.

અહીં ગૌતમ ગણધર રાજા શ્રેણિકને કહે છે કે હે રાજન્! હવે હું ક્રમથી સમુદ્રવિજય આદિની નારીઓના નામ કહું છું તે તમે સાંભળો.

(૧) સુખની ખાણ શિવાદેવી, (૨) ધૈર્ય આપવાવાળી ધૃતધાત્રિ, (૩) સુંદર પ્રભાવાળી સ્વયંપ્રભા, (૪) શ્રેષ્ઠ નીતિપૂર્વક ચાલવવાળી સુનીતા, (૫) સીતા સમાન પવિત્ર આચરણવાળી સીતા, (૬) પ્રિય મીઠા વચન બોલવાવાળી પ્રિયવરક, (૭) પ્રભારૂપ ભૂષણવાળી પ્રભાવતી, (૮) સુવર્ણ સમાન ઉજ્જ્વળ કાલિંગી અને (૯) સુંદર પ્રભાવતી સુપ્રભા– આ ક્રમથી નવ સ્ત્રીઓ હતી.

સમુદ્રવિજય આદિનો સુવીર નામનો એક ભાઈ મથુરામાં રહેતો હતો. તેની પ્રિયાનું નામ કાલિંગી હતું. સુવીરને ભોજકવૃષ્ટિ નામનો એક પુત્ર હતો. તેની પત્નીનું નામ સુમતિ હતું. તે સુંદર શરીરવાળી અને વિદૂષી હતી. તેના ગર્ભથી ઉગ્રસેન, મહાસેન અને દેવસેન નામના ત્રણ પુત્રો ઉત્પન્ન થયા. ત્રણે પુત્ર લોકોને આનંદ દેવાવાળા હતા. સુમતિને આ ત્રણ પુત્રો સિવાય એક ગાંધારી નામની કન્યા પણ થઈ કે જે અત્યંત સુંદર અને ગુણોની ખાણ હતી. પૂર્ણ ચંદ્ર સમાન જેનું મુખ હતું. ઉગ્રસેન આદિની ક્રમથી પદ્માવતી, મહાસેના અને દેવસેના નામની સ્ત્રીઓ હતી કે જે સદાય પ્રસન્નચિત્ત રહ્યા કરતી હતી.

રાજગૃહનો રાજા બૃહદ્રહ હતો. તે ખૂબ જ પ્રતાપશાળી અને બુદ્ધિમાન હતો. મોટા મોટા રાજા-મહારાજા તેની સેવામાં સદાય ઉપસ્થિત રહેતા હતા. તેની પત્નીનું નામ શ્રીમતી હતું. શ્રીમતી ખૂબ જ સુંદર અને લક્ષ્મી જેવી જણાતી હતી. તે બંનેને જરાસંઘ નામનો એક પુત્ર-રત્ન થયો. તે પણ ખૂબ તેજસ્વી અને પ્રતાપશાળી હતો તથા ભરતક્ષેત્રના ત્રણ ખંડનો અધિપતિ હતો. મોટા-મોટા રાજા તેની સેવામાં ઉપસ્થિત રહ્યા કરતાં હતા. તે પ્રતિનારાયણ હતો.

એક દિવસ રાજા વ્યાસે કુંતીના પિતા અંધકવૃષ્ટિ પાસે પાંડુ માટે કુંતીની માગણી કરી ત્યારે અંધકવૃષ્ટિએ આ વિષય ઉપર પોતાના પુત્રો સાથે એકાંતમાં વિચાર કર્યો અને વિચારીને નિશ્ચય કર્યો કે પાંડુને કુષ્ટ રોગ છે તેથી તેને કન્યા આપવી યોગ્ય નથી. કારણ કે એને દેવાથી સંસારમાં અપયશ ફેલાઈ જશે. ત્યારબાદ, પહેલાંની જેમ વ્યાસે અંધકવૃષ્ટિ પાસે કુંતી માટે ફરી ફરી યાચના કરી પરંતુ તેનાથી સફળતા ન મળી આથી તે ધૈર્ય ધારણ કરીને ચૂપ બેસી ગયા.

આ બાજુ પાંડુ કુંતીના રૂપ-લાવણ્ય અને ગુણો ઉપર મુગ્ધ થઈ ગયા હતા. તેના વિના એક ક્ષણ પસાર કરવો પણ મુશ્કેલ થઈ રહ્યો હતો. જેવી રીતે રતિ વિના કામદેવને ચેન નથી પડતું એવી રીતે કુંતી વિના પાંડુને પણ ચેન પડતું ન હતું. તે દિવસ-રાત તેનું જ સ્મરણ કર્યા કરતો હતો જેથી તેનું શરીર પીળું પડી ગયું હતું. તે ભાવથી ગુસ્સાયેલ પુરુષની જેમ અથવા ભૂત-પિચાશાદિથી ગ્રસાયેલા પુરુષની જેમ પાંડુ પણ કુંતીના વિયોગજન્ય આતાપથી વિહ્વળ થઈ જતો હતો.

એક સમયની વાત છે કે વનમાં ક્રીડા કરવા માટે પાંડુ ગયો હતો. ત્યાં તે ફૂલોની શય્યાવાળા લતાના મંડપમાં ક્રીડા કરતો હતો કે એટલામાં તેને ત્યાં નજીકમાં જ એક અંગૂઠી મળી આવી. તેણે તે અંગૂઠી ઉપાડી લીધી. એ જ સમયે કોઈ વિદ્યાધર પર પાંડુની દૃષ્ટિ પડી કે જે આમ-તેમ કાંઈ શોધતો હતો. એ વિદ્યાધરને જોઈને પાંડુએ પૂછ્યું કે ભાઈ! તું અહીં શું ગોતે છે? ઉત્તરમાં વિદ્યાધરે કહ્યું કે હું મારી અંગૂઠી શોધું છું. વિદ્યાધરની વાત સાંભળીને વિદ્યાધરને અંગૂઠી દેખડતાં પાંડુએ કહ્યું કે હે વિદ્યાધરોના અધિપતિ! આપ અંગૂઠી શોધવાનું વ્યર્થ કષ્ટ શું કામ કરો છો? આપની અંગૂઠી આ રહી. કૃપા કરી આપ એ કહી શકો છો કે આપની આ અંગૂઠી ખોવાઈ કેવી રીતે?

ઉત્તરમાં વિદ્યાધરે કહ્યું કે હું વિજયાર્ધ પર રહેવાવાળો વજ્રમાળી નામનો વિદ્યાધર છું. હું મારી પ્રાણપ્રિયા સાથે આ વનમાં ક્રીડા કરવા આવ્યો હતો અને જ્યારે ક્રીડા કરીને પાછો જવા લાગ્યો ત્યારે ભૂલથી વિમાનના કોઈ છેદમાંથી મારી આ અંગૂઠી પડી ગઈ અને મને એની ખબર પણ ન પડી અને હું વિમાન ઉડાડીને ચાલ્યો ગયો. થોડી વાર પછી જ્યારે અંગૂઠી હાથમાં ન દેખાણી ત્યારે હું એ પ્યારી અંગૂઠી માટે ચિંતીત થઈ ગયો અને તેને જ ગોતવા માટે હું અહીં પાછો આવ્યો છું.

તેની વાત હજી પૂરી પણ થઈ ન હતી કે એટલામાં પાંડુ બોલ્યો કે એના દ્વારા તમારું ક્યું કાર્ય શોધવામાં આવે છે? ઉત્તરમાં વિદ્યાધરે કહ્યું કે આ અંગૂઠી મનચાહી વસ્તુ આપવામાં સમર્થ છે. આ સાંભળી પાંડુ કહેવા લાગ્યો કે મિત્ર! જો આ અંગૂઠીમાં એ કરામતતા છે તો થોડા દિવસ માટે મને આપો. હું આ અંગૂઠીને પ્રતિદિન મારી આંગળીમાં પહેરીશ અને પછી કાર્ય થઈ જતાં હું આપને આપી દઈશ. તેની એ પ્રકારે વિનતી-પ્રાર્થના કરવાથી એ પરોપકારી વજ્રમાળી વિદ્યાધરે વિચાર કર્યો કે **જો મેઘ વિના યાચના કર્યે જ બીજાને ઠંડુ અને મીઠું પાણી પીવડાવે છે તો હું ચેતન, યાચના કરવાવાળા આ મહાનુભાવને અંગૂઠી ન આપું તો હું એ જડ મેઘથી પણ હીન ગણાવ!** તેથી પાંડુને અંગૂઠી આપી દીધી.

પાંડુ અંગૂઠીને આંગળીમાં પહેરીને એ જ સમયે સુરપુરી ચાલ્યો ગયો કે જ્યાં શૂર રાજા રહેતા હતા. રાત્રિના સમયે પાંડુએ અંગૂઠીના પ્રભાવથી પોતાનું અદૃશ્ય રૂપ બનાવીને રાજાના રણવાસમાં પ્રવેશ કર્યો અને કુંતીને પ્રાપ્ત કરવાની ભાવના કરતો તેના મહેલમાં પહોંચી ગયો. એ સમયે કુંતી સુંદર વસ્ત્રાભૂષણોથી સુસજ્જ થઈ પોતાના આસન ઉપર બેઠી હતી.

તેનું શરીર અત્યંત સુડોળ અને રૂપ-લાવણ્યયુક્ત હતું. એ સમયે તે કામદેવની રતિ સમાન લાગતી હતી. તેના શરીરમાં કામદેવે સ્થાન મેળવી લીધું હતું તેથી તે મદના ઉન્માદથી વિલક્ષણ વિનોદ કરતી હતી. તેનું મન ખૂબ જ ગંભીર હતું. કમર, કુચના ભારથી અને નિતંબના ભારથી એકદમ પાતળી થઈ ગઈ હતી; મતલબ કે એ એટલી સુંદર હતી કે તેની જેવી એ સમયે બીજી કોઈ સ્ત્રી ન હતી તેથી તેને જોઈને મનુષ્યના નેત્ર-હિરણ બંધાઈ જતા હતા. તે વાસ્તવમાં કામની કેલી હતી અથવા વેલ હતી. તેને જોઈને લોકો આશ્ચર્ય કરતાં હતા કે આ કોઈ સ્વર્ગની અપ્સરા છે કે કિન્નરી છે કે કોણ છે?

આ પ્રકારે કુંતીના અનુપમ રૂપ-લાવણ્યને જોઈને પાંડુએ વિચાર્યું કે આના વિના હું મારો સમય વ્યર્થ ગુમાવું છું. બસ, આવો વિચાર કરીને તેણે માન-મર્યાદા છોડીને પોતાનું અસલી રૂપ પ્રગટ કર્યું. કુંતીનું શરીર એ સમયે ચંદ્રમા સમાન શાંત હતું પણ સૂર્ય સમાન પ્રતાપયુક્ત પાંડુના મુખકમળને જોઈને ધ્રુજી ગઈ. તે તેની સુંદરતા જોઈને વિચારવા લાગી કે આ કોઈ દેવ છે કે કોણ છે? એનું કપાળ જ એટલું સુંદર છે કે જાણે અષ્ટમીનો અડધો ચંદ્ર જ અંકિત થઈ ગયો છે! આ પ્રકારે સુંદરાકૃતિ પાંડુને જોઈને કુંતીએ વિનમ્ર શબ્દોમાં કહ્યું કે આ મારો મહેલ સીમાયુક્ત અને દુર્લંઘ્ય છે. એમાં કેવી રીતે આવ્યા અને શા નિમિત્તે આવ્યા છો? આપ કોણ છો? અને કેવા કપટથી પધાર્યા છો? કુંતીના વચનો સાંભળીને પાંડુએ કહ્યું કે હે સુભગે! જો તને સાંભળવાની ઈચ્છા હોય તો મનને સ્થિર કરીને સાંભળ, હું તને બધી વાત કહું છું.

કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુર નામનું એક નગર છે. ત્યાં અત્યારે ધૃતરાષ્ટ્ર રાજા રાજ્ય કરે છે. હું એમનો નાનો ભાઈ છું. મારું નામ પાંડુ છે. હું પૃથ્વી પર પ્રસિદ્ધ છું અર્થાત્ મને બધા જાણે છે. હું સમતાભાવ ધારણ કરવાવાળો છું. લોકો મને પંડિત કહે છે કારણ કે સંસારના બધા પંડિતોની બુદ્ધિ મારામાં એકઠી થયેલી છે. મારી આજ્ઞા દુર્લંઘ્ય અને અલંઘ્ય છે તેથી ઈન્દ્રતુલ્ય છું. મારે સંપત્તિનો અક્ષય ભંડાર છે તેથી હું કુબેર છું. જેવી રીતે યોગીજન આત્માનું ધ્યાન કરે છે, કામદેવ રતિનું અને કામી પુરુષ પોતાની પ્રાણપ્યારીનું ચિંતવન-સ્મરણ કરે છે, ઠીક એવી જ રીતે હું પણ તારું સ્મરણ કરતો થકો કામના બાણોથી વિંધાયેલો અહીં આવ્યો છું. મારું મન હવે તારે આધીન થઈ ગયું છે. હવે તું જેમ ઠીક સમજે તેમ કર!

પાંડુના આ વચનો સાંભળીને કુંતી બોલી કે હે રાજન્! હું હજી અપરિણીત કુંવારી કન્યા છું. જો અત્યારે આપની સાથે હું સમાગમ કરીશ તો સંસારમાં મોટી અકીર્તિ ફેલાઈ જશે. બીજી વાત એ છે કે કુળવતી કન્યા પિતાની આજ્ઞા વિના પોતાનો પતિ નથી બનાવતી; તેથી આપ આ અયોગ્ય વાત માટે હઠ ન કરો! જે ન્યાય-નીતિને યોગ્ય હોય એ જ કામ કરો. નીતિ તો એ છે કે આપ મારા પિતાથી વિધિપૂર્વક યાચના કરીને મારી સાથે લગ્ન કરો.

આ વાતથી કામથી પીડિત પાંડુએ ઉત્તર આપ્યો કે હે કામિની! હું તારા ''કુંતી'' નામના બે અક્ષરના મંત્રથી ખેંચાયેલો અહીં સુધી તો આવ્યો છું અને જો હજી આ કામની આજ્ઞા ઉલ્લંઘન કરું છું તો મને મોટો ડર એ વાતનો છે કે તે મને કોણ જાણે આજ્ઞાભંગની કેટલી મોટી સજા આપશે? આ શંકા મારા હૃદયમાં શૂળની માફક વાગે છે. તેથી, હે માનિની! તું મારા વચનોને હૃદયમાં ધારણ કર અને તારી પાસેથી લજ્જારૂપી વેલને મૂળથી ઉખાડીને ફેંકી દે અને મારી સાથે કામભોગ કરો! તું સમજે છે કે શું કામથી ઉદ્ધત થયેલો મદોન્મત્ત હસ્તી નીતિરૂપી અંકુશને ક્યારેય માને છે?–નહીં; એ તો સ્વચ્છંદી થઈને આમતેમ ઘૂમે છે! બીજી વાત એ છે કે મનુષ્યને ત્યાં સુધી જ લોકલજ્જા રહે છે, ત્યાં સુધી જ ધર્મકર્મ રહે છે, ત્યાં સુધી જ શાસ્ત્રજ્ઞાન રહે છે, ત્યાં સુધી જ માન-મર્યાદા કે મોટાઈ રહે છે, ત્યાં સુધી જ ઊચ્ચ આદર્શ રહે છે કે જ્યાં સુધી પ્રબળ કામરૂપી મદોન્મત્ત હાથી તેની પાછળ હાથ ધોઈને નથી પડતો! તેથી હે સુંદરી! હું તને મારી આ છેલ્લી વાત કહું છું કે યા તો તારું શરીર મારા હાથમાં આપી દે અથવા તો મારી મૃત્યુ વિના વિચારે તારા હાથમાં લઈ લે! હે સુભગે! તું ભય ન કર અને આલિંગન કર અને અધરામૃતપાન કરાવ. દેવી! હવે વાર ન લગાડ, જલ્દીથી મને તારું મન આપ, વચન આપ અને કાય આપ કારણ કે તારા દાન આપ્યા વિના મને હવે ચેન નથી પડતું. શું તને નથી ખબર કે જે અધિક તૃષાતુર હોય છે એ બંને હાથોથી ઘટક ઘટક પાણી પીવે છે? પ્રિયે! હવે તું માન છોડીને મારો અતિથિ સત્કાર કર કારણ કે હું તારો મહેમાન છું.

પાંડુની આ સરસ વાત સાંભળીને એના કામના પાંચ બાણ કુંતીને એવા વાગ્યા કે જેનાથી એ વિહ્વળ થઈ ગઈ. તેણે તે સમયે લજ્જાને બાજુમાં રાખીને મદાતુર થઈને બંનેએ યથેચ્છ કામચેષ્ટા કરી. આવી રીતે એ બંને એક બીજા ઉપર આસક્ત થઈ ખૂબ જ પ્રસન્ન થયા. એ સમયના ભાવો કહેવા કવિની લેખનશક્તિથી બહાર છે! આ રીતે તે પાંડુ પોતાનું અદશ્યરૂપ બનાવીને કુંતીને ત્યાં આવતો જતો રહ્યો અને તેની સાથે નિઃશંક થઈ કામક્રીડા કરતો થકો પ્રસન્નચિત્ત રહેવા લાગ્યો. બરાબર જ છે કે પ્યારી પ્રેયસીના મળવાથી કોને પ્રસન્નતા ન થાય!

એક દિવસ દૈવયોગે કુંતીની ધાયે તેને પ્રગટરૂપમાં પોતાની આંખે જોઈ લીધો અને એ મનમાં વિચારવા લાગી કે આ કોણ છે? ક્યાંથી અને શું પ્રયોજનથી કુંતી પાસે મહેલમાં આવ્યો છે? આ વાત વિચારતાં જ તે એકદમ ગભરાઈ ગઈ. પછી જ્યારે તે જતો રહ્યો ત્યારે ધાયે કુંતીને પૂછ્યું કે હે પુત્રી! તું સાચું કહે કે રાત્રિમાં તે કોણ અને ક્યા કારણથી તારી પાસે આવે છે? ધાયની આ વાત સાંભળીને કુંતી એકદમ ગભરાઈ ગઈ અને શરીર કાંપવા લાગ્યુ. નેત્ર ચંચળ થઈ ગયા. થોડીવાર પછી ગભરાયેલી બોલીમાં બોલી કે હે માતા! તમે મારી દુષ્કૃતિને ધ્યાન દઈને સાંભળજો. હું તમને જે સાચી વાત છે તે કહીશ. વાસ્તવમાં વાત એમ છે કે કર્માધીન થયેલો આ કામી જીવ મનચાહે એવા દુષ્કૃત્ય કરી નાખે છે. જુઓ, કર્મને વશ કોણે કોણે દુઃખ સહન નથી કર્યું અને કોણ કોણ નષ્ટ-ભ્રષ્ટ નથી થયા? રાવણ કે જે નીતિશાસ્ત્રનો પ્રકાંડ વિદ્વાન હતો પરંતુ તેની પણ કર્મયોગે મતિ એકદમ ભ્રષ્ટ થઈ ગઈ. તેને પણ જટીલ આપત્તિઓનો સામનો કરવો

પડ્યો. સંસારના બધા જ જીવો કર્મના વશે અનેક પ્રકારની યાતનાઓ સહન કરે છે. કર્મના નિમિત્તે અઘટિત ઘટના ઘટી જાય છે અને આસાનીથી થવાવાળી ઘટનાઓ દૂર ભાગી જાય છે. ક્યાં સુધી કર્મની વિચિત્રતા કહેવામાં આવે, માતા! એના વશે થઈને એવા કાર્ય સાધુ મહાત્માઓથી પણ થઈ જાય છે કે જેનો સ્વપ્નમાં પણ વિચાર ન કરી શકાય !

મારી દશા પણ એકદમ એવી થઈ અર્થાત્ એક દિવસ સંધ્યાના સમય પછી કર્મથી પ્રેરાયેલો તે મનુષ્ય અકસ્માત જ મારી પાસે આવ્યો. તેની અને મારી વાતચિત થઈ અને તેણે મને પોતાની મીઠી-મીઠી વાતોથી પોતાથી તરફ આકર્ષિત કરી લીધી. તે પુરુષ હસ્તિનાપુરના રાજા વ્યાસનો પુત્ર છે. તેનું નામ પાંડુ છે. તે મારા રૂપની પ્રશંસા સાંભળીને મારા પર આસક્તચિત્ત હતો. ભાગ્યવશાત્ તેને ઉદ્યાનમાં વજ્રમાળી વિદ્યાધર પાસેથી ઈચ્છિત ફળને આપનારી એક અંગૂઠી મળી ગઈ. તે અંગૂઠીને પહેરીને એ પોતાનું અદૃશ્ય રૂપ બનાવીને મારી સાથે રમણ કરવાની ઈચ્છાથી આવ્યો હતો.

કુંતીના આ વચનો સાંભળીને ધાયનું આખું શરીર ધ્રુજી ગયું. તે બોલી કે પુત્રી! કામને વશ થઈને આ તે કેવું નિંદિત કાર્ય કરી દીધું? જુઓ, **નીતિકારનું એ વચન છે કે સ્ત્રી ભલે બાળક હોય કે વૃદ્ધ, ભણેલી હોય કે મૂર્ખ, વિકલાંગ હોય કે સુંદરી હોય, તે કેવી પણ કેમ ન હોય પણ પર પુરુષથી સદાય દૂર રહેવું જોઈએ! નારીને ઘીના ઘડાની ઉપમા આપી છે અને પુરુષને તપ્ત અંગારા સમાન કહ્યો છે. બંનેનો સ્વભાવ પીગળવાનો અને પીગળાવવાનો છે. સંયોગ થવાથી એકાંતવાસ મળતા સ્ત્રી પીગળી જશે અને પુરુષ એને પીગળાવી લેશે.** કન્યા! કોણ એમ કહેશે કે પુરુષે તારી ઉપર બળાત્કાર કર્યો છે? એ તો એમ જ કહેશે કે કન્યાએ ખૂબ ખરાબ કાર્ય કર્યું છે. બીજી વાત એ છે કે આ યદુવંશકુળ સ્વચ્છ અને નિષ્કલંક છે પણ હવે આ નિંદ્યકર્મ થઈ જવાથી અવશ્ય જ કલંકયુક્ત થઈ જશે અને જો તારા પિતાને આ વાતની ખબર પડશે તો એ સમયે તારી અને મારી શું દશા થશે એ હું નથી જાણતી!

ધાયની આ વાત સાંભળી કુંતીનું શરીર કાંપવા લાગ્યું, શરીરની કાંતિ બધી ફીકી પડી ગઈ, તે ડરીને કહેવા લાગી કે હે ઉપમાતા! તમે મને પાળી-પોષીને મોટી કરી છે તેથી તમે મારી માથી પણ વધીને છો. તેથી મારા ઉપર ઉપકાર કરીને તમે મને કર્તવ્ય માર્ગ બતાવો. મને તમે જેમ કહેશો એમ જ હું કરીશ. માતા! આ સમયે મારા ઘાવને વધારવાને બદલે મને પવિત્ર બનાવો, સુધારનો રસ્તો બતાવો. માતા! મને આ સમયે એટલું દુઃખ થાય છે કે જેનો અંત મરણ થયા વિના નહીં થઈ શકે. મને હવે મરણ જ શરણ છે. **જુઓ, આ પ્રાણી ક્ષણિક સુખને માટે કામને વશ થઈને લોકનિંદ્ય નિતાંત ગર્હિત કામ કરી લે છે અને પછી કુંતીની જેમ પસ્તાય છે અને મરણના જ શરણે જાય છે, એ કેટલા ખેદની વાત છે!**

કુંતીના આવા દુઃખભર્યા વચનો સાભળીને ધાયે તેને સંબોધિત કરીને કહ્યું કે હે પ્યારી પુત્રી! તું ભય અને ચિંતા ન કર! જે કાર્યથી તારી ભલાઈ થશે એ જ રસ્તો હું તારા માટે શોધી કાઢીશ. તું એ ચિંતા છોડીને સુખેથી રહે. આ

રીતે કુંતીને ધૈર્ય બંધાવીને એ બંને આનંદથી પોતાનો સમય વીતાવવા લાગી.

ત્યારબાદ, ધાયવિદ્યામાં પ્રવીણ એ ધાયે ઘણા સમય સુધી તો જ્યાં સુધી બન્યું ત્યાં સુધી કુંતીના દોષોને છૂપાવ્યા, પરંતુ થોડા સમય પછી પાંડુના સંયોગથી કુંતીને ગર્ભ રહી ગયો અને દિવસે દિવસે વૃદ્ધિગત થવા લાગ્યો. ગર્ભના પ્રભાવથી તેનું પેટ કઠણ થઈ ગયું અને પેટની ત્રિવલી ભંગ થઈ ગઈ. આ રીતે તેના ગર્ભનું પહેલું ચિહ્ન દેખાવા લાગ્યું. મોઢાની આકૃતિ પીળી પડી ગઈ, થૂંક વધારે આવવા લાગ્યું, બોલવું-ચાલવું ઓછું થઈ ગયું, શરીરમાં સુસ્તી વધી ગઈ, તેના નેત્ર સુંદર દેખાવા લાગ્યા. જેવી રીતે પાણીથી સીંચવામાં આવેલી વેલ, ફળ, ફૂલોથી શોભા પામે છે તેવી જ રીતે ગર્ભના ભારથી કુંતી પણ એવી જ શોભા પામવા લાગી.

એક સમયની વાત છે કે ગર્ભના ભારથી દુ:ખી કુંતીને તેના માતા-પિતાએ જોઈ લીધી. જોતાં જ તેઓ ખૂબ આશ્ચર્યમાં પડી ગયા અને ધાયને કહ્યું કે તું તો દુષ્ટા-નીચ છે. બોલ, તે કુંતીને આ નીચ કાર્ય ક્યા પુરુષના સમાગમથી કરાવ્યું? ક્યા પુરુષને તું અહીં લાવી? તેં અમારું આ ખૂબ મોટું અનિષ્ટ કરાવ્યું છે. શું તું એ નથી જાણતી કે પુત્રી કે પુત્રવધૂ એ બંને કેટલા પણ ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયા હોય પરંતુ સ્વતંત્ર થતાં પર-પુરુષના સંસર્ગથી કુળને દોષ લગાવી દેશે! આ જ કારણે પુત્રીની રક્ષા માટે અમે પુત્રીને તને સોંપી હતી પણ તેં એવી રક્ષા કરી કે જે પ્રગટ દેખાઈ રહી છે. આ કાર્ય એટલા મોટા કલંકનું થયું છે કે અમને રાજાઓની સભામાં મોઢું નીચું કરીને બેસવું પડશે! શરમના માર્યા નજર ઉપર નહીં કરી શકીએ! અમારે ઘણું દુ:ખી થવું પડશે.

કીર્તિકારોએ કહ્યું છે કે **નદી અને સ્ત્રીમા કોઈ અંતર નથી. જેવી રીતે નદી પાણીના વેગથી પોતાના કૂળોને–કિનારાઓને નષ્ટ કરી દે છે ઠીક તેવી રીતે સ્ત્રી પણ પોતાના શ્રૃંગારાદિ રસ દ્વારા પોતાના કુળને નષ્ટ-ભ્રષ્ટ કરી દે છે અર્થાત્ દાગ લગાવી દે છે. એટલે જ તો કહ્યું છે કે નાગણી, નખવાળા પશુ-પક્ષી, સિંહાદિક અને નારી તથા દુષ્ટનો વિશ્વાસ ભૂલીને પણ ન કરવો જોઈએ! કહેવામાં પણ આવે છે કે પુરુષોએ સ્ત્રીઓનો ભરોસો ન કરવો જોઈએ. એમાં પણ જે સ્ત્રીઓ કામાસક્ત થઈ જાય તો એનો ભૂલથી પણ વિશ્વાસ ન કરવો જોઈએ. અરે દુષ્ટ! વિચાર તો કર કે જે સ્વભાવથી જ નાગિન બીજાને કષ્ટ આપે છે તે પછી બીજા દ્વારા સતાવવામાં આવેલી કષ્ટ કેમ નહીં આપે?** આ વાત વિશ્વાસ યોગ્ય હોય શકે છે? અમે તને રક્ષા માટે અમારી પુત્રી સોંપી અને તેં બિલાડીની કહેવત ચરિતાર્થ કરી દેખાડી કે કોઈએ એક ભૂખી બિલાડીને થોડું દૂધ પીવડાવ્યું કે તું એની રક્ષા કરજે પણ રક્ષાને તે બદલે સ્વત: જ પી ગઈ, ઠીક એવું જ કાર્ય તેં કર્યું છે.

કુંતીની માતા-પિતાના આવા રોષભર્યા વચનો સાંભળીને ધાયનું શરીર ધ્રુજવા લાગ્યું, તેનું આખું શરીર પરસેવાથી લથપથ થઈ ગયું, મોઢાની કાંતિ મલિન થઈ ગઈ. તે જેમ તેમ પોતાને સંભાળીને બોલી કે રાજન્! આપ અશરણને

શરણદાતા છો, યદુકુળના પાલક છો, ગુણવાન છો અને વિદ્વાન છો. કૃપા કરી મારા વચનોને સાવધાન થઈને સાંભળો. હે નરેશ! આમા ન તો કુંતીનો દોષ છે કે ન તો મારો! પરંતુ દોષ છે પૂર્વકૃત કર્મનો! આ પૂર્વકૃત કર્મ નટની જેમ અનેક પ્રકારે નાચ નચાવે છે અને જીવ નાચે છે. રાજન્! સાંભળો, કુરુજાંગલ દેશમાં કૌરવવંશમાં ઉત્પન્ન થયેલો અતુલ વિભૂતિનો સ્વામી પાંડુ નામનો એક રાજા છે. તે કુંતીના રૂપ-ગુણ પર અત્યંત આસક્ત હતો અને તેણે આપની પાસે કુંતી માટે યાચના પણ કરી પરંતુ આપે કંઈ ધ્યાન ન આપ્યું ત્યારે તે સ્વયં કુંતીથી પ્રાર્થના કરવા માટે અને તેની સાથે રમણ કરવા માટે મોકો ગોતવા લાગ્યો. ભાગ્યવશાત્ તેને વજ્રમાળી નામના વિદ્યાધરથી મુલાકાત થઈ ગઈ, તેની પાસેથી તેણે એક અંગૂઠી કે જે રૂપ બદલવાનું કામ કરતી હતી, તે લઈ લીધી. તે એ અંગૂઠીને પહેરીને રાત્રિના સમયે પોતાનું અદૃશ્યરૂપ બનાવીને કુંતીના મહેલમાં પહોંચ્યો. એ સમયે કુંતી એકલી બેઠી હતી. બસ, મોકો મેળવીને તેણે તેની સાથે ગંધર્વવિવાહ કરી લીધા અને તે પ્રતિદિન તેની સાથે રમણ કરવા લાગ્યો. એક દિવસ મેં એને કુંતીના મહેલમાં જોઈ લીધો. ત્યારે મેં કુંતીથી તેની બધી વાત જાણી લીધી અને મેં આપને જેમ બન્યું તે કહ્યું.

રાજન્! અત્યાર સુધી તો મેં પુત્રીની રક્ષા કરી અને તેના દોષોને ઢાંકી રાખ્યા પરંતુ હવે મારા વશની વાત નથી. તેથી, હવે આ સંબંધમાં આપને જે ઉચિત લાગે એમ કરો. ધાયના પૂર્વોક્ત વચન સાંભળીને એ દંપતિએ કહ્યું કે તું આ દોષને હજી ગુપ્ત રાખજે. ધાયે એમ જ કર્યું પરંતુ એ દોષ કહ્યા વિના જ લોકોના કાન સુધી પહોંચી ગયો, જેવી રીતે પાણીમાં પડેલી તેલની બુંદ બધી બાજુ ફેલાઈ જાય છે.

ધીરે ધીરે સમય પસાર થવા લાગ્યો અને જ્યારે નવ મહિના પૂરા થઈ ગયા ત્યારે કુંતીએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્ર બાળસૂર્યની જેમ અત્યંત પ્રતાપી અને કાંતિયુક્ત હતો. પુત્રનો જન્મ થતાં જ સુરપુરીમાં સર્વત્ર તે વાત ફેલાઈ ગઈ. પુરવાસી લોકો રાજાના ભયથી પ્રગટ તો કાંઈ કહેતા ન હતા પરંતુ કાનોકાન રાજાની નિંદા કરતાં હતા. આ વાત જ્યારે રાજાના કાન સુધી પહોંચી કે લોકો આ કાર્યથી અમારી નિંદા કરે છે ત્યારે પ્રથમ તો તેમણે એ બાળકનું નામ કર્ણ રાખી દીધું કારણ કે એના જન્મની ખબર લોકોને કાનોકાન પહોંચી ગઈ. ત્યારબાદ, મંત્રીઓથી સલાહ કરીને તે પુત્રના કાનમાં કુંડળ અને આભૂષણ તથા રત્ન-કવચ પહેરાવી એક સંદૂકમાં બંધ કરીને તેમાં થોડા રત્નો અને એક પત્રમાં ‘કર્ણ’ નામ લખ્યું અને તે સંદૂકને યમુના નદીના પ્રબળ પ્રવાહમાં વહાવી દીધું.

સંદૂક વહેતું-વહેતું ચંપાપુરી નામની નગરીમાં યમુનાના કિનારે આવી ગયું. ચંપાપુરી નગરીની તે સમયે શોભા અનુપમ હતી. તેના મહેલોની ઉપર સુવર્ણના કળશ લાગેલા હતા. ત્યાંના જિનમંદિર અનુપમ શોભાયુક્ત હતા કે જેની ઉપર ધ્વજાઓ ફરકી રહી હતી. ભવ્યજન મંદિરોમાં જઈને વિવિધ પ્રકારે ભગવાનની પૂજા કરતાં હતા. આ ચંપાપુરી નગરીમાં ભગવાન વાસુપૂજ્યસ્વામીના ગર્ભ, જન્મ અને મોક્ષ એ ત્રણ કલ્યાણક થયા હતા તેથી આ નગરી અત્યંત પવિત્ર બની ગઈ હતી. તે નગરી અંગદેશમાં છે અને તેમાં અનેક ગુણીજન ઉત્પન્ન થયા છે. આવી વિશાળ અને અનુપમ નગરીનો

રાજા ભાનુ હતો. તે રાજા ઘણો વિવેકી અને સાધુજનોનો ભક્ત હતો તથા દુષ્ટજનોનો વિગ્રહ કરવાવાળો હતો, જેનું કોઈ શરણ ન હોય તેને આશ્રય આપવાવાળો હતો, શસ્ત્ર અને શાસ્ત્ર બંને વિદ્યાઓનો પ્રકાંડ વિદ્વાન હતો, સૂર્ય સમાન પ્રતાપી હતો, તેથી તેનું નામ માત્ર સાંભળતા જ શત્રુગણ થર-થર કાંપવા લાગતા હતા, દાની એટલો હતો કે તેના દીધેલા દાનને મેળવીને યાચકગણ કલ્પવૃક્ષને પણ ભૂલી જતા હતા, તેના રહેતા લોકો ચિંતામણિરત્ન અને કામધેનુનું નામ જ ભૂલી ગયા હતા. તેને રાધા નામની એક પ્રિયા હતી. તે શીલ, રૂપ અને ગુણની ખાણ હતી. તેનું રૂપ-લાવણ્ય જોઈને લોકો તેને લક્ષ્મીની ઉપમા આપતા હતા. જેવી રીતે લક્ષ્મી બધાને આનંદપ્રદ હોય છે, તેવી જ રીતે એ રાણી પણ પોતાના પ્રજાગણને આનંદ આપીને સુખી કરતી હતી. લક્ષ્મી જેવી રીતે શુભ છે, તે રાણી પણ તેવી જ શુભ છે. તે રાજા ભાનુના હૃદયમાં લાગેલી કલ્પલતા જેવી લાગતી હતી તથા રંભા જેવી લાગતી હતી. તે ભોગોથી પરિપૂર્ણ અને મનને મોહિત કરવાવાળી હતી તેથી તે ઈન્દ્રની ઈન્દ્રાણી જેવી શોભા પ્રાપ્ત કરતી હતી, ખૂબ જ સંપત્તિવાળી અને સૌભાગ્યવતી હતી. તે બધું હોવા છતાં પણ સૌથી મોટો દોષ એનામાં એ હતો કે દુર્દૈવથી તેને કોઈ સંતાન ન હતું તેથી લોકો તેને વંધ્યા કહેતા હતા.

એક સમયે રાજાએ કોઈ એક નિમિત્તજ્ઞાનીને બોલાવીને પૂછ્યુ કે હે પંડિત! મારે પુત્ર થશે કે નહીં એ કહો! તેનો પ્રશ્ન સાંભળીને નિમિત્તજ્ઞાનીએ વિચારીને કહ્યું કે હે રાજન્! નિમિત્તશાસ્ત્રના આધારે હું આપના પ્રશ્નનો ઉત્તર આપું છું તેને તમે સાવધાન થઈને સાંભળો. યમુના નદીના કિનારે તમને એક પ્રતાપી સુંદર બાળક સહિત એક સંદૂક મળશે. તે બાળક જ તમારો પુત્ર થશે. આમાં રંચમાત્ર પણ મિથ્યા નથી. આ વાત સાંભળીને રાજા પ્રસન્ન થયો અને એ જ સમયે હોશિયાર ચોકીદાર યમુના નદીના કિનારે ઊભા રાખી દીધા અને તેમને કહ્યું કે તમે અહીં સંદૂકનું ધ્યાન રાખો. તેમનું ચિત્ત ત્યાં જ લાગેલું રહ્યું. કેટલાક સમય પછી એવું જ થયું અર્થાત્ એક સંદૂક યમુના નદીના પ્રવાહમાં વહેતું વહેતું કિનારે આવી ગયું. ચોકીદારોએ તેને જોઈને નદીમાંથી કાઢી લીધું અને સંદૂકને રાજાની સામે આવીને મૂકી દીધું અને બધી વાત પણ રાજાને કહી સંભળાવી. રાજાએ એ સંદૂક ખોલીને જોયું તો એમાં સુંદર બાળક હતું. બાળકને સંદૂકમાંથી કાઢીને તેને પોતાના ખોળામાં લીધું અને નિમિત્તજ્ઞાનીના વચનો ઉપર વિશ્વાસ કરીને પોતાની રાણીને કહ્યું કે હે રાધે! તું તારા મનોમંદિરમાં પવિત્ર વિચારોને સ્થાન આપે છે, સદ્ચારિત્રનું પાલન કરે છો તેથી સૂરજથી પણ વધારે પ્રતાપશાળી આ પુત્રને પોતાના ખોળામાં લ્યો. સ્વામીના આવા વચન સાંભળીને રાણી ખૂબ પ્રસન્ન થઈ અને તેણે ખૂબ જ ઉમંગથી એ બાળકને પોતાની ગોદમાં લઈ લીધું. બાળકને લેતાં સમયે રાણીએ પોતાના કાનને ખંજવાળ્યો એ જોઈને રાજાએ પુત્રનું નામ કર્ણ રાખી દીધું. રાજા ભાનુના ઘરે કર્ણ કળા-કૌશલ, શોભા, લક્ષ્મી અને શૌર્યાદિ ગુણોથી દિવસે દિવસે બીજના બાળચંદ્રની જેમ વૃદ્ધિ પામ્યો. બીજનો ચંદ્રમા વધતો થકો અંધકાર નષ્ટ કરી જગતના પ્રાણીઓને સુખશાંતિ આપે છે તેવી જ રીતે કર્ણ પણ જગતને આનંદ આપવા લાગ્યો. લોકો એની બાલ્યાવસ્થા જોઈને ખૂબ પ્રસન્ન થતા.

આ રીતે, શુભ પુણ્યોદયે જેને સૌભાગ્ય પ્રાપ્ત છે, દેવતા જેની આજ્ઞામાં ચાલે છે, જે શાસ્ત્રનો જ્ઞાતા છે, જેનું શરીર તેજયુક્ત છે તથા શાસ્ત્રોના પઠન-પાઠનમાં જેની રુચિ સદાય રહે છે, જે લક્ષ્મીનું સ્થાન છે, દયાથી સદાય જેના પરિણામ કોમળ રહે છે, એવો એ કર્ણ પૂરા સંસારમાં શ્રીકાંતિથી સુશોભિત હો!

આ સંબંધમાં ગ્રંથકારનું કહેવું છે કે આ બધો સુયોગ પુણ્યથી જ મળે છે. પુણ્યોદયથી જ અગ્નિ જળ બની જાય છે અને જળ અગ્નિ! મનુષ્યોની તો શું વાત પણ દેવતા પણ પુણ્યશાળી પુરુષોના ચરણોમાં મસ્તક નમાવે છે! તેથી હે ભવ્યાત્માઓ! પુણ્ય ઉપાર્જન કરો. પદાર્થોનો અનુભવ કરો, ચિંતવન કરો અને ભગવાન જિનેન્દ્રનું ભજન કરો કે જેનાથી ક્રમશઃ મોક્ષસુખની પ્રાપ્તિ થાય.

**॥ અધ્યાય આઠમો સમાપ્ત ॥**

*** પ્રાણોનો નાશ કરનાર વિષ ભોજનમાં ખાવું સારું, શ્વાપદ (શિકારી પ્રાણી) સિંહ આદિ હિંસક પશુઓથી ભરેલાં વનમાં નિવાસ કરવો સારો અને ભડકે બળતી અગ્નિમાં પડીને પ્રાણોનો ત્યાગ કરવો પણ સારો, પરંતુ મિથ્યાત્વ સહિત આ સંસારમાં જીવવું સારું નથી. કેમકે વિષ આદિથી પ્રાણોનો નાશ થવાથી તો એક જ જન્મમાં જ દુઃખ સહન કરવું પડે છે અને મિથ્યાત્વથી જન્મ-જન્મમાં પ્રતિક્ષણ તીવ્ર યાતનાઓનો સામનો કરવો પડે છે.**

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિરત્નસંદોહ, શ્લોક-૧૪૦)*

*** ધર્મના પ્રભાવથી મરુભૂમિમાં પણ કમળોથી વ્યાપ્ત સરોવર પ્રાપ્ત થઈ જાય છે, જંગલમાં પણ ઉન્નત મહેલ બની જાય છે, પર્વતના શિખર પર આનંદોત્પાદક સ્ત્રીઓ અને શ્રેષ્ઠ રત્ન પણ પ્રાપ્ત થઈ જાય છે. એ સિવાય ઉક્ત ધર્મના જ પ્રભાવથી ભીંત ઉપર અથવા લાકડામાંથી બનાવેલ દેવતા પણ સિદ્ધિદાયક થાય છે. બરાબર છે—અહીં પ્રાણીઓને ક્યા ક્યા પદાર્થ પ્રાપ્ત કરાવતો નથી? બધું જ પ્રાપ્ત કરાવે છે.** *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૧૮૭)*

*** હે જીવ! તૂ સબ પ્રાણિયોંમેં મિત્રતાકા ભાવ રખ, કિસીકો શત્રુ ન સમજ, ઉક્ત સબ પ્રાણિયોંમેં ભી જો વિશેષ ગુણવાન હૈં ઉનકો દેખકર હર્ષકો ધારણ કર, દુઃખીજનકે પ્રતિ દયાકા વ્યવહાર કર, જિનકા સ્વભાવ વિપરીત હૈ ઉનકે વિષયમેં મધ્યસ્થતાકા ભાવ ધારણ કર, જિનવાણીકે સુનને ઔર તદ્નુસાર પ્રવૃત્તિ કરનેમેં અનુરાગ કર, ક્રોધરૂપ સુભટકો પરાજિત કર, ઈન્દ્રિય વિષયોંસે વિરક્ત હો, મૃત્યુ એવમ્ જન્મસે ઉત્પન્ન હોનેવાલે અતિશય દુઃખસે ભયભીત હો ઔર સમસ્ત કર્મમલસે રહિત મોક્ષસુખકી અભિલાષા કર.** *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૧૨)*

# અધ્યાય નવમો



એ સંભવનાથ ભગવાનને અમારા નમસ્કાર છે કે જે પ્રભુ તૃષારૂપી રોગથી સંગ્રસ્ત કરાયેલા જગતના પ્રાણીઓને માટે આકસ્મિક વૈદ્ય છે. વૈદ્ય જેવી રીતે રોગ શાંત કરે છે તેવી જ રીતે પ્રભુનું ધ્યાન કરવાથી રોગ દૂર જ રહે છે તથા પ્રભુ સુખ દેવાવાળા છે, પાપના વિઘાતા છે અને ભવ્યજીવોને સંસારસમુદ્રથી પાર કરવાવાળા છે.

અહીં સ્વામી ગૌતમ ગણધર રાજા શ્રેણિકને સંબોધન કરતાં કહે છે કે હે શ્રેણિક! સંસારમાં એ લોકો મહામૂર્ખ છે જે લોકો પ્રતાપશાળી કર્ણની ઉત્પત્તિ કાનથી માને છે. આ કેટલી અયોગ્ય વાત છે. કાનોકાન તેના જન્મની ખબર પુરવાસીઓને મળી હતી તેથી તેનું નામ 'કર્ણ' રાખવામાં આવ્યું હતું તથા ચંપાપુરીમાં ભાનુ રાજાએ પોતાની પ્યારી રાધાને પુત્ર હાથમાં લેતાં સમયે કાન ખંજવાળતાં જોઈ હતી તેથી ત્યાં પણ રાજાએ તેનું નામ કર્ણ રાખ્યું હતું.

બીજી વાત એમ છે કે માની લેવામાં આવે કે કર્ણની ઉત્પત્તિ કાનથી થઈ હતી તો સંસારમાં કાન, નાક, આંખ, મોઢું બધું જ આજે પણ હયાત છે તો હવે કેમ તેનાથી મનુષ્યોની ઉત્પત્તિ નથી થતી? આજ સુધી કાનથી કોઈ ઉત્પન્ન થયો હોય અથવા આંખ, નાક, મોઢાથી ઉત્પન્ન થયો હોય એવું તો સાંભળવામાં આવ્યું નથી તો કર્ણની ઉત્પત્તિ કાનથી થઈ છે એ કઈ રીતે સંગત માનવામાં આવે? જેવી રીતે ગાયના શીંગથી ક્યારે પણ દૂધ ન નીકળી શકે અથવા વંધ્યા સ્ત્રીને સંતાન નથી હોતું તથા આકાશમાં ક્યારેય ફૂલ નથી હોતા અને ગધેડાને શીંગ નથી હોતા, પથ્થર ક્યારેય અનાજ નથી આપતા અને સર્પના મોઢામાં અમૃત ઉત્પન્ન થતું નથી—એ બધી વાતોનું હોવું જેવી રીતે અસંભવ છે એવી રીતે કાનથી કર્ણની ઉત્પત્તિ પણ નિતાંત અસંભવ છે. જો આવું સત્ય હોત તો પછી લગ્ન આદિ સંસ્કારની આવશ્યકતા જ શું હતી? મનુષ્ય અને સ્ત્રી કાનથી જ ઉત્પન્ન થઈ જાત!

તેથી, હે રાજન્! કર્ણની ઉત્પત્તિ પૂર્વમાં જે પ્રકારે કહેવામાં આવી છે તે પ્રકારે જ સત્ય છે અને ગ્રાહ્ય છે. તેનાથી વિપરીત કહેવું અને માનવું બધું અસત્ય છે. અહીં એ શંકા થઈ શકે છે કે કર્ણને સૂર્યસૂત કહે છે તો જ્યારે સૂર્યનો કુંતીની સાથે સમાગમ જ નથી થયો તો તેને સૂર્યસૂતની સંજ્ઞા કેમ? આ શંકાનો જવાબ એમ છે કે કર્ણનું પાલન-પોષણ રાજા ભાનુએ કર્યું હતું. ભાનુ સૂર્યને પણ કહે છે. તેથી કર્ણની લોકમાં સૂર્યસૂતના નામથી પ્રસિદ્ધિ થઈ ગઈ કે જેવી રીતે નારાયણ શ્રીકૃષ્ણનું પાલન-પોષણ નંદગોપને ત્યાં થવાથી તેને ગોપાલ કહીને બોલાવે છે.

હવે, ગૌતમસ્વામી રાજા શ્રેણિકને કહે છે કે રાજન્! હવે હું તમને કૌરવ અને પાંડવોની ઉત્પત્તિ શાસ્ત્રાધારથી કહું છું તે સાંભળો :

એક સમય અંધકવૃષ્ટિએ તેના બધા પુત્રોને બોલાવ્યા અને તેમને બોલાવીને કુંતીના લગ્ન સંબંધમાં વિચાર કર્યો. એ સમયે એ વાત વિચારવામાં આવી કે જો કુંતી પાંડુને છોડીને બીજાને પરણાવવામાં આવશે તો એ વ્યભિચારિણી કહેવાશે અને બીજી વાત એ કે આવું સાંભળીને કોઈ એની સાથે લગ્ન જ નહીં કરે. તેથી ઉત્તમ એ છે કે પાંડુને જ કન્યા આપવામાં આવે. આવો વિચાર કરીને તેમણે એ જ સમયે વરને યોગ્ય ભેટ આદિ આપીને એક ચતુર દૂતને રાજા વ્યાસ પાસે મોકલ્યો. દૂત થોડી જ વારમાં કૌરવોના રાજા વ્યાસની સભામાં પહોંચ્યો અને દ્વારપાળની આજ્ઞાથી અંદર ગયો. ત્યાં તેણે દૂરથી જ રાજાના દર્શન કર્યા. એ સમયે રાજા સિંહાસન પર બિરાજમાન હતા. તેની વિભૂતિ જોઈને તે ચકિત રહી ગયો અને પોતાના મનોરથની સફળતા માટે ભાવના કરવા લાગ્યો.

રાજાની ઉપર ચમર-છત્ર હતા. દેશ-વિદેશના રાજાઓ તેની સામે અનેક પ્રકારની ભેટ લઈને ઊભા હતા. રાજાના કાનમાં કુંડળ હતા. ગળામાં રત્નોનો હાર હતો. સભામાં બેઠેલો એ રાજા એ સમયે ઈન્દ્રની ઉપમા ધારણ કરતો હતો. તે ઘણો જ ઉદ્યોગી હતો, ન્યાય-નીતિનો વિચારક હતો, હૃદયનો ખૂબ જ પવિત્ર હતો તથા ગંભીર હતો. તેની શાસનપ્રણાલી આદર્શ હતી, અન્યાયીઓને યથોચિત દંડ આપતો હતો. તેના શાસનમાં બધા લોકો સંતુષ્ટ હતા. આવા ગુણસંપન્ન રાજાની પાસે પહોંચીને દૂતે અંધકવૃષ્ટિ દ્વારા મોકલાવેલી ભેટ સામે રાખી અને નિવેદન કર્યું કે રાજન્! સુરપુરીના રાજા અંધકવૃષ્ટિ કે જે સર્વપ્રસિદ્ધ છે તેમણે મને આપની પાસે એ સંદેશો લઈને મોકલ્યો છે કે આપના રાજકુમાર પાંડુની સાથે મારી પુત્રી કુંતીના લગ્ન થાય.

દૂતના વચનો સાંભળીને વ્યાસે કહ્યું કે જે કામ યોગ્ય છે તેને કોણ ન ઈચ્છે? મુદ્રા અને માણેકના સંયોગની કોણ ચતુર પુરુષ ઈચ્છા ન કરે? વ્યાસજીને પહેલેથી જ એ વાતની ખબર હતી કે પાંડુ કુંતીને ઈચ્છે છે તેથી તેણે દૂતને કહ્યું કે જેવી સુરપુરીના રાજાની ઈચ્છા છે એવી જ ઈચ્છા અમારી પણ છે. તેમના કહ્યા અનુસાર અમે તૈયાર છીએ. બસ એ જ સમયે પાંડુ અને કુંતીની સગાઈ-સૂચક મોટો મહોત્સવ કર્યો અને બધા રાજાઓની સામે પાંડુ માટે કુંતીને લેવાનો સ્વીકાર કર્યો. ત્યારબાદ, અનેક પ્રકારના વસ્ત્ર-આભૂષણો દ્વારા દૂતનું ખૂબ સન્માન કર્યું અને લગ્નના દિવસનો નિર્ણય કરીને ભેટ સહિત તેને પોતાના ત્યાંથી વિદાય કર્યો.

કેટલાક દિવસ પછી પાંડુકુમાર વિવાહ કરવા માટે હસ્તિનાપુરથી સુરપુરી રવાના થયા. તે સમયે તેમણે અનેક પ્રકારના આભૂષણો પહેર્યા અને ઘણા રાજાઓને સાથે લીધા. તેની ઉપર સફેદ છત્ર લાગેલ હતું જેથી તે ઈન્દ્ર જેવો લાગતો હતો. આગળ-આગળ અનેક પ્રકારના વાજા વાગતા હતા, જેના શબ્દોથી દિશાઓ ગૂંજાયમાન હતી. ભટ લોકો બિરદાવલી વખાણતા ચાલતા હતા અને નટ અનેક પ્રકારના નૃત્ય કરતાં આગળ-આગળ ચાલતા હતા. કામિની મંગળ ગીતો ગાઈ રહી હતી. પાંડુની માતા સુભદ્રાએ પાંડુની આરતી ઉતારી અને તેને સિદ્ધ ભગવાનની આસિકા આપી કે જે પાંડુ માટે મંગળકારી હતી.

આ રીતે પાંડુકુમાર વિવાહ કરવા માટે ઘોડા પર સવાર થઈને ત્યાંથી નીકળ્યો. સાથે બીજા ઘણા રાજા-મહારાજાઓ જાનૈયાના રૂપમાં હતા. તેમાંથી કોઈ હાથી ઉપર સવાર હતા તો કોઈ ઘોડા ઉપર સવાર હતા તો કોઈ રથમાં સવાર હતા. બધા લોકો રસ્તામાં પ્રકૃતિની શોભા જોતા જોતા જઈ રહ્યા હતા અને કહેતા હતા કે કુમાર! જુઓ આ કમળોથી પરિપૂર્ણ મધુર કલરવ કરતી ઊંડી નદી સુંદર સ્ત્રી સમાન દેખાય છે. કુમાર! આ બાજુ પર્વત જુઓ. તે આપની સમાન ઉન્નત વંશવાળો છે. નાથ! આ મયુરગણ આપના લગ્નની ખુશીમાં પોતાની પ્રિયા મયૂરી સાથે કેવું મનોહર નૃત્ય કરી રહ્યા છે અને જુઓ, સઘન છાયાવાળા વૃક્ષો ફળ અને પાનના ભારથી નમી રહ્યા છે કે જાણે આપ આવ્યા છો એટલા માટે આપનો આદર-સત્કાર કરી રહ્યા છે. બરાબર જ છે કે પોતાની જાનૈયાઓનો કોણ આદર-સત્કાર ન કરે??

આ રીતે, પ્રકૃતિની શોભા નિહાળતા પાંડુકુમાર થોડી જ વારમાં સુરપુરી આવી પહોંચ્યા. કૌરવવંશી પાંડુકુમારને આવ્યા જાણીને યાદવવંશી રાજા અંધકવૃષ્ટિ તેમનું સ્વાગત કરવા નગરની બહાર આવ્યા અને જાનૈયાઓને આદરપૂર્વક લાવ્યા અને બધાને મળ્યા તથા કુશલ સમાચાર પૂછ્યા. એ સમયે નગરની શોભા અનુપમ હતી. જગ્યાએ જગ્યાએ તોરણ બાંધેલા હતા કે જે ખૂબ જ મનોહર લાગતા હતા. ઘરની આગળ અનેક પ્રકારના રંગોથી સ્વસ્તિક રચાયેલા હતા જેને જોઈને લાગતું હતું કે અહીં આજે કાંઈક વિશેષ ઉત્સવ છે. અહીંના મહેલોમાં બેઠેલી લલના મંગલ ગીતો ગાઈ રહી હતી એ એવી લાગતી હતી કે માનો દેવાંગનાઓ જ છે. અહીંના મહેલમાં ચંદ્રકાંતમણિ લાગેલા હતા. રાત્રિના સમયે તેના પર ચંદ્રની ચાંદની પડતી હતી જેથી ત્યાં અસમયમાં જ જળવૃષ્ટિ થઈ જતી હતી કે જે મોરને નાચવા માટે ઉત્સાહિત કરતી હતી. અહીંના મકાનોની દીવાલોમાં સ્ફટિકમણિ લાગેલા હતા, તેમાં સ્ત્રીઓનું પ્રતિબિંબ પડતું હતું જેને જોઈને એમને ભ્રમ થઈ જતો હતો કે આ અમારી સોત તો નથી આવી ગઈ ને! આવો વિચાર કરી તેઓ પોતાના પતિની પાસેથી ગુસ્સાનો ભાવ દેખાડીને જતી રહેતી હતી જેથી એમની કૃતિ ઉપર પતિ હસતા હતા. ક્યાંક ક્યાંક દીવાલો ઉપર મરકતમણિ લાગેલા હતા કે જે હરણના બચ્ચાઓને લીલા ઘાસનું ભ્રમ ઉત્પન્ન કરતા હતા. આ રીતે, અનેક પ્રકારે સુસજ્જિત સુરીપુરમાં બન્ને પરિવારોએ પ્રવેશ કર્યો.

નગરમાં પ્રવેશ કરીને અંધકવૃષ્ટિએ ખૂબ સજાવેલા એક સુંદર મનોહર મંડપમાં પાંડુકુમારને આસન ગ્રહણ કરાવ્યું અને તેમનો સારી રીતે આદર સત્કાર કર્યો. ત્યારબાદ, શુભ મુહૂર્ત અને શુભ લગ્નમાં પાંડુકુમારને ફૂલમાળાઓથી સુસજ્જિત વિવાહવેદી પાસે લાવવામાં આવ્યા. ત્યાં કુંતીદેવીએ તેમને પોતાના વર પસંદ કર્યા. તેની સિવાય માદ્રીએ પણ પોતાના માતા-પિતાની આજ્ઞાનુસાર કુંતીની સાથે સાથે કુમારને પોતાના પતિ બનાવ્યા. જેવી રીતે સીતાએ રામને પતિ બનાવ્યા હતા તેવી રીતે કુંતી અને માદ્રી સાથે કુમારે સવિધિ લગ્ન કર્યા. એ સમયે કુમારને કોઈએ વસ્ત્ર, કોઈએ બહુમૂલ્ય દાગીના પહેરાવ્યા અને કોઈએ હાથી, કોઈએ ઘોડા, કોઈએ રથ, કોઈએ કાંઈ અને કોઈએ કાંઈ આપીને કુમારનો યથોચિત આદર સત્કાર કર્યો.

ત્યારબાદ, માદ્રી અને કુંતી બંને કન્યાઓને લઈને ઈન્દ્રની જેમ સુશોભિત કુમાર હસ્તિનાપુર આવ્યા. હસ્તિનાપુર પહોંચીને જ્યારે તેણે નગરમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના સ્ત્રી-પુરુષો પોતાનું કામ છોડીને કુમારને જોવા દોડતા આવ્યા. આ સમયે કુમારની શોભા અને અપાર વિભૂતિને જોઈને એક સ્ત્રી બીજી સ્ત્રીને પૂછે છે કે હે ભદ્રે! પાંડુ ક્યાં છે અને ક્યાં જઈ રહ્યો છે? જુઓ તો તેણે કેવી અપાર વિભૂતિ સાથે નગરમાં પ્રવેશ કર્યો છે! આ વાત સાંભળીને એક સ્ત્રી બોલી કે જો તને પાંડુને જોવાની ઈચ્છા હોય તો આ બાજુ આવ હું તને પાંડુ બતાવું છું. કોઈ સ્ત્રી પોતાના ઘરે સ્નાન કરી રહી હતી અને ત્યારે જ તેણે વિવાહ કરીને આવતા પાંડુના સમાચાર સાંભળ્યા તો તે સ્નાન છોડીને અડધા વસ્ત્રોમાં જ પાંડુને જોવા બહાર આવી ગઈ, એ સમયે તેને પોતાની કાંઈ સુધબુધ ન રહી! એક સ્ત્રી ભોજન કરી રહી હતી અને કુમારના આવવાના સમાચાર સાંભળીને ભોજન છોડીને પાણી પીધા વિના જ એઠા મોઢે બહાર આવી ગઈ ! કોઈ સ્ત્રી પોતાના રોતા બાળકને છોડી કોઈ બીજાના જ બાળકને લઈને પાંડુને જોવા માટે બહાર આવી ગઈ ! કોઈ સ્ત્રી પોતાના પતિને જમતો છોડીને બહાર આવી ગઈ અને પાંડુને જોવા માટે આમ તેમ ફરવા લાગી! કોઈ સ્ત્રી ઘરેણા પહેરી રહી હતી અને કુમારને જોવા એટલી આતુર થઈ ગઈ કે ઘરેણા સંદૂકમાં રાખવાનું ભૂલીને દોડીને બહાર આવી ગઈ! કોઈ સ્ત્રી ગળાનું આભૂષણ કમરમાં અને કમરનું આભૂષણ ગળામાં પહેરીને બહાર આવી ગઈ! કોઈ સ્ત્રીએ રાજાને જોવાની આતુરતાથી કપાળમાં કાજળનો ચાંદલો અને આંખમાં કુંકુમ લગાવીને બહાર દોડી આવી ! કોઈ સ્ત્રી કપડા પહેરી રહી હતી તો ઉલ્ટા-સીધા કપડા પહેરીને જ બહાર આવીને ઊભી રહી! કોઈ એક વૃદ્ધા સ્થૂળકાય સવારીમાં બેઠી હતી તેણે બીજી સ્ત્રીને કહ્યું કે હે સખી! તું મને પણ સાથે લઈ જા કુમારને જોવા માટે, હું તને ખૂબ જ આશીર્વાદ આપીશ! કોઈ સ્ત્રી ગર્ભના ભારથી થાકેલી હોવાથી ચક્કર આવી જવાથી આમ તેમ ફરતી પડવા લાગી ! કોઈ સ્ત્રી રસ્તો ન મળવાથી માર્ગ રોકવાવાળી સ્ત્રીઓથી પ્રિય શબ્દોમાં કહેવા લાગી કે હે સખી! રસ્તો છોડો અને મને કુમારના દર્શન કરવા દો! કોઈ સ્ત્રી રસ્તો ન આપવા માટે બીજી સ્ત્રીઓને કહે છે કે પરંતુ તે ત્યાંથી ખસતી ન હોઈ તેને પછાડીને જલતરંગની જેમ તેની આગળ નીકળી જતી. કોઈ સ્ત્રી કુંતી અને માદ્રીને પાંડુની સાથે જોઈને કહેતી કે હે સખી! આ બંને સુંદરીઓએ કોઈ પુણ્યથી આવો પતિ પ્રાપ્ત કર્યો છે. એવું લાગે છે કે આ બંનેએ પૂર્વભવમાં કોઈ સુપાત્રને ઉત્તમ દાન આપ્યું હશે અથવા ઘોર તપશ્ચર્યા કરી હશે અથવા શ્રીગુરુની વૈયાવૃત્તિ કરી છે તથા જિન ચૈત્યાલય તથા જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી છે અથવા મન લગાવીને જિનવાણી સાંભળી છે અથવા જીવોની કરુણા કરી છે. નિશ્ચયથી જ આમાંથી કોઈ કાર્ય અવશ્ય જ કર્યું છે ત્યારે જ તો તેમને આવો સર્વગુણ સંપન્ન વર મળ્યો છે, અન્યથા ક્યારે પણ ન મળે. પાંડુના શિર ઉપર લાગેલું શ્વેત છત્ર એવું શોભતું હતું કે માનો એનો યશ જ એકત્ર થઈને છત્ર બની ગયું હોય. પાંડુના પ્રબળ શસ્ત્રો દ્વારા વેરીઓનું માન-મર્દન કરી નાખવામાં આવ્યું હતું અને તેના બરાબર કોઈ બળવાન રાજા ન હતો. નગરના અધિવાસીઓએ પાંડુને અનેક પ્રકારની ભેટ આપીને ખૂબ પ્રશંસા કરી.

ત્યારબાદ, પાંડુ પોતાના મહેલમાં જતો રહ્યો અને બંને પુત્રવધુઓને રાજા વ્યાસે પોતાના મંદિરની બાજુના મહેલમાં રાખી, પછી તે પાંડુ પણ તે જ મહેલમાં બંને પ્રિયાઓ સાથે સુખથી રમવા લાગ્યો. બરાબર જ છે કે **જેનો પ્રબળ પુણ્યોદય છે તેને સંસારમાં કોઈ પણ વસ્તુ દુર્લભ નથી.** તે સમયે પાંડુને કુંતીના સ્પર્શથી ખૂબ જ આનંદ થયો તથા તેના મુખની સુગંધથી તૃપ્તિ થતી ન હતી, જેવી રીતે ભ્રમર કમળની ગંધથી મસ્ત થઈ જાય છે અને તેને પોતાની સુધબુધ નથી રહેતી. **બરાબર છે કે કામ જીવોને અંધ બનાવી દે છે, તે સમયે તેઓને હેયોપાદેયનું કાંઈ જ્ઞાન નથી રહેતું.** કુંતીએ એ સમયે પોતાની કટાક્ષપૂર્ણ દૃષ્ટિથી તથા સરસ હાસ્યથી પોતાના અપ્રતિમ સૌંદર્યથી પાંડુના મનને એવી રીતે બંધનબદ્ધ કરી દીધું હતું કે એ પાંડુકુમાર પોતાની નવવિવાહિત પત્નીઓની સાથે ક્યારેક મહેલના બગીચામાં, ક્યારેક વનમાં, ક્યારેક તળાવમાં મનચાહી ક્રીડા કરતા હતા, ક્યારેક તેમની સાથે નદી કિનારે, ક્યારેક વાવડીના પાણીમાં, ક્યારેક હિંડોળામાં મનને બહેલાવતા હતા. આ રીતે, પૂર્વ-પુણ્યના ઉદયથી અનેક પ્રકારના ભોગ ભોગવતા તથા સાથે સત્પાત્રાદિક દાન કરતાં પોતાના સમયને વીતાવવા લાગ્યા.

ભોજકવૃષ્ટિ નામના રાજાને એક ગાંધારી નામની પુત્રી હતી કે જે શીલવતી, ગુણવતી અને વિદૂષી હતી. સુંદરતામાં અદ્વિતીય હતી. તેની ધીમી ચાલ હાથીને પણ શરમાવતી હતી. તે નેત્રથી હરણને જીતતી હતી, નાકથી સૂઆને જીતતી હતી અને મુખથી ચંદ્રમાને શરમાવતી હતી. તેના લગ્ન ધૃતરાષ્ટ્ર સાથે થયા હતા. તેને ભવિષ્યમાં સો પુત્ર થવાના છે. ત્યારબાદ, દેવક રાજાની પુત્રી કુમુદ્વતીની સાથે પંડિત વિદુરના લગ્ન થયા. એક સમય રાત્રિના પાછલા પહોરમાં કુંતી પોતાની શય્યા ઉપર સુખનિદ્રા લઈ રહી હતી તે સમયે તેણે નિમ્નલિખિત સ્વપ્ન જોયા :

પહેલાં સ્વપ્નમાં તેણે મદોન્મત્ત હાથી જોયો જેના કપાળમાંથી મદ ઝરતો હતો તથા પોતાની સૂંઢને આમ-તેમ ફેરવતો હતો, બીજા સ્વપ્નમાં તેણે કલ્લોલ કરતો સમુદ્ર જોયો, ત્રીજા સ્વપ્નમાં પૂર્ણ ચંદ્ર જોયો અને ચોથા સ્વપ્નમાં તેણે ચાર શાખાવાળું દાન દેવાવાળું એક કલ્પવૃક્ષ જોયું. આ સ્વપ્નાઓ જોયા પછી સવારે જયારે જાગી ત્યારે પ્રાત:કાલિન બધી જ ક્રિયાઓ કરીને તેણે પોતાના સુંદર વસ્ત્રાભૂષણ પહેર્યા અને પોતાના સ્વામી પાંડુની પાસે આવીને નમસ્કાર કર્યા તથા પાંડુએ યથાયોગ્ય સત્કાર કરીને પોતાના અડધા સિંહાસન પર તેને બેસાડી. ત્યારબાદ, કુંતીએ પોતે જોયેલા સ્વનપ્ન પાંડુને કહ્યા અને તેનું ફળ જણાવવા કહ્યું. ઉત્તરમાં પાંડુએ કહ્યું કે હે સુંદરી! તેં જે પ્રથમ સ્વપ્નમાં હાથી જોયો તેનું ફળ એ છે કે તને એક પુત્ર થશે, સમુદ્ર જોવાનું ફળ એ છે કે તે પુત્ર સમુદ્રવત્ ગંભીર હશે, ચંદ્ર જોવાથી એ પુત્ર સંસારને આનંદ આપવાવાળો થશે, કલ્પવૃક્ષ જોવાથી એ પુત્ર ખૂબ જ દાની હશે. તેની પાસે જે કોઈ જે કાંઈ માગશે તે તેને તે જ વસ્તુ આપશે, ચોથા સ્વપ્નમાં જે ચાર શાખાવાળું કલ્પવૃક્ષ જોયું છે તેનું ફળ એ છે કે તેને બીજા ચાર ભાઈ થશે.

થોડા સમય પછી સોળમા અચ્યુત સ્વર્ગથી એક ભાગ્યશાળી દેવ ત્યાંથી ચ્યવીને કુંતીના ગર્ભમાં આવ્યો. **સત્ય જ છે કે પુણ્યના યોગથી મનુષ્યોને પુત્ર-પૌત્રાદિ કોઈ પણ સામગ્રી સંસારમાં દુર્લભ નથી. વર્તમાનમાં મનુષ્ય જે ઈષ્ટ**

**વિયોગાદિ દુઃખ પામી રહ્યા છે તેનું એક માત્ર કારણ પલ્લામાં પુણ્ય નહીં હોવું એ છે.** ધીરે ધીરે કુંતીનો ગર્ભ જેમ જેમ વધવા લાગ્યો તેમ તે સજ્જન પુરુષોને આનંદ થવા લાગ્યો. પીળું શરીર ધારણ કરવાવાળી કુંતીને જોઈને પાંડુને ખૂબ જ હર્ષ થતો. તે સમયે કુંતી એવી લાગતી હતી કે માનો રત્નોની ખાણ જ છે. ગર્ભને કારણે પેટમાં જે ત્રિવલી પડતી હતી તે મટી ગઈ હતી; જેથી એવું લાગતું હતું કે આ ગર્ભથી દુશ્મનોનું માનભંગ અવશ્ય થશે જેનું આ આદ્ય શુકન છે. કુંતીને એ સમયે મીઠું ખાવાની ઈચ્છા થતી હતી જેનાથી એવું લાગતું હતું કે તેના ગર્ભમાં રહેવાવાળો સંપૂર્ણ પૃથ્વીનો ભોક્તા થશે. તેના સ્તન ઉન્નત થઈ ગયા હતા અને તેનો અગ્રભાગ કાળો પડી ગયો હતો જેનાથી જણાતું હતું કે આ પુત્ર પોતાના સ્વજનોને ઉન્નત અવસ્થામાં પહોંચાડશે અને શત્રુઓને કાલીમાં લગાવશે. એ સમયે તેને થૂંક ખૂબ આવતું હતું જેનાથી એવું જણાતું હતું કે આ પુત્રના ડરથી વેરીગણ આમ-તેમ ભાગતા ફરશે.

આ રીતે, ગર્ભના ચિહ્નોથી ચિહ્નિત કુંતીને એ સમયે શયન, ભોજન અને આભૂષણ આદિ કોઈ પણ કાર્યમાં રુચિ ન રહી પરંતુ જિનેન્દ્ર ભગવાનના દર્શન-પૂજન તથા બીજા ધાર્મિક કાર્યો કરવામાં તેને દોહલાના રૂપમાં પ્રીતિ થતી હતી. તે નિત્ય જિનેન્દ્ર ભગવાનના દર્શન–પૂજન કરતી, વ્રત કરતી, વ્રતી પુરુષોમાં અનુરાગ રાખતી હતી. એકવાર તેને એવો દોહલો થયો–ઈચ્છા થઈ કે હું યુદ્ધમાં જઈને મોટા મોટા યોદ્ધાઓનો સંહાર કરું! આ રીતે તેને બીજા પણ ઘણા દોહલા થયા.

ત્યારબાદ, જ્યારે ગર્ભના નવ મહિમા પુરા થયા ત્યારે તે પુણ્યવતીએ એક ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. તેને જે પુત્ર ઉત્પન્ન થયો તેના નેત્રકમળ ખૂબ મોટા હતા, મુખ ચંદ્ર જેવું હતું તથા તેના ઉત્પન્ન થતાં જ અંધકાર ક્યાંક વિલિન થઈ ગયો જેવી રીતે સૂર્યના ઉદય થવાથી વિલીન થઈ જાય છે. પુત્રોત્પત્તિના સમયે રાજાના ઘરે આનંદભેરી વાગતી હતી. જેનાથી રાજમહેલ ગુંજાયમાન હતો, એવું લાગતું હતું કે જાણે મેઘની ગર્જના જ હોય. તે સિવાય શંખ, નગારા, વીણા, મૃદંગ, દુંદુભી આદિ વાજાની ધ્વનિ થઈ રહી હતી, નર્તકી નૃત્ય કરી રહી હતી, ભટ્ટ લોકો બિરદાવલી-વખાણ કરી રહ્યા હતા, નગરની ગલી-ગલીમાં ચંદનનો છંટકાવ થઈ રહ્યો હતો, ઘર-ઘર રત્નોના તોરણ બંધાઈ રહ્યા હતા તથા ઉત્સવ માટે મંડપ સજાવવામાં આવ્યા હતા. મતલબ એમ છે કે પુત્રોત્સવની ખુશીમાં પુરવાસીઓએ નગરની અનેક પ્રકારે શોભા કરી હતી અને એ સમયે નગર સ્વર્ગપુરી સમાન દેખાતું હતું.

પુત્ર-જન્મના સમાચારથી મેઘ સમાન પાંડુએ લોકોની ઈચ્છાનુસાર ખૂબ ધનવર્ષા કરી અર્થાત્ યથેચ્છ દાન આપ્યું અને તેમનો યથાયોગ્ય આદર-સત્કાર કર્યો. તે નવજાત બાળક કૌરવવંશરૂપી સમુદ્રને વૃદ્ધિગત કરવા માટે ચંદ્ર સમાન હતો. ચંદ્રના ઉદય થવાથી જેવી રીતે સમુદ્ર વધે છે તેવી રીતે એ પુત્રએ પણ રણવાસમાં તથા આખા નગરમાં આનંદ ફેલાવી દીધો. તેના ઉત્પન્ન થવાથી બંધુવર્ગને યુદ્ધમાં સ્થિર થવાની ભાવના થઈ તેથી તેનું નામ 'યુધિષ્ઠિર' રાખ્યું તથા ગર્ભમાં આવતાં જ લોકોને ધર્મમાં સાધન બન્યો તેથી તેનું નામ 'ધર્મરાજ' રાખ્યું. માતાનું દૂધ પીતા સમયે જે દૂધ મોઢાથી બહાર

આવી જતું હતું તેનાથી ઉજ્જ્વલતાને ધારણ કરનાર શરીર અને શરીરની સ્વાભાવિક દીપ્તિથી દશે દિશાઓ વ્યાપ્ત થઈ રહી હતી તેથી એની કંઈક અલગ જ શોભા થઈ હતી. તે બાળક પોતાની તોતડી બોલીથી અને મધુર હાસ્યથી તથા મણિખંચિત ગૃહાંગણની ભૂમિમાં આળોટતા, પડતા માતા-પિતાને સતત જ પ્રસન્ન કરતો રહેતો હતો. બાળક યુધિષ્ઠિર જેવી રીતે આયુ, શરીરાદિથી વૃદ્ધિ પામ્યો એવી જ રીતે તેનામાં સ્વાભાવિક ગુણ પણ વધતા જતા હતા.

યુધિષ્ઠિરના પિતા પાંડુ ક્રિયાકાંડના મોટા પંડિત હતા તેથી તેમણે પોતાના બાળકનું અન્નાશન, સચૌલ, ઉપનયન આદિ બધી સંસ્કારવિધિ શાસ્ત્રાનુસાર કરાવી. ક્રમથી યુધિષ્ઠિરે બાલ્ય-કાળને લાંઘીને યુવાવસ્થામાં પગ રાખ્યો તે સમયે પણ તેની વાણી, કળા, વિજ્ઞાન, શીલ આદિ ગુણો જેવા ને તેવા રહ્યા; તેને રંચમાત્ર પણ મદનો ભાવ પણ ન આવ્યો. તેના મસ્તક પર એ સમયે નિર્મળ મણિઓથી જડેલો મુકુટ અત્યંત શોભા પામતો હતો, જાણે કે શિખર સહિત મેરુ પર્વતની ટોચ જ ન હોય. તેનું મુખ અત્યંત પ્યારું હતું અને તે ચંદ્રમંડળને શરમાવતું હતું; કારણ કે ચંદ્ર તો વધતો-ઘટતો રહે છે તથા તેમાં લાંછન પણ છે પણ એ વાત એના મુખમાં ન હતી. તેણે કાનમાં પહેરેલા કુંડળ અત્યંત શોભા દેતા હતા તથા નેત્ર સૂક્ષ્મદર્શી અને મનોહર હતા. તેનું નાક સુગંધને ગ્રહણ કરવામાં સમર્થ હતું અને ચંપા સમાન શોભાયુક્ત હતું. સુંદર કિંપાક ફળ સમાન તેના લાલ હોઠ હતા, ભૃકુટી ચંચળ હતી. તેના ગળામાં હીરાનો હાર હતો તેનાથી તેની શોભા અત્યંત અદ્ભુત થઈ ગઈ હતી. તેનું વક્ષસ્થળ ખૂબ જ વિસ્તૃત હતું તે એવું લાગતું હતું કે માનો વિસ્તૃત અને ઉન્નત પહાડ જ હોય. તેની ભુજાઓ સ્તંભ સમાન લાંબી હતી અથવા હાથીની સૂંઢ સમાન લાંબી હતી, તે રણક્ષેત્રમાં જયલક્ષ્મી પ્રાપ્ત કરવામાં સમર્થ હતા. તેની હથેળીમાં નક્ષત્ર, માછલી, કચ્છપ, શંખ, ચક્ર, માળા, તોરણ આદિ શુભ લક્ષણ હતા. તેનું સુંદર શરીર કટક, અંગદ, કેયૂર, મુદ્રિકા આદિ ભૂષણો દ્વારા અત્યંત શોભાયુક્ત હતું, જેવી રીતે સ્વર્ગમાં ભૂષણાંગ જાતિનું કલ્પવૃક્ષ શોભાને પ્રાપ્ત થાય છે. તેની નાભી વાવડી સમાન હતી, તેમાં લાવણ્યરૂપી જળ લબાલબ ભર્યું હતું. જેવી રીતે ફીણસહિત જળથી નદીનો કિનારો શોભાને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે ઉત્તમ વસ્ત્રોથી વ્યાપ્ત તેના સઘન જઘન શોભતા હતા. આ રીતે તેના ઉરુસ્થળ જંઘા આદિ અંગ, પ્રત્યંગ અત્યંત સુશોભિત હતા. તેના રૂપની ઉપમા દેવા માટે કોઈ એવી બીજી સુંદર ચીજ ન હતી કે જેની સાથે તેના રૂપની ઉપમા આપી શકાય. આ રીતે યુધિષ્ઠિરનું શરીર અત્યંત શોભાયુક્ત હતું.

ત્યારબાદ, કુંતીએ ભીમને જન્મ આપ્યો. ભીમ યુધિષ્ઠિરની જેમ જ શિષ્ટ, સુંદર અને પરાક્રમી હતો. તેના પરાક્રમને જોઈને મોટા મોટા યોદ્ધા ભય પામતા હતા તેથી તેનું નામ ભીમ પડ્યું હતું. લાંબી અને સુદૃઢ ભૂજાયુક્ત મહાકાય હતી. તે ગુણોનો ધણી હતો, મહા કાંતિને ધારણ કરવાવાળો હતો, પૃથ્વીનું ભૂષણ હતો. ત્યારબાદ, કુતીએ ધનંજય નામના પુત્રને જન્મ આપ્યો. તે મહા તેજવાળો અને ધન અને જયને પ્રાપ્ત હતો. તેનું બીજું નામ અર્જુન હતું. તેનું આ નામ એટલે પડ્યું હતું કે તેના શરીરની કાંતિ અર્જુન એટલે ચાંદી સમાન હતી. તે દુષ્ટોનો નિગ્રહ કરવામાં અને શિષ્ટો ઉપર અનુગ્રહ

કરવામાં સમર્થ હતો. તેની માતા કુંતીએ સ્વપ્નમાં ઈન્દ્ર જોયો હતો તેથી લોકો તેને શુકસુત પણ કહેતા હતા. કવિની જો સો જિભ પણ થઈ જાય તોપણ એ એના રૂપ, ગુણ, તેજ, યશ અને બળને કહેવામાં સમર્થ નથી થઈ શકતા. આ રીતે, કુંતીએ પરાક્રમી સુંદર શરીરયુક્ત ગુણાઢ્ય ત્રણ પુત્રોને જન્મ આપ્યો.

ત્યારબાદ, પાંડુની બીજી સ્ત્રી માદ્રીએ કુળને સમુજ્જ્વળ કરવાવાળા નકુલને જન્મ આપ્યો. આ નકુલ શત્રુઓના કુળનો નાશ કરવાવાળો હતો, તેજ અને ગુણોની ખાણ હતો. એ પછી સહદેવનો જન્મ થયો. સહદેવ પણ ગુણાઢ્ય અને મહાબલિ હતો તથા શસ્ત્ર અને શાસ્ત્રમાં વિશારદ હતો. આ રીતે, વેરીઓનો નિર્મૂળ કરવાવાળો પાંડુરાજા પ્રચંડ તેજનો ધારક પોતાના પાંચેય પુત્રોની સાથે સુખ ભોગવવા લાગ્યો. જેવી રીતે કોઈ નિરોગી સ્વસ્થ પુરુષ પોતાની પંચેન્દ્રિયો દ્વારા સુખ ભોગવે છે તેવી જ રીતે પાંડુ રાજા સ્ત્રી-ઉચિત સંપૂર્ણ ગુણોથી યુક્ત કુંતી અને માદ્રી સહિત પ્રતાપી પાંચેય પુત્રોની સાથે આનંદપૂર્વક સાંસારિક સુખોને ભોગવતો હતો.

આ બાજુ પરમ પ્રીતિને પ્રાપ્ત થયેલી ધૃતરાષ્ટ્રની પ્યારી ગાંધારી પોતાના પરિવાર સાથે સુખ ભોગવતી હતી. ધૃતરાષ્ટ્ર ગાંધારીના મુખ-કમળની સાથે ભ્રમરની જેમ કેલી-ક્રીડા કરતાં તૃપ્ત થતો ન હતો. એ બંને દંપતિમાં ખૂબ સ્નેહ હતો; એક બીજાનો વિયોગ સહન થતો ન હતો. **તે બરાબર જ છે કે કામીજન કામના સ્થાન પર જ સુખ માને છે; તેમના કામના સાધક નિમિત્તોમાં જ આનંદ મળે છે અને તેના વિયોગમાં દુઃખ!** ગાંધારી અત્યંત પતિભક્તા હતી તેથી તે પોતાના પતિને અનેક પ્રકારની ચેષ્ટાઓ કરીને જેવી કે હાસ્ય, કટાક્ષ, વિનોદ, સંગીત, આદિ નિમિત્તોથી રિઝવતી હતી.

એક દિવસ એ સદાચારી ધૃતરાષ્ટ્રે ગાંધારીની સાથે મહાભોગ અને વરાભોગ આદિ ક્રિડાઓ કરી. એ સમયે પુણ્યોદયથી ગાંધારીને ગર્ભ રહી ગયો. **નીતિકાર કહે છે કે સંસારમાં એવી કઈ વસ્તુ દુર્લભ છે કે જે પુણ્યના યોગથી પ્રાપ્ત ન થાય!** ધીરે-ધીરે જ્યારે ગર્ભના દિવસો પૂરા થયા ત્યારે તે સુમુખીએ પુત્રને જન્મ આપ્યો જેથી લોકોને ખૂબ જ હર્ષ થયો. ઢંઢેરા દ્વારા પુત્રના ઉત્સવના સમાચાર મેળવીને પુરવાસીઓ માતાને આશીર્વાદ આપવા લાગ્યા કે હે દેવી! તું આવા જ સુખની ખાણ સો પુત્રોને જન્મ આપ. એ પુત્ર શત્રુઓને ભય ઉત્પન્ન કરાવવાવાળો તેમ જ તેમની સાથે ભયંકરતાપૂર્વક યુદ્ધ કરવાવાળો હતો. શત્રુઓ તેની કથા સાંભળતા જ કંપિત થઈ જતા હતા. તેથી તેને ‘દુર્યોધન’ નામથી બોલાવતા હતા. જે મનુષ્ય પુત્રોત્સવના સમાચાર લઈને રાજા પાસે ગયો હતો તેને રાજાએ પોતાના રાજચિહ્ન છોડીને બાકી બીજું દ્રવ્ય દેવામાં કોઈ કસર ન રાખી! એ સમયે રાજાએ જેલમાં પડેલા કેદીઓને છોડાવી દીધા. પુત્રોત્સવની ખુશીમાં એ સમયે વિવિધ પ્રકારના વાજિંત્ર વગાડવામાં આવ્યા જેથી દશે દિશાઓમાં એ વાત ફેલાઈ ગઈ કે આજે રાજાને પ્રતાપશાળી પુત્ર જન્મ્યો છે. દુર્યોધન વિદ્યા, બુદ્ધિ આદિ ગુણોમાં દિન-પ્રતિદિન વૃદ્ધિને પ્રાપ્ત થવા લાગ્યો.

ત્યારબાદ, ગાંધારીએ દુઃશાસન નામના બીજા પુત્રને જન્મ આપ્યો. આ પુત્ર પણ સ્પષ્ટ વક્તા અને સર્વ પ્રતિષ્ઠિત હતો. તેની જે કોઈ ચેષ્ટાઓ હતી તે બધી લોકો માટે હિતકારી અને આદર્શરૂપ હતી. ત્યારબાદ, ગાંધારીએ બીજા અઠાણું પુત્રોને જન્મ આપ્યા. તેના નામ આ પ્રમાણે છે :—

(૩) દુર્દ્ધર્ષણ, (૪) દુર્મર્ષણ, (૫) રણશ્રાંત, (૬) સુમાધ, (૭) વિંદ, (૮) સર્વસહ, (૯) અનુવિંદ, (૧૦) સુભીમ, (૧૧) સુવન્હિ, (૧૨) દુઃસહ, (૧૩) દુસલ, (૧૪) સુગાત્ર, (૧૫) દુઃકર્ણ, (૧૬) દુઃશ્રવ, (૧૭) વરવંશ, (૧૮) અવકીર્ણ, (૧૯) દીર્ઘદર્શી, (૨૦) સુલોચન, (૨૧) ઉપચિત્ર, (૨૨) વિચિત્ર, (૨૩) ચારુચિત્ર, (૨૪) શરાસન, (૨૫) દુર્મદ, (૨૬) દુઃપ્રગાહ, (૨૭) યુયુત્સુ, (૨૮) વિકટ, (૨૯) ઉર્ણનામ, (૩૦) સુનામ, (૩૧) નંદ, (૩૨) ઉપનંદ, (૩૩) ચિત્રબાણ, (૩૪) ચિત્રવર્મા, (૩૫) સુવર્મા, (૩૬) દુર્વિમોચન, (૩૭) અયોબાહુ, (૩૮) મહાબાહુ, (૩૯) શ્રુતવાન, (૪૦) પદ્મલોચન, (૪૧) ભીમબાહુ, (૪૨) ભીમબળ, (૪૩) સુષેણ, (૪૪) પંડિત, (૪૫) શ્રુતાયુધ, (૪૬) સુવીર્ય, (૪૭) દંડધર, (૪૮) મહોદર, (૪૯) ચિત્રાયુધ, (૫૦) નિઃષંગી, (૫૧) પાશ, (૫૨) વૃંદારક, (૫૩) શત્રુંજય, (૫૪) શતૃસહ, (૫૫) સત્યસંધ, (૫૬) સુદુઃસહ, (૫૭) સુદર્શન, (૫૮) ચિત્રસેન, (૫૯) સેનાની, (૬૦) દુઃપરાજય, (૬૧) પરાજિત, (૬૨) કુંડશાયી, (૬૩) વિશાલાક્ષ, (૬૪) જય, (૬૫) દઢહસ્ત, (૬૬) સુહસ્ત, (૬૭) બાતવેગ, (૬૮) સુવર્ચસ, (૬૯) આદિત્યકેતુ, (૭૦) બ્રહ્માશી, (૭૧) નિબંધ, (૭૨) પ્રિયોદી, (૭૩) કવાચી, (૭૪) રણશોંડ, (૭૫) કુંડધાર, (૭૬) ધનુર્ધર, (૭૭) ઉગ્રરથ, (૭૮) ભીમરથ, (૭૯) શૂરબાહુ, (૮૦) અલોલુપ, (૮૧) અભય, (૮૨) રૌદ્રકર્મા, (૮૩) દઢરથ, (૮૪) અનાદષ્ટ, (૮૫) કુંડભેદી, (૮૬) વિરાજી, (૮૭) દીર્ઘલોચન, (૮૮) પ્રથમ, (૮૯) પ્રમાથી, (૯૦) દીર્ઘાલાપ, (૯૧) વીર્યવાન, (૯૨) દીર્ઘબાહુ, (૯૩) મહાવક્ષ, (૯૪) સુલક્ષણ, (૯૫) વિલક્ષણ, (૯૬) કનક, (૯૭) કાંચન, (૯૮) સુધ્વજ, (૯૯) સુભજ, (૧૦૦) અરજ.

આ નામના સો પુત્રો થયા. આ બધા જ પુત્રો યશસ્વી, બુદ્ધિમાન અને પરાક્રમી હતા. બધા જ પુત્રો શાસ્ત્ર અને શસ્ત્રવિદ્યાના પ્રકાંડ વિદ્વાન હતા. જેવી રીતે કૌરવ અને પાંડવ વૃદ્ધિને પ્રાપ્ત થતા જતાં હતા તેમ તેમ તેમને આનંદકારી લક્ષ્મી પણ વધતી જતી હતી. નિર્મળ કાંતિના ધારક બ્રહ્મચારી ગાંગેય આ બધા કૌરવ-પાંડવોને લાલન-પાલન, નિરીક્ષણ, શિક્ષણ આપતા હતા જેથી થોડા જ સમયમાં એ પુત્રો ઉચ્ચ કોટીના વિદ્વાન થઈ ગયા. આ પુત્રોનું દ્વિજોત્તમ દ્રોણાચાર્યએ પણ નિરીક્ષણ, પરિક્ષણ કર્યું અને ધનુર્વિદ્યા શીખડાવી જેનાથી એ બધા ધનુર્વિદ્યામાં વિશારદ થઈ ગયા. એ બધા પુત્રો દ્રોણાચાર્યનો ખૂબ આદર, સત્કાર, વિનય, સુશૂશ્રા કરતા હતા કારણ કે વિદ્યા વિનયથી જ આવે છે. જે છાત્ર ગુરુની જેટલો વિનય કરે છે તેને વિદ્યા પણ એટલી જ જલ્દી મળે છે.

આ બધામાં અર્જુન ખૂબ જ સરળચિત્ત હતો તથા અત્યંત વિનયી હતો, પાપકર્મોથી હંમેશા દૂર રહેતો હતો, સદાય સારા કર્મોમાં મનને લગાવતો હતો તેથી ધનુર્વિદ્યા-વિશારદ ગુરુ દ્રોણાચાર્યએ પ્રસન્ન થઈને તેને ધનુર્વિદ્યાની વિશેષરૂપે શિક્ષા

આપી. એ સિવાય તેમણે તેને શબ્દવેધી મહાવિદ્યા પણ શીખડાવી. **ગ્રંથકાર કહે છે કે ગુરુનો વિનય કરવાથી શું શું નથી મળતું! વિનય જ સંસારમાં એક એવી વસ્તુ છે કે જેનાથી સંસારમાં મનોભિલષિત કાર્યની સિદ્ધિ થાય છે.** અર્જુનને 'પાર્થ' પણ કહે છે. પાર્થે જે કાંઈ પણ વિદ્યા ગુરુથી મેળવી હતી તે બધી તેની ગુરુભક્તિનો જ પ્રસાદ હતો. આ રીતે, અર્જુને ગુરુદ્રોણ પાસેથી વિનયપૂર્વક ધનુષ દ્વારા લક્ષવેધ કરતા પણ શીખી લીધું જેના કારણે તે રાજસભામાં જગતના ધનુર્વિદ્-વિશારદોને નીચા દેખાડીને આકાશમાં ચંદ્રની જેમ સુશોભિત થવા લાગ્યો.

આ રીતે, સુખ-સાગરમાં નિમગ્ન-ડૂબેલા કૌરવ-પાંડવોનો ઘણો સમય વ્યતીત થઈ ગયો. એ વીતતા સમયની એમને જરાય ખબર ન પડી. એ સત્ય જ છે કે સુખના સેંકડો વર્ષ વાત વાતમાં નિકળી જાય છે અને દુઃખનો એક સમય પણ નથી નીકળતો!

આ રીતે, પાંડુ રાજા સુખેથી પોતાનો સમય વીતાવતો હતો. તેને કોઈ પણ દુશ્મન ન હતો. ઘણા રાજા-મહારાજા તેના પક્ષમાં હતા. તેના પાંચેય પુત્ર ઘણા બળશાળી અને નીતિજ્ઞ હતા. તેમાં જ્યેષ્ઠ પુત્ર યુધિષ્ઠિર કે જેને ધર્મપુત્ર પણ કહેતા હતા તે સદાય ધાર્મિક કાર્યોમાં રત રહેતો હતો. તેનો નાનો ભાઈ ભીમ ખૂબ જ ભયંકર યોદ્ધો હતો; તેની સામે વિપક્ષી આંખ ઊઠાવીને જોઈ પણ નહોતા શકતા. એવી જ રીતે અર્જુન પણ ઉત્તમ કાર્યોને કરવાવાળો અને સમર્થ પુરુષો દ્વારા પૂજ્ય હતો. તેના શકસુત, અર્જુન અને પાર્થ એ ત્રણ નામ હતા તે ખરેખર સફળ નામ હતા. તે શસ્ત્ર અને શાસ્ત્ર વિદ્યામાં અત્યંત પ્રવીણ હતો. નકુલ અરિગણને સમૂળ નષ્ટ કરવાવાળો હતો અને સહદેવ પ્રખ્યાતકીર્તિ હતો. આ રીતે એ પાંચેય પાંડવ સદાય સુશોભિત હો! એ દુર્યોધનાદિ કૌરવોની પણ જય હો જે અતુલ બળ અને સંપત્તિના ધની છે તથા શુભલક્ષણોથી ચિહ્નિત છે, જે શસ્ત્ર-શાસ્ત્ર આદિ વિદ્યામાં પ્રવીણ છે, નીતિના પંડિત છે, જેમનું ચિત્ત નિરંતર જ ભગવાનના ચરણોની સેવા કરવામાં લાગ્યું રહે છે.

**॥ અધ્યાય નવમો સમાપ્ત ॥**

# અધ્યાય દસમો

હું એ અભિનંદન ભગવાનની સ્તુતિ કરું છું કે જેણે શુદ્ધ આત્મસ્વભાવને પ્રાપ્ત કરી લીધું છે, જે સત્યાર્થ આગમના ઉપદેશક છે, સંસારથી પાર કરાવીને મોક્ષમાર્ગમાં સ્થિર કરાવવાવાળા છે અને આનંદના કર્તા છે. જેમનો આત્મા અત્યંત નિર્મળ બની ગયો છે, જે બધાને સમાન દૃષ્ટિથી જોવે છે એ અભિનંદન પ્રભુ અમને પણ એમના સમાન બુદ્ધિ પ્રદાન કરે!

એક સમય શ્વેત છત્રથી સુશોભિત રાજા પાંડુને વનક્રીડા કરવાની ઈચ્છા થઈ. એ માટે તેણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો, જેનો અવાજ સાંભળીને ચારે પ્રકારની સેના તૈયાર થઈ ગઈ. ચંચળ ઘોડા, મદોન્મત્ત હાથી અને સુંદર રથ તૈયાર થઈ ગયા. જે સમયે સેના તૈયાર થઈને બહાર નીકળી એ સમયે એના શબ્દોથી દશે દિશાઓ ગુંજાયમાન થઈ ગઈ. આ રીતે પાંડુ રાજા ખૂબ જ ઠાઠમાઠથી વનમાં આવ્યા. તેની આજ્ઞાથી માદ્રી પણ તેમની સાથે ચાલી. તે અદ્વિતીય સુંદરી હતી. તેની ચાલ સૌમ્ય હતી, તેનું મુખકમળ સદાય વિકસિત રહેતું હતું, તેના શરીરની શોભા એ સમયે જોવાયોગ્ય જ હતી!! તે પાલખીમાં બેસીને વનમાં પહોંચી ગઈ. થોડીવાર પછી પાંડુ પણ એ સઘન વનમાં પહોંચી ગયો. ત્યાં માદ્રી સાથે સમાગમથી તેનું મન ઘણું પ્રસન્ન થયું. તે ત્યાં ઊંચા ઊંચા તાડના વૃક્ષ જોતો હતો તો ક્યાંક સરળ સરસના વૃક્ષ જોતો, ક્યાંક મંજરિઓની સુગંધીથી સુગંધિત આમ્રવૃક્ષને જોતો તો ક્યાંક અશોકવૃક્ષને કે જે કામિનીઓના પગની મારથી હર્યા-ભર્યા થઈ જાય છે તેને જોતો અને ક્યાંક પ્રમદાઓના ફૂલોથી સીંચાયેલા બકુલ વૃક્ષને જોતો, ક્યાંક કુશવક વૃક્ષને જોતો, ક્યાંક મદોન્મત્ત ભ્રમરના શબ્દોને સાંભળતો તો ક્યાંક કોયલના મધુર ગીતો સાંભળતો, ક્યાંક સ્ત્રીઓના કંઠથી નીકળેલા મધુર ગીતો સાંભળતો, ક્યાંક તરલ તરંગોના શબ્દો દ્વારા કિન્નરીઓના શબ્દોને પણ જીતવાવાળા તળાવને જોતો...!

આ રીતે, માદ્રી રાણી સહિત તે વનની શોભાને જોતો ખૂબ જ અમનચેનથી ક્રીડા કરતો હચો. તેણે વિલાસ દ્વારા માદ્રી સાથે ખૂબ રમણ કર્યું તથા તેની સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરી. એ સિવાય તેણે ચંદનના રસથી અગુરુદ્રવ્યના મર્દનથી સુગંધિત દ્રવ્યના નિક્ષેપથી તથા સ્ત્રીઓના ચંચળ કટાક્ષસહિત નિરિક્ષણોથી તથા તેમના સુંદર સુંદર આલાપોથી પોતાના ચિત્તને બધી રીતે બહેલાવ્યું પરંતુ તેને તે બધી વસ્તુઓથી તૃપ્તિ ન થઈ અને વિષયવાંછા વધતી જ ગઈ! **સત્ય જ છે કે અગ્નિમાં જેટલા પણ લાકડા નાખવામાં આવે એટલી જ અગ્નિ વધતી જાય છે! જેમ સમુદ્ર ક્યારે પણ મદિરાઓથી છલકાતો નથી, તેમ કામી પુરુષ પણ વિષયસેવન કરતાં સંતોષ પામતો નથી!** ક્યારેક એ રાજા વાવડીમાં જઈને સ્ત્રીઓની સાથે સુગંધિત ચંદનની બુંદો દ્વારા ક્રીડા કરતો હતો અને કંઠ સુધી પાણીમાં બેસી જતો ત્યારે એવો લાગતો હતો કે માનો સ્ત્રીઓના મુખરૂપી ચંદ્રને ગ્રસવા માટે રાહુ જ આવી ગયો હોય. ક્યારેક એ વસ્ત્ર ખેંચતો ઈત્યાદિ

પ્રકારે એ કામુક રાજા પોતાની સ્ત્રી સાથે સુંદર એકાંત સ્થાન શોધતો... ત્યાં તેણે સુંદર બગીચા જોયા. તે એક સાંદ્ર લતા મંડપમાં બેસી ગયો. ત્યાં ફૂલોની સુગંધને કારણે ભ્રમર ગુંજારવ કરી રહ્યા હતા. તે લતામંડપમાં તેણે એક સુંદર ફૂલોની શય્યા બનાવડાવી અને તે કામાસક્ત તેના ઉપર માદ્રી સહિત બેસી ગયો અને ત્યાં તેણે માદ્રીની સાથે ઈચ્છિત કામક્રીડા કરી કે જેનાથી તેનો મદનજ્વર ઊતરી ગયો.

એ જ સમયે તેણે મંડપની પાસે જ ક્રીડા કરતાં એક હરણને જોયો. એ હરણ એ સમયે પોતાની હિરણીની સાથે રતિક્રીડા કરતો હતો. તેને જોતાં જ પાંડુને એવા ભાવ થઈ ગયા કે જુઓ, આ તિર્યંચ પણ મને ખીજવે છે! બસ, આ વિચાર આવતાં જ તેને તેની ઉપર ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે ધનુષ ચડાવીને તેની ઉપર બાણ છોડી દીધું. એ સમયે તે હરણ ખૂબ જ કામાસક્ત થઈ રહ્યું હતું. બાણ વાગતાં જ તે જમીન ઉપર પડી ગયું. તેને એ સમયે ખૂબ જ વેદના થઈ જેના કારણે એ તડપીને મરી ગયો. **ગ્રંથકાર કહે છે કે ધિક્કાર છે આ ભોગો કે જેના કારણે લુબ્ધકોની આ દશા થાય છે!** એ જ સમયે આકાશથી દેવવાણી થઈ કે હે રાજન્! તારે આ દુઃખદાયી નિંદ્ય કાર્ય ન કરવું જોઈતું હતું. અરે! વિચાર તો કર કે આ ભોળા નિરપરાધ પ્રાણી તૃણ ખાઈને પોતાનું પેટ ભરવાવાળાને જ જ્યારે રાજા મારવા લાગે તો સંસારમાં એનો રક્ષક જ કોણ રહી જાય છે? પોતાની રક્ષા માટે વાડ બાંધવામાં આવે છે પણ જો એ જ ખોદીને ખાવા લાગે તો રક્ષક કોણ? આ તો રક્ષક એ જ ભક્ષકની વાત થઈ ગઈ! પંડિત પુરુષો તો એમના અપરાધ કરવા છતાં પણ એને ન મારે તો પછી નિરપરાધિઓની તો વાત જ શું?

રાજન્! એ વાત સત્ય છે કે રાજા શિષ્ટોનું પાલન કરે છે અને દુષ્ટોનો નિગ્રહ કરે છે પરંતુ આપ આ વાત જાણવા છતાં કેમ આ યુક્તિમત વાતથી વિપરીત ચાલી રહ્યા છો? થોડું વિચારો તો આ બિચારા હરણ ન તો કોઈને મારે છે, ન તો કોઈનું ધન ચોરે છે અને ન કોઈનું રાખેલું ઘાસ ચોરીને ખાય છે! એ તો આમતેમ ફરી ફરીને મહાન કષ્ટ પામીને પોતાનું પેટ ભરે છે, છતાં પણ રાજાલોકો તેમની સાથે આટલી નિર્દયતા, આટલી કર્કશતા કરે કે તેઓ એમને પ્રાણોથી જુદાં કરી દે એનાથી નિંદ્ય કાર્ય એમનું બીજું શું હોય? આવા મહાન અપરાધથી પરલોકમાં કેવી ગતિ થશે? મરીને ક્યાં જશે? એ તો વિચારવું જોઈએ.

રાજન્! એક કીડી શરીરમાં ડંખ મારે તો કેટલી વેદના થાય છે તેનો અનુભવ કરતાં હોવા છતાં આપે એ બિચારા હરણને મારી નાખ્યું એ કેટલું ઉચિત કર્યું? જીવઘાતથી કેવળ પાપ જ થાય છે. તેથી ભૂલથી પણ હિંસા ન કરવી જોઈએ. હિંસાની સર્વથા નિંદા કરવામાં આવી છે. જે ધર્મી ધર્મની આડ લઈને હિંસામાં ધર્મ માને છે તે ગાયના શીંગડામાંથી દૂધ મેળવવાની ઈચ્છા કરે છે અથવા અગ્નિથી કમળની ઉત્પત્તિ ચાહે છે તથા વિષ ખાઈને જીવન ઈચ્છે છે, સાપના મોઢામાંથી અમૃત ઈચ્છે છે તથા અસ્ત થતા સૂર્ય પાસે દિવસની અથવા શિલા પર અંકુરારોપણ કરીને તેમાં અનાજ ઉગવાની આશા કરે છે. હિંસા ત્રણ કાળમાં પણ સુખ આપવવાળી નથી. ધર્મના નામે હિંસા કરવી એ તો ધર્મની વિરાધના છે અને પોતાની

જિહ્વા ઈન્દ્રિયની લાલસાને પુષ્ટ કરવી છે ને! હિંસા નરક માટેની સીધી સીડી છે. આ જાણીને રાજાલોકોએ બધા જીવો પર દયા કરવી જોઈએ. **દયા જ ઉત્કૃષ્ટ ધર્મ છે. દયાથી મોટો સંસારમાં કોઈ ધર્મ નથી.**

આ પ્રકારે આકાશવાણી સાંભળીને એ દયાળુ રાજા સંસાર, શરીર અને ભોગોથી ઉદાસ થઈ ગયો. જુઓ, કર્મની ઘણી વિચિત્રતા છે. ક્યાં તો રાજા વિષય-ભોગોમાં આટલો અનુરક્ત હતો કે જેને વિષયસેવન સિવાય બીજું કોઈ કાર્ય દેખાતું જ ન હતું અને ક્યાં અચાનક એનાથી વિરક્ત થઈ ગયો! સત્ય જ છે કે કાળલબ્ધિ એક એવી વસ્તુ છે કે જીવની ભવિતવ્યતા અનુસાર તેના ભાવ અને તદ્રૂપ ક્રિયા કરી દે છે. એ સમયે તે વિચારવા લાગ્યો કે આ ઈન્દ્રિય-વિષય પ્રાણીઓને દુર્ગતિમાં લઈ જનાર છે. જ્યાં વૃથા જ પ્રાણવધ થાય એમાં મારી શું સિદ્ધિ? જે રાજ્યથી પાપ થાય એનાથી મારે શું સંબંધ? આ જીવે અનંતવાર મનુષ્યદેહ ધારણ કરી વિષયસુખ ભોગવ્યા છતાં એનાથી જ્યારે તૃપ્તિ નથી થઈ તો હવે કેવી રીતે તૃપ્ત થઈ શકે? બીજી વાત એ કે જે વસ્તુ એકવાર ભોગવાઈ ગઈ છે એ એઠી થઈ ગઈ છે; કોણ એવો સંસારમાં બુદ્ધિમાન હશે જે ઉચ્છિષ્ટ ખાવું પસંદ કરે? એક વાત એ પણ છે કે વિષયભોગ ભોગવતા સમયે જ સરસ લાગે છે પરંતુ પછી નિરસ લાગે છે તથા વિષ સમાન લાગે છે. વિષયસેવન જીવને કોઈ સુખ દેવાવાળી વસ્તુ નથી, એ તો રોગનું પ્રતિક છે. તેથી આચાર્યોએ ઉપર ઉપરના સ્વર્ગમાં પ્રવિચારનું નહીં હોવાને જ સુખ કહ્યું છે. બીજી વાત એ પણ છે કે આ વિષયસુખ અનિત્ય છે, ક્ષણભંગુર છે, થોડીવાર ચમત્કાર દેખાડીને નષ્ટ થઈ જાય છે.

રાજા વિચારે છે કે હે આત્મન્! તેં અનંતકાળ સુધી વિષયભોગ ભોગવ્યા પણ તૃપ્તિ નથી થઈ પરંતુ હવે તો એનાથી સંતુષ્ટ થા! આ સમયે તો તને બધા અનુકુળ સાધન મળેલા છે. યાદ રાખજે, સમય મળવા છતાં જો તું ચેતીશ નહીં તો કર્મનું એક એવું વાવાઝોડું આવશે કે પછી ગોતવા છતા પત્તો નહીં લાગે. બીજી વાત એ છે કે તું સમજીને પણ આ વિષયોથી વિરક્ત નહીં થાય તો એક દિવસ એવો આવશે કે તને જ આ વિષય છોડી દેશે. તેથી સમજદારી એમાં જ છે કે તું જ એનો ત્યાગ પહેલાં જ કરી દે અને પોતાની ચીજ પકડ કે જેનાથી તારો લાભ થાય. પર પદાર્થરત થવાથી જીવનું ક્યારે પણ કલ્યાણ નથી થતું એ તું નિશ્ચય સમજ. હજુ સુધી હું મોહના ફંદામાં ફસાયેલો હતો; હવે હું પ્રતિબુદ્ધ થયો છું. આ સમયે હું આત્મસુખથી સુખી છું, મને સંતોષ છે અને આત્માના સાચા સુખનું અભિમાન છે. હવે, મને સ્ત્રી-પ્રેમથી કાંઈ પ્રયોજન નથી. આ કામી પુરુષ વિષય-ભોગોમાં તન્મય થઈને પોતાના ભોજનને, ત્યાગને, વિવેકને, વૈભવને, માનને તથા બીજું શું કહીએ પોતાના જીવનને પણ છોડી દે છે! કામી રાજા પોતાના રાજ-કાજને ભૂલી જાય છે, તેને પોતાના કર્તવ્ય-અકર્તવ્યનું કાંઈ પણ ભાન નથી રહેતું, તે મિથ્યાત્વના કારણે ન કરવા જેવું કાર્ય પણ કરવાયોગ્ય બનાવી લે છે.

વાસ્તવમાં જોવામાં આવે તો સ્ત્રીના અંગ-પ્રત્યંગ જ ઘૃણા ઉત્પન્ન કરવાવાળા છે. પરંતુ કવિઓએ એની એટલી

પ્રશંસા કરી નાખી છે કે તેની ઉપમાને લાયક સંસારમાં કોઈ વસ્તુ જ નથી. જુઓ, સ્ત્રીઓના સ્તન માંસના પિંડ છે પણ તેને શું કહેવામાં આવે છે કે એ બે સુવર્ણના કળશ છે અથવા અમૃતના ઘડા છે. સ્ત્રીઓનું મુખ શ્લેષ્મ-કફ અને થૂકનું ઘર છે પરંતુ તેને પૂર્ણચંદ્રની ઉપમા આપવામાં આવે છે અને એટલે જ સ્ત્રીને ચંદ્રમુખી કહેવામાં આવે છે. નેત્ર-યુગલ કીચડ જેવા ઘૃણાસ્પદ મળનું સ્થાન છે, પરંતુ કહેવામાં એમ આવે છે કે આ મૃગલોચના-હરણ સમાન નેત્રવાળી છે. એવી જ રીતે નાક દુર્ગંધિત વસ્તુનું સ્થાન છે, પરંતુ દુઃખ છે કે કામુક લોકો તેને જ શુક સમાન નાકવાળી કહે છે. તેના જઘન મળમૂત્ર કરવાના સ્થાન છે, પરંતુ તેને ઉપમા આપવામાં આવે છે કે એ તો હાથીની સૂંઢ છે અથવા કામકેલિ કરવા માટેનું મનોહર સ્થાન છે. અરે! વિચારવાની વાત છે કે જે સ્થાનેથી મળમૂત્ર બહાર આવે છે તે સ્થાનથી પ્રીતિ કરવી એ કેટલી મૂર્ખતાનું કામ છે! પરંતુ નહીં, કામી પુરુષ એમાં એટલો અનુરક્ત થાય છે કે જેટલો વિષ્ટા ખાવાવાળો ભુંડ વિષ્ટા ખાવામાં અનુરક્ત થાય છે. એવી જ રીતે સ્ત્રીઓના વાળની અનેક પ્રકારે પ્રશંસા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં એ કાંઈ વસ્તુ જ નથી.

રાજા વિચાર કરે છે કે હે આત્મન્! વિચાર કર કે તને આ સ્ત્રી-સંગથી શું, કેવો અને કેટલો આનંદ મળે છે? જયારે તું આ વાતનો વિચાર કરીશ ત્યારે તું તેની વાસ્તવિકતા અવશ્ય સમજીશ. પહેલાં તું સ્ત્રીના શરીર પર તારી બુદ્ધિ લગાવ અને વિચાર કે એ કેવું છે? આ શરીર સાત ધાતુઓનું પિંડ છે, નશ્વર છે, માયાનું સ્થાન છે તોપણ તું રાગાંધ થઈને એમાં આસક્તિ કરે છે! આશ્ચર્ય છે તારી બુદ્ધિ પર! આ કેવો મહા મોહનો પડદો આત્મા પર પડેલો છે કે જીવની બુદ્ધિ ખોટા કાર્યમાં તરત જ લાગી જાય છે અને સારા કાર્યોમાં રસ્તો બતાવા છતાં નથી લાગતી!

મહાન આશ્ચર્ય તો એ વાતનું છે કે સમજદાર પુરુષોની બુદ્ધિમાં પણ છાલા પડી ગયા છે કે એ જાણીને પણ પાપ તરફ પોતાની આત્મ-પ્રવૃત્તિ લગાવે છે! આ કેટલો ભયંકર મહા મોહનો પડદો છે! ધિક્કાર છે અને સો વાર ધિક્કાર છે આ મોહને! જુઓ, જ્વલંત ઉદાહરણ રાવણનું સામે જ છે કે તેણે પવિત્ર સીતાના રૂપ પર મોહિત થઈને કેવા કેવા પ્રકારની ભયાનક આપત્તિઓનો સામનો કર્યો હતો અને અંતમાં રાજ-પાટ અને બીજું તો શું પણ પોતાના જીવનથી પણ હાથ ધોવા પડ્યા હતા. એટલું જ નહીં પણ મરીને નરક ગતિ પણ પ્રાપ્ત કરી જેના કારણે અદ્યાવધિ દુઃખ ભોગવી રહ્યો છે. મોહના નિમિત્તથી જ્યારે જીવ ઠગાય છે ત્યારે તેની બુદ્ધિ પણ ઠગાય જાય છે; પછી તે બેબાકળો થઈને આમથી તેમ તે અગ્નિને શાંત કરવા માટે દોડે છે અને અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પમાં પડી જાય છે. એ સમયે એ વિચારે છે કે હું ક્યાં જાવ? ક્યાં બેસું? શું કરું? કઈ જગ્યાએ મને સુખ મળશે? ક્યા રાજાની ખુશામદ કરું કે જેનાથી મને લક્ષ્મી મળે? સૌભાગ્યશાળી સ્ત્રી કેવી હોય છે અને મારું ભાગ્ય શું છે? ભોગ-વિભૂતિ હું કેવી રીતે ભોગવી શકીશ? આ પંચેન્દ્રિયના વિષય કેટલા સુહાવના છે? મારું મનોરથ કઈ વસ્તુ પ્રાપ્ત કરવાથી સફળ થઈ શકશે? હું મારા શત્રુને ક્યારે મારી શકીશ? આ અશન મારું છું, આ બસન મારું છું, આ સ્ત્રી મારી છે, આ પુત્ર મારો છે, આ બંધુવર્ગ મારા

**છે.—આ રીતે, બાહ્ય પદાર્થોમાં આ મોહી જીવ મોહબુદ્ધિને કરતો થકો પોતાના અમૂલ્ય સમયને વ્યર્થમાં જ ખોઈ નાખે છે. ત્યાં સુધીમાં થાય છે એવું કે આ વિષય–વિચારમાં જ તેનું જીવન પૂરું થઈ જાય છે અર્થાત્ કાળ આવીને માથા ઉપર ઊભો રહી જાય છે અને કહે છે કે હવે ચાલો અહીંથી, તમારો સમય પૂરો થયો! બસ, મનનાં સંકલ્પ-વિકલ્પ ત્યાં જ પડ્યા રહે છે અને પોતાનો સામાન સંકેલીને ચાલી જવું પડે છે!**

પાંડુ રાજા વિચાર કરે છે કે મેં, દુષ્ટ આત્માએ આ બિચારી હરણીના પ્રાણપ્યારા નિરપરાધ હરણને એક ક્ષણમાત્રમાં ધરાશાયી કરી દીધો એ મારું કાર્ય ખૂબ જ નિંદાસ્પદ થયું છે. હવે હું એવું ક્યું કાર્ય કરું કે આ પાપથી મારો આત્મા છૂટે? આ વિચાર કરતો કરતો રાજા અન્યમનસ્ક થયો થકો આમતેમ જોવા લાગ્યો. એટલામાં જ તેને એક યોગીરાજના પવિત્ર દર્શન થયા. તેમનું નામ સુવ્રત હતું. એ યોગીરાજ વ્રતોથી યુક્ત હતા, સર્વાવધિજ્ઞાનને ધારણ કરવાવાળા હતા, ગુપ્તિ અને સમતિનું પાલન કરવાવાળા અને ષટ્કાયના જીવોની રક્ષા કરવાવાળા હતા. સદાય આત્મ-ચિંતનમાં લાગ્યા રહેવું એ જ એનું કાર્ય હતું. ભવ-તન-ભોગથી એકદમ વિરક્ત હતા, બારહ ભાવનાઓનું ચિંતવન કરવાવાળા અને બાવીશ પરિષહોને જીતવાવાળા હતા. તેમની તપશ્ચર્યા ખૂબ હતી. તેથી તેમનું શરીર ક્ષીણ થઈ ગયું હતું. તેઓ જીતેન્દ્રિય અને ક્ષમાના ખજાના હતા, અક્ષય સુખના ભોક્તા હતા, તેઓ ક્યારે પણ સ્ત્રીઓના કટાક્ષ-બાણોના લક્ષ્ય બન્યા ન હતા, તેમનો પક્ષ ઉત્તમ હતો, તેઓ પ્રતિક્ષણ કર્મોની નિર્જરા કરવામાં સંલગ્ન રહેતા હતા. તેમણે ઈન્દ્રિયજન્ય સુખોને તિલાંજલી આપી દીધી હતી. મોટા મોટા રાજા-મહારાજા એમના ચરણોની સેવા કરતાં હતા તથા તેઓ ચાર પ્રકારના સંઘ સહિત હતા.

આવા પરમ વિરાગી દિગંબર મુનિરાજને જોઈને પાંડુ તેમના ચરણોમાં પડી ગયો અને પોતાના યોગ્ય સ્થાનમાં બેસી ગયો. મુનિરાજે રાજાને ધર્મવૃદ્ધિ કહીને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે રાજન્! આ સંસારવનમાં જીવ હંમેશા ચક્કર લગાવતો રહે છે; તેથી જે પુણ્યાર્થી બુદ્ધિમાન પુરુષ છે તે સદાય ધર્મનું જ સેવન કર્યા કરે છે, તે પોતાનો એક સમય પણ વ્યર્થ ખોતા નથી. કારણ કે નિશ્ચય નથી કે એક સમયમાં શું થઈ જાય! ધર્મ બે વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. એક મુનિધર્મ અને બીજો શ્રાવકધર્મ. આ ધર્મના ધારણ કરવાથી જ જીવ ભવ-ભ્રમણથી છૂટી શકે છે, બીજો કોઈ ઉપાય નથી.

યતિધર્મ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ–આ રીતે તેર પ્રકારે પાલન થાય છે. હવે એનું સંક્ષેપમાં વર્ણન કરું છું. ષટ્કાય (પાંચ સ્થાવરકાય—પૃથ્વીકાય, જલકાય, વાયુકાય, વનસ્પતિકાય અને અગ્નિકાય તથા એક ત્રસ)ના જીવોની મન-વચન-કાયાથી પૂર્ણ રક્ષા કરવી એ અહિંસા મહાવ્રત છે. જગતને હિતકારી અને અહિતને દૂર કરવાવાળા કાનને સુખકારી, મિથ્યાત્વરૂપ રોગને દૂર કરવાવાળા, સંદેહ દૂર કરવાવાળા એવા હિત, મિત, પરિમિત સત્ય વચન બોલવા એ બીજું સત્ય મહાવ્રત છે. જળ અને માટી પણ આપ્યા વિના ગ્રહણ નહીં કરવા તેને ત્રીજું અચૌર્ય મહાવ્રત કહે છે. અઢાર હજાર શીલના ભેદને ધારણ કરી બધી પ્રકારની સ્ત્રીઓથી–દેવી, તિર્યંચણી, મનુષ્યણી, ચિત્રામની સ્ત્રી આદિથી–મન, વચન,

કાય અને કૃત, કારિત, અનુમોદનાથી વિરક્ત થઈ પોતાના આત્મામાં જ રમણ કરવું એ ચોથું બ્રહ્મચર્ય મહાવ્રત છે. ચૌદ પ્રકારના અંતરંગ અને દશ પ્રકારના બહિરંગ પરિગ્રહથી વિરક્ત થવું એ પાંચમું અપરિગ્રહ મહાવ્રત છે. રૌદ્ર, પીડા, રતિ, આહાર અને આલોક-પરલોકનો વિકલ્પ મનમાં ઉત્પન્ન ન કરવો એ પહેલી મનોગુપ્તિ છે. ચારપ્રકારની કથા–સ્ત્રીકથા, દેશકથા, ભોગકથા અને રાજકથા—ન કરવી એ બીજી વચનગુપ્તિ છે. ચિત્ર આદિની ક્રિયાઓ દ્વારા શરીરમાં વિકાર ન થવા દેવો અથવા પરિષહ સહન કરવામાં ભીરું ન થવું એ ત્રીજી કાયગુપ્તિ છે. સૂર્યના ઉદય થયા પછી લોકોનું આવાગમન થવા લાગે ત્યારે પ્રમાદ છોડીને ચાર હાથ આગળની જમીન શોધીને ચાલવું જેથી જીવજંતુઓને કોઈ પણ પ્રકારની બાધા ન પહોંચે એ પહેલી ઈર્યા સમિતિ છે. કર્કશ આદિ દશ પ્રકારના વચનો ન બોલવા એ બીજી ભાષા સમિતિ છે. ૪૬ દોષ ટાળીને શુદ્ધ શ્રાવકના ઘરે ભ્રામરીવૃત્તિથી નવધાભક્તિપૂર્વક શુદ્ધ આહાર લેવો એ ત્રીજી એષણા સમિતિ છે. શુચિનું ઉપકરણ કમંડળ, જ્ઞાનનું ઉપકરણ તથા સંયમનું ઉપકરણ પીંછી એ ત્રણે વસ્તુઓને જોઈને ઉપાડવું અને રાખવું એ ચોથી આદાન-નિક્ષેપણ સમિતિ છે. કફ, મળ, મૂત્ર આદિ શરીરના મળને જીવજંતુરહિત સ્થાન જોઈને ક્ષેપણ કરવું એ પાંચમી પ્રતિષ્ઠાપન સમિતિ છે.

આ રીતે, મુનિરાજે યતિધર્મ વિસ્તારથી સમજાવ્યો અને શ્રાવકધર્મ પણ સમજાવ્યો અને કહ્યું કે યતિધર્મનું પાલન કરવાથી મોક્ષ અને શ્રાવકધર્મથી સ્વર્ગપ્રાપ્તિ થાય છે. અતઃ રાજન્! તું આ પરમોપકારી ધર્મનું પાલન કરવામાં તારા મનને લગાવ. બીજું સાંભળ, હવે તારું આયુષ્ય ફક્ત તેર દિવસનું રહ્યું છે. તેથી હવે તું સાવધાન થઈ જા! વિષયોથી હવે પ્રીતિ ન કર! એક મુહૂર્ત પણ નિર્મળ-બુદ્ધિ ધારણ કરીને જે ધર્મને લગનીથી પાલન કરે છે તેને પણ ઉત્કૃષ્ટ પદ મળે છે. તેથી, વિશેષ કહેવાની આવશ્યકતા નથી; તું સમજદાર છો, હિત-અહિતનો વિચાર કરવાની તારામાં બુદ્ધિ છે. તેથી ખૂબ જલ્દીથી વિધિપૂર્વક ધર્મ પાલન કરવામાં એક ક્ષણ પણ સમય ન લગાડ!

આ રીતે, પરમ કરુણાવંત મુનિરાજના વચનો સાંભળીને ચંચળચિત્ત પાંડુ સંસારથી ખૂબ જ ભયભીત થયો. તે એ સમયે જીવન, સંપત્તિ આદિને વિજળીની જેમ સમજવા લાગ્યો અને સ્થિરચિત્ત થઈ મુનિરાજને નમસ્કાર કર્યા તથા તેમની સ્તુતિ કર્યા બાદ તે પોતાના નગરમાં પાછો ચાલ્યો. તે પાપથી ખૂબ જ ડરી ગયો હતો. તેથી ધ્રુજતો ધ્રુજતો પોતાના ઘરે પહોંચ્યો. ત્યાં પહોંચીને તેણે ધૃતરાષ્ટ્ર આદિને પોતાના મહેલમાં બોલાવડાવ્યા અને મુનિરાજની પાસે સાંભળેલી બધી વાતો કહી દીધી. પાંડુએ કહેલી વાત સાંભળીને કુંતી વગેરે એવી રીતે રુદન કરવા લાગી કે માનો આકાશમાંથી તેમની ઉપર વજ્રપ્રહાર જ થયો હોય! તે હાહાકાર કરીને રડવા લાગી અને આંખોમાંથી અનવરત ગરમ ગરમ આંસૂ કાઢવા લાગી. આ દુઃખથી દુઃખી થઈને તેને મૂર્છા આવી ગઈ જેથી એવું લાગવા માંડ્યું કે તેની ચેતના જ નીકળી ગઈ હોય! ત્યારબાદ, શિતોપચાર આદિથી તેની મૂર્છા દૂર કરવામાં આવી. તે ઊઠી પરંતુ ચિંતા ગઈ નહીં, તે કર્તવ્યમૂઢ થઈ ગઈ. સ્ત્રીઓની આવી હાલત જોઈને પાંડુએ તેમને આશ્વાસન આપ્યું અને બધાને કહ્યું કે તમે દુઃખી ન થાઓ. મારા વચનને સાવધાન

થઈને સાંભળો. આ સંસારચક્રમાં આ જીવ ક્યારેક આ ગતિમાંથી બીજી ગતિમાં અને બીજી ગતિમાંથી આ ગતિમાં ચક્કર લગાવતો ફરતો રહે છે, પછી તમે મરણનું દુઃખ શા માટે કરો છો? આ કોઈ નવી વાત છે નહીં. વિચારો કે ભરતચક્રવર્તી કે જે છ-ખંડનો અધિપતિ હતો, જેણે તમામ ભૂમંડળને જીતીને પોતાના વશમાં કરી લીધું હતું તે પણ જ્યારે કાળથી ન બચ્યા તો મારી–તમારી તો વાત જ શું? આ કાળ બળવાન અને અજેય છે. જુઓને, સેનાપતિ જયકુમાર કે જેણે દિગ્વિજયમાં બધાને જીતીને મેઘેશ્વર-દેવતા પર જીત મેળવી હતી અને પોતાના મેઘેશ્વર નામને વાસ્તવમાં સાર્થક કર્યું હતું તેણે પણ, પ્રાણોને ત્યાગીને જ્યાં કાળનો ભય નથી એવું જે મોક્ષસ્થાન, પ્રાપ્ત કર્યું તો કહો કે મારી તમારી શું વાત કરવી? હજી સાંભળો કે કુરુવંશના મુકુટમણિ કુરુરાજાએ બધા જ શત્રુઓનો તો નાશ કર્યો પરંતુ એમનું બળ કાળની સામે ન ચાલ્યું. યથાર્થ વાત તો એ છે કે આ ભવસાગરમાં ચક્કર લગાવતો કોઈ પણ પુરુષ સનાતન-શાશ્વત નથી રહ્યો. તેથી કોના માટે શોક કરવો અને કોના માટે ન કરવો! એ તો સ્વાભાવિક વાત છે કે જે જન્મ્યો છે તે અવશ્ય મરશે જ! તેમાં રત્તીભર પણ ફર્ક નથી; પછી વ્યર્થમાં શોક કરીને કર્મ બાંધવાથી લાભ શું છે? તમે જ કહો કે આ પૃથ્વીને ભોગવીને કોણ નથી જતું રહ્યું અને કોનું હૃદય ભોગોથી હતાશ નથી થયું? હવે મારું થોડું જ આયુષ્ય રહ્યું છે, તેથી હું કેવી રીતે આ ભોગોનો વિશ્વાસ કરું? હવે તો મને એમને છોડવા જ ઉચિત લાગે છે. આ ધન, મહેલ, ચંદ્રવદન સ્ત્રીઓ, ભૂષણ, હાથી, ઘોડા આદિ બધી જ દુનિયાની વસ્તુઓ વિનાશિક છે, કોઈ પણ સ્થિર નથી. આ બધું જ ઝાકળની બુંદ સમાન છે.

આ રીતે, પંડિત પાંડુએ બધાને સમજાવીને ધનાદિથી બુદ્ધિને હટાવીને ચિત્તને ધર્મમાં લગાવ્યું. એ સમયે પાંડુએ અષ્ટ દ્રવ્યથી જિનેન્દ્રદેવની પૂજા કરી અને પાપથી ડરીને પૂજન સાથે ગીત, નૃત્યાદિથી ઉત્સવ મનાવ્યો. જે સાધર્મી હતા તેમને વિત્તાદિ આપી સંતુષ્ટ કર્યા તથા ચાર પ્રકારના સંઘને ભક્તિભાવથી ચાર પ્રકારના દાન આપ્યા. દીન-દુઃખીઓનું દુઃખ ટાળ્યું અને બીજાને પણ યથાયોગ્ય સંતુષ્ટ કર્યા. તેણે પોતાના યુધિષ્ઠિર આદિ પુત્રોને રાજ્યભારથી વિભૂષિત કરી તેમને ધૃતરાષ્ટ્રને સોપ્યાં. પછી ધૃતરાષ્ટ્રને કહ્યું કે ભાઈ! તમે મારા આ પાંચેય પુત્રોને પોતાના જ પુત્ર સમજીને તેમનું લાલન-પાલન કરજો. પછી કુંતીને પણ શિક્ષા આપી અને કહ્યું કે તું પણ ઘરમાં રહીને આ પુત્રોનું સારી રીતે પાલન-પોષણ કરજે. આ રીતે, બધાને યોગ્ય શિક્ષા આપીને પોતે સંસાર, શરીર ને ભોગોથી એકદમ વિરક્ત થઈ પરલોક સાધવા માટે તૈયાર થઈ ગયો. આ સમયે મોહને વશ થઈ યુધિષ્ઠિર આદિ બધા રુદન કરવા લાગ્યા. પાંડુએ તેમને પણ પોતાના રાજ્યની યથાવત્ રક્ષાના સંબંધમાં સમજાવ્યા.

ત્યારબાદ, એ વીર આત્માએ પોતાના કુટુંબીઓથી ક્ષમા માગી અને પોતે બધાને ક્ષમા આપી. એ રીતે, બધો પરિગ્રહ છોડી ઘરથી બહાર નીકળી વન તરફ ચાલી નીકળ્યા. તે ગંગા કિનારે ગયા અને ત્યાં એક પ્રાસુક સ્થાન પર બેસીને સંન્યાસ ધારણ કરી લીધો. તેણે આજન્મ આહારનો ત્યાગ કર્યો અને ગુરુને સાક્ષી માનીને વીરશય્યા સ્વીકારી!

એ મુનિરાજ પાંડુ બધા જીવો પર સમતાભાવ રાખતા હતા. બધા જીવો સાથે તેમને મૈત્રીભાવ હતો, ગુણીજનોને જોઈને આનંદિત થતા હતા, વિપરીત આચરણ કરવાવાળા પ્રતિ સદાય મધ્યસ્થભાવ રહેતો હતો, દીન-દુ:ખી પર દયાભાવ રહેતો હતો, તેમનું મન દર્પણવત્ સ્વચ્છ હતું. તેમણે પ્રાયોપગમન સંન્યાસ ધારણ કર્યો હતો કે જેમાં શરીરની પોતાની મેળે અથવા અન્ય કોઈ દ્વારા સેવા કરવામાં આવતી નથી. ઘોર તપશ્ચર્યા કરવાના કારણે તેમનું શરીર અત્યંત કૃશ થઈ ગયું હતું. પંચપરમેષ્ઠીનું નિરંતર ધ્યાન કરવાથી તેમનો આત્મા પવિત્ર થઈ ગયો હતો. ઉપવાસાદિથી કૃશતા આવી ગઈ હતી પણ કરેલી પ્રતિજ્ઞામાં કોઈપણ પ્રકારની કૃશતા-ઓછાપણું થયું ન હતું. **એ બરાબર જ છે, ઉત્તમ પુરુષોની પ્રતિજ્ઞા જ એવી હોય છે કે પ્રાણ ભલે જતા રહે પરંતુ પ્રતિજ્ઞાભંગ ન થાય. આચાર્યોએ પ્રતિજ્ઞાભંગનો સૌથી મોટો દોષ પાપ ગણાવ્યો છે.**



મુનિરાજ પાંડુના શરીરમાં તપ કરતાં કરતાં એટલી ક્ષીણતા થઈ ગઈ હતી કે એમનું શરીર અસ્થિચર્યાવશિષ્ઠ જ દેખાતું હતું. ઘોર તપ પરિષહ કરવાથી તેમના આત્મામાં આત્મબળ પ્રગટ થઈ ગયું હતું જેથી તેમને શારિરીક બળની પણ આવશ્યકતા રહી ન હતી. આ બધો સાચા ધ્યાનનો જ પ્રભાવ હતો. તે ધ્યાની સદાય પોતાના મસ્તક પર સિદ્ધોને, ચિત્તમાં જિનેન્દ્રદેવને, મોઢામાં સાધુઓને તથા નેત્રોમાં પરમાત્માને ધારણ કરતાં હતા. એ કાનથી મંત્ર સાંભળતા હતા અને એ જ મંત્રો જિહ્વા ઈન્દ્રિયથી બોલતા હતા. તે પોતાના મનોમંદિરમાં સદાય નિરંજનરૂપ અર્હંત પરમાત્માને બિરાજમાન કરતાં હતા. આવી અવસ્થામાં જ તેમણે પોતાના પ્રાણોનો ત્યાગ કર્યો. તે શરીરના ભારથી નિર્ભાર થઈને ધર્મના પ્રસાદથી સૌધર્મ સ્વર્ગમાં દેવ થયા અને અંતર્મુહૂર્તમાં જ યુવાવસ્થા ધારણ કરી લીધી. તે એ સમયે ગળામાં દિવ્ય હાર, કાનમાં કુંડળ, કેયુર આદિ આભૂષણોથી યુક્ત હતા. તેમના શરીરની કાંતિ ખૂબ જ દિવ્ય હતી. એ સમયે તેમના ઉપર કલ્પવૃક્ષોએ ફૂલની વર્ષા કરી, દુંદુભિ વાજા વાગવા લાગ્યા જેના કારણે દશે દિશાઓ ગુંજાયમાન થઈ ગઈ, જલકણ મિશ્રિત શીતળ અને સુગંધિત હવા ચાલવા લાગી. એ સમયે દેવે પોતાની દૃષ્ટિનો પ્રસાર કર્યો અને એ બધું જોઈને આશ્ચર્યમાં પડી ગયો. એ વિચારવા લાગ્યો કે આ બધું શું છે? હું અહીં ક્યાં આવી ગયો? મને આ લોકો આવીને નમસ્કાર કરે છે તો એ બધા કોણ છે? હું કોણ છું? આ નૃત્યકારિણી સ્ત્રીઓ કોણ છે? હું ક્યાંથી આવ્યો છું અને આ સ્થાન ક્યું છે? આ સ્થાનને જોઈને મારું ચિત્ત ખૂબ જ પ્રસન્ન થઈ રહ્યું છે એનું શું કારણ છે?

આ પ્રમાણે તેના મનમાં સંકલ્પ-વિકલ્પ ઊઠવા લાગ્યા કે એટલામાં જ તેને અવધિજ્ઞાન થઈ ગયું જેના કારણે એણે બધી વાત જાણી લીધી અને એ પણ સમજી લીધું કે આ બધું ધર્મનું જ ફળ છે. આ ક્ષેત્ર સ્વર્ગ છે અને પ્રણામ કરવાવાળા આ દેવ છે અને આ દેવતાઓના વિમાન છે, આ નૃત્યકારિણી અપ્સરાઓ છે. મતલબ એ છે કે એના મનમાં જેટલા પણ પ્રશ્નો ઊઠ્યા હતા તે બધાનું સમાધાન અવધિજ્ઞાન દ્વારા આપમેળે જ થઈ ગયું. ત્યારબાદ, આજ્ઞાકારી દેવો હાથ જોડી નમસ્કાર કરી એ દેવથી બોલ્યા કે હે પ્રભો! પહેલાં સ્નાન કરો અને પછી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરો, પછી બધા

દેવસમૂહને જોવો કે જે આપની સેનાના દેવ છે. આ ધ્વજાઓથી શોભિત નૃત્યગૃહ છે અને આ નર્તકીઓ કેવું સુંદર નૃત્ય કરે છે! હે દેવ! આ સમયે આપ આ બધી વિભૂતિના સ્વામી છો. આપે દેવત્વનું ફળ મેળવ્યું છે તેથી આપ ચાલો અને આ ક્રિયા કરો. દેવતાગણની વાત સાંભળીને એ દેવ પોતાના કર્તવ્યકર્મમાં લાગી ગયો. આ રીતે, એ સુખી દેવ કલ્પવૃક્ષોથી ઉત્પન્ન ભોગોને ભોગવતો થકો હૃદયમાં જિનેન્દ્ર ભગવાનની ભક્તિ ધારણ કરી પોતાનો સમય આનંદપૂર્વક વિતાવવા લાગ્યો.

આ બાજુ પાંડુની સ્ત્રી માદ્રી પણ પતિના સ્નેહથી સાંસારિક ભોગોથી વિરક્ત થઈ ગઈ. તેણે પણ શુદ્ધ મનથી પતિની સાથે જ સંન્યાસ ધારણ કરવાની ઈચ્છા કરી. પોતાના નકુલ અને સહદેવ બંને પુત્રોને તથા ઘર ગૃહસ્થીના ભારને કુંતીને સોંપીને સંન્યાસ ધારણ કરવા માટે, કુટુંબીઓની ના પાડવા છતાં, ગંગાના કિનારે પહોંચી અને ત્યાં તેણે આહાર પાણી આદિનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરી લીધો. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ–એ ચાર આરાધનાઓની ભાવના ભાવી અને ઘોર તપશ્ચર્યા કરી જેના કારણે તે તે જ પ્રથમ સ્વર્ગમાં સુંદર શરીરને ધારણ કરવાવાળી દેવી થઈ. તે ત્યાં પોતાના પૂર્વભવના પતિ સાથે મનવાંછિત સુખ ભોગવવા લાગી. સત્ય છે કે પુણ્યના ઉદયથી આ ભવ અને પરભવમાં પણ જીવને સુખ જ મળે છે. પુણ્ય સમાન સંસારમાં કોઈ વસ્તુ નથી. આ બધું પુણ્યનું જ માહાત્મ્ય છે.

આ બાજુ કુંતીએ પોતાના પ્રાણવલ્લભ પાંડુની મૃત્યુના સમાચાર સાંભળ્યા તો તે વિલાપ કરતી, છાતી કૂટતી, માથું પીટવા લાગી. તેણે એટલો વિલાપ કર્યો કે કંઠનો હાર તોડી નાખ્યો, આભૂષણો ફેંકી દીધા. એ વિલાપથી બેચેન થઈ ગઈ. તે પતિના સ્નેહવશ ગંગા કિનારે ગઈ. ત્યાં પણ તેણે ખૂબ જ રુદન કર્યું જેથી તેને કાંઈ પણ કર્તવ્ય સમજાતું ન હતું. એ ચિત્કાર કરીને વિલાપ કરવા લાગી કે હા નાથ! હા પ્રાણાધાર! હા કૌરવવંશરૂપી આકાશના સૂર્યપતિદેવ! તમે મને એકલી છોડીને ક્યાં ચાલ્યા ગયા? તમે મને કેમ સાથે ન લીધી? હવે હું તમારા વિના એકલી કેવી રીતે રહીશ? હવે મને તમારા વિના આ મહેલ, આ ભોજન, પાણી કાંઈ રુચતું નથી! હે નાથ! હું ક્યા જાઉં? ક્યાં તમને શોધું? કોઈ રસ્તો મળતો નથી. જીવનનાથ! તમારા વિના આંખોમાંથી અનવરત અશ્રુધારા વહી રહી છે. પ્રાણનાથ! એકવાર દર્શન આપો! દર્શન આપો! તમારી પ્રિયા ઉપર પ્રસન્ન થાવ! એકવાર મધુર વચન સંભળાવી દો નાથ! હા! મારા દુઃખોને હરવાવાળા! આ સમયે મારા દુઃખને કેમ હરતા નથી? તમારી એ વીરતા ક્યાં ગઈ? હે ચંદ્રવત્ મુખવાળા! તમે વિરહાગ્નિથી સંતપ્ત એવા મારા હૃદયને આવીને શાંત કેમ નથી કરતા? હા નાથ! જેવી રીતે ચંદ્ર વિના રાત્રીની શોભા નથી, મણિ વિના જેમ હારની શોભા નથી એવી જ રીતે પતિ વિના સ્ત્રીની શોભા નથી; તેથી હે પ્રાણાધાર! એકવાર તો આવો અને તમારા પુનિત દર્શન કરાવીને મારા આ નેત્રોને સફળ બનાવો! સ્વામીન્! મને આપના વિના કોણ માન આપશે? કોણ મારી ઈજ્જત કરશે? કોણ મને આદરની દૃષ્ટિથી જોશે? નાથ! તમે જ વિચારો કે સ્ત્રી માટે એક પતિ જ આધાર છે, તે જ તેનું ધન છે, તે જ તેના પ્રાણ છે અને તે જ સર્વસ્વ છે; તેના વિના આ આખો સંસાર શૂન્ય છે,

અંધકારમય છે, તે એકના જ આધારે સ્ત્રીનું જીવન સાર્થક છે. તેથી સ્વામી! મને એકવાર દર્શન આપો. હું તમારા દર્શન માટે તડપી રહી છું. નાથ! મને કેમ કહેતા નથી કે હું અભાગણી હવે શું કરું? ક્યાં જાઉં? મારું શરીર આ સમયે તમારા વિના બળી રહ્યું છે, શાંતિની ઈચ્છાથી શીતપ્રદેશમાં જાવ છું તો તે શીતપ્રદેશ પણ મારા માટે અગ્નિકુંડનું રૂપ ધારણ કરી લે છે. તેથી હે નરોત્તમ! મરા ઉપર પ્રસન્ન થાઓ. આ સમય ગુસ્સો કરવાનો નથી. નાથ! આવા ઉત્તમ રાજ્યને છોડીને તમે આ શું કર્યું? તમારા વિના તમારા આ પુત્રો શું કરશે? કોણ એમને શિક્ષા આપશે? કોણ એમનું પાલન-પોષણ કરશે? નાથ! જેવી રીતે સૂકા સરોવરની કોઈ શોભા નથી એવી જ રીતે મારી પણ તમારા વિના હવે કોઈ શોભા નથી.

આ પ્રકારે કુંતીએ પતિના વિયોગથી મહા દુઃખી થઈને અત્યંત કરુણ વિલાપ કર્યો. કુંતીના આ વિલાપને સાંભળીને બધા કૌરવો વિલાપ કરવા લાગ્યા. યુધિષ્ઠિર આદિ પાંચે ભાઈઓની આંખો આંસૂથી ભરાઈ ગઈ અને તેઓ પણ રુદન કરવા લાગ્યા કે હે પૂજ્ય! જે ઉત્તમ રાજ્યને તમે છોડી દીધું છે તે આપના વિના શોભા નથી પામતું, જેવી રીતે ભોજન ગમે તેટલું સ્વાદિષ્ટ કેમ ન હોય પરંતુ તે નમક વિના સારું લાગતું નથી. દેવ! આપ અમને છોડીને ચાલ્યા ગયા તેથી હવે અમારી પણ શોભા નથી અને આ રાજ્યની પણ શોભા નથી. આવી રીતે કૌરવોને શોકાતૂર જોઈને ત્યાંના વિદ્વાન લોકો સમજાવવા લાગ્યા કે તમે લોકો કેમ વ્યર્થ શોક કરો છો? આ શોક જ મહાન દુઃખદાયી છે! બીજી વાત એ છે કે મુનિ-તપસ્વી-યોગીઓના મૃત્યુ પર શોક કરવો તો એકદમ વ્યર્થ છે કારણ કે એ તો આ મૃત્યુના પ્રસાદથી ઉત્તમ ગતિના પાત્ર બની ગયા. આ પ્રકારે યુધિષ્ઠિર આદિને સમજાવીને એ લોકો પોત-પોતાના ઘરે ચાલ્યા ગયા.

ત્યારબાદ, ધૃતરાષ્ટ્ર આનંદથી રાજ્ય કરવા લાગ્યો. તે હંમેશા ગાંધારીના મુખની સુવાસમાં અનુરક્ત રહેતો હતો. તે પોતાના સો પુત્રોને શિક્ષા આપતો, તેમને રાજનીતિ, સુનીતિ આદિનું જ્ઞાન આપતો, પ્રજા ઉપર સ્નેહ બનાવી રાખવાની શિક્ષા આપતો. ત્યાં અખંડ ધનુષવિદ્યાના પંડિત પાંડવ પણ આનંદથી રહેતા હતા, ત્યાં તેને કોઈ પણ પ્રકારની તકલીફ ન હતી. એમના શરીરની કાંતિ સુવર્ણ સમાન હતી. તેમની સાથે સદાય ગાંગેય રહ્યા કરતાં હતા તથા એ પાંડવ તેમની આજ્ઞાનુસાર કામ કરતાં હતા. સંપૂર્ણ વિપક્ષીઓને ત્રાસ આપવામાં સમર્થ દ્રોણાચાર્ય પણ એમના પક્ષમાં હતા અને તેમણે એ પાંચેય પાંડવોને ધનુર્વિદ્યામાં અત્યંત નિપુણ બનાવી દીધા હતા.

એક દિવસ રાજા ધૃતરાષ્ટ્ર વનક્રીડા કરવા ગયા હતા. એ સમયે દુંદુભિ વાજા ખૂબ જોરથી વાગવા લાગ્યા કે જેથી દશે દિશાઓ ગુંજાયમાન થઈ ગઈ. ધૃતરાષ્ટ્રે વનમાં પહોંચીને મનમાફક વનક્રીડા કરી અને વનની અનુપમ શોભા જોઈ. ત્યાં તેણે શોકને દૂર કરવાવાળું અશોકવૃક્ષ જોયું તથા સ્ફટિકની દર્પણ સમાન એક શિલા જોઈ. તેના મધ્યમાં ઘણા વૃક્ષોનો પ્રતિભાસ પડતો હતો તથા તેમાં આલેખાયેલા નિર્મળ ચિત્રો જેવો ભ્રમ થતો હતો. તે એકદમ ચિત્રકૂટની ઉપમા ધારણ કરતી હતી. તેના ઉપર એક નિર્ગ્રંથ મુનિરાજ બિરાજમાન હતા. એ મુનિરાજ ધીર વીર અને વિપુલમતિના ધારક હતા, વિશુદ્ધ તથા ગુણોના ભંડાર હતા. તેમની પાસે 'તિલ-તુષ' માત્ર પણ પરિગ્રહ ન હતો. તેઓ શિલા ઉપર બેઠેલા સિદ્ધ

ભગવાન જેવા લાગતા હતા. રાજાએ એ પરમ તપસ્વી મુનિરાજને જોઈને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. મુનિરાજે પણ તેમને ધર્મવૃદ્ધિના આશિર્વાદ આપ્યા. ત્યારબાદ, રાજા સુસ્થિરચિત્ત બેસી ગયા. મુનિરાજે તેમને ધર્મપિપાસુ સમજીને ધર્મનો ઉપદેશ આપ્યો કે હે રાજન્! આ સંસારરૂપી વનમાં ભ્રમણ કરતાં આ જીવને ક્યાંય પણ સુખ નથી. તેને હંમેશા જન્મ-મરણના ચક્કર લગાડવા પડે છે. જન્મ-મરણ સમાન સંસારમાં બીજું કોઈ દુઃખ નથી. જેવી રીતે સાગરમાં તરંગ ઊઠે છે અને તેમાં જ વિલીન થઈ જાય છે, તેવી જ રીતે જીવ સંસારમાં જન્મે છે અને મરે છે. આ મોહી જીવ મોહના વશમાં પડીને સંસારની વસ્તુઓમાં સુખ-દુઃખરૂપ કલ્પના કરી લે છે. પરંતુ એ તેની સાચી કલ્પના નથી. વિવેકી રાજન્! તું સ્વયં વિચાર કર કે સંસારના જીવ સદાય સુખ-શાંતિ માટે દૌડતા ફરે છે, અનેક પ્રકારે શરીરને કષ્ટ આપે છે, સદાય તેને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં સંલગ્ન રહે છે તોપણ એ ક્યાંય પણ સુખ-શાંતિ પ્રાપ્ત નથી કરતાં.

જેવી રીતે તરસ્યું હરણ મૃગજળને જોઈને પાણીની આશાથી આમતેમ દોડ્યા કરે છે પરંતુ ત્યાં પાણી મળતું નથી, પાણીની જગ્યાએ ગરમ રેતીમાં ફસાઈ જાય છે; એવી જ દશા આ મોહી જીવની છે. રાજન્! આ ભાઈ, પત્ની, કુટુંબ અને સંપત્તિ આદિ કોઈ પણ જીવને સુખ આપવાવાળા નથી એ નિશ્ચય સમજો! લોકો વ્યર્થમાં જ આ સંપત્તિ અને રાજ્યાદિ માટે ઝગડે છે. આ અજ્ઞાની જીવ સ્પર્શન ઈન્દ્રિયને વશ થઈને મહાન દુઃખ પામે છે, જેવી રીતે મદોન્મત્ત હાથી કાગળની બનેલી હાથણીને જોઈને ખાડામાં પડી જાય છે અને ત્યાં અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે, રસના ઈન્દ્રિયને વશ થઈને કાંટામાં લાગેલા કિંચિત્ માંસને ખાવાની લાલસામાં માછલી પોતાના પ્યારા પ્રાણને ખોઈ બેસે છે તથા ઘ્રાણ ઈન્દ્રિયની લંપટતાથી ભ્રમર પોતાના અમૂલ્ય જીવનને નષ્ટ કરી નાખે છે તથા ચક્ષુ ઈન્દ્રિયને વશ થઈને પતંગિયું દીપકની સુંદર સુહાની શિખા જોઈને તેમાં પડીને ખાક થઈ જાય છે અને શ્રોત ઈન્દ્રિયને વશ થઈને હરણ મધુર સંગીત તથા સુંદર ગીત સાંભળવાની લાલસાથી પરાધીન થઈ વિપત્તિના ફંદામાં પડી જાય છે કે જેનાથી પછી આજીવન છુટકારો મળવો જ મુશ્કેલ થઈ જાય છે. આ રીતે, આ એક એક ઈન્દ્રિયના વશમાં પડેલા જીવોના દૃષ્ટાંત છે પરંતુ જેની બધી ઈન્દ્રિયો પ્રબળ અને બેલગામ છે તેનું તો પછી કહેવું જ શું!

આ રીતે, મુનિરાજનો પવિત્ર ઉપદેશ સાંભળીને ધૃતરાષ્ટ્રે મુનિ મહારાજથી પૂછ્યું કે હે સ્વામિન્! એ બતાવો કે આ વિશાળ રાજ્યને મારા પુત્ર દુર્યોધન આદિ ભોગવશે કે પાંડવગણ? પ્રભો! મેં એ સારી રીતે સમજી લીધું છે કે દુનિયામાં જેટલાં પણ ઈષ્ટ-અનિષ્ટ પદાર્થ છે એ બધા નાશવાન છે કારણ કે વસ્તુસ્વભાવ જ એવો છે. સ્વભાવમાં કોઈનું જોર ન ચાલે! બીજી એ વાત પણ સારી રીતે સમજી છે કે જેટલા પણ વિશિષ્ટ પદવીધારી શાસ્ત્રના જ્ઞાતા થઈ ગયા છે તે બધાને આ દુષ્ટ કાળ-બલિ ખાઈ ગયો છે અને જે વર્તમાનમાં દેખાય છે એ બધા જ નિયમથી નષ્ટ થઈ જશે. પરંતુ પ્રશ્ન એ છે કે જે સત્પુરુષ થયા એ ફરી થશે કે નહીં? તથા હવે પાંડવોની સ્થિતિ કેવી થવાવાળી છે અને મારા દુર્યોધન આદિ પુત્રો રાજા થશે કે નહીં? કૃપા કરી આ પ્રશ્નોનું સમાધાન કરો. નાથ! આપ સુવ્રત છો, બધી વસ્તુને જાણવાવાળા છો.

આપનાથી કોઈ વસ્તુ અગમ્ય નથી. આપ યોગીઓના યોગી છો, ધ્યાની છો, પરમ તપસ્વી છો!

આ પ્રશ્નને સાંભળીને મુનિરાજે કહ્યું કે મગધ નામનો એક સુંદર દેશ છે. તેમાં રાજગૃહ નામનું એક નગર છે. તેમાં ઘણા ઊંચા ઊંચા મકાન બનેલા છે જેમાં શ્રીમાન અને દાની પુરુષોના મકાન છે. ત્યાંનો વિભૂતિશાળી રાજા જરાસિંઘ છે. તેની રાણીનું નામ કાલિંદસેના છે. તે રૂપ-રંગમાં ખૂબ જ સુંદર છે. સ્ત્રીયોચિત ગુણોથી યુક્ત છે. જરાસિંઘને અપરાજિત આદિ ઘણા ભાઈ છે, કાલયવન આદિ વિજયી તેના પુત્રરત્ન છે. આ પ્રકારે બંધુ-બાંધવોની સાથે રાજા જરાસિંઘ રાજગૃહનું રાજ્ય કરે છે. તેણે તેના બધા વેરીઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે.

સ્વામી! હું એ પૂછવા માગુ છું કે જરાસિંઘનું મરણ સહજ જ થશે કે કોઈના દ્વારા થશે? કૃપા કરીને મને સમજાવીને એ કહો કે જેનાથી મારો આ સંદેહ દૂર થઈ જાય. આ વાત સાંભળીને મુનિરાજે કહ્યું કે રાજન્! હું તારા મનની વાત સમજી ગયો છું. તું ધૈર્ય સાથે મારા વચનો સાંભળ. આ રાજ્યને કારણે દુર્યોધન આદિમાં અને પાંડવોમાં ઘણો વિરોધ થશે અને આપસમાં વિકટ લડાઈ થશે. તારા પુત્ર દુર્યોધન આદિ કુરુક્ષેત્રના રણસ્થળમાં મરશે અને બીજા ઘણા યોદ્ધા મરશે તથા પાંડવોનો એ યુદ્ધમાં વિજય થશે. તારા પુત્રોને મારીને પાંડવો આનંદથી હસ્તિનાપુરનું રાજ્ય કરશે. તેં જરાસિંઘનું જે મરણ પૂછ્યું એનો ઉત્તર આ છે કે આ જ કુરુક્ષેત્રમાં નારાયણ કૃષ્ણની સાથે જરાસિંઘનું યુદ્ધ થશે અને એ જ સંગ્રામમાં કૃષ્ણના હાથે તેનું મરણ થશે. આ બધા સમાચાર સાંભળીને ધૃતરાષ્ટને ખૂબ ચિંતા થઈ ગઈ, તે મુનિરાજને નમસ્કાર કરી સચિંત ઘરે પાછો આવી ગયો.

આ રીતે, ગાંધારી દેવીથી શોભિત ધૃતરાષ્ટ્ર મુનિરાજનો પવિત્ર ઉપદેશ સાંભળીને પોતાના ગુણો દ્વારા કામ-કલંકને દૂર કરવામાં લાગી ગયો અને પોતાના કૌરવકુળને સમુન્નત બનાવતો અતિ શોભા પામતો હતો. આ બાજુ, ધર્મરાજ યુધિષ્ઠિર આદિ નીતિમાર્ગ પર સદાય ચાલતા થકા ઉત્તમ કાર્ય કરવા માટે સદાય દત્તચિત્ત રહેતા હતા, ધર્મનું સદાય આચરણ કરતા હતા. બરાબર જ છે કે ધર્મથી જ જીવોને એવું બધું મળે છે. ધર્મ જ સંસારમાં બધાથી ઉત્કૃષ્ટ જીવન છે. તેથી હે ધર્મ! તું બધાની રક્ષા કર!

**॥ અધ્યાય દસમો સમાપ્ત ॥**

# અધ્યાય અગિયારમો

એ સુમતિનાથ સ્વામીને અમારા નમસ્કાર છે કે જેઓ જગતના જીવોને સુમતિ–સુષ્ટુમતિ–શ્રેષ્ઠજ્ઞાન આપવામાં સમર્થ છે, જેમના ચરણોમાં ઈન્દ્ર, નાગેન્દ્ર અને અહમિન્દ્ર પણ આવીને વંદના કરે છે, સ્તુતિ કરે છે અને પોતાને ધન્ય સમજે છે, એ પ્રભુ મને સુમતિ પ્રદાન કરે!

આ પ્રકારે ચિંતાવાન રાજા ધૃતરાષ્ટ્ર નિમ્ન પ્રકારે વિચાર કરવા લાગ્યો કે આ મારા દુર્યોધનાદિ પુત્ર કે જે મહા શૂરવીર છે, નીતિજ્ઞ છે, વિદ્વાન છે તથા વિદ્વાનો દ્વારા સેવિત છે, લક્ષ્મીના સ્વામી છે, સંસારના પૂજ્ય છે અને રાજ્યના ભોક્તા છે; પરંતુ એ પણ રાજ્ય છોડીને યુદ્ધમાં મરી જશે! અહો! ધિક્કાર છે આ રાજ્યને અને ધિક્કાર છે આ પુત્રોને અને ધિક્કાર છે મારા આ જીવનને પણ! આ ઉત્તમ રાજ્ય ધૂળ સમાન છે અને આ વિષય વિષ સમાન છે, આ લક્ષ્મી વિજળી સમાન ચંચળ છે, આ સુંદર મકાન–મંદિર ચિંતાની ખાણ છે, આ સ્ત્રીઓ જીવનનો નાશ કરવાવાળી છે, આ રથ મહા અનર્થ કરવાવાળા છે, આ પાયદળ અને સુભટ વિપત્તિ સમાન છે, આ પરિવાર શત્રુ સમાન છે, આ મંત્રીગણ શોક આપવાવાળા છે તથા વિવિધરૂપ ધારણ કરવાવાળા આ મિત્રગણ પોતાના સ્વાર્થને સિદ્ધ કરવાવાળા છે. આ પ્રકારે વિચાર કરતાં ધૃતરાષ્ટ્ર ભવ-તન-ભોગથી વિરક્ત થઈ ગયા. તેણે તે સમયે ગાંગેયને બોલાવીને એ બધી વાત કરી અને કહ્યું કે હે ગાંગેય! જેવી રીતે ચંદ્રમા સદાય આકાશમાં ફરતો રહે છે તેવી રીતે, જીવ પણ સંસારમાં ફરતો રહે છે. તેથી, હું આ રાજ્ય પુત્રોને સોંપીને મારું આત્મહિત કરીશ. તેણે તરત જ પોતાના વિચાર અનુસાર પોતાના પુત્રોને અને પાંડવોને બોલાવ્યા અને ગાંગેય અને દ્રોણાચાર્યની સમક્ષ પુત્રોને રાજ્યનો ભાર સોંપી દીધો.

ત્યારબાદ, તે પોતાની માતા સુભદ્રા સાથે વનમાં ગયા અને ત્યાં જઈને સુવ્રત નામના યોગીન્દ્રને નમસ્કાર કર્યા અને કેશલોંચ કરીને જિનદીક્ષા ધારણ કરી લીધી. તે મુનિરાજ એ સમયે તેર પ્રકારના ચારિત્રનું પાલન કરતાં હતા તથા પર્વત ઉપર ઊભા રહીને આત્માનો જે ચૈતન્યગુણ તેનું ધ્યાન કરતાં હતા. થોડા જ સમયમાં તેણે પૂરા આગમનો અભ્યાસ કરી લીધો. એ ધૃતરાષ્ટ્ર યોગીશ્વર સદાય મુનિઓના સમાગમમાં રહેતા હતા અને એમની સાથે જ વિહાર કરતાં હતા.

આ બાજુ થોડા દિવસ પછી ગાંગેયે દુર્યોધન આદિ સો પુત્રોને અને યુધિષ્ઠિરને રાજ્ય આપી દીધું. યુધિષ્ઠિર ન્યાય-નીતિનો જાણકાર હતો તેથી તેનું સુશાસન પ્રજાજન માટે ઘણું રુચિકર હતું. તેણે ન્યાય-નીતિ દ્વારા સર્વત્ર ધર્મનો પ્રસાર કરી દીધો. તેના રાજ્યકાળમાં ચોરીનું નામ તો સાંભળવામાં આવતું જ ન હતું. કોઈને પણ કોઈ પણ પ્રકારનો ભય ન હતો અર્થાત્ બધા નિર્ભય હતા. તેના રાજ્યમાં કોઈનું ધન ચોરતું ન હતું પણ પવન ફૂલની સુગંધ હરી લેતું હતું. તેના

રાજ્યમાં મારવું એવો શબ્દ જ સાંભળવામાં આવતો ન હતો; જો ત્યાં કોઈ મારવાવાળું હતું તો એ કાળ જ હતો. પોતે સદાય સત્પાત્રોને દાન આપ્યા કરતો અને ઘણા પરોપકારના કાર્ય કરતો હતો. તે સદાય જિનેન્દ્રદેવની પૂજન કરતો હતો. જીવના મહાન વેરી એવા કામ, ક્રોધ, લોભ, મોહ આદિને જીતવામાં સદાય પ્રયત્નશીલ રહેત હતો. તે દયાનો સાગર અને જ્ઞાનનો ભંડાર હતો.

દ્રોણાચાર્ય પાંડવો અને દુર્યોધનાદિ બધાના શ્રેષ્ઠ ગુરુ હતા. તે એ બધા પુત્રોને સમાનભાવથી ધનુર્વિદ્યા–બાણ છોડવું, લક્ષ્ય વિંધવું, ધનુષ ચડાવવું આદિ શિખડાવતા હતા પરંતુ એ બધામાં અર્જુન જ સાર્થક ધનુર્વિદ્યા શીખી રહ્યો હતો. કારણ કે તે જ તેને યોગ્ય પાત્ર હતો. તે પોતાના ગુરુ દ્રોણાચાર્યનો મોટો ભક્ત હતો. તેમની સદાય સેવા કરતો હતો. તેનો જ એ પ્રભાવ હતો કે તે ધનુર્વિદ્યાનો પ્રકાંડ વિદ્વાન બની ગયો હતો. **બરાબર જ છે કે શ્રેષ્ઠ ગુરુની ભક્તિ કામધેનુ સમાન મનવાંછિત ફળ આપવાવાળી હોય છે.** અર્જુને પોતાની વિદ્યાના બળથી બીજા બધાની વિદ્યાને નિષ્ફળ બનાવી દીધી હતી. તે એ સમયે શિષ્યોની વચ્ચે એવો શોભતો હતો કે જેમ કુલાચલની વચ્ચે સુમેરુપર્વત શોભાને પ્રાપ્ત થાય છે. અર્જુનને છોડીને બીજા શિષ્યોએ પોતપોતાના ક્ષયોપશમ અનુસાર વિદ્યા શીખી. ધનુષવિદ્યાના વિશારદ તે બધા પરસ્પરમાં ધનુર્વિદ્યા દ્વારા ક્રીડા કરતાં, બાણ છોડતા, લક્ષ્યભેદ કરતાં હતા પરંતુ દુષ્ટ-પ્રકૃતિ કૌરવોને પાંડવોની રાજ્યબુદ્ધિ સહન ન થઈ. તેઓ નિત્ય તેમની સાથે દ્વેષ કરવા લાગ્યા અને તેમના પાક્કા વિરોધી બની ગયા. **બરાબર જ છે કે જે દુષ્ટ-પ્રકૃતિ હોય છે તેમને બીજાનો અભ્યુદય સહન નથી થતો.** ગાંગેયે જ્યારે કૌરવ-પાંડવોના આ હાલ જોયા ત્યારે તેણે ભવિષ્યના અહિતની ચિંતાથી અને વેર-વિરોધ મટાડવા માટે રાજ્યને કૌરવ અને પાંડવોમાં અડધું અડધું વહેંચી નાખ્યું. પરંતુ તેનાથી પણ તેમનો પરસ્પર દ્વેષ ઘટ્યો નહીં પણ વધતો જ ગયો. કૌરવોની ઈચ્છા એવી હતી કે આખું રાજ્ય તેમને મળી જાય. કૌરવોના અંતરંગમાં તો પાંડવોના માટે પૂર્ણ દ્વેષ હતો જ પરંતુ બહારમાં દેખાડવા માટે તેઓ મીઠી-મીઠી વાતો કરતા હતા.

એક દિવસની વાત છે કે ભીમ પોતાની ઈચ્છાથી કૌરવોની સાથે વનમાં ક્રીડા કરવા ગયો હતો. ત્યાં તેણે પોતાના શરીરને ધૂળમાં પૂરી દીધું અને કૌરવોને કહ્યું કે જે કોઈ મને આ ધૂળમાંથી બહાર કાઢી શકશે તે જ બળવાનોમાં વીર ગણાશે. ભીમની આ વાત સાંભળીને બધા કૌરવો તેને ધૂળમાંથી કાઢવાની પ્રતિજ્ઞા કરવા લાગ્યા પરંતુ બધાનું જોર લગાવવા છતા પણ ભીમ ત્યાંથી ટસથી મસ ન થયો, બરાબર જ છે કે હજારો ઉંદર ભેગા થઈને એમ ઈચ્છે કે અમે સુમેરુ પર્વતને ઊઠાવીને ફેંકી દેશું તો શું એ ક્યારેય સંભવિત છે? આ હાલ જોઈને બધાનું મોઢું ફિક્કુ પડી ગયું અને તેઓ નીચું મોઢું કરીને ઘરે પાછા આવી ગયા.

એક દિવસ ફરી ભીમ કૌરવોની સાથે ક્રીડા કરવા વનમાં ગયો હતો. ત્યાં એવા સઘન વનમાં પહોંચ્યા કે જ્યાં ઘણા વૃક્ષ હતા કે જે વૃક્ષ પત્તા-ફળ-ફૂલોથી પરિપૂર્ણ હતા. ત્યાં કેરીના વૃક્ષ ફળોના ભારથી નમી ગયા હતા જે એવા

લાગતા હતા કે માનો એ તેના માલિકોને નમસ્કાર જ કરી રહ્યા હોય. એ કેરીના વૃક્ષો ઉપર મધુર ગાન કરતી કોયલો બોલી રહી હતી જેથી એવું લાગતું હતું કે તે ફલાર્થી પુરુષોને બોલાવતી જ હોય! ત્યાંના ખજૂરના વૃક્ષ એવા હતા કે ફળ પાકતાં જ તેને નીચે નાખી દેતા હતા. બીજા પણ અનેક પ્રકારના વૃક્ષોથી એ વન અત્યંત શોભાયમાન થઈ રહ્યું હતું. એવા મનોહર વનમાં પહોંચીને એ બધાએ ખૂબ ક્રીડા કરી. ત્યાં ભીમે એક આમળાનું વૃક્ષ જોયું કે જે ખૂબ વિસ્તૃત હતું, જેની મોટી મોટી ડાળીઓ હતી અને ઘણું ઊંચું હતું, તે ફળ અને પાનથી પરિપૂર્ણ હતું. તે વૃક્ષ સાથે ભીમ કૌરવોને લઈને ક્રીડા કરવા લાગ્યો. ક્યારેક તેની ઉપર ચડતો તો ક્યારેક નીચે ઊતરતો હતો, ક્યારેક તે વૃક્ષને હલાવતો હતો તો ક્યારેક દૂર ઊભો રહીને જોતો હતો. એ વૃક્ષ ઉપર ચડવાની બધાએ ઘણી કોશીશ કરી પણ કોઈ ચડી ન શક્યું કારણ કે એ ખૂબ જ ઊંચું હતું. ભીમે જોયું કે એ વૃક્ષ ઉપર ચડવા કોઈ સમર્થ નથી તો તે ફટાફટ એ વૃક્ષ ઉપર ચડી ગયો. તેના એ કાર્યથી કૌરવોને ખૂબ ખરાબ લાગ્યું, કારણ કે તેનાથી તેમણે પોતાનું અપમાન થયું માન્યું. ભીમને વૃક્ષ ઉપરથી પછાડવાના અભિપ્રાયથી એ વૃક્ષને સામુહિક શક્તિ લગાવીને હલાવા લાગ્યા પરંતુ ભીમ એ હલતા વૃક્ષ ઉપર પણ નિર્ભય થઈને બેસી રહ્યો. **બરાબર જ છે કે નદીઓ કેટલી પણ ક્ષોભયુક્ત ન હોય તોપણ શું તે સમુદ્રને ક્ષોભ પહોંચાડી શકે?** કૌરવોનો આ પ્રયત્ન જોઈને ઉપર ચડેલા ભીમે ત્યાંથી જ કહ્યું કે જો તમે આ વૃક્ષને ઉખાડી શકો તો ઉખાડી દ્યો. ભીમનું આટલું કેહવા છતાં પણ તેઓ કાંઈ ન કરી શક્યા, તે ચૂપચાપ નીચે ઊભા રહ્યા. ભીમ એમના દુષ્ટ અભિપ્રાયને સમજી ગયો અને ત્યાંથી પોતાના ઘરે આવી ગયો.

ત્યારબાદ, ફરી કોઈ એક દિવસે ભીમ કૌરવોની સાથે એ જ વૃક્ષની પાસે ક્રીડા કરવા ગયો. ત્યાં ભીમે બધા કૌરવોને એ વૃક્ષ ઉપર ચડાવી દીધા અને પોતાના હાથથી છાતીનો સહારો લઈને એ વૃક્ષને ખૂબ જ હલાવ્યું અને જડથી ઊખેડી નાખ્યું. કેટલાક સીધા પડ્યા, કેટલાક ડાળીએ લટકી ગયા અને કેટલાક ડરના માર્યા ડાળીઓને વળગી ગયા, કેટલાકને પડવાના કારણે પેટમાં દુઃખવા લાગ્યું, કેટલાક બેહોશ થઈ ગયા. ત્યાં હાહાકાર મચી ગયો. આ રીતે, ભીમના આવા કુતૂહલથી કૌરવો ઘણા દુઃખી થયા. તેમાંથી એક ભીમને વિનમ્ર શબ્દોમાં બોલ્યો કે હે ભાઈ! તમે અત્યંત પવિત્ર આત્મા છો, કલ્યાણ કરનારા છો અને અત્યંત ગંભીર છો, તેથી તમને કુટુંબીજનો સાથે આવું કરવું શોભા નથી દેતું. આ વાત સાંભળી ભીમે એ કૌરવોને મીઠાં વચનોથી આશ્વાસન આપ્યું અને તેમને ભયથી નિર્ભય કરી દીધા. ત્યારબાદ, એ બધા પોતાના ઘરે પાછા આવી ગયા. આ રીતે, ભીમ પોતાનો સમય સુખેથી વીતાવતો હતો. કૌરવો ભીમની ઉપર ઘણા ચીડાઈ ગયા હતા તેથી તેઓ તેને મારી નાખવાના ઈરાદાથી એક સરોવરના કિનારે લઈ ગયા અને ત્યાં તેઓએ તેને વાતોમાં રાખીને તળાવમાં ધકેલી દીધો પણ એ બલિષ્ઠ આત્મા પાણીમાં ન ડૂબ્યો અને પોતાના બાહુબળથી તળાવને પાર કરી કિનારે પહોંચી ગયો. તેને તરીને પાર આવ્યો જોઈને કૌરવો અત્યંત ભયભીત થઈ ગયા અને પોતાનું કર્તવ્ય વિચારવા લાગ્યા.

એક સમયે ભીમ કૌરવોને પાણીમાં ડૂબાડી દેવાની ઈચ્છાથી તેમને તળાવના કિનારે લઈ ગયો અને કોઈ છળ કરીને તેણે એ બધાને તળાવમાં ધકેલી દીધા. એ પાણીમાં પડતા જ ડૂબવા લાગ્યા અને બચાવો–બચાવો બૂમો પાડવા લાગ્યા તથા રુદન કરવા લાગ્યા. આ રીતે ભીમ દ્વારા તેમની મોટી દુર્દશા થઈ. અંતમાં કોઈ પ્રકારે એ તળાવ પાર કરીને કિનારે પહોંચ્યા અને ત્યાંથી તેઓ પોતાના ઘરે ચાલ્યા ગયા. ત્યારબાદ, ભીમથી ભયભીત થઈને દુર્યોધને પોતાના નાના ભાઈ અને બુદ્ધિમાન મંત્રીઓની મંત્રણા કરી કે જુઓ, ભીમ મહા બળવાન છે, તેની બરાબર કોઈ યોદ્ધા નથી, તેની શક્તિ અજેય છે તથા ઘણો બુદ્ધિમાન છે. વેરીઓને નષ્ટ કરવા માટે તે સદાય ઉદ્ધત રહે છે. આના જીવતા આપણા સો ભાઈઓનું જીવવું નિરર્થક છે. જ્યાં સુધી આ જીવતો રહેશે ત્યાં સુધી આપણે નિષ્કંટક રાજ્ય નહીં કરી શકીએ. તેથી, આ ભીમને જેમ બને તેમ મારી નાખવો જોઈએ. કારણ કે એ નીતિ છે કે દુશ્મન વૃદ્ધિ પામે એ પહેલાં જ તેને નષ્ટ કરી નાખવો જોઈએ, નહીંતર રોગની જેમ ભયંકર દુઃખદાયી થઈ જાય છે. તેથી, આ ભયંકર ભીમને આપણે અતિ શીઘ્ર મારી નાખવો જોઈએ. આ પ્રકારે વિચારણા કરી દુર્યોધન ભીમને મારવાના પ્રયત્નમાં લાગી ગયો.

એક સમયની વાત છે કે જ્યારે ભીમ સુખે સૂઈ રહ્યો હતો ત્યારે દુર્યોધનને મોકો મળી ગયો. તેણે ભીમને સૂતેલો જ કપટથી બાંધી લીધો અને તેને ગંગાના પ્રવાહમાં બાંધેલો જ છોડી દીધો. ભીમના શરીરને જ્યારે ગંગાનું પાણી લાગ્યું ત્યારે તે જાગ્યો અને કૌરવોનું દુષ્કૃત્ય સમજી ગયો. તેણે પોતાનું બંધન તોડ્યું અને પોતાના બાહુબળના પ્રતાપથી લીલામાત્રમાં ગંગા કિનારે આવી ગયો અને પુણ્યના પ્રભાવથી તેને જરાય પણ પરિશ્રમ ન થયો. તે છળકપટથી રહિત હતો તેથી એ કૌરવોની સાથે જ ઘરે પાછો આવ્યો. છળથી ભરેલા કૌરવો ઉપર ઉપરથી ભીમની સાથે મીઠી-મીઠી વાતો કરતા હતા, પરંતુ અંતરંગમાં તો એ જ વિચાર રહેતો કે કેવી રીતે આને નષ્ટ કરી દઈએ.

એ જ અભિપ્રાયથી તેમણે એક દિવસ ભીમને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. ભીમ સરળ-ચિત્ત હતો તેથી તેમને ત્યાં ભોજન કરવા ચાલ્યો ગયો. ત્યાં દુર્યોધને પહેલેથી જ હલાહળ વિષ મેળવેલું ભોજન તૈયાર કરાવી રાખ્યું હતું. એ ભોજન ભીમને ખવડાવી દીધું પરંતુ ભીમના પુણ્યોદયથી એ વિષ રુચિકર અમૃત સમાન બની ગયું.

**અહીં ગૌતમ ગણધર રાજા શ્રેણિકને સંબોધિત કરતાં કહે છે કે હે રાજન્! જુઓ, આ પુણ્યનું જ માહાત્મ્ય છે કે જે પ્રાણોને હરવાવાળું હળાહળ ઝેર પણ અમૃત બની જાય, વિષ પણ નિર્વિષ બની જાય છે, શાકિની, ભૂત-પિશાચ આદિ ઉપદ્રવ કોઈ પણ પુણ્યશાળી જીવને નથી હોતા, તે તેને જોતા જ ભાગી જાય છે. ધર્માત્મા પુરુષના ચરણોમાં ધર્મના પ્રભાવથી ભયાનક ફુંકાર કરતો ક્રોધથી લાલ થઈ ગયા છે નેત્ર જેના એવો સર્પ પણ કાચળી જેવો બની જાય છે, ભયાનક અગ્નિ જળ બની જાય છે, સિંહ શિયાળ બની જાય છે, સમુદ્ર સ્થળ બની જાય છે. ધર્મનો જ એ પ્રભાવ છે કે ધર્માત્માના ચરણોમાં રાજા, મહારાજા, ચક્રવર્તી આદિ પણ પૂજા કરે છે. ધર્મના જ પ્રભાવથી આ જીવ ઉત્કૃષ્ટ રાજા અને સુંદર-સુંદર આજ્ઞાકારિણી સ્ત્રીઓ પ્રાપ્ત કરે છે. ઉન્નત હાથીઓનું મળવું, ઘોડાનું મળવું, ધન-ધાન્યાદિકની**

**પ્રાપ્તિ થવી તથા વસ્ત્રાભૂષણનું મળવું, ઉત્તમ મકાનાદિની પ્રાપ્તિ થવી, આજ્ઞાકારી પુત્ર થવો, પુણ્ય વિના તિલતુષમાત્ર પણ ભોગોપભોગની સામગ્રી નથી મળતી. આજે આપણે જેને સુખી જોઈ રહ્યા છીએ તેમણે પૂર્વ જન્મમાં પુણ્ય કર્યા છે તેનો જ આ સમયે ભોગ કરી રહ્યા છે, આ સમયે પુણ્યનો સંચય કરશે તો ભવિષ્યમાં પણ આ જ રીતે ભોગ્ય સામગ્રી મળશે. ગ્રંથકાર કહે છે કે હે ભાઈઓ! જો તમે સુખી થવા ઈચ્છો છો તો મન-વચન-કાયથી આ પુણ્યનું ઉપાર્જન કરો. પુણ્ય જ સંસારમાં બધું છે. આવા પુણ્યની પ્રાપ્તિ એકમાત્ર ધર્મનું સેવન કરવાથી જ થઈ શકે છે.**



આ રીતે, ભીમ નિર્ભય થઈને પૃથ્વી પર ફરતો, કૌરવો સાથે ક્રીડા વિનોદ કરતો સમય વ્યતીત કરતો હતો કે એટલામાં કૌરવોએ ભીમને એક મોટા વિષધર સર્પથી ડંસ દેવડાવ્યો પરંતુ તેના પુણ્યોદયથી સર્પના વિષની તેની ઉપર કાંઈ અસર ન થઈ. એ વિષ તેના માટે અમૃત તુલ્ય થઈ ગયું, તેને થોડી પણ વેદના ન થઈ.

ત્યારબાદ, એક દિવસ ગાંગેય, દ્રોણાચાર્ય, પાંડવ અને કૌરવ બધા મળીને વનક્રીડા કરવા ગયા હતા. તેઓ ત્યાં સોનાના તારથી ગૂંથેલા દડાથી અને હાથમાં સોનાના મઢેલા ડંડાથી રમત રમવા લાગ્યા. આ બાજુથી એ દડાને મારતા અને પેલી બાજુથી પેલા દડાને મારતા. એ વખતે તેઓ દેવગણ સમાન લાગતા હતા. આ રીતે રમતા-રમતા એ દડો કોઈના ડંડાથી ફટકાર ખાઈને એક અંધારા કૂવામાં પડી ગયો કે જેમાં નીચે ઉતરવા માટે ન તો કોઈ સીડી હતી કે ન કાંઈ પકડવાનું હતું, મહા અંધકાર હતો. એ બધા ચિંતા કરતાં કૂવા પાસે ગયા અને દડાને જોવા માટે નીચે જોયું તો તેમને ત્યાં અંધારામાં સોનાનો ચમકતો દડો દેખાયો, તેઓ આપસમાં કહેવા લાગ્યા કે જો કોઈમાં શક્તિ છે તો આ દડાને બહાર કાઢે, તેમાંથી એક વાચાળ બોલ્યો કે હું હમણાં દડો લઈ આવું છું. કોઈ કહેવા લાગ્યું કે આ દડો કાઢવાની તો શું વાત હું તો મારી બંને ભુજાઓથી કૂવાને જ લઈ આવીશ. કોઈ કહેવા લાગ્યા કે એની શું વાત છે, હું તો પાતાળના રક્ષક ધરણેન્દ્રને તેના આસન સહિત લઈ આવી શકું છું. આ રીતે, તે વાચાળ લોકો પરસ્પરમાં ખાલી વાતચીત કરતાં હતા પરંતુ દડો લાવવામાં કોઈ સમર્થ ન થયું તથા બધા ઉપાય કરી કરીને થાકી ગયા પણ દડો કોઈથી ન નીકળ્યો.

આ જોઈ ગુરુ દ્રોણાચાર્યથી ન રહેવાયું અને તેમણે એ જ સમયે ધનુષ્ય ચડાવ્યું અને ભૃકુટિ સુધી ખેંચીને પૃથ્વી પર છોડી દીધું તેનો ભયાનક અવાજ સાંભળીને જગતમાં શોર મચી ગયો. તેઓ એ સમયે એવા લાગતા હતા કે માનો ઈન્દ્ર ધનુષને હાથમાં લઈને ઊભા હોય! તેનો શબ્દ સાંભળીને હાથી પોતાના ખૂંટાને ઉખાડીને આમ તેમ ભાગવા લાગ્યા, ગંધર્વોના ઘોડા હણહણીને બંધન તોડી ભાગી ગયા, ગંધર્વ દેવ પણ કાંપવા લાગ્યા. નગરના લોકો ધનુષનો અવાજ સાંભળીને કોઈ શત્રુએ ચડાઈ કરી છે એમ સમજીને ઘર છોડીને બહાર ભાગવા લાગ્યા. સ્ત્રીઓ કે જે પોતપોતાનું કામ કરી રહી હતી તે ધનુષનો અવાજ સાંભળીને એવી ડરી ગઈ કે તેમના વસ્ત્ર તથા આભૂષણો નીચે પડી ગયા. **બરાબર જ છે કે ભયથી શું નથી થતું! જે ન થવા જેવા કાર્ય છે એ પણ થઈ જાય છે.** ત્યારબાદ, દ્રોણાચાર્યએ ધનુષ લઈ એક બીજું બાણ છોડ્યું કે જે જઈને દડાને છેદીને લાગ્યું. પછી તો એક પછી એક બાણ છોડવાનું શરૂ કરી દીધું જેથી

તે બાણોએ દડાથી લઈને ઉપર સુધી દોરડાનું રૂપ લઈ લીધું. આ રીતે દડો આસાનીથી બહાર નીકળી ગયો કે જે કાઢવા માટે કૌરવો અસમર્થ હતા. એ સમયે દ્રોણાચાર્યની ધનુર્વિદ્યાની કુશળતાને જોઈને દેવગણ અને મનુષ્ય તેમની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. રાજાલોકો તેમના ગુણોની પ્રશંસા કરતાં કહેવા લાગ્યા કે અમે આવી બાણ-કુશળતા ક્યારે પણ નથી જોઈ. ત્યારબાદ તેઓ બધા ત્યાં થોડો સમય રોકાઈને પોતપોતાના ઘરે ચાલ્યા ગયા. કૌરવો ભીમના પુણ્યને અને તેની શક્તિ જોઈને, જ્યારે તેનું કાંઈ નુકશાન ન કરી શક્યા તો તે પોતે જ શાંત થઈ ગયા અને ક્ષમા ધારણ કરીને બેસી ગયા. બરાબર જ છે કે અસમર્થો માટે બીજો ઉપાય જ શું છે? આ રીતે કૌરવો અને પાંડવોનો રાજ્ય કરતાં ઘણો સમય પસાર થઈ ગયો. બરાબર જ છે કે સુખના દિવસો પસાર થતા જણાતા નથી.

ત્યારબાદ, એક સમયે ગાંગેય તથા બીજા રાજાઓએ પણ દ્રોણને વિવાહ માટે પ્રાર્થના કરી કે હે ગુરુવર્ય! તમે તમારા વિવાહ કરીને સદ્ગૃહસ્થ બનો. દ્રોણાચાર્યે તેમની પ્રાર્થનાને સમયોપયોગી સમજીને તેમના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. ગુરુની સંમતિ મળતા ગાંગેયે તેમના માટે ગૌતમ પાસે જઈને તેમની કન્યાની યાચના કરી. તે કન્યા ગુણવતી અને અત્યંત સુંદર હતી. દ્રોણના સવિધિ ઉત્સવ સહિત લગ્ન થઈ ગયા. લગ્નમાં વિવિધ પ્રકારના વાજાઓની ધૂમધામ રહી અને માંગલિક ગીતો ગવાયા. લગ્ન પછી એ દંપતિ આનંદપૂર્વક પોતાનો સમય વિષયભોગોનું સેવન કરતા કરતા વીતાવવા લાગ્યા. કેટલાક સમય પછી એ દંપતિને અશ્વત્થામા નામનો સુંદર પુત્ર-રત્ન ઉત્પન્ન થયો. તે પુત્ર ખૂબ જ બુદ્ધિમાન, ધીર, વીર અને ધનુર્વિદ્યાનો પ્રકાંડ પંડિત હતો. એક સમય દ્રોણાચાર્યએ પોતાના પ્રીતિભાજન અર્જુન આદિ શિષ્યોને બોલાવીને કહ્યું કે જુઓ, ધનુર્વિદ્યાના સંબંધમાં સદાય મારી આજ્ઞા અનુસાર વર્તજો, ક્યારે પણ મારી આજ્ઞાથી વિરુદ્ધ ન થતા.

દ્રોણાચાર્ય બધી જ વિદ્યાઓમાં કુશળ હતા તથા ધનુર્વિદ્યાના પૂર્ણ પંડિત હતા તોપણ કૌરવ તેમના વચનોની અવહેલના કરીને સ્વતંત્ર રહેવા લાગ્યા પરંતુ બુદ્ધિમાન અર્જુન તેમની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરતો હતો. **એ બરાબર જ છે કે ગુરુની ભક્તિ અને એમની આજ્ઞાનું પાલન કરવાથી જ વિદ્યા પ્રાપ્ત થાય છે.** દ્રોણાચાર્યએ અર્જુનની ભક્તિથી પ્રસન્ન થઈ તેને વર આપ્યું કે હે પુત્ર! તું મારા સમાન જ ધનુર્વિદ્યાનો પારગામી થાય એવી મારી અંતરંગ ભાવના છે. ગુરુના આવા કૃપાપૂર્ણ વચનોને સાંભળીને પાત્રોચિત અર્જુન કૃતાર્થ થયો. એ બરાબર જ છે કે જે શિષ્ય ઉપર ગુરુની પૂર્ણ કૃપા હોય છે તેને હર્ષનો કોઈ પાર નથી રહેતો. તે પરમાર્થના જ્ઞાતા ગુરુને સદાય પોતાના હૃદયમાં બિરાજમાન કરી ધનુર્વિદ્યાના અભ્યાસમાં લાગી રહ્યો, જેથી થોડા જ દિવસોમાં તેણે ધનુર્વિદ્યામાં પૂર્ણજ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

કેટલાક દિવસો પછી દ્રોણાચાર્ય પોતાના શિષ્ય કૌરવ અને પાંડવોને સાથે લઈને ધનુર્વિદ્યા શિખડાવવા માટે વનમાં ગયા. ત્યાં તેમણે ઊંચી અને લાંબી ડાળીવાળા ફળ અને પત્તાથી લદાયેલા એક વૃક્ષને જોયું. એ વૃક્ષ ઉપર ઘણા પક્ષી બેઠા હતા. તેમાં વચ્ચેની એક ડાળ ઉપર કાગડો બેઠો હતો. તેને જોઈને ધનુર્વિદ્યાના આચાર્ય દ્રોણે કૌરવ અને પાંડવોને કહ્યું કે તમારામાંથી કોઈ આ કાગડાની ડાબી આંખનું લક્ષ્ય છેદી શકે છે કે નહીં? જે આ લક્ષ્યને છેદશે તે જ ધનુર્વિદ્યાના

વિશારદોમાં અગ્રણી ગણાશે. દુર્યોધનાદિ ગુરુની આ વાત સાંભળીને ચૂપ રહ્યા અને વિચાર કરવા લાગ્યા કે આનું નિશાન લગાવવું ઘણું જ કઠિન છે. એક તો કાગડો પોતે જ ચંચળ હોય છે, બીજી એની આંખ તો ખૂબ જ વધારે ચંચળ હોય છે તથા તેની ડાબી આંખ જ છેદાવી જોઈએ તો એ કેવી રીતે થઈ શકે? કોણ છેદી શકે છે? તેમને ચૂપચાપ ઊભા જોઈને ગુરુએ કહ્યું કે તમારામાંથી કોઈ પણ આ લક્ષ્યને છેદવામાં સમર્થ નથી તો હું જ એનું છેદન કરું છું. આમ કહીને તેમણે હાથમાં ધનુષ-બાણ લઈ લીધા અને જ્યાં તેમણે કાગડાની ડાબી આંખ બાજુ પોતાની દૃષ્ટિ લગાવી કે તરત અર્જુન નમસ્કાર કરીને બોલ્યો કે હે ધનુર્વિદ્યાવિશારદ ગુરુવર્ય! તમે આ લક્ષ્યને છેદવામાં સર્વથા સમર્થ છો તેમાં જરા પણ સંદેહ નથી. પરંતુ તમારું આ લક્ષ્યનું છેદન કરવું સૂરજને દીપક દેખાડવા સમાન છે. જેવી રીતે સૂર્યને દીપક દેખાડવો શોભા નથી દેતો તેમ આપને આ કાર્ય શોભા નથી દેતું. બીજી વાત એ છે કે આપનો મારા સમાન ધનુર્ધારી શિષ્ય મૌજુદ હોવા છતાં પણ આપને આ કાર્ય કરવું શોભા નથી દેતું કારણ કે જ્યારે તમારો શિષ્ય જ આ કાર્ય કરી શકે છે તો આપે આ મામુલી કાર્ય માટે ધનુષ્ય હાથમાં શું કામ લેવું જોઈએ? તેથી ગુરુવર્ય! મને આજ્ઞા આપો. હું હમણાં તમારા પ્રસાદથી પ્રાપ્ત થયેલી ધનુર્વિદ્યાના બળથી આ ચંચળ લક્ષ્મીને પણ આસાનીથી છેદી શકું છું તો મારા માટે આ લક્ષ્ય છેદવું શું મહત્ત્વ રાખે છે! અર્જુનની વાત સાંભળીને દ્રોણાચાર્યએ અર્જુનને લક્ષ્ય છેદવાની આજ્ઞા આપી દીધી.

એ જ સમયે અર્જુન હાથમાં ધનુષ લઈને ત્યાં જઈને સ્થિરચિત્ત થઈને બેસી ગયો જ્યાંથી તેને લક્ષ્ય છેદવાનું હતું. તેણે ધનુષ ઉપર દોરી ચડાવીને વજ્ર સમાન શબ્દ જેવી ગર્જના કરી, કાગડો એક તો પોતે ચંચળ હતો. તેના નેત્ર તો એથી પણ વધારે ચંચલિત હતા. એવી અવસ્થામાં લક્ષ્યભેદ કરવું કોઈ સરળ વાત ન હતી તોપણ અર્જુને તેને લક્ષ્ય બનાવીને પોતાનો મનોયોગ એ બાજુ લગાવી દીધો જેથી કાગડો તેની બાજુ ગર્દન નીચે કરીને જોવે. તેણે જોરથી ધનુષનો અવાજ કર્યો જે સાંભળી કાગડાએ જ્યાં નીચે જોયું કે અર્જુને તરત જ તેની ડાબી આંખને છેદી નાખી. દ્રોણાચાર્ય તેની વાસ્તવમાં આ કલ્પના જોઈને પ્રશંસા કરવા લાગ્યા. તે કહેવા લાગ્યા કે અર્જુન તું વાસ્તવમાં ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ વિદ્વાન છો. આ રીતે, એ લોકો અર્જુનની પ્રશંસા કરતાં પોતાના ઘરે આવી ગયા. પરંતુ કૌરવોના અંતરંગમાં અર્જુન પ્રત્યે, તેની આ સફળતાને કારણે ભારે દ્વેષ થઈ ગયો, પરંતુ કાંઈ ન કરી શક્યા.

ત્યારબાદ, એક દિવસ બળવાન અર્જુન હાથમાં ધનુષ-બાણ લઈ વનની તરફ નીકળી પડ્યો કે જ્યાં લોકોને હિંસક-સિંહ ચિત્તા આદિ જીવજંતુઓ દ્વારા ભય લાગતો હતો. પહેલાં તો તેણે એ વનચર જીવોને ડરાવ્યા કે જેથી લોકો નિર્ભય થાય. પછી ફરતા ફરતા તે ગહન વનમાં પહોંચ્યો. ત્યાં તેણે સિંહ સમાન એક ઉન્નત કૂતરાને જોયો કે જેનું મુખ બાણોથી વિંધાયેલું હતું. તે તેને જોઈને વિચાર કરવા લાગ્યો કે અહીં આ રીતે બાણ ચલાવવાવાળો પુરુષ દેખાતો નથી પછી આ બળવાન કૂતરાનું મોઢું આ રીતે બાણોથી ક્યા ધનુર્વિદે છેદન કર્યું છે? બીજી વાત એ છે કે આ કાર્ય શબ્દભેદી વિદ્યા જાણ્યા વિના ન થઈ શકે અને અહીં કોઈ શબ્દભેદને જાણવાવાળું ખૂબ જ ભાગ્યે જ હોઈ શકે. કારણ કે આ વિદ્યા મારા

ગુરુ દ્રોણાચાર્યે મારા સિવાય કોઈને શિખડાવી જ નથી. કારણ કે હું તો સદાય તેમની સાથે જ રહેતો હતો. પરંતુ એ પણ નિઃસંશય વાત છે કે આ કૂતરાને ભસતાં સમયે જ બાણ માર્યા છે. આશ્ચર્ય એ છે કે એનો ક્યાંય પત્તો નથી.

આ વિચારમાં ખોવાયેલો અર્જુન તેની શોધમાં આમ-તેમ ફરવા લાગ્યો. તેણે પહાડોના દુર્ગમ રસ્તા તથા પહાડોના શિખર, ગુફાઓ આદિ બધું જોઈ લીધું. એટલામાં તેને એક ભીલ નજરે પડ્યો કે જે જમણા હાથમાં ધનુષ અને ડાબા હાથમાં બાણ લઈને ઊભો હતો તથા કમરમાં તરકસ બાંધેલી હતી. તે ખૂબ જ જવાન હતો અને ધનુષ છોડવામાં ખૂબ જ હોશિયાર હતો. તેનું શરીર કાળું હતું, ભયંકર દેખાવ હતો, તેનું મોઢું નીચે હતું, ભોજપત્રનું લંગોટ બાંધેલું હતું તથા બીજું કોઈ વસ્ત્ર શરીર ઉપર ન હતું. તેને જોઈને વીર અર્જુને કહ્યું કે હે મિત્ર! તું કોણ છે અને ક્યાં રહે છે? કઈ વિદ્યા જાણે છે? એ સાંભળીને એ ભીલ વિસ્મયતાથી બોલ્યો કે હું એક ભીલ છું અને આ વનમાં રહું છું. હું ધનુર્વિદ્યાનો જાણકાર છું. હું ધનુષ-બાણના બળથી બધા પ્રાણીઓને ભેદવાની શક્તિ રાખું છું. ધનુર્વિદ્યામાં મારા સમાન પંડિત સંસારમાં બીજું કોઈ નથી. બીજું તો શું મારી વક્ર ભૃકૃટીને જોઈને જ કેટલાક પ્રાણ-ત્યાગ કરી દે છે. ભીલની આ વાત સાંભળીને અર્જુન ખૂબ જ પ્રસન્ન થયો અને તેને પૂછ્યું કે હે શબ્દ-બોધના જ્ઞાતા! તે સિંહ સમાન કૂતરાનું મોઢું તેં તારી અપૂર્વ બાણ-વિદ્યાના બળથી ભેદ્યું હતું? અર્જુનની આ વાત સાંભળીને એ ભીલે કહ્યું કે હે સુંદર નેત્રવાળા! લક્ષ્મીના સ્થાન! કળાઓના આશ્રયભૂત! હું તમને મારી કથા કહું છું તે તમે ધ્યાનથી સાંભળો. હું શાંતચિત્તથી ક્યાંક જઈ રહ્યો હતો એટલામાં મેં એ કૂતરાનો ભયાનક અવાજ સાંભળ્યો. એ સાંભળીને મને થોડો રંજ થયો અને એ જ અવસ્થામાં મેં એ કૂતરાનું બાણ દ્વારા મોઢું ભેદી નાખ્યું.

ભીલની આ વાતથી અર્જુનને એની શબ્દભેદી વિદ્યા પર ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે વિસ્મયની સાથે એ ભીલને પૂછ્યું કે હે કિરાત! એ તો બતાવ કે આ શબ્દભેદી વિદ્યા તેં કોનાથી શીખી છે? કોણ તારા યોગ્ય ગુરુ છે? આ સમયે તો કોઈ શબ્દ-ભેદી વિદ્યાના જાણકાર મને જણાતા નથી. અર્જુનની વાત સાંભળીને ભીલ બોલ્યો કે હે લક્ષ્મીના આલય! કાચની સાક્ષાત્ મૂર્તિ! શત્રુગણના નાશક! મારા ગુરુ દ્રોણાચાર્ય છે. મેં એમના પ્રસાદથી જ આ ઉત્તમ વિદ્યા મેળવી છે. આ વિદ્યા એમના સિવાય કોઈની પાસે નથી. તેઓ જ આ વિદ્યાની બધી વિધિ બતાવવાવાળા મારા સદ્‌ગુરુ છે, બીજું કોઈ નથી. તેના આ વચનો સાંભળીને સફલ મનોરથ પવિત્ર ચિત્ત કુશાગ્ર બુદ્ધિ અર્જુને મનમાં વિચાર કર્યો કે ક્યાં તો કુટુંબના લોકોની સાથે રંગમહેલમાં રહેવાવાળા, ઉત્તમ ભોગ ભોગવવાવાળા સૌમ્યમૂર્તિ, મિષ્ટભાષી રાજમાન્ય રાજપંડિત વિદ્વાન દ્રોણાચાર્ય અને ક્યાં આ નિર્દયી જીવ–સંહારક વિકરાળ મૂર્તિ વનમાં રહેવાવાળો ભીલ! આ બંનેનો સમાગમ થવો અત્યંત વિષમ છે. પછી અર્જુને કિરાતને પૂછ્યું કે તેં એ ઉત્તમ ગુણોવાળા દ્રોણાચાર્યને ક્યાં જોયા છે? તેના ઉત્તરમાં ભીલે કહ્યું કે અહીં એક સુંદર માટીનું પૂતળું છે, એ પૂતળાને મેં ગુરુ સમજીને આ વિદ્યા પ્રાપ્ત કરી છે. આમ કહીને ભીલ અર્જુનને એ પૂતળા પાસે લઈ ગયો અને દેખાડીને કહ્યું કે જુઓ, આ જ પવિત્ર આત્મા ધનુર્વિદ્યાના પારગામી દ્રોણ મારા

પરમ ગુરુ છે. એમના આશ્રયથી જ લોખંડ સોનું થઈ જાય છે જેવી રીતે પારસના સ્પર્શથી લોખંડ સોનું થઈ જાય છે. રાજન! હું સવારના ઊઠીને ગુરુત્વબુદ્ધિથી આ પૂતળાની પ્રતિદિન વંદના કરું છું, તેમના ગુણોના વિચારમાં મારો દિવસ-રાત સમય જાય છે. રાજન્! હું કાર્યના પ્રારંભમાં ગુરુ દ્રોણના અગણિત ગુણોનો વિચાર કરતો નમસ્કાર કરું છું. એ સમયે મારા હર્ષનો પાર નથી રહેતો કારણ કે કહ્યું છે કે **જે પવિત્ર-મન થઈને ગુરુબુદ્ધિથી પવિત્ર ચરણોની સ્થાપનાથી પવિત્ર થયેલા સ્થાનની સેવા-સુશ્રુષા-અર્ચના કરે છે એ પુરુષ પણ સંસારમાં ઉત્તમ સુખોનો ભોક્તા થાય છે. તેને પણ બધી વિદ્યા સહજમાં પ્રાપ્ત થઈ જાય છે.**

ભીલની આ વાત સાંભળીને અર્જુન મનમાં એની પ્રશંસા કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે સજ્જન પુરુષ કેટલાય પણ દૂર ન હોય પણ સત્પુરુષ તેમના ગુણને ગ્રહણ કરી જ લે છે, કારણ કે એમનો સ્વભાવ ગુણ ગ્રહણનો હોય છે, જેવી રીતે ચુંબકનો સ્વભાવ લોખંડ ખેંચવાનો હોય છે. હે ભીલ તું મહાન છો, મહામાન્ય છો, ગુરુભક્તિ પરાયણ છો અને ગુણવાનોમાં શ્રેષ્ઠ છો, ગુરુભક્તિનો આદર્શ સિદ્ધાંત છો. આ રીતે, અર્જુન એ ભીલની સ્તુતિ કરીને પોતાના મહેલમાં પાછો આવી ગયો. પરંતુ તેના હૃદયમાં એ ભીલવાળી ઘટનાએ ઉથલ-પાથલ મચાવી દીધી હતી. તે થોડીવાર મનને શાંત કરીને પછી ગુરુ દ્રોણાચાર્ય પાસે ગયો અને ગુરુને નમસ્કાર કરીને વનની બધી વાત કહી સંભળાવી અને અંતમાં કહ્યું કે હે ગુરુદેવ! એ ભીલ નિષ્ઠુર છે, દુરાત્મા છે, તેની બધી જ ચેષ્ટા નિંદ્ય છે, તે નષ્ટ બુદ્ધિ સર્વદા નિરપરાધિ જીવોને માર્યા કરે છે અને ઘોરાતિઘોર પાપ કરે છે. દુઃખની વાત તો એ છે કે એ માયાચારી આપના ઉપદેશનો સહારો લઈને અગણિત જીવોને વ્યર્થ જ માર્યા કરે છે.

અર્જુનના દુઃખભર્યા વચનો સાંભળીને દ્રોણના હૃદયમાં ખૂબ દુઃખ થયું અને એ વિચાર કરવા લાગ્યા કે આ દુષ્ટને આવા દુષ્કૃત્યથી રોકવાનો શો ઉપાય છે? થોડીવાર વિચાર કર્યા પછી તે તેનું દુષ્કૃત રોકવા માટે અર્જુનની સાથે વનમાં ચાલ્યા. રસ્તામાં ધનુર્ધારી ભીલોને જતાં જોઈને તેમની પાછળ તે જ વનમાં પહોંચી ગયા. ત્યાં પહોંચતા જ તેમને એ ભીલ સાથે મેળાપ થઈ ગયો. ભીલે તેમને ખૂબ વિનયથી નમસ્કાર કર્યા પરંતુ તે એ જાણતો ન હતો કે હું જેમને ગુરુ માનું છું એ જ આ ગુરુ દ્રોણાચાર્ય છે અને કપટરૂપ ધારણ કરીને આવ્યા છે. ત્યારબાદ, તે ભીલ ગુરુના ચરણોમાં વિનમ્ર થઈને બેસી ગયો. એ સમયે દ્રોણે તેને પૂછ્યું કે તું કઈ જાતિનો છે અને તારા ગુરુ કોણ છે? આ સાંભળી ભીલ મીઠા શબ્દોમાં બોલ્યો કે હું વનચર ભીલ છું અને વિવિધ કળા-વિશારદ દ્રોણાચાર્ય મારા ગુરુ છે. તેમના જ ચરણરજના પ્રસાદથી મેં આ સર્વ અર્થને આપવાવાળી આ ધનુર્વિદ્યા મેળવી છે. જો એ ગુરુના મને સાક્ષાત્ દર્શન મળી જાય તો હું મને સૌભાગ્યશાળી સમજીશ. એ વિશુદ્ધ આત્મા અત્યારે મારાથી પરોક્ષ છે તોપણ હું આ સમયે તેમની પ્રત્યક્ષરૂપે આરાધના કરું છું, તેમની ભક્તિ, વંદના, અર્ચના કરું છું. મારી ભક્તિવશ એ સદાય મારી દૃષ્ટિ સામે જ રહે છે, હું એમને એક ઘડી પણ નથી ભૂલતો. આ વાત સાંભળીને ફરી દ્રોણ બોલ્યા કે કિરાત! જો તું તારા ગુરુ દ્રોણને સાક્ષાત્ જોઈ શકે

તો તું એમની શું સેવા કરીશ? તેના ઉત્તરમાં ભીલે કહ્યું કે સ્વામિન્! જો હું તેમને આ સમયે પ્રત્યક્ષ જોઉં તો હું તેમના ચરણોમાં લોટપોટ થઈ જાવ અને તેમની વિવિધ પ્રકારે સેવા કરું. બીજું કાંઈ પરોપકાર કરવાનું તો મારામાં સામર્થ્ય નથી. મારા જેવા શક્તિહીન પુરુષોને ગુરુભક્તિ અને ગુરુસેવા જ પર્યાપ્ત છે. તેના કહેવાથી દ્રોણે કહ્યું કે તું દ્રોણના થોડા લક્ષણોથી ઓળખી શકે કે આ દ્રોણ છે કે નહીં? તેણે કહ્યું કે હા, હું ઓળખી લઈશ. દ્રોણ બોલ્યા કે સંસારના વિદ્વાનોમાં માન્ય સંસાર માટે હિતૈષી હું જ તારો ગુરુ દ્રોણાચાર્ય છું. તેમની વાત સાંભળીને ભીલ ખૂબ જ ખુશ થયો. તે સમયે તેનું મુખકમળ એકદમ વિકસિત થઈ ગયું. તેણે ગુરુદેવને અંગ નમાવીને અષ્ટાંગ નમસ્કાર કર્યા અને તેમના ચરણોની પૂજા કરી. **એ બરાબર જ છે કે ચિરકાળ બાદ શ્રેષ્ઠ ગુરુના મળવાથી કોણ એવો બુદ્ધિમાન શિષ્ય છે કે જે ભક્તિ ન કરે! વાસ્તવમાં ગુરુભક્તિથી જ વિદ્યા પ્રાપ્ત થાય છે. તેથી, જે મનુષ્ય વિદ્યા ઈચ્છે છે તેઓ ગુરુભક્તિ કરે તો જ એમને વિદ્યા પ્રાપ્ત થઈ શકે, અન્યથા નહીં.**

ત્યારબાદ, દ્રોણે ભીલને પૂછ્યું કે તું કુશળ તો છે? ઉત્તરમાં તે બોલ્યો કે નાથ! આપના ચરણના પ્રસાદથી હું કુશળ છું. મને કોઈપણ પ્રકારથી કષ્ટ નથી. આપના દર્શનથી મને ખૂબ જ પ્રસન્નતા છે. આ રીતે, દ્રોણે ભીલની પોતાના પ્રત્યે અત્યંત ભક્તિ અને પ્રીતિ જોઈ ત્યારે તે ન્યાયમાર્ગના વેત્તા બોલ્યા કે હે કિરાત! તું વનમાં વસનાર છો, વિઘ્નસમૂહનો નાશક છો, મારી સેવાવિધિ જ્ઞાયક છો અને મારી આજ્ઞાનો પાલક છો. તારા સમાન વિનયશીલ શિષ્ય મેં આજ સુધી નથી જોયો. તું મને ખૂબ જ સારો લાગે છો. હું અહીં તારી પાસે કાંઈ માંગવા આવ્યો છું શું એ વસ્તુ તું મને આપીશ? જો દેવાનું સ્વીકાર કરે તો માંગુ. ગુરુની આ વાત સાંભળીને ધ્રુજતો ભીલ બોલ્યો કે હે સ્વામીન્! આપે આ શું વાત કરી? હું તો બધી જ રીતે તમારી આજ્ઞાનો પાલક છું. મારા શક્તિહીન પાસે એવી કઈ વસ્તુ છે જે હું ગુરુદેવને ન આપી શકું! ભીલની વાત સાંભળીને દ્રોણ બોલ્યા કે સાંભળ, હું જે વસ્તુ ઈચ્છું છે એ તારી પાસે છે. તું દેવાની પ્રતિજ્ઞા કર તો તારી પાસે માંગુ. ઉત્તરમાં ફરી ભીલ બોલ્યો કે આપના માટે સર્વસ્વ અર્પણ કરી શકું છું. આપ નિઃસંકોચ થઈને કહો. દ્રોણે કહ્યું કે ઠીક છે. હું માંગુ છું કે તું તારા જમણા હાથનો અંગૂઠો મૂળથી કાપીને મને આપી દે, આ જ તારી ગુરુદક્ષિણા છે. આ વાત સાંભળીને ભક્તિવશ થઈને ગુરુની આજ્ઞા અનુસાર તેણે તરત જ આગળ-પાછળનું વિચાર્યા વિના જ પોતાના જમણા હાથનો અંગૂઠો મૂળથી કાપીને ગુરુને સોંપી દીધો. **બરાબર છે કે ગુરુભક્ત શિષ્ય માટે અંગૂઠો કાપીને આપવો એ કોઈ મોટી વાત નથી. તે તો પોતાનું જીવન પણ આપી શકે છે.**

દ્રોણ મૂળસહિત અંગૂઠાને મેળવીને ખૂબ જ સંતુષ્ટ થયા. ત્યારે તેણે તેનો અંગૂઠો કપાવાનો ઉદ્દેશ્ય ભીલને કહ્યો કે જમણા હાથના અંગૂઠા વિના હવે તું ધનુષ નહીં ચડાવી શકે. તેથી, તેનાથી જે તું વનના જીવોને મારીને પાપ ઉપાર્જન કરતો હતો તે પાપ હવે નહીં થાય. ત્યારબાદ, તેઓ વિચારવા લાગ્યા કે આ શબ્દભેદી વિદ્યા નીચ પાપી પુરુષને આપવી ક્યારેય પણ ઉચિત નથી. આ વિચારથી તેમણે તે વિદ્યાને યોગ્ય પાત્ર પાર્થને જ સમજ્યો અને તેને શબ્દભેદી વિદ્યામાં

પારંગત કરી દીધો અર્થાત્ તે વિદ્યા તેમણે તેને પરિપૂર્ણ રીતિથી શિખવાડી. ત્યારબાદ, તેઓ પાછા પોતાના નગરમાં ચાલ્યા આવ્યા અને ઘણા આનંદ સહિત ભોગ ભોગવતા થકા પોતાનો સમય વીતાવવા લાગ્યા. કૌરવ પણ અંતરંગ વિદ્વેષની ભાવના રાખીને બહાર મીઠા વચનો બોલીને સુખથી સમય વીતાવવા લાગ્યા.

ભીમના શરીરની કાંતિ સુવર્ણ જેવી ચમકીલી હતી. તે મોટા મોટા વિઘ્ન-સમૂહોને નષ્ટ કરવાવાળો હતો. તેના માટે વિષ અમૃતતુલ્ય, સર્પ કાંચળી સમાન અને અગાધ ગંગાનું પાણી ગોઠણ સુધી રહી ગયું હતું-એ બધું તેના પુણ્યનું જ મહત્ત્વ હતું. **પુણ્યવાન પુરુષ માટે સ્વતઃ સારા નિમિત્ત મળી જાય છે.** ધન-સંપત્તિ આદિ જેટલી પણ ભોગોપભોગની સામગ્રી છે એ પાછળ દોડતી ફરે છે.

એ અર્જુન સંસારમાં સુશોભિત થાય કે જેની કીર્તિ જગતવ્યાપિ થઈ રહી છે, જે બધા અનર્થોને દૂર કરવાવાળો છે, જે ધર્મ અને અર્થને ઉપાર્જન કરવાવાળો છે તથા ન્યાય-નીતિમાર્ગનો જાણનાર છે. જે ધનુર્વિદ્યાનો પ્રકાંડ વિદ્વાન છે, શબ્દ-ભેદી વિદ્યાનો પૂર્ણ જ્ઞાતા છે, જેનો સંસારમાં કોઈ પણ વેરી નથી એવો એ શૂરવીર પાર્થ સંસારમાં પ્રસિદ્ધ થાય!

**॥ અધ્યાય અગિયારમો સમાપ્ત ॥**

**આ સંસારમાં વિષયાંધ જીવોએ કૌતુહલપૂર્વક ભોગવી ભોગવીને છોડેલાં પદાર્થોને મોહમૂઢ જીવ ફરી ફરી ઈચ્છે છે. તું એ પરવસ્તુરૂપ ભોગાદિમાં એટલો તીવ્ર રાગી થયો છે કે તેને તું વારંવાર આશ્ચર્યયુક્ત ભોગાદિમાં એટલો તીવ્ર રાગી થયો છે કે તેને તું વારંવાર આશ્ચર્યયુક્ત અને મહત્ત્વપૂર્ણ દૃષ્ટિએ જોઈ રહ્યો છે કે જાણે આ ક્ષણ પહેલાં એ ભોગાદિ પદાર્થો પૂર્વે મેં ક્યારેય દીઠાં નથી કે અનુભવ્યાં નથી. પણ ભાઈ! એ ભોગાદિ પદાર્થો તેં પૂર્વે અનંતવાર ભોગવ્યાં છે. અરે! તેં એકલાએ જ નહિ પણ અનંત જીવોએ અનંતવાર તારા જ વર્તમાન- અભિલાષીત ભોગાદિક પદાર્થો ભોગવ્યાં છે ને છોડ્યા છે પણ ભાઈ! તેની તને કાંઈ પણ સુધ રહી નથી, તેથી જ એ તારી તથા બીજા અનંત જીવોની અનંતવાર છોડેલી ઉચ્છીષ્ટ (એંઠ)ને તું વારંવાર ફરી ફરી આદરયુક્ત ભાવે અને આશ્ચર્યયુક્તપણે ગ્રહણ કર્યા કરે છે.**

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૫૦)*

# અધ્યાય બારમો

એ પદ્મપ્રભ જિનેન્દ્રને મારા નમસ્કાર છે કે જેઓ અંતરંગ અને બહિરંગ લક્ષ્મીના સ્વામિ છે, જેમના શરીરની કાંતિ લાલ કમળ સમાન દૈદીપ્યમાન છે, જે પદ્મના ચિહ્નથી ચિહ્નિત છે તથા કેવળજ્ઞાન થયા પછી જેમના ચરણકમળની નીચે દેવતાગણ ભક્તિવશ સુવર્ણકમળ રચે છે.

આટલી કથા થઈ ગયા બાદ શ્રેણિક મહારાજે ગૌતમસ્વામીને પ્રશ્ન કર્યો કે હે નાથ! જે સમયની આ કથા છે તે સમયે યાદવોની વિભૂતિ કેવી હતી? તેઓ ક્યાં રહેતા હતા? શું કરતા હતા? તેના ઉત્તરમાં પરમ કૃપાળુ ગૌતમસ્વામીએ પોતાની પરમ વાણી દ્વારા કહ્યું કે હે શ્રેણિક! હવે તને યાદવોનું ચરિત્ર કહું છું તે તું ધ્યાનથી સાંભળ.

એક સમયે અંધકવૃષ્ટિ સંસારથી વિરક્ત થઈ ગયા. તેણે તેના મોટા પુત્ર સમુદ્રવિજયને રાજ્ય આપી દીધું અને સ્વયં ગુરુની પાસે જઈ દીક્ષા ધારણ કરી લીધી. સમુદ્રવિજયને એક નાનો ભાઈ વસુદેવ હતો. એક દિવસ એ ગંધસિંધુર નામના હાથી ઉપર બેસીને વનક્રીડા કરવા ગયો હતો અને સાથે સેના હતી. તેના ઉપર ચમર ઢોળાઈ રહ્યા હતા. શરીર એક તો સ્વતઃ સુંદર હતું. ઉપરથી વિવિધ પ્રકારના આભૂષણ પહેર્યા જેથી અધિક સુશોભિત થતો હતો. તેની અનુપમ સુંદરતાને જોઈને શહેરની સ્ત્રીઓ પોતપોતાનું કામ છોડીને તેને જોવામાં તન્મય થઈ ગઈ હતી, તેઓએ પોતાની સુધબુધ બધી ખોઈ નાખી. કેટલીએ લલનાઓ તો પોતાના પતિને ભોજન કરાવતી કરાવતી તો કોઈ પોતાના છોકરાને દૂધ પીવડાવતી પીવડાવતી જ તેને જોવા માટે ઘરથી બહાર નીકળી ગઈ. આવી અવસ્થાથી કંટાળીને નગરના પંચ લોકોએ રાજાને આ સંબંધી વિનમ્ર પ્રાર્થના કરી અને રાજાએ પણ તેમની આ પ્રાર્થના સાંભળીને તેમને આશ્વાસન આપ્યું અને કહ્યું કે હવેથી કુમાર ઘરના બગીચામાં જ ક્રીડા કરશે. એ વ્યવસ્થા પણ રાજાએ કરાવી દીધી.

એક દિવસ કુમાર વસુદેવ પોતાના ઘરના બગીચામાં ક્રીડા કરી રહ્યા હતા. તે જ સમયે નિપુણમતિ નામના એક નોકરે તેમને વનમાં જવાથી રોકવાની વાત કહી દીધી. આ સાંભળી વસુદેવે પૂછ્યું કે મને વન જવાથી કોણે રોક્યો છે? પછી એ નોકરે બનેલી બધી વાત કુમારને કહી દીધી. કુમાર એની બધી વાત સાંભળીને બહાર જવા માટે પ્રયત્નશીલ થયા અને જેવા આગળ વધ્યા કે દ્વારપાળે તેમને રોકી દીધા અને કહ્યું કે રાજાની આજ્ઞા વિના આપ બહાર નથી જઈ શકતા. ત્યારે કુમારે પોતાને બંધનયુક્ત સમજી લીધો. ત્યારબાદ, એક દિવસ રાત્રીના કોઈ સમયે વિદ્યા સાધવાના છળથી ઘોડા ઉપર સવાર થઈને નગરની બહાર નીકળ્યા. તે ત્યાંથી નીકળીને સીધા સ્મશાનમાં ગયા. ત્યાં તેણે એક મડદાને

પોતાના બધા આભૂષણ પહેરાવી દીધા અને તેને સળગાવીને પોતે છુપાઈને આગળ નીકળી ગયા. તે ભ્રમણ કરતાં કરતાં વિજયપુર પહોંચ્યા. રસ્તાના થાકથી ખૂબ જ ત્રસ્ત થઈ ગયા હતા. તેથી તે પોતાની થકાવટ દૂર કરવા માટે એક અશોકવૃક્ષની નીચે બેસી ગયા.

ત્યાં મગધદેશના રાજા તરફથી એક ભીલ રહેતો હતો. ભીલને નિમિત્તજ્ઞ દ્વારા જણાવેલા નિમિત્તની સૂચના આપવામાં આવી હતી. કુમાર અશોકવૃક્ષની નીચે બેસતાં જ તે તરત જ રાજાની પાસે ગયો અને તેમને કુંવરના આવ્યાની સૂચના આપી. એ જ સમયે કુમારને લેવા માટે રાજા ત્યાં આવ્યા અને ઘણા ઠાટમાટ સાથે કુમારને લઈ ગયા અને લઈ જઈને પોતાની કન્યા સ્તોમલાના લગ્ન કરી દીધા. વિવાહના થોડા દિવસ સુધી તો કુમાર ત્યાં આનંદથી રહ્યા. પછી મોકો મળતા જ ત્યાંથી ચાલી નીકળ્યા અને પુણ્યરમ્ય નામના ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં તેણે એક મદોન્મત્ત હાથીનું મદ ઉતારીને તેની સાથે ક્રીડા કરી. કુમારની આ ક્રીડા જોઈને એક વિદ્યાધર તેમને વિજયાર્ધ પર્વતના કિન્નર ગીતપુરમાં લઈ ગયો. ત્યાં અગ્નિવેગ રાજા હતો જેની સ્ત્રીનું નામ પવનવેગા હતું. તેમને શ્યામા નામની એક પુત્રી હતી. તેની સાથે કુમારના વિવાહ થયા. શ્યામાની સાથે ઈચ્છિત ભોગ ભોગવતા થોડા દિવસ તો ત્યાં જ રહ્યા. એક રાત્રીએ એક દુષ્ટ અંગારક નામનો વિદ્યાધર તેમને ઉપાડી ગયો. શ્યામાને જ્યારે ખબર પડી તો તે સચેત થઈ અને પોતાના હાથમાં ઢાલ અને તલવાર લઈને તે દુષ્ટ વિદ્યાધરની પાછળ ઝડપથી ભાગી અને ખૂબ જોરથી ગુસ્સાથી અવાજ કર્યો કે જેથી શ્યામાથી ડરીને વિદ્યાધરે વસુદેવને આકાશથી નીચે છોડી દીધો. આ જોઈ શ્યામાએ તેમના માટે પર્ણલબ્ધિ નામની વિદ્યાને મોકલી. એ વિદ્યાએ જિનદેવનું સ્મરણ કરતાં વસુદેવને પડવામાં સહારો આપ્યો કે જેથી તે ચંપાપુરીના તળાવમાં પડ્યા.

તળાવમાંથી નીકળીને તે ચંપાપુરી પહોંચ્યા. ત્યાં તે સમયે ચારુદત્તની પુત્રી ગંધર્વદત્તાનો સ્વયંવર ચાલી રહ્યો હતો. તે પણ સ્વયંવરના સમાચાર સાંભળીને સભા-મંડપમાં પહોંચી ગયા. ગંધર્વદત્તા વીણા વગાડવામાં અને ગાનવિદ્યામાં ખૂબ જ ચતુર હતી. વસુદેવે ગંધર્વદત્તાથી કહ્યું કે હે સુમુખે! નિર્દોષ પ્રમાણથી બનેલી વીણા મને આપો કે જેથી હું તારા મનમાફિક્ વગાડી શકું. આ સાંભળીને ગંધર્વદત્તાએ તેમને ત્રણ-ચાર વીણા આપી. પરંતુ વસુદેવે તેમાં કોઈ દોષ કાઢ્યો અને પાછી આપી દીધી. અંતમાં ગંધર્વદત્તાએ એક ઘોષવતી નામની નિર્દોષ વીણા તેમને આપી. એ લઈને કુમારે એ વીણા એવી ખૂબીથી વગાડી કે જેને સાંભળીને ગંધર્વદત્તા ખૂબ જ પ્રસન્ન થઈ અને વરમાળા વસુદેવના ગળામાં નાખી દીધી. આ રીતે, કુમાર દ્વારા પરાજિત કરવામાં આવેલી ગંધર્વદત્તા એ સમયે ખૂબ જ વધારે પ્રસન્ન દેખાતી હતી. તે પોતાની હારને જીત કરતાં પણ વધારે સરાહનીય સમજતી હતી. આ રીતે, ચારુદત્તે તે કન્યાના વસુદેવ સાથે લગ્ન કરાવી દીધા. વસુદેવ પણ આ લગ્નથી ખૂબ પ્રસન્ન થયા. તેઓ થોડા દિવસ ત્યાં આનંદથી રહ્યા. પછી એ વિજયાર્ધ પર્વત ઉપર ગયા. ત્યાં એ પુણ્યશાળીએ વિદ્યાધરોની સાતસો કન્યાઓ સાથે લગ્ન કર્યા. બરાબર છે કે **પુણ્યનો ઉદય થતાં સંસારમાં એવી કઈ વસ્તુ છે જેનું મળવું તેને અલભ્ય હોય!**

ત્યાંથી આગળ ચાલીને તે અરિષ્ટપુર નામના નગરમાં પહોંચ્યા. ત્યાં રાજા હિરણ્યવર્મા અને તેની સ્ત્રીનું નામ પદ્માવતી હતું. તેમને રોહિણી નામની પુત્રી હતી કે જે રૂપ અને ગુણોથી ચંદ્રની રોહિણી લાગતી હતી. ત્યાં તેનો સ્વયંવર ચાલી રહ્યો હતો. દેશ-વિદેશોથી ઘણા રાજાઓ ત્યાં સ્વયંવર માટે આવી રહ્યા હતા. વસુદેવ પણ સ્વયંવરમંડપમાં પહોંચી ગયા અને ત્યાં પોતાને યોગ્ય એક સ્થાનપર બેસી ગયા. ત્યારબાદ, હાથમાં વરમાળા લઈને તે કન્યા સ્વયંવર-મંડપમાં આવી અને તે બધા જ રાજાઓને છોડીને આગળ ચાલીને જ્યાં વસુદેવ બેઠા હતા ત્યાં આવી અને તેમને જોતા જ તેના હૃદયમાં પ્રીતિ-સંચાર થઈ ગયો અને ખૂબ જ ઉમંગ સાથે તેમના ગળામાં વરમાળા નાખી દીધી. આ જોઈને પ્રકૃતિથી જ દુષ્ટ કેટલાક રાજાઓને ક્ષોભ થયો અને તેઓ યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા. સમુદ્રવિજય આદિ રાજા પણ પોતાની માનમર્યાદા છોડીને યુદ્ધ કરવા માટે સાગર સમાન ઉમટી પડ્યા. સમુદ્રવિજયને પરિચય થઈ જાય એ માટે વસુદેવે સૌ પ્રથમ એક બાણ છોડ્યું કે જેમાં પોતાનું નામ લખ્યું હોય. સમુદ્રવિજયે એ બાણ ઉપર લખેલા અક્ષરો વાંચીને તરત જ યુદ્ધ બંધ કરાવી દીધું અને પોતાના બધા ભાઈઓ સહિત વસુદેવને મળીને પરમ આનંદને પ્રાપ્ત થયા. ત્યારબાદ, બધા ભાઈઓએ મળીને ખૂબ જ હર્ષપૂર્વક પોતાના નાનાભાઈ વસુદેવનો વિવાહ-મહોત્સવ ઘણા આનંદથી કર્યો. એ બંને દંપતિ ત્યાં પ્રીતિપૂર્વક આનંદથી સમય વ્યતીત કરવા લાગ્યા.

એક દિવસ રોહિણીએ શુભ સ્વપ્નાઓને જોયા પછી શુક્ર નામના સ્વર્ગમાંથી ચ્યુત થયેલા એક પુણ્યશાળી દેવને ગર્ભમાં ધારણ કર્યો અને ક્રમથી જ્યારે ગર્ભના નવ મહિના પૂર્ણ થયા ત્યારે બળભદ્ર નામના વિશેષ પુણ્યશાળી પુત્રને જન્મ આપ્યો. ત્યારબાદ, તે બધા યાદવો વસુદેવ સહિત સુરપુરમાં આનંદપૂર્વક રહેવા લાગ્યા.

એક દિવસ જરાસિંઘને જોવાની ઈચ્છાથી વસુદેવ વીર કંસની સાથે રાજ્યગૃહમાં આવ્યા. ત્યાં તેણે જરાસિંઘની એ આજ્ઞા સાંભળી કે જે રાજા સુરમ્યદેશના પોદનાપુરથી રાજા સિંહરથને રણમાં જીતીને બાંધીને મારી સન્મુખ લાવશે તેને હું મારી પુત્રી જીવંદ્યશા આપીશ અને સાથે મારું અડધું રાજ્ય પણ આપીશ. જરાસિંઘની આ આજ્ઞા સાંભળીને ત્યાં જેટલા પણ રાજા હતા તે ચૂપચાપ પોતાના ઘરમાં બેઠા રહ્યા. કોઈને એ સાહસ ન થયું કે એ સિંહરથ સાથે યુદ્ધ કરે. પરંતુ આ આજ્ઞા સાંભળીને વસુદેવથી ન રહેવાયું. તે તરત જ જરાસિંઘનો આજ્ઞાપત્ર મેળવતા જ કંસ સહિત સાથે થોડી સેના લઈને ત્યાંથી નીકળી પડ્યા અને પોતાની વિદ્યાના બળથી સિંહોનો રથ બનાવીને તેના ઉપર આરૂઢ થઈને વાત-વાતમાં તેણે સિંહરથને યુદ્ધમાં જીતીને બાંધી લીધો અને લાવીને જરાસિંઘની પાસે ઉપસ્થિત કર્યો. જરાસિંઘને વસુદેવના કાર્યથી ઘણી પ્રસન્નતા થઈ. તે પોતાની પ્રતિજ્ઞા અનુસાર પોતાની પુત્રી જીવંદ્યશાને અને અડધા રાજ્યને વસુદેવને આપવા માટે વ્યવસ્થા કરવા લાગ્યા. પરંતુ વસુદેવે એ કન્યાને કુલક્ષણ જાણીને જરાસિંઘને કહ્યું કે શત્રુને મેં નથી જીત્યો પરંતુ મારા મિત્ર મહાબલિ કંસે જીત્યો છે અને તે જ તેને બાંધીને અહીં લાવ્યો છે. તેથી, તે જ પુત્રી પ્રાપ્ત કરવાને અધિકારી છે. તેથી તેને જ પુત્રી આપો.

વસુદેવની વાત સાંભળીને જરાસિંઘ વિચારમાં પડી ગયો કે આ વ્યક્તિ કોણ છે? એનું નામ શું છે? તેનું કુળ અને જાતિ કઈ છે? પછી તેણે કંસને પૂછ્યું કે તમારા માતા-પિતાનું નામ શું છે? તેણે ઉત્તર આપ્યો કે મારી મા મંદોદરી છે. આ સાંભળીને જરાસિંઘે મંદોદરીને બોલાવી. તે પોતાની સાથે એક સંદૂક લઈને આવી અને એ સંદૂકને રાજા સામે રાખીને બોલી કે મહારાજ! આ સંદૂક મને યમુના નદીના કિનારે વહેતું મળ્યું હતું. આ જ સંદૂકમાં આ બાળક મળ્યો. તેમાં એક પત્ર પણ હતો જેનાથી મેં તેની ઉત્તમ કુળ-જાતિનો નિર્ણય કર્યો અને એ પણ જાણ્યું કે એ રાજા ઉગ્રસેન અને તેમની રાણી પદ્માવતીનો પુત્ર છે. મેં તેનું નામ કંસ રાખ્યું છે. મેં તેનું લાલન-પાલન કર્યું છે પણ વાસ્તવમાં તેની માતા તો પદ્માવતી જ છે. મંદોદરીની આ વાત સાંભળીને જરાસિંઘને સંતોષ થયો અને પ્રસન્ન થઈને તેણે તેની પુત્રીના લગ્ન તેની સાથે કરી દીધા અને સાથે અડધું રાજ્ય પણ આપી દીધું. ત્યારબાદ, કંસ પોતાના પિતાથી બદલો લેવા માટે ઘણી સેના સાથે મથુરા આવ્યો અને ક્રોધાવેશ થઈને તેના માતા-પિતાને બાંધીને કેદ કરી લીધા અને સ્વયં મથુરાનું રાજ્ય કરવા લાગ્યો. કંસને વસુદેવ ઉપર ખૂબ જ પ્રેમ હતો તેથી તેણે વસુદેવને મથુરા જ બોલાવી લીધો.

મૃગાવતી એક સુંદર દેશ છે. તેમાં દશાર્ણ નામનું એક નગર છે. તેમાં ઉગ્રસેન નામનો રાજા રહેતો હતો. તેની રાણીનું નામ ધનદેવી હતું. તે બંનેને દેવકી નામની પુત્રી હતી કે જેના વચન કોયલ સમાન મીઠા હતા, નેત્ર મૃગ સમાન ચંચળ હતા. કંસે પ્રેરણા કરીને તેના લગ્ન વસુદેવ સાથે કરાવ્યા. સમય જતા વસુદેવના નિમિત્તે દેવકીને ત્રણ વાર યુગલથી છ પુત્ર થયા. કૃષ્ણનો જન્મ થતાં જ વસુદેવ બળભદ્રની સંમતિ અનુસાર તેને કંસના ભયથી ગોકુળમાં નંદગોપ અને યશોદાને ત્યાં છોડી આવ્યા કે જેથી તેનું ભલી રીતે નિર્ભિકતાથી લાલન-પાલન થાય. પુણ્યના યોગથી નંદગોપને ત્યાં સારી રીતે પાલન થતું રહ્યું. થોડા જ દિવસોમાં તે ખૂબ જ ચતુર અને કળાદિ ગુણોથી યુક્ત થઈ ગયો. તેની કીર્તિ ચારે બાજુ ફેલાઈ ગઈ. તે શૂરવીરોમાં પ્રમુખ ગણાવા લાગ્યો. તેણે થોડા જ સમયમાં ચાણૂર અને કંસનો નિગ્રહ કરી મથુરાનું રાજ્ય પ્રાપ્ત કર્યું અને ઘણા આનંદપૂર્વક યાદવોની સાથે સુખથી રહેવા લાગ્યો.

રૂપાચલ પર્વત ઉપર એક સુંદર રથનૂપુર નામનું નગર છે. તેનો રાજા સુકેતુ અને પ્રિયા સ્વયંપ્રભા હતી. તેને સત્યભામા નામની એક પુત્રી હતી કે જે અતિ સુંદર અને ગુણાઢ્ય હતી. તે પોતાના શરીરની શોભાથી ઈન્દ્રની ઈન્દ્રાણીનું પણ માનભંગ કરતી હતી. તેની અનુપમ સુંદરતાને જોઈને તેના પિતા સુકેતુએ કોઈ એક વિચિક્ષણ નિમિત્તજ્ઞને પૂછ્યું કે આનો પતિ કોણ હશે? ઉત્તરમાં તેણે કહ્યું કે આ ત્રણ ખંડના અધિપતિ શ્રીકૃષ્ણ નારાયણની પટ્ટરાણી થશે. નિમિત્તજ્ઞની આ વાત સાંભળીને માતા-પિતાને ખૂબ જ હર્ષ થયો. તેમણે એક ચતુર દૂતની સાથે પત્ર અને ભેટ મોકલાવીને સત્યભામાના કૃષ્ણની સાથે લગ્ન કરવાની પ્રાર્થના કરી. કૃષ્ણએ પ્રાર્થનાનુસાર સત્યભામા સાથે લગ્ન કર્યા. આ કાર્ય કર્યા બાદ રાજા સુકેતુ સંસારથી વિરક્ત થઈ ગયા. કૃષ્ણ સુંદરી સત્યભામાને મેળવીને સુખથી ભોગ ભોગવવા લાગ્યા. આ પ્રસંગ પર રાજા ઉગ્રસેનને મથુરાના રાજા બનાવીને કૃષ્ણ યાદવોની સાથે સૌરીપુર ચાલ્યા ગયા.

ત્યારબાદ, પોતાની પુત્રી જીવંદ્યશાના મુખથી જ્યારે કંસના મરવાના સમાચાર જરાસિંધે સાંભળ્યા ત્યારે તેને યાદવો પર ખૂબ જ ક્રોધ આવ્યો અને ક્રોધના આવેશમાં એ જ સમયે તેણે પોતાના પુત્રોને યાદવો સાથે યુદ્ધ કરવા મોકલ્યા. પરંતુ એ યાદવો સામે ટકી ન શક્યા અને બધા જ મરાઈ ગયા. આ સમાચાર સાંભળીને જરાસિંધનું માથું વધારે ગરમ થઈ ગયું અને તેણે ૩૪૬ મહાયોદ્ધા સાથે પોતાના બળવાન પુત્ર અપરાજિતને યુદ્ધ કરવા મોકલ્યો. પરંતુ યાદવોની શૂરવીરતા અને યુદ્ધ-કુશળતા સામે તેમનું પણ કાંઈ ન ચાલ્યું અને તેઓ પણ વીરગતિ-મૃત્યુને પ્રાપ્ત થઈ ગયા. આ વખતે આ દુઃખમય સમાચાર સાંભળીને જરાસિંધ સ્વયં કવચાદિ પહેરીને યાદવોની સાથે યુદ્ધ કરવા ગયો. આ સમાચાર સાંભળીને યાદવો ખૂબ જ ડરી ગયા અને તેઓ પોતાનું નગર છોડીને ભાગી ગયા. આ જોઈ જરાસિંધ તેની પાછળ પડ્યો. પરંતુ કોઈ છળ દ્વારા જરાસિંધને પાછળ રાખી દીધો અને યાદવો પશ્ચિમ દિશાના સમુદ્રકિનારે આવી ગયા જેથી તેઓ ત્યાં નિરાપદ કાળ વ્યતીત કરી શકે.

ત્યારબાદ, કૃષ્ણએ સમુદ્રમાં રસ્તો મેળવવાની કામનાથી સવિધિ આઠ ઉપવાસ કર્યા. વ્રતના પ્રતાપથી તેમની પાસે એક નૈગમ નામનો અસુર આવ્યો અને આવીને નિવેદન કર્યું કે હે પ્રભો! આપ આ અશ્વભેખધારી દેવ પર સવાર થઈને સમુદ્રમાં જાવ ત્યાં તમને સ્થાન મળશે. અસુરની વાત સાંભળીને નારાયણે એમ જ કર્યું. નારાયણે જ્યાં સમુદ્રમાં પગ મૂક્યો કે એમના પુણ્યના પ્રતાપથી સમુદ્રનું જળ સ્થળ-જમીન જેવું થઈ ગયું. **બરાબર જ છે કે ભાગ્યશાળી જ્યાં પણ જાય છે ત્યાં એમના પ્રયોજનની સિદ્ધિ થઈ જાય છે.** નારાયણ સમુદ્રમાં થઈને જ્યાં પણ જતાં હતા સમુદ્રનું પાણી તેમને રસ્તો આપી દેતું હતું. નારાયણ ત્યાં પહોંચ્યા કે જ્યાં ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે નેમિનાથ ભગવાનના ઉત્પન્ન થવા માટે બાર યોજન લાંબી-પહોળી એક નગરીની રચના કરી હતી. એ નગરીની ચારેબાજુ ચમકતા વિશાળ કોટ અને એ કોટમાં સુંદર સ્તંભવાળા દરવાજા બનાવેલ હતા તથા જેની ચારે બાજુ ખાઈ ખોદવામાં આવી હતી. નગરીની અંદર યાદવોને રહેવા માટે સુંદર મહેલો બનાવવામાં આવ્યા હતા. ક્યાંક વાવ, ક્યાંક તળાવ તથા ક્યાંક જિનમંદિરોની ભવ્ય રચના કરવામાં આવી હતી. એ નગરી અનેક મનોહર દરવાજાઓથી યુક્ત હતી તેથી તે નગરી દ્વારિકા નામથી પ્રસિદ્ધ થઈ. દ્વારિકા નગરી પોતાની શોભાથી ઈન્દ્રપુરીને પણ જીતતી હતી. એ નગરીમાં સમુદ્રવિજય આદિ યાદવ કૃષ્ણ સહિત રહેતા હતા.

ત્યાં સુખેથી નિવાસ કરવાવાળા સમુદ્રવિજયની અપૂર્વ શોભા હતી. તે શત્રુઓને જીતવાવાળા, માન-મત્સર રહિત, ઈન્દ્રિય-વિજય, સ્વાર્થ અને પરમાર્થ સિદ્ધ કરવાવાળા, પવિત્રમન, જિનેન્દ્રભક્ત અને ઉદારચિત્ત હતા. તેમને શિવાદેવી નામની ભાર્યા હતી કે જે સંસારને આનંદ આપવાવાળી અને બુદ્ધિમતી હતી.xxxxx તે જગતની સુંદરીઓમાં મુકુટમણિ હતી, રાજાની ઈચ્છાઓને અનુકૂળ વર્તવાવાળી હતી, તેમને બધી જ રીતે પ્રસન્ન રાખતી હતી. આ રીતે, એ દંપતિ આનંદપૂર્વક સુખ ભોગવતા થકા સમય વ્યતીત કરતા હતા.



એક સમયે સૌધર્મ ઈન્દ્રએ અવધિજ્ઞાનથી જાણી લીધું કે હવે ભગવાનને ગર્ભમાં આવવાને છ મહિના બાકી રહ્યા

છે તો તેણે કુબેરને આજ્ઞા કરી કે તમે જાઓ અને દ્વારિકામાં રત્નોની વર્ષા કરો. કુબેરે ઈન્દ્રની આજ્ઞા પ્રમાણે રત્નોની વર્ષા કરી. તેણે પંદર મહિના–છ મહિના ગર્ભની પૂર્વે અને નવ મહિના ગર્ભના–સુધી દિવસમાં ત્રણ વાર રત્નોની વર્ષા કરી. આકાશથી પડતા રત્નો એવા લાગતા હતા કે માનો જિનેન્દ્ર ભગવાની માતાને જોવા માટે સ્વર્ગથી મૂર્તિમાન લક્ષ્મી જ આવી હોય અથવા એમ કહો કે ત્યાંના વિશાળ ભવ્ય જિનમંદિરોને જોવાની ઈચ્છાથી જ્યોતિષી દેવો જ આવ્યા હોય. રત્નોની વર્ષાથી ભગવાનના મહેલનું આંગણ પરિપૂર્ણ ભરાઈ ગયું. એ જોઈને લોકો એમ જ કહેતા કે જુઓ! આ બધું ધર્મનું જ ફળ છે.

એક દિવસ શિવાદેવી રાત્રિના પાછલા પહોરમાં સૂખેથી સુતા હતા તે સમયે તેમણે સોળ શુભ સ્વપ્ન જોયા. એ સ્વપ્નાઓ આ પ્રમાણે હતા : (૧) મદોન્મત્ત ઐરાવત હાથી, (૨) મહા પ્રચંડ સફેદ બળદ, (૩) ચંદ્રમા સમાન ઉછળતો કેસરી સિંહ, (૪) કમળયુક્ત કળશો દ્વારા બે હાથી જેનો અભિષેક કરી રહ્યા છે એવી લક્ષ્મી, (૫) બે પુષ્પમાળા, (૬) તારાગણ સહિત ચંદ્રમા, (૭) પ્રતાપી સૂર્ય, (૮) સુવર્ણના બે કળશ, (૯) બે માછલી, (૧૦) તળાવ, (૧૧) ગંભીર શબ્દ કરતો સમુદ્ર, (૧૨) ઉન્નત સિંહાસન, (૧૩) દીર્ઘ વિમાન, (૧૪) ધરણેન્દ્રનું ભવન, (૧૫) રત્નોનો ઢગલો અને (૧૬) ધૂમાડા રહિત અગ્નિ. આ સ્વપ્ના જોયા પછી તેમણે એક હાથીને પોતાના મુખમાં પ્રવેશ કરતા જોયો.

સ્વપ્ના જોઈને માતાની નિદ્રા ભંગ થઈ ગઈ હતી. આ બાજુ પ્રાતઃકાલીન વાજાઓનો મધુર નાદ થવા લાગ્યો હતો. દેવાંગનાઓ સુમધુર મંગળ ગીત ગાવા લાગી જેનો અવાજ તેમના કાને પડ્યો. દેવાંગનાઓએ તેમને જાગતા જોઈને તેમની સ્તુતિ કરવાનું ચાલુ કર્યું કે હે માતા! જેવી રીતે તમારા મુખની કાંતિથી માનસિક અંધારારૂપ અજ્ઞાન દૂર થઈ જાય છે એવી રીતે રાત્રીના અંધકારને નષ્ટ કરીને આ સૂર્ય પૂર્વ દિશાથી ઉદયમાન થાય છે અને તમારા ગર્ભસ્થ બાળકની જેમ પોતાના કિરણો ફેલાવતો સંસારને કર્તવ્ય-કાર્યનું જ્ઞાન કરાવે છે. દેવી! તમારા માટે આ સવાર મંગલમય હો! દેવાંગનાઓના વચનો સાંભળીને માતા કોમળ શય્યા ઉપરથી ઊઠી અને પ્રાતઃકાલીન ક્રિયાઓ કરી ચૂક્યા બાદ વસ્ત્રાભૂષણથી સુસજ્જ થઈ તે પોતાના સ્વામી રાજા સમુદ્રવિજય પાસે ગઈ. ત્યાં પહોંચીને તેમણે મહારાજને નમસ્કાર કર્યા અને તેમની આજ્ઞાનુસાર અડધા સિંહાસન પર બેસી ગયા. તે સમયે શિવાદેવી અત્યંત પ્રસન્ન દેખાતી હતી. તેમણે વિનમ્ર શબ્દોમાં જોયેલા સ્વપ્ન મહારાજને કહ્યા અને તેનું ફળ જાણવા નિવેદન કર્યું.

પુણ્યશાળી સમુદ્રવિજયે ઉત્તરમાં સ્વપ્નાઓનું ફળ આ રીતે કહ્યું કે પહેલાં સ્વપ્નમાં જે હાથી જોયો છે તેનું ફળ એ છે કે તમને એક પ્રતાપશાળી પુત્ર થશે, બીજા સ્વપ્નના ફળમાં તે સંસારમાં સર્વશ્રેષ્ઠ થશે, સિંહ જોવાથી એ ખૂબ પરાક્રમી થશે, માળા જોવાથી એ ધર્મતીર્થનો પ્રવર્તક થશે, લક્ષ્મીને જોવાથી એ પુત્રનો અભિષેક સુમેરુ પર્વત ઉપર થશે, ચંદ્ર જોવાથી સંસારને આનંદ આપવાવાળો શાંતિયુક્ત થશે, સૂર્ય જોવાથી અત્યંત તેજસ્વી થશે, કુંભ જોવાથી નિધિઓનો ભોક્તા થશે, માછલી જોવાથી સુખી થશે, તળાવ જોવાથી રાજ્યનો ભોક્તા થશે, આકાશથી આવતું વિમાન જોવાથી એ

સ્વર્ગમાંથી આવ્યો છે, ધરણેન્દ્ર-ભવન જોવાથી અવધિજ્ઞાનનો ધારક જ ઉત્પન્ન થશે, રત્નોની રાશી જોવાથી ગુણોની ખાણ, ધૂમાડા રહિત અગ્નિ જોવાથી કર્મોને અગ્નિની જેમ બાળવાવાળો થશે, હાથીના જોવાથી ગર્ભમાં આવશે અને ધર્મને પ્રવર્તાવશે.

આ પ્રકારે સ્વપ્નાનું ફળ સાંભળીને શિવાદેવી ખૂબ જ પ્રસન્ન થઈ અને તે રોમાંચિત થઈ ગઈ. રાણીએ કાર્તિક સુદ-૬ના દિવસે પાછલી રાત્રે ઉત્તરાષાઢ નક્ષત્રમાં ગર્ભ ધારણ કર્યો. તે સમયે પ્રભુને ગર્ભમાં આવેલા જાણીને સ્વર્ગના દેવો પોતાના ચિહ્નો સહિત ગર્ભકલ્યાણક ઉજવવા માટે ત્યાં આવ્યા અને ગર્ભકલ્યાણકની બધી જ ક્રિયાઓ કરીને પાછા પોતાના સ્થાને ચાલ્યા ગયા. પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી ઈન્દ્રએ છપ્પન કુમારિકા દેવીઓ માતાની સેવા કરવા માટે મોકલી દીધી. તેઓ ગર્ભ સમયની ક્રિયાઓને કરવામાં ખૂબ જ દક્ષ હતી. શ્રી દેવીએ માતાને શ્રી-શોભા આપી, હ્રી દેવીએ લજ્જા આપી, ધૃતિ દેવીએ ધૈર્ય આપ્યું, કીર્તિદેવીએ કીર્તિ આપી, બુદ્ધિદેવીએ બુદ્ધિ આપી તથા લક્ષ્મીદેવીએ પ્રભુની માતાને સૌભાગ્ય આપ્યું. એ સિવાય કોઈ દેવી માતાની આંખોમાં અંજન લગાવતી હતી, કોઈ પગ દબાવતી હતી, કોઈ મંગળ ગીત ગાતી હતી, કોઈ માતાના શરીરના સંસ્કાર કરતી હતી, કોઈ શય્યા ઉપર ફૂલ પાથરતી હતી તો કોઈ સિંહાસન રચતી હતી, કોઈ ફૂલોનો હાર બનાવતી, કોઈ ખુલ્લી તલવાર લઈને માતાની રક્ષા કરવા માટે ઊભી રહેતી હતી, કોઈ હાથ જોડીને સામે ઊભી રહેતી હતી, કોઈ સુગંધિત દ્રવ્યોથી માતાનો લેપ કરતી હતી, કોઈ રેશમી વસ્ત્ર આપતી હતી, કોઈ એ વસ્ત્ર પહેરાવતી હતી. કોઈ જમીન પર સુગંધિત દ્રવ્ય છાંટતી હતી, કોઈ માતાને ખાવા માટે સ્વાદિષ્ટ લાડવા, પેંડા આદિ પકવાન બનાવતી હતી, કોઈ પગ ધોતી હતી, કોઈ દર્પણ દેખાડતી હતી, કોઈ માતાને સોપારી-ઈલાયચી આપતી હતી, કેટલીક દેવાંગનાઓ માતાને ગીત-નૃત્ય દ્વારા પ્રસન્ન રાખતી હતી. માતા પણ એની સેવાથી ખૂબ પ્રસન્ન હતી. તે પણ દેવીઓની સાથે અનેક પ્રકારની રસભરી વાતો કરતી હતી. આ રીતે, માતાએ દેવીઓની સાથે ખૂબ જ આનંદપૂર્વક ગર્ભના આઠ મહિના પૂરા કર્યા. જ્યારે નવમો મહિનો શરૂ થયો ત્યારે એ દેવીઓ ગર્ભિણી માતાને રસપૂર્ણ ઉત્તમ રચનાવાળા ગદ્ય-પદ્ય સંભળાવતી અને તેમનું મન હરણ કરતી હતી. માતાથી અનેક પ્રકારના ગૂઢ પ્રશ્ન કરતી અને વિદૂષી માતા એ બધા પ્રશ્નોના ઉત્તર સારી રીતે વિદ્વતાપૂર્ણ દેતી હતી.

xxxxx દેવીઓએ માતાથી અનેક ગૂઢ પ્રશ્નો કર્યા અને માતાએ એ પ્રશ્નોના અતિ શીઘ્ર બુદ્ધિમતાપૂર્ણ ઉત્તર આપ્યા. તેમની બુદ્ધિ સ્વતઃ એક તો નિર્મળ અને કુશાગ્ર હતી તથા પ્રભુને ગર્ભમાં ધારણ કરવાથી વધારે નિર્મળ થઈ ગઈ હતી. શરીરની શોભા–કાંતિ ગર્ભના તેજથી અત્યધિક વધી ગઈ હતી, જેવી રીતે કે સ્વભાવથી કાંતિયુક્ત ખાણની શોભા રત્નોની ચમકતી કાંતિથી વધી જાય. ગર્ભ ધારણના સમયે જેવી રીતે અન્ય સ્ત્રીઓને શારીરિક કષ્ટ થાય અને મનમાં દુઃખ થઈ જાય છે એવું જિન-માતાને કાંઈ ન થયું. બરાબર જ છે કે જેના ગર્ભમાં ત્રણ લોકના નાથ સંસારના રક્ષક તીર્થંકર જેવા પુણ્યશાળી પુત્ર બિરાજી રહ્યા હોય તેમની માતાને કોઈ પ્રકારનું શારીરિક, માનસિક દુઃખ હોય એ કેવી રીતે બની શકે?

આ રીતે, ધીરે-ધીરે આનંદપૂર્વક જ્યારે નવ મહિના પૂરા થઈ ગયા ત્યારે શ્રાવણ સુદ-૬ના દિવસે ચિત્ર નક્ષત્રમાં એ જગતની માતા શિવાદેવીએ અવધિજ્ઞાનના ધારક પુત્ર-રત્નને જન્મ આપ્યો કે જેવી રીતે પૂર્વ દિશા પ્રતાપી સૂર્યને જન્મ આપે છે. પ્રભુનો જન્મ થતાં જ આકાશથી મંદ મંદ સુગંધિત વાયુ ફેલાવા લાગ્યો જેનાથી ખૂબ જ આનંદ થતો હતો, પૃથ્વી કંટક અને ધૂળ રહિત દર્પણ જેવી થઈ ગઈ, સ્વર્ગમાં અકસ્માત્ જ દેવોના આસન કંપાયમાન થવા લાગ્યા. તેમના મુકુટ આપોઆપ નમી ગયા. કલ્પવાસી દેવોને ત્યાં ઘંટનો અવાજ, જ્યોતિષીઓને ત્યાં સિંહનાદ, વ્યંતરોને ત્યાં દુંદુભિનો અવાજ અને ભવનવાસીઓને ત્યાં શંખનાદ આપમેળે થવા લાગ્યો જે સાંભળીને એ દેવોએ દ્વારિકામાં તીર્થંકર પ્રભુનો જન્મ થયાનું નિશ્ચિત કર્યું અને તેઓ ખૂબ હર્ષિત થયા.

ત્યારબાદ, ઈન્દ્રની આજ્ઞાથી બધા દેવતાગણ પોતપાતના વાહનો પર સવાર થઈને આનંદપૂર્વક સ્વર્ગથી આકાશમાર્ગે દ્વારિકા આવ્યા. ત્યાં આવીને ઈન્દ્રની આજ્ઞાથી ઈન્દ્રાણી ગુપ્ત રીતે પ્રસૂતિગૃહમાં ગઈ. ત્યાં પ્રભુસહિત માતાને જોઈને પહેલાં તો નમસ્કાર કર્યા; પછી પ્રભુને સંતૃષ્ણ નેત્રોથી નીરખીને માતાની સામે ઊભી રહી ગઈ. જિનમાતાની પાસે એક માયામયી બાળકને સુવડાવીને તેણે પ્રભુને ગોદમાં ઊઠાવી લીધા અને ખૂબ જ ભક્તિપૂર્વક ઈન્દ્રને સોંપ્યા. ઈન્દ્ર ભગવાનના રૂપને બે નેત્રો દ્વારા જોઈને તૃપ્ત ન થયો તેથી તેણે હજાર નેત્ર દ્વારા ભગવાનના અનુપમ રૂપને મનભરીને જોયું પરંતુ તોપણ તૃપ્તિ ન થઈ. પછી ભગવાનને ગોદમાં લઈને ઈન્દ્ર સુમેરુ પર્વત પર ગયા. ત્યાં તેણે પ્રભુને અનાદિનિધન પાંડુકવનની શિલા પર બિરાજમાન કરી ક્ષીરસમુદ્રના જળથી સુવર્ણના એક હજાર આઠ કળશો દ્વારા ભગવાનનો મહાભિષેક કર્યો. પછી બધા દેવી-દેવતાઓ ગંધોદક પોતાના મસ્તક પર લગાવીને પવિત્ર થયા. અભિષેક કર્યા બાદ ઈન્દ્રાણીએ પ્રભુના શરીરને લુછીને તેમને દિવ્ય વસ્ત્ર અને આભૂષણ પહેરાવ્યા તથા નેત્રોમાં કાજળ લગાવ્યું. આ સમયે પ્રભુનું રૂપ એટલું સુંદર થઈ ગયું હતું કે ઈન્દ્રાણી તેમને જોઈને તૃપ્ત થતી ન હતી.

ત્યારબાદ, ઈન્દ્રાણી સહિત ઈન્દ્રોએ ખૂબ જ ભક્તિપૂર્વક પ્રભુની સ્તુતિ કરવાનું શરૂ કર્યું કે હે પ્રભો! આપ સ્વેદ–પસીનારહિત છો, મળરહિત છો, આપનું લોહી દૂધ જેવું સફેદ છે. નાથ! આપ પ્રથમ સંહનન અને પ્રથમ સંસ્થાનના ધારક અભેદ્ય શરીરવાળા છો. સ્વામિન્! આપના શરીરમાંથી એવી સુગંધ નીકળે છે કે જેનાથી દશે દિશાઓ સુગંધિત થઈ રહી છે. આપ એક હજાર આઠ શુભ લક્ષણોથી યુક્ત છો. પ્રભો! આપના શરીર સમાન સુંદર શરીરવાળું સંસારમાં કોઈ નથી તેથી, આપ નિરૂપમ છો. નાથ! આપ ગુણોના ભંડાર છો, વીર્યની ખાણ છો, હિત-મિત-પ્રિય વચન બોલવાવાળા છો, તેથી પ્રભો! હું આપને પુનઃ પુનઃ નમસ્કાર કરું છું. હે નાથ! આપ જગત્પૂજ્ય શિવાદેવીના પુત્ર છો, દશ અતિશયોથી યુક્ત છો. ધર્મરૂપી મહારથની આપ ધુરા છો. તેથી આપનું નામ અરિષ્ટનેમિ પડ્યું છે. તેથી હે પ્રભો! હું આપને નમસ્કાર કરું છું. આ રીતે, ઈન્દ્રએ વિવિધ પ્રકારથી ભગવાનની સ્તુતિ કરી તાંડવનૃત્ય કરવાનું શરુ કર્યું. આ નૃત્યમાં પદ પદ પર ભક્તિભાવ જલકતો હતો. ત્યારબાદ, તે ભગવાનને ગોદમાં લઈને દેવતાઓની સાથે વાજતે-ગાજતે દ્વારિકા પાછા આવ્યા.

ત્યાં આવીને તેણે પ્રભુને તેમના માતા-પિતાને સોંપ્યા અને પોતે ભગવાનના મહેલના આંગણમાં તાંડવનૃત્ય કર્યું. ત્યારબાદ, જિનદેવની સેવા કરવા માટે સમવયસ્ક દેવોને ત્યાં નિયુક્ત કરીને તે પોતાના પરિવાર સહિત સ્વર્ગમાં ચાલ્યો ગયો.

આ બાજુ દેવતાઓ દ્વારા સેવિત પ્રભુ ગુણયુક્ત શરીર આદિની કાંતિથી ધીરે ધીરે વૃદ્ધિને પ્રાપ્ત કરવા લાગ્યા. દેવતાગણ પ્રભુની સાથે બાળકોનું રૂપ ધારણ કરીને અનેક પ્રકારની રમત રમતા હતા. પ્રભુનું મન જેવી રીતે પ્રસન્ન રહે એવી ચેષ્ટા કરતાં હતા. પ્રભુ જે સમયે ચાલતા-પડતા જમીન પર ચાલતા હતા ત્યારે તે ખૂબ જ સુહાવના લાગતા હતા.

થોડો સમય વ્યતીત થતા તે દૃઢતાથી પગ રાખીને સુંદર ચાલથી ચાલવા લાગ્યા. પ્રભુનું મુખ-મંડળ પૂર્ણ ચંદ્રમા સમાન સુશોભિત થતું હતું તથા લલાટ અને બાહુ ખૂબ જ ઉન્નત હતા, નેત્ર કમળ સમાન સુંદર હતા, કાનમાં કુંડળ અનુપમ શોભા ધારણ કરતાં હતા, વક્ષ:સ્થળ ખૂબ જ વિશાળ અને દૃઢ હતા, તેમની નાભિ સુહાવની અને ગંભીર હતી, કટીભાગ કરધનીથી સુશોભિત હતો, જાંઘ હાથીની સૂંઢ સમાન સુંદર હતી, કમળ જેવી શોભાવાળા તેમના પગ ખૂબ સુંદર હતા. અર્થાત્ ભગવાનનું શરીર સંસારના સુંદર સુંદર પરમાણુમાંથી ચુંટેલા પરમાણુઓથી બનેલું હતું. તેથી કોઈની સાથે તેની ઉપમા આપી શકાતી ન હતી. એ પ્રભુ ગુણોના પટારા, અતુલ વિભૂતિના ધારક અનુપમ શોભાથી શોભિત હતા એવા શ્રી નેમિશ્વર ભગવાન આપણા બધાની રક્ષા કરે અને પવિત્ર બનાવે.

**।। અધ્યાય બારમો સમાપ્ત ।।**

**જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરા ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે, તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું, ક્લેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુ:ખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુ:ખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ અને નરકનિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતા નથી.**

*(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા—૧૬૨૫)*

# અધ્યાય તેરમો

જેઓ સંસારનું બંધન તોડીને મોક્ષ-સુખમાં સ્થાપન કરવાવાળા છે, બધા જીવોને હિતરૂપ છે, ગુણોના સમુદ્ર છે, સત્ય સુધારસનો વરસાદ કરવાવાળા છે તથા જેમના દર્શનમાત્રથી જ જાતિ વિરોધી જીવ પોતાનો વેરભાવ છોડીને આપસમાં મૈત્રીભાવ ધારણ કરી લ્યે છે, જે સાથિયાના ચિહ્નથી ચિહ્નિત છે એવા સુપાર્શ્વ પ્રભુની હું સ્તુતિ-વંદના કરું છું. એ ભગવાન મારા કાર્યમાં સહાયક થાઓ!

એક દિવસ બધા યાદવો આનંદપૂર્વક પોતાની સભામાં બેઠા હતા એટલામાં જ ત્યાં નારદજી આવી ગયા. તેમને જોઈને કૃષ્ણ આદિ બધા યાદવોએ તેમનું સ્વાગત કર્યું અને નમસ્કાર કર્યા. ત્યારબાદ, તે સત્યભામાના મહેલમાં ગયા. ત્યાં યથોચિત આદર-સત્કાર ન થયા, તેથી તે નારાજ થઈ ગયા અને તરત જ ત્યાંથી પાછા આવ્યા અને કુંડનપુર ચાલ્યા ગયા. ત્યાં પહોંચીને તેમણે કુંડનપુરના રાજા ભિષ્મ અને તેમની ધર્મપત્ની શ્રીમતીની પુત્રી રુક્મિણિને જોઈ. તેને જોઈને તે મનમાં ખૂબ જ હર્ષિત થયા. ત્યાંથી ફરી પાછા શ્રીકૃષ્ણ પાસે આવ્યા. ત્યાં આવીને તેમણે શ્રીકૃષ્ણને રુક્મિણિની બધી વાત કહી. તેના રૂપ-લાવણ્ય અને ગુણાદિની ખૂબ જ પ્રસંસા કરી કે જેથી શ્રીકૃષ્ણના મનમાં રુક્મિણિ માટે વિશેષ રાગભાવ ઉત્પન્ન થઈ ગયો. આ વાત બળદેવને ખબર પડી ગઈ હતી. તેમણે શ્રીકૃષ્ણને કુંડનપુર જવાની પ્રેરણા કરી. અંતમાં તે અને શ્રીકૃષ્ણ બંને કુંડનપુર માટે રવાના થઈ ગયા. શ્રીકૃષ્ણજી જતાં સમયે સેનાને કુંડનપુર પહોંચવાનો આદેશ આપી ગયા હતા તેથી સેના પણ ત્યાં જલ્દી પહોંચી ગઈ. આ બાજુ ભીષ્મ રાજા શિશુપાલને પહેલેથી જ રુક્મિણિ આપવાનું વચન આપી ચૂક્યા હતા. તેથી શિશુપાલ પહેલેથી જ આવીને કુંડનપુરને ઘેરીને બેઠો હતો.

આ બાજુ રુક્મિણિ એ જ દિવસે વનમાં આવી હતી. શ્રીકૃષ્ણએ તેને ત્યાં આવેલી જોઈને તેનું હરણ કરી લીધું અને શંખધ્વનિ દ્વારા તેના હરણની સૂચના બધાને આપી દીધી. ત્યારબાદ, તે બળદેવ સાથે ત્યાંથી ચાલી નીકળ્યા. રુક્મિણિની હરણના સમાચાર જ્યારે રુકિમણિના ભાઈ રુક્મિને અને રાજા શિશુપાલને મળ્યા ત્યારે તે ઘણી સેના સાથે લઈને શ્રીકૃષ્ણ અને બળદેવની સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. આ બાજુ દ્વારિકાથી આવેલી કૃષ્ણની સેના તૈયાર જ હતી. બંનેમાં ઘમાસાન લડાઈ થવા લાગી. બંને તરફના પ્રતાપી યોદ્ધાઓ પોતપોતાના તીક્ષ્ણ બાણ દ્વારા એકબીજાનો ઘાત કરવા લાગ્યા. **બરાબર જ છે કે સ્ત્રીની પાછળ લોકો સંસારમાં શું અનર્થ નથી કરતાં?** એ સમયે લડાઈ કરતાં રુક્મિ શ્રીકૃષ્ણની સામે આવી ગયો. એ જોઈને રુક્મિણિએ પોતાના ભાઈનો પરિચય પોતાના સ્વામીને કરાવ્યો, જેથી શ્રીકૃષ્ણએ

તેને માર્યો તો નહીં પરંતુ નાગપાશમાં બાંધીને રથમાં બેસાડી દીધો. ત્યારબાદ, શિશુપાલને શ્રીકૃષ્ણએ પોતાના અજેય બાહુબળથી કાળનો ગ્રાસ બનાવી દીધો અને એ જ સમયે લડાઈ બંધ કરવાની આજ્ઞા આપી દીધી કારણ કે પછી વ્યર્થમાં જ પ્રાણી વધ કરવું-કરાવવું શું પ્રયોજન છે! ત્યારબાદ, તેઓ પોતાની સેના સહિત ગિરનાર પર્વત તરફ રવાના થઈ ગયા. ત્યાં પહોંચીને શ્રીકૃષ્ણએ રુક્મિણિ સાથે સવિધિ વિવાહ કરી લીધા અને પછી દ્વારિકા પાછા આવી ગયા.

એક સમયે પ્રસન્નચિત્ત થઈને રાજા દુર્યોધને એમ કહીને એક દૂત શ્રીકૃષ્ણ નારાયણ પાસે મોકલ્યો કે જો મારે પુત્રી થાય અને આપને પુત્ર થાય અથવા મારે પહેલાં પુત્ર થાય અને આપને પુત્રી થાય તો એ બંનેનો આપસમાં વિવાહ સંબંધ કરી દેવામાં આવે. દૂતે દુર્યોધનના કહ્યા અનુસાર શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી. શ્રીકૃષ્ણએ ઉત્તરમાં કહ્યું કે જેવી દુર્યોધન મહારાજની ઈચ્છા છે એ મને મંજૂર છે. ત્યારબાદ, કૃષ્ણએ આવેલ દૂતનો યથોચિત આદર-સત્કાર કરીને પછી હસ્તિનાપુર મોકલી દીધો.

ત્યારબાદ, કૃષ્ણને ત્યાં રુક્મિણિના ગર્ભથી મહાપ્રતાપી પુત્ર પ્રદ્યુમ્ન થયો પરંતુ તે જન્મતા જ તેના પૂર્વભવના વેરી દ્વારા તેનું હરણ થઈ ગયું અને વિજયાર્ધ પર્વતમાં રહેવાવાળા કોઈ વિદ્યાધરને ત્યાં તેનું પાલન-પોષણ થયું. ત્યાં તે ૧૬ વર્ષ સુધી રહ્યો અને ત્યાં તેણે ૧૬ લાભ પ્રાપ્ત કર્યા. એક દિવસ ભાગ્યવશ નારદજીના દર્શન થઈ ગયા અને તે તેની સાથે દ્વારિકા આવ્યો અને ત્યાં આનંદપૂર્વક રહેવા લાગ્યો. શ્રીકૃષ્ણની રાણી સત્યભામાએ ભાનુકુમારને જન્મ આપ્યો. ભાનુકુમાર ભાનુ–સૂર્ય સમાન પ્રતાપી અને તેજસ્વી હતો.

આ બાજુ, કૌરવ અને પાંડવ સુખ-શાંતિથી પોતપોતાના રાજ્યનો ઉપભોગ કરી રહ્યા હતા. તેમાં પાંડવ ઘણા ચતુર હતા, સમયાનુસાર કામ કરી લેવાવાળા હતા, નિતિજ્ઞ હતા અને સદાય નીતિમાર્ગ પર ચાલવાવાળા હતા; જ્યારે કૌરવ એનાથી ભિન્ન પ્રકૃતિના હતા. તેઓ સદાય બીજાના અભ્યુદયને જોઈને બળ્યા કરતાં હતા. તેમના હૃદયમાં સદાય એ વાત શલ્યની જેમ ચૂભ્યા કરતી હતી કે અમે તો સો ભાઈ અને આ પાંડવ પાંચ ભાઈ છતાં આ રાજ્ય અડધુ-અડધું કેમ? આ અન્યાય જ નહીં પણ મહા અન્યાય છે. આ રાજ્યના એકસો પાંચ ભાગ કરીને વહેંચવામાં આવે. બસ આ શલ્યે એમના હૃદયમાં પાંડવો પ્રત્યે વૈમનસ્યની માત્રા પ્રબળ કરી દીધી અને તે દિવસ-રાત એના જ વિચારમાં લાગ્યા રહેતા કે કઈ રીતે આ કાર્ય બરાબર પાર પાડવું.

દુર્યોધન આદિ કૌરવોની આ પ્રકારની વિષભરેલી વાત જ્યારે બળવાન પાંડવોએ સાંભળી તો તેમના હૃદયમાં કિંચિત્ દુઃખ થયું પરંતુ તેઓ ખૂબ ગંભીર બુદ્ધિમાન પંડિત હતા. તેથી તેઓ ઉતાવળા ન થયા, પરંતુ ભીમથી ન રહેવાયું. એ ક્રોધનો માર્યો આમ તેમ ફરવા લાગ્યો, તેનું મોઢું લાલ થઈ ગયું. એ આવેશમાં આવીને બોલ્યો કે સદાય શંકિત રહેવાવાળા કાગડા જેવા આ બિચારા કૌરવ આપણા જેવા શક્તિશાળી પુરુષોના રહેતા શું કરી શકે? પૂજ્ય ભાઈ ! જો

આપની આજ્ઞા હોય તો આ બધાને હમણાં જ ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખું કારણ કે તમે જાણો છો કે આગનો એક નાનો કણ પણ ઉગ્રરૂપ ધારણ કરીને મોટા-મોટા જંગલને વાત-વાતમાં ભસ્મ કરી નાખે છે. આપ કહો તો આ બધાને એક સાથે ઉપાડીને સમુદ્રમાં ફેંકી દવ કે જેથી એનું કામ જ તમામ થઈ જાય. આ રીતે, ભીમને ક્રોધાગ્નિમાં બળતા જોઈને મોટા ભાઈ યુધિષ્ઠિરે તેને મધુર સુશીતળ વચનરૂપી જળ દ્વારા શાંત કર્યો.

આ બાજુ ભીમને શાંત કર્યો ત્યાં અર્જુનની અગ્નિ ભડકી ઊઠી કે જેવી રીતે તૃણનો સંયોગ પામીને અગ્નિ સળગી ઊઠે છે. એ બોલ્યો કે હજારો કાગડા માટે એક પથ્થર કાફી હોય છે તેમ આ સોએને મારું એક જ બાણ ડરાવવા કાફી છે. આ અલ્પ શક્તિવાળા જુગનૂ જેવા કૌરવો ત્યાં સુધી ઉછળ-કૂદ કરે છે અને અભિમાન કરે છે જ્યાં સુધી પ્રતાપશાળી મહા અંધકારને નષ્ટ કરવાવાળો સૂર્યની જેમ હું ક્રોધે નથી ભરાયો. મારા ક્રોધની સામે આ બિચારાઓની શું તાકાત તે ઊભા રહી શકે! શું પ્રબળ આંધીના ચાલવા પર તૃણ સમૂહ ટકી શકે છે? આ કહેતાની સાથે જ પોતાના હાથમાં ધનુષ ઉપાડ્યું અને લડવા માટે એકદમ તૈયાર થઈ ગયો. તેનો એ સમયનો ઉદ્વેગ જોઈને સ્થિરબુદ્ધિ યુધિષ્ઠિરે ઘણા શાંત વચનોથી સમજાવીને શાંત કર્યો. **એ બરાબર જ છે કે સજ્જન પુરુષોનો પ્રકૃતિજન્ય સ્વભાવ જ છે કે એ વેર-વિરોધને બને ત્યાં સુધી વધવા ન દે તથા તેને શાંત કરવાનો જ પ્રયત્ન કરે છે.**

આ રીતે, સમજાવીને યુધિષ્ઠિરે અર્જુનનો ક્રોધ શાંત કર્યો ત્યાં નકુલ બોલ્યો કે હું હમણા કૌરવકુળરૂપી વૃક્ષોને જડથી જ નષ્ટ કરી દવ છું. આ તો બિચારા પતંગા સમાન છે અને હું અગ્નિ સમાન છું. એમને નષ્ટ કરવામાં મને જરાપણ પ્રયત્ન કરવાની જરૂર નથી. એટલામાં સહદેવ બોલ્યો કે મારા આ તીક્ષ્ણ કુહાડાની સામે આ બિચારા કૌરવોની શું તાકાત છે કે ઊભા રહી શકે? હમણા મારા કુહાડાને ઊઠાવું છું, xxxxxxxx આ જ્ઞાનહીન પીશુન-ચુગલી કરવામાં દક્ષ ખોટા અભિમાની કૌરવોને જ્યાં સુધી હું મૃત્યુ શૈયા ઉપર સૂવડાવી ન દવ ત્યાં સુધી મને ચેન નહીં પડે. એ અભિમાની સર્પ સમાન દુષ્ટ છે. હું એમના માટે ગરુડ સમાન છું. એ મારી સામે ભલે ગમે તેટલા ફણ ઊઠાવે અને મને તેમના ફૂંકારથી ડરાવે તોપણ એ મને શું કરી શકે છે? આ પ્રકારે ક્રોધાગ્નિમાં બળતા નકુલ અને સહદેવને પણ યુધિષ્ઠિરે પોતાના વચનરૂપી વર્ષાથી શાંત કર્યા. આ રીતે, યુધિષ્ઠિરના સમજાવવાથી એ ચારે ભાઈ અશુદ્ધ મતિને છોડીને શુદ્ધ મતિ થઈ સ્થિર ચિત્તથી પૂર્વની જેમ રાજ્યને ભોગવવા લાગ્યા.

આ બાજુ, યુધિષ્ઠિર આદિ પાંચ ભાઈઓની ચિંતામાં દુષ્ટબુદ્ધિ દુર્યોધન પોતાની બુદ્ધિ ખર્ચવા લાગ્યો. એનું ધ્યેય જ એ સમયે આ બની ગયું હતું કે જેમ બને તેમ આ પાંચે ભાઈઓને જલ્દી નષ્ટ કરી દઈએ. પોતાના ઉદ્દેશ્યની સિદ્ધિ માટે તેણે લાખનો એક મહેલ બનાવડાવ્યો કે જે ખૂબ જ સુંદર હતો. એ મહેલની ઉપર ઊંચા અને વિશાળ કૂટની રચના કરી કે જેની ઉપર મનોહર કળશ ચડાવ્યા હતા. એ મહેલમાં જાળીદાર ઝરોખા બનાવડાવ્યા જે એવા લાગતા હતા કે માનો પાંડવોની દીપ્તિને હરણ કરવા માટે પોતાના નેત્ર જ ખચિત કરી દીધા હોય. એ મહેલમાં જગ્યાએ જગ્યાએ તોરણ

બાંધેલા હતા જે એવા લાગતા હતા કે માનો દુર્યોધને પાંડવોનું રણ જોવા માટે આ મૂર્તિમાન રણ જ તોરણના છળથી અહીં ઊભું કર્યું હોય. તેમાં વિવિધ પ્રકારના ચિત્ર અંકિત થઈ રહ્યા હતા જે એવા લાગતા હતા કે માનો શત્રુ જ ખચિત કરી દેવામાં આવ્યા હોય. મહેલની ચારે બાજુ એક પરકોટ બનાવેલ હતો અને પરકોટ એક નિર્મળ જળથી ભરેલી ખાઈથી ઘેરાયેલ હતો કે જે ખૂબ જ સુહાવનો લાગતો હતો. મતલબ એ છે કે આ મહેલને બનાવવામાં તથા તેની સજાવટ કરવામાં દુર્યોધને શક્તિભર પ્રયત્ન કર્યો, કોઈ પણ વાતની કસર રાખી ન હતી. આ મહેલ ખૂબ જલ્દી બનાવવામાં આવ્યો હતો કે જેથી કોઈને ઉહાપોહ-સંદેહ કરવા કરાવાનો મોકો જ ન મળે.

ત્યારબાદ, કૌરવ વિનમ્ર થઈને શાંતચિત્ત ભીષ્મ પિતામહની પાસે આવ્યા અને તેમને કહેવા લાગ્યા કે પિતામહ! અમે એક સુંદર મહેલ બનાવડાવ્યો છે કે જેના શિખર એટલા ઊંચા છે કે માનો આકાશને જ અડી રહ્યા હોય. તેની ઉપર સુંદર ધ્વજા ફરકી રહી છે જે એવી લાગે છે કે માનો માણસોને જ બોલાવી રહી છે. તે તેના સ્તંભરૂપી હાથોથી એવી શોભા પામે છે કે માનો શત્રુઓના મહેલોની સંપત્તિ જ હરણ કરતાં હોય. પૂજ્ય! અમે આ ઉત્તમ મહેલ પાંડવોના રહેવા માટે બનાવ્યો છે. તેથી, તમારાથી અમારું એ નિવેદન છે કે આપ આ મહેલ પાંડવોને રહેવા માટે આપી દ્યો. અમારી અંતરંગ ઈચ્છા છે કે સ્થિરચિત્ત યુધિષ્ઠિર આદિ પાંચે ભાઈ આ સુંદર મહેલમાં નિવાસ કરીને સુખથી રાજ્યનો ભોગ કરે અને અમે અમારા ઘરમાં સુખથી રહીએ.

કૌરવોના આવા મધુર વચનો સાંભળીને ઉદારચિત્ત પિતામહે કહ્યું કે તમે વિચાર કરીને મને જે સલાહ આપી છે તે તમારી સલાહ મને ખૂબ જ પસંદ આવી છે. કારણ કે હું એમ સમજું છું કે તમારા બંનેનો એક જગ્યાએ રહીને નિર્વાહ થવો ઘણો જ મુશ્કેલ છે. કારણ કે જ્યાં મનમાં થોડો પણ ફરક પડી જાય છે ત્યાં પછી નાની-નાની વાતોને લઈને ખૂબ મોટો ઉપદ્રવ થઈ જાય છે જેને પછી સંભાળવું શક્તિથી બહાર થઈ જાય છે. તેથી વેર-વિરોધ મટાડવા માટે તમારા બંનેનું જુદાં-જુદાં રહેવું જ શ્રેયસ્કર છે. જે પરિવારમાં સદાય લડાઈ-ઝઘડા થયા કરે છે તે પરિવારમાં શાંતિ કઈ રીતે રહી શકે? અને જ્યાં શાંતિ નથી ત્યાં સુખ નથી. દૃષ્ટાંત માટે ભરત ચક્રવર્તી અને તેના નાનાભાઈ બાહુબલીને જ જોઈ લો. કુટુંબના કલહથી જ ભરત ચક્રવર્તીએ નીચું નમવું પડ્યું. પ્રીતિનો સંચાર દૂર રહેવામાં જ વધારે થાય છે, એ નિશ્ચય છે, તેથી મેં પણ એનો જ વિચાર કર્યો છે કે તમારા લોકોને જુદા રહેવામાં જ હિત છે અને આવું કરવાથી શાંતિપૂર્વક રાજ્ય ભોગવી શકાય છે.

આ રીતે, વિચાર કરીને રાજસિંહ બૃહસ્પતિતુલ્ય પિતામહે પાંડવોને પોતાની પાસે બોલાવ્યા અને એમને કહ્યું કે હે ધનુર્વિદ્યામાં વિશારદ અખંડ પ્રતાપી પાંડવગણ! તમે મારા વચનોને ધ્યાનથી સાંભળો, તે તમારા માટે હિતકર હશે. પાંડવો ઉત્સુકતાથી પિતામહની વાત સાંભળવા બેસી ગયા. તેમણે કહ્યું કે તમે લોકો ખૂબ જલ્દી મુહૂર્ત જોઈને આ નૂતન મહેલમાં સુખેથી રહો જેથી આપસની બધી ઝંઝટ મટી જશે અને પછી કોઈ ઝઘડા નહીં રહે. કારણ કે 'ન રહેગા બાંસ,

ન બજેગી બાંસુરી'વાળી કહેવત અનુસાર પરસ્પર વિરોધનું કારણ સાથે રહેવાનું જ નહીં થાય તો તેના કારણે થતા લડાઈ-ઝઘડા સ્વતઃ જ નહીં થાય. તમે અલગ રહેવામાં કોઈ પણ પ્રકારનો ભય ન કરો, મને દૃઢ વિશ્વાસ છે કે તમને જુદાં રહેવામાં જ સુખ અને શાંતિ છે.

ગુરુની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવાવાળા એ બુદ્ધિમાન પાંડવોએ કાંઈ પણ વિચાર કર્યા વિના જ ગુરુની આજ્ઞાને શિરોધાર્ય કરી અર્થાત્ તેમણે એ જ સમયે જ્યોતિષિથી શુભ મુહૂર્ત શુભ દિવસ દેખાવડાવીને નૂતન મહેલમાં પ્રવેશ કર્યો. તેમના પ્રવેશના સમયે મોટો મહોત્સવ કરવામાં આવ્યો. એ સમયે ભેરીનો મનોહર ધ્વનિ દશે દિશાઓમાં ગૂંજી રહ્યો હતો, નટ હર્ષિત થઈને નૃત્ય કરી રહ્યા હતા, વિશાળ મૃદંગ-તાલ-કંસાલ આદિ મનોહર વાજા વાગી રહ્યા હતા, ગાયકલોકો મંગળ ગીતો ગાઈ રહ્યા હતા જેને સાંભળીને ચિત્ત ખૂબ જ પ્રસન્ન થઈ રહ્યું હતું. આ રીતે, મંગળ ગાનપૂર્વક પાંડવગણ નૂતન ઘરમાં રહેવા લાગ્યા. ત્યાં રહીને તેઓ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા ત્યાગી–વ્રતીઓને ચાર પ્રકારના દાન ભાવ-ભક્તિપૂર્વક નિરંતર કરતા રહેતા હતા તથા પૂજ્ય પુરુષોની પૂજા આદિ સત્કારમાં સદાય અગ્રણી રહેતા હતા. તેઓ સદાય નિર્મળચિત્ત થઈ ધાર્મિક કાર્યો કરવામાં પ્રોત્સાહનયુક્ત થતા થકા ભાવીથી નહીં ડરતા આનંદથી ત્યાં રહેતા હતા. તેમના હૃદયમાં થોડો પણ કપટભાવ ન હતો. તેઓ બધાને પોતાના સમાન નિષ્કપટહૃદયી સમજતા હતા. તેઓ એ જાણતાં ન હતા કે દુષ્ટ કૌરવ અમારી સાથે ખૂબ ભારે માયાજાળ રચી રહ્યા છે. પરંતુ વિદ્વાન વિદુરને તેમની એ માયાજાળ કોઈ પણ રીતે ખબર પડી ગઈ. એ કૌરવોના દુષ્ટ અભિપ્રાયને સમજી ગયા. તેમણે તરત જ પોતાની પાસે વનમાં યુધિષ્ઠિરને બોલાવ્યો અને કહ્યું કે હે વત્સ! **સજ્જનોએ સજ્જનો ઉપર જ વિશ્વાસ કરવો જોઈએ. ભૂલથી પણ દુર્જનોનો વિશ્વાસ કરવો જોઈએ નહીં, નહીંતર પાછળથી પસ્તાવું પડશે.** દુષ્ટ પુરુષ પોતાનો વિશ્વાસ જમાવવા માટે સામે તો એવી મીઠી-મીઠી લોભામણી વાતો કરે છે પરંતુ જે સમયે એમને મોકો મળે છે ત્યારે તે સર્પની જેમ ડંખ મારે છે, પછી તેમાંથી બચવું મુશ્કેલ થઈ જાય છે. **એક રીતે સર્પનો સહવાસ તો સારો પરંતુ વિશ્વાસઘાતી દુષ્ટ પુરુષોનો સહવાસ સારો નથી કારણ કે સર્પ ડંખ મારશે તો આપણી વર્તમાન પર્યાય જ નષ્ટ થશે, બીજું તો આપણું કાંઈ અહિત નહીં થાય. પરંતુ દુષ્ટ પુરુષોનો સહવાસ તો ભવ-ભવમાં આ જીવને દુઃખ દેવાવાળો હોય છે, તેથી ભૂલીને પણ દુષ્ટોનો સાથ કરવો યોગ્ય નથી.** જેવી રીતે કોઈ પુરુષ લીલફુગ લાગેલા પથ્થર ઉપર પગ મૂકી દે તો એ પડશે જ! ઠીક એવા હાલ દુષ્ટ પુરુષો સાથે સહવાસ કરવાથી થાય છે.

પુત્ર! નીતિ શિક્ષા આપે છે કે રાજાએ પોતાના હૃદયનો પણ વિશ્વાસ કરવો ન જોઈએ. પછી માતા, પિતા, ભાઈ, બહેન, પુત્ર, સ્ત્રીનો વિશ્વાસ તો દૂર રહ્યો! તેમાં પણ દુષ્ટ પુરુષોનો ભરોસો તો નિતાંત દૂર છે, ભૂલથી પણ કરવા જેવો નથી. તેથી, હું તને શિક્ષા આપું છું કે તમે લોકો આ કલહકારી કૌરવોનો વિશ્વાસ ન કરો. આ દુષ્ટ પુરુષો તમને આ લાખના બનાવેલા મહેલમાં રાખીને મારશે અને તમારા કુળનું સર્વસ્વ હરણ કરી લેશે. વત્સ! એ તો મને નિશ્ચય થઈ ગયો

છે કે આ મહેલ લાખનો બનાવેલો છે પરંતુ ક્યા ગુપ્ત અભિપ્રાયથી આ મહેલ બનાવ્યો છે એ હજી સુધી ખબર પડી નથી. **બરાબર જ છે કે માયાવીઓની માયાની ખબર પડવી કોઈ સરળ કામ નથી.** મારું આ સમયે તમને ફક્ત એટલું જ કહેવું છે કે તમે લોકો આ મહેલમાં ન રહો, નહીં તો ભવિષ્યમાં તમને લોકોને ભારે દુઃખ સહન કરવું પડશે. બીજું એમ પણ તમે કરી શકો છો કે તમે પ્રતિદિન સાવધાન થઈને વનક્રીડાના બહાને વનમાં જતા રહો. ત્યાં આખો દિવસ અમારી સાથે રહેજો અને રાત્રિના સમયે મહેલમાં જાગતા રહો. જાગવાની જરૂરત એટલા માટે છે કે નિદ્રાવસ્થામાં કાંઈ હોશ ન રહે. એ અવસ્થા એક રીતે મડદા સમાન થઈ જાય છે. એ સમયે શત્રુ આસાનીથી પોતાનો બદલો લઈ શકે છે. **નીતિમાં પણ કહ્યું છે કે બુદ્ધિમાન પુરુષોએ રાત્રિના સમયે શત્રુના ઘરે રહેવું જ ન જોઈએ અને કદાચ રહેવું પડે તો રાતભર જાગરણ કરવું જોઈએ.** આ રીતે, હિતૈષી પાંડવોના કાકા વિદુરે વનમાં બેસીને યુધિષ્ઠિરને સુખ આપવાવાળી શિક્ષા આપી. ત્યારબાદ, તે ઊભા થઈને પોતાના ઘરે આવી ગયા.

આટલું કહેવા છતાં પણ વિદુરની ચિંતા ઓછી ન થઈ. તેના વિચાર, તેની ક્રિયા સદાય પાંડવોને બચાવવા માટે રહ્યા કરતી હતી, કારણ કે તે દુષ્ટ કૌરવોના સ્વભાવથી સારી રીતે પરિચિત હતા. પાંડવોની રક્ષા માટે તેણે એક ઉપાય નક્કી કર્યો કે તેમના રહેવાના મહેલથી લઈને જંગલ સુધી એક સુરંગ બનાવી દેવામાં આવે જેથી જરૂર પડ્યે એ સુરંગથી નીકળીને પોતાની રક્ષા કરી શકે. તેણે તેના વિચાર અનુસાર ચૂપચાપ જ સુરંગ ખોદવાવાળા કારીગરોને બોલાવ્યા અને તેમને ખોદવાની બધી વિધિ સમજાવી દિધી. મોકો મેળવીને સ્થાન પણ નિશ્ચિત કરી લીધું કારણ કે તે આ વિષયના પૂર્ણ પંડિત હતા. તેમણે થોડા જ દિવસોમાં કોઈની જાણ બહાર જ એટલી મોટી સુરંગ બનાવી લીધી કે જે આવવા-જવા માટે બરાબર હતી જેવી રીતે શિવપુર જવા માટે સ્યાદ્વાદરૂપી સુરંગ ઉપયુક્ત હોય છે. સુરંગ તૈયાર થઈ ગઈ એ જોઈને વિદુરની ચિંતા મટી ગઈ. આ ઉપાયથી પાંડવોને સુરક્ષિત જાણી ચિંતા રહિત થઈ ગયા. પરંતુ સુરંગ તૈયાર થઈ ગઈ છે એ વાત વિદુર પાંડવોને કહેવાનું જ ભૂલી ગયા અને સુરંગ તૈયાર થતાં જ માટી આદિથી ઢાંકી દેવામાં આવી. પાંડવો શોક-વિષાદ આદિથી રહિત થઈ ત્યાં આનંદપૂર્વક કુંતી સાથે રહેવા લાગ્યા. ત્યાં રહેતા તેમને એક વર્ષ થઈ ગયું કે જે ઘણું નાનું લાગ્યું. બરાબર જ છે કે સુખથી રહેવાથી નિશ્ચિંત પુરુષોનો જતો સમય જણાતો જ નથી.

આ બાજુ ધૃતરાષ્ટ્રના દુષ્ટ પુત્ર દુર્યોધનાદિ પાંડવોને મારી નાખવા માટે મહેલમાં આગ લગાડવાનો વિચાર કરવા લાગ્યા. તેમણે વિચાર્યું કે મહેલમાં અગ્નિ લગાડવાથી લાખ પીગળી જશે અને તેમાં રહેવાવાળા પાંડવો તેમાં ભસ્મ થઈ જશે. એવો દૃઢ સંકલ્પ કરી તેણે એ વાતની પોતાના મંત્રીઓ સાથે મંત્રણા કરી. મંત્રણા કર્યા પછી નિશ્ચય કરી લીધા પછી તેણે તરત જ રાત્રિના સમયે એક અર્કકીર્તિ કોટવાળને પોતાને ત્યાં બોલાવ્યો. એ કોટવાળ ખૂબ દયાળુ અને ધાર્મિક હતો. કોટવાળને દુર્યોધને ખૂબ જ અનુરાગપૂર્વક એ કહ્યું કે તું આ જ સમયે પાંડવોના આ મહેલને સળગાવી દે. આ કાર્યમાં થોડો પણ વિલંબ ન કર. આગળ-પાછળનું કાંઈ પણ વિચારવાની તારે જરૂર નથી. તું બસ આ કામ કરી દે.

આ કામ થઈ ગયા પછી તું મારાથી જે ઈચ્છા રાખીશ તે હું તને નિશ્ચયથી આપીશ. ગ્રામ, ધામ, ધન આદિ જે માગીશ એ બધું તને આપવામાં આવશે. બસ હવે એક ક્ષણની પણ રાહ ન જો.

દુર્યોધનના આ અનિષ્ટ વચનોને સાંભળીને કોટવાળે કહ્યું કે હે રાજન્! આપનો આ વિચાર નિતાંત અનુચિત છે. આ કાર્યથી બુદ્ધિમાન લોકો તમારી નિંદા કરશે. સંસારમાં તમારો અપયશ ફેલાઈ જશે. ન્યાયી પુરુષોને આવું કરવું ઉચિત નથી. જે મનુષ્ય જીવન માટે ધનનો સંચય કરે છે એ જીવન જ ઝાકળની બુંદ સમાન ક્ષણભંગુર છે, જેવી રીતે મેઘ-પટલ જોતા જોતા નષ્ટ થઈ જાય છે તેવી રીતે આ જીવન પણ નશ્વર છે અને ધન તો નશ્વર છે જ. આપ જે ધનનો લોભ આપીને મને આ મહાપુરુષોને મારી નાખવા માટે કહી રહ્યા છો એ લક્ષ્મી શું સદાય મારી પાસે રહેશે? એ તો કૂતરા સમાન ઘર ઘરના ટુકડા ખાવાવાળી છે અથવા વ્યભિચારીણી સ્ત્રી સમાન છે, આ ઘરથી બીજે ઘર, બીજે ઘરથી ત્રીજે ઘર ફરવાવાળી છે, તેનો એ જ સ્વભાવ છે. પ્રાણીવધ જેવા અનર્થકારી કાર્યથી જીવોને ભવ-ભવમાં મહાન દુઃખ ઊઠાવવા પડે છે. રાજન્! આવા ધનથી શું કામ કે જેનાથી જન્મ-જન્માંતરમાં દુઃખ ઊઠાવવા પડે. તેથી મહારાજ! મારા ઉપર પ્રસન્ન થાવ અને ધન-સંપદા આદિની વાત છોડીને બીજી કોઈ પણ આજ્ઞા હોય એ કરો, આ સેવક આપની આજ્ઞા શિરોધાર્ય કરવા માટે તૈયાર છે.

કોટવાળની આ વાત સાંભળીને દુર્યોધનના ક્રોધનો પાર ન રહ્યો અને તે ગુસ્સાથી બોલ્યો કે રે નીચ! તું આ શું વાત કરે છે! સૌથી સારો અને સાચો સેવક એ જ કહેવાય કે જે માલિકની આજ્ઞાને પૂર્ણ રીતે માને. તેને તે આજ્ઞા વિશે સાચું-ખોટું વિચારવાનો કોઈ અધિકાર નથી. તેથી તને આ સમયે એવું જ કાર્ય કરવાની જરૂર છે, એમાં જ તારી ભલાઈ છે. તું આગળ-પાછળનું ન વિચાર, તને જે આજ્ઞા કરી છે તેનું તરત પાલન કર. શું તને એ વાતની ખબર નથી કે કામ પડવાથી નોકરોની, વિપત્તિ પડવાકાળે બંધુ-બાંધવોની, સંકટ સમયે મિત્રોની અને દરિદ્રતાના સમયે સ્ત્રીની પરીક્ષા થઈ જાય છે? આ મોકો એના સ્વભાવનો પરિચય દેવા માટે ઘણો ઉપયુક્ત છે. તેથી યાદ રાખ કે આ સમય પણ તારી પરીક્ષાનો છે. મારી આજ્ઞાનુસાર કામ કરવાથી તને અતુલ સંપત્તિ મળશે જેને પામીને તું સુખી થઈશ, નહીંતો તને મહાન વિપત્તિનો સામનો કરવો પડશે.

પોતાના ઉત્તરના પ્રત્યુત્તરમાં દુર્યોધનના ઉત્તેજિત વચનો સાંભળીને પોતાના પ્રાણોની જરા પણ ચિંતા ન કરી એ કોટવાળ સ્પષ્ટ બોલ્યો કે રાજન્! ચાહે મને દેશ નિકાલ કરો, ચાહે મારી સંપત્તિ લૂંટાવી દો, ચાહે મારું અપમાન કરો, ચાહે મારું મસ્તક કપાવી નાખો, ચાહે તો મને ભારેથી ભારે દંડ આપો, જે આપની ઈચ્છા થાય તે કરો પરંતુ, સ્વામિન! મહેલમાં આગ લગાડીને પાંડવોને હું ભસ્મ કરી દઉં એ આપનું કાર્ય મારાથી નહીં થઈ શકે, એ માટે હું ક્ષમા માગું છું. આટલું કહીને કોટવાળ ચૂપ થઈ ગયો. કોટવાળનો આ જવાબ સાંભળીને દુર્યોધનના ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો. તેણે તેને ઉપરથી નીચે સુધી સાંકળોથી સારી રીતે બંધાવીને જેલમાં નાખી દીધો.

ત્યારબાદ, દુષ્ટ અભિપ્રાયવાળા દુર્યોધને પોતાના લોભી પુરોહિતને બોલાવ્યો અને તેને વિવિધ પ્રકારના બહુમૂલ્ય વસ્ત્રાભૂષણ ભેટ આપીને કહ્યું કે પુરોહિતજી! આપ રાજપુરોહિત કહેવાવ છો. તમારાથી સંસારના જીવોના કામ સિદ્ધ થાય છે. તમારી કીર્તિ ચારેબાજુ ફેલાઈ રહી છે. આજે મને પણ તમારાથી એક કામ પડ્યું છે એ કામ તમારે ગુપ્તપણે અને જલ્દી કરી દેવું પડશે. મને વિશ્વાસ છે કે એ કાર્ય તમારાથી જ થઈ શકે. એ કાર્ય એ છે કે આ જે પાંડવોનો લાખનો મહેલ છે તેને તમે રાતોરાત બાળીને ભસ્મ કરી નાખો. તેનાથી મને ખૂબ જ સુખ અને પ્રસન્નતા થશે. આ કામ કરીને તમે મારી પાસેથી ઈચ્છિત ઈનામ લ્યો. હું દેવા માટે તૈયાર છું. એમ કહીને દુર્યોધને તેને પહેલેથી જ ઈચ્છિત ધન આપી દીધું અને બધી રીતે તેને સંતોષિત કર્યો. પુરોહિત લાખના મહેલને આગ લગાડવાનો આદેશ લઈ ત્યાંથી નીકળ્યો અને લોભને વશ એ પાપી એ મહેલ તરફ જવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

**ગ્રંથકાર કહે છે કે હા....! આ લોભ કેટલો ખરાબ છે કે એના વશ થયેલો જીવ કૃત્ય-અકૃત્યનો જરાપણ વિચાર નથી કરતો. આ લોભ જ જીવને મહાન દુઃખદાયી અને અપયશની ખાણ છે. લોભી પુરુષને ઊંચ-નીચનો વિવેક નથી રહેતો. સંસારના બધા જ અનર્થ આ એક લોભથી જ થાય છે. બીજું તો શું પણ લોભી પુરુષ ભાઈ, બહેન, માતા, પિતા, સ્ત્રી, પુરુષ, નોકર-ચાકર, રાજા-ગુરુ આદિ કોઈ પણ વ્હાલામાં વ્હાલા પોતાના નજીકના સંબંધીઓને મારવાથી નથી ચૂકતો. આ વિષય સંબંધી અનેક દૃષ્ટાંત આપણી નજર સામે જ લોકમાં બને છે કે લોભને વશ મોટી બહેને પોતાના ભાઈને જ મારી નાખ્યો, પુત્રએ પિતાને મારી નાખ્યા ઈત્યાદિ. વાસ્તવમાં લોભ જ બધા પાપોનો બાપ છે. લોભથી જ ક્રોધ ઉત્પન્ન થાય છે અને લોભથી જ કામ ઉત્પન્ન થાય છે, લોભથી જ મોહ થાય છે અને લોભથી જ અંતમાં નાશ થઈ જાય છે. મતલબ એ કે લોભી વ્યક્તિથી સંસારમાં જે કોઈ અનર્થ થાય એ ઓછા છે. એક સમય એ હતો કે નરપુંગવ મનુષ્યોમાં જે શ્રેષ્ઠ હતા એ જરાક નિમિત્ત પામીને મોટામાં મોટી રાજ્ય-વિભૂતિ, હાથી, ઘોડા, મકાન, રૂપિયા, પૈસા, કુટુંબ આદિ તૃણવત્ ત્યાગીને મુનિપદ ધારણ કરી લેતા હતા અને આજે આ દશા છે!**

ત્યારબાદ, એ પાપી લોભી બ્રાહ્મણે પાંડવોના મહેલને ચારે બાજુથી આગ લગાડી દીધી. બરાબર જ છે કે દુર્જન મનુષ્ય શું અનર્થ ન કરી શકે? ક્યા અપશબ્દો ન બોલી શકે? ત્યારબાદ, એ દુષ્ટ પુરોહિત આગ લગાડીને ભાગી ગયો. બરાબર જ છે કે પાપી પુરુષોનો આત્મા સદાય ભયભીત રહે છે, તે નિડર થઈને ઊભો રહી શકતો નથી. આ બાજુ અગ્નિએ ભયંકર રૂપ ધારણ કરી લીધું. અગ્નિની જ્વાળા આકાશમાં ઉપર ઊઠવા લાગી જે દૂર-દૂર સુધી દેખાવા લાગી. આવી અવસ્થા થવા છતાં પણ પાંડવો જાગ્રત ન થયા—અચેત થઈને નિદ્રામાં પડ્યા રહ્યા. આ બાજુ પ્રબળ અગ્નિએ જોત-જોતામાં મહેલની વસ્તુઓને બાળીને ભસ્મ કરી દીધી. ધીરે ધીરે મહેલની દિવાલને અગ્નિ લાગી ત્યારે તેની કાંઈક અસર પાંડવોને થઈ અને તેઓ નિદ્રાથી જાગ્યા. જાગતાં જ તેમણે આ ભયાનક કાંડ જોયો. એ અગ્નિકાંડ એ સમયે પ્રલયની અગ્નિ સમાન દેખાતો હતો. એ સમયે પાંડવો પોતાને નીકળવા માટે આમ તેમ જોવા લાગ્યા પરંતુ અગ્નિની તીવ્ર

જ્વાળાની સામે તેઓ એક ડગ પણ આગળ વધી શકતા ન હતા. એ તડ-તડ શબ્દ કરતી અગ્નિએ બધી જગ્યાએ પોતાનો આવાસ બનાવી લીધો. આમતેમ જોતાં જ્યારે તેમને રક્ષાનો કોઈ ઉપાય ન સૂઝ્યો ત્યારે ધર્મબુદ્ધિ યુધિષ્ઠિર સ્થિરચિત્ત થઈ પંચ પરમેષ્ઠિનું ધ્યાન કરવા લાગ્યા. તે એ સમયે કર્મોની વિચિત્રતાનું ચિંતવન કરવા લાગ્યા કે અહો! સંસારમાં કર્મ એટલા વિકટ છે કે તેની ઉપર સજ્જન પુરુષોનો જરાપણ વશ પણ નથી ચાલતો, તેમને પણ કર્મ ફળ આપે જ છે. કર્મોદયની સામે કોઈ પણ મહારથીનું બળ ચાલતું નથી. તોપણ હે આત્મન્! તું આ કર્મોને બાંધવામાં પ્રયત્નશીલ રહે છે એ એક આશ્ચર્યની વાત છે. હવે તો મારે એ કર્મોથી મારો પીછો છોડાવો જોઈએ. અરે! કર્મોના ફંદામાં ફસાઈને જ સગર ચક્રવર્તીના પુત્ર દુઃખી થયા હતા અને કર્મોને વશ થઈને જ ભરત ચક્રવર્તીના પુત્ર અર્કકીર્તિને સેનાપતિ જયકુમારે બંધનબદ્ધ કર્યો હતો. એ સિવાય બીજા પણ અનેક રાજા, મહારાજા તથા તીર્થંકરને પણ આ અશાતા કર્મ ફળ આપ્યા વિના નથી છોડતા તો બીજાની તો વાત જ શું? આજે અમે પણ આ કર્મોની કૃપાથી અગ્નિની જ્વાળામાં પડ્યા છીએ અને હવે આ વિકટ અગ્નિ થોડી જ વારમાં અમને ભસ્મ કરી નાખશે. તેથી, હવે અમારે પણ મરવાની ચિંતાને હૃદયથી દૂર કરી કર્મોને છેદવાવાળા એ સિદ્ધપ્રભુનું ધ્યાન કરવું જોઈએ જે મોક્ષરૂપી વધુના સ્વામી થઈ ગયા છે. મરણથી અમારે ડરવું જ શું કામ જોઈએ! આત્મા તો અમર છે-મરતો નથી તો પછી ડર કઈ વાતનો?

આ પ્રકારે ચિંતવન કરતાં કરતાં સમ્યગ્દૃષ્ટિ યુધિષ્ઠિર સ્થિરચિત્ત બેઠા જ હતા કે એટલામાં અચાનક જ અગ્નિની જ્વાળાથી સંતપ્ત કુંતી નિદ્રાથી ઊઠી અને મહેલને સળગતો જોઈને રોવા લાગી કે હાય...! મેં પૂર્વભવમાં એવા શું પાપકર્મ કર્યા હતા કે જેના ફળમાં મને અને મારા પુત્રોને આવું ભયાનક દુઃખ મળી રહ્યું છે. **આશ્ચર્ય છે કે આ પ્રાણી પાપના ફળથી તીવ્ર દુઃખ ભોગવતા છતાં પણ પાછા તેને બાંધવામાં જ લાગી જાય છે. આ જીવની એવી બુદ્ધિને એકવાર નહીં પણ સો વાર ધિક્કાર છે!** આ સમયે મારી દશા, જેવી રીતે તરસથી વ્યાકુળ હરણ મૃગજળ જોઈને દોડે છે, તેવી થઈ રહી છે. હું ક્યાં જાવ અને ક્યાં ન જાવ? મને પ્રાણરક્ષાનો કોઈ રસ્તો જ નજરે નથી પડતો. આ રીતે કુંતી ખૂબ રુદન કરવા લાગી તે સમયે ભીમે માતાને ખૂબ સમજાવ્યું અને આમતેમ બહાર જવાનો રસ્તો શોધવા લાગ્યો. ત્યાં અગ્નિ ખૂબ જ હતી જેથી થોડો ડર્યો પણ પુણ્યયોગથી ત્યાં તેને જોતાં જોતાં એ સુરંગ મળી ગઈ કે જે વિદુરે તેમના માટે જમીનમાં ખોદાવી હતી. તે જોતાં જ તેમનો સંતાપ મટી ગયો અને કુંતી સહિત પાંચે પાંડવ હૃદયમાં ભગવાનનું ધ્યાન કરતાં કરતાં એ સુરંગના રસ્તેથી ખૂબ જ જલ્દી વનમાં પહોંચી ગયા, જેવી રીતે ભવ્ય જીવ થોડા જ સમયમાં સંસાર પાર કરીને મોક્ષમાં જાય છે. જુઓ, પુણ્યનું ફળ કેટલું મીઠું છે કે જેના પ્રભાવથી અજાણી સુરંગ પણ મળી ગઈ. **આ પુણ્યથી જ અગ્નિ જળ થઈ જાય છે, સમુદ્ર સ્થળ બની જાય છે, શત્રુ મિત્ર બની જાય છે, વિષ નિર્વિષ બની જાય છે. તાત્પર્ય એ છે કે પુણ્યથી ન થવાવાળું કાર્ય પણ આસાનીથી થઈ જાય છે, પુણ્યનું ખૂબ જ માહાત્મ્ય છે.**

ત્યારબાદ, એ પાંચે પાંડવ માતા કુંતી સહિત સ્મશાન ભૂમિમાં ગયા. ત્યાં પહોંચીને ભીમે પોતાની રક્ષા માટે એક ઉપાય વિચાર્યો અને એ વિચાર અનુસાર તરત જ કાર્ય કરવા પ્રયત્નશીલ થયો. તે સ્મશાન ભૂમિમાંથી છ મડદાને ઉપાડીને સળગતા લાખના મહેલમાં ફેંકી આવ્યો કે જેથી લોકો એમ સમજે કે પાંડવો અગ્નિમાં સળગીને મરી ગયા. આ કામ તેણે એટલી સ્ફુર્તિથી કર્યું કે કોઈને ખબર પણ ન પડી. ત્યારબાદ, એ પાંચે પાંડવ માતા કુંતી સહિત ત્યાંથી ચૂપચાપ ચાલી નીકળ્યા.

આ બાજુ, હસ્તિનાપુરમાં સવાર થઈ, નગરના લોકો જાગ્યા. કૌરવગણ બહારથી દુઃખ દેખાડવા ઢોંગ કરતાં પાંડવોને જોવા માટે મહેલની પાસે આવ્યા અને ત્યાં આવીને ખેદ પ્રગટ કરવા લાગ્યા. **બરાબર જ છે કે દુષ્ટ પુરુષોનો એવો જ સ્વભાવ હોય છે કે તેમના અંતરંગમાં બીજા જ ભાવ હોય છે અને બહિરંગમાં લોકોને દેખાડવા બીજી જ ક્રિયા થાય છે.** મહેલને આગ લાગવાની અને તેમાં પાંડવોના સળગવાની વાત ધીરે ધીરે આખા નગરમાં ફેલાઈ ગઈ. વાત સાંભળીને પુરવાસી લોકો હાહાકાર કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે હવે આ નગર સજ્જન રહિત થઈ ગયું. ક્યા દુષ્ટે આવું કાર્ય કર્યું હશે? પુણ્યશાળી પાંડવો કેટલા સારા પંડિત હતા, કેટલા પરાક્રમશાળી હતા, કેટલા શુદ્ધ ચિત્ત હતા અને તેજસ્વી તથા ધનુર્વિદ્યામાં વિશારદ હતા કે તેમના સમાન સંસારમાં બીજું કોઈ નજર નથી આવતું. તેમના બાહુબળ પાસે રાજા-મહારાજા નતમસ્તક થતા હતા અર્થાત્ તેમણે મોટા મોટા રાજા ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. દુઃખ છે કે આવા પુણ્યશાળી પ્રતાપશાળી મહાન પુરુષોને પણ આ દુષ્ટ કર્મે પોતાના ચૂંગલમાં ફસાવી લીધા. હે કર્મ! તારી ચતુરાઈને ધિક્કાર છે, એકવાર નહીં હજાર વાર ધિક્કાર છે. આ રીતે, પાંડવોના વિયોગજન્ય દુઃખથી બધા દુઃખી થયા. તેમાં કોઈ કહેતું હતું કે મને તો આમાં એ જ સંદેહ છે કે પાંડવો આટલા ચતુર અને પરાક્રમી થઈને કઈ રીતે ભસ્મ થઈ ગયા! કોણ એમને સળગાવવાની તાકાત ધરાવે છે? મને એ પણ સંદેહ છે કે મહાન પુરુષોનું મરણ આવી રીતે કેવી રીતે થાય? એવું ક્યારે પણ ન થઈ શકે. કોઈ કહેતું કે હાં ભાઈ! એ વાત જરૂર સંદેહસ્પદ છે કે પુણ્યશાળી આટલી અલ્પ આયુના ક્યારે પણ ન હોય અને હોય તોપણ મરણ આ પ્રકારનું ન હોય. આજે આ નગર એમના ન રહેવાથી કેવું ઉજ્જડ જેવું લાગે છે. આવા ઉજ્જડ આ નગરમાં આપણે કેવી રીતે રહી શકીશું? અમને તો આજે એવું લાગે છે કે માનો મેઘની બરાબરી કરવાવાળા મેઘેશ્વર નરેશ આજે જ મૃત્યુ દ્વારા કીલિત કરવામાં આવ્યા છે અને શ્રી શાંતિનાથ ચક્રવર્તીએ આજે એને અનાથ બનાવી દીધા છે અથવા આપણા દુઃખ સહન ન કરી શકવાના કારણે જ આજે શાંતનુ રાજા અને વ્યાસ એ બંને કાળનો કોળિયો થઈ ગયા છે. કોઈ આશ્ચર્યથી કહે છે કે શું સાચે આજે પાંડવો મૃત્યુ પામ્યા છે? આ રીતે, આ સમાચાર સાંભળીને નગરના અધિવાસી લોકોએ ખૂબ વિલાપ કર્યો.

ગાંગેયે આ દુઃખભર્યા સમાચાર જ્યારે સાંભળ્યા ત્યારે એનું હૃદય શોકથી ભરાઈ ગયું અને તીવ્ર મોહના ઉદયથી આ સમાચાર મળતા જ તેમને મૂર્છા આવી ગઈ અને અચેત થઈને જમીન પર પડ્યા. એ સમયે તે એવા લાગતા હતા

કે માનો તેમને મૃત્યુ જ લપેટાઈ ગયું હોય. ત્યારબાદ, ચંદનાદિ દ્વારા શીતલ ઉપચારથી તેની મૂર્છા દૂર થઈ. મૂર્છા દૂર થતાં જ તે દીન-હીન થઈને આંસુઓની ધારા વહાવા લાગ્યા. એ સમયે તેને જે દુઃખ થયું એ ન તો કહી શકાય અને ન તો લખી શકાય! તે એ સમયે દુઃખી મનથી કરુણ વિલાપ કરવા લાગ્યા કે હે પુત્રો! તમે તો બધું જાણતાં હતા પછી તમને કઈ રીતે સળગાવી દેવામાં આવ્યા? કુદરતે આ શું અયુક્ત કાર્ય કર્યું? તમે જ કહો અને જલ્દી કહો કે તમારા વિના અમે હવે કઈ રીતે સુખે રહી શકશું? અમને હજી સંદેહ છે કે તમારા જેવા અતુલ પુણ્યશાળી પુરુષોનું મૃત્યુ અને એ પણ આવી રીતે અગ્નિમાં સળગીને? ઉચિત તો એ હતું કે જો તમારું મરણ આ સમયે થવાનું જ હતું તો શત્રુનું અભિમાન ચૂર કરવાવાળા યુદ્ધમાં થતું અથવા નિદાન છોડીને ધર્મ ધારણાની સાથે દીક્ષા ધારણ કરીને સંન્યાસપૂર્વક મૃત્યુ થાત. એ સિવાય બીજી રીતે મૃત્યુ થવું જોઈતું ન હતું. એવું લાગે છે કે તમને લોકોને દુષ્ટ કૌરવોએ જ સળગાવી દીધા છે, એમાં જરા પણ સંદેહ નથી. પાપી પુરુષોની બુદ્ધિ સદાય પાપરૂપ કાર્ય કરવામાં જાય છે તથા કુમતિથી પ્રેમ કરે છે અને સુમતિથી નારાજ રહે છે. તેમના વિચાર અને તેમની ક્રિયા વિવેકશૂન્ય–હિતાહિતના વિચારથી રહિત હોય છે.

પાંડવોનાં મૃત્યુના સમાચાર સાંભળીને દ્રોણાચાર્યને પણ ખૂબ જ દુઃખ થયું અને એ દુઃખથી દુઃખીત થઈને તેને પણ મૂર્છા આવી ગઈ. મૂર્છા દૂર થતાં કરુણ વિલાપ કરવા લાગ્યા અને એમના વિલાપથી દશે દિશાઓ શબ્દમય થઈ ગઈ. તેમણે વિચાર કર્યો કે નીચ કાર્ય કરવાવાળા પાપાત્મા કૌરવો! આ તમે ભદ્રતાનું કાર્ય નથી કર્યું. નિશ્ચયથી આ તમારું જ કાર્ય છે. બીજા કોઈથી આ કાર્ય થવું સંભવ જ નથી. તેમના આ સ્પષ્ટ વચનો સાંભળીને કૌરવોએ પોતાનું માથું નીચું નમાવી દીધું અને તેઓ ખૂબ જ લજ્જિત થયા. પરંતુ તેઓ પોતાના માટે કહેવા લાગ્યા કે હે ગુરુદેવ! તમે આવી અયુક્ત વાત કઈ રીતે કરો છો? આવું કાર્ય અમે શું કામ કરીએ? એ તો બરાબર જ છે કે દુષ્ટ મનુષ્ય પોતાનું પાપ છુપાવવા માટે કાંઈ પણ કહી શકે.

એ સમયે ચારે બાજુથી નગરના લોકો મહેલની આગ બુઝાવવા આવી ગયા અને તેઓ ઘણા પરિશ્રમથી એ આગ બુઝાવવા લાગ્યા. આગ બુઝાવતા તેઓએ ત્યાં મડદાને જોયા. એ જોઈને કોઈ કહેવા લાગ્યું કે અરે! આ તો સ્થિરચિત્ત યુધિષ્ઠિરનું શરીર છે. કોઈ કહેવા લાગ્યું કે આ તો મહાબલિ ભીમનું શબ છે, આ નિર્મળચિત્ત અર્જુન છે. અરે જુઓ! આ સરળચિત્ત નકુલ અને સહદેવ છે તથા આ તેમની જનની કુંતીનું શરીર છે. જુઓ! આ સતી કેવી નિર્મળચિત્ત અને દયાર્દ્ર પરિણામવાળી હતી. આ પ્રકારે એ બધા મનુષ્યો એ અડધા સળગેલા મડદાઓને જોઈને સ્વયં જ શોકના માર્યા અર્ધમૃતક સમાન થઈ ગયા. આ કાંડ જોઈને તેઓને ઘણું દુઃખ થયું. તેઓ ફરી ફરીને એ મડદાઓ જોવા લાગ્યા અને અંતમાં તેઓએ એ જ નક્કી કર્યું કે પાંડવો સળગી ગયા છે. આ શોકના કારણે એ પુરવાસી લોકોએ એ દિવસે આહાર-પાણી આદિ કાંઈ પણ ગ્રહણ ન કર્યા અને પોતાનો વેપાર-ધંધો આદિ બધું જ બંધ રાખ્યું.—એ સમયના શોકનું શું વર્ણન

કરવામાં આવે! શહેરના સ્ત્રી-પુરુષ, બાળકો, પશુ-પક્ષી જે કોઈ પણ હતા તે બધાની હાય-હાયની ધ્વનિથી આકાશ ગુંજાયમાન થઈ ગયું.

આ બાજુ પાંડવોના મૃત્યુના સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્રની રાણી ગાંધારીને ખૂબ જ સંતોષ થયો. તેણે વિચાર કર્યો કે હવે તો આખું રાજ્ય એના પુત્રોને જ મળશે. એ ખુશીમાં એણે ઉત્સવ પણ કર્યો.

આ રીતે પાંડવોના મરણની વાત આખી દુનિયામાં ફેલાઈ ગઈ. આ સમાચાર થોડા જ સમયમાં સમુદ્રના મધ્યમાં દ્વારિકામાં પણ સમુદ્રવિજય આદિ ભાઈઓ તથા બળભદ્ર સુધી પહોંચી ગયા. આ વાત સાંભળીને તેમને ઘણું દુઃખ થયું. આ દુઃખથી દુઃખી થઈને ભયાનક વડવાનળ જેવા ક્ષોભને પ્રાપ્ત સમુદ્ર સમાન સમુદ્રવિજયથી રહી ન શકાયું. તેમને કૌરવોનો અન્યાય સહન ન થયો. તેથી સમુદ્રની લહેર સમાન સેનારૂપ તરંગોથી લહેરાતી દ્વારિકાથી નીકળીને હસ્તિનાપુર જવા માટે તૈયાર થઈ ગયા. તેમની તૈયારી જોઈને બળભદ્ર પણ તે જ સમયે આયુધવાળા મહાન યોદ્ધાઓને સાથે લઈને તૈયાર થઈ ગયો. બરાબર જ છે કે ક્ષત્રીય પુરુષોનું ક્ષત્રીયપણું ખરે સમયે જાગ્રત થાય જ! એ રીતે નારાયણ પણ કવચ પહેરીને યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા. આ અઘટિત ઘટનાને સાંભળીને બીજા યાદવોને પણ ઘણું દુઃખ થયું. તેમના શરીર એકદમ સંત્રસ્ત થઈ ગયા, આંખોમાં અવિરલ આંસુઓની ધારા વહેવા લાગી. તેમણે દુઃખીત થઈને રણસંગ્રામ માટે રણભેરી વગાડાવી. એ રણભેરીના શબ્દ સાંભળી વિદ્વાન મંત્રીગણ યાદવોની પાસે આવ્યા કે જ્યાં સમુદ્રવિજય, બળભદ્ર, નારાયણ આદિ બધા બેઠા હતા. તેમને નમસ્કાર કરી કહ્યું કે પ્રભો! અમારી એક વિનીત પ્રાર્થના છે તે સાંભળો. આપે જે આ ઉદ્યમ કર્યો છે એ શા માટે કર્યો છે? બુદ્ધિમાન પુરુષ યોગ્ય જ ઉદ્યમ કરે છે. જો બધી વાતનો વિચાર કર્યા વિના જ એકદમ અયોગ્ય ઉદ્યમ કરવા માટે તૈયાર થઈ જાય છે એ ચાહે કોઈ પણ હોય પરંતુ પાછળથી તેમને પસ્તાવું પડે છે. તેમની એ વાત સાંભળીને પોતાના શરીરની કાંતિથી સૂર્યની તુલના કરવાવાળા નારાયણ બોલ્યા કે આપ આ શું કહો છો? હું આ નિશ્ચયથી કહું છું કે જેવી રીતે ક્રોધે ભરાયેલા સિંહના હોવાથી હાથીઓ ક્યાંય રહી ન શકે, તેવી જ રીતે મારા જેવા સમૃદ્ધિશાળી બળવાન ક્રોધે ભરાયેલા યોદ્ધાના હોવાથી પાંડવોને મારવાવાળા દુર્યોધનાદિ કૌરવ ક્યાં રહી શકે? તેમને ક્યાંય જગ્યા નહીં મળે. એ ગરીબ-બિચારા નિષ્પ્રભ કૌરવરૂપી દેડકા ત્યાં સુધી જ ટરટર કરે છે કે જ્યાં સુધી તેમણે મારા જેવા ભયાનક વિષધરના દર્શન નથી કર્યા. એમનો મદ મને જોતાં જ કપૂરની જેમ ઊડી જશે.

કૃષ્ણના વચનો સાંભળી બધી વાતોનો જ્ઞાતા એક વિદ્વાન બોલ્યો કે રાજન્! આપનું કહેવું તો સર્વથા બરાબર છે પરંતુ નીતિ એમ કહે છે કે છિદ્ર મેળવીને જ શત્રુનો વિનાશ કરવો જોઈએ જેવી રીતે ખાલી ઘડામાં છેદ મળતાં તરત જ તેમાં જળ પ્રવેશ કરી જાય છે અથવા છિદ્ર વિના મોતી પરોવી ન શકાય એવી જ રીતે શત્રુ પણ છિદ્ર મેળવ્યા વિના શીઘ્ર વશમાં નથી થતો, તેને વશમાં કરવો અત્યંત કષ્ટસાધ્ય થઈ જાય છે. બીજી વાત એ છે કે કૌરવોને પોતાની સેનાનું ઘણું બળ છે. તેમની પાસે સેના પણ ઘણી છે, શારીરિક બળનું પણ અભિમાન છે. આટલું હોવા ઉપરાંત જરાસિંઘનો

સૌથી મોટો સહારો છે. તેથી તેઓ આ સમયે વધારે ઉદ્ધત છે. જેવી રીતે કોઈ દેડકાને સાપોને વશ કરવાવાળી નાગદમની જડી મળી જાય તો તે સાપના માથા પર નાચવા લાગે, ઠીક એવા જ કૌરવોના હાલ છે. તેથી બુદ્ધિસાગર! નીતિકુશળ મહાનુભાવ! અત્યારે તમારે કૌરવો સાથે યુદ્ધ કરવું બરાબર નથી લાગતું. અત્યારે થોડા દિવસો માટે રોકાઈ જાવ. પછી જ્યારે તમે જરાસિંઘ સાથે સંગ્રામ કરો એ સમયે આ કૌરવોના નિગ્રહ આસાનીથી થઈ જશે. આપ જાણો છો કે જે કામ ધીરે ધીરે થાય છે તે સારું અને સફળતાપૂર્વક થાય છે. જો તમે અત્યારે હઠપૂર્વક યુદ્ધ કરવા તૈયાર થશો તો એ બાજુ જરાસિંઘ પણ તૈયાર થઈ જશે અને આ સમયે તેને છંછેડવો એ સૂતા સિંહને છંછેડવા જેવું છે. તેથી હે ધૈર્યવાન્! અત્યારે તમે ધૈર્ય ધારણ કરીને રહો. પછી જ્યારે સમય આવશે ત્યારે હું જ તેમનો વિધ્વંશ કરી દેખાડીશ. આપ જાણો છો કે બધા જ કાર્ય માટે યોગ્ય સમયની જરૂર પડે છે. એ રીતે એ વાગ્મી વિદ્વાનના સમજાવવાથી નીતિના જાણવાવાળા યાદવો સંગ્રામ કરવાથી અટકી ગયા. **એ બરાબર જ છે કે સમજદાર પુરુષ યોગ્ય પુરુષોના વચનોને માને જ છે. તેમનામાં ગુણગ્રાહકતા ગુણ વિશેષ જોવા મળે છે.**

આ બાજુ, પ્રતાપી પાંડવો વેષ બદલીને ભસ્મથી ઢંકાયેલી અગ્નિની જેમ છુપાયેલા ત્યાંથી પૂર્વદિશા બાજુ આવી ગયા. એ પાંડવો ખૂબ તેજસ્વી હતા, તેમના બાહુ હાથીની સૂંઢની જેમ મજબૂત અને લાંબા હતા. તેમનું પરાક્રમ બધી દિશાઓમાં વ્યાપ્ત થઈ ગયું હતું. એમનો વિક્રમ ચક્રવર્તી જેવો હતો, તેઓ તેમની માતા કુંતીની સાથે ધીરે ધીરે ચાલતા હતા. ચાલતા ચાલતા જ્યારે કુંતીને ખેદ થતો હતો તે સમયે બધાને ખેદ થઈ જતો હતો. રસ્તાની થકાવટથી કુંતી જ્યાં ઊભી રહી જતી હતી ત્યાં તેઓ પણ ઊભા રહી જતા અને કુંતી જ્યાં બેસતી ત્યાં તેઓ પણ બેસી જતા હતા. જુઓ, કર્મની કેવી વિચિત્ર ગતિ છે કે જે કુંતી ફૂલોની શય્યા ઉપર સૂવાવાળી હતી, જેની શય્યામાં ફૂલની જરા પણ ગાંઠ રહી જતી તો તેની પણ તકલીફ પહોંચતી હતી તે જ કુંતી આજે વેષ બદલીને વન-પહાડોની પગે ચાલીને યાત્રા કરે છે. **કર્મ જે ન કરાવે એ ઓછું છે.**

આ રીતે, ધીરે ધીરે ચાલતા પાંડવો ગંગા નદીના કિનારે પહોંચ્યા. એ સમયે ગંગા ખૂબ જ પાણીથી ભરેલી હતી. તેનો પ્રવાહ ખૂબ જ મંદ અને ગંભીર હતો. તેના કિનારે શોભાયુક્ત શાલવૃક્ષ લાગેલા હતા કે જે ખૂબ જ ફળફૂલથી લાદેલા હતા. એ સમયે ગંગા નદીની શોભા એક નવોઢા સ્ત્રી સમાન લાગતી હતી. તેના અથાહ જળને જોઈને તેને પાર કરવામાં અસમર્થ પાંડવો તેના કિનારે બેસી ગયા અને ત્યાં બેસીને નદી પાર કરાવવાવાળા ધીવરને શોધવા લાગ્યા. ભાગ્યવશ તેમને એક ધીવર મળી ગયો. તેને બોલાવીને કહ્યું કે ભાઈ! તું ખૂબ જલ્દી તારી નૌકા અહીં લઈ આવ અને અમને ગંગાની પેલે પાર પહોંચાડી દે. પરંતુ એ ખ્યાલ રાખજે કે નૌકા છિદ્ર વિનાની હોવી જોઈએ કે જેથી અમે નિરાપદ પાર થઈ જઈએ. પાંડવોની વાત સાંભળીને ધીવર તરત જ નૌકા લઈ આવ્યો અને તેમાં પાંડવોને બેસાડીને ગંગા પાર કરવા લાગ્યો. કુંતી ભયથી પોતાના પુત્રોનો હાથ પકડી લેતી હતી. તેને ખૂબ ડર લાગતો હતો. પણ પાંડવો નિડર



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હતા. થોડી જ વારમાં નૌકા નદીની વચ્ચે પહોંચી ગઈ અને ત્યાં પહોંચીને અટકી ગઈ. ધીવરે તેને ચલાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ તે ટસથી મસ ન થઈ. જેવી રીતે એક હઠી કુલટા સ્ત્રીને ડંડા દ્વારા કેટલી પણ મારવામાં કેમ ન આવે પણ તે એક કદમ પણ ખસકતી નથી, ત્યાંની ત્યાં જ રહે છે; અથવા જેવી રીતે કાળજ્વરના ચૂંગલમાં ફસાયેલા રોગીનું શરીર બિલકુલ પણ નથી ચાલતું તેવી રીતે એ નૌકા પણ લાખ પ્રયત્ન કરવા છતાં પણ તસુમાત્ર એ જગ્યાથી ન ખસી.

આ જોઈને પાંડવોએ ધીવરને કહ્યું કે ભાઈ! શું વાત છે? આ નૌકા આટલો ઉપાય કરવા છતાં પણ કેમ ચાલતી નથી? અહીંયા આ રીતે કેમ અટકી ગઈ છે જેવી રીતે સારા શાસ્ત્રોમાં ખોટી બુદ્ધિ અટકી જાય? પાંડવોના વચનો સાંભળીને ધીવર બોલ્યો કે સ્વામિન્! આ જગ્યાએ એક જળદેવી રહે છે. તેનું પ્રગટ નામ તુંડિકા છે અને આ ગંગા નદીમાં જ તેનું ઘર છે. આ સમયે આ દેવી નૌકાને વચમાં રોકીને પોતાની ભેટ ઈચ્છે છે અને ન્યાય પણ એ જ છે કે હકદાર લોકો પોતાનો હક લઈને જ બીજાનું કામ કરે છે. તેથી પ્રભો! આપ તેને હક આપીને નૌકા ચાલુ કરાવી દો અને શીઘ્ર પેલે પાર પહોંચો, તેમાં આપનું હિત છે. ધીવરની આ વાત સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું કે ભાઈ! અહીં તો દેવીને આપવા અમારી પાસે કોઈ ભેટ નથી. અહીંથી કિનારા સુધી ચાલો ત્યાં પહોંચીને અમે વિવિધ પ્રકારના વ્યંજન પકવાન બનાવશું અને પછી અહીં આવીને આદરપૂર્વક દેવીને ભેટ આપશું. તું જ કહે કે આવા અથાહ જળમાં દેવીને ભેટ કરવાયોગ્ય શું વસ્તુ મળી શકે? અને જો મળી શકે તો તું અમને એ લાવી આપ. યુધિષ્ઠિરના વચન સાંભળીને ધીવરે કહ્યું કે હે પ્રભો! આ તુંડિકા દેવી સાકર આદિથી બનેલા પકવાનોથી તૃપ્ત નથી થતી; પરંતુ એ તો મનુષ્ય-બલિ ચાહે છે. તેને મનુષ્યનું માંસ આપવામાં આવે છે, ત્યારે જ એ સંતુષ્ટ થાય છે. તેથી, હે નાથ! આપ પણ તેને મનુષ્ય-બલિ આપીને સંતુષ્ટ કરો અને પેલે પાર જલ્દી ચાલો નહીં તો અનર્થ થવાની સંભાવના છે.

ધીવરના આવા વચનો સાંભળીને યુધિષ્ઠિરના મનમાં ભારે ચિંતા ઉત્પન્ન થઈ ગઈ. તે પોતાના મૃત્યુને સામે આવેલું જોઈને આ પ્રકારે વિચારવા લાગ્યા કે જ્યારે અમારા દુષ્કર્મરૂપ રાહુની દૃષ્ટિ જ અમારી ઉપર વક્ર છે તો અમે દુઃખથી છૂટી જ કેવી રીતે શકીએ? કર્મ જ સંસારમાં પ્રબળ શત્રુ છે, તેના સમાન સંસારમાં બીજા કોઈમાં આવી શક્તિ નથી. જુઓને કર્મની વિચિત્રતા! પહેલાં તો અમારી કૌરવો સાથે લડાઈ થઈ તેમાં અમારો વિજય થયો અને પછી લાખના મહેલમાં અમને સળગાવવામાં આવ્યા. ત્યાંથી કોઈ રીતે સુરક્ષિત નીકળી આવ્યા અને આવીને આ નદીના કિનારે આવ્યા અને આ નાવમાં બેસીને સ્વતઃ જ મરવા માટે આ તુંડિકાના ચક્કરમાં ફસાઈ ગયા. આશ્ચર્ય તો એ વાતનું છે કે અમે લોકો મોટા મોટા અનિષ્ટોમાંથી તો બચીને આવી ગયા પરંતુ અહીં નાનું નિમિત્ત પામીને અમે બધા કાળનો કોળિયો બની જશું. આ કાર્ય તો એવું જ થયું છે કે જેવી રીતે કોઈ સમુદ્ર તો પાર કરી લે પરંતુ નાના તળાવમાં ડૂબીને પ્રાણ ખોઈ બેસે. ઠીક એવી જ દશા અત્યારે અમારી થઈ રહી છે. સાચું એ છે કે કર્મોદયની સામે કોઈ પણ

બળવાનનું બળ કામ નથી આવતું. આ વાત તો એવી થઈ કે જેવી રીતે કોઈ ધીવરના હાથમાંથી માછલી છૂટીને તળાવમાં પડી તો ત્યાં કોઈની જાળમાં ફસાઈ ગઈ અને જાળથી પણ જેવી તેવી રીતે નીકળી તો બગલો તેને ખાઈ ગયો.

ત્યારબાદ, સચિંત અને કર્તવ્ય-વિમૂઢ યુધિષ્ઠિરે એક નજર બળવાન વિપુલોદર ભીમ ઉપર નાખી અને કહ્યું કે પ્રિય ભાઈ ભીમ! આ સંકટથી હવે છૂટવાનો કોઈ ઉપાય છે? જો હોય તો બતાવ કે જેથી સુખેથી પેલે પાર પહોંચી શકાય. જુઓ ને! શું તો વિચાર કર્યો હતો અને હવે શું થઈ ગયું! આ તો એવી વાત થઈ કે જેમ કોઈ વિપ્ર રાજકન્યા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ઘરથી બહાર નીકળ્યો અને રસ્તમાં કોઈ વાઘ તેને ખાઈ ગયો. તેથી ભાઈ! વિઘ્નવિનાશનો શીઘ્ર જ કોઈ ઉપાય વિચારો નહીં તો થોડી વારમાં આપણા બધાનો સર્વનાશ થવાની સંભાવના છે. હું આ સમયે કર્તવ્યવિમૂઢ થઈ ગયો છું. મારી સમજમાં કોઈ ઉપાય નથી આવતો. આ વાત સાંભળીને નિર્ભય ભીમે ભૃકુટિ ચડાવીને કહ્યું કે પૂજ્યપાદ! આ સમયે અવસર પામીને કામ કરવામાં જ બુદ્ધિમતા છે. મેં આ વિપત્તિમાંથી છૂટવાનો એક સરસ ઉપાય વિચાર્યો છે. આપ એને શીઘ્ર કાર્યરૂપે પરિણમિત કરો. એ કામ કરવાથી ન તો અપયશ થશે અને ન તો કોઈ જ પ્રકારનું અપમાન થશે. પરંતુ મારી કીર્તિ અવશ્ય થશે. એ ઉપાય એ છે આ ધીવર અત્યંત બુઢો, દરિદ્ર અને વિટ્રૂપ છે. તેથી તેને જ દેવીની બલિ ચડાવી દેવી જોઈએ. હવે રહી નાવ ચલાવવાની વાત તો તમે કાંઈ ચિંતા ન કરો. મને વિશ્વાસ છે કે આપણે સહેલાઈથી નાવ પાર લઈ જશું.

ભીમના આ વચનો સાંભળી ધીવર થર-થર કાંપવા લાગ્યો, તેના હોશ એકદમ ઊડી ગયા, તે નિષ્પ્રભ થઈ ગયો. બરાબર છે કે પોતાના નાશની શંકા બધા જ જીવોને દુઃખદાયી હોય છે, ભલે તે ગરીબ હોય કે અમીર! તે દબાયેલા અવાજથી વિનમ્ર શબ્દોમાં પ્રાર્થના કરવા લાગ્યો કે સ્વામિન્! મને મારવાથી કાંઈ પણ લાભ નથી અને સંસારમાં આપની અકીર્તિ ફેલાઈ જશે કે જુઓ! આટલા મોટા રાજાએ એક દીન-હીન ધીવરને મારી નાખ્યો. ભલું કરતાં ખરાબ ફળ મળ્યું. રાજન્! એ ખ્યાલ રાખજો કે જો મને આપ મારી નાખશો તો મારા કુળના કોઈ પણ માણસ તમને આ ગંગાથી પાર પહોંચાડશે નહીં. ત્યારે તમારે ગંગામાં જ સ્થિતિ કરવી પડશે. આપ જ વિચારો કે એકવાર ઠગાયેલો માણસ ફરી એ જ માર્ગ ગ્રહણ કરતો હશે? ન જ કરે!

આ રીતે, ધીવરની વાત સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું કે વત્સ! તું આટલો ચતુર અને ગુણાઢ્ય થઈને પણ આ કેવી વાત કરી રહ્યો છે? તારી વાત સાંભળીને મારું મન કંપિત થઈ રહ્યું છે જેવી રીતે યમરાજનું નામ સાંભળીને આ શરીર ધ્રુજી ઊઠે છે. તું પોતે વિદ્વાન છો અને વિદ્વાનોમાં આદર પામે છે! શુભાશુભ કર્મોદયને અને સારા-ખરાબ ફળને સારી રીતે સમજે છે. આથી વધારે મારે તમને અહીં સમજાવાની આવશ્યકતા નથી. જુઓ, જે દયાર્દ્ર પરિણામવાળો પુરુષ છે તે પુણ્યોદયથી પ્રાપ્ત થયેલા અતુલ સંપતિનો ભોક્તા હોય છે. જે નિર્દયી અવ્રતી પુરુષ છે તે પાપોદયથી જીવોને સદાય

મારે છે અને સદાય દુઃખી રહે છે. તું પોતે વિચાર કરીને જો કે આ ધીવર કેટલો ગરીબ અને પાપોદયની પીડાથી દુઃખી થઈ રહ્યો છે. એ તો ખુદ પોતે કરેલા પૂર્વોપાર્જિત કર્મોના ફળને ભોગવી રહ્યો છે. તેથી, હે દયાળુ પ્રિય ભાઈ! તેને મારવો કઈ રીતે ઉચિત ગણાય? ઉપકારી પ્રત્યે તો ઉપકાર કરવો એ જ કર્તવ્ય છે, નહીં કે તેનો સર્વનાશ. ભાઈ! તેને મારવો તો મને ઉચિત નથી લાગતું. તેથી, હવે તું આ વિચાર છોડીને કોઈ બીજો જ ઉપાય નદી પાર કરવા માટે વિચાર.

પોતાના પૂજ્ય ભાઈ યુધિષ્ઠિરની આ વાત સાંભળીને ભીમ હસીને બોલ્યો કે પ્રભુ! તમે બીજો ઉપાય સાંભળો. તમે તુંડિકા દેવીને પ્રસન્ન કરવા માટે યુદ્ધમાં અપંડિત એવા નકુલ અને કુળની રક્ષામાં અસમર્થ એવા સહદેવની ભેટ આપી દો અને સુખેથી પેલે પાર ચાલો. ભીમની આ વાત સાંભળીને મહામના યુધિષ્ઠિર બોલ્યા કે હે ભીમ! તારા મોઢાથી આવી ભયાનક વાત કઈ રીતે નીકળી? મને તો બંને ભાઈ પુત્રોથી પણ વધારે પ્યારા છે. હાય! સુખેથી રહેવાવાળા આ પ્યારા ભાઈઓને હું કેવી રીતે મારું? એ તો મને પ્રાણથી પણ પ્યારા છે. ભાઈ! જો આપણે એને મારીને નદીને પાર જઈએ છીએ તો આપણી અપકીર્તિ સંસારમાં ફેલાઈ જશે કે જુઓ! આ યુધિષ્ઠિર રાજા પોતાના પ્રાણોને પ્યારા સમજીને પોતાના નાના ભાઈઓને દેવીને ભેટ આપી આવ્યા છે. આ કાર્યથી બધા લોકો આપણને ધિક્કારશે અને અપયશનો ઢંઢેરો સંસારમાં પીટાઈ જશે. અરે! આ દયાહીન જીવનને પછી તો અનંત વાર ધિક્કાર છે. હે નિર્દય ભીમ! તું આ દયાશૂન્ય વિચારને હૃદયમાંથી કાઢી નાખ. હું નથી સમજતો કે તારા મોઢામાંથી આવા કુત્સિત વિચાર કેમ નીકળે છે! ભાઈ! તારે તો સદાય દયા સહિત વિચાર કરવો જોઈએ. મારા વિદ્વાન ભાઈ! કોઈ એવો સારો ઉપાય વિચારો કે જે સુયોગ્ય હોય.

યુધિષ્ઠિરની વાત સાંભળીને ચતુર ભીમ બોલ્યો કે દેવ! જો આપને મારી આ વાત રુચિ નહીં તો તમે દેવીને તૃપ્ત કરવા માટે સમર્થ અર્જુનની ભેટ આપી દો કે જેથી દેવી ફરી ક્યારે પણ વિઘ્ન ન કરે. ભીમની વાત સાંભળીને યુધિષ્ઠિરનું માથું એ સમયે ફરી ગયું. એ કહેવા લાગ્યા કે હે પવિત્ર આત્મન્ ભીમ! તું આ કેવા નિંદ્ય વચન કહે છે? એથી તો આપણા ઉજ્જ્વળ યશમાં ધબ્બો લાગી જશે અને બધી જ સુખશાંતિ ધૂળમાં મળી જશે. તું તો જાણે જ છે કે આ પાર્થ કેટલો તેજસ્વી અને ધનુર્વિદ્યાનો પ્રકાંડ વિદ્વાન છે કે જેના બરાબર આજે સંસારમાં બીજો ધનુર્વિદ નથી જોવા મળતો. તે શબ્દવેધ કરવામાં પ્રવીણ છે અને ખૂબ જ ધર્માત્મા તથા ધીર-વીર છે. જેને મોટા રાજા-મહારાજા સારી રીતે જાણે છે અને તેનો આદર-સત્કાર કરે છે એના જીવતા તો ક્યારેક આપણું રાજ્ય પાછું પણ આવી શકે છે, તેથી તે ક્યારે પણ મારવા યોગ્ય નથી. તારી તેને મારવાની સલાહ નિતાંત અનુચિત છે.

પૂજ્ય મોટાભાઈની આ વાત સાંભળીને ભીમ ફરી બોલ્યો કે તમે કોઈને મારવા નથી માંગતા તો કમળ સમાન કોમળ આ માતા કુંતીને જ દેવીને ભેટ આપી દો કે જેથી આપણે બધા તો આ વિપત્તિમાંથી છૂટી જઈએ. ઉત્તરમાં યુધિષ્ઠિરે કહ્યું કે ભીમ! તારી આ વાત પણ ઉચિત નથી. આ જનની આપણને બધાને જન્મ આપવાવાળી છે. તેના

ચરણકમળ સદાય પૂજવા યોગ્ય છે. હે દયાળુ! હે ધર્મિષ્ઠ! તેણે આપણને નવ મહિના ગર્ભમાં રાખ્યા છે અને જન્મ આપીને ખૂબ જ કષ્ટથી આપણું પાલન-પોષણ કર્યું છે. આ જગતની પુણ્યમયી માતા છે. **જુઓ, સંસારના મહાન પુરુષ જનનીને તીર્થ કહે છે.** તો શું આપણે તેને મારી નાખવી જોઈએ? ભાઈ ભીમ! આ કઈ ન્યાય-નીતિની વાત છે? તું તો દયાનો સાગર છો, ન્યાય-નીતિને જાણનાર છો, લોક-વ્યવહારનો જાણનાર છો, તેથી ભાઈ! તું કોઈ વિચાર કરી યુક્તિપૂર્વક વાત કર અને એવો જ કોઈ ઉપાય કર.

ત્યારબાદ, ગંભીરાશય યુધિષ્ઠિરે વિચાર કર્યો કે ભીમે જે પોતાના પ્યારા ભાઈ અને પૂજ્ય માતાને મારવાનું કહ્યું છે એ તો ઠીક નથી પરંતુ આ સમયે મારે જ પોતાની બલિ આપી દેવી જોઈએ. આ વિચાર કરી એ પવિત્ર આત્મા પોતાની બલિ આપવા માટે તૈયાર થઈ ગયો અને બધા ભાઈઓને બોલાવી આ પ્રકારે શિક્ષા આપવા લાગ્યા કે ભાઈઓ! તમે બધા માતાની મન લગાવીને ભક્તિભાવથી સેવા કરજો. માતાની સેવા કરવાથી બધા મનોરથ સિદ્ધ થાય છે અને ઈચ્છિત સંપત્તિ મળે છે. પરોપકારમાં પોતાના મનને લગાવજો. ભૂલથી પણ કૌરવોનો વિશ્વાસ નહીં કરતા કારણ કે તેઓ બધા વિશ્વાસઘાતી છે, બીજાના મનોરથમાં વિઘ્ન નાખવાવાળા છે, આશીવિષ સર્પ સમાન છે. એમના ઉપર વિશ્વાસ કરવો એટલે માનો કે સદાય જોખમમાં રહેવું! આ રીતે યુધિષ્ઠિરે ભીમ આદિને સારી રીતે ન્યાયનીતિની શિક્ષા આપી.

ત્યારબાદ, યુધિષ્ઠિર પોતાના શરીરને ભીના વસ્ત્રથી સાફ કરીને અને મનના મેલને ધોઈને ધર્મધ્યાનમાં તલ્લીન થઈ ગયા અને એ સમયે પંચ પરમેષ્ઠિનો જાપ જપવા લાગ્યા. તે સમયે તેના મનમાં રાગ-દ્વેષ ન રહ્યા. તે શરીરથી ભિન્ન આત્માની ભાવના ભાવવા લાગ્યા અને સાંસારિક ઈચ્છાઓનું સંવરણ કરી આત્મ-ધ્યાનમાં લીન થઈ ગયા. તે સંસારની બધી વસ્તુઓ અને કુટુંબાદિને પોતાનાથી ભિન્ન સમજવા લાગ્યા. તે એ સમયે બે પ્રકારના સંન્યાસ ધારણ કરીને લીન થઈ ગયા. પછી તેમણે બધા ભાઈઓ પાસે ક્ષમા માગી અને બધાને ક્ષમા પ્રદાન કરી અને માતાને નમસ્કાર કર્યા. આટલું કર્યા પછી તે પોતાની બલિ આપવા તૈયાર થઈ ગયા. ભાઈની આ ક્રિયા જોઈ ભીમ આદિ બધા દુ:ખી થઈ ગયા અને તેમના શરીર થરથર કાંપવા લાગ્યા. તે કહેવા લાગ્યા કે હે તાત! આપે આ શું નિર્ણય કર્યો કે જેનો અમે સ્વપ્નમાં પણ વિચાર કર્યો ન હતો હે દેવ! આપનો આ પ્રયત્ન અમારા માટે ખૂબ જ દુ:ખદાયી છે. અમે તો એ જાણતાં હતા કે આપણો વનવાસ સમાપ્ત કરીને પાછા આપણા નગરમાં પાછા આવશું અને આ દુષ્ટ કૌરવોને યુદ્ધમાં હરાવીને કાળના મોઢામાં પહોંચાડશું અને આપણું ખોયેલું રાજ્ય ફરી પ્રાપ્ત કરીશું. નાથ! મનનો આ વિચાર તો મનમાં જ રહી ગયો અને આ અતર્કિત ઘટના સામે દેખાવા લાગી. **હા! આ દૈવને ધિક્કાર છે કે જેની સામે પુરુષાર્થની કોડી જેટલી પણ કિંમત નથી.**

પોતાના પુત્રોની આ દશા જોઈને કુંતી કરુણાથી આર્દ્રચિત્ત થઈ વિલાપ કરવા લાગી કે હા પુત્ર! હા દયાના નિધિ પવિત્રાત્મન્! હા રાજ્યયોગ્ય પુત્ર યુધિષ્ઠિર! તારા વિના આ કુરુજાંગલ દેશની કોણ રક્ષા કરશે? પુત્ર તું બળવાનોમાં બળવાન, પંડિતોમાં મહા પંડિત, તારા વિના શત્રુઓને મારીને કોણ રાજ્યને સ્વાધીન કરશે? આ રીતે વિજળીની પ્રભા

સમાન પ્રભાવાળી કુંતી રોતી રોતી પોતાના હાથે છાતી પીટતી મોહવશ મૂર્છાથી મૂર્છિત થઈને નાવમાં પડી ગઈ. **બરાબર છે કે મોહ એટલો પ્રબળ છે કે મનુષ્યની બુદ્ધિને હરી લે છે.** આ બાજું કુંતી મૂર્છામાં પડી હતી કે એટલામાં યુધિષ્ઠિર નદીમાં કૂદવા માટે ઉદ્યત થઈ ગયા.

પૂજ્ય યુધિષ્ઠિરની આ અવસ્થા જોઈને દુઃખથી દુઃખીત વિહ્વળ ભીમ બોલ્યો કે સ્વામિન્! આપ તો સ્થિરચિત્ત થઈ પૃથ્વીનું પાલન કરો. હે કુરુવંશરૂપ આકાશના ચંદ્ર! આપ મને ગંગામાં કૂદવાની આજ્ઞા આપો. હું હમણા મારા બાહુબળથી તુંડિકાને સંતુષ્ટ કરી નાખીશ. આ સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે ભાઈ ભીમ! તારે વ્યર્થમાં યમના મોઢામાં જવાની આવશ્યકતા નથી. ભીમે કહ્યું કે હું એ આસુરી તુંડિકાને મારા વજ્રોપમ હાથના પ્રહારોથી તાડિત કરીને હમણા તેને પગથી ચૂર કરી નાખીશ અને જોઉં છું કે તેનામાં કેટલી તાકાત છે. આમ કહીને નિર્ભય ભીમે દેવીને સંબોધન કરીને કહ્યું કે હે તુંડિકા! મારી બલિ લે અને પ્રસન્ન થા–એમ કહીને ગંગાના અથાહ જળમાં કૂદી પડ્યો. તેને સાચે જ ગંગામાં કૂદ્યો જાણીને યુધિષ્ઠિર આદિ ચારે ભાઈ અને માતા કુંતી હાહાકાર કરીને રુદન કરવા લાગ્યા. હા ભીમ! હા મહાભાગ! હા પરાક્રમી! હા શત્રુસમૂહના વિનાશક ભીમ! તેં આ શું કર્યું? તારા વિના અમને આ સંસાર શૂન્ય દેખાય છે. હા! હવે તારા વિના આ દુઃખરૂપી સાગર કેવી રીતે પાર કરી શકશું? ભીમના ગંગામાં પડતાં જ દેવીએ નૌકા છોડી દીધી. થોડીવારમાં નૌકા ગંગા કિનારે પહોંચી ગઈ. એ બધા તો કિનારે પહોંચી ગયા પરંતુ ભીમના વિયોગથી એ બધા દુઃખી અને ચિંતાતુર હતા. તેની દૃષ્ટિ ભીમ ઉપર લાગેલી હતી. પરંતુ કાંઈ વશમાં ન હતું. અંતે નૌકામાંથી ઉતરી અને ઘણો સમય ભીમની રાહ જોઈને તેઓ ત્યાંથી આગળ ચાલ્યા.

આ બાજુ, ભીમના ગંગામાં પડતાં જ તુંડિકા મગરનું રૂપ ધારણ કરીને તેની તરફ દોડી. તેને પોતાની તરફ આવતા જોઈ ભીમ પણ ખૂબ જ ક્રોધિત થઈ તેની તરફ દોડ્યો. તે પાણીમાં તરતો તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ભીમ અને તુંડિકા વચ્ચે આપસમાં પગની લાતો દ્વારા ખૂબ યુદ્ધ થયું. એ બંને લડતા એવા લાગતા હતા કે માનો બે પ્રચંડ મલ્લ જ લડી રહ્યા હોય. એ સમયે ભીમે પોતાના પગ દ્વારા તુંડિકાને ખૂબ જ માર માર્યો તેથી તુંડિકાને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તે ભીમને આખો ગળી ગઈ. એ સમયે ભીમના ક્રોધનો કોઈ પાર ન રહ્યો. તેણે તેના વજ્ર જેવા હાથના પ્રહાર દ્વારા એ દેવી-મગરનું પેટ ફાડી નાખ્યું અને તેના પીઠના સુદૃઢ હાડકાને તોડી નાખ્યું જેથી તે આરામથી પેટની બહાર નીકળી ગયો. તુંડિકા ભીમના મારથી ખૂબ જ વ્યાકુલિત થઈ ગઈ અને જ્યારે તેનાથી કાંઈ જ ન થઈ શક્યું તો તે ગંગાના બીજા રસ્તાથી ભાગી ગઈ. આ રીતે, દેવીને પરાજિત કરી ભીમ પોતાના બાહુબળથી નદીને પાર કરીને કિનારે આવી પહોંચ્યો. તેને આગળ આવતાં જોઈને, પાછળ ફરી ફરીને જોતાં યુધિષ્ઠિર આદિને ખૂબ જ પ્રસન્નતા થઈ. ભીમે તેમની પાસે પહોંચીને તેમના ચરણોમાં નમસ્કાર કર્યા અને ખૂબ જ હર્ષથી બધાને ગળે મળ્યો. ત્યારબાદ, યુધિષ્ઠિરે ભીમને પૂછ્યું કે ભાઈ ભીમ! તે ગંગાના અથાહ જળમાં કૂદીને વિના હથિયાર દેવીને કઈ રીતે હરાવી? ઉત્તરમાં ભીમે કહ્યું કે હે

મહાભાગ! આપના ચરણરજના પ્રસાદથી મેં હાથના પ્રહારથી જ તેને હરાવી દીધી અને ગંગાને તરીને અહીં આપની પાસે આવી ગયો.

આ પ્રકારે ગંગાના અથાહ જળને તરીને, તુંડિકાને જીતીને તથા શત્રુઓ ઉપર વિજય કરીને એ પાંડવો પરસ્પર ખૂબ જ આનંદિત થયા. ગ્રંથકાર કહે છે કે આ બધો ધર્મનો જ પ્રભાવ છે. ધર્મના મૂળ સદાય લીલા જ રહે છે. સંસારમાં કોઈ પણ એવી અલભ્ય વસ્તુ નથી કે જે ધર્મ-પાલનથી ન મળે. સાંસારિક જેટલી પણ સંપત્તિ છે તે ધર્માત્મા પુરુષોને ગોતી-ગોતીને પોતાના સ્વામી બનાવે છે. મતલબ એ છે કે ધર્મના પ્રભાવથી જીવોને બધી જ અનુકુળ ભોગ્ય સામગ્રી મળે છે. ધર્મ સમાન સંસારમાં બીજું કોઈ ધન જ નથી.

જે પ્રાણી-જીવ અંતરંગ ભાવથી ધર્મને ધારણ કરે છે તે સંસારના સુખ ભોગવે છે, યોગ્ય સ્ત્રી-પુત્રાદિ કુટુંબ, ધનાદિ, સંપત્તિ, નિરોગ શરીર આદિ મેળવે છે તથા તે જ મોક્ષ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે, તે જ દેવો દ્વારા રક્ષા મેળવે છે, તેને જ ધનાદિની પ્રાપ્તિ થાય છે અને તે જ સજ્જન પુરુષો દ્વારા વંદનીય થાય છે. તેથી સદાય ધર્મમાં મનને લગાવો અથવા એક સમય પણ ધર્મ વિના ન જવા દો કારણ કે શું ખબર કયા સમયે આ જીવનું શું થવાવાળું છે!

**|| અધ્યાય તેરમો સમાપ્ત ||**

**નરકભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળ રૂપ જેવું છે તેવું જો કોઈને એક ક્ષણમાત્ર સ્વપ્નમાં દેખાડે તો તે ભયથી પ્રાણ રહિત થઈ જાય. નારકીઓના દેહાદિનો એક કણ પણ અહીં આવે તો તેની દુર્ગંધથી અહીંના હજારો પંચેન્દ્રિય જીવો મરણ પામે. નારકીઓના શબ્દ એવા ભયંકર તથા કઠોર છે કે જો અહીં સાંભળવામાં આવે તો હાથીઓના ને સિંહોના હૃદય ફાટી જાય. નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ દેખાડવા કે અનુભવ કરાવવા મસ્ત મધ્યલોકમાં કોઈ વસ્તુ દેખાતી નથી. નરકમાં જે દુઃખ છે તે કોઈ કરોડો જીભ વડે કરોડો વર્ષ સુધી કહે તો પણ એક ક્ષણમાત્રના દુઃખને કહેવા સમર્થ નથી.**

*(શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, સુખદાસજી, ટીકા, પાનું–૬૧૨)*

# અધ્યાય ચૌદમો

જેમનું તેજ ચંદ્રમા સમાન છે તથા જે ચંદ્રના ચિહ્નથી ચિહ્નિત છે, જેમની સુરેન્દ્ર, નરેન્દ્ર, ખગેન્દ્ર આદિ બધા જ સેવા કરે છે, જેમની કીર્તિ સંસારમાં અદ્વિતીય ચંદ્રમાના નામથી પ્રખ્યાત છે એવા આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ સ્વામીને મારા નમસ્કાર છે. એ પ્રભુ મને શાંતિ આપે અને મારા કર્મ-કલંકને સમૂળ નષ્ટ કરે!

ત્યારબાદ, એ પાંડવો બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને કુંતીની સાથે-સાથે ધીરે ધીરે ત્યાંથી ચાલીને કૌશિકપુરી પહોંચ્યા. તે નગરી અત્યંત શોભાયુક્ત હતી. ત્યાં ઉન્નત મહેલો બનેલા હતા જે એવા લાગતા હતા કે માનો સ્વર્ગથી દેવોના વિમાન જ આવ્યા હોય. તે નગરીનો કોટ ખૂબ જ ઊંચો અને સુંદર બનેલો હતો જાણે કે સ્વર્ગને જીતવા સ્પર્ધા જ કરી રહ્યો હોય. નગરની રચના ખૂબ જ સુંદર હતી કે જે અત્યંત ચિત્તાકર્ષક હતી. ત્યાંના રાજાનું નામ વર્ણ હતું કે જે સુંદર શરીરવાળો તથા શ્રીમાન્, ધીમાન્ અને શક્તિશાળી હતો. તેની રાણીનું નામ પ્રભાકરી હતું. તે પણ પોતાના પતિની જેમ યોગ્ય ગુણ, રૂપ આદિથી સુશોભિત હતી. તેને એક કમળા નામની પુત્રી હતી. તે કમળા લક્ષ્મી સમાન શોભાયુક્ત હતી. તે સુંદરતાની પ્રતિમા હતી, તેના નેત્ર ખૂબ જ મનમોહક હતા, તે ગુણોની ખાણ હતી, તેનું શરીર અત્યંત કાંતિયુક્ત હતું.

એક દિવસ કમળાના મનમાં વનક્રીડા કરવાની ભાવના થઈ. તે પોતાની સહેલીઓને સાથે લઈને જ્યાં વિવિધ પ્રકારના ચંપા, ચમેલી, જુહી આદિ ફૂલ હતા, વિવિધ પ્રકારના વૃક્ષો ફળફૂલોથી લદાયેલા હતા એવા એક સુંદર પ્રમદ નામના વનમાં ગઈ. ત્યાં પહોંચીને તેણે સખીઓની સાથે મનગમતી ક્રીડા કરી.

ત્યારબાદ, દૂરથી તેણે એક જિનમંદિર જોયું. તે મંદિર ખૂબ જ સુંદર અને મનોરમ્ય લાગતું હતું. તેના શિખર ઉપર સુવર્ણના કળશ હતા. તે જોઈને કમળાને ત્યાં જઈને તેના દર્શન કરવાની ઈચ્છા થઈ. જિનાલયના દર્શન કરવા માટે તે ત્યાં જવા લાગી. એટલામાં પાંડવો પણ ત્યાં આવી ગયા અને તેઓ આ મંદિર જોઈને ખૂબ જ પ્રસન્ન થયા. તેમણે ત્યાં પહોંચીને શુદ્ધજળથી સ્નાન કરીને નિઃસહી નિઃસહીનું ઉચ્ચારણ કરતાં મંદિરમાં પ્રવેશ કર્યો અને ત્યાં શ્રી ચંદ્રપ્રભ ભગવાનની પ્રતિમા જોઈને તેમની પૂજા-વંદના કરી. ત્યારબાદ, પરમોદય આપવાવાળા અનેક સ્તોત્રો દ્વારા ભક્તિભાવથી ભગવાનની સ્તુતિ કરી કે હે જિનેન્દ્ર! હે ત્રણ લોકના પૂજ્ય! હે જન્મ-જરા-રોગના વિનાશક! હે ત્રણ લોકના સ્વામી! તમારી જય હો! હે ભગવન્! તમે અશરણના શરણ છો, કર્મરૂપી મહાયોદ્ધાને જીતવા માટે મહાબલિ છો. હે નાથ! આપના શરીરની કાંતિ એટલી તેજયુક્ત છે કે તેણે ચન્દ્રને પણ જીતી લીધો છે. નહીંતર એ ચન્દ્ર ચિહ્નના બહાને આપના ચરણોની સેવા

શું કામ કરત! ચંદ્ર કાળાશયુક્ત હોવાથી સદોષ છે પરંતુ આપનો આત્મા સદાય નિર્મળ છે, તેથી નાથ! આપ અદ્વિતીય ચંદ્ર છો! પ્રભુ! આપ સમસ્ત ચરાચર લોકને જોવાવાળા કેવળજ્ઞાની છો, સંસારના ઉદ્ધારક છો, તેથી નાથ! અમારી રક્ષા કરો. અમને સંસારથી પાર કરી આ ભીષણ દુ:ખથી છોડાવો. આ રીતે, ભગવાનની સ્તુતિ કરી તેમને ખૂબ જ આનંદ થયો જેથી તેમણે સાતિશય પુણ્યનો બંધ કર્યો.

ત્યારબાદ, તે બધા પુણ્યાત્માઓ ત્યાં બેઠા જ હતા કે એટલામાં સખીઓ સહિત કમળા ત્યાં ભગવાનના દર્શન કરવા માટે પહોંચી ગઈ. તેનું મુખકમળ પ્રસન્ન હતું, નેત્રકમળ ખીલી રહ્યા હતા, ગળામાં સુંદર હાર શોભા પામી રહ્યો હતો, એ પગના બીછ્છુઓના શબ્દોથી કોયલના કંઠને પણ શરમાવતી હતી, તે પોતાની મંદ-મંદ ચાલથી હાથણીને પણ જીતતી હતી. તેના કમરની કરધની ખૂબ જ શોભા પામી રહી હતી. ત્યાં પહોંચીને તે જિન-મંદિરની અંદર ગઈ અને ત્યાં તેણે યથાવિધિ ભક્તિભાવથી પ્રભુની વંદના કરી અને ચંદનાદિ સુગંધિત દ્રવ્યો કે જેની ઉપર ભમરા ગુંજી રહ્યા હતા તેના દ્વારા ભગવાનની પૂજા કરી. બધી દિશાઓને સુગંધિત કરવાવાળા ધૂપનું અષ્ટકર્મનું દહન કરવા માટે ક્ષેપણ કર્યું. શ્રીફળ આદિ મનોહર ફળ ભગવાનના ચરણોમાં ચડાવ્યા. આ પ્રકારે પ્રગાઢ ભક્તિપૂર્વક ભગવાનની પૂજા કરીને તે ત્યાંથી બહાર આવી.

બહાર આવીને તેણે પાંડવોને જોયા. તે બધામાં અધિક તેજશાળી, રૂપ-ગુણમાં સુંદર યુધિષ્ઠિરને જોઈને તે મોહિત થઈ ગઈ અને મનમાં વિચારવા લાગી કે આ કોણ છે? સુર છે કે સુરેશ? ચંદ્ર છે કે સૂર્ય? નાગેન્દ્ર છે કે કિન્નર દેવ છે? દેવ જણાતા નથી કેમ કે એમના નેત્ર ટમકારસહિત ચપળ છે. છે તો કોઈ મનુષ્ય પણ સુંદરતામાં દેવ સમાન જણાય છે. મનુષ્ય પણ સાધારણ નથી, વિશેષ પુણ્યવાન જણાય છે. આ મહાપુરુષે મારા મનને મોહી લીધું છે, તેથી હું તેમના વિના બિલકુલ અધિર છું, મારા પ્રાણોની રક્ષા કરવા માટે પણ અસમર્થ છું. આ રીતે, એ કન્યા કામના પ્રખર બાણ દ્વારા સારી રીતે ઘાયલ થઈ ગઈ કે જેથી હવે તેના ઘરે પહોંચવું પણ મુશ્કેલ થઈ ગયું. તે પગ ક્યાંક રાખવા જતી અને ક્યાંક જઈને પડતો હતો. તેની સખીઓ જેમ તેમ કરીને તેનો હાથ પકડીને તેને ઘર સુધી લઈ આવી. ત્યાં પહોંચીને તેનું આખું શરીર આળસયુક્ત થઈ ગયું. તે મુગ્ધા ન તો કાંઈ ખાતી હતી અને ન કાંઈ પીતી હતી અને ન કોઈની સાથે કાંઈ બોલતી હતી. તે કયારેક રડવા લાગતી હતી, ક્યારેક સૂઈ જતી હતી, ક્યારેક બેસી જતી હતી, ક્યારેક હસતી તો ક્યારેક પડી જતી હતી. પુત્રીની આવી હાલત જોઈને તેની સખીઓ દ્વારા તેની માતાએ તેનું કારણ જાણી લીધું અને એ બધા જ સમાચાર તેણે પોતાના સ્વામીને કહ્યા. રાજાએ પુત્રીની આવી હાલત જાણીને તરત જ મંત્રીઓને બોલાવ્યા અને તેમની સાથે ચર્ચા કરીને પાંડવોને પોતાના ઘરે બોલાવવાનો નિર્ણય કર્યો. નિર્ણય અનુસાર તેમણે કોઈ સંભ્રાત વ્યક્તિને મોકલી આદરપૂર્વક તેમને પોતાના ઘરે બોલાવ્યા અને તેમનાથી પ્રીતિપૂર્વક મળ્યા તથા વસ્ત્રાભૂષણ આપીને તેમનો યથાયોગ્ય આદર-સત્કાર કર્યો. પાંડવો રાજાના પ્રેમવશ થોડા દિવસ ત્યાં રોકાઈ ગયા. અવસર મેળવીને એ સમયે રાજાએ

યુધિષ્ઠિરને કન્યા વરવાની પ્રાર્થના કરી. તેમની સ્વીકારતા અનુસાર શુભ મુહૂર્તમાં કમળાના સવિધિ વિવાહ યુધિષ્ઠિર સાથે કરી દીધા અને સાથે ઘણું ધન પણ આપ્યું.

કમળા સાથે લગ્ન કરીને યુધિષ્ઠિર તેની સાથે દિવ્ય ભોગ ભોગવતા થકા માતા અને ભાઈઓની સાથે ઘણા દિવસો ત્યાં રહ્યા. આ દરમ્યાન, રાજા યુધિષ્ઠિરને એક દિવસ પૂછ્યું કે પ્રિયદર્શન! આપ કોણ છો? આપની સાથે આ ચાર પુરુષ કોણ છે? તમે લોકો ક્યાંથી આવ્યા છો? આ વાત સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું કે હે મહાભાગ! તમે અમારો પરિચય પામીને આશ્ચર્ય કરશો. અમે પાંચેય પાંડુ રાજાના પુત્ર છીએ. કૌરવોએ દગાથી અમને લાખના મહેલમાં સળગાવી દીધા હતા પરંતુ પુણ્યોદયથી અમે ત્યાંથી બચીને નીકળી આવ્યા. હવે અમે દ્વારિકા નગરી જઈ રહ્યા છીએ. દ્વારિકાના રાજા સમુદ્રવિજય અમારા મામા છે તથા તેમના પુત્ર નેમિનાથ તીર્થંકર તથા શ્રીકૃષ્ણ અને બળદેવ અમારા ભાઈ થાય છે. અમને એમના દર્શનની ઘણી તીવ્ર ઈચ્છા છે. તેથી અમે દ્વારિકા જશું. આ રીતે, પોતાની બધી કથા કહીને તે ધર્માત્મા સત્યનિષ્ઠ કમળાને ત્યાં જ છોડીને ત્યાંથી ચાલી નીકળ્યા.

આ રીતે, એ મહાભાગ પાંડવો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમનું ખૂબ જ સન્માન થયું. લોકો સ્વતઃ તેમની સામે અનેક પ્રકારની ભોગ્ય સામગ્રી, આસન, શયન, ભોજન, વાહન આદિ લાવી-લાવીને ઉપસ્થિત કરતા હતા. **બરાબર જ છે કે ભાગ્યવાન જ્યાં પણ જાય અને કેવી પણ હાલતમાં કેમ ન હોય પણ બધી જ જગ્યાએ એમનો સત્કાર જ થાય છે.** તેમના રસ્તામાં જે પણ જિનમંદિર આવતું ત્યાં તેઓ દર્શન-પૂજા કરતાં આગળ વધતા હતા. આ રીતે, ચાલતા-ચાલતા ફળફૂલોથી વ્યાપ્ત એક મનોહર પુણ્યદ્રુમ નામના વનમાં પહોંચ્યા. એ વનના મધ્યમાં ઘણા જિનમંદિરો બનેલા હતા. એ મંદિર મનોજ્ઞ અને ચિત્તાકર્ષક હતા. ધર્મપિપાસુ પાંડવોએ એ મંદિરોને દૂરથી જ જોઈને તેમને નમસ્કાર કર્યા અને એ બાજુ મનોયોગ લગાવીને ચાલવા લાગ્યા. થોડા જ સમયમાં તેઓ ત્યાં પહોંચી ગયા અને પછી મંદિરમાં પ્રવેશ કર્યો. ત્યાં પહોંચીને તેમણે સોનાચાંદીથી બનેલ ભવ્ય મૂર્તિઓના દર્શન કર્યા. એ સમયે તેમના આનંદની સીમા ન રહી. ત્યારબાદ, તેમણે જલાદિક આઠ દ્રવ્યો દ્વારા ઘણા જ ભક્તિ-ભાવથી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી તથા પવિત્ર સ્તોત્રો દ્વારા પ્રભુના ગુણગાન કરીને નમસ્કાર કર્યા. ત્યારબાદ, ત્યાં બિરાજમાન દિગંબર મુનિરાજના દર્શન કર્યા. xxxxx

ત્યારબાદ, પાંડવોએ ત્યાં એક પુણ્યમૂર્તિ અર્જિકાને જોયા. તેઓએ તેમને નમસ્કાર કર્યા અને તેમના સમીપ બેસી ગયા. માતા કુંતી પણ એક બાજુ બેસી ગયા, ત્યાં સુંદર લક્ષણોથી યુક્ત એક કન્યા પણ બેઠી હતી, તેનું શરીર વ્રતાદિ અનુષ્ઠાનોથી કૃશ થઈ ગયું હતું. તેણે વિદ્યા ભણવાનો પ્રારંભ કર્યો હતો. એ સુંદર કન્યાને જોઈને કુંતીએ પૂછ્યું કે હે અર્જિકે! ધર્મ-ધ્યાન કરવાવાળી આ સાધ્વી કન્યા કોણ છે કે જે આટલી નાની ઉંમરમાં જ તપ કરવા લાગી છે? કારણ કે એની આ યૌવનાવસ્થા કે જેમાં કામદેવનું પ્રબળ જોર હોય છે, તપ કરવાનું નહીં. એનું કોઈ બીજું કારણ હોવું જોઈએ, કારણ કે વિના કારણ કોઈ કાર્ય નથી થતું. એ હજી રંગીન વસ્ત્ર પહેરેલી છે તેથી એ જણાય છે કે તે હજી દીક્ષિત

નથી થઈ, તેમ છતાં તે સ્થિરમના આપની પાસે વનમાં ક્યા કારણથી રહે છે? કન્યાના રૂપ-ગુણ જોઈને કુંતીને મનમાં તેને પોતાની પુત્રવધૂ બનાવવાની ઈચ્છા થઈ ગઈ તેથી કુંતી પોતાના સતૃષ્ણ નેત્રોથી એ કન્યા તરફ એકીટશે જોવા લાગી. કન્યા પણ ચૂપચાપ પોતાના નેત્રોથી યુધિષ્ઠિરને જોઈ રહી હતી અને યુધિષ્ઠિર પણ તેને જોઈ રહ્યા હતા. બંને મનમાં એકબીજાને પસંદ કરવા લાગ્યા. એટલામાં આર્જિકાજીએ કુંતીના પ્રશ્નના જવાબમાં કહ્યું કે સુધર્મિને! હવે હું તને આ કન્યાનું સંક્ષેપમાં ચરિત્ર કહી દઉં છું એ ધ્યાનથી સાંભળજે.

આ જે નગરી દેખાય છે તેનું નામ કૌશાંબી છે. આ નગરીમાં ઉત્તમ પુરુષોનો નિવાસ છે. અહીંના રાજા વિંધ્યસેન છે તથા રાણી વિંધ્યસેના છે. બંને યોગ્ય ગુણોથી પરિપૂર્ણ છે. તેમને વસંતસેના નામની પુત્રી છે કે જે સર્વગુણ સંપન્ન, સુંદર નેત્રવાળી, સર્વકળાઓમાં વિશારદ છે. તે આ જ કન્યા છે. રાજા વિંધ્યસેને તેનો વિવાહસંબંધ રાજા યુધિષ્ઠિર સાથે કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ થોડા જ દિવસોમાં એ સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા કે પાંડવોને લાખના મહેલમાં અગ્નિ લગાડીને સળગાવી દીધા. એ સાંભળી વસંતસેનાના મનમાં ઘણું જ દુઃખ થયું. તેણે મનમાં વિચાર કર્યો કે આમાં મારા દુષ્કર્મના ઉદય સિવાય બીજું કાંઈ કારણ નથી. આવો વિચાર કરી તેણે એ નિશ્ચય કર્યો કે હું યુધિષ્ઠિર સિવાય બીજા કોઈને મારા સ્વામી નહીં બનાવું. તેમને છોડીને બાકી બીજા પુરુષ મારા ભાઈ, પુત્ર, પિતા સમાન છે. તેઓ હવે અગ્નિમાં બળી ગયા છે, મળવાના નથી, તેથી મારા માટે હવે તપ કરવું જ શ્રેષ્ઠ છે કે જેથી હું મારું આત્મકલ્યાણ કરી શકું કે જેથી મને ફરી આવા નિંદ્ય કર્મોનો બંધ ન થાય. આ વિચાર કરીને તે દીક્ષા લેવા તૈયાર થઈ ગઈ. તેની આ ક્રિયાને જોઈને તેના માતા-પિતા ખૂબ જ દુઃખી થઈ ગયા. તેઓએ પુત્રીને ઘણી રીતે સમજાવ્યું કે તારું આ શરીર અત્યંત કોમળ છે અને જિનદીક્ષા અત્યંત કઠીનતર છે, તલવારની ધાર સમાન તીક્ષ્ણ છે, તેથી તેનું પાલન કરવું અત્યંત મુશ્કેલ છે. પુત્રી! જો તારે આવું જ કરવું હોય તો તું થોડા દિવસ રોકાઈને કોઈ સાધ્વી અર્જિકાની પાસે રહીને શાસ્ત્રોનો અભ્યાસ કર, કદાચ તારા પુણ્યના ઉદયે યુધિષ્ઠિર નિર્વિઘ્ન જ હોય, તેમના ઉપર આવેલી વિપત્તિ ટળી ગઈ હોય. મારો એ નિશ્ચય છે કે પુણ્યશાળી ધર્મનિષ્ઠ પુરુષ અલ્પાયુ નથી હોતા, તેઓ દીર્ઘજીવી હોય છે, તેઓ જો જીવિત હશે તો તને અવશ્ય જ મળશે અને તું આનંદપૂર્વક તારી ઘરગૃહસ્થીના સુખનો અનુભવ કરજે અને નહીં તો દીક્ષા લઈને તપ કરજે! પરંતુ અત્યારે ઉતાવળ ન કર અને મારી આજ્ઞાનુસાર થોડા દિવસો દીક્ષા ન લે.

એ પ્રકારે માતા-પિતાના સમજાવાથી વસંતસેના તેમની વાત માની ગઈ અને પોતાના નિશ્ચય કરેલા વિચારો બદલી નાખ્યા પરંતુ પ્રતિદિન અહીં આવીને કાયક્લેશ દ્વારા શરીરને સુકાવે છે, વ્રતોનું પાલન કરે છે, રસનો ત્યાગ કરે છે, મુશ્કેલ મુશ્કેલ તપ કરે છે. આ સાધ્વી શીલવતી અને ચારિત્રવાન છે. શાસ્ત્રોને મન-વચન-કાયથી એકાગ્ર થઈને સાંભળે છે. આ બાજુ વસંતસેના મનમાં વિચાર કરે છે કે શું આ જ માતા કુંતી અને પાંચ પાંડવો તો નથી ને! તે પોતાના મનોગત ભાવોને દબાવી ન શકી. તેણે માતાને સ્પષ્ટ પૂછ્યું કે માતા! આપ કોણ છો? આ પાંચેય મહાભાગ કોણ છે? કન્યાની

આ વાત સાંભળીને કુંતીએ ઉત્તર આપ્યો કે બેટી અમે બધા બ્રાહ્મણ છીએ. બ્રહ્મવિદ્યાના જાણકાર છીએ. મારા વચનો પર વિશ્વાસ કરજે. પોતાની બધી વાત કહીને અંતમાં કુંતીએ હસીને વસંતસેનાને કહ્યું કે પુત્રી! તું આજન્મ શીલવ્રતને ધારણ કર અને દીક્ષાની આશા છોડીને શ્રાવકના વ્રતમાં અનુરાગ કર. સંભવ છે કે તારા પુણ્યકર્મના સંયોગથી તારો ભર્તાર તને આવીને મળી જાય કારણ કે એ મહાપુરુષ છે અને પુણ્યવાન મહાપુરુષોને મનુષ્યોની તો શું વાત પણ દેવતાઓ પણ નથી મારી શકતા. આ વાત સાંભળીને કાંતિહીન કન્યા ખૂબ જ ખેદખિન્ન થઈ અને પોતાના પૂર્વોપાર્જિત કર્મોની નિંદા કરતી થકી વધારે મુશ્કેલ તપસ્યામાં આસક્ત થઈ ગઈ.

આ બાજુ, પ્રતાપી પાંચેય પાંડવો માતા સહિત ત્યાંથી ચાલી નીકળ્યા. તેઓ પ્રકૃતિની શોભા જોતા ત્રિશ્રૃંગ નગરમાં પહોંચ્યા. એ નગર ઘણું જ સુંદર અને મનમોહક બનેલ હતું. ત્યાંના પ્રતાપી રાજાનું નામ ચંડવાહન અને તેની સ્ત્રીનું નામ વિમલા રાણી હતું. આ દંપતિ યોગ્ય ગુણોથી સંપન્ન હતા. તેમને દશ પુત્રીઓ હતી કે જે ઘણી જ શિક્ષિત અને ગુણસંપન્ન હતી. તેમાં ગુણપ્રભા સૌથી મોટી હતી. તે ઘણી જ ગંભીર, વિદુષી અને ગુણજ્ઞા હતી. બીજી સુપ્રભા, હ્રીં, શ્રી, રતિ, પદ્મા, ઈંદિવસા, વિંબા, આશ્ચર્યા અને અશોકા એ નવ કન્યાઓ પણ રૂપવતી અને સૌભાગ્યશાળી હતી. પુત્રીઓને યૌવનવતી જાણીને રાજાએ એક નિમિત્તજ્ઞથી પૂછ્યું કે આમનો સ્વામી કોણ થશે? એના ઉત્તરમાં નિમિત્તજ્ઞએ કહ્યું કે મહારાજ! એમનો પતિ યુધિષ્ઠિર નામનો પાંડવ થશે. આ વાત સાંભળીને એ કન્યાઓએ પોતાનો પતિ યુધિષ્ઠિર નક્કી કરી નાખ્યો અને આનંદપૂર્વક ત્યાં જ રહેવા લાગી. પરંતુ થોડા સમય પછી પાંડવોના સંબંધમાં કાંઈક સમાચાર સાંભળવા મળ્યા જેને સાંભળી તેમને ઘણું દુઃખ થયું.

એ જ નગરીમાં પ્રિયમિત્ર નામનો એક શેઠ રહેતો હતો. તે ખૂબ જ ધનવાન અને પ્રતિષ્ઠિત હતો. તેની પ્રિયાનું નામ સૌમિન હતું. તેને નયનસુંદરી નામની એક કન્યા હતી. શેઠે પણ રાજાની જેમ નિમિત્તજ્ઞાનીના કહ્યા અનુસાર પોતાની કન્યા યુધિષ્ઠિરને દેવાનું નક્કી કર્યું હતું. પાંડવોના અગ્નિમાં મરવાના સમાચાર સાંભળીને તે કન્યા પણ ખૂબ જ દુઃખી થઈ અને તે ગુણપ્રભા આદિ રાજકન્યાઓ સાથે રહેવા લાગી. તે અગ્યારેય કન્યાઓ ધર્મમાં લીન થઈને અનેક વ્રત, ઉપવાસ કરવા લાગી.

એકવાર તેમણે ચતુર્દશીના દિવસે સોળ પહોરનો ઉપવાસ કર્યો અને એ દિવસે વનના એક મંદિરમાં ગઈ કે જ્યાં કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ ન હતો. ત્યાં તેમણે ધર્મધ્યાનપૂર્વક કાયોત્સર્ગ ધારણ કરીને રાત અને દિવસ વ્યતીત કર્યા તથા જિનેન્દ્ર ભગવાન, ચક્રવર્તી, બળભદ્ર, નારાયણ આદિ મહાપુરુષોની કથા સાંભળીને રાત પસાર કરી તથા પ્રાતઃકાળમાં કાયોત્સર્ગ આદિ ક્રિયાઓ કરી. ત્યારબાદ, ગુણપ્રભા રાજકન્યાએ બધાને કહ્યું કે આજે આપણે અહીં જ પારણું કરશું અને જો આજે મુનિદાન દ્વારા આપણું પારણું સફળ થઈ જાય તો આપણો જન્મ સફળ થયો સમજવો જોઈએ. બીજી વાત એ છે કે આપણે મુનિને આહારદાન આપીને એમની પાસે જ દીક્ષા ધારણ કરી લેશું. આ રીતે તેઓ શુદ્ધમનથી પવિત્ર

ભાવના ભાવવા લાગી અને આપસમાં વિચાર કરવા લાગી કે જુઓ, આ સંસાર ખૂબ જ વિચિત્ર છે, તેમાં મોહને વશવર્તી થયા થકા જીવો પોતાના આત્મસ્વરૂપને ભૂલીને મમત્વ કરવા લાગે છે. બધી પર્યાયમાં આ સ્ત્રીપર્યાય અત્યંત નિંદ્ય છે, પાપકર્મના ઉદયથી જ આ પર્યાય પ્રાપ્ત થાય છે. કન્યા જન્મતા જ માતા-પિતાને ચિંતા ઉત્પન્ન કરાવી દે છે. ત્યારબાદ તે જ્યારે યુવાન થાય છે ત્યારે તેના વિવાહની ચિંતામાં બળ્યા કરે છે અને જ્યારે વિવાહ થઈ જાય છે ત્યારે માતા-પિતાને એ ચિંતા થયા કરે છે કે પુત્રી પતિના સમાગમથી સુખી હશે કે નહીં? પતિ સારો હોય તો કાંઈ વાંધો નહીં પણ જો કદાચ પતિ દુર્વ્યસની, મૂર્ખ, ગરીબ, ક્રોધી, અવિનયી, દુષ્ટ સ્વભાવવાળો, દુર્નીતિ, દુર્મતિ, વ્યભિચારી નીકળ્યો તો તેમના દુઃખનો કોઈ પાર નથી રહેતો. આવા પતિના સમાગમથી સ્ત્રીને જે દુઃખ થાય છે એ તો એ જ જાણી શકે! કદાચ બુદ્ધિમાન પતિ પણ મળ્યો પણ જો એને શોકનો સમાગમ થઈ ગયો અને પતિ એનામાં આસક્ત થઈ ગયો તો તેણે બીજા ઘણા દુઃખનો સામનો કરવો પડે છે. શોક સમાન સ્ત્રીઓને ન બીજું કોઈ દુઃખ છે, ન હતું અને ન થશે? જો કદાચ સ્ત્રી પતિને પ્યારી પણ થઈ પણ જો વંધ્યા રહી તો એ કુળનાશીની કહેવાય છે અને બીજા દ્વારા તિરસ્કૃત કરવામાં આવે છે. વંધ્યા ન હોય તો તેણે નવ મહિના ગર્ભ ધારણ કરીને કષ્ટ ઉઠાવવું પડે છે. ત્યારબાદ, જ્યારે બાળક થાય તે સમયે પણ અસહ્ય વેદના થાય છે. જેનો અનુભવ એ જ કરે છે, એ દુઃખ કહેવાથી ન કહી શકાય. કદાચ પતિનો વિયોગ થઈ જાય તો તેણે વૈધવ્યનું ભારે દુઃખ સહન કરવું પડે છે. વૈધવ્યના દુઃખ સમાન સ્ત્રીને બીજું કોઈ દુઃખ નથી. મતલબ એ છે કે કન્યાનો જન્મ જ દુઃખમય છે, તે દુઃખનું વર્ણન કરવા કોઈ પણ સમર્થ નથી. પરંતુ આ દુષ્ટ કર્મની ક્રૂરતા તો જુઓ કે આપણે લગ્ન વિના જ વિધવા થઈ ગયા. તેથી, ધિક્કાર છે આ સ્ત્રી પર્યાયને! બહેનો! સાંભળો, આ સ્ત્રી સર્વથા અને સર્વદા પતિને આધિન રહે છે. પતિની પ્રસન્નતાથી જ એના બધા મનોરથ સફળ છે, જે સ્ત્રી પતિથી પ્રતિકૂળ ચાલે છે તેને ક્યારે પણ સુખ નથી મળતું, તે સદાય ચિંતામાં જ પોતાના શરીરને બાળતી રહે છે. પતિની પ્રસન્નતા જ સ્ત્રીના ધર્મ, અર્થ અને કામની પૂર્ણતામાં સાધક છે. પતિ વિના સ્ત્રીનો જન્મ જ વ્યર્થ છે, પતિ વિના તેનો નિર્વાહ કોઈ પણ રીતે થઈ શકતો નથી. તેથી બહેનો! હવે આપણા હિતનો રસ્તો સંયમ પાળવામાં જ છે. આપણે વિષય-ભોગની કામનાઓને એકદમ જ તિલાંજલી આપીને અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ તથા જપ, તપ, સંયમ આદિ કરવામાં પોતાનું મન લગાડવું જોઈએ કે જેથી આપણે આ નિંદ્ય સ્ત્રીપર્યાયને છેદીને મનુષ્યભવમાં પુરુષપર્યાય પ્રાપ્ત કરીને મુક્તિને પ્રાપ્ત કરી શકીએ.

ગુણપ્રભાના આ યુક્તિમત વચનો સાંભળીને દીક્ષા લેવા માટે ઉદ્યત બીજી રાજકન્યાઓ બોલી કે હે સખી! તેં જે કાંઈ કહ્યું એ એકદમ સત્ય છે. આ સાંભળીને ગુણપ્રભાએ કહ્યું કે સખી! તમે હજી સાંભળો. પતિના સ્નેહથી થવાવાળા સુખની આશાથી જ સ્ત્રી ગૃહસ્થીમાં રહે છે. તેને જે બળ હોય છે તે એક પતિનું જ હોય છે. તેના વિના કોણ સ્ત્રી ગૃહસ્થીની ઝંઝટ સહન કરે! સખી! વિધવા સ્ત્રી મનુષ્ય-સમાજમાં એવી રીતે શોભા પામે છે જેવી રીતે કોઈ અવિવેકી

મનુષ્ય અથવા લોભી સાધુ! વિધવા સ્ત્રીને તાંબુલ ખાવું, હાથમાં મહેંદી લગાવવી, શ્રૃંગારાદિ કરવું, ઠાઠમાઠથી રહેવું, ગરિષ્ટ ભોજન કરવું ઈત્યાદિ બધા કાર્ય અનિષ્ટકર અને નિંદાસ્પદ છે. વિધવાના શરીર ઉપર સફેદ વસ્ત્ર સિવાય બીજું કોઈ વસ્ત્ર શોભા પામતું નથી. તેથી પતિના મરી ગયા પછી કે પરદેશ ગયા બાદ શ્રેષ્ઠ સ્ત્રીઓને ઉચિત છે કે તે સંયમનું પાલન કરે, તેણે તપ દ્વારા શરીરને સુકાવીને ઈન્દ્રિયોને વશમાં રાખવી જોઈએ.

એ કન્યાઓ આ પ્રકારે ચર્ચા કરી રહી હતી એ જ સમયે એ જિનાલયમાં એક દમતારી નામના પરમ તપસ્વી મુનિરાજ આવ્યા તેમને જોઈને એ કન્યાઓ ખૂબ જ પ્રસન્ન થઈ ગઈ. બરાબર જ છે કે અભિપ્સિત અર્થની સિદ્ધિ થવાથી કોને પ્રસન્નતા ન થાય! તેમણે મુનિરાજને ત્રણ પ્રદક્ષિણા કરીને ભક્તિ-ભાવથી નમસ્કાર કર્યા. પછી એ કન્યાઓએ વિનમ્ર શબ્દોમાં મુનિરાજને એ પ્રાર્થના કરી કે અમને દીક્ષા આપો. ઉત્તરમાં મુનિરાજે કહ્યું કે પુત્રીઓ! હમણા તમારી બાળ અવસ્થા છે અને આ જિનદીક્ષા તીક્ષ્ણ અસિધારા છે, તેથી તેમનું પાલન તમારાથી થવું ઘણું જ મુશ્કેલ છે. બીજી વાત એ છે કે તમે સુકુમાર અવસ્થામાં શું કામ દીક્ષા ધારણ કરવા ચાહો છો એનું કોઈ કારણ પણ હોવું જોઈએ. મુનિરાજની વાત સાંભળીને કન્યાઓએ પાંડવોના સળગી જવાના સમાચાર કહ્યા અને પ્રાર્થના કરી કે સ્વામિન્! પતિના મર્યા પછી કુલીન શીલવાન સ્ત્રીઓનું એ કર્તવ્ય છે કે એ જિનદીક્ષા સ્વીકાર કરે, એમાં જ અમારું કલ્યાણ છે. એના ઉત્તરમાં એ અવધિજ્ઞાની મુનિરાજે કહ્યું કે પુત્રીઓ! ઉતાવળ ન કરો. આ મુહૂર્તમાં જ એ પાંચેય પાંડવો નિશ્ચયથી અહીં આવશે અને તેમની સાથે તમારો સમાગમ થશે. મુનિરાજની વાત સાંભળીને ત્યાં જેટલા પણ શ્રાવક-શ્રાવિકા હતા તેઓ આશ્ચર્યમાં પડી ગયા. આ વાત ચાલી રહી હતી તે જ સમયે એ પાંચે પાંડવો નિઃસહી નિઃસહી કરતાં શ્વેત વસ્ત્ર ધારણ કરીને ત્યાં આવી પહોંચ્યા. ત્યાં આવતાં જ સર્વપ્રથમ તેમણે મુનિરાજના દર્શન કર્યા અને ભક્તિ-ભાવથી પૂજા કરી. આ બધું જોઈને કન્યાઓ મુનિરાજના જ્ઞાનની અતીવ પ્રશંસા કરવા લાગી. પછી ઈન્દ્ર જેવી શોભાને ધારણ કરવાવાળા મહાભાગ યુધિષ્ઠિરને જોઈને કન્યાઓને ખૂબ જ સંતોષ થયો. ત્યાં જેટલા પણ બેઠા હતા એ બધાના ચિત્ત પ્રસન્ન થઈ ગયા.

આ બાજુ, ચંડવાહન રાજાને પણ પાંડવોના ત્યાં આવવાના સમાચાર સાંભળીને ખૂબ જ પ્રસન્નતા થઈ. તે તેમના આવવાના સમાચાર સાંભળતાં જ તેમને મળવા માટે આતુર થઈ ગયો. તે તરત જ પોતાના મહેલમાંથી નીકળીને તેમને મળવા ચાલી નીકળ્યો. ત્યાં પહોંચીને તેણે મુનિરાજને નમસ્કાર કર્યા અને તેમની વંદના કરી. પછી પાંડવોથી ગાઢ આલિંગન કરીને મળ્યો. પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા પછી રાજાએ બધાને સાથે લઈને પુત્રીઓ સહિત પોતાના નગરમાં આવ્યો. ત્યાં આવીને તેણે પાંડવોનો ભોજન આદિ દ્વારા ખૂબ જ આદર-સત્કાર કર્યો અને તેમને એક મનોહર મહેલમાં રોક્યા. થોડા સમય પછી રાજાએ યુધિષ્ઠિરને પોતાની કન્યાઓ સાથે વિવાહ કરવાની પ્રાર્થના કરી અને એ પ્રાર્થના સ્વીકૃત પણ થઈ ગઈ.

ત્યારબાદ, વિવાહોત્સવ માટે રાજાએ એક સુંદર મંડપ બનાવડાવ્યો કે જેમાં માંગલિક ગીતો ગવાઈ રહ્યા હતા, મનોહર નૃત્ય થઈ રહ્યા હતા, મંડપમાં જગ્યાએ જગ્યાએ મોતીઓની માળા લાગેલી હતી તથા તે મંડપ અનેક પ્રકારના

ચિત્રોથી ચિત્રિત હતો. આ રીતે સુશોભિત મંડપમાં યુધિષ્ઠિરે રાજાની દશ કન્યા અને શેઠની એક કન્યા એમ અગિયાર કન્યાઓ સાથે વિવાહ કર્યા. તેઓ એ સમયે યુધિષ્ઠિરની બાજુમાં ઊભી એવી શોભતી હતી કે માનો કલ્પવૃક્ષની બાજુમાં કલ્પલતા જ ન હોય!

અહીં ગ્રંથકાર કહે છે કે આ જીવને આ લોક અને પરલોકમાં જે સુખ મળે છે એ બધું પુણ્યરૂપી વૃક્ષના જ સુમધુર ફળ છે. તેથી જે જીવો સુખ ઈચ્છે છે તેને સદાય ધર્મકાર્યમાં લાગ્યા રહેવું જોઈએ. જુઓ, ધર્મના ફળનું જ આ જીવતું–જાગતું દૃષ્ટાંત છે કે જેથી યુધિષ્ઠિર સંસારમાં પ્રખ્યાત થયા, તેમને શ્રેષ્ઠ બંધુઓનો લાભ થયો, તેમના માટે જંગલ પણ મંગલ બની ગયું, તેઓ જ્યાં પણ જતાં ત્યાં રાજા-મહારાજા આવીને તેમનો આદર કરતા, જગ્યાએ-જગ્યાએ એમને ભેટ મળતી અને કન્યાઓ પણ મળતી. જુઓ, ક્યાં તો એ હસ્તિનાપુર અને ક્યાં આ કૌશિકપુરી કે જ્યાંથી યુધિષ્ઠિરને કન્યાનો લાભ થયો અને ક્યાં આ કૌશાંબીપુરી કે જ્યાંથી વસંતસેનાની પ્રાપ્તિ અને આ ત્રિશ્રૃંગપુર નગર જ્યાંથી તેમને અગિયાર સુંદર કન્યાઓની પ્રાપ્તિ થઈ. આ બધું પુણ્યનું જ ફળ છે તેથી હે ભવ્ય જીવો! જો તમે સંતોષપ્રદ ભોગોપભોગની અનુકૂળ સામગ્રી ઈચ્છતા હો તો પુણ્યકાર્ય કરવામાં સદાય પ્રયત્નશીલ રહો!

**॥ અધ્યાય ચૌદમો સમાપ્ત ॥**

**જો કોઈ મેરા અનેક પ્રકારકે વધ-બંધનાદિ પ્રયોગસે ઈલાજ નહિ કરેં તો મેરે પૂર્વ જન્મોંકે સંચિત કિયે અસાતા કર્મરૂપી રોગોંકા નાશ કૈસે હો? ભાવાર્થ — જો મુજે વધ-બંધનાદિકસે પીડિત કરતા હૈ વહ મેરે પૂર્વોપાર્જિત કર્મરૂપી રોગોંકો નષ્ટ કરનેવાલા વૈદ્ય હૈ ઉસકા તો ઉપકાર માનના યોગ્ય હૈ, કિંતુ ઉસસે ક્રોધ કરના કૃતઘ્નતા હૈ.**

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૧૯, શ્લોક–૨૬)*

**જે મનુષ્ય વૃક્ષ સમાન હિંસાકર્મ રહિત છે, એકલો છે અર્થાત્ કોઈ સહાયકની અપેક્ષા રાખતો નથી, સમસ્ત ઉપદ્રવો સહન કરે છે તથા વનમાં સ્થિત પણ છે છતાં પણ તે સમ્યગ્જ્ઞાન વિના કદી પણ સિદ્ધ થઈ શકતો નથી.**

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક–૧૬)*

# અધ્યાય પંદરમો

એ પુષ્પદંત ભગવાનને મારા વંદન કે જે સુબુદ્ધિના આપવાવાળા છે, સ્થાવર અને ત્રસ જીવોની રક્ષા કરવાવાળા છે તથા જેમની દંતાવલી કુંદ-પુષ્પ સમાન નિર્મળ છે, જેમના શરીરની કાંતિ પણ કુંદ-પુષ્પ સમાન છે તથા જે સંસારના જીવોને કર્મરૂપી મેલથી રહિત કરીને મોક્ષસુખ પ્રાપ્ત કરવામાં પરમ સહાયક છે તે પ્રભુ મારા આત્માને નિર્મળ કરે!

થોડા દિવસ પછી એ બુદ્ધિમાન પાંડવો ત્રિશ્રૃંગપુરના બાગ-બજાર આદિની શોભા જોતા જોતા ત્યાંથી ચાલી નીકળ્યા અને એક મોટા અરણ્યમાં પહોંચ્યા. ત્યાં પહોંચીને માર્ગના થાકને કારણે અને તડકાને કારણે યુધિષ્ઠિરને પાણીની તરસ લાગવા લાગી, પાણીની તરસને કારણે તેમની ચાલવાની ગતિ ઓછી થઈ ગઈ અને તે જમીન ઉપર બેસી ગયા. સંધ્યાનો સમય હતો, સૂર્ય પણ અસ્તાચલ પર પહોંચી ગયો અને કાળા-કાળા અંધકારના સમૂહે ચારે બાજુ પોતાનો અધિકાર જમાવી દીધો.

પાણીની તરસથી અત્યંત પીડિત થઈને યુધિષ્ઠિરે ભીમને કહ્યું કે ભાઈ ભીમ! તું મને ક્યાંયથી પણ ઠંડું પાણી લાવીને પીવડાવ કે જેથી મારી આ તરસ શાંત થઈ જાય, મારાથી હવે આગળ એક ડગ પણ નથી ચાલી શકાતું. આમ કહીને તે જમીન પર સૂઈ ગયા. તેમની આ અવસ્થા જોઈને ભીમને ખૂબ ચિંતા થઈ ગઈ જેથી તે પાણીની તલાશ માટે બીજા વનમાં ગયા. ત્યાં તેને તળાવ જેવા ચિહ્નો દેખાયા જેથી તેને ધૈર્ય બંધાયું. તે શીઘ્ર જળાશય પાસે ગયો અને વાસણમાં પાણી ભરીને પાછો આવ્યો એટલીવારમાં તરસથી વ્યાકુળ યુધિષ્ઠિર એક વટવૃક્ષની નીચે સૂઈ ગયા હતા. તેમને સૂતા જોઈને ભીમને મનમાં થોડું દુઃખ થયું અને તે વિચાર કરવા લાગ્યો કે જુઓ, આ સંસાર કેટલો વિચિત્ર છે. આ સંસારરૂપી નાટ્યગૃહમાં આ જીવ કર્મોદયના વશ થઈને અનેક પ્રકારના સ્વાંગ રચે છે. જુઓને! જે યુધિષ્ઠિર કૌરવોના શિરોમણિ છે, પાંડવોના રાજા છે, તે જ આજે જમીનને બિસ્તર બનાવીને કેટલા આનંદથી સૂઈ રહ્યા છે! તેમને આ સમયે ન ખાવાની ચિંતા છે કે ન પાણી પીવાની! બીજું તો શું પણ એ કોઈની તરફ જોઈ પણ નથી રહ્યા. તેમને શું થઈ ગયું એ સમજમાં નથી આવતું! મારી બુદ્ધિ અત્યારે કિંકર્તવ્યવિમૂઢ જેવી થઈ રહી છે.

ભીમ ત્યાં ઊભો-ઊભો વિચાર કરી જ રહ્યો હતો કે એટલામાં એક વિદ્યાધર એક કન્યાને સાથે લઈને ત્યાં આવીને ઊભો રહી ગયો. ભીમ એ બીંબાકૂપ સમાન હોઠવાળી, ચંદ્રમુખી, મૃગનયની અને પીનસ્તની કન્યાને જોઈને આશ્ચર્યમાં પડી ગયો અને વિચાર કરવા લાગ્યો કે આ કોણ છે? દેવકન્યા છે કે લક્ષ્મી છે કે શક્તિ છે કે પદ્મા છે કે રોહિણી છે? આ

રીતે વિચાર કરતાં ભીમને જોઈને એ વિદ્યાધર તેના ચરણોમાં નમસ્કાર કરીને બોલ્યો કે હે દેવ! આપ આ કન્યાને સવિધિ વિવાહ કરી ગ્રહણ કરો. વિદ્યાધરની વાત સાંભળી ભીમે કહ્યું કે તું કોણ છે? ક્યાંથી આવ્યો છો? કન્યા કોણ છે? તેના માતા-પિતા કોણ છે? તથા ક્યા કારણથી તમે મને આપવા ચાહો છો? કૃપા કરીને આપ મારા પ્રશ્નોના ઉત્તર આપો, પછી હું તમારી વાત ઉપર વિશ્વાસ કરીશ. આ વાત સાંભળીને વિદ્યાધરે કહ્યું કે હે મહાભાગ! હું આ કન્યાના ચરિત્રનું આપની સામે નિવેદન કરું છું, કૃપા કરી ધ્યાનથી સાંભળશો.

રાજન્! અહીં એક સંધ્યાકાર નામનું નગર છે. ત્યાંનો રાજા સિંહઘોષ છે અને તેની રાણીનું નામ લક્ષ્મણા છે. તેમને હિડંબા નામની એક કન્યા છે. એ કન્યા રૂપ અને ગુણોમાં શચીને પણ જીતે છે, તેની ચાલ ગજગામિની જેવી છે, શરીરની કાંતિ અંધારાને દૂર કરે છે, તે કામદેવનું નિવાસસ્થાન છે. આ પ્રકારે સુંદર વસ્ત્રાભૂષણ પહેરેલી એ કન્યા એક દિવસ પોતાની સહેલીઓની સાથે દડાથી રમી રહી હતી ત્યારે તેના પિતાએ તેને જોઈ લીધી. તેને જોઈને તેના પિતા વિચાર કરવા લાગ્યા કે આ કન્યા યુવતી થઈ ગઈ છે તેથી તેનો વિવાહ કોઈ યોગ્ય વર સાથે કરી દેવો ઉચિત છે. બરાબર છે કે કોણ એવો બુદ્ધિમાન પુરુષ હશે કે જે કન્યાને યુવતી જોઈને નિશ્ચિંત બેઠો રહેશે? તેણે તરત જ એક નિમિત્તજ્ઞાનીને બોલાવીને તેના વિવાહના સંબંધમાં પૂછ્યું કે આ કન્યાનો વર કોણ થશે? જ્યોતિષે વિચાર કરીને ઉત્તર આપ્યો કે રાજન્! જે પુણ્યશાળી મહાભાગ આ પિશાચવૃક્ષની નીચે ઊભો રહીને પણ નિશ્ચિંત જાગતો રહેશે અથવા વટવૃક્ષ પર રહેવાવાળા પિશાચને જે પોતાના બાહુબળ દ્વારા જિતશે તે જ આ કન્યાનો વર થશે, એમાં જરાય પણ સંદેહ નથી. જ્યોતિષના વચનો ઉપર વિશ્વાસ કરીને રાજા સિંહઘોષે મને આ વાતની પૂરતી કરવા માટે અહીં નિયુક્ત કર્યો છે. તેથી, આ વૃક્ષની નીચે આપને જાગ્રત જોઈને હું આ કન્યા આપની પાસે લાવ્યો છું. નાથ! આને ગ્રહણ કરો અને સ્વર્ગીય સુખોનો અનુભવ કરો. આ સમયે હિડંબાએ પણ સંકોચ છોડીને કહ્યું કે હે સ્વામી! આપ મારી સાથે વિવાહ કરવામાં મોડું ન કરો. આપના હૃદયમાં જે પ્રકારનો સંદેહ હોય તે દૂર કરો, શીઘ્રતાનું કારણ એ છે કે આ વટવૃક્ષમાં એક પિશાચ રહે છે જે ખૂબ જ દુષ્ટ છે. કોઈ એક વિદ્યાધર એક દિવસ આકાશમાર્ગેથી જઈ રહ્યો હતો તે આ વૃક્ષ નીચેથી જેવો નીકળ્યો કે તેની બધી જ વિદ્યાઓ નષ્ટ થઈ ગઈ. તેથી તે પણ પોતાની વિદ્યા સિદ્ધ કરવા અહીં રહે છે, તે પણ ખૂબ ક્રોધી અને અભિમાની છે. તે મનુષ્યોને હંમેશા કષ્ટ આપ્યા કરે છે, મને પણ કષ્ટ આપવા લાગશે. તે દુષ્ટ પિશાચ આપના વચનો સાંભળીને તમારી ઉપર પણ ક્રોધિત થશે. તેથી પ્રાણાધાર! હવે આપ કાંઈ ન કહીને મને સ્વીકાર કરો.

હિડંબાના વચન સાંભળીને ભીમે ખૂબ જ જોરથી ગર્જના કરી કે જે ગર્જના પિશાચના કાન ફાડી નાખવાવાળી હતી. ગર્જના કરીને પરાક્રમી ભીમે પિશાચને સંબોધન કરતાં કહ્યું કે હે પિશાચ! જો તારા બાહુમાં શક્તિ છે તો બહાર નીકળ અને તારી શક્તિ મને દેખાડ કે જેના બળથી તું લોકોને કષ્ટ આપ્યા કરે છે. ભીમની આ ગર્જના સાંભળીને એ ભયાનક કાળનું રૂપ લઈને વિકરાળ મૂર્તિ કિલકિલાટ શબ્દ કરતો ભીમની બાજુમાં આવ્યો અને ક્રોધિત થઈને ભીમ સાથે યુદ્ધ કરવા

તૈયાર થઈ ગયો. બંનેમાં મહા ભયાનક યુદ્ધ થવા લાગ્યું. એક બાજુ આ યુદ્ધ ચાલી રહ્યું હતું કે એટલામાં એ વિદ્યાધર કે જે વિદ્યા સિદ્ધ કરવાના નિમિત્તે વૃક્ષમાં રહેતો હતો એ હિડંબાની પાસે આવીને તેને કષ્ટ આપવા લાગ્યો. એ દુષ્ટે કહ્યું કે હિડંબા! મારા અહીં હોવા છતાં તું બીજાથી લગ્ન કરે એ કેવી રીતે બની શકે? એણે હિડંબાને પકડવા માટે જ્યાં હાથ લંબાવ્યો કે ભીમે તેને ડાબા હાથના ઢીંકાથી એક ધક્કો માર્યો કે જેથી તે જમીન ઉપર પડી ગયો; પરંતુ તે નિર્લજ્જ ફરી ઊભો થઈને ભીમની સાથે લડવા લાગ્યો. એ વિદ્યાધર પણ ભીમની સાથે લડવા આવી ગયો. ભીમ એકલો એ બંને સાથે યુદ્ધ કરવા લાગ્યો અને બળવાન ભીમે એ બંનેના મદને ચૂર્ણ કરી નાખ્યું. વિદ્યાધરે પોતાના અપરાધોની ક્ષમા માંગી અને ભીમને પ્રણામ કર્યા કે જેથી તેને ઘણા ગુણોની પ્રાપ્તિ થઈ તથા તે વિદ્યા સિદ્ધ કરીને પોતાના ઘરે ચાલ્યો ગયો. આ બાજુ યુધિષ્ઠિર મહારાજ પણ જાગી ગયા હતા. તેમણે ભીમના હિડંબા સાથે લગ્ન કરાવી દીધા. ત્યારબાદ, યુધિષ્ઠિર આદિ પાંડવો ઘણા દિવસો સુધી ત્યાં જ રહ્યા. ભીમે હિડંબા સાથે ઈચ્છિત ભોગ ભોગવ્યા જેથી હિડંબાને ગર્ભ રહી ગયો. જ્યારે ગર્ભના દિવસો પૂરા થઈ ગયા ત્યારે તે કોમલાંગીએ પુત્રરત્નને જન્મ આપ્યો. પુત્ર-જન્મથી બધાને ખૂબ જ પ્રસન્નતા થઈ. તે પુત્ર ખૂબ જ પરાક્રમી, બુદ્ધિમાન અને ગુણાઢ્ય હતો. તેનું નામ ઘટ્ટક રાખવામાં આવ્યું.

ત્યારબાદ, એ પાંચેય પાંડવો માતા કુંતી સહિત ત્યાંથી ચાલી નીકળ્યા અને ચાલતા ચાલતા એ એક ગહન વનમાં પહોંચ્યા કે જ્યાં સિંહ, ચિત્તા આદિ હિંસક પ્રાણીઓનો સંચાર હતો. ત્યાં એક ભીમાસુર નામનો દેવ રહેતો હતો. તે ખૂબ જ વધારે દુષ્ટ અને નીચ પ્રકૃતિનો અને પૂર્ણ બળવાન હતો. તે પાંડવોને વનમાં આવતા જોઈને મેઘ સમાન ગર્જના કરતો પોતાના ઘરમાંથી બહાર નીકળ્યો અને કહેવા લાગ્યો કે શું તમે એ નથી જાણતા કે હું અહીં રહું છું. કહો તમે અહીં કેમ આવ્યા છો? શું તમે મારા આ વનને અપવિત્ર બનાવવા માગો છો? હું એ જાણું છું કે એટલા સામર્થ્યવાળો કોઈ વ્યક્તિ મને નથી દેખાતો કે જે મારા આ પવિત્ર વનને પોતાની ચરણ-રજથી અપવિત્ર બનાવી શકે. તેથી તમે લોકો અહીંથી જલ્દી જતા રહો.

ભીમાસુરની ગર્વભરેલી વાતો સાંભળીને ભીમે કહ્યું કે હે રાક્ષસ! તું વ્યર્થમાં શા માટે ગર્વ કરે છે! તું અમને અપવિત્ર કહીને ખુદ પવિત્ર બનવા માગે છે એ તારું ખોટું અભિમાન છે. અરે! અમે અપવિત્ર નથી. અમે મનુષ્યપર્યાય ધારણ કરી છે. અમે સદાચારી છીએ જેવી રીતે જિનેન્દ્ર, ચક્રવર્તી, નારાયણ આદિ હોય છે. હે દુષ્ટ! જો તારામાં કાંઈ શક્તિ છે અને તને અસુરપણાનું અભિમાન છે તો મારી સાથે યુદ્ધ કર. આ રીતે પરસ્પર ગરમાગરમીની વાતચિત કરતાં કરતાં પરસ્પર લડવા લાગ્યા. તેમના ભયંકર શબ્દોને સાંભળીને વનના સિંહ આદિ પણ પોતાના પ્રાણને બચાવતા આમતેમ ભાગવા લાગ્યા. ઘણા સમય સુધી અસુર અને ભીમમાં યુદ્ધ થયું. અંતમાં ભીમે મુઠ્ઠીના પ્રહારોથી ભીમાસુરને નિર્મદ કરી નાખ્યો. ત્યારબાદ, તેણે ભીમના ચરણોમાં નમસ્કાર કર્યા અને તેમનું દાસત્વ સ્વીકારીને પોતાના સ્થાને ચાલ્યો ગયો. આ બાજુ પાંડવો પણ એ વનમાંથી ચાલ્યા ગયા.

તેઓ ત્યાંથી આવીને શ્રુતપુર નામના એક નગરમાં પહોંચ્યા. ત્યાં તેમણે એક ભવ્ય ચૈત્યાલયમાં જઈને ભગવાનની પ્રતિમાઓનું પૂજન, અભિષેક કર્યો અને ભક્તિભાવથી તેમની સ્તુતિ કરી. ત્યાં થોડીવાર રોકાયા અને રાત્રિમાં રોકાવા માટે એક વણિકના ઘરે ગયા. તેઓ માર્ગના થાકથી ખૂબ ત્રાસિત થઈ ગયા હતા. તેથી તેઓ થોડો સમય આરામ કરવા માગતા હતા. તેઓ રાત્રિમાં તેઓના ઘરે જ રોકાઈ ગયા. એ પરાક્રમી પાંડવો સંધ્યા થતા જ ત્યાંના ચૈત્યાલયો વિષે વાતચિત કરી રહ્યા હતા કે એટલામાં એ ઘરના વૈશ્યની સ્ત્રી મહાન શોકથી વિહ્વળ થઈને અત્યંત દીનતાપૂર્વક રુદન કરવા લાગી. દયાળું કુંતી તેની પાસે ગઈ અને બધી રીતે ધૈર્ય બંધાવા લાગી તથા તેણે આ પ્રકારે રુદનનું કારણ પણ એ સ્ત્રીથી પ્રેમથી પૂછ્યું. ઉત્તરમાં એ સ્ત્રીએ કહ્યું કે માતા! હું તમને મારા દુઃખપૂર્ણ રુદનનું કારણ કહું છું તે તમે સાંભળો.

આ શ્રુતપુર નગરમાં એક શ્રીમાન બક નામનો રાજા રહેતો હતો. તે બગલાની જેમ ધાર્મિક બનેલો હતો. તેને માંસ ખાવાની ખૂબ જ આદત પડી ગઈ હતી. તે આદત એવી પડી ગઈ હતી કે તેની સમૂચી બુદ્ધિ આ જ કામમાં ખર્ચ થતી હતી. તે ખૂબ જ નિર્દય અને પાપી હતો. તેનો રસોઈયો તેને સદાય પશુનું માંસ પકાવીને આપતો હતો. એક દિવસ તેને પશુનું માંસ ન મળ્યું ત્યારે તે દુષ્ટ માંસની ખોજમાં નગરની બહાર નીકળ્યો અને તે નગરની સ્મશાનભૂમિના ખાડામાંથી એક મરેલા બાળકને ખોદીને લઈ આવ્યો તથા પાપીએ એ બાળકના માંસને મસાલા આદિ નાખીને સ્વાદિષ્ટ બનાવી નાખ્યું અને એ રાજાને ખાવા આપ્યું. રાજાને આ ખૂબ જ સ્વાદિષ્ટ લાગ્યું. તેણે રસોઈયાને પૂછ્યું કે આજે આવું સ્વાદિષ્ટ માંસ ક્યાંથી લાવ્યો? આટલું સરસ માંસ તો આજ સુધી નથી ખાધું. રસોઈયો અભયદાન માગીને બોલ્યો કે માલિક! માફ કરજો, આ માંસ મનુષ્યનું છે, જ્યારે ગોતવાથી પશુનું માંસ ક્યાંય ન મળ્યું ત્યારે મેં આ જ ચતુરતાથી પકાવીને આપને ખવડાવી દીધું.

આ વાત સાંભળીને રાજાએ કહ્યું કે પાચક! મને આજનું માંસ ખૂબ જ સરસ લાગ્યું છે તેથી આજથી તું નરમાંસ જ તૈયાર કરીને ખવડાવ્યા કર. બસ પછી શું હતું! રાજાની આજ્ઞા મળી ગઈ જેથી તે વધારે નિડર થઈ ગયો. તે દુષ્ટ પ્રતિદિન મનુષ્યના માંસની શોધમાં ગલી ખૂણામાં જઈ જઈને મીઠાઈ આદિ આપવા લાગ્યો. મીઠાઈ લીધા પછી જ્યારે બધા બાળકો પોતાના ઘરે ચાલ્યા જતા ત્યારે જે પાછળ રહી જતો તેને પકડી લેતો અને તેનું ગળું દબાવી દેતો અને તેનું માંસ પકાવીને રાજાને ખવડાવતો. હવે તેનું પ્રતિદિનનું આ કામ થઈ ગયું હતું.

ક્રમશઃ જ્યારે નગરના બાળકો ઓછા થવા લાગ્યા તો ત્યાંના રહેવાસીઓમાં ખૂબ ખળભળાટ થવા લાગ્યો અને તેમણે છાનામાના બાળકના ઘાતકની તપાસ શરૂ કરી દીધી. થોડા જ દિવસોમાં એ રસોઈયો પકડાઈ ગયો. લોકોએ તેને મારીને પૂછ્યું તો તેણે સાચું કહી દીધું કે આમા મારો જરા પણ ગુનો નથી. રાજાએ મને જેવી આજ્ઞા આપી છે એવું હું કરું છું. આ વાત સાંભળીને જનતાએ પરસ્પર વિચાર કરીને એ દુષ્ટ રાજાને રાજગાદી પરથી ઉતારી દીધો. પદભ્રષ્ટ થયેલો એ બક વનમાં રહીને મનુષ્યોને મારી મારીને ખાવા લાગ્યો. આ રીતે, તેણે નગરના ઘણા મનુષ્યોને મારી ખાધા

ત્યારે નગરના લોકોએ મળીને વિચાર કર્યો કે આ તો ઠીક નથી. આનાથી આપણે સદાય ભયભીત રહીએ છીએ. તેથી એવું હોવું જોઈએ કે વારાફરતી પ્રતિદિન તેની પાસે એક મનુષ્ય પહોંચી જાય. બસ, આ નિર્ણયાનુસાર એ નર-પિશાચ પાસે નગરમાંથી એક માણસ એના ખાવા માટે જવા લાગ્યા. આ રીતે, ધીરે ધીરે બાર વર્ષ નીકળી ગયા. પાપોદયથી આજે મારા પ્રાણપ્યારા પુત્રની જવાની વારી છે. એ દુઃખથી દુઃખી થઈને હું રડી રહી છું. નગરના લોકો આજે એક ગાડી ભરીને મીઠાઈ અને સાથે મારા પ્યારા પુત્રને બેસાડીને એ પાપીષ્ટને ભેટ આપવા માટે લઈ જશે તથા તેની સાથે એક ભેંસ પણ આપશે. માતા! મારે આ એક જ પ્રાણોથી પણ અધિક પ્યારો, આંખનો તારો, જીવનનો સહારો, સર્વસ્વ પુત્ર છે. તે જ આજે કાળના મોઢામાં જઈ રહ્યો છે. તેના વિના હવે હું શું કરીશ? કેવી રીતે મારી જીંદગી પસાર કરીશ એ સમજમાં નથી આવતું. છાતી ફાટી રહી છે, હૃદયમાં વજ્ર સમાન ઘા વાગે છે, કેવી રીતે ધૈર્ય ધારણ કરું?

તેની આ વાત સાંભળીને કુંતીનું હૃદય દયાથી દ્રવીભૂત થઈ ગયું. તેણે પ્રિય શબ્દોમાં વણિક વધૂને સમજાવી કે તું ડર નહીં, સવાર થવા દે, હું તારા પુત્રની રક્ષાનો ઉપાય વિચારું છું. તું કોઈ પણ પ્રકારની ચિંતા ન કર. હું એ નર-પિશાચ માટે મારો પુત્ર મોકલી દઈશ, તારો પુત્ર અહીં સુખ-ચેનથી રહેશે. આમ કહીને કુંતી ભીમ પાસે ગઈ. માતાને પોતાની તરફ આવતા જોઈને પોતે ઊભો થઈ ગયો અને સામે ચાલીને તેમના ચરણમાં નમસ્કાર કર્યા. કુંતીએ બક રાજાના બધા સમાચાર કહ્યા. તેણે એ પણ કહ્યું કે આ બિચારી સ્ત્રીને એક જ પુત્ર છે અને તેને જ આજે નરભક્ષી બક રાજાને આપવામાં આવશે. પુત્ર વિના આ ગરીબડી આજન્મ દુઃખિયા બની જશે. તેથી ભીમ, તું તેને અભયદાન આપ. આપણે આજે રાત્રે આના ઘરમાં ખૂબ જ આરામથી રહ્યા છીએ. તેણે આપણી શક્તિભર અતિથિ-સેવા કરી છે અર્થાત્ અશન-વસન આદિથી સેવા-સુશ્રુષા કરી છે. તું પરોપકારી છે. એ તારો નિયમ છે અને એ જ તારું વ્રત છે. તેથી તું કોઈ એવો ઉપાય કર કે જેથી તેનો પ્યારો પુત્ર જીવતો રહે. બેટા ભીમ! ભવિષ્ય માટે પણ કોઈ એવો ઉપાય કરી દે કે જેથી આ નર-ભક્ષક પિશાચ આ મહાન અનર્થકારી કામ કરવાથી સદાય અટકી જાય. માતા કુંતીની વાત સાંભળીને ભીમ વિનયથી કહેવા લાગ્યો કે પૂજ્ય જનની આ તમે શું વાત કરો છો? હું તમારા ચરણોની સેવા કરવાવાળો આજ્ઞાકારી છું. હું તારી આજ્ઞા અનુસાર હમણા એ નરભક્ષક માણસની પાસે જવા તૈયાર છું. અહીં ન્યાય-નીતિના જાણકાર માતા અને પુત્રમાં આપસમાં વાતો થઈ રહી હતી તે જ સમયે એક કોટવાલ ગાડીમાં સવાર થઈને ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે હે વૈશ્ય! તું જલ્દી ગાડીમાં સવાર થઈને એ નરપિશાચને બલિ ચઢવા માટે મારી સાથે ચાલ. થોડા સમયના જીવન માટે વિલંબ કરવો ઠીક નથી.

કોટવાળની વાત સાંભળીને ભીમે કહ્યું કે તમે ચાલો, હું હમણા જ આવીને એ નર-પિશાચને મારી બલિ આપી દઉં છું. કોટવાલ આ વચનો સાંભળી હર્ષિત થઈને ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાં સુધી પૂર્વ દિશાથી સૂર્ય પણ ઉદિત થઈ ગયો. એ એવો લાગતો હતો કે માનો બક રાજાનું દુશ્ચરિત્ર જોવા માટે જ કરુણા કરીને આવ્યો હોય. **એ બરાબર જ**

છે કે દયાળુ પુરુષોનું કાર્ય બીજાના સુધારના નિમિત્ત જ થતું હોય છે.

એટલામાં એક ગાડી ત્યાં સજાવામાં આવી અને તેમાં ભોજન ભરવામાં આવ્યું અને તેની ઉપર ભીમ નિર્ભયતાપૂર્વક બેસીને ત્યાંથી ચાલ્યો. જ્યારે તે રાક્ષસની સામે પહોંચ્યો ત્યારે તે રાક્ષસ ક્રોધથી ગર્જના કરતો ભીમ ઉપર ઝપટ્યો. એ રાક્ષસને આ પ્રકારે ક્રોધયુક્ત જોઈને ભીમ બોલ્યો કે હે દાનવ! આજે હું તારું બાહુબળ જોઈને જ તને મારી બલિ આપીશ. મને એ વાતનું દુઃખ છે કે તેં અત્યાર સુધી આ નિરપરાધી મનુષ્યોને દુઃખ આપ્યું. બરાબર જ છે કે ગરીબો ઉપર જ રાક્ષસોનું જોર ચાલે છે. બળવાન સામે તો કાંઈ ન ચાલે!

આ પ્રકારે ક્રોધયુક્ત બંને ઉદ્ધત થઈને પરસ્પર લડવા લાગ્યા. તેઓ ક્યારેક મસ્તક દ્વારા, ક્યારેક હાથોના પ્રહારોથી, ક્યારેક લાતથી, ક્યારેક કોણીથી એક બીજાના માથા ફોડવા લાગ્યા. એ બંનેમાં ધમાસાન યુદ્ધ થયું. અંતમાં ભીમે એ નર-પિશાચને તૃણ સમાન નિઃસત્ત્વ કરી નાખ્યો. તેના માથામાં એવો જોરથી પ્રહાર કર્યો કે જેથી તે હતપ્રભ થઈને જમીન ઉપર પડ્યો. ફરી ઊભા થવાની તેની હિંમત ન થઈ. ભીમે ઉપરથી એક જોરથી લાત મારી કે જેથી તે સાવ મરણતુલ્ય થઈ ગયો. આટલું થવા છતાં ભીમે તેને છોડ્યો નહીં. તેણે નર-પિશાચના પગ પકડીને આકાશમાં ફેરવવા લાગ્યો અને તેને જમીન ઉપર પછાડવા જ જતો હતો કે તે દીન-હીન શબ્દોમાં હાહાકાર કરવા લાગ્યો અને જીવન-દાનની ભિક્ષા માગવા લાગ્યો. તેની આ દશા જોઈને દયાળુ ભીમે જે લોકો યુદ્ધ જોવા આવ્યા હતા તેની સામે તેનું દાસત્વ સ્વીકાર કરાવડાવી અને ભવિષ્યમાં તે ક્યારેય મનુષ્યઘાત નહીં કરે એવી પ્રતિજ્ઞા કરાવીને તેને છોડી દીધો. તેને આ પ્રકારે નિર્મદ જોઈને દર્શકોને ખૂબ જ હર્ષ થયો. એ બરાબર જ છે કે પોતાના ભક્ષકનો નાશ અથવા પરાભવ જોઈને પ્રસન્નતા થાય જ છે. એ લોકો ભીમની મુક્ત-કંઠથી પ્રશંસા કરવા લાગ્યા. ચારે બાજુથી ભીમનો જયજયકાર થવા લાગ્યો. કહેવા લાગ્યા કે હે નાથ! અત્યાર સુધી અમારું અહીં જીવવું જ મુશ્કેલ હતું, સદાય જીવનનો સંદેહ રહ્યા કરતો હતો; પરંતુ અમે મહાભાગ્ય હવે આપના પ્રસાદથી નિશ્ચિંત થઈ ગયા. હવે અમે અમારું જીવન આનંદથી વ્યતીત કરી શકીશું. તમે અમારા ઉપર ખૂબ જ ઉપકાર કર્યો છે, અમને જીવનદાન-અભયદાન આપ્યું છે. બરાબર જ છે કે સજ્જન પુરુષોના જેટલા કાર્ય છે તે બીજાના ઉપકાર કરવા માટે જ હોય છે. આ પ્રકારે એ લોકોએ ભીમની મનભરીને સ્તુતિ કરી અને અતુલ ધન-સંપદા આપ્યા.

ત્યારબાદ, લોકોથી પ્રાપ્ત દ્રવ્ય પાંડવોએ ત્યાં જ એક ભવ્ય જિનાલયના નિર્માણમાં લગાવી દીધું. બરાબર જ છે કે પુણ્યશાળી પુરુષોને ધન-સંપત્તિ સાથે લઈને ફરવાની શું જરૂર છે! એ તો જ્યાં જાય છે ત્યાં લક્ષ્મી એમની દાસી બનીને આગળ હાથ જોડીને ઊભી રહે છે. એટલામાં જ ચોમાસુ ચાલુ થઈ ગયું. ચોમાસુ બેસવાથી જ્યાં ત્યાં જીવોનો સંચાર ઘણો થવા લાગ્યો. વરસાદથી નદી-પર્વત બધું એક થઈ ગયું. પૃથ્વી ઉપર બધે પાણી પાણી જ દેખાવા લાગ્યું. તેથી પાંડવોએ ત્યાં રહીને ચાર મહિના ધર્મધ્યાનપૂર્વક પોતાના બનાવડાવેલા જિનાલયમાં વીતાવ્યા. આ પ્રકારે ચોમાસુ પૂરું કરીને તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા.

માતા કુંતી સાથે ચાલતા-ચાલતા એ પાંડવો પ્રસિદ્ધ નગરી ચંપાપુરીમાં આવ્યા. ત્યાં રાજા કર્ણ હતો. ત્યાં આવીને તેઓ એક કુંભારના ઘરે રોકાયા. ત્યાં વિનોદથી ભીમે ઘડો કઈ રીતે બને છે એ જોવા માટે ચાક ચલાવ્યો અને હાથમાં ડંડો લઈને ત્યાં બાજુમાં રાખેલા માટીના ઘણા વાસણો ફોડી નાખ્યા. એ ફૂટવાનો અવાજ સાંભળીને પવિત્રમના કુંતી ત્યાં દોડતી આવી અને ભીમને ગુસ્સાથી કહેવા લાગી કે ભીમ! તું ખૂબ જ ચંચળ છે. તારા હાથ ક્યારેય સ્થિર રહેતાં જ નથી. જ્યાં જોવો ત્યાં કાંઈ ને કાંઈ ઉપદ્રવ કર્યા જ કરે છો. અહીં બીજું કાંઈ નહીં તો આ બિચારા કુંભારના વાસણો ફોડી નાખ્યા. તને અપરાધ સિવાય બીજું કામ કરતાં જ નથી આવડતું! આવા નારાજગીભર્યા શબ્દો સાંભળીને ભીમ ચૂપચાપ બેસી રહ્યો, મોઢામાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. તે માતાની મર્યાદાના ડરથી એ જ સમયે ત્યાંથી નગર તરફ ચાલ્યો.

એ સમયે ભીમને ભૂખ સતાવા લાગી હતી તેથી તે એક હલવાઈની દુકાન પર બેસી ગયો. ત્યાં જઈને તેણે સોનાની એક મહોર આપીને કહ્યું કે ભાઈ! તું મને ખાવા માટે જલ્દી મીઠાઈ આપી દે. મારા ભાઈ ભૂખથી દુઃખી થઈ રહ્યા છે અને મને પણ ભૂખ સતાવે છે. હલવાઈ સોનાની મહોર મેળવીને પ્રસન્ન થયો. તેણે તરત જ તેના માટે એક આસન લગાવી દીધું અને ઘણા જ વિનયપૂર્વક તેની સામે ભોજનનો થાળ લગાવી દીધો. ભીમ ભૂખ્યો તો હતો જ તેથી તેનાથી જેટલું ખવાયું તેણે ખાધું, થોડું પણ બાકી ન રાખ્યું. ખાઈ-પીને જ્યારે એ તૈયાર થઈ ગયો ત્યારે તેણે ભાઈઓ માટે ભોજન માંગ્યું. હલવાઈ આ વાત સાંભળીને ડરી ગયો અને તેણે નમ્ર શબ્દોમાં નિવેદન કર્યું કે હવે હું આપને શું આપું? કાંઈ બચ્યું નથી, કૃપા કરીને તમે અહીં થોડું રોકાવ. હું હમણા બનાવીને આપને ભોજન આપું છું. તેની પ્રાર્થનાથી એ થોડીવાર ત્યાં રોકાઈ ગયો.

એટલામાં જ કર્ણનો એક મદોન્મત્ત હાથી સાંકળ તોડીને નિરંકુશ થઈને ત્યાંથી ભાગ્યો. તે બજારમાં ફરતો ખૂબ ઉપદ્રવ કરવા લાગ્યો. તેની સામે જે કાંઈ પણ મકાન, વૃક્ષ આદિ આવી જતા હતા તેને મૂળથી ઉખાડી ફેંકતો હતો. હાથીનો આ ઉપદ્રવ ભીમે પણ સાંભળ્યો અને તરત જ તેની પાસે પહોંચ્યો. ભયગ્રસ્ત લોકો તેને જોતા જ તેને પ્રાર્થના કરવા લાગ્યા કે હે સ્વામિન્! તમે અમારી રક્ષા કરો! અમે આ હાથીના ડરથી થરથર ધ્રુજીએ છીએ. તમે મહાબળ છો, પરાક્રમી છો, રક્ષા કરવામાં સમર્થ છો તેથી પ્રભો! રક્ષા કરો. એ પુરુષોની કરુણ વિનતી સાંભળીને ભીમ એ મદમત્ત હાથીને વશમાં કરવા માટે તૈયાર થઈ ગયો. તેણે તેના વજ્ર જેવા મુઠ્ઠીના પ્રહારોથી અને પગના પ્રહારથી એ હાથીનો મદ ક્ષણમાત્રમાં ઉતારી દીધો અને તેના દાંત ઉખાડીને તેને નિર્મદ બનાવી દીધો. **બરાબર જ છે કે પુણ્યવાનોનું પુણ્ય ફળદાયી હોય જ છે, તેનો સર્વત્ર વિજય થવો નિશ્ચિત છે.** ભીમનો આ પ્રકારે અતુલ પરાક્રમ જોઈને એક મનુષ્યે કર્ણને જઈને બધું કહી દીધું. તેણે કહ્યું કે સ્વામિ! જે મત્ત હાથીને યુદ્ધમાં કોઈ જીતી ન શકતું હતું તે હાથીને વાત વાતમાં એ બળવાન વિપ્રએ નિર્મદ કરી દીધો. નાથ! એ ખૂબ જ બળવાન છે. સંભવ છે કે એ ક્યારેક રાજ્યમાં ઉપદ્રવ કરી

બેસે. તેથી મારું એ નિવેદન છે કે આપ તેનો કોઈ છળ દ્વારા નિગ્રહ કરો. રાજા કર્ણ ખૂબ જ બુદ્ધિમાન હતો તેથી તેણે તેની વાત અનસુની કરી દીધી અને તેને સમજાવીને ત્યાંથી મોકલી દીધો અને પોતે મહેલની અંદર ચાલ્યો ગયો. બરાબર છે કે બુદ્ધિમાનની બુદ્ધિમત્તા એને જ કહે છે.

ત્યારબાદ, એ વિજયી પાંડવો થોડા દિવસો ત્યાં રોકાઈને ત્યાંથી આગળ ચાલીને તેઓ વૈદેશિક નગરમાં આવ્યા. ત્યાંનો રાજા વૃષભધ્વજ હતો કે જે ખૂબ જ ધર્માત્મા હતો. તેની રાણીનું નામ દિશાવલી હતું. તેને દિશાનંદા નામની કન્યા હતી કે જે પોતાની સુંદરતા તેમ જ ગુણગરિમાથી પ્રસિદ્ધ હતી. તે પોતાના સઘનજઘન અને ઉન્નત સ્તનના ભારથી મંદ મંદ ચાલ ચાલતી હાથણી જેવી લાગતી હતી. આ નગરીમાં પહોંચીને પાંડવો ભૂખ્યા અને થાકેલા કોઈ શાંતિના સ્થાન પર બેસી ગયા. તેમને એ સ્થાનપર બેઠેલા છોડીને ભીમ એકલો જ નગરમાં ભિક્ષા માટે ગયો. તે પોતાનો બ્રાહ્મણનો વેશ ધારણ કરીને રાજાના મહેલની નીચે પહોંચ્યો. એ સમયે એ રાજપુત્રી દિશાનંદા ઝરોખામાં બેઠી હતી. તે વિચાર કરવા લાગી કે શું આ મનુષ્યનું રૂપ ધારણ કરીને કામદેવ જ તો ભિક્ષા માંગવાના છળથી નથી આવ્યા ને? કારણ કે આવું સુંદર રૂપ બીજાનું તો જણાતું નથી. એ કન્યા તેના રૂપ લાવણ્ય ઉપર પૂર્ણ મુગ્ધ થઈ ગઈ. તેની આ અવસ્થાની રાજાને પણ ખબર પડી ગઈ. તેણે એ જ સમયે ભીમને બોલાવ્યો અને પૂછ્યું કે વિપ્ર! તું અહીં શા કારણે આવ્યો છો? જો તું વાસ્તવમાં ભિક્ષા માગવા માટે આવ્યો છે તો આ ઘણા ગુણવાળી મારી આ પુત્રીને ભિક્ષાના રૂપમાં ગ્રહણ કરો. આમ કહીને તેમણે દિશાનંદાને બોલાવીને તેની સામે ઊભી કરી દીધી. આ અવસ્થા જોઈને ભીમે કહ્યું કે રાજન્! આ સંબંધમાં હું કાંઈ નથી જાણતો. મારા મોટાભાઈ મને જેમ આજ્ઞા કરશે હું તેમ કરીશ. રાજાએ પૂછ્યું કે તમારા મોટાભાઈ ક્યાં છે? ભીમે કહ્યું કે નગરની બહાર એક પ્રદેશમાં બેઠા છે. રાજા, ભીમની સાથે ત્યાં ગયા જ્યાં પાંડવો બેઠા હતા.

યુધિષ્ઠિરની પાસે પહોંચીને રાજાએ તેમને નમસ્કાર કર્યા અને કુશળ સમચાર પૂછ્યા. પછી ઘણા આદર અને સ્નેહથી તેમને પોતાના ઘરે પધારવાની પ્રાર્થના કરી. પાંડવો પણ તેનની પ્રાર્થનાનુસાર તેમના ઘરે આવ્યા. ત્યાં આવીને રાજાએ તેમનો ખૂબ જ આદર સત્કાર કર્યો અને ખૂબ જ પ્રેમથી તેમને ભોજન કરાવ્યું. ત્યારબાદ, મોકો મેળવીને એક દિવસ રાજાએ યુધિષ્ઠિરને ભીમ સાથે પોતાની પુત્રીના વિવાહ કરવા માટે પ્રાર્થના કરી. યુધિષ્ઠિરે આ વાતને યોગ્ય સમજીને પોતાની સ્વીકારતા આપી. રાજાએ શુભ મુહૂર્ત અને શુભ દિવસે ઘણા ઠાઠમાઠથી એ બંનેના લગ્ન કરાવ્યા. અહો! પુણ્યનું કેટલું માહાત્મ્ય છે કે ક્યાં તો ભીમ ભિક્ષાના નિમિત્તે ગયો હતો અને ક્યાં એને કન્યારત્નની પ્રાપ્તિ થઈ.

થોડા દિવસો ત્યાં રહ્યા બાદ પાંડવો ત્યાંથી આગળ ચાલીને નર્મદા નદીને પાર કરીને વિંધ્યાચલ પર્વત પાસે આવી ગયા. ત્યાં તેમણે વિંધ્યાચલ પર્વત ઉપર બનેલા જિનાલયને જોયું કે જે ખૂબ જ સુંદર બનેલું હતું. ત્યાં પહોંચીને જોવે છે કે જિન-મંદિરને સુંદર પરકોટા બનેલો હતો અને તેની ઉપર આવવા-જવા માટે સોનાની સીડી બનેલી હતી, પરંતુ જિનાલયના દરવાજા બંધ જોઈને તેમને થોડું દુઃખ થયું. ભીમ દરવાજા ખોલવા માટે જ્યાં પાસે ગયો અને પોતાના હાથનો

સ્પર્શ કર્યો ત્યાં જ દરવાજા ખૂલી ગયા. એ જોઈને પાંડવોના હર્ષનો કોઈ પાર ન રહ્યો. તેઓ નિઃસહી નિઃસહી નિઃસહી કહેતા જિનાલયમાં અંદર ગયા અને ત્યાં મનોહારી ભવ્ય પ્રતિમાઓના પુનિત દર્શન કર્યા અને ભક્તિપૂર્વક પૂજા કરી. ત્યારબાદ, શાંતચિત્ત થઈ અતિશયયુક્ત પાઠ દ્વારા ભગવાનનું ગુણ-સ્તવન કર્યું. પછી જિનાલયમાંથી બહાર નીકળ્યા. એટલામાં મણિભદ્ર નામનો એક યક્ષ હાથ જોડીને સામે આવ્યો અને નમસ્કાર કરીને બોલ્યો કે પ્રભો! આપ ઘણા બળવાન છો, વિવેકી છો, નરોત્તમ છો અને પુણ્યાત્મા જીવ છો. સ્વામિન્! આપે આ જિનાલયના દરવાજા ખોલ્યા છે એ મેં મારી આંખે જોઈ લીધું છે. આપના વિષયમાં મુનિન્દ્રએ કહ્યું હતું ઠીક એવા જ આપના ગુણોને અહીં જોયા છે. આ વાત કહીને એ યક્ષે ભીમને એક શત્રુ-વિનાશીની ગદા આપી. ત્યારબાદ, એ યક્ષે રત્નોની વર્ષા કરી પાંચેય પાંડવોને મણિ મુક્તાદિ આભૂષણ ભેટમાં આપ્યા અને સાથે અરિના મદને નાશ કરવાવાળી વિદ્યા પણ આપી. યક્ષ પ્રદત્ત આ બંને વસ્તુ મેળવીને પાંડવો ખૂબ જ પ્રસન્ન થયા.

આ પ્રકારે એ મહાબલિ ભીમ યોદ્ધો સદાકાળ જયવંત રહે કે જે અનેક દેશોની સ્ત્રીઓને પ્રાપ્ત કરી સુખની પરાકાષ્ટા સુધી પહોંચી ગયો. જે યુદ્ધાંગણમાં શત્રુઓનો જય કરીને વિજયલક્ષ્મીના ભર્તાર બન્યો, જેમનો પવિત્ર યશગાન દિગ-દિગંતમાં વ્યાપ્ત થઈ રહ્યો છે, જેમણે મહા ભયાનક નરપિશાચને વશમાં કર્યો તથા વિદ્યાધરને ડરાવીને હિડંબા નામની વિદ્યાધર કન્યાને પ્રાપ્ત કરી તથા મદોન્મત્ત હાથીનું મદ ઉતાર્યું, યશોનંદા સાથે લગ્ન કર્યા, જિનાલયના દરવાજા ખોલ્યા તથા યક્ષ પાસેથી ગદા અને નિર્દોષ વિદ્યા પ્રાપ્ત કરી એ ભીમ સદાય જયવંત રહે!!!

**॥ અધ્યાય પંદરમો સમાપ્ત ॥**

**હે આત્મન્! તમે મોહનિદ્રા છોડીને સાવધાન થાવ અને જુઓ, તમે ધન-સંપત્તિરૂપ માયામાં કેમ ભૂલી રહ્યા છો? તમે ક્યાંથી આવ્યા છો અને ક્યાં ચાલ્યા જશો અને દોલત જ્યાંની ત્યાં પડી રહેશે. લક્ષ્મી તમારી નાત-જાતની નથી, વંશ પરંપરાની નથી. બીજું તો શું? તમારા એક પ્રદેશનું પણ પ્રતિરૂપ નથી. જો એને તમે નોકરડી બનાવીને ન રાખી તો એ તમને લાત મારશે, માટે મહાન થઈને તમારે આવો અન્યાય કરવો યોગ્ય નથી.**

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ–૭)*

# અધ્યાય સોળમો

સંસારમાં લોકો મલયાગિરિ ચંદન, ચન્દ્ર-કિરણ અને હારયષ્ટિને શીતળ કહે છે પરંતુ નાથ! આ જેટલી પણ વસ્તુઓ છે એ બધી બાહ્ય સંતાપ દૂર કરે છે; અંતરંગના સંતાપને દૂર કરવાવાળા તો તમે જ છો. હે શીતલનાથ સ્વામી! આપ શીતળના સ્વામી છો, મનોહર શરીરના ધરનાર છો, જીવોને પરમ શાંતિ દેવાવાળા છો અને શ્રીવૃક્ષના ચિહ્નથી ચિહ્નિત છો તેથી આપને મારા નમસ્કાર હો!

ત્યારબાદ, યુધિષ્ઠર મહારાજાએ યક્ષને પૂછ્યું કે તમે ભીમને જે ગદા આદિ આપ્યા છે એનું શું કારણ છે? ઉત્તરમાં યક્ષે કહ્યું કે આ જ ભરતક્ષેત્રની વચ્ચે વિજયાર્ધ નામનો ઊંચો પહાડ છે. એ પૂર્વથી પશ્ચિમ દિશા સુધી લાંબો છે. તે તેના બંને છેડાથી લવણ સમુદ્રને અડે છે. એ એવો દેખાય છે કે માનો ભરતક્ષેત્રને માપવા માટે દંડ જ હોય! એ ૨૫ યોજન ઊંચો અને ૫૦ યોજન વિસ્તારવાળો છે તથા મૂળમાં ૧ યોજન છે. ઉત્તર અને દક્ષિણ એમ એની બે શ્રેણી છે, દક્ષિણ શ્રેણીમાં રથનૂપુર નામનું એક સુંદર નગર છે. તેનો રાજા મેઘવાહન હતો. તેને પ્રીતિમતિ નામની સ્ત્રી હતી. એ બંનેને ધનવાહન નામનો પુત્ર હતો. ધનવાહન ઘણો જ પ્રતાપી અને બળવાન યોદ્ધો હતો. તેની પાસે ઉત્તમોત્તમ વાહનો હતા. તેનું ચિત્ત વિદ્યા સાધવામાં સદાય લાગ્યું રહેતું હતું. તેણે તેની વિદ્યાના બળથી ઘણા શત્રુઓને તો વશમાં કરી લીધા હતા અને બાકી બીજા શત્રુઓને જીતવા માટે તૈયાર હતો. એ માટે તે ગદા દેવાવાળી વિદ્યા સિદ્ધ કરવા માટે વિંધ્યાચલ પર્વત પર ગયો હતો. ત્યાં તેણે ઘણા દિવસો સુધી વિદ્યા સાધી, પરિણામે આ ગદા તેને પ્રાપ્ત થઈ. એ જ સમયે ચતુર્નિકાયના દેવો આકાશમાર્ગેથી ચાલ્યા જતા હતા. તેમને જતા જોઈને આણે પૂછ્યું કે આ દેવો ક્યાં અને શા કારણે જાય છે? એક દેવે કહ્યું કે આ જ વિંધ્યાચલ પર્વત પર ક્ષમાધર નામના યોગીરાજને કેવલજ્ઞાન થયું છે, એ જ ઉત્સવ મનાવવા અને ધર્મામૃતનું પાન કરવા માટે બધા ત્યાં જઈ રહ્યા છે.

દેવની વાત સાંભળીને એ વિદ્યાધર પણ એમની સાથે ભગવાન પાસે પહોંચી ગયો. તેણે તરણ-તારણ ભગવાનને નમસ્કાર કર્યા અને તેમનાથી ધર્મામૃતનું પાન કર્યું કે જેથી તે સંસારના સુખથી વિરક્ત થઈ ગયો. તેણે દીક્ષા લેવા માટે પ્રાર્થના કરી. તેની આ અવસ્થા જોઈને એ ગદા-વિદ્યાને ચિંતા થઈ. જેથી તે વિદ્યાધર પાસે જઈને કહેવા લાગી કે હે વિચક્ષણ! આપ આ શું કરો છો? ઘણા પરિશ્રમ અને પ્રયત્નથી તમે મને સિદ્ધ કરી છે અને હવે મારાથી કાંઈ પણ ફળ મેળવ્યા વિના જ તમે દીક્ષા ધારણ કરો છો? એ આપને શું ઉચિત છે? જો આમ જ કરવું હતું તો વ્યર્થમાં મને સિદ્ધ કરવાનો પ્રયાસ શું કામ કર્યો? તમને ખબર હોવી જોઈએ કે આ ગદા યુદ્ધમાં વિજય અપાવે છે, સંસારમાં કીર્તિનો વિસ્તાર

કરે છે, લક્ષ્મી અપાવે છે અને ભોગોપભોગને આપે છે. આના પ્રભાવથી બીજા તો શું પણ દેવો પણ આવીને સેવા કરે છે. તેથી નાથ! તમે મારાથી વિરક્ત ન થાઓ અને યથેચ્છ ફળ પ્રાપ્ત કરો. વિદ્યાના આ વચન સાંભળીને તેણે ઉત્તર આપ્યો કે હે વિદ્યા! તારાથી મેં સૌથી ઉત્તમ ફળ પ્રાપ્ત કરી લીધું છે કે મને તારા પ્રભાવથી જ ભગવાનના દર્શન થયા છે. જો હું તને સિદ્ધ ન કરેત તો એ નિશ્ચિત છે કે મને આ સમાગમ ક્યારેય પણ ન મળત. વિદ્યાધરને પોતાના વિચારાનુસાર નિશ્ચળ જાણીને એ વિદ્યા ફરી વિનમ્ર પ્રાર્થના કરવા લાગી કે પ્રભો! હું આપના પુણ્યના પ્રતાપે મારા પતિને છોડીને આપની પાસે આવી છું અને તમે મને છોડવા ચાહો છો જેથી હું બંને તરફથી ભ્રષ્ટ થઈ. હવે તમે જ કહો કે હું શું કરું? મારી દશા તો એવી થઈ રહી છે કે જેમ કોઈ રાજા પોતાનું રાજ-પાટ છોડીને દીક્ષા ધારણ કરી લે અને પછી દીક્ષાથી ભ્રષ્ટ થઈ જાય તો જેવી રીતે એ નિરાધાર થઈ જાય તેમ હું પણ થઈ ગઈ છું. એ વિદ્યાના આ પ્રકારે દીન-હીન વચનો સાંભળીને મેં ભગવાનને પૂછ્યું કે સ્વામી! હવે આ વિદ્યાનો કોણ નીતિજ્ઞ પુરુષ પતિ થશે? ઉત્તરમાં ભગવાનની વાણીમાં આવ્યું કે આનો પતિ મહાપુરુષ ભીમ થશે. પછી મેં પૂછ્યું કે સ્વામી! એ તો કહો કે અમે એમને કેવી રીતે ઓળખીયે કે આ જ ભીમ છે? ભગવાનની વાણીમાં આવ્યું કે આ જ ભરતક્ષેત્રમાં એક હસ્તિનાગપુર નામનું સુંદર નગર છે. ત્યાંનો રાજા પાંડુ છે. તેનો જ પુત્ર ભીમ છે. તે ભીમ પોતાના ભાઈઓ અને માતા સહિત હમણા આ ચૈત્યાલયના દર્શન કરવા આવવાનો છે. તે અહીં જેવા આવશે અને દર્શન કરવા જશે ત્યારે તેમને દરવાજો બંધ મળશે. ભીમ એ દરવાજાને ખોલવા માટે જ્યાં હાથનો સ્પર્શ કરશે કે તરત જ દરવાજા આપોઆપ ખૂલી જશે. તું એને જ ભીમ સમજજે અને તે જ આ ગદા-વિદ્યાનો સ્વામી થશે. આ પ્રકારે વિદ્યાને સમજાવીને એ આત્મહિતૈષી વિદ્યાધર તો મુનિરાજ પાસે દીક્ષિત થઈ ગયા અને હું એ જ સમયે આ ગદાની રક્ષા કરતો આપના દર્શનની પ્રતિક્ષામાં અહીં બેઠો છું. આજે ઘણા દિવસે આપને અહીં આવેલા જોઈને મને ઘણો જ સંતોષ થયો છે મેં આ ગદા ભીમને આપી છે. ત્યારબાદ, એ યક્ષે વસ્ત્ર-આભૂષણાદિ દ્વારા તેમની પૂજા-સત્કાર કર્યો અને તેમના ગુણોનું સ્મરણ કરતો પોતાના સ્થાને ચાલ્યો ગયો.

આ પ્રકારે પાંડવો દક્ષિણ દેશોમાં વિહાર કરતાં પુણ્યના ફળને ભોગવતા દ્વારિકા જવા માટે તૈયાર થયા. તેઓ વિહાર કરતાં માકંદી નામની નગરીમાં આવ્યા. એ નગરીમાં દેવો જેવા સત્પુરુષોનો અને દેવાંગનાઓ સમાન લલનાઓનો નિવાસ હતો. તેની ચારે બાજુ એક સુંદર કોટ બનેલો હતો. જેવી રીતે સ્ત્રીઓની માંગમાં લગાવેલું સિંદુર શોભા પામે છે એવી રીતે એ નગરીમાં ઉત્તમ વર્ણના લોકો રહેતા હતા અર્થાત્ ત્યાં કોઈ પણ અકુલીન, નીચ અને વિજાતિ ન હતા. આ નગરી એવી સુંદર સજેલી હતી કે અમરપુરી સમાન શોભા પામતી હતી. ત્યાં પહોંચીને બ્રાહ્મણવેશધારી પાંડવ એક કુંભારના ઘરે રોકાઈ ગયા. થોડા સમય પછી નગરીની શોભા જોવા તેઓ ત્યાંથી બહાર નીકળ્યા. નગરીની શોભા જોઈને તેઓ ખૂબ જ સંતુષ્ટ થયા. એ નગરીનો રાજા દ્રુપદ હતો. તે રાજા ઘણો જ પરાક્રમી, બુદ્ધિમાન, નીતિજ્ઞ અને શત્રુઓને રણાંગણમાં જીતવાવાળો હતો. તેની ભાર્યાનું નામ ભોગવતી હતું કે જે યથાનામ તથા ગુણવાળી હતી અર્થાત્ એ ભોગોની

ખાણ હતી. તેને ધૃષ્ટદ્યુમ્ન આદિ ઉત્તમગુણોથી યુક્ત ઘણા પુત્ર હતા. એ સિવાય તેને દ્રૌપદી નામની કન્યા પણ હતી કે જે ઉત્તમગુણોથી યુક્ત હતી. તે પોતાની મંદચાલથી હંસનીને પણ જીતતી હતી, ચરણથી કમળને અને જાંઘથી કેળના વૃક્ષને અને જઘનોથી કામદેવના ક્રીડાસ્થળને તથા નિતંબોથી સ્વર્ણશીલાને જીતતી હતી. તેના શરીરની સુંદરતાનું વધારે ક્યાં સુધી વર્ણન કરવું પણ સંસારમાં એવી કોઈ પણ વસ્તુ નથી કે જેનાથી એની સરખામણી થઈ શકે. એક દિવસ દ્રુપદે જોયું કે પુત્રી હવે યોગ્ય વયસ્ક થઈ ગઈ છે તેથી તેના જલ્દી લગ્ન કરવા ઉચિત છે. આ વિચાર કરીને તેણે તરત જ પોતાના મંત્રીઓને બોલાવ્યા અને તેમની સાથે આ સંબંધમાં ચર્ચા કરી. તેમણે પોતપોતાની સમજ અનુસાર સલાહ આપી અને ઘણા રાજાઓના નામ કહ્યા અને કહ્યું કે રાજન્! આમાંથી તમે જેને પસંદ કરો તેની સાથે કન્યાના લગ્ન કરી દ્યો. મંત્રીઓની સાથે સાથે રાજાએ પણ વર નક્કી કરવામાં પોતાની બુદ્ધિ લગાવી પરંતુ કોઈની પસંદગી ન થઈ શકવાના કારણે તેણે એ જ નિર્ણય કર્યો કે સ્વયંવર થવો જોઈએ. નક્કી કર્યા અનુસાર તેણે તરત જ એક સુંદર સ્વયંવર-મંડપની રચના કરાવી અને દૂતોને બોલાવીને તેમને નિમંત્રણપત્ર આપીને કર્ણ અને દુર્યોધનાદિ રાજાઓની પાસે મોકલ્યા.

ખગાચલ પર્વત ઉપર એક સુરેન્દ્રવર્ધન નામનો રાજા રહેતો હતો. તેને એક કન્યા હતી. એક સમય તેણે કોઈ એક નિમિત્તજ્ઞને પૂછ્યું કે મારી પુત્રીનો પતિ કોણ થશે? ઉત્તરમાં નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે રાજન્! માકંદીપુરમાં આવીને જે બળવાન મહાપુરુષ ગાંડીવ ધનુષ ચડાવશે એ જ પુણ્યશાળી મહાભાગ તમારી કન્યાનો અને દ્રુપદની કન્યાનો પતિ થશે. આ સાંભળીને એ વિદ્યાધર ગાંડીવ ધનુષ સાથે પોતાની કન્યાને લઈને માકંદીપુરીમાં આવ્યો અને ત્યાં રાજા દ્રુપદની પાસે જઈને તેણે પોતાની અને તેની બંને કન્યાઓના સંબંધની બધી વાત દ્રુપદને કહી દીધી અને તેણે ગાંડીવ ધનુષ પણ તેમને આપી દીધું.

ત્યારબાદ, ત્યાં મનોહર સ્વયંવર મંડપ બનીને તૈયાર થઈ ગયો. તેમાં સુવર્ણના ખંભા લાગેલા હતા અને સુવર્ણના જ તોરણો બાંધેલા હતા તથા અનેક પ્રકારના ચિત્રોથી શોભિત થઈ રહ્યું હતું. તેમાં સુંદર સુંદર ચંદરવા લાગેલા હતા તથા પતાકા લાગી રહી હતી. તેની બરાબર વચ્ચે એક વેદી બનાવવામાં આવી હતી. મતલબ એ છે કે સ્વયંવર મંડપની રચના ખૂબ જ આશ્ચર્યજનક થઈ હતી.

સ્વયંવરના દિવસે કર્ણ, દુર્યોધન આદિ બધા યાદવ તથા જાલંધર, મગધાધીશ, કૌશલ આદિના બધા રાજાઓ વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને મંડપમાં આવી બિરાજમાન થયા. બ્રાહ્મણના વેશમાં પાંચેય પાંડવો પણ ત્યાં જ રહ્યા હતા. જેથી તેઓ પણ ત્યાં શોભા જોવા માટે ત્યાં આવ્યા. એ જ સમયે દ્રુપદ અને સુરેન્દ્રવર્ધન વિદ્યાધરે નગરમાં એ ઘોષણા કરાવી દીધી કે જે કોઈ ગાંડીવ ધનુષ ચડાવીને રાધાવેધ કરશે એ જ પુણ્યશાળીને આ બંને કન્યા વરશે. આ જાહેરાત સાંભળીને જે બળવાન રાજા ત્યાં બિરાજમાન હતા તે બધા એ ધનુષને જોવા લાગ્યા. ધનુષ એટલું તેજયુક્ત હતું કે તેને જોવું પણ અસહ્ય લાગતું હતું, તેનો સ્પર્શ કરવો અને તેને ચઢાવવું તો અશક્ય લાગતું હતું.

એ જ સમયે અનેક પ્રકારના આભૂષણો અને બહુમૂલ્ય વસ્ત્રોથી સુસજ્જિત થઈને પોતાના શરીરને ઓઢણી આદિથી ઢાંકીને દ્રૌપદી રાજાઓને જોવાની ઈચ્છાથી ત્યાં આવી. એ સમયે તેની શોભા અપૂર્વ લાગતી હતી. એણે પગમાં નૂપુર પહેરેલા હતા. જેથી ચાલતા સમયે ઝુમઝુમ અવાજ થતો હતો તે ખૂબ જ મધુર લાગતો હતો, તેના નાકના અગ્રભાગમાં મુક્તાઓથી જડિત સુવર્ણની સુંદર નથની સુશોભિત થઈ રહી હતી. તેની સુંદરતાનું વિશેષ વર્ણન ક્યાં સુધી કરીએ? એ રૂપ લાવણ્યની ખાણ હતી. તેની ચારે બાજુ એની સખીઓ હતી. ધાયના હાથમાં મણિઓની માળા આપી રાખી હતી. જ્યાં રાજાઓએ દ્રૌપદીને જોઈ કે એમનું મન એની તરફ ખેંચાઈ ગયું. તેઓ મનમાં જ વિચારવા લાગ્યા કે આવી સુંદર સ્ત્રી તો અમે આજ સુધી નથી જોઈ. એ સમયે ત્યાં જેટલા રાજાઓ બેઠા હતા તેમની દ્રૌપદીના જોવામાત્રથી વિચિત્રદશા થઈ ગઈ. કોઈ તેની તરફ પોતાના કટાક્ષ ફેંકવા લાગ્યા, કોઈ પોતાની મૂછો પર હાથ ફેરવવા લાગ્યા તો કોઈ પોતાના શરીરને મરોડવા લાગ્યા. આ રીતે, અનેક પ્રકારની ચેષ્ટા કરતાં રાજાઓ ત્યાં બેઠાં હતા. એટલામાં વીણા, મૃદંગ, વાસળી, નગારા આદિના સુંદર શબ્દ સંભળાવા લાગ્યા.

ત્યારબાદ, સુલોચના નામની ધાયે કે જેના હાથમાં વરમાળા હતી, ત્યાં બેઠેલા રાજાઓનો ક્રમ-ક્રમથી દ્રૌપદીને પરિચય કરાવ્યો. તે કહેવા લાગી કે જો પુત્રી! આ સૂર્યવંશના શિરોમણિ ઈન્દ્ર સમાન શોભા ધારણ કરવાવાળા અયોધ્યાના રાજા છે, આ શત્રુપક્ષનો નાશ કરવાવાળા બનારસના રાજા છે, આ સુવર્ણ સમાન કાંતિને ધારણ કરવાવાળા ચંપાપુરીના રાજા કર્ણ છે, આ હસ્તિનાપુરના રાજા દુર્યોધન છે અને એમના જ ભાઈ દુઃશાસન છે, આ મગધદેશના રાજા છે અને આ જલંધરદેશના રાજા છે અને આ વાલ્મિકી દેશના રાજા છે. પુત્રી! હું નથી કહી શકતી કે આમાંથી ક્યા રાજા આ ધનુષને ચઢાવીને રાધાવેધ કરી શકશે. ઘણા રાજાઓ તો ધનુષમાંથી નીકળતી અગ્નિની જ્વાળાથી જ ડરીને તેની પાસે જવાથી ડરતા હતા, ઘણા રાજાઓ નાગની ફૂંકારથી દૂર ભાગી જતા હતા, કોઈ સાહસ કરીને પાસે જતા તો ત્યાં જઈને બેહોશ થઈ જતા, કોઈ કહેતું કે આ કન્યા અમને નથી જોઈતી, અમે સકુશળ ઘરે પહોંચી જઈએ તો દીન-દરિદ્રીઓને દાન આપશું, કોઈ કહેતું કે અમને આ સુંદરી દ્રૌપદી નથી જોઈતી, અમે તો અમારી સ્ત્રીની સાથે જ કામક્રીડા કરશું અને મનોવિનોદ કરશું; કોઈ કહેતું કે અમને એવી કન્યાથી શું કામ કે જેની પાછળ પ્રાણોની આહુતી આપવી પડે, અમને વિષયસુખની ઈચ્છા નથી, અમે અમારા ઘરે જઈને બ્રહ્મચર્યથી રહીએ એ જ ઉત્તમ છે; કોઈ કહેતું કે આ કન્યા નથી પણ વિષધારી સર્પિણી છે.

આ જોઈને અભિમાની દુર્યોધન બોલ્યો કે મારા સિવાય આ રાધાવેધ કરવામાં કોણ સમર્થ હોઈ શકે? આટલું કહીને તે લાલ લાલ આંખો કરીને ધનુષની પાસે પહોંચ્યો. પરંતુ ત્યાં પહોંચતા જ ધનુષથી નીકળતી મહાજ્વાળાને ન સહી શકવાથી જમીન પર પડી ગયો અને ખૂબ જ કષ્ટથી ઊભો થઈને પોતાના સ્થાને આવીને બેસી ગયો. આ જ પ્રકારે કર્ણ આદિ રાજા પણ ધનુષની જ્વાળાને ન સહી શકવાથી અભિમાન છોડીને પોતપોતાના સ્થાને આવીને બેસી ગયા. જ્યારે

કોઈ પણ રાજા ગાંડીવ ધનુષને ચઢાવી ન શક્યા ત્યારે યુધિષ્ઠિરે હર્ષિત થઈ પોતાના નાના ભાઈ અર્જુનને આજ્ઞા કરી કે તું ધનુષ ચઢાવ. એવું લાગે છે કે અહીં ઉપસ્થિત રાજાઓમાંથી કોઈ પણ ધનુષ ચઢાવી શકતું નથી, તેથી તેઓ ચૂપચાપ બેઠા છે. તેથી પ્રિય વત્સ! તું ઊઠ અને આ ગાંડીવને ચઢાવ. તારા સિવાય આ પ્રચંડ ગાંડીવને ચઢાવવા કોણ સમર્થ હોઈ શકે? પૂજ્ય ભાઈની આ વાત સાંભળીને નિર્મળ બુદ્ધિ પાર્થ પહેલાં મંગળદાયી સિદ્ધોને અને પોતાના મોટા ભાઈ યુધિષ્ઠિરને નમસ્કાર કરીને ઊભો થયો. તે સમયે એ બ્રાહ્મણ વેષધારી કામદેવથી પણ વધારે સુંદર રૂપવાળા અર્જુનના રૂપ પર મોહિત થઈ કામના તીવ્ર બાણો દ્વારા દ્રૌપદી વિંધાઈ ગઈ.

ત્યારબાદ, અર્જુન બધા રાજા-મહારાજાઓને ઉલ્લંઘતો થકો ત્યાં પહોંચ્યો કે જ્યાં ધનુષ રાખેલું હતું. ત્યાં પહોંચતા જ તેના પુણ્ય પ્રતાપે ધનુષમાંથી નીકળતી મહાજ્વાળા એકદમ શાંત થઈ ગઈ અને તેની ઉપર જે કાળા મહાસર્પ હતા તે ન જાણે ક્યાં જતા રહ્યા? બરાબર છે કે પુણ્યાત્માની સામે ભયાનકથી ભયાનક વિઘ્ન પણ શાંત થઈ જાય છે અને તે જો શૂરવીર હોય તો કહેવું જ શું છે. ત્યારબાદ, તે જ સમયે અર્જુને ઝટથી તે ગાંડીવ ધનુષને ઊઠાવી લીધું અને તેની દોરી ખેંચીને જોરથી અવાજ કર્યો જે સાંભળીને ત્યાં બેઠેલા રાજા બેહોશ થઈ ગયા, બાંધેલા ઘોડા ભડકીને આમ તેમ ભાગવા લાગ્યા, હાથી અવાજ કરવા લાગ્યા, દિગ્ગજ સૂંઢ ઊઠાવીને ગર્જના કરવા લાગ્યા. મતલબ એ છે કે ધનુષના અવાજથી સંસાર ક્ષોભિત થઈ ગયું. આ સાંભળીને દ્રોણાચાર્ય બોલી ઊઠ્યા કે શું અહીં મરેલો અર્જુન આવ્યો છે? પછી અર્જુને ધનુષ પર બાણ ચઢાવ્યું અને ફરતા રાધાની નાકના મોતીને વાતવાતમાં વેધી નાખ્યું અને એ મોતીની સાથે એ જાળને જમીન પર પછાડી દીધું. આ જોઈને ગુણગ્રાહી રાજાઓ કે જે ત્યાં બેઠા હતા તે બધાને ખૂબ જ હર્ષ થયો અને તેઓ તેની પ્રશંસા કરવા લાગ્યા. દ્રુપદ રાજા તથા તેમના પુત્રો પણ મનમાં ખૂબ જ આનંદિત થયા. ત્યારબાદ, દ્રૌપદીએ પોતાની ધાય સુલોચનાના હાથમાંથી વરમાળા લઈને આદરથી અર્જુનના ગળામાં નાખી. એ સમયે હવા ખૂબ જ જોરથી ચાલતી હતી તેથી એ માળા વાયુના પ્રબળ વેગથી તૂટી ગઈ અને તૂટીને બાજુમાં બેઠેલા ચાર પાંડવોના ખોળામાં તે મોતી પડ્યા. આ વાતને લઈને લોકો દ્રૌપદીને પંચભર્તારી કહે છે. એમનું આમ કહેવું નિતાંત અનુચિત છે.

આ સમયે અર્જુનની પાસે ઊભેલી દ્રૌપદી એવી શોભતી હતી કે માનો કે મૂર્તિમાન લક્ષ્મી જ ઊભી હોય અથવા ઈન્દ્રની ઈન્દ્રાણી જ હોય. અર્જુનની આજ્ઞા મેળવીને એ દ્રૌપદી પાસે જઈને બેસી ગઈ. આ બધી વાત દુર્યોધનથી સહન ન થઈ શકી. **બરાબર જ છે કે બીજાનો અભ્યુદય જોઈને ઈર્ષા-ક્રોધ કરવો એ જ તો દુર્જનતા છે.** આથી પ્રકૃતિથી લાચાર એ દુષ્ટ દુર્યોધન લોકોને ભડકાવા લાગ્યો કે શું તમને લજ્જા નથી આવતી કે અહીં આટલા રાજા હોવા છતાં પણ આ દીન બ્રાહ્મણ આ કન્યારત્નને વરે? શું તમને ખબર નથી કે ઉત્તમ વસ્તુ રાજાઓના ઉપભોગની જ વસ્તુ છે? આ દીન-હીન બ્રાહ્મણને અધિકાર જ શું છે કે એ રાજાઓની સભામાં આવીને રાધાવેધ કરે. આ રીતે, એ દુર્યોધને અન્ય કૌરવોથી વિચાર કરીને દ્રુપદ રાજા પાસે ચન્દ્ર નામના એક દૂતને મોકલ્યો. તે દૂતે રાજા દ્રુપદની પાસે જઈને નિવેદન કર્યું કે

મહારાજ! આ બધા રાજાઓ મારા દ્વારા તમને કહેવડાવે છે કે આ સ્વયંવરમાં દ્રોણ, દુર્યોધન, કર્ણ, યાદવ આદિ અનેક રાજા-મહારાજાઓના રહેવા છતાં પણ કન્યાએ જે એક દીન બ્રાહ્મણને પસંદ કર્યો છે તે અન્યાયયુક્ત કાર્ય થયું છે. એ પરદેશી છે, તેની જાતિનું કોઈ ઠેકાણું નથી. આ તો એક લોભી બ્રાહ્મણ છે કે જેવા અન્ય બ્રાહ્મણ હોય છે. તેથી, આપ આ બ્રાહ્મણને રત્ન વગેરે ભેટમાં આપીને અહીંથી વિદાય આપો અને રાજાઓને યોગ્ય આ કન્યાને કોઈ યોગ્ય રાજાને આપો. જો આ તમારાથી ન થઈ શકતું હોય તો તમે યુદ્ધનું નિમંત્રણ સ્વીકાર કરો. આટલું કહીને એ દૂત ચૂપ થઈ ગયો.

ઉત્તરમાં દ્રુપદે ક્રોધે ભરાઈને દૂતને કહ્યું કે ન્યાયનીતિ અને સ્વયંવર-વિધિને સમજવાવાળા રાજાઓના મોઢામાંથી આવી વાત નીકળે એ જ મહા અન્યાય છે. આ સંબંધમાં અમારે એટલું જ કહેવું છે કે સતી સાધ્વી દ્રૌપદીએ સ્વયંવર-વિધિ અનુસાર જે કોઈનું પોતાની ઈચ્છા અનુસાર વરણ કર્યું હોય એ જ એનો પતિ છે અને થશે, એ ચાહે બ્રાહ્મણવર્ણી જ કેમ ન હોય! અમે આ વિષયમાં થોડો પણ હસ્તક્ષેપ નહીં કરી શકીએ. આમાં એ રાજાઓની યુદ્ધ કરવાની શું વાત છે? જો આ વાતમાં તેઓ રાજી ન હોય અને યુદ્ધ કરવામાં જ સારું સમજતા હોય તો હું તેમને યુદ્ધ માટે નિમંત્રણ આપવા તૈયાર છું. આ સાંભળીને દૂત પાછો દુર્યોધન પાસે આવ્યો અને દ્રુપદે કહેલી વાત જેમની તેમ કહી સંભળાવી. આ વાત સાંભળીને એ રાજાઓ ખૂબ ક્રોધે ભરાયા અને યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. તેમણે એ જ સમયે યુદ્ધના વાજા વગડાવ્યા અને પોતે યુદ્ધની સામગ્રીથી તૈયાર થઈને બહાર નીકળ્યા. એ રાજાઓ પોતાની વિશાળ સેનાયુક્ત થઈ પોતપોતાના વાહનો ઉપર સવાર હતા. તેમની સાથેના યોદ્ધાઓમાં કેટલાક તો હાથીઓ ઉપર, કેટલાક રથ ઉપર અને કેટલાક ચાલતા હતા. તેઓએ અનેક પ્રકારના આયુધોને બાંધેલા હતા. કોઈ ક્રોધમાં આવીને કહેતું કે આ દ્રૌપદીને પકડી લો, કોઈ કહેતું કે આ બ્રાહ્મણને મારી નાખો, કોઈ કહેતું કે દ્રુપદને મારી નાખો. આ વાત સાંભળીને દ્રૌપદી થર થર કાંપવા લાગી, તેના શરીરમાં પરસેવો થઈ ગયો. તે પોતાના પતિ અર્જુનના શરણમાં આવી ગઈ. તેને ભયભીત જોઈને ભીમે કહ્યું કે તું ડર નહીં, પ્રસન્ન થા અને મારા બાહુબળને જો. હું એક જ સમયમાં આ બધા શત્રુઓને ભગાવી દઉં છું કે જેવી રીતે વાયુના પ્રબળ વેગથી રૂનું કોઈ ઠેકાણું નથી રહેતું.

ત્યારબાદ, યુદ્ધાંગણમાં જામેલી ઉભય પક્ષની સેનામાં બાણ છોડવાનો ભારે અવાજ થવા લાગ્યો. દ્રુપદ આદિ પણ લડવા તૈયાર થઈ ગયા. એ સમયે દ્વિજોત્તમ યુધિષ્ઠિરે દ્રુપદને કહ્યું કે આપ મને અસ્ત્ર-શસ્ત્રથી પૂર્ણ પાંચ રથ આપો. આ સાંભળી ધૃષ્ટદ્યુમ્ન આદિ મનમાં વિચારવા લાગ્યા કે જ્યારે આ લોકો આવું કહે છે તો આ કોઈ મહાપુરુષ લાગે છે. ત્યારબાદ, ધૃષ્ટદ્યુમ્ન દ્રૌપદીને પોતાના રથમાં બેસાડીને તેની રક્ષા કરવા લાગ્યો. આ બાજુ યુધિષ્ઠિર રથમાં આરૂઢ થઈ ઈન્દ્ર સમાન શોભવા લાગ્યો અને ગાંડીવ ધનુષ પર બાણ ચઢાવીને સફેદ ઘોડાના રથમાં સવાર થયેલો અર્જુન પ્રતીન્દ્ર સમાન શોભવા લાગ્યો. દ્રુપદ સુવર્ણ નિર્મિત કવચ પહેરીને શત્રુઓનો વિનાશ કરવા માટે તૈયાર થઈ ગયો.

ભીમ શત્રુસેનાને પોતાની ઉપર આવતી જોઈને એક વૃક્ષને મૂળથી ઉખાડીને તેમના ઉપર પ્રહાર કરવા લાગ્યો. તે

પોતાના પ્રહારોથી સામે આવવાવાળા રાજાઓને, તેમના ઘોડાઓને, તેમના હાથીઓને, રથને ચકનાચૂર કરી નાખતો હતો. ત્યાં એવું કોઈ ન બચ્યું કે જે ભીમના આઘાતોથી અધમરો ન થયો હોય. તેના અસીમ પરાક્રમને જોઈને ઘણા મધ્યસ્થ રાજાઓ તેની જયકાર દ્વારા પ્રશંસા કરતાં હતા. આ રીતે ભીમ દ્વારા તેની સેનાને નષ્ટ થઈ જોઈને દુર્યોધન ગુસ્સે થઈને ઊઠ્યો. આ બાજુ ઘણી સેના સાથે કર્ણ પણ ધનંજય ઉપર તૂટી પડ્યો અને તેણે અર્જુન પર બાણોની વર્ષા કરવાનું શરૂ કરી દીધું. અર્જુન પણ કર્ણ દ્વારા છોડેલા બાણોને પોતાની બુદ્ધિમત્તાથી છેદતો જતો હતો, કારણ કે એ લક્ષ્યભેદ કરવામાં ઘણો ચતુર હતો. જેવી રીતે વાયુ વાદળાને છિન્ન-ભિન્ન કરી નાખે છે એવી રીતે અર્જુને કર્ણના બધા બાણનું વારણ કર્યું. તેના આ પ્રકારના ધનુષ-બાણ-કૌશલને જોઈને કર્ણને ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે મેં આજ સુધી આવા ધનુષ-બાણ ચલાવવાવાળો નથી જોયો. તે પોતાના મનોગત ભાવોને છુપાવી ન શક્યો. એ હસીને બોલ્યો કે હે દ્વિજેશ! તું ધનુષ-વિદ્યાનો પ્રકાંડ વિદ્વાન લાગે છે. તારી પ્રશંસા હું નથી કરતો પરંતુ તું જ આખા સંસારનો સ્તુત્ય છો.

હે દ્વિજેશ! એ તો કહો કે આ મહોન્નત વિદ્યા તે કોનાથી શીખી છે કે જે તારા આભાના અલૌકિક ચમત્કારને દેખાડે છે? હે દ્વિજોત્તમ! શું તું પુણ્યના ઉદયથી સ્વર્ગમાંથી આવ્યો છે? કારણ કે તારા સમાન ધનુષ વિદ્યાનો પંડિત બીજો ક્યાંય નથી જોયો. શું તું ઈન્દ્ર છે કે સૂર્ય છે કે અગ્નિ છે કે મરેલો અર્જુન જ અહીં જીવિત થઈને પાછો આવ્યો છે? સાચું કહે કે તું કોણ છે? કર્ણના આ પ્રશ્નો સાંભળીને અર્જુને કહ્યું કે હું બ્રાહ્મણ જ છું, પરંતુ મેં આ વિદ્યા શીખી છે એ અર્જુનનો સારથી બનીને શીખી છે. આ સાંભળી કર્ણએ કહ્યું કે સારી વાત છે પણ હવે પહેલાં તું તારા બાણ ચલાવી લે, પછી મારા બાણ સહન કરજે. આ પ્રકારે એકબીજાને કહીને એકબીજા ઉપર બાણ ચલાવવા લાગ્યા. અંતમાં પાર્થે કર્ણની ધ્વજા ભંગ કરી નાખી, છત્ર અને ચમર પણ ભંગ કરી નાખ્યા. એ બાજુ દ્રુપદે પણ કૌરવોની બધી સેનાને બાણોથી પૂર્ણ કરી નાખી. આ રીતે ધૃષ્ટદ્યુમ્ન આદિ પણ ખૂબ જ જોશથી શત્રુઓ સાથે લડવા લાગ્યા. આ બાજુ રથમાં બેસીને ભીમસેને દુર્યોધનનો સામનો કર્યો અને વાતવાતમાં તેનું બખ્તર છેદીને તેને હતપ્રભ કરી નાખ્યો. એ મહા સમરમાં એવા કોઈ શત્રુપક્ષના માણસો, હાથી, ઘોડા આદિ ન બચ્યા કે જેઓ પાંડવોના બાણોથી ભેદાયા ન હોય. આ પ્રકારે પોતાની સેનાને નષ્ટ થતી જોઈને ગંગાસુત ભીષ્મપિતામહ યુદ્ધ કરવા માટે અર્જુનની સામે આવ્યા અને તે પોતાની રણકુશળતાથી શત્રુસેનાની કુશળતા નીચી કરવા લાગ્યા. એમને આ રીતે યુદ્ધમાં ઉતરેલા જોઈને અર્જુને તેમને પોતાના બાણો દ્વારા આગળ વધતા રોકી દીધા અને તેમના જેટલા પણ બાણ આવતા તેને નિષ્ફળ કરવા લાગ્યો. આ જોઈ ગુરુ દ્રોણાચાર્યે કહ્યું કે હે દુર્યોધન! ઘોડાના પગથી ઉડેલી ધૂળથી આ આકાશ વ્યાપ્ત કેવું થઈ ગયું છે! અને યુદ્ધમાં અદ્ભુત ક્રીડા કરવાવાળો આ પરાક્રમી વીર કેવી રણકુશળતા દેખાડી રહ્યો છે! એવું લાગે છે કે આ અર્જુન જ છે, કારણ કે એના વિના કોઈમાં આવી ધનુષકુશળતા ન હોઈ શકે. પાંડવો લાખના મહેલમાં બળી ગયા એ વાત બિલકુલ અસત્ય લાગે છે. એ મર્યા નથી પણ જીવતા જ ત્યાંથી નીકળી ગયા છે અને તેઓ અહીં આવીને સંગ્રામ કરી રહ્યા છે. ગુરુજીની આ વાત સાંભળીને

દુર્યોધન ખૂબ જ ગભરાયો અને એનું માથું ફરવા લાગ્યું. એ સાશ્ચર્ય દ્રોણને હસતો હસતો બોલ્યો કે ગુરુદેવ! તમે આ શું વાત કરો છો? પાંડવો ક્યારના લાખના મહેલમાં બળીને મરી ગયા. હવે એ અહીં કઈ રીતે આવી શકે? આશ્ચર્ય છે ગુરુદેવ આપના મોહને કે આપ હજી પણ મરેલા અર્જુનની રટ લગાડી રહ્યા છો અને તેને હજી નિર્દ્વંદ નિરામય સમજો છો.

આ પ્રકારે દુર્યોધનની મર્મભેદી વાણી સાંભળીને દ્રોણાચાર્યએ હાથમાં ધનુષ-બાણ લઈને અર્જુનથી રોષભર્યા શબ્દોમાં કહ્યું કે હે વીર! હવે તું મારી સાથે સંગ્રામ કરવા માટે તૈયાર થઈ જા. તેમને સંગ્રામ કરવા માટે સામે જોઈને અર્જુને વિચાર કર્યો કે આ તો મારા ગુરુ દ્રોણાચાર્ય છે. એમના પ્રસાદથી તો મેં ધનુષ-બાણ વિદ્યા શીખી છે અને એ કારણે જ મેં આ સંગ્રામમાં વિજય પ્રાપ્ત કર્યો છે અને હવે હું એમની સાથે જ યુદ્ધ કરું એ મારી જેવા વિચારશીલ પુરુષને ઉચિત નથી. હું નથી કહી શકતો કે એ કૃતઘ્ન પાપી કઈ ગતિમાં જશે જે પોતાના પરમ હિતૈષી ગુરુઓના અસીમ ઉપકારોને ભૂલી જાય છે! એ મહા કૃતઘ્નિ છે અને એમના સમાન સંસારમાં બીજો કોઈ પાપી નથી. આવો વિચાર કરી સાત પગલા આગળ વધી અર્જુને ગુરુ દ્રોણના ચરણોમાં નમસ્કાર કર્યા અને એમની પાસે પોતાની હાથે લખેલો પત્ર બાણ સાથે એવી રીતે છોડ્યો કે જે ગુરુની પાસે જઈને પડ્યો. ગુરુએ એ પત્ર જોઈને તરત ઉપાડી લીધો અને એ પત્ર વાંચ્યો. એમાં લખ્યું હતું કે ''હે ગુરુદેવ! આપના ચરણોમાં મારા નમસ્કાર છે. હું કુંતીનો પુત્ર આપનો અનન્ય શિષ્ય અર્જુન છું. ગુરુદેવ એ પ્રાર્થના છે કે આપ જાણો છો કે આ દુષ્ટ કૌરવોએ છળથી અમને લાખના મહેલમાં બાળી નાખવાની પૂરી તૈયારી કરી હતી, તૈયારી નહીં પણ સળગાવી જ દીધા હતા; પરંતુ અમે અમારા પુણ્યયોગથી બચી ગયા અને કોઈ પ્રકારે ત્યાંથી નીકળી આવ્યા. ત્યારબાદ, અનેક દેશોમાં ફરતા અમે આ માકંદી નગરીમાં આવ્યા અને આજે આપના પુણ્યમયી દર્શન થયા જેનો અમને ઘણો જ હર્ષ છે. આપનાથી મારી છેલ્લી પ્રાર્થના એ છે કે આપ થોડીવાર માટે બેસી જાવ અને આપના આ શિષ્યનું બાહુબળ જોવો કે જેથી હું સફળ થઈ જાવ અને આ દુષ્ટ દુર્યોધનાદિ રાજાઓથી સંગ્રામ કરી શકું અને એમને પાંડવોને સળગાવવાનું ફળ આપી શકું.''

એ વિનયપૂર્ણ પત્ર વાંચીને દ્રોણાચાર્યની આંખમાં આંસુ આવી ગયા. તેમણે એ જ સમયે દુર્યોધન અને કર્ણ આદિને પત્રના બધા સમાચાર કહી દીધા. પત્રના સમાચાર સાંભળીને કર્ણએ કહ્યું કે બરાબર છે કે અર્જુન સિવાય બીજા કોનામાં આટલું સામર્થ્ય છે કે જે રણમાં બાણ દ્વારા શત્રુઓના મસ્તકનું છેદન કરી શકે. એવી જ રીતે ભીમ, યુધિષ્ઠિર આદિ બધા જ પાંડવો રણમાં શત્રુઓનો સંહાર કરવામાં સમર્થ છે. આવા મર્મભેદી સમાચાર સાંભળીને દુષ્ટ દુર્યોધન થોડીવાર માટે તો કિંકર્તવ્યવિમૂઢ થઈ ગયો. તેના અંતર આત્મમાં ખૂબ મોટી ચિંતા ઉત્પન્ન થઈ. એટલામાં દ્રોણ પાંડવોની પાસે પહોંચી ગયા. પાંડવોએ તેમને જોતા જ ખૂબ ભક્તિ પ્રગટ કરી, તેમનું આલિંગન કરી ચરણોમાં નમસ્કાર કર્યા અને પોતાની બધી જ આપવીતી તેમને કહી સંભળાવી. તેમની બધી વાતો સાંભળીને દ્રોણને ઘણો હર્ષ થયો. પછી દ્રોણાચાર્યએ ભાઈ-ભાઈનું

યુદ્ધ બંધ કરાવી દીધું. ત્યારબાદ, તેમણે પાંડવોને કહ્યું કે હવે તમે બધા મારી વાત ઉપર ધ્યાન આપો. જુઓ, હવે તમારે એવું કાર્ય કરવું ઉચિત છે કે જેનાથી બધાનું હિત થાય, દ્વેષ અને રોષ વધારવાનું કોઈ કાર્ય કરવું ન જોઈએ. તમે લોકો વિશેષ પુણ્યવાન છો તેથી તો બળતાં લાખના મહેલમાંથી નીકળ્યા અને જ્યાં જ્યાં પણ ગયા ત્યાં ત્યાં તમારો આદર-સત્કાર થયો, કન્યા, ધન, સંપત્તિ આદિની પ્રાપ્તિ થઈ. તમારું પુણ્ય એટલું પ્રબળ છે કે એની સામે કોઈ પણ તમારું કાંઈ નુકશાન ન કરી શકે. આ રીતે અહીં દ્રોણ અને પાંડવોમાં વાતચિત થઈ રહી હતી એટલામાં ભિષ્મ, કર્ણ, કૌરવ આદિ રાજાઓ પણ ત્યાં આવી ગયા અને બધા ખૂબ આનંદથી પ્રીતિપૂર્વક પરસ્પર મળ્યા પરંતુ ગર્વરહિત થયેલા કૌરવો શરમના માર્યા નીચું મોઢું કરીને ચૂપચાપ ઊભા રહ્યા. **બરાબર જ છે કે પાપીઓનું મસ્તક હમેશા નીચું જ રહે છે.**

ત્યારબાદ, ભીષ્મ પિતામહ, દ્રોણ આદિએ કૌરવ-પાંડવોની પરસ્પરમાં ક્ષમા કરાવી. **બરાબર છે કે સજ્જન પુરુષોનો પ્રયત્ન સારા કાર્ય કરવાનો જ હોય છે.** અંતમાં દુર્યોધને પોતાની સફાઈ આપતા કહ્યું કે મેં લાખના મહેલમાં અગ્નિ નથી લગાડાવી, હું એ વાત શ્રીજીની સાક્ષીપૂર્વક કહેવા માટે તૈયાર છું. હું તો કહું છું કે જે દુષ્ટે પાંડવોના ઘરમાં આગ લગાડી હોય એ દુર્બુદ્ધિ નરકમાં પડે અને ત્યાં ઘોરાતિઘોર વેદના પામે. આ તો ખૂબ સારું થયું કે તમારાથી ફરી સમાગમ થઈ ગયો જેથી અમારો અપવાદ દૂર થઈ ગયો. નહીં તો લોકો અમારી ઉપર કલંક લગાવી રહ્યા હતા કે અમે જ પાંડવોને સળગાવી દીધા છે. એ તો બિલકુલ સાચી વાત છે કે પૂર્વમાં કરેલા કર્મોને કોણ ટાળી શકે છે! એ તો પોતાનું ફળ આપશે જ, તેનાથી જીવોની કીર્તિ થાય કે અપકીર્તિ! આ પ્રકારે ઉપરથી મીઠા વચન કહીને કૌરવોએ પોતાની સફાઈ બધાની સામે કહી દીધી. બરાબર છે કે દુષ્ટોની દુષ્ટતા ક્યારે પણ જતી નથી. તેના માટે પછી ભલે ગમે તેટલો પ્રયત્ન કરીએ!

ત્યારબાદ, એ રાજાઓ કુંભારના ઘરે જઈને માતા કુંતીને ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે. આ પ્રકારે દુર્યોધનાદિએ પણ માતાને નમીને નમસ્કાર કર્યા અને તેમને સંતોષિત કરીને આગળ બેસી ગયા. એ વખતે કુંતીએ દુર્યોધનને કહ્યું કે તેં રાજા ધૃતરાષ્ટ્રના પવિત્ર વંશમાં કલંક કેમ લગાવ્યું? પોતાના કુળના ભાઈઓને સળગાવવાનો પ્રયત્ન કેમ કર્યો? જે દુર્જન પોતાના કુળનો નાશ કરીને સુખની ઈચ્છા કરે છે તેનું કુળ સ્વતઃ જ નષ્ટ થઈ જાય છે. ન્યાય-નીતિપૂર્વક ચાલવાવાળા જ રાજ્ય પામે છે, એના વિના તેમને બધે જ દુઃખનો સામનો કરવો પડે છે. તમે જાણો છો કે આ રાજ્ય વાસ્તવમાં તૃણ ઉપર લાગેલી ઝાકળની બુંદ સમાન નશ્વર છે. પછી લોકો શા માટે પોતાના કુળનો નાશ કરીને એને પ્રાપ્ત કરવા ઈચ્છે છે? આવું કરવાવાળા સ્વાર્થી અધમ પુરુષોને એકવાર નહીં અનંતવાર ધિક્કાર છે. કુંતીના આ પ્રકારના વચન સાંભળીને દુર્યોધનાદિના મોઢા કાળા પડી ગયા જાણે કે કોઈએ એમના ચહેરા ઉપર કાલિમ જ લગાવી દીધી હોય. તેઓ શરમના માર્યા નતમસ્તક થઈ ગયા.

ત્યારબાદ, દ્રુપદ પણ ત્યાં આવી ગયા. ત્યાં આવીને તેમને ખબર પડી કે આ બ્રાહ્મણવેશધારી જ પાંચેય પાંડવ

છે. આ વાત જાણીને તેને ખૂબ પ્રસન્નતા થઈ. તેમણે તરત જ દ્રૌપદીના શુભ વિવાહની તૈયારી કરાવી. પાંડવોને એક સુંદર મહેલમાં ઉતાર્યા. ત્યારબાદ શુભ દિન, શુભ મુહૂર્ત, શુભ નક્ષત્રમાં એ વિદ્યાધરની પુત્રી સહિત પોતાની કન્યા દ્રૌપદીના શુભ લગ્ન અર્જુન સાથે સવિધિ કરાવી દીધા. વિવાહના સમયે અનેક પ્રકારના વાજાઓની ગર્જના થઈ, જગ્યાએ-જગ્યાએ મનોહર નૃત્ય થયા, મહેમાનોનો યથાયોગ્ય આદર-સત્કાર કર્યો તેમ જ ભેટો આપી. ત્યારબાદ ભીષ્મ, કર્ણ આદિ રાજાઓ લગ્નોત્સવની શોભા જોઈને પોતપોતાના ઘરે ચાલ્યા ગયા. કૌરવો પણ ચતુરંગ સેનાસહિત હસ્તિનાપુર રવાના થઈ ગયા. જે સમયે પાંડવોએ પોતાના નગર હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો એ સમયે શહેરમાં જગ્યાએ-જગ્યાએ અપૂર્વ શોભા થઈ રહી હતી. બધાના ઘર ઉપર તોરણ બંધાયેલ હતા, દરવાજા ઉપર મંગળ કળશ સુશોભિત થઈ રહ્યા હતા. આ રીતે, પાંડવો ઘણા જ ઠાઠમાઠથી સાથે પોતાના નગરમાં આવ્યા અને ખૂબ જ આનંદપૂર્વક રહેવા લાગ્યા.

અહીં ગ્રંથકાર કહે છે કે જુઓ, દ્રૌપદી કેટલી પવિત્ર, સતી અને વિદૂષી હતી. તે એકમાત્ર અર્જુનને જ પોતાનો પતિ માનતી હતી. જો બીજા પાંડવો ઉપર આસક્તચિત્ત હોત તો સતી શું કામ કહેવાત? શું એ સતીઓની ગણનામાં મુખ્ય કહેવાત? આ સંબંધમાં જે મૂર્ખ પુરુષો દ્રૌપદીને પંચભર્તારી કહે છે એ ખૂબ જ પાપોર્જન કરે છે. વિચારવાની વાત તો એ છે કે જે પાંડવો આટલા બળવાન, ધનવાન, માની, શ્રીમાન અને ધર્મનિષ્ઠ હતા તે એક જ સ્ત્રી ઉપર આસક્ત કેવી રીતે થઈ શકે? તેમનાથી આવું અધર્મ કાર્ય કેવી રીતે બની શકે? તેમને કઈ વાતની કમી હતી? સામાન્ય પુરુષોને પણ જ્યારે ભિન્ન-ભિન્ન સ્ત્રીઓ હોય છે તો એ પાંચેયને એક સ્ત્રી કહેવી કેટલું આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. દ્રૌપદીના પવિત્ર શીલવ્રતમાં આવું દૂષણ લગાડવું પાપ નહીં પણ મહાપાપ છે. જેઓ પોતાના મતાનુસાર દ્રૌપદીને પંચભર્તારી કહે છે તેઓ મહાપાતકી છે. ભગવાન જાણે કે તેઓ કઈ દુર્ગતિમાં જઈને પડશે?

જીવોને સુખ આપવાવાળો, શુભ ગતિને પ્રાપ્ત કરાવવાવાળો, ઉત્તમ પુરુષો દ્વારા સેવનીય, બધા ગુણોનું ભૂષણ શીલધર્મનો જે આદર કરે છે, પાલન કરે છે તે ક્યારેય શોક-સંતાપને પ્રાપ્ત નથી થતો, તેને સંસારની કોઈ પણ શક્તિ તકલીફ નથી આપી શકતી, તે અંતતોગત્વા રત્નત્રયને ધારણ કરીને નિયમથી મોક્ષ પ્રાપ્ત કરે છે. શીલની અચિંત્ય મહિમા છે, તેથી મનુષ્યએ શીલધર્મનું સદાય સેવન કરવું જોઈએ.

**॥ અધ્યાય સોળમો સમાપ્ત ॥**

# અધ્યાય સત્તરમો



હું એ શ્રેયાંસનાથ ભગવાનને નમસ્કાર કરું છું કે જે કલ્યાણના કરવાવાળા છે, પાપનો નાશ કરવાવાળા છે, ધર્મના નાયક છે તથા જન્મ-જરારૂપી દુઃખોથી રહિત છે. જે અંતરંગ-બહિરંગ લક્ષ્મીના અધિપતિ છે એ પ્રભુ મને કલ્યાણના માર્ગ પર લગાવે!

ત્યારબાદ, કૌરવ અને પાંડવ અડધું-અડધું રાજ્ય વહેંચીને આનંદ સાથે એકબીજાથી હળીમળીને રહેવા લાગ્યા. પાંડવોએ પોતાના રાજ્યના પાંચ હિસ્સા કરી નાખ્યા અને તે પોતાના રાજ્યની રક્ષા કરતાં જુદાં જુદાં રહેવા લાગ્યા. એમાંથી સ્થિરચિત્ત યુધિષ્ઠિર ઈન્દ્રપ્રસ્થમાં રહેવા લાગ્યા, ગંભીરાશય ભીમસેન તિલપથ નગરમાં રહેવા લાગ્યા, વિચારશીલ અર્જુન સ્વર્ણપ્રસ્થમાં રહેવા લાગ્યા, નકુલ જલપથમાં અને સહદેવ વણિકપથમાં રહેવા લાગ્યા. જ્યારે બધાને રહેવાની બરાબર વ્યવસ્થા થઈ ગઈ ત્યારે યુધિષ્ઠિર અને ભીમે જ્યાં જ્યાં કન્યાઓ સાથે લગ્ન કર્યા હતા તે બધાને પોતાને ત્યાં બોલાવી લીધી. કૌશાંબી નગરીથી વિંધ્યસેન રાજાની પુત્રી વસંતસેનાને પણ બોલાવી લીધી અને તેની સાથે યુધિષ્ઠિરે લગ્ન કરી લીધા. આ પ્રકારે ભીમસેન આદિ યુધિષ્ઠિરની આજ્ઞાનું પાલન કરતાં પૃથ્વીનું પાલન કરતાં સદાય ઉત્તમ સુખને ભોગવતા હતા અને તેની સેવા કરવામાં સદાય તત્પર રહેતા હતા. આ મહાનુભાવોને ધનની ઈચ્છા ન હતી પરંતુ સદાય પોતાની સેના-હાથી, ઘોડા, પાયદળ આદિની વૃદ્ધિમાં દત્તચિત્ત રહેતા હતા. એમનો આત્મા સદાય ઉજ્જ્વળ રહેતો હતો જેથી તેઓ પ્રસન્નચિત્ત રહેતા હતા. રાજ્યનો જરા પણ ગર્વ ન હતો. તેઓ સદાય ગુરુ ગાંગેયની સેવા-સુશ્રૂષામાં દત્તચિત્ત રહેતા હતા જેથી પિતામહને પણ તેમના ઉપર વિશેષ અનુરાગ રહેતો હતો. દુર્યોધનને એ વાત સહન ન થઈ. તેણે એકવાર એકાંત પામીને પિતામહથી કહ્યું કે હે દુર્નયી! આ તમે શું કરી રહ્યા છો? જ્યારે તમે કૌરવ અને પાંડવોની રાજ-સંપત્તિને સમાનરૂપે ભોગવો છો તો પછી તમારો વિશેષ સ્નેહ પાંડવો ઉપર શા માટે છે? તેનું કારણ શું છે? આ પ્રકારના દુર્યોધનના ક્રોધયુક્ત વચનો સાંભળીને ગાંગેયે કહ્યું કે એનું પણ કારણ છે અને એ કારણ એ છે કે આ પાંડવો સત્પુરુષ છે, ધર્મામૃતના પિપાસુ છે, સરળ સ્વભાવી છે, ગુણાઢ્ય છે, ન્યાય-નીતિના વિચારક છે, વીતી ગયેલી અને ભવિષ્યની વ્યર્થની વાતોની ચિંતા નથી કરતાં તથા વર્તમાન ઉપર જ દૃષ્ટિ રાખે છે; આ કારણોથી જ એ મને વધારે પ્રિય છે.

એક સમયની વાત છે કે કૃષ્ણએ પ્રેમને વશ અર્જુનને ગિરનાર પર્વત ઉપર ક્રીડા કરવા બોલાવ્યો. એ ગિરનાર પર્વત અત્યંત ઉન્નત અને ખૂબ જ શોભાયુક્ત હતો. થોડા સમયમાં કૃષ્ણ અહીંથી ત્યાં પહોંચ્યા અને ત્યાંથી અર્જુન પણ આવી ગયો. બંનેએ પ્રેમથી એકબીજાને આલિંગન કર્યું અને અમન-ચેનથી વિવિધ પ્રકારની ક્રીડા કરવા લાગ્યા. ક્રીડા કરતાં એ

બંને એટલા મનમોહક લાગતા હતા કે માનો ઈન્દ્ર-પ્રતીન્દ્ર જ હોય! ક્યારેક તેઓ વનમાં અહીં તહીં રમતા, ક્યારેક પાણીમાં ડૂબકી મારતા, ક્યારેક ચંદન-કેસર મિશ્રિત પાણીની પિચકારી એકબીજા ઉપર છોડતા, ક્યારેક ગિરનાર પર્વત ઉપર ચડતા-ઉતરતા, ક્યારેક સુખકારી ગીત અને નૃત્ય દ્વારા વિનોદ કરતાં અને ક્યારેક દડાથી રમતા. મતલબ એ છે કે ત્યા એ બંનેએ સ્નેહથી મનને પ્રફુલ્લિત કરવાવાળી ક્રીડા-વિનોદ કર્યું.

ત્યારબાદ, કૃષ્ણની સાથે અર્જુન પણ દ્વારિકામાં આવી ગયા. દ્વારિકામાં જ્યારે તેમણે પ્રવેશ કર્યો ત્યારે તે ઈન્દ્ર સમાન લાગતા હતા. અર્જુન મનોવિનોદ કરતો કૃષ્ણની સાથે ઘણા દિવસો સુધી દ્વારિકામાં રહ્યો, ક્યારેક ઘોડા ઉપર ચડતો તો ક્યારેક હાથી ઉપર ચડતો. આ પ્રકારે આનંદપૂર્વક દિવસો વિતાવ્યા.

એક દિવસ મહત્વશાળી અર્જુને સ્વચ્છમના ભદ્ર વિચારોવાળી અત્યંત શોભાયુક્ત સુભદ્રાને જોઈ એના રૂપ-લાવણ્ય અને ચાલ-ઢાલને જોઈને એ વિચાર કરવા લાગ્યો કે આ સુંદરી કોણ છે? એની સુંદરતાથી તો એવું લાગે છે કે સ્વર્ગથી ઈન્દ્રાણી જ આવી ગઈ છે કે શું? તેના રુમઝુમ શબ્દ કરતાં નૂપુર દેવાંગનાઓની શોભાને પણ જીતતા હતા. તેના અક્ષ-વિક્ષેપ-કટાક્ષ એટલા ચંચળ છે કે જે ધ્યાનાગ્નિથી બાળેલા કામને ફરીથી જીવિત કરી દે છે. નથી સમજ પડતી કે આ રૂપ સૌંદર્યની અનુપમ પ્રતિમા કોણ છે? રતિ છે કે લક્ષ્મી? પદ્માવતી છે કે રોહિણી કે સૂર્યની પ્રિયા છે કે કોઈ કિન્નરી છે? જે પણ હોય, આ મૃગનયની મને કોઈ પણ પ્રકારે પ્રાપ્ત થાય તો જ મારું જીવન સાર્થક છે. હું આને કોઈ ને કોઈ ઉપાય દ્વારા મારી પ્રાણવલ્લભા બનાવીશ. એ મનમાં વિચાર કરી રહ્યો હતો એટલમાં તેણે દામોદર શ્રીકૃષ્ણને પૂછ્યું કે મહારાજ! સાક્ષાત્ લક્ષ્મી સમાન સુંદર લક્ષણવાળી આ ક્યા મહાભાગ્યની પુત્રી છે? ઉત્તરમાં કૃષ્ણએ જરા હસીને કહ્યું કે શું અર્જુન તું નથી જાણતો કે આ રૂપ અને શીલની ખાણ સુભદ્રા નામની મારી બહેન છે. આ સાંભળીને પાર્થે હસીને કહ્યું કે ત્યારે તો આ સુંદરી મારા મામાની પુત્રી છે અને વિવાહ-સંબંધ માટે યોગ્ય છે. એના ઉત્તરમાં કૃષ્ણએ કહ્યું કે અર્જુન! મને તારો વિચાર પસંદ છે. આ લક્ષ્મી મેં તને આપી, તું એનો સ્વીકાર કર. કૃષ્ણની વાત સાંભળીને અર્જુન એકદમ ખુશ થઈ ગયો. **બરાબર છે કે મનપસંદ વસ્તુ મળવાથી કોને પ્રસન્નતા નથી થતી?** પછી એ સતૃષ્ણ કૃષ્ણની સામે જોઈ રહ્યો. કૃષ્ણએ એનો અભિપ્રાય તરત સમજી લીધો અને તેણે તરત જ વાયુ સમાન શીઘ્ર ચાલવાવાળા ઘોડાઓનો એક સુંદર રથ મંગાવ્યો અને એ અર્જુનને આપ્યો. અર્જુન સુભદ્રાને રથમાં બેસાડીને ત્યાંથી વાયુના વેગ સમાન ચાલી નીકળ્યો. યાદવોએ જ્યારે સુભદ્રાના હરાઈ જવાના સમાચાર સાંભળ્યા તો તેમને ખૂબ જ ગુસ્સો આવ્યો અને ક્રોધના આવેગમાં કોઈ તો કવચ પહેરીને હાથમાં મુદ્ગર લઈને નીકળી પડ્યા. કોઈ ભાલાઓ લઈને, કોઈ તલવાર લઈને અને કોઈ ધનુષ-બાણ લઈને અર્જુનની પાછળ પડ્યા. કોઈ રથ ઉપર સવાર થઈને, કોઈ ઘોડા ઉપર સવાર થઈને તો કોઈ પગે જ ચાલવા લાગ્યા. કોઈ એમ કહેવા લાગ્યું કે યાદવોની કન્યા લઈને અર્જુન જશે કોની પાસે?

આ પ્રકારે સમુદ્ર સમાન ગંભીર અને ચતુરંગ સેનારૂપ તરંગોથી તરંગિત સમુદ્રવિજય પોતાના ભાઈઓ સાથે ચાલી

નીકળ્યા. આ બાજુ બળદેવ અને નારાયણ પણ ધનુષ-બાણ લઈને અને પાંચજન્ય શંખનો ધીરે ધીરે અવાજ કરતાં સસૈન્ય ચાલી નીકળ્યા. બીજા પણ ઘણા રાજાઓ તેમની સાથે રવાના થયા. નારાયણ તો આમતેમ ફરીને પોતાની સેના સહિત દ્વારિકામાં પાછા આવી ગયા અને બળદેવ આદિને બોલાવીને સમજાવીને કહ્યું કે વાતને આગળ વધારીને અત્યારે કાંઈ ફાયદો નથી. ઉત્તમ તો એ જ છે કે આ વાત માટે અર્જુન સાથે લડાઈ-ઝગડા કરવા વ્યર્થ છે. આ બંનેના લગ્ન આપણા હાથે જ કરી દેવા યોગ્ય છે. કૃષ્ણની આ વાત સાંભળીને બધાએ એ જ કહ્યું કે હાઁ, આ વાત બરાબર છે. ત્યારબાદ, ચતુર મંત્રીઓને બોલાવીને તેમને લેવા માટે મોકલી દીધા. મંત્રીઓએ અર્જુન પાસે પહોંચીને પહેલાં તો પ્રણામ કર્યા અને પછી હરિએ જે સમાચાર કહ્યા હતા તે કહી દીધા. અર્જુન કૃષ્ણના કહ્યા અનુસાર સુભદ્રાને સાથે લઈને દ્વારિકા પાછો આવ્યો.

ત્યારબાદ, લગ્નની તૈયારીઓ થવા લાગી, એક સુંદર લગ્નમંડપ તૈયાર કરવામાં આવ્યો. તેમાં શુભ મુહૂર્તમાં અર્જુને પ્રસન્નચિત્તથી સુભદ્રા સાથે લગ્ન કર્યા. લગ્ન સમયે અનેક પ્રકારના વાજા વાગી રયા હતા, નૃત્યકારિણી મનોહર નૃત્ય કરી રહી હતી, મંગળ ગીતો ગાવાવાળી લલનાઓ મંગળ ગીતો ગાઈ રહી હતી. ચારે બાજુ જ્યાં જોવો ત્યાં નાચ-ગાન થઈ રહ્યા હતા. આ લગ્નમાં બધાય પાંડવો શામિલ થયા હતા. આ પ્રકારે અર્જુન પોતાની પ્યારી સુભદ્રાને મેળવીને તેની સાથે ભોગ ભોગવતો સમય વિતાવવા લાગ્યો. આ બાજુ ભીમસેન લક્ષ્મીવતી અને શેષવતી, નકુલે નિયા અને સહદેવે સુરતિ સાથે લગ્ન કર્યા. થોડા સમય પછી સુભદ્રાના ગર્ભથી ઉત્તમ લક્ષણવાળો એક પુત્રરત્ન ઉત્પન્ન થયો, જેનું નામ અભિમન્યું હતું.

XXXX એક સમયે દુર્યોધન રાજાએ કપટથી પાંડવોને પોતાને ત્યાં બોલાવ્યા અને તેમાંથી યુધિષ્ઠિરને સ્નેહભર્યા વચનોમાં કહ્યું કે હે કૌન્તેય! આવો, હું અને તમે દિલ બહેલાવવા માટે અક્ષક્રીડા અર્થાત્ જુગાર રમીએ. સરળ સ્વભાવી યુધિષ્ઠિરે આ વાત સ્વીકારી લીધી. એ બંને જુગાર રમવા લાગ્યા. કપટથી કૌરવો જે પાસા ફેંકતા એ અનુકૂળ જ પડતા હતા. એ જોઈને એવું લાગતું હતું કે માનો બંને તરફથી પાસા એમના શીખડાવેલા આજ્ઞાકારી ચાકર જ હોય. ક્યારેક ક્યારેક ભીમના હુંકારથી પાસા અવડા પડી જતા હતા જે એમ લાગતું હતું કે માનો શબ્દોના ડરથી જ પાસા સ્થિર થઈ શકતા ન હતા અને ઉલ્ટા પડી જતા હતા. આ જોઈને કૌરવોએ મનમાં વિચાર કર્યો કે આ ભીમને કોઈ પણ બહાનાથી અહીંથી બહાર મોકલી દેવો જોઈએ. તેમણે એવું જ કર્યું અને પછી તેઓ નિઃશંક થઈ જુગાર રમવા લાગ્યા. થોડીવારમાં દુર્યોધને યુધિષ્ઠિરને જીતી લીધો અને તે પોતાનું બધું જ હારી ગયા–કુંડળ, કેયુર, હાર, કંકણ, ધન, ધાન્ય, રત્ન, મુકુટ, ભંડાર, બર્તન, હાથી, ઘોડા, રથ, પ્યાદા, સેના, દેશ આદિ જે કાંઈ પણ ધન સંપત્તિ હતી તે બધું જ જુગારમાં હારી ગયા. સર્વસ્વ ખોઈને પણ તેમણે આ ખેલ બંધ ન કર્યો અને અંતમાં પોતાની રાણીઓ તથા પોતાના પ્યારા ભાઈઓને પણ દાવપર રાખવા તૈયાર થઈ ગયા. એટલામાં ભીમ હુંકાર કરતો ત્યાં આવી પહોંચ્યો. ત્યાં આવીને જોયું કે ભાઈ

યુધિષ્ઠિર જુગારમાં બધી જ સંપત્તિ હારી ગયા છે અને જે કાંઈ બાકી છે એ પણ દાવપર લગાવી દીધું છે. તેણે ભયભીત યુધિષ્ઠિરને કહ્યું કે મહારાજ! તમે આ શું કરી રહ્યા છો? કેમ આ સમૂળ હાનિ કરવાવાળો જુગાર ચાલુ કરી રાખ્યો છે? મહારાજ! આ દ્યુતના કારણે જ મનુષ્યની સંસારમાં અપકીર્તિ ફેલાઈ જાય છે, જીવોને ડગલે ને પગલે નુકશાન સહન કરવું પડે છે. પૂજ્ય! બધા જ અનર્થોનું મૂળ આ જુગાર જ છે. આ લોક અને પરલોકને બગાડવાવાળું છે, તેથી જ સાત વ્યસનોમાં સર્વપ્રથમ જુગારનું જ નામ લેવામાં આવ્યું છે. એ મહાન દુ:ખોનું મૂળ છે. તેથી પંડિતોએ તેને મેઘની જેમ હેય–છોડવાલાયક કહ્યું છે. એનાથી મોટું પાપ સંસારમાં ન કોઈ થયું છે અને ન થશે. ભીમના આ પ્રકારે યુક્તિમય વચનો સાંભળીને યુધિષ્ઠિર ત્યાંથી ઊઠી ગયા અને વ્યથિત મન પોતાના ઘરે આવી ગયા.

એટલામાં જ દુર્યોધને એક દૂતને બોલાવીને યુધિષ્ઠિરની પાસે મોકલ્યો અને કહેડાવ્યું કે મહારાજ દુર્યોધન તમને કહે છે કે તમે બાર વર્ષ માટે આખી પૃથ્વી જુગારમાં હારી ચૂક્યા છો તેથી તમે બધા બાર વર્ષ માટે અહીંથી જતા રહો અને એવી રીતે જાવ કે એટલા દિવસો સુધી કોઈ તમારું નામ ન સાંભળી શકે. એમાં જ તમારી કુશળતા છે. તમે લોકો આજે જ રાત્રિના પોતાના ઘરેથી ચાલ્યા જાઓ, નહીં તો તમારા માટે મહા અનર્થ થશે એમાં જરાપણ સંદેહ નથી. આ પ્રકારે દૂત યુધિષ્ઠિર મહારાજથી નિવેદન કરી પાછો ચાલ્યો ગયો.

ત્યારબાદ, દુષ્ટ દુશાસન ક્રોધયુક્ત થઈ દ્રૌપદીના મહેલમાં ગયો ત્યાં જઈ તે દ્રૌપદીને વાળ પકડીને મહેલથી બહાર ખેંચવા લાગ્યો. એ સમયે એ દુષ્ટ એવો લાગતો હતો કે જેમ કોઈ કમળમાં રહેવાવાળી લક્ષ્મીને જ કમળમાંથી બહાર કાઢી રહ્યો હોય. આ જોઈને ભિષ્મ પિતામહે કહ્યું કે રે રે કૌરવો! આ કાર્ય તમને શોભતું નથી. આવું કાર્ય કરવાથી તમારી સંસારમાં અપકીર્તિ ફેલાઈ જશે. આ તમારા ભાઈની સ્ત્રી છે તેથી તમારી ભાભી છે, પવિત્ર છે, માતા સમાન છે જેને તમે અમાનુષી કૃત્યથી ઘરની બહાર કાઢી છે. યાદ રાખજો ભાભીના અપમાનથી દુર્ગતિના ભયાનક દુ:ખ ભોગવવા પડે છે.

એટલામાં દ્રૌપદી પોતાની આ દુરાવસ્થાથી દુ:ખી થતી અને રોતી રોતી પાંડવોની પાસે આવી અને ગળુ ભરાયેલા શબ્દોમાં કહેવા લાગી કે તમારા લોકોનો જેટલો તિરસ્કાર નથી થયો એનાથી પણ અધિક તિરસ્કાર વાળ પકડીને મહેલથી બહાર કાઢવાને કારણે મારો થયો છે. હા! જેની સામે હું મોઢું પણ ખોલતી ન હતી તેણે આજે મારું માથું ખોલીને વાળ ખેંચ્યા! હવે કહો કે મારું શું બચ્યું? તેણે મારી બધી જ ઈજ્જત-આબરું માટીમાં મેળવી દીધી. હું એ દુષ્ટ દુ:શાસનની સામે શું કરી શકતી હતી? તે દુષ્ટે આપનો થોડો પણ ભય ન કર્યો. હા ભીમ! મને વિશ્વાસ છે આ અપમાનનો બદલો તમારા સિવાય કોણ લઈ શકે? દ્રૌપદીના આ પ્રકારે તિરસ્કારભર્યા વચનો સાંભળીને ક્રોધમાં આવીને ભીમે કહ્યું કે મહારાજ યુધિષ્ઠિર! મને આજ્ઞા આપો, હું હમણા જ શત્રુ સમૂહને જડથી નષ્ટ કરી નાખું છું. આ વાત સાંભળીને પાર્થ પણ ગરજીને ઊભો થઈ ગયો. બરાબર જ છે કે સ્ત્રીઓનો પરાભવ સહન નથી થતો. આ જોઈને યુધિષ્ઠિરે કહ્યું કે આવું કરવું અમને

ઉચિત નથી. જેવી રીતે પ્રબળ વાયુ ચાલવાથી સમુદ્ર પોતાની મર્યાદા નથી છોડતું, તેવી જ રીતે ઉત્તમ પુરુષો પણ, ભલે કોઈ પણ અવસ્થામાં હોય, પોતાની મર્યાદા છોડતા નથી. આ પ્રકારે યુધિષ્ઠિરના શાંત વચનોથી એ બન્ને શાંત થઈ ગયા. યુધિષ્ઠિરે સમજાવ્યું કે ભાઈઓ! હમણા થોડી ધીરજ રાખો. સમય આવશે અને એ સમયે આપણે શત્રુઓને વાત વાતમાં નષ્ટ કરી નાખશું. આ સમય મારી પરીક્ષાનો અવસર છે. ચાહે કાંઈ પણ થાય, હું મારા વચનોની રક્ષા કરીશ. મારા પ્યારા ભાઈઓ! મારી એ આજ્ઞા છે કે આપણે બધા અહીંથી જલ્દી નીકળી જઈએ અને વનમાં રોકાઈએ. હવે આપણે વનને જ આપણું ઘર બનાવવું પડશે.

પોતાના મોટાભાઈ યુધિષ્ઠિરની આજ્ઞા સાંભળીને એ બધા ભાઈઓ ગર્વ છોડીને વન જવા માટે તૈયાર થઈ ગયા. માતા કુંતીને સૂતી જોઈ તેમને વિદુરના ઘરે છોડી દીધી. અપમાનથી દુઃખિત દ્રૌપદીને પણ ત્યાં છોડવાનો વિચાર હતો પરંતુ તે ત્યાં ન રોકાણી તેથી તેને સાથે લેવી પડી. માનરહિત ધર્માત્મા પાંડવો મનમાં ભગવાનનું સ્મરણ કરતાં અને સંસારની અવસ્થાનો વિચાર કરતાં દ્રૌપદીની ગતિ અનુસાર ધીરે ધીરે ચાલતા ક્યારેક વન-ઉપવન તો ક્યારે પહાડના શિખર ઉપર નિર્ભય રહેવા લાગ્યા. તેઓ રસ્તામાં નદીનું પાણી પીતાં, વૃક્ષોના ફળને ખાતાં અને વૃક્ષોની છાલને પહેરીને સમય પસાર કરતાં સિંહની જેમ વિહાર કરવા લાગ્યા.

આ પ્રકારે માર્ગમાં દુઃખને સહન કરતાં જાત જાતના વૃક્ષોથી સુશોભિત કાલિંજય નામના વનમાં ગયા. ત્યાં તેમણે સઘન છાયાવાળું એક વડનું વૃક્ષ જોયું અને તેની સુશીતળ છાયામાં નીચે ભૂખ-તરસથી થાકેલ તેઓ બેસી ગયા. ગ્રંથકાર કહે છે કે જુઓ! દ્યુતના કારણે પાંડવોને વન-વન ભટકવું પડે છે. **વાસ્તવમાં જુગાર નરકમાં લઈ જવાનો સીધો રસ્તો છે, ધર્મનો ધ્વંસક છે, પાપોનો બાપ છે, આપત્તિઓનું ઘર છે, હિતાહિતની બુદ્ધિ નષ્ટ કરવાવાળું છે, જૂઠ અને વ્યભિચારનો રસ્તો દેખાડવાવાળું છે, ચોરી કરતાં શીખવાડે છે, માંસ-મદિરાની રુચિ કરાવે છે, પરસ્ત્રીની ઈચ્છા ઉત્પન્ન કરાવે છે! મતલબ એ કે આ જુગાર જ બધા પાપોનો સરદાર છે, તેથી તેનું નામ પણ ન લેવું જોઈએ!**

**॥ અધ્યાય સત્તરમો સમાપ્ત ॥**

# અધ્યાય અઢારમો

એ વાસુપૂજ્યસ્વામીને મારા નમસ્કાર હો કે જે વસુપૂજ્યના પુત્ર છે, જેમના ચરણકમળની ઈન્દ્ર-નરેન્દ્ર આદિ બધા પૂજા કરે છે, ભક્તિથી નમસ્કાર કરે છે. જે સ્વામી રાગ-દ્વેષ આદિ દોષોથી રહિત છે તથા જેમણે મોહરૂપી ગાઢ અંધકારનો સૂર્યસમાન નાશ કર્યો છે તથા જેમના મુખારવિંદથી બધા જીવોને હિતકારી વચન નીકળે છે એવા એ પ્રભુ મને સંસાર-સમુદ્રથી પાર ઉતારે!

ત્યારબાદ, એ પાંડવો જ્યાં રોકાયા હતા ત્યાં જ એક દિગંબર મુનિઓનો સંઘ આવ્યો. એ મુનિસંઘ ઈર્યાશુદ્ધિના ધારક અને પરમ તપસ્વી હતા. એ સંઘને જોઈને પાંડવોના હૃદયમાં ખૂબ જ હર્ષ થયો અને તેઓ એ જ સમયે મુનિઓના દર્શન અને વંદના કરવા માટે ગયા અને ત્યાં પહોંચીને એમને નમસ્કાર કરીને આગળ બેસી ગયા. પછી યુધિષ્ઠિર પોતાના મનમાં વિચારવા લાગ્યા કે હવે હું શું કરું? હું વનમાં છું અને જ્યારે મારો આહાર વનફળ પર આધારિત છે તો આ મુનિરાજોને હું શું આહારદાન આપું? ધિક્કાર છે આ ધનહિન જીવનને, સંસારમાં ગરીબ અને મડદાની એક જેવી જ ગણતરી થાય છે, તેથી મારું મરવું જ સારું છે.

યુધિષ્ઠિરના મનમાં આ પ્રકારે વિચારો ઉથલ-પાથલ કરી રહ્યા હતા કે એટલામાં સંઘના નાયક મહામુનિએ કહ્યું કે યુધિષ્ઠિર! જ્યારે તું સંસારની પરિસ્થિતિથી સારી રીતે અભિજ્ઞ છે ત્યારે તારે આ સંબંધમાં ચિંતા કરવાની જરા પણ જરૂર નથી. હે વિનયના આગાર! વાત્સલ્ય ગુણના ભંડાર ભવ્ય! અમારો અને તમારો આ સમયે જે સમાગમ થયો છે એ પણ ધર્મનું જ માહાત્મ્ય સમજો, એને તું સાધારણ ન સમજ. આવો સમાગમ બધાને નથી મળતો. બીજી વાત એ છે કે અત્યારે તું અશુભકર્મના ઉદયથી ભવિષ્યમાં વધારે દુઃખ પામીશ પણ તું એનાથી ચલિત ન થઈને ધૈર્યપૂર્વક સહન કરજે કારણ કે સજ્જન પુરુષોનું એ જ કર્તવ્ય છે કે તેના ઉપર કેટલી પણ આપત્તિ કેમ ન આવે પરંતુ એનાથી વિચલિત નથી થતા. ત્યારબાદ, મુનિસંઘ તો જ્યાં શાર્દૂલ, સિંહ, હાથી આદિ ઘણા ભયાવહ જીવોનો નિવાસ હતો એવા સદિગરિ નામના પહાડ ઉપર ચાલ્યા ગયા અને ન્યાય-નીતિના જ્ઞાતા યુધિષ્ઠિર આદિ પાંડવો ધર્મનો આશ્રય લઈને ઘણા દિવસો સુધી એ જ વનમાં રહ્યા.

એક સમયે અર્જુન હાથમાં ગાંડીવ ધનુષ લઈને વનક્રીડા કરવા માટે ત્યાંથી નીકળ્યો. તે નિર્ભય થઈને રસ્તામાં ચાલ્યો જઈ રહ્યો હતો કે રસ્તામાં તેને એક મનોહર નામનો પહાડ દેખાયો કે જે ખૂબ જ અગમ્ય હતો. અર્જુન વાતવાતમાં એ પહાડ ઉપર ચડી ગયો અને ત્યાં ચડીને જોરથી ગર્જના કરતો બોલ્યો કે અહીં કોઈ દેવ, વિદ્યાધર કે મનુષ્ય છે? જો

છે તો મારી સામે ઉપસ્થિત થાવ અને મને કોઈ એવો ઉપાય કહો કે જેનાથી મારા અભિલષિત કાર્યોની સિદ્ધિ થાય. આ સાંભળીને ત્યાં આકાશવાણી થઈ કે હે અર્જુન ! મારી વાત સાંભળ. આ જ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો સુંદર પર્વત છે. તેને ઉત્તર શ્રેણી અને દક્ષિણ શ્રેણી નામની બે શ્રેણીઓ છે, ત્યાં તું જા. ત્યાં તારા સો શિષ્ય એવા થશે કે જે તારા મનોરથ પૂરા કરશે પરંતુ ત્યાં તારે પાંચ વર્ષ સુધી રહેવું પડશે. વિશ્વાસ રાખ કે એ પછી તારા ભાઈઓ–પરિવાર સાથે નિયમથી મેળ થશે. આ પ્રકારની આકાશવાણી સાંભળીને તે પ્રસન્નચિત્ત થઈને ત્યાં જ નીચે બેસી ગયો. એટલામાં એક વિકરાળમૂર્તિ દીર્ઘ કૃષ્ણકાય ભીલ ત્યાં આવ્યો. તેના હાથમાં પ્રચંડ ધનુષ-બાણ હતા, નેત્ર ચઢેલા હતા. તેને જોઈને અર્જુને કહ્યું કે હે વનચર! આ ધનુષ-બાણ તો મારે યોગ્ય છે, તેથી મને આપી દે, વ્યર્થમાં શું કામ બોજો ઉપાડીને ફરે છે. અર્જુનની વાત સાંભળીને ભીલને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તે તેની સાથે લડવા તૈયાર થઈ ગયો. તેણે ક્રોધિત થઈને તરત જ ધનુષનો ટંકાર કર્યો. જેનો અવાજ સાંભળતાં જ વનના જેટલા પણ પશુ-પક્ષી હતા એ ડરવા લાગ્યા.

એટલી વારમાં અર્જુન અને ભીલની વચ્ચે યુદ્ધ છેડાઈ ગયું અને તેઓ પરસ્પર એકબીજા ઉપર તીક્ષ્ણ બાણો દ્વારા પ્રહાર કરવા લાગ્યા. બંને બાજુથી એટલા બાણ છોડવામાં આવ્યા કે એનો એક મંડપ જેવું બની ગયું. એ સમયે ક્રોધયુક્ત થઈ અર્જુને જેટલા બાણ છોડ્યા એ બધા જ બળવાન ભીલે નિષ્ફળ કરી નાખ્યા. એને ધનુષબાણથી અજેય સમજીને અર્જુન તેની સાથે મલ્લયુદ્ધ કરવા માટે તેની તરફ દોડ્યો. ભીલે પણ તેની સાથે લડવા માટે પોતાની ભુજા અને તાલ ઠોકી અને આવ-આવ કહીને એક બીજા સાથે લડવા લાગ્યા. આ યુદ્ધમાં પણ અર્જુને ભીલરાજને અજેય સમજ્યો ત્યારે તેના મનમાં થોડી ચિંતા થઈ પણ તેણે હિંમત છોડી નહીં. એટલામાં એનો દાવ લાગી ગયો અને તેણે જટથી ભીલના બંને પગ પકડીને ચારે બાજુ ખૂબ ગોળ ગોળ ફેરવ્યો જેથી તે અધમરા જેવો થઈ ગયો. અર્જુન તેને પૃથ્વી ઉપર પછાડવાનો જ હતો કે એટલામાં એ વનચર આભૂષણ આદિથી ભૂષિત થઈને દિવ્યરૂપમાં પ્રગટ દેખાયો. તેણે પાર્થને પૃથ્વી સુધી મસ્તક ઝુકાવીને વિનયપૂર્વક નમસ્કાર કર્યા અને કહ્યું કે હે નરાધીશ અર્જુન! હું તારા ઉપર ખૂબ જ પ્રસન્ન છું. તેથી તમે મારી પાસે જે માગવા ચાહો તે માંગો. હું અત્યારે તમને બધું જ આપવા તૈયાર છું. તેની વાત સાંભળીને પાર્થે કહ્યું કે હું તારાથી એટલું જ ઈચ્છું છું કે તું મારો સારથી બનીને રહે. ઉત્તરમાં એ વિદ્યાધરે કહ્યું કે ઠીક છે, તમે જે કહો છો એ મને મંજુર છે. તેના આ પ્રકારે પ્રતિજ્ઞાબદ્ધ વચનો સાંભળીને અર્જુનને ખૂબ જ પ્રસન્નતા થઈ. તેણે પ્રેમપૂર્વક વિદ્યાધરને પૂછ્યું કે હે ભાઈ! તું કોણ છો? ક્યાંથી આવ્યો છે? અને આ યુદ્ધ તેં ક્યા પ્રયોજનથી કર્યું? ઉત્તરમાં વિદ્યાધરે કહ્યું કે તમને એ બધી જ વાત કરું છું. આપ એ ધ્યાનથી સાંભળજો.

આ જ ભરતક્ષેત્રમાં વિજયાર્ધ નામનો એક સુંદર પહાડ છે. તેની દક્ષિણ શ્રેણીમાં રથનૂપુર નામનું નગર છે કે જે પોતાના કોટ આદિથી અત્યંત શોભાયમાન છે. ત્યાંનો રાજા વિદ્યુતપ્રભ હતો કે જે નમિના વંશનો હતો. એ રાજા ઘણા જ ગુણોનો ધામ વિદ્યાધરોનો અધિપતિ હતો. તેને ઈન્દ્ર નામનો પુત્ર ખૂબ જ શક્તિશાળી હતો અને બીજો વિદ્યુન્માલી

નામનો પુત્ર હતો. તે પણ શત્રુઓનો નાશ કરવામાં પૂર્ણ સમર્થ હતો. એક સમયે કારણ પામીને વિદ્યુત્પ્રભ સંસાર-ભોગોથી વિરક્ત થઈ ગયો અને તેણે એ જ સમયે જ્યેષ્ઠ પુત્ર ઈન્દ્રને રાજ્ય આપી દીધું તથા વિદ્યુન્માલીને યુવરાજપદ આપ્યું અને પોતે દીક્ષા ધારણ કરી લીધી.

ત્યારબાદ, યુવરાજ વિદ્યુન્માલીએ પ્રજા ઉપર ખૂબ જ અત્યાચાર કરવાનું ચાલુ કરી દીધું. તે નગરના લોકોની સ્ત્રીઓનું અપહરણ કરવા લાગ્યો, કોઈનું ધન, કોઈનું આભૂષણ, કોઈનું વસ્ત્ર છીનવી લેતો અને અનેક પ્રકારે પુરવાસીઓને પીડા આપવા લાગ્યો. ફળ એ આવ્યું કે આખા નગરમાં ઉપદ્રવ જ ઉપદ્રવ દેખાવા લાગ્યો. આ કાંડ જોઈને ઈન્દ્રએ નાનાભાઈને એકાંતમાં બોલાવીને ઘણું સમજાવ્યું પરંતુ તેના ઉપર તેની કાંઈ જ અસર ન થઈ. **બરાબર છે કે જે જીવનું ભવિતવ્ય જ બરાબર નથી એ જીવને યોગ્ય શિક્ષા પણ રુચિકર લાગતી નથી.** એ તો સમજવાને બદલે ઈન્દ્રથી પણ દુશ્મની કરવા લાગ્યો. એક દિવસ તીવ્ર ક્રોધાવેશમાં આવીને એ નગરી છોડીને જ જતો રહ્યો. બહાર રહીને લોકોને લૂંટવા લાગ્યો. થોડા દિવસ પછી એ વિદ્યુન્માલી ખર્દૂષણના વંશના લોકો સાથે સ્વર્ણપુરીમાં જતો રહ્યો અને ત્યાં જ રહેવા લાગ્યો.

એ વિદ્યાધર અર્જુનને કહે છે કે રાજન્! હું એ જ ઈન્દ્રના એક સેવકનો પુત્ર છું. તેનું નામ વિશાલાક્ષ છે અને મારું નામ ચંદ્રશેખર છે. મારા પિતાના સ્વામી શત્રુદળના ભયથી સદાય ચિંતિત રહેતા હતા. હું એમની આ અવસ્થા ન જોઈ શક્યો, તેથી મેં એક નિમિત્તજ્ઞને સવિનય પૂછ્યું કે વિદ્વાન! ઈન્દ્રના શત્રુનો વિનાશ કોના દ્વારા અને ક્યારે થશે? ઉત્તરમાં એ નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે જે મનોહર નામના પહાડ ઉપર તને યુદ્ધમાં જીતશે તે જ ઈન્દ્રના શત્રુઓનો વિનાશક થશે. બસ, હું એમના વચનો ઉપર વિશ્વાસ રાખીને ગુપ્ત વેષમાં આ શિખર ઉપર રહું છું અને આજે પુણ્યોદયથી આપના દર્શન થયા છે. તેથી હવે આપનાથી મારી એ જ પ્રાર્થના છે કે મારી સાથે ચાલો અને ત્યાં પહોંચીને તમારા કર્તવ્ય યોગ્ય કાર્યને કરો કેમ કે તમે સમર્થ યોધ્ધા છો.

ત્યારબાદ, એ બન્ને યોદ્ધા એક જ વાયુવિમાનમાં બેસીને ત્યાંથી ચાલ્યા અને થોડી જ વારમાં વિજયાર્ધ મહાગિરિ પહોંચી ગયા. ઈન્દ્રએ પાર્થના આવવાના સમાચાર સાંભળ્યા તો ખૂબ જ સ્નેહથી તેને મળવા માટે સામે આવ્યો. બંને પરસ્પરમાં ખૂબ જ પ્રેમથી મળ્યા. આ બાજુ ઈન્દ્રના શત્રુઓને સમાચાર મળ્યા કે અર્જુન આવ્યો છે તો તેઓ એ જ સમયે વિમાનો ઉપર ચડીને ત્યાં આવ્યા અને ત્યાં આવીને બધી દિશાઓને ઘેરી લીધી. આ બાજુ એટલી જ વારમાં અર્જુન ઈન્દ્રની સાથે વિમાનમાં બેસીને શત્રુઓની સામે આવી ગયો અને તેણે યુદ્ધની ઘોષણા કરી દીધી. એ ઘોષણા સાંભળીને શત્રુદળના યોદ્ધાઓ અર્જુન સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા. બંને બાજુથી યુદ્ધ છેડાઈ ગયું. યુદ્ધ મહા ભયાનક હતું. અર્જુનને ખબર પડી ગઈ કે શત્રુદળ સામાન્ય શસ્ત્રો દ્વારા નહીં જીતી શકાય તેથી તેણે દિવ્યાસ્ત્રોનો પ્રહાર કરવાનું શરૂ કર્યું. તેમાંથી ઘણા શત્રુઓને તો તેણે નાગપાશમાં બાંધી લીધા, ઘણાને અગ્નિથી બાળીને ભસ્મ કરી નાખ્યા. કેટલાકને અર્ધચંદ્ર બાણ દ્વારા છિન્ન-ભિન્ન કરી નાખ્યા. આ રીતે, ઈન્દ્રને શત્રુરહિત કરી દીધો ત્યારે જીતના નગારાના અવાજ સાથે ઈન્દ્રની સાથે

રથનૂપુર આવી ગયો. રથનૂપુરમાં આવતાં જ સૌભાગ્યવતી સ્ત્રીઓ મંગળગાન કરવા લાગી. આ પ્રકારે અર્જુનની જયની કીર્તિ ચારે બાજુ ફેલાઈ ગઈ. ગાયક લોકો પાંડવોનું યશોગાન કરવા લાગ્યા. પછી વિદ્યાધરોએ ખૂબ જ ભક્તિભાવથી અર્જુનની પ્રશંસા-સત્કાર કર્યા.

ત્યારબાદ, અર્જુન ઘણા વિદ્યાધરોની સાથે બંને શ્રેણીઓને જોવા માટે વિજયાર્ધ ગયો અને એ જોઈને પાછો રથનૂપુર આવી ગયો. આ પ્રકારે વિદ્યાધરોના આગ્રહથી અર્જુને ત્યાં પાંચ વર્ષ વીતાવ્યા. પછી તે ત્યાંથી ધનુષવિદ્યા શીખવાવાળા ચિત્રાંગદ આદિ પોતાના સો મિત્રો સહિત જ્યાં તેના પૂજ્ય ભાઈ યુધિષ્ઠિર આદિ નિવાસ કરતાં હતા ત્યાં આવ્યો. તેમને જોઈને તે વિમાનમાંથી ઉતર્યો અને એમને યથાયોગ્ય ભક્તિભાવથી નમસ્કાર કર્યા. એ લોકો પણ જ્યારથી અર્જુન જતો રહ્યો હતો ત્યારથી મહાદુ:ખી થઈ શોકસાગરમાં પડેલા હતા. તેમને તેના સમાગમથી ઘણો જ હર્ષ થયો. **બરાબર છે કે કોણ પુરુષ સંસારમાં એવો છે કે જેને પોતાના પ્રિય બંધુના સમાગમથી સુખ ન થાય!** ત્યારબાદ, પુણ્યાત્મા પાર્થ દ્રૌપદીને મળ્યો જેથી તેને ખૂબ જ શાંતિ મળી. આ સમયે ધનુર્વિદ્યાના વિશારદ ચિત્રાંગદ આદિ શિષ્ય પાર્થની સેવામાં સદાય ઊભા રહેતા હતા તથા મહામના યુધિષ્ઠિરની આજ્ઞાને શિરોધાર્ય કરતાં હતા.

કેટલાક દિવસો પછી આ સમાચાર દુર્યોધનને મળ્યા કે પાંડવો વનમાં આવી ગયા છે અને એમની સહાયતામાં વિદ્યાધર છે. તેને આ સમાચાર સાંભળીને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તે સેના લઈને તેમનો નાશ કરવા માટે ઘરેથી નીકળ્યો. આ જ સમયે ઋષિતુલ્ય નારદ આ બધા સમાચાર દેવા માટે ચિત્રાંગદ પાસે આવ્યા અને તેને કહ્યું કે ચિત્રાંગદ! તમે લોકો આ ભયાનક જંગલમાં શા માટે રહો છો? ગંધર્વ આદિને પણ સંબોધિત કરીને કહ્યું કે ભાઈ! તમે પણ કહો કે તમે આ પાંડવોની સેવામાં આ પ્રકારે સંલગ્ન કેમ થઈ રહ્યા છો? ઉત્તરમાં ચિત્રાંગદે કહ્યું કે સ્વામીન્! પાર્થ અમારા ગુરુ છે. આ મહાન બળવાને અમારા સ્વામી ઈન્દ્રને રાજગાદી અપાવી તેથી તે અમારા માલિક છે અને અમે બધાય સદાય માટે તેમના સેવક છીએ. **બરાબર છે કે ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા દેખાડવી એ બુદ્ધિમાનોનું કાર્ય જ છે.** તેમની વાત સાંભળીને નારદજીએ કહ્યું કે જુઓ ભાઈ! અહીં દુર્જય દુર્યોધન પોતાની સેના સહિત પાંડવો સાથે યુદ્ધ કરવા માટે આવે છે. તેથી તમારું વાસ્તવિક શિષ્યપણું ત્યારે જ ગણવામાં આવે કે જ્યારે તમે લોકો એ દુષ્ટ પ્રાણાર્પણથીએ દુષ્ટ દુર્યોધનને તેના સાથીઓ સહિત મારીને ભગાવી દ્યો. એ દુષ્ટ કલહપ્રિય કૌરવો પોતાના પૂજ્ય પુરુષ ભિષ્મ પિતામહ, કાકા વિદુર અને પરમ પુરુષ દ્રોણાચાર્ય આદિ કોઈની પણ વાત નથી માનતા. તે લોકો આને યુદ્ધ ન કરવા માટે ફરી ફરી રોકે છે, પણ તે કોઈની પણ વાત સાંભળતાં નથી અને પોતાની મનમાની કરતાં યુદ્ધ કરવા માટે અહીં જ આવી રહ્યા છે. તેથી, ભક્તિવત્સલ પાર્થના શિષ્યો! તમે યુદ્ધ કરવા માટે જલ્દી તૈયાર થઈ જાઓ.

બ્રહ્મર્ષિ નારદના વચન સાંભળીને ચિત્રાંગદ ક્રોધનો માર્યો લાલ થઈ ગયો અને એ જ સમયે શત્રુ-સમૂહરૂપી જંગલને બાળવા માટે યુદ્ધની તૈયારી કરવા લાગ્યો. એટલામાં દુર્યોધન ચતુરંગ સેના સહિત યુદ્ધ કરવા માટે ત્યાં આવી ગયો.

તેની સાથે તેના બધા ભાઈઓ હતા અને તેઓ જી-જાનથી યુદ્ધ કરવા માટે પ્રસ્તુત હતા. દુર્યોધનની સેના જોઈને ચિત્રાંગદ ક્રોધથી સંતપ્ત થઈ ગયો અને ક્રોધિત થઈને ગંધર્વ સહિત શત્રુસેના ઉપર તૂટી પડ્યો જેથી દુર્યોધનની સેનામાં ભારે ખળભળાટ થઈ ગયો અને તેણે સમૂચા સૈન્ય-સમુદ્રને એવી રીતે ઝુકાવી દીધું કે જેવી રીતે અગત્સ્ય મુનિએ સમુદ્રને સુકાવી દીધું હતું.

આ પ્રકારે પોતાની સેનાનો નાશ થતા જોઈને શલ્ય, વિશલ્ય અને દુઃશાસન આદિ બળશાળી યોદ્ધા યુદ્ધ કરવા માટે ઊઠ્યા અને તેમણે ખૂબ જ બાણોનો વરસાદ કર્યો પણ વીર ચિત્રાંગદ તેમના છોડેલા બધા બાણોને કુશળતાપૂર્વક છેદતો જતો હતો. બંને બાજુથી બાણોનો અપાર વરસાદ થયો જેનાથી કોઈના હાથ તૂટી ગયા, કોઈના પગ તૂટી ગયા, કોઈને મૂર્છા આવી ગઈ અને કોઈ પ્રાણોથી હાથ ધોઈ બેઠા. આ ભયાનક સંગ્રામમાં ઘણા યોદ્ધાઓ તો બાણોથી, કોઈ તીક્ષ્ણ ગદાઓથી, કોઈ ભાલાઓથી, કોઈ તીક્ષ્ણ તલવારોથી એક બીજા સાથે લડતા હતા. એક બીજાના અનિષ્ટ પહોંચાડવામાં કોઈ પણ પ્રકારની કોઈ બાજુથી ખામી ન હતી.

આ સમયે ગંધર્વે જોયું કે કૌરવોના તીક્ષ્ણ બાણોથી મારી સેના નષ્ટ થઈ રહી છે ત્યારે તેણે ગુસ્સામાં મોહનબાણ છોડ્યું, જેને છોડતાં જ બધા કૌરવો મૂર્છિત થઈ ગયા, ફક્ત દુર્યોધન સારી અવસ્થામાં રહ્યો. પોતાની સેનાને આ પ્રકારે મૂર્છિત જોઈને દુર્યોધન ખૂબ ચિંતિત થયો અને તે માન-મર્યાદારહિત આમ તેમ ફરવા લાગ્યો. આ જોઈ ચિત્રાંગદે એને જોરથી લલકાર્યો જેથી તેને પણ ગુસ્સો આવ્યો અને એ બંનેમાં પરસ્પર બાણો દ્વારા ભીષણ યુદ્ધ થવા લાગ્યું જેને જોઈને ઉપરથી દેવગણ પણ તેમની પ્રશંસા કરવા લાગ્યા.

આ પ્રકારે ચિત્રાંગદને યુદ્ધમાં ધીરતા અને દૃઢતાથી યુદ્ધ કરતાં જોઈને અર્જુનને ઘણી પ્રસન્નતા થઈ અને તેની ખૂબ પ્રશંસા કરી. **બરાબર છે કે યોગ્ય ગુરુઓને શિષ્યની સહાયતાથી પ્રસન્નતા થાય છે.** એ સમયે અર્જુને બીજા શિષ્યોને યુદ્ધ માટે આદેશ આપ્યો. લક્ષ્યભેદી ગંધર્વને અત્યારે સારો મોકો મળી ગયો. તેઓ તરત જ શીઘ્રગામી બાણો દ્વારા વાત-વાતમાં દુર્યોધનની ધ્વજાને છેદી નાખી અને બાણોનો વરસાદ ચાલુ રાખ્યો કે જેથી થોડી જ વારમાં તેના રથના ઘોડાને છેદીને રથને પણ બેકાર બનાવી દીધો. ત્યારબાદ, એ ગંધર્વે દુર્યોધનને કહ્યું કે રે નીચ! હવે તું ભાગીને ક્યાં જઈશ? રે દુષ્ટ! તેં તારી દુષ્ટતાથી આખા સંસારને દુષ્ટરૂપ બનાવી દીધું છે. હવે હું જોઉં છું કે તારામાં કેટલું પરાક્રમ છે. દુષ્ટ! તેં ઘણા માણસોને વ્યર્થમાં જ નિરપરાધ માર્યા છે તેથી તને હવે એ પાપની સજા મળે છે. ચિંતા ન કર, એ જ પાપના ઉદયથી તું નિઃશસ્ત્ર થઈને દીન-હીનની જેમ ઊભો છે. આ પ્રકારે દુર્યોધનને ખૂબ જ શર્મિંદો કરીને તેણે તેને નાગપાશમાં બાંધી લીધો. રાજાની આ દશા જોઈને ત્યાં જેટલા પણ યોદ્ધા હતા એ બધા જ ડરીને ભાગી ગયા.

આ પ્રકારે દુર્યોધનને બાંધી લેવાથી ગંધર્વની કીર્તિ આખા સંસારમાં ફેલાઈ ગઈ. બધા લોકો તેની મુક્ત કંઠથી પ્રશંસા કરવા લાગ્યા. **બરાબર જ છે કે ન્યાયનો હમેશા વિજય થાય છે.** દુર્યોધનના પકડાઈ જવાથી તેના તરફના જેટલા

પણ યોદ્ધા, મહાવત, હાથીઓ પર ચડેલ કૌરવો હતા એ શોક-સાગરમાં ડૂબી ગયા. આ બાજુ દુર્યોધનની સ્ત્રી ભાનુમતિને જ્યાં પતિ પકડાઈ જવાના સમાચાર મળ્યા કે એ જોર જોરથી રડવા લાગી. એ ચિત્રાંગદ આદિની પાસે રોતી રોતી ગઈ અને કહ્યું કે તમે લોકોએ મારા પતિને બાંધી લીધો છે તેનાથી તમને શું લાભ થશે? તમે મારા સ્વામીને છોડી દ્યો નહીં તો તમારી અપકીર્તિ સંસારમાં ફેલાઈ જશે.

ભાનુમતિને આ રીતે રડતાં જોઈને ભિષ્મ પિતાએ કહ્યું કે તું કેમ આટલું રોવે છે, ધૈર્ય રાખ. જો તારે તારા પતિની રક્ષા કરવી હોય તો હું જેમ કહું એ પ્રમાણે કર તો તારો પતિ બંધનમાંથી છૂટી જશે. તું બીજા બધા પાસે ન જઈને યુધિષ્ઠિરની શરણમાં જા અને ત્યાં તારું દુઃખ રો. જોકે તારા પતિએ તેમની સાથે ઘણા અન્યાય કર્યા છે પરંતુ તેઓ ધર્માત્મા છે, દયાળુ છે, પરોપકારી છે અને સજ્જન છે. તેથી અપરાધી કૌરવોને તે જરૂર ક્ષમા કરી દેશે. **કારણ કે સજ્જન પુરુષોનો એવો જ સ્વભાવ હોય છે કે તેઓ અપકારી પ્રત્યે પણ ઉપકાર જ કરે છે.** મને એમનો સ્વભાવ જોઈને પૂરી આશા છે અને વિશ્વાસ છે કે તેઓ દુર્યોધનને છોડી દેશે.

ભિષ્મ પિતામહની વાત સાંભળીને ભાનુમતિ યુધિષ્ઠિર પાસે ગઈ. એ મહારાજ એ સમયે પોતાના ભાઈ-બાંધવો સાથે બિરાજતા હતા. ત્યાં પહોંચીને તેણે યુધિષ્ઠિરને કરુણ પ્રાર્થના કરી કે હે દયાસાગર! મારા પતિની મને ભીખ આપો અને તેના અવગુણોને ભૂલી જાઓ. તમે વિવેકી છો, પરોપકારી છો. જ્યાં સુધી હું જીવતી રહીશ ત્યાં સુધી આપના ગુણોનું બરાબર સ્મરણ કરીશ.

એટલામાં ગંધર્વ-વિદ્યાધર દુર્યોધનને બાંધીને પોતાના રથમાં બેસાડીને પોતાની નગરી ઈન્દ્રપુરીમાં લઈ ગયો. આ સમાચાર સાંભળી ભીમે હસીને કહ્યું કે સારું થયું કે દુર્યોધન પકડાઈ ગયો. આ વિષયમાં શોક કરવાની શું વાત છે? જેનો વધ મારે–તમારે કરવો હતો તેનો વધ કોઈ બીજું કરે એ તો સારી વાત છે. આ પ્રકારે હસીને કહેતા ભીમને યુધિષ્ઠિરે રોક્યો અને કહ્યું કે પ્રિય ભાઈ! આવા શબ્દો આપણા મોઢામાંથી કાઢવા ઉચિત નથી. **કારણ કે સજ્જન પુરુષ હોય છે તેઓ હર્ષ અને વિષાદ–બંને અવસ્થામાં થોડા પણ વિકારયુક્ત નથી થતા.** ત્યારબાદ, યુધિષ્ઠિરે પાર્થને કહ્યું કે ભાઈ! આ સમયે તું દુર્યોધનને છોડી દેવાનો પ્રયત્ન કર જેથી સંસાર એમ ન કહી શકે કે પાંડવોએ પોતાના કુટુંબ પ્રત્યે આવી નિષ્ઠુરતાનો વ્યવહાર કર્યો. તું જલ્દી જા અને તે મરી જાય એ પહેલાં જ તેને બંધન મુક્ત કરી દે. પૂજ્ય ભાઈની આજ્ઞા પ્રાપ્ત કરીને પાર્થ દોડતો ગંધર્વ પાસે ગયો અને તેણે ગંધર્વને કહ્યું કે તું દુર્યોધનને અહીં જ અને આ જ સમયે છોડી દે. અર્જુનના આ વચન સાંભળીને ગંધર્વે પ્રત્યુત્તરમાં કહ્યું કે અમે શક્તિશાળી યોદ્ધા છીએ, અમે એને નહીં છોડીએ. જો તમારામાં તાકાત હોય તો તમારી ધનુર્વિદ્યાના બળથી એને છોડાવીને લઈ જાવ.

આ જોઈ અર્જુનનો જ શિષ્ય ચિત્રાંગદ અર્જુનથી વિપરીત ભાવ થઈ રથમાં બેસીને તેની તરફ આવ્યો. તેને આવતો જોઈને અર્જુને તેની સાથે ખૂબ યુદ્ધ કર્યું. બંને તરફથી એટલા બાણોની વર્ષા થઈ કે જેથી આકાશમંડળ વ્યાપ્ત થઈ ગયું.

એ વિદ્યાધરે ‘હું આપની ધનુર્વિદ્યાને જોવ છું’ એમ કહીને પોતાના બાણોથી અર્જુનને ઢાંકી દીધો. યુદ્ધમાં ચિત્રાંગદે અર્જુન ઉપર જેટલા તીક્ષ્ણ-બાણ ચલાવ્યા એ બધા પાર્થે વિફળ કરી નાખ્યા, એ જોઈને બંને વીર દિવ્ય હથિયારો દ્વારા યુદ્ધ કરવા લાગ્યા. ચિત્રાંગદે દાવાનળ બાણ છોડ્યું તો અર્જુને તેનું વારણ જલદબાણથી કર્યું. ચિત્રાંગદે વાયુબાણ દ્વારા જલદ બાણનું વારણ કર્યું તો અર્જુને બાણવ બાણથી તેનું નિવારણ કર્યું. ચિત્રાંગદે નાગબાણ છોડ્યું તો અર્જુને ગરુડબાણથી વારણ કર્યું. મતલબ એ કે અર્જુને પોતાની ધનુર્વિદ્યાના બળથી ચિત્રાંગદના બધાય બાણ નિષ્ફળ કરી નાખ્યા તો વિજયલક્ષ્મી પોતાની મેળે અર્જુનને મળી ગઈ જેથી ઉપસ્થિત લોકોએ તેને સાધુવાદ આપ્યા. આ જોઈને શિષ્યોએ ઘણા જ ભક્તિભાવથી અર્જુનની સ્તુતિ કરી.

ત્યારબાદ, અર્જુને ઘણા જ મીઠા શબ્દો દ્વારા દુર્યોધનને વિશ્વાસ ઉપજાવ્યો અને એ જ સમયે બાણોની સીડી બનાવીને પહાડના શિખર પરથી નીચે ઉતાર્યો અને તેને યુધિષ્ઠિરની પાસે લઈ આવ્યો. ત્યાં લાવીને તેને બંધનથી રહિત કરી દીધો. આ મહાન ઉદારતાના ઉપલક્ષ્યમાં દુર્યોધને યુધિષ્ઠિરની ખૂબ જ પ્રશંસા કરી અને તેને નમસ્કાર કર્યા. યુધિષ્ઠિરે પણ તેના કુશળ સમાચાર પૂછ્યા. ઉત્તરમાં દુર્યોધને કહ્યું કે નાથ! મને બંધાવાનું એટલું દુઃખ થયું ન હતું જેટલું કે હવે બંધનથી મુક્ત થવાનું થયું છે. કારણ કે એનાથી મને ખૂબ જ નીચું જોવું પડ્યું છે. મહારાજ! સંસારમાં માનભંગ સમાન બીજું કોઈ દુઃખ નથી. તેની આવી વાત સાંભળીને યુધિષ્ઠિરે તેને પાછો હસ્તિનાપુર મોકલી દીધો. તે દુઃખી થતો પોતાના નગરમાં તો પહોંચી ગયો પરંતુ તેનું મન ચિંતામાં તન્મય હતું. એ વિચાર કરવા લાગ્યો કે હાય! મારો આ મનુષ્ય જન્મ, સુંદર દેહ બધું ક્ષણવારમાં નષ્ટ થઈ ગયું. ક્યાં તો હું કૌરવોનો અધિશ્વર કહેવાતો હતો પરંતુ હવે એ બધી વાતો આ રણમાં ધૂળમાં મળી ગઈ. મારું બધું જ મહત્વ માટીમાં મળી ગયું. મને રણમાં બંધાવાનું એટલું દુઃખ નથી જેટલું અર્જુનનું છોડાવાનું છે! હું નથી કહી શકતો કે કોણ વીર મને આ દુઃખમાંથી મુક્ત કરાવી દેશે. તેણે જોરથી કહ્યું કે શું કોઈ એવો વીર ઉત્પન્ન નથી થયો કે જે આ પાંડવોને મારીને મારા કષ્ટનું નિવારણ કરે? જે વીર આ કાર્ય કરશે તને હું મારું અડધું રાજ્ય આપી દઈશ.

આ વાત સાંભળીને એક કનકધ્વજ નામના રાજાએ કહ્યું કે મહારાજ! હું આ કામ કરવા માટે તૈયાર છું. હું વિશ્વાસ અપાવું છું કે આજથી સાતમા દિવસે પાંડવોને કાળનો કોળિયો બનાવી દઈશ. જો હું આ કામ ન કરી શક્યો તો પ્રતિજ્ઞા કરું છું કે અગ્નિકુંડમાં બળીને મરી જઈશ. આ પ્રતિજ્ઞા કરીને એ દુષ્ટબુદ્ધિ ત્યાંથી નીકળી ગયો અને વનમાં કે જ્યાં ઋષિઓનો એક આશ્રમ હતો ત્યાં પહોંચ્યો. ત્યાં જઈને એ હોમ મંત્ર આદિ વિધિથી કૃત્યાવિદ્યા સિદ્ધ કરવા લાગ્યો. આ વાતના સમાચાર જ્યારે નારદજીને મળ્યા તો એ જ સમયે પાંડવો પાસે આવ્યા અને તેમનાથી કહેવા લાગ્યા કે જુઓ, તમને મારવા માટે કનકધ્વજ રાજા કૃત્યા-વિદ્યા સિદ્ધ કરી રહ્યા છે. તેથી તમે સાવધાન થઈ જાઓ.

નારદજીની આ વાત સાંભળીને પવિત્ર બુદ્ધિ ધર્માત્મા યુધિષ્ઠિર પોતાની બધી ઈચ્છાઓને વિષય-ભોગથી હટાવીને

ધર્મ-ધ્યાનમાં તલ્લીન થઈ ગયા. એ મેરુવત નિશ્ચલ ઊભા રહીને નાસાગ્રદૃષ્ટિ કરી આત્માનું ધ્યાન–મનન–ચિંતન કરવા લાગ્યા તથા ભાઈઓને પણ કહ્યું કે તમે પણ ધર્મ-ધ્યાનમાં મન લગાવો. આ ધર્મ જ આ લોક અને પરલોકમાં જીવોને સુખ આપવાવાળો છે. જેટલા પણ અમંગળ છે એ બધા આ ધર્મના પ્રસાદથી નષ્ટ થઈ જાય છે અને દિન-પ્રતિદિન નવા મંગળ થતાં રહે છે. ધર્મના પ્રભાવથી જ દુઃખ સુખરૂપ પરિણમી જાય છે કે જેવી રીતે ગ્રીષ્મઋતુના પ્રખર કિરણોથી વૃક્ષો વૃદ્ધિ પામે છે. ધર્મ ધારણ કરવાથી જ ઈન્દ્રનું આસન કંપાયમાન થાય છે. આ વાત અહીં યુધિષ્ઠિર પોતાના ભાઈઓને કહી રહ્યા હતા અને એ જ સમયે એક દેવનું આસન કંપાયમાન થયું અને તેણે અવધિજ્ઞાનથી એ જાણી લીધું કે પાંડવો ઉપર એક આકસ્મિક આપત્તિ આવવાની છે. આ જાણીને એ દેવ તરત જ ત્યાં આવ્યો અને તેણે સંકલ્પ કર્યો કે પાંડવોને આ કષ્ટથી અવશ્ય બચાવીશ. ત્યારબાદ, એ દેવ પ્રગટ થઈને કહેવા લાગ્યો કે તમે લોકો નિશ્ચિંત થઈ મારા સ્થાન પર કેમ રહો છો? શું તમે મારી તાકાત જાણો છો કે મારી સામે કોઈ પણ યોધ્ધા એક ક્ષણ પણ ટકી ન શકે. આમ કહીને એ પવિત્ર આત્માએ દ્રૌપદીનું હરણ કરી લીધું. તેના દ્વારા દ્રૌપદીનું હરણ થતું જોઈ નકુલ-સહદેવ તેના ઉપર ખૂબ જ ક્રોધિત થયા અને તેને પકડવા માટે તેની પાછળ લાગી ગયા. એ દેવ દ્રૌપદીને જ્યાં જ્યાં લઈ જતો ત્યાં ત્યાં તેની પાછળ બંને દોડતા ચાલ્યા. દોડતાં દોડતાં બંને નિર્જન વનમાં પહોંચી ગયા. ત્યાં તેમને ખૂબ જ તરસ લાગી. હવે એ પાણીની શોધમાં આમ તેમ ફરવા લાગ્યા. એટલામાં તેમને એક સુંદર તળાવ દેખાયું કે જેમાં કમળ ખીલેલા હતા કે જે દેવે બનાવ્યું હતું. તેઓએ જેવું તળાવનું પાણી પીધું કે તરત જ મૂર્છાથી મૂર્છિત થઈ ગયા. ઘણા સમય સુધી જ્યારે એ બંને ભાઈઓ પાછા ન આવ્યા ત્યારે અર્જુન દુઃખી થઈને બોલ્યો કે હાય! મારા બંને ભાઈ ક્યાં ગયા? હજુ સુધી પાછા ન આવ્યા? ન જાણે શું વાત થઈ ગઈ? હું હમણા જઈને તેમની ખબર લઈ આવું છું. આમ કહીને મોટા ભાઈઓના ચરણોમાં નમસ્કાર કરીને તે ત્યાંથી ચાલ્યો અને વન, તળાવ, નદી, નાળાને જોતો તે એ જ વનમાં પહોંચી ગયો અને એ તળાવની પાસે પોતાના ભાઈઓને નિર્જીવ જેવા પડેલા જોયા. આ જોઈને તેને ઘણું દુઃખ થયું અને તેમના વિયોગથી શોકસાગરમાં ડૂબી ગયો. તેની આંખોમાંથી અવિરલ અશ્રુધારા વહેવા લાગી. તે ભાઈના મોહથી એટલો આંધળો થઈ ગયો કે તેને પોતાનું પણ કાંઈ ભાન ન રહ્યું. ખૂબ રડી લેવાથી તેનું હૃદય જ્યારે શાંત થયું તો એ ક્રોધમાં આવીને પોતાનું ધનુષ-ગાંડિવને લઈને ગર્જના કરતો બોલ્યો કે જે દુષ્ટે મારા આ ભાઈઓને પ્રાણરહિત કર્યા છે તે દુષ્ટ મારી સામે આવે તો હું પણ જોઉં કે એ કેવો યોદ્ધો છે. હું એને હમણા યમપુરી મોકલી આપું.

અર્જુનની આ ગર્જના સાંભળીને ધર્મબુદ્ધિ-દેવ પ્રસન્ન થઈને બોલ્યો કે વીર પાર્થ! તારા બંને ભાઈઓને મેં જ માર્યા છે અને તને પણ કહું છું કે તું ક્રોધ છોડીને મારા કહ્યા પ્રમાણે આ તળાવનું પાણી પી લે તો હું સમજું કે હાઁ, તું બળવાન યોદ્ધો છે. દેવની આ વાત સાંભળીને અર્જુને ક્રોધિત થઈને એ તળાવનું પાણી પી લીધું અને પીતાં જ તે પણ મૂર્છિત થઈ ગયો. જેવી રીતે વિષવાળું પાણી પીવાથી માણસ પડી જાય એવી જ રીતે અર્જુન પણ જમીન ઉપર પડી ગયો.

આ બાજુ, ઘણો સમય થવા છતાં અર્જુન પણ પાછો ન આવ્યો ત્યારે યુધિષ્ઠિરે ભીમને કહ્યું કે ભાઈ! અર્જુનને આવવામાં આટલી વાર કેમ લાગી? એની ખબર લેવી જોઈએ. તું જલ્દી જઈને તેના સમાચાર મને આપ. ભીમ, ભાઈની આજ્ઞા મેળવીને પોતાના પગથી પૃથ્વીને કંપાવતો શોધતો શોધતો ત્યાં પહોંચી ગયો કે જયાં ત્રણે ભાઈ બેહોશ પડ્યા હતા. ભીમ તેમની મર્યા જેવી અવસ્થા જોઈને ખૂબ જ દુઃખી થયો અને ત્યાં જ ખૂબ વિલાપ કરવા લાગ્યો. ભાઈઓની આવી અવસ્થા જોઈને તેનું હ્દય એકદમ તૂટી ગયું અને તે પોતાના દુર્દૈવને દોષ દેવા લાગ્યો કે હે દુષ્ટ! તેં અમારી સાથે આ શું અન્યાય કર્યો? આજે મને સમજ પડે છે કે આ મારા ત્રણે ભાઈઓ જ નહીં પરંતુ આખો સંસાર નષ્ટ થઈ ગયો. હવે તું જ કહે કે ભાઈઓ વિના અમે ક્યાં રહીએ, ક્યાં જઈએ, શું કરીએ, શું ન કરીએ એ કાંઈ પણ સમજમાં નથી આવતું. આ પ્રકારે એ વિલાપ કરતો મૂર્છાથી આવિર્ભૂત થઈ પૃથ્વી ઉપર પડી ગયો જેવી રીતે કોઈ કાપેલું વૃક્ષ જમીન ઉપર પડે છે, ત્યારબાદ, ઠંડી હવાના લાગવાથી તેને કાંઈક ભાન આવ્યું તો ઊભો થઈને બધી બાજુ જોવા લાગ્યો અને બોલ્યો કે જે દુષ્ટે મારા આ ભાઈઓને માર્યા છે, હું એને જો જોઈ શકતો હોત તો એને જીવતો ન છોડતો! ભીમના આ પ્રકારે ગર્વયુક્ત વચનો સાંભળીને આકાશથી એ દેવ બોલ્યો કે હું તે પુરુષને શક્તિશાળી સમજીશ કે જે નિર્ભય થઈને આ તળાવનું પાણી પીશે.

દેવવાણી સાંભળતાં જ એ મહાબલી તળાવની પાસે ગયો અને તેણે નિર્ભય થઈ સ્નાન કર્યું અને એનું પાણી પીધું. પાણી પીતાં જ તેની પણ એ જ દશા થઈ અર્થાત્ તે પણ મૂર્છિત થઈ ગયો. **એ વાત બરાબર છે કે વિપત્તિના સમયે બુદ્ધિમાનોની બુદ્ધિ પણ મલિન થઈ જાય છે.** આ બાજુ જ્યારે ઘણો સમય વીતી ગયો અને ભીમ પણ પાછો ન આવ્યો તો યુધિષ્ઠિર ભારે ચિંતામાં મગ્ન થઈ ગયા. તેનો ચહેરો ફીક્કો પડી ગયો. તે એ જ સમયે ભાઈઓની શોધમાં ચાલી નીકળ્યા અને એ જ સ્થાન પર પહોંચી ગયા કે જ્યાં તેમના ભાઈઓ મૃતક સમાન પડ્યા હતા. એમની આવી અવસ્થા જોઈને તેમને પણ મૂર્છા આવી ગઈ, એ બરાબર જ થયું. એ જ સમયે મૂર્છા પણ ઘણું કામ કરે છે. પછી જ્યારે તે સ્વસ્થ થયા ત્યારે ખૂબ જ વિલાપ કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે શું મારા ભાઈઓ આ તળાવનું પાણી પીને મૂર્છિત થઈ પડી ગયા છે? આજે પાંડવ વંશનો સર્વનાશ થઈ ગયો. આજે દુર્યોધન, પાંડવોના મરવાના સમાચાર સાંભળીને ખૂબ જ ખુશ થશે. તે પૂરા રાજ્યનો અધિશ્વર બની જશે અને મનમાની કરવા લાગશે, તેના અન્યાયોને રોકવાવાળું હવે આ પૃથ્વી ઉપર કોઈ નહીં રહે. એ દુષ્ટ દુર્યોધનને વિદ્યાધરોએ બાંધી લીધો હતો. પરંતુ દયાથી આર્દ્રીભૂત થઈને મેં એને છોડાવ્યો પરંતુ આજે દૈવે મારા જ પ્રાણપ્યારા ભાઈઓને મૃત્યુનો કોળિયો બનાવી દીધો. રે દૈવ! તારે અમારા પ્રત્યે કાંઈક તો દયા કરવી હતી? આવી અનીતિ અને અસત્ વ્યવહાર તેં કેમ અમારી સાથે કર્યો? અમે તારું શું બગાડ્યું હતું?

આ પ્રકારે દૈવ પ્રત્યે ઉપાલમ્ભ સાંભળીને એ દેવ બોલ્યો કે ધર્મરાજ! તું નિશ્ચયથી સમજ કે તારા ભાઈઓને મેં જ માર્યા છે અને તારામાં પણ જો શક્તિ હોય તો તળાવનું પાણી પી નહીં તો નકામો બકવાદ કરવામાં શું લાગ્યો છે!

દેવની આશ્ચર્યભરી વાતો સાંભળીને યુધિષ્ઠિર નિર્ભય થઈને તળાવનું પાણી પી ગયો. પાણી પીતાં જ તેને પણ અન્ય ભાઈઓની જેમ મૂર્છા આવી ગઈ અને તે એ જ સમયે ધરાશાયી થઈ ગયો. **જુઓ કર્મની વિચિત્રતાને કે એ બલિષ્ટથી બલિષ્ટ યોદ્ધાઓને પણ કેવા નાચ નચાવે છે.**

આ બાજુ કનકધ્વજને યોગાદિ સાધવાથી સાતમા દિવસે કૃત્યા-વિદ્યા સિદ્ધિ થઈ ગઈ અને તેની પાસે આવીને આજ્ઞા માંગવા લાગી કે કામ બતાવો. કનકધ્વજે કહ્યું કે જો તારામાં અતુલ શક્તિ છે તો તું પાંચેય પાંડવોને મારીને મારી અભિલાષા પૂરી કર. તેના આદેશને મેળવીને એ કૃત્યા ક્રોધયુક્ત જટથી ત્યાં આવી પહોંચી જ્યાં પાંચેય પાંડવો મૃતક સમાન પડ્યા હતા. એ જ સમયે પેલો દેવ શોકાતુર થઈ ભીલનું રૂપ બનાવીને ત્યાં આવ્યો અને ત્યાં આવીને પાંડવોના શરીરને આમ તેમ હલાવીને જોવા લાગ્યો જેથી કૃત્યાને એ નિશ્ચય થઈ ગયો કે પાંડવો તો મરી ગયા છે. તે ભીલને જોઈને કહેવા લાગી કે મને કનકધ્વજ રાજાએ પાંડવોને મારવા માટે મોકલી હતી. પરંતુ હું અહીં જોવ છું કે એ તો સ્વતઃ મરેલા પડ્યા છે. હવે તું જ કહે હું શું કરું? ઉત્તરમાં એ ભીલે કહ્યું કે એ દુષ્ટ અત્યંત નીચ છે, તેથી તું એ જ કનકધ્વજ પાસે જઈને એનું કામ તમામ કરી દે–યમાલય પહોંચાડી દે. ભીલની આ વાત કૃત્યાના મનમાં બેસી ગઈ અને એ જ સમયે તેને મારવા માટે ગઈ અને કનકધ્વજના માથા ઉપર જઈને પડી કે જેથી તેનું માથું ફાટી ગયું, જેવી રીતે કઠોર વજ્રના પડવાથી પર્વત ચકનાચૂર થઈ જાય છે.

ત્યારબાદ, ભીલના રૂપમાં રહેલા તે દેવે અમૃતના છાંટા નાખીને પાંડવોને જાગૃત કરે છે. જ્યારે પાંડવો એકદમ સ્વસ્થ થઈ ગયા ત્યારે યુધિષ્ઠિરે કહ્યું કે હે ભીલરાજ! તમે તમારી વાત કહો. તમારા સમાન અમને જગતમાં કોઈ ઉપકારી નથી દેખાતું, તમે અમારા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. આ વાત સાંભળીને ભીલે કહ્યું કે સ્વામીન્! હું સૌધર્મ ઈન્દ્રનો પ્રીતિપાત્ર એક દેવ છું. આપે જે દઢતાપૂર્વક ધર્મનું આરાધન કર્યું હતું તેના પ્રભાવથી અવધિજ્ઞાન દ્વારા તમારા ઉપર આવવાવાળી ભયાનક વિપત્તિને જાણીને તેને દૂર કરવા હું અહીં આવ્યો છું. **બરાબર છે કે ધર્મનું ફળ જ એવું છે કે તેને મન-વચન-કાયાને વશમાં કરીને એકાગ્ર મનથી પાલન કરવામાં આવે તો એને કોઈ પણ પ્રકારની આપત્તિ આવી જ ન શકે.**

ત્યારબાદ, એ દેવે કહ્યું કે સ્વામિન્! મેં અહીં આવીને એ દુષ્ટ કૃત્યા-વિદ્યાનું વારણ કર્યું કે જે અહીં આપના પ્રાણ લેવા આવી હતી. મેં આપને મૂર્છિત કરી દીધા જેથી એને એવી પ્રતીતિ થઈ કે આ તો સ્વતઃ મરી ગયા છે અને એને એવી પ્રેરણા આપી કે તું એ જ દુષ્ટ નીચ પાપી કનકધ્વજને જ નષ્ટ કરી દે. તેણે મારી વાત માની લીધી અને પાછી ફરીને તેણે એ પાપીને મારી નાખ્યો. આ પ્રકારે બધા સમાચાર કહીને એ દેવે દ્રૌપદીને અર્જુનને સોંપીને તેમના ચરણોમાં નમસ્કાર કરીને તે દેવ પોતાના સ્થાને પાછો ચાલ્યો ગયો.

ત્યારબાદ, એ પાંડવો ત્યાંથી ચાલીને મેઘદલપુરમાં આવ્યા. ત્યાંનો રાજા સિંહ ઘણો જ પ્રતાપી અને શૂરવીર હતો. તેને કાંચનાભા નામની રાણી હતી કે જે કંચન-સુવર્ણ સમાન આભાવાળી હતી. તેમને કનકમેખલા નામની એક સુશીલા,

રૂપ-ગુણથી સંપન્ન કન્યા હતી. એક સમયે ભીમ ત્યાં ભોજન માટે ગયો હતો. તેના રૂપ ગુણ અને ચતુરતા જોઈને તેને પોતાની કન્યા આપવા લાગ્યો. ત્યારે ભીમે કહ્યું કે આ વિષયમાં મારા મોટા ભાઈને પૂછો. પછી રાજાએ યુધિષ્ઠિરની આજ્ઞા મેળવીને કનકમેખલાના લગ્ન ભીમની સાથે કરી દીધા. ત્યારબાદ, પાંડવો ઘણા દિવસ સુધી ત્યાં રહ્યા અને કૌશલદેશને ખૂબ જ સારી રીતે જોયું. પછી તેઓ ત્યાંથી ચાલ્યા અને રામગિરિ પહાડ ઉપર આવ્યા. ત્યાં ફરી કરીને વિરાટ નગરમાં આવ્યા. તે નગર ઘણું જ સરસ હતું. જોવાવાળાને ઈન્દ્રપુરી સમાન લાગતું હતું. ત્યાં આવીને વિચાર કર્યો કે આપણા બાર વર્ષ તો વનચરની જેમ વ્યતીત થઈ ગયા. હવે હજી એક વર્ષ છે તો આ વર્ષ આપણે વેષ બદલીને ગુપ્ત રીતે અહીં જ રહેવું જોઈએ. આમ નિશ્ચય કરીને યુધિષ્ઠિરે કહ્યું કે હું તો ધર્મ-પુરોહિતનું રૂપ ધારણ કરીશ. ભીમે કહ્યું કે હું રસોઈ કરવાવાળા રસોઈયાનું રૂપ ધારણ કરીશ અને મારું નામ સારવલ્લભ રાખીશ. અર્જુને કહ્યું કે હું નૃત્યકારીણી બનીશ અને કાંચલી અને સાડી પહેરીશ અને બૃહન્નલા નામ રાખીશ. નકુલે કહ્યું કે હું ઘોડાની રક્ષા કરવાવાળો બનીશ તથા સહદેવે કહ્યું કે હું ગોધનની રક્ષા કરીશ. દ્રૌપદીએ કહ્યું કે હું માળા ગૂંથવાવાળી માલિન બની જઈશ.

આ પ્રકારે બધાએ પોતાનો વેષ બદલવાનું નિશ્ચિત કરીને તે અનુસાર વેષ બદલી લીધો અને તે વેષ અનુસાર કપડા-લત્તા, આભૂષણ આદિ પહેરી લીધા તથા પોતાની ચાલ પણ તેરૂપ કરી નાખી. તેઓ આ રૂપમાં રાજાના મહેલમાં ગયા. રાજમહેલ સુંદર સજેલો હતો. અનેક પ્રકારના ચિત્રોથી સુશોભિત હતો. ત્યાંનો રાજા વિરાટ પરાક્રમી અને ગુણજ્ઞ હતો. તે ગુપ્તવેષી પાંડવો ત્યાં જ પહોંચી ગયા કે જ્યાં રાજા બિરાજમાન હતા. રાજાએ તેમનો આદર-સત્કાર કર્યો અને તેમની ઈચ્છાનુસાર તેમને તેમના યોગ્ય કામમાં લગાડી દીધા. તેઓ પણ પોતાની બુદ્ધિમત્તા અને કાર્યકુશળતા અને પરિશ્રમથી પોતપોતાના કાર્યો ઘણી જ સ્ફૂર્તિથી કરતાં હતા જેથી રાજા તેમનાથી ઘણો જ પ્રસન્ન રહેતો હતો. આ રીતે તેઓએ ત્યાં બાર મહિના વીતાવી દીધા. આ બાજુ દ્રૌપદીએ ઘણી ચતુરતાથી વિરાટની રાણીને ખુશ રાખીને પોતાનો સમય આનંદથી વીતાવી દીધો. **જુઓ કર્મની વિચિત્રતા કે ક્યાં તો પાંડવો અને દ્રૌપદી અનેક સેવકો દ્વારા સેવનીય હતા અને ક્યાં આજે બીજાની ચાકરી કરી રહ્યા છે! કર્મની વિચિત્રતા માટે શું કહી શકાય! આ જીવને કર્મ અનેક પ્રકારના રંગ દેખાડે છે.**

ચૂલિકા નામની એક નગરી હતી કે જેનો રાજા ચૂલિક હતો. તેની સ્ત્રીનું નામ વિકચા હતું. તેના નેત્રો ખીલેલા કમળ સમાન હતા. તેના કીચક આદિ સો પુત્ર હતા. એ બધાય પુત્રો ગુણવાન અને રૂપ-રંગમાં સુંદર હતા અને વિરાટ રાજાના સાળા હતા. એક સમયની વાત છે કે કીચક પોતાના બનેવીને ત્યાં આવ્યો અને ત્યાં આનંદથી રહેવા લાગ્યો. ત્યાં તેણે રૂપ સૌંદર્યની પ્રતિમા ઈન્દ્રાણી સમાન શોભાવાળી દ્રૌપદીને જોઈ. તેને જોતાં જ તે તેના ઉપર પૂર્ણરૂપે આસક્ત થઈ ગયો. તેની એ સમયે ખાવા, પીવી, ઊઠવા, બેસવા આદિ કાર્યો પરથી એકદમ રુચિ હટી ગઈ. તેને બધી જગ્યાએ દ્રૌપદી-દ્રૌપદી જ દેખવા લાગી. દ્રૌપદી જ્યાં જ્યાં જતી તે પણ તેની પાછળ જ ચાલતો, તેના મનમોહક આલાપોને

સાંભળવા માગતો હતો, તેના રૂપને જોવા માગતો હતો. મતલબ એ છે કે એ સમયે કીચકને દ્રૌપદી સિવાય કોઈ નજર આવતું ન હતું. તે મોકો મેળવીને દ્રોપદીને ખુશામદના વચનો બોલતો, હાવ-ભાવ દેખાડતો આદિ ક્રિયાઓ કરતો. તેની આવી હાલત જોઈને એકવાર દ્રૌપદી ખૂબ ગુસ્સે થઈ અને ક્રોધભર્યા શબ્દોમાં કહ્યું કે રે દુષ્ટ લંપટ કીચક! આ કાર્ય તને યોગ્ય નથી. તું સમજ, વિચાર અને થોડું જ્ઞાનથી કામ લે. જો તારી આ કુચેષ્ટા મારા માલિક સાંભળશે તો તું નિશ્ચિત સમજ કે તને યમપુર પહોંચાડશે. તેની આ વાત સાંભળીને કીચકે હસીને કહ્યું કે હે માલિન! હું તારા ઉપર પૂર્ણ આસક્ત છું અને તને પ્રેમ કરું છું. તેથી સુંદરી! તું મારા ઉપર પ્રસન્ન થા અને મને મરતાં બચાવી લે. દ્રૌપદી તેની આ નીચતાનો કાંઈ પણ જવાબ ન આપીને પોતાના ઘરે જતી રહી. એક દિવસની વાત છે કે એ દુષ્ટે એકાંત પામીને શૂન્યઘરમાં દ્રૌપદીનો હાથ પકડી લીધો અને બોલ્યો કે દેવી હું કામના તીવ્ર બાણોથી મરી રહ્યો છું. મને તારા સિવાય કાંઈ પણ દેખાતું નથી, તેથી હવે તું મને સુખી કર. આ અવસ્થા જોઈ તે ચિંતિત થઈ પણ તેનામાં હિંમત હતી તેથી તેણે હિંમતથી એ દુષ્ટથી પોતાનો હાથ છોડાવ્યો અને રડતી રડતી યુધિષ્ઠિર પાસે ગઈ અને ત્યાં જઈને બધી વાત કહી અને કહ્યું કે હે દેવ! હું મારું શીલ ખૂબ મુશ્કેલીથી એ દુષ્ટ પાપીથી બચાવીને અહીં આવી છું. દ્રૌપદીની આ વાત સાંભળીને ક્રોધના માર્યા યુધિષ્ઠિરની આંખો લાલ થઈ ગઈ. તેમણે કહ્યું કે હા! જ્યાંનો રાજા આવો દુરાચારી નીચ છે ત્યાંની પ્રજા કેમ દુરાચારી અને નીચ ન બને! નીતિકારોએ બરાબર કહ્યું છે કે—

**“राज्ञि धर्मिणि धर्मिष्ठा! पापे पापा समे समाः**
**राजनिमतुवर्तन्ते यथा राजा तथा प्रजा!”**

જેવો રાજા હોય છે તેવી જ પ્રજા હોય છે. જો રાજા ધર્મિષ્ઠ, નીતિજ્ઞ હોય તો તેની પ્રજા પણ ધર્મનિષ્ઠ, ન્યાય-નીતિ અનુસાર ચાલવાવાળી હશે અને જો રાજા પાપી છે તો પ્રજા પણ નિશ્ચયથી પાપી જ હોય એમાં જરાપણ સંદેહ નથી. ત્યારબાદ, યુધિષ્ઠિરે વ્યાકુળ દ્રૌપદીને ધૈર્ય બંધાવ્યું અને તેની પ્રશંસા કરી કે હે સુશીલે! તું ઘણી વીર નારી છે કે જે તેં આજે પોતાના પવિત્ર શીલની રક્ષા કરી. હવે તું જરાપણ ચિંતાને હૃદયમાં સ્થાન આપ નહીં. તું યાદ કર કે આ પવિત્ર શીલના પ્રતાપથી જ સતી સીતાની દેવોએ પૂજા કરી હતી, સતી મંદોદરી અને રયનમંજૂષા આદિની પ્રસિદ્ધિ પણ એના જ પ્રભાવથી થઈ. **સંસારમાં સ્ત્રીઓને માટે આ શીલના જેવી બીજી કોઈ ઉત્તમ વસ્તુ નથી. આ ગુણ થકી બીજા ગુણોની શોભા છે. આ ગુણ વિના બીજા કોઈ ગુણની કિંમત નથી. શીલ જેવો સંસારમાં બીજો કોઈ ગુણ છે નહીં અને થશે નહીં!**

દ્રૌપદીની દુઃખભરી વાર્તા એ સમયે બાજુમાં ઊભેલો અર્જુન પણ સાંભળી રહ્યો હતો. આ બધું સાંભળીને એનાથી કાબુમાં ન રહેવાયું. તે સિંહની જેમ ગર્જના કરતો કીચકનો નષ્ટ કરવા માટે ઊભો થઈ ગયો, પરંતુ યુધિષ્ઠિરે તેને એમ કહીને શાંત કર્યો કે વત્સ! હજું તું તેર દિવસ કોઈ પણ પ્રકારે યુદ્ધ ન કર, પછી તારી જેમ ઈચ્છા હોય તેમ કરજે.

પછી દ્રૌપદી રડતી રડતી ભીમની પાસે ગઈ અને સલજ્જ ખેદ-ખિન્ન થઈ કહેવા લાગી કે આપ જેવા મહાબલીના રહેવા છતાં આ દુષ્ટ કીચકે મારી ઈજ્જત લૂટવાની હિંમત કરે એનાથી વધારે મારા માટે બીજું ક્યું દુઃખ હોય? દ્રૌપદીની આ વાત સાંભળી હાથીની સૂંઢની સમાન બાહુબળવાળા ભીમે કહ્યું કે ભાભી! કહો કે એ દુષ્ટ પાપીએ તમને શું શું દુઃખ આપ્યું છે? હું એ નીચનું હમણા અપમાન કરીને યમલોક પહોંચાડી દઉં છું. આ માટે મને જો મોટાભાઈ રોકશે તોપણ હું એને જીવતો નહીં છોડું. તેથી જલ્દી કહો એ પાપીએ તમારી સાથે શું હરકત કરી? મારામાં તમારું અપમાન સહન કરવાની તાકાત નથી. આ સાંભળીને દ્રૌપદીએ કહ્યું કે હે મહાભાગ! આપ સિંહ જેવા પરાક્રમી યોદ્ધા રહેતા હોવાથી કઈ વ્યક્તિમાં ક્ષમતા હોય કે જે મને કષ્ટ આપી શકે પણ મને ભારે દુઃખ એ વાતનું છે કે મને એકલી જોઈને એ દુષ્ટ નીચ કીચકે જબરદસ્તીથી મારો હાથ પકડી લીધો અને મારી પાસે નીચ વાસના પ્રગટ કરી. હે વીર! તમે મારા આ અપમાનનો બદલો લ્યો. એ નીચ પ્રકૃતિના હાથના સ્પર્શથી મારું શરીર હજી સુધી કંપાયમાન છે. દ્રૌપદીના આ પ્રકારના વચનો સાંભળીને દાવાનળ સમાન ક્રોધિત થઈને ભીમ કીચકને મારી નાખવા માટે તૈયાર થઈ ગયો. તેણે દ્રૌપદીને કહ્યું કે સતી! તમે એક કામ કરો કે આજે તમે ત્યાં જઈને એ દુષ્ટને એમ કહો કે તું રાત્રે મને કોઈ સાંકેતિક સ્થાનમાં આવીને મળ. એ સ્થાન એકાંતનું હોય એ ધ્યાન રાખજો. સવાર થતાં જ ભીમના કહ્યા અનુસાર દ્રૌપદી એ દુષ્ટ કીચક પાસે ગઈ અને તેને કપટથી કહ્યું કે કીચક! જો તું મને ચાહે છે તો મને કોઈ સંકેતનું સ્થાન બતાવ તો હું આજની રાત્રે જાતે જ તારી પાસે આવી જઈશ. દ્રૌપદીની આ વાત સાંભળીને તે મનમાં ખૂબ જ પ્રસન્ન થયો અને કહ્યું કે હે કૃશોદરિ! હું એના માટે નાટ્યશાળાનું સ્થાન નિશ્ચિત કરું છું. તું આજે સંધ્યા સમયે ત્યાં આવી જજે. ત્યાં હું તારી ઈચ્છાપૂર્તિ કરી દઈશ.

તેની સાથે આમ નક્કી કરી દ્રૌપદી તરત જ ભીમ પાસે આવી અને તેને બધી વાત કહી. જ્યારે સમય નજીક આવ્યો ત્યારે ભીમે પોતાના પગમાં નૂપુર પહેર્યા, કમરમાં કરધની પહેરી, હાથમાં કંકણ, ગળામાં ગુલબંદ, કાનોમાં કુંડળ, બાહુમાં ભુજબંધ પહેર્યું, આંખમાં આંજણ લગાવ્યું, માથામાં બિંદી લગાવી. મનોહર વસ્ત્રો પહેર્યા, વાળ બાંધ્યા અને પાનનું બીડું ચાવ્યું. મતલબ એ કે એક સુંદરી સૌભાગ્યવતી સ્ત્રી જેવો બની ગયો. તે સજીધજીને કીચકના નિર્દિષ્ટ સ્થાનમાં પહોંચી ગયો. તે પહોંચ્યો જ હતો કે દ્રૌપદીની રૂપ-રાશી પર નિછાવર થવાવાળો, કામના બાણોથી જર્જરીત કીચક ત્યાં પહોંચી ગયો. તે એ સમયે કામથી એટલો અંધ થઈ રહ્યો હતો કે તેને એ પણ ખબર ન પડી કે આ દ્રૌપદી છે કે બીજું કોઈ! તેણે મોહાંધતાથી દ્રૌપદી જ સમજી લીધી. આ સમજ સાથે તેણે જ્યાં તેને આલિંગન કરવા હાથ આગળ વધાર્યો કે તરત જ ભીમે તેનો હાથ પકડી લીધો. હાથની કઠોરતાથી તેને અનુભવ થવા લાગ્યો કે આ દ્રૌપદી નથી. આ તો ધૂર્તતાથી વેષ બદલીને બીજું કોઈ અહીં આવ્યું છે. તેને એ જ સમયે જ્યોતિષીની કહેલી વાત યાદ આવી ગઈ કે તારી મૃત્યુ બલી ભીમના હાથે થશે. તો એ કહેલી વાત આ રૂપે તો સાચી નથી થઈ રહી ને? તેણે એ સમયે પોતાના હાથ છોડાવવા ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ તે હાથ છોડાવી ન શક્યો. તે પોતાના હાથ-પગના પ્રહારથી યુદ્ધ કરવા લાગ્યો, તે બંનેમાં ભારે યુદ્ધ થયું. અંતમાં હુંકાર કરતાં ભીમે કીચકની છાતીમાં વજ્ર જેવા કઠોર હાથનો પ્રહાર કર્યો કે જેથી એ ધડામથી જમીન

પર કાપેલા વૃક્ષ સમાન પડ્યો અને ભીમ તરત જ એની છાતી ઉપર ચડી બેઠો તથા ઉપરથી એક લાત મારી કે જેથી તેનો કંઠ રુંધાઈ ગયો. તે કહેવા લાગ્યો કે હે દુષ્ટ! નરાધમ પાપી! પ્રત્યક્ષમાં જો કે આ પરસ્ત્રી લંપટતાનું જ ફળ છે. રે નીચ! હવે તું બચીને ક્યાં જઈશ–એમ કહીને ભીમે તેને એક જોરથી બીજી લાત મારી કે જેથી તેનું કામ તમામ થઈ ગયું અર્થાત્ કીચક યમલોક ચાલ્યો ગયો.

ત્યારબાદ, રાજા વિરાટને તરત સમાચાર મળ્યા કે ગંધર્વોએ કીચકને મારી નાખ્યો છે. તે એ વાત સાંભળીને ખૂબ જ ભયભીત થયો. આ સમાચાર કીચકના યોદ્ધાઓને પણ જ્ઞાત થઈ તો તેઓ ધૂલ ધૂસરિત અંગ લઈને જ ત્યાં નાટ્યશાળામાં દોડ્યા ગયા કે જ્યાં કીચક મરેલો પડ્યો હતો. ત્યાં પહોંચીને તેમને એ વાતની ખબર પડી કે આને ગંધર્વોએ જ માર્યો છે. જેથી તેમને પોતાની વીરતા ઉપર ભારે શરમ આવી. તેઓએ પરસ્પરમાં એ સલાહ કરી કે આ નટ અને દ્રૌપદીને પણ આની સાથે જ જલાવી દેવા જોઈએ. આ કામ તો અત્યારે જ કરી નાખવું જોઈએ, નહીં તો સવાર થતાં ખૂબ મજાક થશે. તે લોકો પોતાના નિશ્ચય અનુસાર પોતાનું કામ કરવા માટે ત્યાં પહોંચ્યા કે જ્યાં દ્રૌપદી બેઠી હતી. તેઓએ જબરદસ્તીથી દ્રૌપદીનો હાથ પકડ્યો તેને બહાર કાઢી, જેથી દ્રૌપદી રડતી રડતી ભીમની પાસે પહોંચી. દ્રૌપદીની કરુણાજનક હાહાકારરૂપ વચનો સાંભળીને ભીમને ખૂબ ક્રોધ આવ્યો. તે એ જ સમયે કોટની દીવાલ કૂદીને એક વૃક્ષને ઉખાડી લાવ્યો અને તેના દ્વારા ત્યાં જેટલા પણ એના વિપક્ષી હતા એ બધાને મારવા લાગ્યો. જે સમયે ભીમ આ કામમાં લાગ્યો હતો એ સમયે એના વાળ ખૂલી ગયા હતા જેથી એવો લાગતો હતો કે આ કોઈ દાનવ છે અથવા રાક્ષસ છે કે જે આ પ્રકારે લોકોને ધરાશાયી કરી રહ્યો છે. કીચકના ભટોએ એ ગંધર્વનો-ભીમનો એ પ્રકાર જોયો તો તેઓ એ મૃતકને ત્યાં જ છોડીને પોતપોતાનો જાન બચાવીને ભાગવા લાગ્યા. ત્યારે પણ ભીમે એ બધાનો ત્યાં સુધી પીછો કર્યો કે જ્યાં સુધી એમને યમપુરી ન પહોંચાડ્યા.

ત્યારબાદ, કીચકના બાકીના ૯૯ ભાઈઓને જ્યારે એ સમાચાર મળ્યા કે કીચકની મૃત્યુ આ દ્રૌપદીના નિમિત્તથી થઈ છે ત્યારે તેઓએ નક્કી કર્યું કે એને જ બાળીને રાખ કરી નાખવી જોઈએ. એવો નિશ્ચય કરીને તેના માટે તેઓએ એક મોટો ખાડો કરીને ચિતા સળગાવી. આ સમાચાર જ્યારે ભીમે સાંભળ્યા તો એ બલી શીઘ્ર ત્યાં પહોંચી ગયો કે જ્યાં તેઓ ઊભા હતા. તેણે એ બધા ભાઈઓને જબરદસ્તી ચિતા પર નાખીને તેમાં આગ લગાડી દીધી કે જેથી બધા બળીને રાખ થઈ ગયા કે જેવી રીતે કોઈ કાંટાને ઊઠાવીને અગ્નિમાં ફેંકે તો એ તરત ભસ્મ થઈ જાય. આ રીતે ભીમે દ્રૌપદીની રક્ષા કરી અને પછી સ્નાનાદિથી પવિત્ર થયા.

સવાર થઈ. દ્રૌપદીને નગરમાં પ્રવેશ કરતાં બધા સ્ત્રી-પુરુષોએ જોયા. તે સમયે કેટલાકને તો પ્રલયત્રી અને કેટલાકને સુખ આપવાવાળી લક્ષ્મી સમાન લાગતી હતી. આ બાજુ કીચકના બધા જ સુભટો શરમના માર્યા માથાપર કલંકનો ચાંદલો લગાવીને પોતાનું મોઢું છુપાવીને પોતાના ઘરે ચાલ્યા ગયા. ત્યારબાદ, ભીમે યુધિષ્ઠિર પાસે જઈને તેમને રાત્રિની કીચક

સંબંધીની બધી જ વાત કહી દીધી. આ સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું કે આપણે લોકોએ હજી બીજા ૧૩ દિવસ ચૂપચાપ રહેવાનું છે. આ પ્રકારે પોતાના મોટાભાઈના કહેવાથી બધા ચૂપચાપ બેસી ગયા.

આ બાજુ અપમાનિત દુર્યોધને પાંડવોની શોધમાં પોતાના સેવકોને મોકલ્યા. તે લોકો પણ વન, પહાડ, ગુફા આદિ સ્થાનોને જોઈને જ્યારે કાંઈ સમાચાર ન મળ્યા ત્યારે પાછા આવીને દુર્યોધનને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે મહારાજ! અમે બધા સ્થાનો પર તપાસ કરી લીધી પણ અમને આ પૃથ્વી પર ક્યાંય પાંડવો મળ્યા નહીં તેથી એવું લાગે છે કે તેઓ હવે જીવતા નથી. તેઓ કોઈ અટવીમાં મરી ગયા હશે. આ સાંભળીને દુર્યોધન ખૂબ જ પ્રસન્ન થયો અને તેણે તપાસ કરવા ગયેલા સુભટોને ઘણું ધન આપ્યું અને તેઓ ખુશી-ખુશી પોતાના ઘરે ચાલ્યા ગયા.

આ અવસ્થા જોઈને ભીષ્મ પિતામહે કૌરવોને કહ્યું કે રાજન્! મારી એક સાચી વાત સાંભળો. એ વાત એ છે કે પાંચેય પાંડવો તેજસ્વી પ્રચંડ પુણ્યવાન છે. એ આવી રીતે મૃત્યુ પામે તેમ નથી. એ પાંચે ભાઈઓ મેરુ સમાન અચળ છે, ચરમશરીરી, આ જ ભવથી મોક્ષ જવાવાળા છે, સર્વશ્રેષ્ઠ મહાનુભાવ છે, મહા પરાક્રમી છે. એક મુનિશ્વરે તો કહ્યું હતું કે યુધિષ્ઠિર રાજ્યપદ પામીને પછી તપસ્યા કરીને શત્રુંજય પહાડ ઉપરથી મોક્ષમાં જશે. મને પૂરો વિશ્વાસ છે કે તે મહાપુરુષો ગુણોના ભંડાર હજી સુધી જીવતા છે એમાં જરાય પણ સંદેહને સ્થાન નથી.

એ ગુણ-ગરિષ્ઠ પાંડવો તમારું હિત કરે જેમણે વિઘ્ન હટાવીને સ્થાન-સ્થાન પર પ્રતિષ્ઠા મેળવી, જે મહાજનો દ્વારા પૂજાયા, જેમની બધી ક્રિયાઓ બીજાના ઉપકાર માટે થઈ તથા જેમને કોઈ કષ્ટ ન આપી શક્યું. દેવોએ પણ આવીને જેમની સેવા કરી એવા એ મહાન પાંડવો ભવ્ય જીવોનું કલ્યાણ કરે.

એ સતી દ્રૌપદીના શીલની જય હો કે જે શીલની નદી હતી, જે પરમ પવિત્ર શરીરને ધારણ કરવાવાળી પતિવ્રતા, સતીઓમાં આદર્શ, મિષ્ટભાષીણી, ગંભીર અને ધૈર્યવાન હતી, જેના શીલના પ્રભાવથી મહાપાપી કીચક કાળનો કોળિયો બની ગયો અને લોકમાં હાસ્યાસ્પદ થયો.

ગ્રંથકાર કહે છે કે હે ભવ્ય જીવો! તમે પણ શીલધર્મનું સદાય પાલન કરો કે જેથી તમારી કીર્તિનો સંસારમાં પ્રસાર થાય.

**॥ અધ્યાય અઢારમો સમાપ્ત ॥**

# અધ્યાય ઓગણીસમો



હું એ વિમલનાથ ભગવાનનું સ્તવન કરું છું કે જેમનો આત્મા અત્યંત નિર્મળ છે, શરીરની કાંતિ વિમળ છે તથા જેમનું જ્ઞાન સ્ફટિક સમાન વિમળ છે. પવિત્ર પુરુષ જે મહાન આત્માના ચરણ-કમળમાં ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે અને જે ધર્મ-તીર્થના પ્રવર્તક છે એ જિન મારા કર્મ-કલંકને દૂર કરીને મને વિમલ બનાવે!

ત્યારબાદ, ભીષ્મ પિતામહે પ્રપંચથી દ્રોણાચાર્યને કહ્યું કે આજથી ચાર-પાંચ દિવસની અંદરમાં જ શ્રેષ્ઠ પાંડવો અહીં આવશે અને એ મહા સુભટો દુર્ઘટ કાર્ય કરી બતાવશે. મને તો એવું નિશ્ચય લાગે છે કે તેઓ હસ્તિનાપુરને પોતાને આધીન કરી લેશે. આ સાંભળીને દુષ્ટ જાલંધર બોલ્યો કે હું હમણા વિરાટ દેશમાં જાઉં છું. એવું સાંભળવામાં આવે છે કે મહાભટ કૌરવોના પક્ષપાતી પ્રખ્યાત કીર્તિ કીચકને કોઈ ગંધર્વે મારી નાખ્યો છે અને તેથી જ વિરાટ દેશનો રાજા અત્યારે નિઃસહાય થઈ ગયો છે. તેને ત્યાં ઘણું ગોધન વગેરે છે. હું આ સમયે ત્યાં જઈને તેનું ઘણું ગોધન ચોરી લાવું છું. આવો સમય પછી મળવો ખૂબ જ મુશ્કેલ છે. ગોધન હરણ કરતાં સમયે જે કોઈ યોદ્ધા મારો પીછો કરશે અથવા ગુપ્તવેશ ધારી પાંડવો પણ જો મારી સાથે યુદ્ધ કરશે તો હું તેમને પણ યમાલયના અતિથિ બનાવી દઈશ. જાલંધર રાજાની આ વાત સાંભળી દુર્યોધન રાજાને ખૂબ જ પ્રસન્નતા થઈ અને તેણે જાલંધરને વિરાટનું વિશાળ ગોધન લૂંટવા મોકલી દીધો. તે પોતાની સાથે ઘોડા આદિ ઘણી સેના લઈ ત્યાંથી રવાના થયો. ત્યાં પહોંચીને તેણે ગોવાળોથી રક્ષિત વિરાટ દેશના આખા ગોકુળને લૂંટી લીધું. આવી અવસ્થા થવાથી એ બધા ગોવાળિયાઓ ભયથી ભયભીત થઈ રોતા-બૂમો પાડતા પોતાના રાજાની શરણમાં ગયા અને તેને પોકારીને કહ્યું કે સ્વામિન્! જાલંધર પોતાની સેના સહિત અમારું બધું ગોધન હરણ કરી પોતાના દેશમાં લઈ જઈ રહ્યો છે. દયાસાગર! દયા કરીને અમને એ દુઃખથી છોડાવો. ગોધન જ અમારા પ્રાણ છે તેથી એ અમારું ગોધન જ નથી લઈ જઈ રહ્યા પરંતુ અમારા પ્રાણોને જ લઈ જઈ રહ્યા છે. આ પ્રકારે ગોવાળિયાઓનો કરુણ પોકાર સાંભળીને રાજાને ખૂબ જ ગુસ્સો આવ્યો. બરાબર છે કે આશ્રિતોને કોઈ વિના અપરાધ સતાવે અને યોગ્ય માલિક ચૂપચાપ બેઠા રહે એ ન હોઈ શકે. એ રાજાએ એ જ સમયે યુદ્ધની ઘોષણા કરી દીધી. ઘોષણા સાંભળતાં જ વીરોના બાહુ ફફડી ઊઠ્યા. તેઓએ પોતાના કવચ પહેર્યા, અસ્ત્ર-શસ્ત્રોથી સુજ્જિત થયા અને હાથમાં ધનુષ-બાણ લઈ લઈને જોર જોરથી અવાજ કર્યો કે જેથી આકાશ ગુંજાયમાન થઈ ગયું. આ સમયે વિરાટ નરેશ પુરની ઉચિત રક્ષા કરી પોતાની અનેક ચતુરંગ સેના સહિત જાલંધર સાથે યુદ્ધ કરવા માટે ત્યાંથી નીકળી ગયો.

તેની પાછળ પર્વત સમાન દઢ અને ઉન્નત ગુપ્તવેષી પાંડવ પણ રથમાં બેસીને ચાલ્યા. એ બાજુ ધનુષના શબ્દોથી મિશ્રિત રણભેરીઓનો ભયાવહ અવાજ થવા લાગ્યો જેને સાંભળીને કાયર લોકો ડરી ગયા અને સુભટોના શરીરમાં યુદ્ધ કરવા માટે રોમાંચ થઈ ગયો. આ રીતે ગોધન છોડાવા માટે વિરાટ નરેશે મહા ભયંકર યુદ્ધ છેડી દીધું. આ વાત એક ન્યાયી પ્રજારક્ષક ક્ષત્રીય રાજા માટે ઉચિત જ છે. આવા ક્ષત્રિય રાજાના બે જ કામ હોય છે :–યા તો એ રાજ્યને છોડીને દીક્ષા ધારણ કરી લે અથવા યુદ્ધમાં પ્રાણોત્સર્ગ કરી દે. જે રાજા આવા અવસર અને આવા સ્થાન પર આમતેમ કરે તે વાસ્તવમાં ક્ષત્રિય નથી, તેમને તો બંને તરફથી સંસાર અને મોક્ષથી ભ્રષ્ટ સમજવા જોઈ. આ રીતે વિરાટ અને જાલંધર વચ્ચે ભીષણ યુદ્ધ થવા લાગ્યું. બન્ને તરફના યોદ્ધાઓ ધનુષને કાન સુધી ખેંચી એકબીજા ઉપર બાણ ફેંકતા હતા. તલવારોથી લડાઈ જોઈને એવો કોઈ પણ જીવ દેખાતો ન હતો જે ભયભીત થયો ન હોય. અંતમાં જાલંધર પોતાના તીક્ષ્ણ બાણો દ્વારા યોદ્ધાઓના માથા કાપતો વિરાટ તરફ આગળ વધ્યો અને વિરાટને એવો જોરથી લલકાર્યો કે એના હોશ ઊડી ગયા. તેણે થોડીવારમાં તીક્ષ્ણ બાણોથી વિરાટને સારથી રહિત કર્યો અને તેના રથમાં કૂદ્યો અને વિરાટને બાંધીને પોતાના રથમાં બેસાડી પોતે ચાલતો થયો.

આ વાત જ્યારે વીર યુધિષ્ઠિરને ખબર પડી કે દુષ્ટ જાલંધર વિરાટ નરેશને બાંધીને લઈ જઈ રહ્યો છે તો તેણે પોતાના શૂરવીર ભાઈ ભીમને કહ્યું કે ભીમ! તું જલ્દી રથમાં સવાર થઈને આ મહા યુદ્ધમાં ખરડાયેલા વિરાટને બંધનથી મુક્ત કરાવ અને જાલંધરથી ગોધન છોડાવીને પોતાના બળની પરીક્ષા આપો. હે મહાબાહુ! તું સંકટમાં ફસાયેલા વિરાટને આપત્તિમાંથી છોડાવીને મારા મનોરથને પૂર્ણ કર. પોતાના પૂજ્ય મોટાભાઈના આવા વચનો સાંભળીને એ વિપુલોદર ભાઈને નમસ્કાર કરીને લડવા માટે તૈયાર થઈ ગયો. તેણે એ સમયે એક વૃક્ષને મૂળથી ઉખાડી નાખ્યું અને એ લઈને મહા સમરમાં ઘૂસી ગયો અને અવાજ કરતો આમતેમ લડવા લાગ્યો એ સમયે એ એવો લાગતો હતો કે માનો કલકલાટ અવાજ કરતો યમ જ આવ્યો. ભાઈની પ્રેરણાથી હાથમાં ગાંડીવ ધનુષ લઈ અર્જુન, નકુલ અને સહદેવ પણ લડવા માટે તૈયાર થઈ ગયા.

એટલી વારમાં ભીમે જાલંધરના અગ્યારસો રથ ચકનાચૂર કરી નાખ્યા અને પાર્થે પોતાના બાણોની કુશળતાથી સાડા નવસો ઘોડાને બેકાર કરી નાખ્યા. આ બાજુ નકુલ અને સહદેવે પણ ભારે શૂરવીરતાથી આક્રમણ કર્યું. જેથી જાલંધરની સેનામાં ખલબલી મચી ગઈ. બધી જગ્યાએ અશાંતિ-અશાંતિ જ ફેલાઈ ગઈ. પોતાના સૈન્યની આ હાલત જોઈને જાલંધરે ભીમ ઉપર અવિરલ બાણો વરસાવીને તેને ઢાંકી દીધો. આ બાજુ ભીમે બાણો વરસાવીને થોડી જ વારમાં તેના સારથીને મારી નાખ્યો. પછી સ્ફૂર્તિથી ભીમ જાલંધરના રથમાં ગયો અને દઢતાથી જાલંધરને બાંધ્યો અને વિરાટ રાજાને બંધનમુક્ત કર્યા. આ અવસ્થા થવાથી જાલંધરની સેના વિખરાઈ ગઈ અને પોતાના પ્રાણ બચાવીને ત્યાંથી ભાગી ગઈ. આ રીતે વિરાટ અને ગોધનને છોડાવીને ભીમે યુધિષ્ઠિરના ચરણોમાં નમસ્કાર કર્યા. તેમણે પણ તેને આશીર્વાદ આપીને પ્રસન્નતા પ્રાપ્ત કરી.

આ બાજુ જાલંધરના પકડાઈ જવાના સમાચાર સાંભળીને ક્રોધિત થઈને દુર્યોધન પોતાનું સૈન્ય લઈને વિરાટ દેશ તરફ ચાલી નીકળ્યો. ત્યાં આવીને તેણે નગરની બહાર ઉત્તર દિશાવાળા દ્વાર પર ડેરો જમાવી દીધો તથા ત્યાં જે વિરાટનું ગોધન ઘાસ ચરી રહ્યું હતું તેને પોતાને આધીન કરી લીધું. આ જોઈને એ તરફ રહેવાવાળા લોકોમાં ભારે ખલબલી મચી ગઈ. તે ચિંતા અને ભયથી અત્યંત વ્યાકુલિત થઈને વિચાર કરવા લાગ્યા કે હવે આપણે કોની પાસે જઈએ? આપણું કોઈ સહાયક નજર નથી આવતું? તેથી આજે આપણું બધું ગોધન છીનવાઈ ગયું છે. આ પ્રકારે એ લોકોને વ્યથિત જોઈ દ્રૌપદીએ અર્જુન તરફ ઈશારો કરીને કહ્યું કે જુઓ! આ મોટા બળવાન યોદ્ધા છે, યુદ્ધકળાના પૂર્ણ જ્ઞાતા છે. તેણે કેટલીવાર પાર્થનું સારથીપણું કર્યું છે. તેથી તમે લોકો એને શરણે જાવ. એ લોકો તમારી અવશ્ય રક્ષા કરશે.

દ્રૌપદીના આ વચનો સાંભળીને વિરાટના પુત્રે નટવરને એક મહારથ આપ્યો અને પોતે પણ ઘણી સેના લઈને નગરથી બહાર નીકળ્યો. તેણે બહાર નીકળીને જ્યાં દુર્યોધનની અપાર સેનાને જોઈ તો એ ભયનો માર્યો આમતેમ ભાગવાનો રસ્તો જોવા લાગ્યો. એ અર્જુનથી બોલ્યો કે હું તો આ રણથી સંતુષ્ટ થઈ ગયો. અહીં એક મિનિટ ઊભા રહેવાની મારી ક્ષમતા નથી. આ રણ તો પ્રાણ લઈ લેશે–એમ કહીને તે ભાગવા લાગ્યો. તેને ભાગતો જોઈને અર્જુને તેને કહ્યું કે હે રાજપુત્ર! તમે અર્જુનનો સારથી મેળવીને પણ રણમાં પીઠ દેખાડીને ભાગો છો તો તમે પોતાના કુળમાં કલંક લગાવી રહ્યા છો. તમારા સમાન ક્ષત્રીયોને આ ઉચિત નથી. કાયર થવું ક્ષત્રીયનું કામ નથી. તમે નિર્ભય થઈને મારી સાથે સાથે યુદ્ધમાં લડો. અર્જુને તેને બધી રીતે સમજાવ્યો પરંતુ તેણે તેની એક વાત ન માની અને યુદ્ધસ્થળ છોડવા માટે તેણે તેના રથને પાછો વાળી લીધો. આ જોઈ અર્જુને ફરી કહ્યું કે રાજકુમાર! કાયરની જેમ ભાગો નહીં, રણમાં મરવું વીરોનું કામ છે, ગીધડનું નથી. મરવાથી શું કામ ડરો છો? એક જ વાર તો મરવું છે! પરંતુ રણમાં પીઠ દેખાડીને ભાગવું મરવાથી પણ ખરાબ છે. તેથી યુવરાજ! તમે દઢતાપૂર્વક સંગ્રામ કરો. સાંભળો, હું એ જ પ્રસિદ્ધ અર્જુન છું કે જેનું નામ સાંભળીને શત્રુ ડરી જાય છે. તમે હવે ભય છોડો અને નિડર થઈ ધનુષ-બાણ લઈને સંગ્રામ કરો. મારા પરાક્રમને તો જુઓ કે હું કેવી રીતે ક્ષણમાત્રમાં દુર્યોધનની સેનાને ભગાડી દઉં છું. આ પ્રકારે ધૈર્ય બંધાવીને અર્જુને તેને પોતાનો સારથી બનાવી લીધો અને કહ્યું કે યુવરાજ! તમે યુદ્ધાંગણમાં રથને શીઘ્રતાપૂર્વક ચલાવો અને હું બાણના તીવ્ર પ્રહાર વડે હમણા શત્રુ-સમૂહને ધરાશાયી કરી દઉં છું. હું શત્રુઓનો વિનાશ કરનારી વિજય-લક્ષ્મી પ્રાપ્ત કરીને જ નગરમાં પાછો ફરીશ.

ત્યારબાદ, અર્જુને શત્રુઓને લલકારતા કહ્યું કે તમે ક્યાં જાવ છો? આમ કહીને તેણે રથને શત્રુપક્ષની તરફ આગળ વધાર્યો. પાર્થના આ અદમ્ય સાહસને જોઈને એક અગ્નિકુમાર નામનો દેવ ત્યાં આવ્યો અને તેણે પ્રસન્ન થઈને 'મંદઘોષ' નામનો દેવોપુનીત રથ પાર્થને ભેટ આપ્યો. પાર્થ એ રથમાં બેસીને અને વિરાટના પુત્ર ઉત્તરને સારથી બનાવીને યુદ્ધ કરવા આગળ વધ્યો. તેને આ પ્રકારે નિર્ભયતાપૂર્વક આગળ વધતા જોઈને દ્રોણાચાર્ય આશ્ચર્યમાં પડી ગયા અને ક્રૂર સ્વભાવવાળા કૌરવોને કહેવા લાગ્યા કે જુઓ! હજી પણ કાંઈ બગડ્યું નથી. તમે લોકો આપસમાં સંધિ કરી લ્યો, એમાં જ તમારું

હિત છે. નહીં તો કહો કે કોણ એવું સમર્થ છે કે જે પાર્થના તિક્ષ્ણ બાણોને સહન કરી શકે? તેથી તમે લોકો કપટ છોડીને ગોધન પાછું આપી દો અને યુદ્ધની પ્રતિજ્ઞા છોડીને ઘર તરફ પાછા ચાલો. શું તમને ખબર નથી કે ઘરેથી નીકળતા સમયે કેટલા અપશુકન થયા હતા? જેથી બધું અનિષ્ટ જ દેખાય છે. તેથી મારો અભિપ્રાય છે કે તમે લોકો આપસમાં સંધિ કરી લો અને પાછા ઘરે ચાલો. દ્રોણાચાર્યના આવા વચનો સાંભળીને દુર્યોધનના નેત્ર ક્રોધમાં આવીને બળવા લાગ્યા અને પોતાના વીર સુભટો તરફ દૃષ્ટિ કરીને બોલ્યા કે હે દ્રોણ! તમે આ શું કાયરતાના વચન કહો છો? શું આ શત્રુઓની પ્રશંસાનો સમય છે? તમને ખબર હોવી જોઈએ કે મારા ક્રોધની સામે અર્જુન શું વસ્તુ છે? તમારા જેવા દુર્બળ દીન-હીન ભિક્ષુકોથી બીજું થઈ પણ શું શકે!!

આ બાજુ રથમાં બેઠેલા કર્ણે ભીષ્મપિતામહને કહ્યું કે ગુરુદેવ! તમે રણમાં મને ક્યાંય હારતા જોયો છે? મેં જ્યાં જ્યાં પણ યુદ્ધ કર્યું છે તેમાં મારો વિજય જ થયો છે. મહાનુભાવ! આ સમયે પણ મારા પરાક્રમને જોવો કે હું કેવી રીતે ઉત્તર સહિત અર્જુનને પણ થોડીવારમાં એવી રીતે છિન્ન-ભિન્ન કરી નાખું છું કે જાણે એ જમીન પર હતો જ નહીં. કર્ણના આવા વચનો સાંભળીને પિતામહે રોષભર્યા શબ્દોમાં કહ્યું કે પહેલાં તું એ તો કહે કે આટલું મોટું યુદ્ધ તેં ક્યાંય જોયું પણ છે કે નહીં? એ નિશ્ચય સમજો કે યુદ્ધમાં અર્જુનની સામે લડવા કોઈ સમર્થ નથી. કોઈ પણ એ વીરનો વાળ વાંકો નથી કરી શકતું. જો એ વીરને ક્રોધ આવી ગયો તો નિશ્ચય સમજો કે તમને બધાને જમીન ઉપર જ સુવડાવી દેશે.

આ બાજુ આ વાત થઈ રહી હતી કે શલ્ય વચ્ચે જ બોલી ઊઠ્યો કે તાત! આ જે અમારી વચ્ચે યુદ્ધ થઈ રહ્યું છે તે તમારી જ કરામત છે અને બીજા કોઈનો આમાં હાથ નથી. દ્રોણાચાર્યે જોયું કે દુર્યોધને એમની વાત ન માની ત્યારે તે અને ભીષ્મપિતા સેના સહિત યુદ્ધ કરવા માટે આગળ વધ્યા. એ બાજુ અર્જુને શીઘ્રતાપૂર્વક ગાંગેય પાસે બે બાણ એવા છોડ્યા કે જેના ઉપર તેનું નામ લખેલું હતું. બાણ ગાંગેય પાસે જઈને પડ્યા. ગાંગેયે એ બાણો ઉપર લખેલા અક્ષરો જોયા તો તે લઈને વાંચવા લાગ્યો. તેમાં લખ્યું હતું કે ''ધનંજય પિતામહથી વિનતી કરે છે કે હું આપને નમસ્કાર કરું છું. મેં સદાય આપની આજ્ઞાનું પૂર્ણ પાલન કર્યું છે. અમારા આજે તેર વર્ષ પૂર્ણ થઈ ગયા છે. આજે શુભ ભાગ્યોદયથી આપના પુનિત દર્શન થયા છે. હવે હું શત્રુઓનો વિનાશ કરી મારા પરાક્રમથી આ પૃથ્વીને ભોગવીશ.'' પિતામહે એ બાણ લઈને કૌરવોને દેખાડ્યું. એ જોઈને જ કૌરવોના હોશ-હવાસ ઊડી ગયા અને એ ભયભીત થવા લાગ્યા.

એટલામાં અર્જુને શત્રુદળને પોતાનું લક્ષ્ય બનાવ્યું અને તે એ લક્ષ્ય અનુસાર જ પોતાના રથને ચલાવવા લાગ્યો. તેણે ખૂબ જોરથી દુર્યોધનને લલકાર્યો અને કહ્યું કે રે દુષ્ટ! હવે તું મારાથી બચીને ક્યાં જઈશ? તને જલ્દી જ યમપુરનો અતિથિ બનાવી દઉં છું. આટલું કહેતાં જ પાર્થનો રથ પોતાની સન્મુખ આવતાં જોઈને દુર્યોધન ભયથી કાંપી ઊઠ્યો.

એટલામાં પાર્થની સામે કૌરવોની સેના આવી ગઈ અને તેમણે અસંખ્ય બાણ-વર્ષાથી વિરાટના પુત્રને જર્જરીત કરી દીધો. આ જોઈ અર્જુન અગ્નિની જેમ બળવા લાગ્યો. એણે એ સમયે એક એવું બાણ છોડ્યું કે કૌરવોની સેના બળવા

લાગી. એ પછી ધનંજય ગાંડીવ ધનુષ ઊઠાવીને ગર્જના કરતો બોલ્યો કે જો તમારામાંથી કોઈ પણ સુભટ તાકાત રાખતો હોય તો મારી સામેથી દુર્યોધનને જીવતો બચાવીને લઈ જાય. અર્જુનની આ વાતો સાંભળીને કર્ણ અત્યંત ક્રોધિત થઈ અગ્નિની જેમ બળવા લાગ્યો અને એ સંગ્રામ કરવા તૈયાર થઈ ગયો અને તેનો પહેલો વાર અર્જુન પર થયો. અર્જુને પણ પોતાનો પ્રહાર કર્યો. આ રીતે બંનેનું પરસ્પર યુદ્ધ થવા લાગ્યું. એ બંને પોતપોતાના ગદા-ઘાતોથી પૃથ્વીને કંપાવવા લાગ્યા. સાથે એ બંને વ્યંગભર્યા શબ્દોમાં એકબીજાની હસી પણ કરવા લાગ્યા તથા એકબીજા ઉપર બાણોની વર્ષા કરતાં રહ્યા. તેઓ પોતાના મારકાટથી પૃથ્વીને ચકનાચૂર કરતા થકા હાથી જેવા લાગતા હતા. તેઓ સિંહ જેવા લાગતા હતા. મતલબ એ છે કે એ બંનની પરસ્પર બાણો દ્વારા એવી લડાઈ થઈ કે જેથી આકાશમંડળ વ્યાપ્ત થઈ ગયું.

ત્યારબાદ અર્જુને બાણોની વર્ષા ચાલુ કરી જેનાથી ડરીને શત્રુઓની સેનામાં ખળભળાટ થઈ ગયો અને તે રણ છોડીને આમતેમ ભાગવા લાગી. ત્યારબાદ, અર્જુને પોતાની કુશળતાથી કર્ણની ધનુષ્યની દોરી કાપી નાખી અને વાતવાતમાં તેના સારથી સહિત રથને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખ્યો. આ જોઈને દુર્યોધનનો નાનો ભાઈ શત્રુંજય યુદ્ધ કરવાની ઈચ્છાથી યુદ્ધાંગણમાં ઊતર્યો અને અર્જુનની સામે આવ્યો. તેને રણમાં ઊતરેલો જોઈને તેને અર્જુને કહ્યું કે શિશુ! તું ઘરે પાછો જતો રહે! તું વ્યર્થમાં તારા પ્રાણ શું કામ ખોવે છે? શું ક્યારેય હરણનું બચ્ચું સિંહના પદાઘાતને સહન કરી શકે છે? અથવા મોટો સર્પ પણ ગરુડના પ્રહારથી જીવતો બચી શકે?-ક્યારેય પણ નહીં. બાળક! તું હજી બાળક જ છે, શક્તિહીન છે. તેથી તારી ઉપર બાણ છોડતાં મારો જીવ ચાલતો નથી. અર્જુનની આ વાત સાંભળીને શત્રુંજયને ખૂબ ગુસ્સો આવ્યો અને ગુસ્સામાં તેણે અર્જુન ઉપર એક સાથે પાંચ બાણ છોડ્યા જે પાર્થની છાતી સાથે ભટકાઈને નીચે પડી ગયા. ત્યારે પાર્થે પણ તેની ઉપર એક સાથે દસ બાણ છોડ્યા જે વાગતાં જ તેના પ્રાણ નીકળી ગયા. શત્રુંજયને મરતો જોઈ તેનો નાનો ભાઈ વિકર્ણ અર્જુન સાથે યુદ્ધ કરવા આવ્યો અને તે ક્રોધયુક્ત થઈને યુદ્ધ કરવા લાગ્યો. ફળ એ આવ્યું કે અર્જુને તેના સારથીને ગતપ્રાણ કરી તેનો રથ નષ્ટ કરી દીધો. પછી અર્જુને તેને બાણોથી પૂરી દીધો.

આ સમયે ધનુષ-બાણ ચડાવીને કાળ સમાન ભયંકર એક બીભત્સ નામના યોદ્ધાએ કૌરવોની સેનાને હરાવતો પોતાના તીક્ષ્ણ બાણોથી વિકર્ણનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું. વિકર્ણને મરેલો જોઈને કૌરવોની પૂરી સેના પાર્થ ઉપર એકસાથે તૂટી પડી પરંતુ તેઓ તેનું કાંઈ પણ બગાડી ન શક્યા. પાર્થે તેમને આગળ વધતા અટકાવી દીધા. આ જોઈને કર્ણે પોતાની ભાગતી સેનાને રોકી અને અર્જુનને લલકારીને બંને પરસ્પર લડવા લાગ્યા. અર્જુને તેની ઉપર બાણવર્ષા કરવાનું ચાલુ કરી દીધું અને કર્ણ તેને વિફળ કરવા લાગ્યો. અંતે કર્ણએ એક સાથે ત્રણ બાણ ચલાવ્યા જેણે ધનંજયને, તેના સારથીને અને ધ્વજા સહિત રથને ભેદી નાખ્યા. આ જોઈને અર્જુનને ભારે ગુસ્સો આવ્યો અને તેણે બાણોની વર્ષા દ્વારા કર્ણને ધરાશાયી કરી દીધો અને તેને મૂર્છા આવી ગઈ. તેને પડેલો જોઈને કૌરવ ઝટથી તેને રથમાં બેસાડીને યુદ્ધાંગણમાંથી બહાર કરીને તેનો ઉપચાર કરવા લાગ્યા. આ બાજુ દુઃશાસન લડવા માટે એ કહેતો આગળ વધ્યો કે અર્જુન! જો તારામાં

શક્તિ હોય તો મારા એક બાણને સંભાળ. આમ કહીને એણે અર્જુન ઉપર બાણ છોડી દીધું. એ બાણ વાગતાં જ અર્જુનને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે એ જ સમયે એક સાથે પચ્ચીસ બાણ ચલાવ્યા. જેના કારણે તે અર્ધમૃતક જેવો થઈ ગયો. તેના પછી બીજા જે કોઈ પણ પાર્થની સામે લડવાની ઈચ્છાથી આવ્યા તે બધાયને અર્જુને મારી નાખ્યા. અંતમાં બધા શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી તે ખૂબ ખુશ થયો.

થોડીવારમાં પાર્થ સાથે સંગ્રામ કરવા માટે ભીષ્મપિતામહ રણમાં ઊતર્યા અને તેણે અર્જુનને જોરથી લલકાર્યો. આ જોઈને અર્જુને તેને ત્રણ પ્રદક્ષિણા દઈને તેમને નમસ્કાર કર્યા અને વિનીત શબ્દોમાં પ્રાર્થના કરી કે પૂજ્યપાદ! અમે તેર વર્ષ જંગલમાં રહીને આજે ઘણા પુણ્યયોગથી તમારા ચરણોમાં આવ્યા છીએ. તેથી શ્રદ્ધેય! તમે ધનુષ હાથમાં ન લ્યો અને થોડીવાર ધૈર્ય ધારણ કરો. પરંતુ પિતામહે તેની વાત પર કાંઈ ધ્યાન ન દીધું અને તેણે ક્રોધમાં આવીને અર્જુન ઉપર સોળ બાણ છોડ્યા, ત્યારે એ બાજુથી અર્જુને પણ બાણોનો પ્રહાર કરવાનું શરૂ કરી દીધું અને વાતવાતમાં ગાંગેયને રથ, સારથી રહિત કરી દીધા. આ જોઈને ગાંગેયના ક્રોધનું ઠેકાણું ન રહ્યું અને એ બંનેમાં મહા ભયાનક સંગ્રામ થવા લાગ્યો. સંગ્રામ કરતાં કરતાં જ્યારે તે સાધારણ બાણો દ્વારા એકબીજા ઉપર વિજય ન મેળવી શક્યા ત્યારે તેણે વિશેષ વિશેષ બાણોનો પ્રહાર કરવાનું ચાલુ કર્યું. પહેલાં પિતામહે મોહન, ઉચ્ચાટન અને સ્તંભન કરવાવાળા એ ત્રણ બાણ અર્જુન ઉપર છોડ્યા પરંતુ પાર્થે પોતાની બુદ્ધિમત્તાથી એ બાણોને વિફળ બનાવી દીધા.

પછી અર્જુને પોતાના મનમાં અગ્નિદેવને યાદ કર્યા. અર્જુનના સ્મરણ કરવામાત્રથી એ દેવ પૃથ્વી, વન અને સેનાને ભસ્મ કરતાં ત્યાં ઉપસ્થિત થયા. ગાંગેયે તેને અર્જુનનું બાણ સમજીને પોતાની વિદ્યાના બળથી તેનું છેદન કરી નાખ્યું. તેના આ યુદ્ધને આકાશમાં રહેલા દેવગણ જોઈ રહ્યા હતા અને તેમના રણ-કૌશલની પ્રશંસા કરી રહ્યા હતા. ત્યારબાદ, અર્જુને ગાંગેયના એ બાણનું પણ છેદન કરી નાખ્યું જે બાણ ગાંગેયે અગ્નિબાણનું છેદન કરવા છોડ્યું હતું. પરસ્પર યુદ્ધ કરતાં કોઈની પણ હાર-જીત થતી ન હતી. એટલામાં દ્રોણાચાર્ય ત્યાં આવી ગયા. અર્જુને તેમને જોતાં જ ભક્તિપૂર્વક તેમના ચરણોમાં પ્રણામ કર્યા અને કહ્યું કે પૂજ્ય! તમો અમારા ગુરુ છો. ન્યાય-નીતિના પરમ વિદ્વાન છો. હું આપનો પ્રિય શિષ્ય છું. હવે તમે જ કહો કે હું આપની સાથે કેવી રીતે યુદ્ધ કરું? તેથી ગુરુવર! તમે મારા ઉપર કૃપા કરીને તમારા સ્થાને પાછા ચાલ્યા જાવ. હું આજે આ વેરીઓને નિયમથી યમપુરના અતિથિ બનાવીશ. તેના ઉત્તરમાં દ્રોણે કહ્યું કે પાર્થ! સમય બરબાદ કરવામાં કોઈ લાભ નથી. તું જલ્દી તૈયાર થા અને પહેલાં તું જ તારા બાણનો મારા ઉપર પ્રહાર કર. તેમાં તારો કોઈ દોષ નથી. દ્રોણાચાર્યના આ વચનો સાંભળી ભયભીત થઈ પાર્થે કહ્યું હે ગુરુવર્ય! જો આવું જ છે તો તમે તમારા બાણ છોડો. પછી હું તમારી સેવા કરીશ અને તમારું બધું બળ હરણ કરીશ. આમ પરસ્પર વાર્તાલાપ બાદ ગુરુ-શિષ્યમાં યુદ્ધ થવા લાગ્યું. આ યુદ્ધને ઉપરથી દેવગણ અને નીચેથી સૈનિકો જોઈને આશ્ચર્યમાં પડી ગયા. ત્યારબાદ દ્રોણે વીસ બાણ છોડીને આકાશને ભરી દીધું. આ બાજુ અર્જુને આવતાં એ બાણોને વચ્ચે જ પોતાના બાણોથી

રોકી દીધા. આ અવસ્થા જોઈને દ્રોણે પાર્થ ઉપર એકસાથે એક લાખ બાણ છોડ્યા જેનું નિવારણ અર્જુને બે લાખ બાણ છોડીને કર્યું. આ જોઈ જયલક્ષ્મીએ અર્જુનને પોતાનો સ્વામી સ્વીકારી લીધો અર્થાત્ દ્રોણને યુદ્ધસ્થળથી હટાવી દીધા.

આ અવસ્થા જોઈને યુદ્ધની પ્રતિજ્ઞા કરીને દ્રોણનો પુત્ર અશ્વત્થામા અર્જુન સામે આવ્યો. પછી તો બન્ને યોદ્ધાઓમાં સિંહ સમાન યુદ્ધ થવા લાગ્યું. અર્જુને યુદ્ધ કરતાં-કરતાં અશ્વત્થામાના રથના બંને ઘોડાને છેદી નાખ્યા કે જેથી એ ઘોડા તરફડીને જમીન પર ઢળી ગયા. આ બાજુ અશ્વત્થામાએ પણ અર્જુનના ગાંડીવ-ધનુષની દોરીને છેદી નાખી પરંતુ અર્જુને ધનુષ પર બીજી દોરી ચડાવીને એક એવું બાણ ચલાવ્યું કે જેનાથી અશ્વત્થામાનું હૃદય વિદીર્ણ થઈ ગયું અને તે એ જ સમયે જમીન પર પડી ગયો. ત્યારબાદ, વિરાટના પુત્ર ઉત્તરે અર્જુનને કહ્યું કે પાર્થ! હવે હું રથને દુર્યોધનની બાજુ ચલાવું છું તેથી તમે ધનુષ પર બાણ ચડાવીને આ ઉછળકૂદ કરતાં શત્રુને યમપુરનો રસ્તો દેખાડો. આથી અર્જુને શત્રુઓને પોતાના તરફ લક્ષિત કરીને મર્મછેદન કરવાવાળા વચનો દ્વારા એક ધમકી આપી અને પોતાના વિષમ બાણો દ્વારા આકાશને ઘેરી લીધું. આ જોઈને રાજબિંદુ અર્જુન પર ધનુષ-બાણ લઈને ચડી આવ્યો અને ન્યાયનું ઉલ્લંઘન કરીને તેને ચારે બાજુથી ઘેરી લીધો. એ સમયે એ એવો લાગતો હતો કે માનો હાથીઓની વચ્ચે સિંહ ઘેરાયેલો હોય. પરંતુ એ સેના નિધડક ઊભા રહેલા અર્જુનનું કાંઈ ન બગાડી શકી. ત્યારબાદ, એ વીરે લક્ષ્ય બાંધીને એક એવું બાણ ચલાવ્યું કે જેથી રાજબિંદુના હાથી, ઘોડા, રથ, ધ્વજાઓ છેદીને યોદ્ધાઓને ધરાશાયી કરી દીધા. કોઈ પણ યોદ્ધો એવો નહીં બચ્યો કે જેને થોડો કે વધારે ઘા ન લાગ્યો હોય. અંતમાં અર્જુનના મનમાં એ વિકલ્પ ઊઠ્યો કે હું આ યુદ્ધમાં કોને-કોને મારીશ, મારવાથી તો મહાન હિંસા થશે જે મને ઉચિત નથી. તેથી તેણે મોહન બાણ છોડ્યું અને એ છૂટતાં જ બધા જ રાજાઓ બેશુદ્ધ થઈ ગયા કે માનો એમણે ધતૂરો જ ખાઈ લીધો હોય.

આ રીતે, અર્જુન શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી અને તેમના છત્ર, ધ્વજા, ઘોડા, હાથી, રથ આદિ મેળવીને ઘણો સંતુષ્ટ થયો. અર્જુનના વિજયના ઉપલક્ષ્યમાં વિરાટ રાજાએ એ જ સમયે ઘણા વાજા વગડાવ્યા અને અગણિત યોદ્ધાઓની સાથે પાર્થનો ઘણો અભૂતપૂર્વ આદર-સત્કાર કર્યો. આ બાજુ નિર્ભય યુધિષ્ઠિરે ગોકુળને પણ છોડાવી દીધું કે જેથી તેમને ઘણો આનંદ થયો. ત્યારબાદ, જ્યારે કૌરવો સચેત થયા ત્યારે તેઓ ખૂબ લજ્જિત થયા અને દીન-હીનની જેમ પોતાના નગરમાં ચાલ્યા ગયા.

આ પ્રકારે યુદ્ધમાં કૌશલ્ય જોઈને જ્યારે રાજા વિરાટને નિશ્ચય થયો કે આ જ વાસ્તવમાં પાંચેય પાંડવ છે ત્યારે તે હાથ જોડીને નમસ્કાર કરીને યુધિષ્ઠિરથી બોલ્યા કે મહારાજ! આટલો સમય મને ખબર ન હતી કે આપ જ ધર્મપુત્ર છો. તેથી મારા આ મહાન અપરાધને ક્ષમા કરજો, પ્રભુ! મારા આ રાજ્યના આપ જ સ્વામી છો, હું તો તમારો નોકર બનીને રહીશ. મને નોકર બનીને રહેવામાં જ પ્રસન્નતા છે. ત્યારબાદ, વિરાટે ગોધનને એક વાડામાં બંધ કરાવીને પાંડવો સહિત મોટા ઉત્સવથી અને હર્ષ-પ્રકર્ષની સાથે નગરમાં પ્રવેશ કર્યો. વિરાટે યુધિષ્ઠિર આદિને વિનયપૂર્વક ત્યાં રહેવાની

પ્રાર્થના કરી અને અર્જુનને પોતાની સુશીલા પુત્રી સાથે લગ્નની ઈચ્છા પ્રગટ કરી અને કહ્યું કે પહેલાં મારી આ પુત્રીને જરાસિંધે પોતાના પુત્ર માટે ઘણીવાર માંગી હતી પણ મેં એને નથી આપી. તેથી પાર્થ! તમે એ રૂપ-ગુણયુક્ત કન્યા સાથે લગ્ન કરો. અર્જુને કહ્યું કે મહારાજ! સુભદ્રાના ગર્ભથી ઉત્પન્ન થયેલ મારે એક 'અભિમન્યુ' નામનો પુત્ર છે, તેની સાથે તમે તમારી યોગ્ય કન્યાના વિવાહ કરો. વિરાટે પાર્થની ઈચ્છાનુસાર શુભ ઘડી, શુભ મુહૂર્તમાં માંગલિક કાર્યો દ્વારા ઘણા ઠાટમાટથી અભિમન્યુના પોતાની પુત્રી સાથે લગ્ન કરાવી દીધા.

ત્યારબાદ, પાંડવોના બધા સમાચાર જ્યારે દ્વારિકા પહોંચ્યા ત્યારે ત્યાંથી બળભદ્ર, નારાયણ, પ્રદ્યુમ્ન, સુભાનુકુમાર આદિ વિરાટ નગરમાં આવ્યા તથા તેજસ્વી ધૃષ્ટકાર્જુન અને પ્રતાપશાળી શીખંડી પણ આવ્યા. તેમના સિવાય બીજા ઘણા રાજાઓ વિરાટ નગરમાં આવ્યા. વિવાહ બાદ પણ આવેલ રાજાઓ ઘણા દિવસ ત્યાં રોકાયા. ત્યારબાદ તે રાજાઓ વસ્ત્રાભૂષણ આદિ દ્વારા સન્માનિત થઈ પોતપોતાના નગર તરફ ચાલ્યા. બધાના ચાલ્યા ગયા પછી નારાયણ અને બળભદ્ર ત્રણ અક્ષૌહિણી સેના સહિત પાંડવોને લઈને ત્યાંથી દ્વારિકા આવ્યા અને તેઓ ત્યાં ઘણા પ્રેમથી આનંદપૂર્વક રહેવા લાગ્યા.

આ સમયે રાજા શ્રેણિકે ગૌતમસ્વામીને પ્રશ્ન કર્યોકે ભગવન્! અક્ષૌહિણીનું કેટલું પ્રમાણ હોય છે? ત્યારે પરમ કરુણાધારી ગૌતમસ્વામીએ કહ્યું કે જેમાં ૨૧૭૮૦ હાથી, ૨૧૭૮૦ રથ, ૬૫૬૧૦ ઘોડા અને ૧૦૯૩૫૯ પાયદા હોય. આ બધું મેળવીને એક અક્ષૌહિણી સેના કહેવાય છે.

દ્વારિકામાં રહેતા એક દિવસ અર્જુને નારાયણ કૃષ્ણને કહ્યું કે જુઓ! આ કૌરવો પાપની ખાણ છે, તેથી તેમનો અપયશ આખા સંસારમાં ફેલાઈ રહ્યો છે. એ લોકોએ અમને લાખના મહેલમાં રાખ્યા અને પછી એમાં આગ લગાડી. પુણ્યયોગથી એ મહા વિપત્તિમાંથી અમે માંડ માંડ બચી ગયા. પછી તેમણે ભારે અપરાધ એ કર્યો કે દુ:શાસને દ્રૌપદીના વાળ પકડીને તેને ઘસડી અને જબરદસ્તી તેને ઘરની બહાર કાઢી અને તેનું ઘોર અપમાન કર્યું. અર્જુનની આ વાત સાંભળીને મહામના કૃષ્ણ દાંતથી હોંઠને દબાવીને બોલ્યા કે વાસ્તવમાં દુર્યોધને આ ભારે નીચતા અને ક્ષુદ્રતાનું કામ કર્યું છે. એ દુષ્ટ કોઈ બંધુવર્ગને નથી ઈચ્છતો. તેનામાં જરાઈ પણ મહાનતા અને કુલીનતા નથી. એ દુષ્ટ પોતાના કૃત્યનું અવશ્ય ફળ ચાખશે એમાં કોઈ સંદેહ નથી. પાંડવો સાથે આ વિષય પર સારી રીતે ઉહાપોહ કરીને નારાયણે પોતાનું કર્તવ્ય નિશ્ચિત કર્યું. બરાબર છે કે જે કાર્ય પહેલાં તર્ક-વિતર્ક દ્વારા નિશ્ચિત કરી લેવામાં આવે છે તેમાં પછી અસફળ થવાની સંભાવના નથી રહેતી. તેમણે તરત જ એક ચતુર દૂત બોલાવ્યો અને તેને દુર્યોધન પાસે મોકલ્યો. દૂત હસ્તિનાપુર પહોંચીને દુર્યોધનને નમસ્કાર કરી બોલ્યો કે મહારાજ! હું દ્વારિકાથી આવ્યો છું અને હું એક દૂત છું. રાજન્! પૃથ્વી પર કોઈ એવો યોદ્ધા નથી કે જે પાંડવોને જીતી શકે! પછી તમે શું કામ તમારા કુળનો ઉચ્છેદ કરો છો? નારાયણ, બળભદ્ર, દ્રુપદ, પ્રદ્યુમ્ન આદિ અનેક બળધારી રાજાઓ પાંડવોના પક્ષમાં છે, તેમની સદાય સહાયતા કરવામાં સદાય તત્પર છે. તેથી યુદ્ધમાં એક ક્ષણ પણ તમે તેની સામે ઊભા રહી શકવા સમર્થ નથી. માટે તમે માન છોડીને તેમની સાથે સંધિ કરી લ્યો

અને પરસ્પર રાજ્યના અડધા-અડધા ભાગ પાડીને ઉપભોગ કરો, તેમાં જ તમારી ભલાઈ છે.

દૂતના આ વચનો સાંભળીને દુર્યોધને વિદૂરને કહ્યું કે હે તાત! તમે જ કહો કે આ સમયે અમારું શું કર્તવ્ય છે? કે જેથી અમે પૂરા રાજ્યના ભોક્તા બની શકીએ? દુર્યોધનની વાત સાંભળીને વિદૂરે કહ્યું કે જુઓ ભાઈ! જીવોને ધર્મથી જ સુખ મળે છે. અંકુશરહિત રાજ્ય પણ આ જ ધર્મનું પાલન કરવાથી મળે છે. ધર્મના પ્રભાવથી સમસ્ત અરિગણનો નાશ થાય છે, તેનાથી જ ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે. એ ધર્મ આત્માની વિશુદ્ધિ—મન-વચન-કાયની સરળતા રાખવાવાળાને જ થાય છે અથવા ક્રોધ, લોભ, માન આદિ ભાવોનો ત્યાગ કરવાથી થાય છે. તેથી તું ક્રોધ અને માનનો ત્યાગ કરીને તારી બુદ્ધિ ધર્મમાં લગાવ. વત્સ! જો તું તારો નિર્મળ યશ વધારવા ઈચ્છે છે તો સ્વયં જ પાંડવોને બોલાવીને વિનયથી તેમનું અડધું રાજ્ય તેમને આપી દે. તેમાં જ તારું હિત છે. વિદૂરની આ વાત સાંભળીને દુર્યોધનને ખૂબ જ ગુસ્સો આવ્યો. બરાબર છે કે જેનું ભવિતવ્ય સારું ન હોય તેને ધર્મનું સેવન સારું નથી લાગતુ, પરંતુ તેનાથી ઊંધું જ ગમે છે. એ જ અવસ્થા એ સમયે દુર્યોધનની થઈ ગઈ. વિદૂરની વાતથી તેનો ચહેરો લાલ થઈ ગયો અને તેણે ગર્વભર્યા શબ્દોમાં વિદૂરને કહ્યું કે હું જોઉં છું કે તમે સદાય પાંડવોના ગુણગાન કર્યા કરો છો તથા તેમનું જ ગૌરવ અને રાજ્ય ઈચ્છો છો. અમારું રાજ્ય તમે બિલકુલ ઈચ્છતા જ નથી. આપના હૃદયમાં સદાય માયાચાર જ ભરેલો રહે છે.

ત્યારબાદ, દુર્યોધને દૂતને અપમાનભર્યા વચનો કહીને સભામાંથી કાઢી મૂક્યો. અપમાનિત થયેલો દૂત પાંડવો અને યાદવો પાસે દ્વારિકામાં આવ્યો અને આવીને દુર્યોધનના બધા સમાચાર આપ્યા. તેણે કહ્યું કે રાજન્! કૌરવો ઘણા જ દુષ્ટ અને નીચ છે. તેઓ ઘણા ક્ષુદ્ર વિચારના માણસો છે, તમારા ઉપર ઘણા નારાજ છે, સંધિ કરવા માગતા નથી. આ સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું કે કાંઈ પણ હોય પણ આપણે તો આપણી નીતિ અનુસાર દૂતને મોકલીને અપયશથી દૂર થઈ ગયા. તરત જ પાંડવો કૌરવો ઉપર ચડાઈ કરવાની તૈયારીમાં લાગી ગયા.

પહેલાં તો પુણ્યશાળી પાંડવો પૃથ્વીપર ગુપ્તવેષધારીને વિરાટ નગરમાં આવ્યા. ત્યાં જઈને તેમણે કૌરવોથી લડાઈ કરી અને ત્યાંથી પ્રજાનું ગો-ધન છોડાવ્યું, યાદવોથી મેળાપ થયો અને તેમની સહાયતા મળી—એ બધું શું છે?–ધર્મનું જ ફળ છે. ધર્મના જ ફળમાં જીવોને બધો સમાગમ થાય છે, સુંદર શરીરની પ્રાપ્તિ થાય છે, મનને મોહિત કરવાવાળી સુંદર-સુંદર સ્ત્રીઓની પ્રાપ્તિ થાય છે તથા આજ્ઞાકારી પુત્ર-પૌત્રાદિની પ્રાપ્તિ થાય છે, સંપત્તિ મળે છે અને બીજું તો શું પણ મોક્ષની પ્રાપ્તિ પણ ધર્મનું જ ફળ છે. તેથી, ગ્રંથકારનું કહેવું છે કે હે ભવ્ય જીવો! આવા ધર્મનું મન-વચન-કાયથી યથાશક્તિ પાલન કરો. પોતાનો એક સમય પણ ધર્મ વિના ન જવા દ્યો!

**॥ અધ્યાય ઓગણીસમો સમાપ્ત ॥**

# અધ્યાય વીસમો

હું એ અનંતનાથ સ્વામીને નમસ્કાર કરું છું કે જે અનંતગુણોના સ્વામી છે, જે સંસારરૂપી સમુદ્રમાંથી પાર કરવા માટે સેતુ સમાન છે, જે અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય અને અનંત સુખના અધિપતિ છે એ પ્રભુ મને આ ચતુષ્ટયની પ્રાપ્તિમાં સાધક બને.

ત્યારબાદ, વિદુર સંસારથી વિરક્ત થઈને તેની ક્ષણભંગુરતા ઉપર વિચાર કરવા લાગ્યા. તેમણે વિચાર્યું કે સંસારમાં જેટલી પણ સંપત્તિ, પ્રભુતા અને વિષયજન્ય સુખ છે તેમાંથી કાંઈ પણ નિત્ય નથી. બીજી વાત એ પણ છે કે એ ત્રણેમાંથી પ્રત્યેક વસ્તુ અનર્થ કરવાવાળી છે. આ ઈન્દ્રિયજન્ય સુખ, સુખ નહીં પરંતુ દુઃખ છે; તોપણ આ મોહી જીવ તેને પ્રાપ્ત કરવા માટે તેમાં સંલગ્ન થઈ જાય છે. આવા વિષયજન્ય સુખને ધિક્કાર છે કે જેના માટે પિતા પુત્રને અને પુત્ર પિતાને, મિત્ર મિત્રને અને ભાઈ ભાઈને મારી નાખે છે. આ કૌરવો અધર્મરૂપી ચંડાળના મળથી મલિન થઈ રહ્યા છે, હેયોપાદેયનું કાંઈ પણ ભાન નથી. તે પોતાની અનીતિને કારણે લડાઈમાં અવશ્ય પ્રાણ ગુમાવશે. તેથી હવે હું એ કાંઈ જોવા નથી ચાહતો. આ પ્રકારે વિચાર કરીને અને કૌરવોને કહીને વિદુરે વનનો રસ્તો લીધો. ત્યાં જઈને તેમણે પવિત્રાત્મા વિશ્વકીર્તિ મુનિરાજને પ્રણામ કર્યા અને તેમનાથી ધર્મનો ઉપદેશ સાંભળ્યો. ત્યારબાદ, એ જ મુનિરાજથી દીક્ષા ધારણ કરી લીધી અને એ મુનિરાજ વિદુર વિહાર કરવા લાગ્યા.

એક દિવસ એક ચતુર પુરુષ રાજગૃહીના અધિપતિ રાજા જરાસિંઘ પાસે આવ્યો અને રાજાને રત્નાદિ ભેટમાં આપ્યા અને પછી જરાસિંઘે પૂછ્યું તું ક્યાંથી આવ્યો છે? ઉત્તરમાં તેણે કહ્યું કે રાજન્! હું આપના દર્શનની ઈચ્છાથી દ્વારિકાથી ચાલીને અહીં આવ્યો છું. પછી જરાસિંઘે પૂછ્યું કે એ નગરીનો રાજા કોણ છે? ઉત્તરમાં તેણે કહ્યું કે રાજન્! નેમિપ્રભુજીની સાથે સાથે શ્રીકૃષ્ણ-નારાયણ એ નગરીના રાજા છે. ત્યાં યાદવોનું રાજ્ય છે એ સાંભળતાં જ તે ક્રોધથી લાલ થઈ ગયો. તે અચાનક જ પ્રલયકાળના વાયુથી ક્ષોભિત થવાવાળા સમુદ્રની જેમ સેના સાથે લઈને યુદ્ધ કરવા માટે દ્વારિકા ચાલી નીકળ્યો.

આ બાજુ અકારણ જ યુદ્ધ છેડાયેલું જોઈને નારદજીને ખૂબ જ પ્રસન્નતા થઈ અને તેમણે તરત જ જરાસિંઘના ક્ષોભિત થવાના સમાચાર શ્રીકૃષ્ણને આવીને આપ્યા. એ સમાચાર સાંભળીને કૃષ્ણ નેમિપ્રભુ પાસે ગયા અને સામે ઊભા રહીને પ્રભુને પૂછ્યું કે પ્રભો! આ યુદ્ધમાં આપણી જીત થશે કે નહીં? ઈન્દ્રો દ્વારા સેવનીય પ્રભુએ શબ્દો દ્વારા કાંઈ પણ જવાબ ન આપીને થોડા હસ્યા. પ્રભુની આ ચેષ્ટા જોઈને શ્રીકૃષ્ણ પોતાનો નિશ્ચિત વિજય સમજીને યુદ્ધ કરવા માટે તૈયાર

થઈ ગયા. બરાબર છે કે મોઢાની ચેષ્ટા અંતરંગ ભાવોને સ્પષ્ટ કરી દે છે. શ્રીકૃષ્ણની સાથે બીજા પણ ઘણા યાદવોના વીર રાજા શત્રુનો વિધ્વંસ કરવા માટે યુદ્ધસ્થળમાં ઊતરી પડ્યા. તે રાજાઓ આ હતા : બળદેવ, સમુદ્રવિજય, વસુદેવ, અનાવૃષ્ટિ, પાંચેય પાંડવ, પ્રદ્યુમ્ન, ધૃષ્ટકાર્જુન, સત્યકી, જય, ભૂરીશ્રવ, ભૂપ, સારણ, હિરણ્યગર્વ, શંબ, અક્ષોભ્ય, વિદભરથ, ભોજ, સિંધુપતિ, વજ્ર, દ્રુપદ, પૌંડ, નારદ, વૃષ્ટિ, કપિલ, ક્ષેમધૂર્તક, મહાનેમિ, પદ્મરથ, અક્રૂર, નિષધ, દુર્મુખ, ઉન્મુખ, કૃતવર્મા, વિરાટ, બાહુ, કૃષ્ણક, વિજય, યવન, ભાનુ, શિખંડી, સોદત્તક અને વાહ્લિક આદિ રાજા હતા.

એટલામાં જ જરાસિંઘનો એક દૂત દુર્યોધન પાસે આવ્યો અને ત્યાં આવીને પહેલાં તો તેણે દુર્યોધનને નમસ્કાર કર્યા અને પછી જરાસિંઘનો અભિમત કહ્યો. તેણે કહ્યું કે જેણે દુર્ધર બળવાન જરાસિંઘના જમાઈ કંસને માર્યો તથા મુષ્ટિપ્રહારથી ચાણુરને ચકનાચૂર કરી નાખ્યો તથા જેણે ગોવર્ધન પર્વતને ઉપાડ્યો, જે સર્પોનું મર્દન કરવાવાળો છે એવો બળવાન ગોપાલ-કૃષ્ણ સંસારમાં વિખ્યાત છે તથા જે યાદવગણ યુદ્ધમાં ભાગીને અગ્નિમાં બળી ગયા હતા એવું સાંભળ્યું હતું તે બધા જીવિત છે અને પશ્ચિમી સમુદ્રમાં નિવાસ કરે છે. આ બધા સમાચાર ત્યાંથી જ આવેલા એક વેપારીએ જરાસિંઘને રત્ન આદિ ભેટ આપીને કહ્યા છે. આ વાત સાંભળીને જરાસિંઘને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે એ જ સમયે પોતાના પક્ષના રાજાઓની પાસે દૂત મોકલીને ભેગા કરી લીધા છે. તેથી મહારાજ! તમને પણ બોલાવવા માટે ચક્રવર્તીએ મને મોકલ્યો છે. તેથી તમે ચાલવાની શીઘ્ર તૈયારી કરો તથા તમારા વીર ભાઈઓ અને પુત્ર તથા બધી સેના સાથે લઈને ચાલો. દુર્યોધન દૂતના વચન સાંભળીને રોમાંચિત થઈ ગયો. તે મનમાં ઘણો પ્રસન્ન થયો. તેણે દૂતને વસ્ત્રાભૂષણ આપીને પ્રસન્નતાપૂર્વક પોતાને ત્યાંથી વિદાય કર્યો. તે વિચાર કરવા લાગ્યો કે જે કાર્ય હું પોતે કરવા માગતો હતો તેને ચક્રવર્તી પોતે કરી રહ્યા છે એ ખૂબ જ ઉત્તમ વાત છે.

ત્યારબાદ, દુર્યોધને એ જ સમયે રણભેરી વગડાવી દીધી જેને સાંભળીને યુદ્ધ કરવાની ઈચ્છાવાળા વીરોના હૃદયમાં વીરતાની ઉમંગ ઉમડવા લાગી અને કાયર લોકો ડરવા લાગ્યા. આ રીતે હાથી, ઘોડા, રથ, પાયદા આદિ ચતુરંગ સેના સજાવી તે દુર્યોધન આકાશને ઘોડાના પગથી ઉડતી ધૂળથી ધૂસરિત કરતો રાજગૃહી તરફ ચાલ્યો અને ત્યાં પહોંચીને જરાસિંઘની સેનામાં ભળી ગયો. જરાસિંઘે કર્ણ સહિત તે બધાનો ઘણો આદર સત્કાર કર્યો.

ત્યારબાદ, એક ચતુર દૂતને બોલાવીને જરાસિંઘે તેને યાદવો પાસે દ્વારિકા મોકલ્યો. દૂત ત્યાં જઈને કહેવા લાગ્યો કે ચક્રવર્તી જરાસિંઘ તમારા બધા ઉપર એ આજ્ઞા કરે છે કે તમે બધા તમારા દેશને છોડીને કેમ અહીં રહો છો? મને સમુદ્રવિજય અને વસુદેવથી ઘણો પ્રેમ છે પછી તમે બધા પોતાને છૂપાવીને અહીં કેમ રહો છો? હજી પણ કાંઈ બગડ્યું નથી. તમે લોકો ગર્વ છોડીને મારા ચરણોની સેવા કરો તેમાં જ તમારી કુશળતા છે. દૂતના મોઢે જરાસિંઘની આ આજ્ઞા સાંભળીને બળભદ્ર ગુસ્સામાં આવીને બોલ્યા કે દૂત તમે જાઓ અને તારા રાજાને કહી દો કે શ્રીકૃષ્ણને છોડીને સંસારમાં કોઈ બીજો ચક્રવર્તી નથી કે જેના ચરણોની સેવા કરવામાં આવે.





Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

બળભદ્રના આ વચનો સાંભળીને પોતાના હોઠને દાંતથી દબાવતો ફરી બોલ્યો કે જે બળવાનના ડરથી તમે સમુદ્રની વચ્ચે રહેવા લાગ્યા છો તેના ચરણોની સેવા કરવામાં શું દોષ છે? પછી જેવી તમારી ઈચ્છા. પરંતુ હું કહી જાઉં છું કે એ બળવાન તમારા આ ગર્વને સહન નહીં કરી શકે. તે તરત જ મુકુટબદ્ધ રાજાઓ સહિત અગિયાર અક્ષૌહિણી સેના લઈને તમારી ઉપર ચડાઈ કરવા આવ્યા છે, તમે સાવચેત રહેજો.

દૂતના આવા કઠોર વચનો સાંભળીને ભીમ ક્રોધિત થઈને બોલ્યો કે આ અનર્ગળ બોલવાવાળા દૂતને અહીંથી કાઢી મૂકો. દૂત આ વાત સાંભળીને સરોષ ત્યાંથી ચાલી નીકળ્યો અને જરાસિંઘની પાસે પહોંચીને તેને બધા સમાચાર કહી સંભળાવ્યા. તેણે કહ્યું કે મહારાજ! તે લોકો પોતાના ગર્વમાં આવીને તમને કાંઈ સમજતા જ નથી. દૂતની આ વાત સાંભળીને તેને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેણે એ જ સમયે રણભેરી વગડાવી જે સાંભળીને વીર યોદ્ધાઓ ખૂબ પ્રસન્ન થયા અને એ રીતે બધા રાજાઓની સાથે તે ત્યાંથી ચાલવા તૈયાર થયો. ભૂમિગોચરી વિદ્યાધર રાજાઓની વચ્ચે એ એવો શોભતો હતો જેવી રીતે નક્ષત્રોની વચ્ચે ચંદ્રમા! એ સિવાય બીજા પણ ઘણા રાજાઓ તેની સાથે થયા. એમના નામ હતા : દ્રોણ, ભીષ્મ પિતામહ, રુધિર, ઈન્દ્રસેન, દુર્યોધન, દુઃશાસન, દુર્મર્ષણ, કલિંગ આદિ રાજા મહારાજાઓની સાથે જરાસિંઘ પગથી ભૂમિને કંપાવતો કુરુક્ષેત્રના યુદ્ધસ્થળમાં પહોંચ્યો. તેના ત્યાં પહોંચવાના સમાચાર સાંભળીને કેટલાક રાજા તો પોતાના જીવની આશા છોડીને જિનેન્દ્રદેવનું પૂજન કરવા લાગ્યા, કેટલાક ગુરુની નજીક અહિંસા આદિ અણુવ્રત ધારણ કરવા લાગ્યા, કેટલાક વીર રાજા પોતાના સેવકોને કહેવા લાગ્યા કે હવે શું વિચાર કરો છો? સ્ત્રી-પુત્ર, ભાઈ, મિત્રથી મોહ છોડીને હાથમાં યમરાજની તલવાર પકડો, ધનુષ પર બાણ ચઢાઓ, હાથીને તૈયાર કરો, રથમાં ઘોડાને જોડો.

એટલામાં શ્રીકૃષ્ણએ પોતાનો દૂત રાજા કર્ણ પાસે મોકલ્યો. તે ત્યાં જઈને ભક્તિભાવથી નમસ્કાર કરી બોલ્યો કે મહારાજ! મારું એક નિવેદન છે અને હું નારાયણ કૃષ્ણના કહ્યા અનુસાર કહું છું તે એ છે કે તમને આ યુદ્ધમાં જે બરાબર લાગે તેમ જ કરજો. પરંતુ કહેવાનું એમ છે કે થોડા સમય પછી કૃષ્ણ-નારાયણ ચક્રવર્તી બનશે–એ જિનેન્દ્ર ભગવાનનું કહેલું વાક્ય છે કે જે જિનેન્દ્ર ક્યારેય પણ અન્યથાવાદી નથી હોતા. તેથી રાજન્! તમે કુરુજાંગલ દેશનું રાજ્ય ગ્રહણ કરો, વ્યર્થના આ લડાઈ ઝઘડામાં ફસાવ નહીં. તમે વિદ્વાન પાંડુના પુત્ર છો અને કુંતીના ઉદરથી તમે જન્મ ગ્રહણ કર્યો છે, તેથી પાંચે પાંડવ તમારા સહોદર ભાઈ છે. આ પ્રકારે દૂતના વચનો સાંભળીને કર્ણે કહ્યું કે હે દૂત! તું મારી વાત સાંભળ. ન્યાય-નીતિ અનુસાર મારું હવે આમથી તેમ જવું ઉચિત પ્રતીત થતું નથી. ન્યાય તો એમ કહે છે કે યુદ્ધ ચાલુ થયા પછી પાછા ફરવું યોદ્ધાઓનું કામ નથી. જે લોકો આવું કરે છે એ યોદ્ધા નથી પણ કાયર છે, તેમની સંસારમાં અપકીર્તિ થાય છે. એ તો પ્રસિદ્ધ વાત છે કે સુસેવિત રાજાના યુદ્ધના સમયમાં તો ભૃત્યગણ પણ સાથ નથી છોડતા તો મારા જેવા પ્રબળ વીર માટે તો આ વાત ક્યાં સુધી ઉચિત કહેવાય? હાઁ, હું એ જરૂર

કરી શકું કે યુદ્ધ બંધ થયા પછી પાંડવોને કૌરવો પાસેથી અડધું રાજય અવશ્ય અપાવી દઈશ. તેથી હે દૂત! તું તારા સ્વામીને મારી આ વાત સમજાવીને કહી દે.

તેની આ વાત સાંભળીને દૂત ત્યાંથી જરાસિંઘ પાસે ગયો. જરાસિંઘ એ સમયે કૌરવોની સાથે સભામાં બેસીને વિચારણા કરી રહ્યો હતો. દૂતે ત્યાં પહોંચીને જરાસિંઘને નમસ્કાર કર્યા અને નિવેદન કર્યું કે મહારાજ! તમે યાદવો સાથે સંધિ કરી લો એમાં જ શાંતિ છે, નહીં તો આ જિનેન્દ્ર ભગવાનની વાણી છે કે આ મહાસંગ્રામમાં શ્રીકૃષ્ણના હાથે તમારું મૃત્યુ થશે અને ગંગાસૂત પિતામહનું મૃત્યુ શિખંડીના હાથે થશે અને દ્રોણાચાર્યનું મૃત્યુ ધૃષ્ટકાર્જુનના હાથે થશે. એવી જ રીતે શલ્યનું મૃત્યુ યુધિષ્ઠિરના હાથે થશે, જયદ્રથનું મૃત્યુ અર્જુનના હાથે અને કૌરવપુત્રોનું કુમાર અભિમન્યુના હાથે મૃત્યુ થશે. આ વચનોમાં તીલ-તુષમાત્ર પણ જૂઠ નથી. કારણ કે ભવિતવ્ય જ એવું છે જેને કોઈ રોકવવાળું નથી. આટલું કહીને તે દૂત તરત પાછો દ્વારિકા આવી ગયો. ત્યાં આવીને તેણે શ્રીકૃષ્ણ મહારાજને નમસ્કાર કર્યા અને નિવેદન કર્યું કે મહારાજ! જરાસિંઘની સેના કુરુક્ષેત્રમાં પહોંચી ગઈ છે. કર્ણને કોઈ રીતે સમજાવવા છતાં આ બાજુ આવવા તૈયાર નથી. તેથી મહારાજ! હવે તમારે પણ મહાયુદ્ધમાં કુરુક્ષેત્રમાં પહોંચીને શત્રુઓ સાથે લડાઈ કરવી જ પડશે.

ત્યારબાદ, શ્રીકૃષ્ણે રણભેરી વગડાવી દીધી અને પોતાના પાંચજન્ય શંખને લઈને શંખનાદ કર્યો કે જેથી આખું આકાશ ગુંજાયમાન થઈ ગયું. આ રીતે, રણભેરી વગડાવીને કૃષ્ણ ચતુરંગ સેના સહિત કુરુક્ષેત્ર તરફ ચાલી નીકળ્યા. એ સમયે એવો લાગતો હતો કે જાણે પૃથ્વીમંડળની સાથે સાથે નહેરો વહેતી ચાલવા લાગી છે. એ સમયે કૃષ્ણની સેનાના ગમનથી બધે જ ધૂળ ધૂળ દેખાવા લાગી જેથી તમામ આકાશ ધૂળમય થઈ ગયું. તેથી તે સમયે સૂર્યનો પ્રકાશ પણ મંદ થઈ ગયો. આ રીતે, કૃષ્ણની અપાર સેનાથી ત્યાંનું પૃથ્વીમંડળ પરિપૂર્ણ ભરાઈ ગયું. સેનાના હાથી, ઘોડા અવાજ કરવા લાગ્યા. વાજાઓના તીવ્ર અવાજથી દશે દિશાઓ ગુંજાયમાન થઈ ગઈ. ત્યાં પહોંચીને શ્રીકૃષ્ણએ પોતાનો ડેરો કુરુક્ષેત્રના બહારના ભાગમાં લગાવી દીધો.

આ બાજુ જરાસિંઘની સેનાને ગમન કરતાં અશુભસૂચક કંઈક અપશુકન થયા. જેમકે ગમન કરતાં સમયે ભય ઉત્પન્ન કરવાવાળું સૂર્યગ્રહણ થવું. સમય વિના અથાહ વરસાદ થવો, સેનાના ધ્વજા ઉપર સૂર્ય તરફ મોઢું કરીને કાગડાનું બોલવું જેને જોઈને દુર્યોધનના મનમાં થોડી ચિંતા થઈ. તેણે તરત એક ચતુર મંત્રીને બોલાવીને પૂછ્યું કે મંત્રિવર! આ અપશુકન કેમ દેખાય છે? આના જવાબમાં મંત્રીએ કહ્યું કે રાજન્! દક્ષિણના જેટલા બળવાન રાજાઓ હતા તે બધા નારાયણના ચાકર થઈ ગયા છે. બીજાની વાત તો જવા દો પણ એમાંથી અર્જુન જ એક એવો યોદ્ધા છે કે જે બધાને મારી નાખવા સમર્થ છે. તેણે પહેલી લડાઈમાં વીરતાનો ખોટો દમ મારવાવાળા યોદ્ધાઓને મારી નાખ્યા હતા. આનો મતલબ એ છે કે નારાયણને કોઈ મનુષ્ય કે દેવતા જીતવામાં સમર્થ નહીં થઈ શકે. તેના પક્ષમાં બળભદ્ર પણ છે જે પોતાના મૂશળ અને હળના મારથી વેરીઓના છક્કા છોડાવે છે. વીર પ્રદ્યુમ્ન પણ એ બાજુ સમ્મિલિત છે કે જેને શત્રુનો વિઘાત કરવાવાળી

પ્રજ્ઞપ્તિ આદિ ઘણી વિદ્યાઓ સિદ્ધ છે. તે બળવાન યોદ્ધા પણ અજેય છે કે જે શત્રુઓને વાત વાતમાં ધરાશાયી કરવામાં સમર્થ છે. એ સિવાય હરિની સેનામાં બીજા પણ બળવાન વિદ્યાધર છે કે જે લડાઈની ઈચ્છાથી આમતેમ ફરી રહ્યા છે. રાજન્! કૃષ્ણ પાસે સાત અક્ષૌહિણી સેના છે.

મંત્રીના મોઢે સાંભળેલા બધા સમાચાર દુર્યોધને જરાસિંઘને કહ્યા પણ તેણે એ સમયે કાંઈ ધ્યાન જ ન આપ્યું. **બરાબર જ છે કે ભવિતવ્ય અનુસાર જ જીવોના પરિણામ અને ક્રિયા થઈ જાય છે.** તેણે એ સમયે ક્રોધના આવેશમાં કહ્યું કે શું ગરુડ સામે સર્પ ઊભો રહી શકે છે? અથવા સૂર્યની સામે અંધકાર ટકી શકે છે?–ક્યારેય નહીં. એવી જ રીતે આ બધા રાજાઓ શું મારી સામે ઊભા રહી શકશે ખરા? આમ કહીને તે ત્રણ ખંડનો અધિપતિ જરાસિંઘ હાથમાં પ્રચંડ ધનુષ-બાણ લઈને યુદ્ધસ્થાન તરફ રવાના થયો. પછી તો શું વાત હતી! અન્ય રાજાઓ પણ યુદ્ધ કરવા માટે ચાલી નીકળ્યા. એ સમયે પણ સેનામાં ચાલવાથી ઉડેલી ધૂળ વ્યાપ્ત થવાથી સૂર્ય ઢંકાઈ ગયો અને દિવસમાં જ અંધારું દેખાવા લાગ્યું.

ત્યારબાદ, યુદ્ધસ્થળમાં પહોંચીને જરાસિંઘે સેનામાં ચક્રવ્યુહની રચના કરી તો આ બાજુ કૃષ્ણએ પોતાની સેનામાં તાર્ક્ષ્યાવ્યુહની રચના કરી. એ સમયે બંને તરફની સેનામાં ધૂળ જ ધૂળ દેખાવા લાગી જેથી બધી જગ્યાએ ઘોર અંધકાર છવાઈ ગયો. અંધકાર છવાઈ જવાથી કાગડાઓને લાગ્યું કે રાત થઈ ગઈ છે. તેથી તેઓ પોતાના માળામાં જતા રહ્યા અને ઘુવડ આમ તેમ ઘૂ ઘૂ કરતાં ઉડવા લાગ્યા. થોડી જ વારમાં સેનાઓમાં ઘનઘોર યુદ્ધ પ્રારંભ થઈ ગયો. સુભટ લોકો પોતપોતાની તલવાર કાઢીને એકબીજાને મારતા હતા. કોઈ ભાલાની તીક્ષ્ણધારથી દુશ્મનના મસ્તક છેદતા હતા, કોઈ સુભટ ગર્જના કરતો શત્રુઓના હૃદયને ભેદતો હતો. કોઈ હાથીઓના કુંભસ્થળોને વિદીર્ણ કરી એમાંથી નીકળતી રુધિરની ધારા દ્વારા દિશાઓને લાલ કરતાં હતા. આ સમયે અર્ધચક્રીની સેનાએ નારાયણની સેનાનું કંઈક બળ ઓછું કરી નાખ્યું કે જેવી રીતે જળનો પ્રવાહ અગ્નિને શાંત કરી નાખે. આ જોઈને શંબુકુમાર પોતાની સેનાને ધૈર્ય બંધાવતો પોતે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો અને તેણે પોતાના પરાક્રમથી લડાઈમાં ઘુસતા જ શત્રુની સેનાને વેર-વિખેર કરી નાખી. એટલામાં જ શુંબુકુમારની સાથે લડવા માટે ક્ષેમવિદ્ધ નામનો એક વિદ્યાધર ઊભો થયો. શંબુકુમારે તેને વાતવાતમાં જ રથભ્રષ્ટ કરી નાખ્યો. એ તો આ પ્રકારે પોતાની દુર્દશા જોઈને પોતાની જાત બચાવીને ત્યાંથી ભાગી ગયો અને કોઈ બીજો વિદ્યાધર લડવા માટે ફરી તૈયાર થયો અને તે પણ તીક્ષ્ણ તલવારોથી યુદ્ધ કરવા લાગ્યો પરંતુ તેને પણ તેણે ભગાવી દીધો.

ત્યારબાદ, શત્રુઓને રણમાં પછાડવાવાળો કાળ-સમાન ભયંકર કાળસંવર નામનો રાજા ઘણા ઠાટમાટથી લડવા માટે યુદ્ધાંગણમાં ઉતર્યો. તેને આ રીતે યુદ્ધમાં ઉતરતા જોઈ પ્રદ્યુમ્ને શંબુને પાછળ કરી પોતે બાણોની વર્ષા કરતો આગળ આવ્યો અને કહ્યું કે પૂજ્ય! તમે અમારા પિતા સમાન છો તેથી તમારી સાથે લડવું મને ઉચિત નથી લાગતું; તેથી કૃપા કરીને તમે પાછા ચાલ્યા જાવ. તેના ઉત્તરમાં કાળસંવરે કહ્યું કે પ્રદ્યુમ્ન! તું આવું ન બોલ, આપણે ક્ષત્રીય છીએ. ક્ષત્રિયોનું એ

કર્તવ્ય નથી કે એ રણમાં પીઠ દેખાડીને ભાગી જાય. તને ખબર છે કે સાચા સેવક એ જ કહેવાય છે કે જે જી-જાનથી સ્વામીને કામ આવે. તેથી વીર! તારે સંગ્રામમાં આવા વચન કહેવા યોગ્ય નથી. આ સમયે તું નિઃશંક થઈને ધનુષનું સંધાન કર. તેની આ વાત સાંભળીને પ્રદ્યુમ્ને પ્રજ્ઞપ્તિ બાણ છોડ્યું અને તેનાથી કાળસંવરને બાંધીને પોતાના રથમાં બેસાડી દીધો. આ જોઈ શલ્ય વિદ્યાધર પ્રદ્યુમ્નની સાથે લડવા માટે તૈયાર થયો. પ્રદ્યુમ્નએ તેને આવતાં જ તેના રથને છેદી નાખ્યો ત્યારે તે બીજા રથ ઉપર સવાર થઈને પ્રદ્યુમ્ન સાથે લડવા આવ્યો. એટલામાં શિશુપાલનો નાનોભાઈ પણ પ્રદ્યુમ્ન સાથે લડવા માટે તૈયાર થઈ ગયો. તેણે આવતાં જ પ્રદ્યુમ્નને મારવા માટે એક એવું બાણ છોડ્યું કે જેથી તેને મૂર્છા આવી ગઈ અને તે પૃથ્વી ઉપર પડી ગયો. અવસર પામીને તેણે તેનો રથ પણ તોડી નાખ્યો. અવસર પામીને પ્રદ્યુમ્નનો સારથી ત્યાંથી ભાગવાનો રસ્તો ગોતવા લાગ્યો. એટલામાં પ્રદ્યુમ્નની મૂર્છા દૂર થઈ ગઈ અને તેણે સારથીને કહ્યું કે તું ભય ન કર. જો તું રણથી ભાગી ગયો તો પાંડવ, કૃષ્ણ આદિ કોઈની સામે મોઢું દેખાડવા લાયક નહીં રહે, પછી આ દુઃખદાયી અશુચિ શરીરથી શું સિદ્ધ થશે. તેથી આ શરીરને જે સરસ આહાર કરાવ્યો છે તેનો શું લાભ થશે? સારથીને આમ કહીને તે શીઘ્ર બીજા રથ પર બેસીને સમરક્ષેત્રમાં આવી ગયો અને પરસ્પર ફરી યુદ્ધ શરૂ થઈ ગયું. તે બંનેને યુદ્ધ કરતાં જોઈને કૃષ્ણના હૃદયમાં કાંઈક શલ્ય ઉત્પન્ન થઈ ગયું તેથી તે બંનેની વચ્ચે આવી ગયા. એટલામાં શલ્ય નામનો વિદ્યાધર એમ કહેતો કે હમણાં હું આ બધા યોદ્ધાઓને નષ્ટ કરી નાખું છું, રણાંગણમાં આવ્યો અને પોતાના બાણો દ્વારા આકાશમંડળને ઢાંકી દીધું જેથી ત્યાં અંધારું જ અંધારું દેખાવા લાગ્યું. એ અંધારામાં કોઈને ન તો નારાયણ દેખાતા હતા અને ન તો એમનો સારથી. પરંતુ બાણોની વચ્ચે ફસાયેલા કૃષ્ણ દેખાતા હતા કે જેના જીવનનું જ સંશય લાગતું હતું અને એ જ અવસ્થા તેના સારથીની હતી.

એટલામાં જ એક માયામયી મનુષ્ય કે જેનું શરીર ખૂનથી લાલ થઈ રહ્યું હતું અને થરથર ધ્રુજતો હતો તે ત્યાં આવ્યો અને બોલ્યો કે હે કૃષ્ણ! તમે શા માટે વ્યર્થમાં સંગ્રામ કરો છો? આ બાજુ જરાસિંઘે તમારા પ્રિય પાંડવ, યાદવ અને બળભદ્રને નષ્ટ કરી નાખ્યા છે. એટલું જ નહીં પણ તેણે બીજા પણ મોટા યોદ્ધાઓને કાળનો કોળિયો બનાવી દીધા છે અને તમારી દ્વારિકા પર કબ્જો જમાવી દીધો છે અને દ્વારિકામાં આનંદથી રહેવાવાળા સમુદ્રવિજય આદિ રાજાઓને પંચમગતિ પ્રાપ્ત કરાવી દીધી છે. તેથી હે નાથ! હવે તમે શા માટે તમારા પ્રાણ ખોવો છો? જો તમને સુખી રહેવાની ઈચ્છા છે તો તમે શીઘ્ર રણથી ભાગી જાવ. તેની આ વાત સાંભળીને કૃષ્ણને ખૂબ જ ગુસ્સો આવી ગયો. એ બોલ્યો કે હે દુષ્ટ! મારા જીવતા કોની તાકાત છે કે તે યાદવોને યમપુર પહોંચાડી શકે? કૃષ્ણના આવા રોશભર્યા વચનો સાંભળીને એ માયામયી પુરુષ ત્યાંથી તરત જ ભાગી ગયો. ત્યારબાદ, કૃષ્ણ હાથમાં ધનુષ-બાણ લઈને શત્રુઓની તરફ ચાલ્યા. રસ્તામાં તેને એક વિકરાળ મૂર્તિ નિશાચર દેખાયો. તે કૃષ્ણને જોઈને બોલ્યો કે હે કૃષ્ણ! તમે ઉપર આકાશમાં તો જુઓ. તમે અહીં લડાઈ કરો છો અને ત્યાં વસુદેવ લડાઈમાં માર્યા ગયા છે જેથી બધા જ વિદ્યાધર સમરભૂમિ છોડીને જવા

તૈયાર થઈ ગયા છે. આમ કહીને તેણે છળથી વૃક્ષબાણ છોડ્યું જેને કૃષ્ણએ અગ્નિબાણ દ્વારા તરત જ બાળીને ભસ્મ કરી નાખ્યું. ત્યારબાદ, એ નિશાચરે પત્થર, પહાડ વરસાવવાળું ક્ષ્માભૃત નામનું બાણ છોડ્યું. તેને પણ હરિએ વજ્રબાણથી નષ્ટ-ભ્રષ્ટ કરી નાખ્યું. અંતમાં એ નિશાચર કૃષ્ણનો પ્રતાપ સહન ન કરી શકવાથી ત્યાંથી ભાગી ગયો. આ પ્રકારે કૃષ્ણની અનુપમ શક્તિને જોઈને ઉપરથી દેવોએ તથા મનુષ્યોએ હૃદયથી તેની પ્રશંસા કરી. એ જ સમયે એ વિદ્યાધર કે જે નિશાચર બનેલો હતો, કૃષ્ણને નમસ્કાર કરીને બોલ્યો કે હે નરેન્દ્ર! જ્યાં સુધી હું આ વિદ્યાધર સાથે લડું છું ત્યાં સુધીમાં તમે ચક્ર દ્વારા જરાસિંઘનું શિરછેદ કરી આવો અને સંસારમાં તમારી ધવલકીર્તિનો પ્રસાર કરો. વ્યર્થમાં બીજાને મારવાનું શું પ્રયોજન? એ વિદ્યાધરની વાત સાંભળીને કૃષ્ણએ ક્રોધમાં આવીને કહ્યું કે જ્યાં સુધી હું આને ન જીતી લઉં ત્યાં સુધી જરાસિંઘ કેવી રીતે જીતાય? આમ કહીને કૃષ્ણએ ક્રોધમાં આવીને વિદ્યાધરને યમલોક પહોંચાડી દીધો. આ રીતે કૃષ્ણને વિજયલક્ષ્મીનો સ્વામી જોઈને ઉપરથી દેવોએ હર્ષથી પ્રફુલ્લિત થઈએ ફૂલની વર્ષા કરી.

ત્યારબાદ, ચક્રવ્યુહ છેદવાની પ્રતિજ્ઞા કરીને કૃષ્ણ પોતાની સાથે ત્રણ શૂરવીરોને લઈને જરાસિંઘને ત્યાં ગયો અને ત્યાં જઈને તેનું ચક્રવ્યૂહ છેદી નાખ્યું કે જેવી રીતે વજ્ર પહાડને તોડી નાખે. આ જોઈને જરાસિંઘને ખૂબ જ ક્રોધ આવ્યો. તેણે ક્રોધના આવેશમાં આવીને તરત જ શત્રુઓનો નાશ કરવા માટે દુર્યોધનાદિ ત્રણ યોદ્ધાઓને મોકલ્યા. આ સમયે દુર્યોધનની સાથે અર્જુન, વિરુપ્યની સાથે રથનેમિ અને હિરણ્યનાભની સાથે યુધિષ્ઠિર–આ ત્રણ યુગલોનું પરસ્પર યુદ્ધ થવા લાગ્યું. તેણે ઘણા સમય સુધી ધમાસાન યુદ્ધ કર્યું. જેમાં ઘણા જ હાથી, ઘોડા પાયદા મર્યા અને રથ નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયા. આ ભયાવહ સંગ્રામને જોઈને શૂરવીરોમાં વીરતાનો સંચાર થવા લાગ્યો અને કાયરમાં કાયરતાનો. આ સમયે દુર્યોધને અર્જુનને કહ્યું કે પાર્થ! એ સમયે તો તું અગ્નિમાં બળવાથી બચી ગયો હતો. રે નિર્લજ્જ! તું વ્યર્થમાં જ શા માટે ગર્વ ધારણ કરી રહ્યો છે? તને મારી સામે ઊભા રહેતા શરમ નથી આવતી? આ સાંભળીને અર્જુને તરત જ પોતાના હાથમાં ધનુષ-બાણ લઈને પ્રલયકાળના મેઘ સમાન ગર્જના કરતો, ભયાવહ શબ્દ કરતાં વાતવાતમાં જ તેણે દુર્યોધનને પોતાના બાણો દ્વારા આચ્છાદિત કરી દીધો અને તેનું ધનુષ પણ તોડી નાખ્યું. એટલામાં ત્યાં વચમાં જાલંધર રાજા આવી ગયો અને અર્જુનની સાથે યુદ્ધ કરવા લાગ્યો.

ત્યારબાદ, રૂપ્યકુમાર યુદ્ધસ્થળમાં ઉતર્યો અને તેણે અર્જુને કહ્યું કે તમે અન્યાયનો કેમ પક્ષ લ્યો છો? આ કૃષ્ણ બીજાઓની કન્યાઓનું હરણ કરવાવાળો છે. આ સાંભળી પાર્થે રોષભર્યા શબ્દોમાં કહ્યું કે કુમાર તું દેડકાની જેમ કેમ ટરટર કરે છે, લડવા માટે તૈયાર થઈ જા. હું તને ન્યાય-અન્યાયનું જ્ઞાન જલ્દી કરાવી આપું છું. આમ કહીને અર્જુને બાણ છોડવાનું ચાલુ કરી દીધું જેથી રૂપ્યકુમાર હતપ્રભ થઈ ગયો. આ સમયે જયનશીલ, યુધિષ્ઠિર, ઉન્નતિશીલ, અર્જુન અને રથારૂઢ, રથનેમિ સમરભૂમિમાં અપૂર્વ શોભા પામી રહ્યા હતા.

ત્યારબાદ, યુધિષ્ઠિરે ફરી સંગ્રામ કરવાનું શરૂ કર્યું અને તેમણે હિરણ્યનામક જરાસિંઘના મોટા યોદ્ધાને બીજા વીરોની સાથે યમપુર મોકલી દીધો. સંધ્યાનો સમય થઈ ગયો હતો. સૂર્ય અસ્તાચલ પહોંચી ગયો હતો અને રાત્રિનું આગમન થઈ ગયું હતું. તેથી રાજા લોકો મૃતક સુભટોની યથાયોગ્ય વ્યવસ્થા કરીને પોતપોતાના ડેરા પર ચાલ્યા ગયા.

ત્યારબાદ જરાસિંઘે પોતાના ચતુર મંત્રીઓને બોલાવીને તેમની સાથે પરામર્શ કર્યો કે હવે કોઈ એવો શક્તિશાળી સેનાપતિ બનાવવો જોઈએ કે જે શત્રુ ઉપર પૂર્ણરૂપથી રૌફ જમાવી શકે. પરામર્શ કર્યા પછી એ નિશ્ચય કર્યો કે આ પદને યોગ્ય તો ગેબક છે. તેથી 'સેનાપતિ'નું પદ ગેબકને જ આપવું જોઈએ અને પદ તેને આપી પણ દેવામાં આવ્યું. તે જ સમયે દુર્યોધને પોતાનો એક દૂત પાંડવોની પાસે મોકલીને કહેવડાવ્યું કે તમને લોકોને મેં ઘણા કષ્ટ આપ્યા છે તે બધા યાદ કરીને તેનો બદલો ચૂકવવા માટે મારી સાથે શું કામ સંગ્રામ નથી કરતાં? હું સત્ય કહું છું કે હવે હું તમને કોઈ કિંમતે જીવતા નહીં છોડું. આ સાંભળી પાંડવોએ દૂતને કહ્યું કે તું જઈને તારા સ્વામીને કહી દે કે તે યમપુર જવા માટે પોતાની તૈયારી કરી લે. અમે જરાસિંઘની સાથે સાથે જ તેને પણ યમપુરના મહેમાન બનાવી દેશું. આ સાંભળી દૂત તરત જ કૌરવોની પાસે આવ્યો અને તેમને બધા સમાચાર કહી દીધા. કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે એ સમયે એ બધું જોવા માટે જ માનો સૂર્ય ઉદયાવલીથી ઉદિત થયો હતો. આ પ્રાતઃકાળના સમયમાં ભટોને ઉત્સાહિત કરવાવાળા વાજા વાગવા લાગ્યા જેને સાંભળીને યોદ્ધાગણ પોતપોતાની તૈયારી કરીને સમરભૂમિમાં પહોંચી ગયા.

તેમને જોઈને રથમાં બેઠેલા અર્જુને સારથીને કહ્યું કે તું મને બતાવ કે રથમાં કોણ કોણ બેઠા છે? પાર્થની આ વાત સાંભળીને સારથીએ ઈશારો કરીને કહ્યું કે રાજન્! જુઓ, આ કાળા ઘોડાવાળા રથમાં કે જેની લાલ ધ્વજા છે તેમાં પિતામહ બેઠા છે, આ લાલ ઘોડાવાળો રથ દ્રોણનો છે કે જેમની કળશની ધ્વજા છે, નાગની ધ્વજાવાળો લીલા ઘોડાવાળો દુર્યોધનનો રથ છે, પીળા ઘોડાવાળો જાળની ધ્વજાવાળો દુઃશાસનનો રથ છે, વાનરની ધ્વજાવાળો સફેદ ઘોડાવાળો રથ અશ્વત્થામાનો છે, સીતાની ધ્વજાવાળો લાલ ઘોડાનો રથ શલ્યનો છે અને કોળની ધ્વજાવાળો લાલ ઘોડાનો રથ જયદ્રથનો છે. આ રીતે ત્યાં આવેલા બધા રાજાઓનો પરિચય મેળવીને ધનંજય લડાઈ કરવા માટે ઊભો થયો. તેની સાથે તેના યોદ્ધાઓ પણ સંગ્રામની તૈયારી સાથે સમરભૂમિમાં આવી ગયા. આ બાજુ અભિમાનભર્યા પિતામહ પણ ત્યાં આવી પહોંચ્યા. આવતા જ પોતાના ધનુષ ઉપર દોરી ચડાવીને અભિમન્યુ ઉપર તૂટી પડ્યા. અભિમન્યુએ પણ એ સમયે પોતાના બાણોના પ્રહારથી પિતામહના રથની ધ્વજા છેદી નાખી તેથી ગાંગેયે પણ તેની ધ્વજા છેદી નાખી. ત્યારે અભિમન્યુને ગુસ્સો આવ્યો અને તેણે પોતાના બાણના પ્રહાર દ્વારા તેમના સારથીને અને તેમના રથની ધ્વજા પણ છેદી નાખી. એ સમયે ત્યાં બધા અભિમન્યુની પ્રશંસા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે આ સાક્ષાત્ પાર્થ જ છે. જુઓને! આ એક બાળકે અનેક યોદ્ધાઓને નષ્ટ કરી નાખ્યા. એ ઘણો જ બળવાન છે.

એટલામાં જ પાર્થના સારથી ઉત્તર કુમારે ભાલા, તલવાર આદિ હથિયાર લઈને શલ્યને લલકાર્યો. આ જોઈને શલ્યને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે એક જ બાણથી ઉત્તરનું કામ તમાન કરી નાખ્યું. પોતાના ભાઈને ભૂમિપર પડેલો જોઈને વિરાટનો બીજો પુત્ર શ્વેતકુમાર ત્યાં આવ્યો અને તેણે એ જ સમયે શલ્યના ધ્વજા, શસ્ત્ર આદિ છેદીને તેને જમીન ઉપર પછાડ્યો. એ જ સમયે ક્રોધથી જાજ્વલ્યમાન પિતામહ ત્યાં આવ્યા. શ્વેતે પોતાના વીર્યથી તેમને આગળ વધતા ઘણા રોક્યા પણ જ્યારે તે કોઈપણ પ્રકારે ન રોકાયા ત્યારે તેણે તેમને બાણો દ્વારા એકદમ આચ્છાદિત કરી દીધા કે જેવી રીતે સઘન મેઘ દ્વારા સૂર્ય આચ્છાદિત કરવામાં આવે છે. આ જોઈને 'આને મારો'નો અવાજ કરતો દુર્યોધન ત્યાં આવી પહોંચ્યો. પરંતુ જેવી રીતે અગ્નિ જળથી શાંત થઈ જાય છે ઠીક એવી જ રીતે પાર્થે તેને ત્યાંને ત્યાં જ રોકી દીધો, એક કદમ પણ આગળ ન વધવા દીધો અને ગાંડીવ ધનુષ લઈને તેણે દુર્યોધન ઉપર સેંકડો બાણોની વર્ષા કરી પરંતુ તેનાથી દુર્યોધનને કાંઈ નુકશાન ન થયું. ત્યારે એ બંને વીર હાથમાં તલવાર, ભાલા આદિ લઈને પરસ્પર ભયાનક યુદ્ધ કરવા લાગ્યા.

આ બાજુ વિરાટના પુત્ર શ્વેતકુમારે પિતામહના ધનુષ, ધ્વજા, છત્ર આદિ છેદી નાખ્યા અને વક્ષઃસ્થળમાં તલવારનો એવો પ્રહાર કર્યો કે જેથી કૌરવોની સેનામાં ભારે કોલાહલ મચી ગઈ. એટલામાં ઉપરથી આકાશવાણી થઈ કે હે પિતામહ! કારય ન બનો, ધૈર્ય ધારણ કરો; ધબરાઓ નહીં અને આ સમરમાં તમે વીરોનો સંહાર કરો. આકાશવાણી સાંભળીને પિતામહ સાવધાન થયા અને હાથમાં અસ્ત્ર ઊઠાવીને લક્ષ્ય બાંધીને શ્વેતકુમારની ઉપર એક એવું બાણ છોડ્યું કે જે વાગતા જ તે ધરાશાયી થઈ ગયો અને હૃદયમાં પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતો શરીર ત્યાગીને સ્વર્ગમાં દેવ થયો.

આ સમયે સંધ્યા થઈ ગઈ હતી. સૂર્ય અસ્તાચલમાં પહોંચી ગયો હતો અને રાત્રિનું અધિપત્ય આવી ગયું હતું તેથી એવું લાગતું હતું કે માનો યુદ્ધ બંધ કરવા માટે તથા ક્ષત થયેલા વીરોની મલમપટ્ટીની વ્યવસ્થા કરવા માટે દયા દેવીનું રૂપ ધારણ કરીને જ આવી ગઈ હોય. બંને પક્ષના વીરગણ એ સમયે પોતપોતાના ડેરામાં ચાલ્યા ગયા. યુદ્ધ બંધ થઈ ગયું. ઘાયલ થયેલા વીરોનો પત્તો લગાવવામાં આવ્યો તો ખબર પડી કે વિરાટનો પુત્ર શ્વેતકુમાર દેવલોક પહોંચી ગયો છે. એ જાણીને વિરાટને એ સમયે ખૂબ જ દુઃખ થયું. તે પુત્રના વિયોગથી ભારે વિલાપ કરવા લાગ્યો. એ કહેવા લાગ્યો કે રણમાં ધર્મપુત્ર, અર્જુન, ભીમ હોવા છતાં મારા પુત્રની કોઈએ સહાયતા કરી નહીં. તેને આ પ્રકારે કરુણ વિલાપ કરતાં જોઈને ધર્મનિષ્ઠ ધર્મપુત્રનું ચિત્ત દયાથી એકદમ આર્દ્ર થઈ ગયું. તેણે એ જ સમયે દૃઢ પ્રતિજ્ઞા કરી કે ''આજથી સત્તરદિવસ સુધીમાં શલ્યને અવશ્ય મારી નાખીશ. જો નહીં મારી શકું તો તમારા બધાની સામે અગ્નિમાં પડીને પોતાને ભસ્મ કરી નાખીશ.' તેમની પ્રતિજ્ઞા સાંભળીને શિખંડીએ પણ આ પ્રતિજ્ઞા કરી કે ''હું આજથી નવમા દિવસે ભીષ્મ પિતામહને અવશ્ય ખંડ-ખંડ કરી દઈશ. જો નહીં કરી શકું તો પોતાને અગ્નિમાં હોમી દઈશ.'' આ પ્રકારે ધૃષ્ટદ્યુમ્ન પણ પ્રતિજ્ઞાબદ્ધ થઈ ગયો કે ''હું પણ હિરણ્યનાભ સેનાપતિને યમલોક પહોંચાડી દઈશ.''

રાત્રિ પછી અંધારું નષ્ટ થઈ ગયું અને સૂર્યનો ઉદય થયો. ઉદય થતાં જ ઉભય પક્ષના યોદ્ધાઓએ ભયંકર યુદ્ધ કરવાનું શરુ કર્યું. રથવાળા રથવાળા સાથે, ઘોડેસવાર ઘોડેસવાર સાથે અને પાયદળ પાયદળ સાથે ભીડાઈ ગયા. આ બાજુ ધનંજય પણ ભૂખ્યા સિંહની જેમ સુભટો ઉપર તૂટી પડ્યો જેથી એ લોકો આમતેમ ભાગવા લાગ્યા. આ જોઈને પિતામહે તેને અસંખ્ય બાણો દ્વારા આચ્છાદિત કરી દીધો અને તેને આગળ વધવાથી રોકી દીધો જેવી રીતે નદી કિનારે નદીના પાણીને રોકી દેવામાં આવે છે. આ બાજુ ધનંજયે પણ પોતાના બાણો છોડ્યા અને એ બાણો દ્વારા પિતામહના બાણોને વિફળ કરી નાખ્યા. તેણે પોતાની અવિરલ બાણોની વર્ષાથી હાથીઓની સૂંઢોને, ઘોડાના પગને અને રથોના પૈડાને એકદમ છેદી નાખ્યા અને પોતાના ગાંડીવ ધનુષ દ્વારા વીરોના કવચ છેદી નાખ્યા. આ જોઈ પિતામહની નિંદા કરતો દુર્યોધન બોલ્યો કે તાત! તમે પરાજયકારી યુદ્ધ કેમ ચાલુ કર્યું છે? તમે તો એવી રીતે યુદ્ધ કરો કે અર્જુન યુદ્ધમાં ઊભો જ ન રહી શકે. તમે વિચારો તો ખરા કે એવો ક્યો બુદ્ધિમાન સુભટ હશે કે જે પોતાના ઘરે વિપત્તિ આવી પડવાથી શાંતિનું અવલંબન લઈને બેઠો રહે? દુર્યોધનની આ વાત સાંભળીને ગાંગેય પાર્થની સાથે ઘણી વીરતાપૂર્વક લડવા ઉદ્યત થયા. આ જોઈને પાર્થે કહ્યું કે પિતામહ! તમારું મારી સાથે યુદ્ધ કરવું એકદમ વ્યર્થ છે કારણ કે હું આપને યમપુર મોકલીને આ લડાઈને સમાપ્ત કરી દઉં છું.

ત્યારબાદ, એ બંને યોદ્ધા ઘણી વીરતાથી યુદ્ધ કરવા લાગ્યા. એ જ સમય દરમ્યાન દ્રોણ ત્યાં આવ્યા અને ધૃષ્ટદ્યુમ્ન પર જપટ્યા અને તેમણે તેને થોડીવારમાં જ મહાયુદ્ધ કરીને ધૃષ્ટદ્યુમ્નના રથની ધ્વજાને છેદી નાખી. આ જોઈને ધૃષ્ટકાર્જુને દ્રોણના રથ, છત્ર, ધ્વજા આદિ ભેદી નાખ્યા ત્યારે દ્રોણે તેની ઉપર શક્તિબાણ છોડ્યું પણ તેણે તેને પણ વિફળ કરી નાખ્યું. તેની આ કૃતિ જોઈને ધૃષ્ટકાર્જુને ગુરુ ઉપર દોડીને લોખંડની દ્રષ્ટિ અર્થાત્ ગદાનો પ્રહાર કર્યો પણ તેમણે તેને વચ્ચે જ રોકી લીધો. ત્યારબાદ તે એક હાથમાં ગદા લઈને આવ્યો અને તેણે કલિંગપુત્રને મારી નાખ્યો. ત્યારબાદ તે કૌરવોને ત્રાસ આપતો, વેરીઓના સમૂહને નાશ કરતો ક્રીડા કરવા લાગ્યો. તેણે પોતાની ગદા દ્વારા સાતસૌ રથોને પણ ચૂર ચૂર કરી નાખ્યા તથા એક હજાર હાથીઓને પણ નષ્ટ કરી નાખ્યા કે જેથી તેને જયલક્ષ્મી પ્રાપ્ત થઈ.

આ દરમ્યાન દ્રોણાચાર્યે ધૃષ્ટકાર્જુનની તલવાર છેદી નાખી. એ બાજુ અભિમન્યુએ દ્રોણનો રથ છિન્ન-ભિન્ન કરી નાખ્યો, એટલામાં દુર્યોધનનો પુત્ર લક્ષ્મણ ત્યાં આવી ગયો અને તેણે અભિમન્યુના ધનુષને તોડી નાખ્યું ત્યારે તે બીજું ધનુષ લઈને શત્રુઓને હટાવા લાગ્યો. તેને આ પ્રકારે અજેય જોઈને એક સાથે હજારો શત્રુઓએ આવીને તેને ચારે બાજુથી ઘેરી લીધો. એ સમયે એ એવો લાગતો હતો કે મદમત્ત હાથીઓએ પરાક્રમી સિંહના બચ્ચાને જ ઘેરી લીધો હોય. આ જોઈને હાથમાં ગાંડીવ ધનુષ લઈને અર્જુન ત્યાં આવ્યો અને તેણે બધા શત્રુઓને વાતવાતમાં તિતર-બિતર કરી નાખ્યા અને પોતાના પુત્ર અભિમન્યુને સ્વતંત્ર કરી દીધો.

આ રીતે યુદ્ધ કરતાં જ્યારે નવમો દિવસ આવ્યો ત્યારે શિખંડીએ લડાઈ માટે ગાંગેયને લલકાર્યો. એ સમયે પાર્થે શિખંડીને કહ્યું કે મારું આ બાણ લો અને એના દ્વારા વેરીઓનો નાશ કરો. આ બાણ દ્વારા મેં ખંડવનને બાળ્યું હતું. આ સાંભળીને એ વીર શિખંડીએ એ બાણ લઈ લીધું. પશ્ચાત્ શિખંડી અને ગાંગેયમાં ભિષણ યુદ્ધ થવા લાગ્યું. તેમને લડતા ઘણો સમય થઈ ગયો પરંતુ તે બંનેમાં કોઈ પણ યોદ્ધા જીતી ન શક્યા. આ જોઈને ઉપરથી દેવતાઓએ તેમની ઘણી પ્રશંસા કરી. આ જોઈને ધૃષ્ટદ્યુમ્નએ શિખંડીને કહ્યું કે હે શિખંડી! તમે યુદ્ધ તો ઘણું કર્યું પરંતુ હજુ સુધી ગાંગેય રણમાં ઊભા છે. તેના રથ, ધ્વજા પણ તેવા ને તેવા જ છે. પછી તમારા આ યુદ્ધથી શું પ્રયોજન! તેથી તમે પૂર્ણ પરાક્રમ લગાવીને તરત જ શત્રુને વશમાં કરો. તમે પોતાને નિઃસહાય ન સમજો. તમને સહાય કરવા માટે દ્રુપદ અને વિરાટ તૈયાર જ છે. આ વાત સાંભળીને શિખંડીમાં ઘણું જોશ આવી ગયું. તેણે તરત જ ધનુષ પર અનેક બાણ ચડાવીને એક સાથે પિતામહ ઉપર છોડીને તેમને બાણોથી પૂરી દીધા. આ જોઈને કૌરવોની સેનાએ પણ તેના ઉપર ખૂબ બાણ ચલાવ્યા પણ એ બાણ શિખંડીને કાંઈ અસર ન કરી શક્યા. આ બાજુ વજ્ર જેવા કઠોર બાણ ધૃષ્ટદ્યુમ્ન પણ શત્રુસેના પર છોડી રહ્યો હતો. એ બાજુથી ગાંગેયના પણ બાણ છૂટી રહ્યા હતા જે શિખંડીને આવીને ફૂલ જેવા લાગતા હતા, દુઃખને બદલે તેને સુખદાયી લાગતા હતા. **બરાબર છે કે જે જીવોને પુણ્યકર્મનો ઉદય તીવ્ર છે તેને માટે અશાતારૂપ સામગ્રી પણ શાતારૂપ પરિણમિત થઈ જાય છે, કષ્ટ પણ સુખરૂપ થઈ જાય છે. પિતામહ શત્રુને મારવા જે પણ બાણ ઊઠાવતા તેને ધૃષ્ટદ્યુમ્ન છેદતો જતો હતો. બરાબર છે કે પુણ્ય ક્ષીણ થતા જીવોની બધી સંપત્તિ જોત-જોતામાં જ વિલીન થઈ જાય છે. તે પછી ભલે પુત્ર હોય, રુપિયા-પૈસા હોય કે કાંઈ પણ હોય! જેવી રીતે હાથી દ્વારા ખવાયેલા કોળા જેવાના તેવા જ મળદ્વારથી નીકળી જાય છે અને એને ફોડતા તેની અંદરનો માલ કોણ જાણે ક્યા રસ્તેથી નીકળી જાય છે!**

એ જ સમયે શિખંડીના તીક્ષ્ણ બાણો દ્વારા ગાંગેયનું કવચ છેદાઈ ગયું. તેણે થોડી જ વારમાં સારથી, રથ અને રથની ધ્વજાને પણ છેદી નાખ્યા. છતાં પણ પિતામહ તલવાર લઈને શિખંડીને નષ્ટ કરવા માટે તેની તરફ દોડ્યા. શિખંડીએ પણ પોતાના પ્રખર બાણો દ્વારા તેમની તલવારને વિફળ કરી નાખી અને એમના હૃદયને પોતાના બાણો દ્વારા છેદી નાખ્યું. બાણ વાગતાં સાથે જ તે પવિત્ર વીર ધરતી ઉપર પડ્યા અને પોતાનું આયુષ્ય પૂર્ણ થતું જોઈને તેમણે સંન્યાસ ધારણ કરી લીધો અને ધર્મધ્યાનમાં મન લગાવ્યું. એ સમયે તેમણે બાર ભાવનાઓનું ચિંતવન કર્યું, પાંચ પરમેષ્ઠીનું આરાધન કર્યું તથા શરીર અને ભોજનથી મમતા છોડી દીધી. પિતામહની આ અવસ્થા જોઈને બધા રાજાઓ યુદ્ધ છોડીને તેમની પાસે આવી ગયા. પાંડવોને તેમની આ દશા ઉપર ઘણું દુઃખ થયું. તે તેમના ચરણમાં મસ્તક ઝુકાવી રુદન કરવા લાગ્યા– અશ્રુધારા અવિરલ વહાવા લાગ્યા. તેઓ બોલ્યા કે હે ગુણી! આપે આજન્મ બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું કે જે બધા વ્રતોમાં ઉત્તમ વ્રત છે. અહો પૂજ્ય પિતા! તમે બધા જ ગુણોની ખાણ હતા. દુઃખથી જર્જરીત થયેલાં યુદ્ધિષ્ઠિર બોલ્યા કે હે શ્રેષ્ઠ વ્રત-પાલક વીર! આ મૃત્યુ અમને કેમ ન આવ્યું! અમે આપના આ વિયોગજન્ય દુઃખને સહન નથી કરી શકતા. એ

સમયે એમના રુદનને સાંભળીને બાણોથી જર્જરીત પિતામહે કૌરવ અને પાંડવોને કહ્યું કે હે વીરો! અંતમાં મારું તમને લોકોને એ જ કહેવું છે કે તમે પારસ્પરિક શત્રુતાને છોડીને બધા જીવોને અભયદાન આપો, આપસમાં મિત્રતાથી રહો. મને એ વાતનું દુઃખ છે કે મારા નવ દિવસ વ્યર્થમાં જતા રહ્યા અને કોઈને કાંઈ પ્રાપ્ત ન થયું. હા, એટલું જરૂર થયું કે યુદ્ધમાં જેટલા લોકો માર્યા એમાંથી મોટા ભાગના લોકો નીચગતિને પાત્ર થયા હશે. જે થયું એ થયું. હવે ધર્મના દશલક્ષણનો સ્વીકાર કરો કે જે આત્માનું સ્વરૂપ છે.

એ જ સમયે શુભકર્મના સંયોગથી બે ચારણઋદ્ધિધારી મુનિશ્વર આકાશમાર્ગથી વિહાર કરતાં આવી ગયા. તેમના નામ હંસ અને પરમહંસ હતા. એ મુનિરાજ પરમ-દયાળુ, શુદ્ધ હૃદયી, ઉત્તમ તપ કરવાવાળા ઈત્યાદિ ગુણોના ભંડાર હતા. એ મહાભાગ પિતામહ પાસે જઈને બોલ્યા કે હે મહાપુરુષ! તું વીર યોદ્ધો છો. તારા બરાબર સંસારમાં બીજો કોઈ વીર નથી. આ સાંભળીને ગાંગેયએ બંને મુનિરાજોના ચરણોમાં નમસ્કાર કરી બોલ્યા કે હે દયાળુ પ્રભો! આ સંસારરૂપ મહાવનમાં ભટકતો હું આજ સુધી ધર્મ નથી પામ્યો. હવે તમે કૃપા કરી બતાવો કે અત્યારે હું શું કરું? નાથ! અત્યારે હું આપના શરણે છું. જેવી રીતે બની શકે એવી રીતે મારો ઉદ્ધાર કરો. આ વાત સાંભળીને મુનિરાજ કહ્યું કે હે ભવ્ય! તું સિદ્ધોનું સ્મરણ કરીને ચાર આરાધનનું આરાધન કર. એ આરાધના આ છે : તત્ત્વાર્થના શ્રદ્ધાનને વસ્તુના સ્વભાવ સહિત પદાર્થનું શ્રદ્ધાન કરવું તેને દર્શન આરાધના કહે છે. આમાં સમ્યક્ત્વની આરાધના કરવામાં આવે છે. નય-પ્રમાણ દ્વારા પદાર્થોનું જે યથાર્થ જ્ઞાન થવું એને જ્ઞાન આરાધના કહે છે. આમાં સમ્યગ્જ્ઞાનની આરાધના થાય છે. ચૈતન્યરૂપ આત્મામાં જ રમણ-પ્રવૃત્તિ કરવી એ ચારિત્ર આરાધના છે. આ આરાધનમાં કર્મોથી નિવૃત્તિ અને આત્મામાં સમ્યક્ પ્રવૃત્તિ થાય છે તથા જ્યાં અંતરંગ-બહિરંગના ભેદથી બે પ્રકારનું તપ કરવામાં આવે છે તેને તપ આરાધના કહેવામાં આવે છે. આ આરાધના નિશ્ચય અને વ્યવહારના ભેદથી બે પ્રકારની છે. આ પ્રકારે આરાધનાઓમાં આરાધનની વિધિ કહીને એ નિસ્પૃહી મમત્વ-ત્યાગી મુનિરાજ તો ત્યાંથી ચાલ્યા ગયા અને આ બાજુ પિતામહે એ આરાધનાઓનું આરાધન કરવું પ્રારંભ કરી દીધું.

ત્યારબાદ, એ ધીર-વીર પિતામહે ચાર પ્રકારના આહાર–ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેયનો તથા શરીરથી મમત્વનો ત્યાગ કરીને રત્નત્રયમાં લીન થઈને કષાયોને ઘટાડવાનું ચાલુ કર્યું. બધા જીવોથી ક્ષમા કરાવી અને ક્ષમા પ્રદાન કર્યું તથા પંચપરમેષ્ઠિના ધ્યાનમાં ચિત્તને લગાવી શાંત પરિણામોથી આ નશ્વર શરીરને ત્યાગી દીધું. તે ત્યાંથી મરીને બ્રહ્મ નામના પાંચમા સ્વર્ગમાં દેવ થયા અને તે ત્યાં મનવાંછિત સુખોનો અનુભવ કરવા લાગ્યા. **બરાબર જ છે કે આ જીવને સંસારમાં એક ધર્મ જ સુખ દેવાવાળો છે.** પિતામહના સ્વર્ગવાસ થઈ જવા બાદ જગતની શૂન્યતાને નિત્ય માનતા થકા તે કૌરવો અને પાંડવો ત્યાં ખૂબ જ રુદન કરવા લાગ્યા અને દુઃખીત હૃદયે રાત વ્યતીત કરી. પ્રાતઃકાળ થયો અને સૂર્ય નીકળી આવ્યો.

**આ રીતે આ જીવ સંસારચક્રમાં નિત્ય ભ્રમણ કરતો ક્યારેક આ ગતિમાં અને ક્યારેક આ ગતિમાંથી પેલી ગતિમાં ફરતો રહે છે, ક્યાંય પણ સ્થિરતા નથી. આ લક્ષ્મી વિજળી સમાન ચંચળ છે, આ સ્વજનો–પુત્ર–ભાઈ–સુખ પાણીના તરંગ સમાન વિનશ્વર છે. આ જીવન પાણીના ફીણ સમાન જોતજોતામાં નષ્ટ થઈ જવાવાળું છે. આ રીતે સાંસારિક વસ્તુઓની અનિત્યતાને સમજીને જે સાચા શ્રદ્ધાની છે તેણે સદાય ધર્મમાં બુદ્ધિ લગાવવી જોઈએ.**

જે શુભમતિ, બ્રહ્મચારી પિતામહ લડાઈમાં ધર્મની પ્રતિજ્ઞા કરી પોતાના આત્માને શાંત રાખીને પાંચમાં સ્વર્ગમાં ઋદ્ધિધારી દેવ થયા તેની જય હો તથા ધર્માત્મા, ધર્મના જ્ઞાતા, ન્યાય-નીતિમાં કુશળ એ યુધિષ્ઠિર મહારાજની પણ જય હો જે ધર્મના પ્રસાદથી શ્રેષ્ઠ જ્ઞાનને પ્રાપ્ત થયા.

**ગ્રંથકાર કહે છે કે જિન-ધર્મ સમાન સંસારમાં બીજું કોઈ રત્ન નથી તેથી આ ધર્મરત્નનું સદાય પાલન કરવું જોઈએ.**

**॥ અધ્યાય વીસમો સમાપ્ત ॥**

તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડ્યા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ–સ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત! તેથી, હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન-સમય બહુ સાંકડો છે. *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા–૭૪)*

જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતાં હોય તો થાવ અને જે મધ્યસ્થ છે—રાગ-દ્વેષ રહિત છે—તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ—એમ હું ઊંચા સ્વરે કહું છું. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૮૫)*

# અધ્યાય એકવીસમો

હું એ ધર્મનાથ પ્રભુને નમસ્કાર કરું છું કે જે ધર્મના પ્રરૂપક છે, ધર્મના ધોરી છે અને જીવોને ધર્મનો રસ્તો બતાવે છે તથા ભયંકર કર્મોને છેદવા માટે તીક્ષ્ણ કુહાડી છે, અંધકૂપમાં ફસાયેલા જીવોની દુર્મતિને નષ્ટ કરવાવાળા છે અને જે સુખને આપવાવાળા છે એ પ્રભુ મને ધર્મબુદ્ધિ આપે!

જ્યારે સવાર થઈ ત્યારે યોદ્ધાગણ ઊઠ્યા અને પ્રલયકાળની વાયુથી પ્રેરિત સમુદ્રની જેમ યુદ્ધસ્થળમાં જઈ પહોંચ્યા. તેઓ પૃથ્વીની અંદર રહેતા સર્પોને પદદલિત કરતાં તથા દિશાપતિને ક્ષુબ્ધ કરતાં લડાઈ કરવા માટે ઉદ્યત થઈ ગયા. એ સમયે અર્જુને મૃત્યુને આલિંગન કરતાં થકા હાથમાં ધનુષ-બાણ લઈને હાથી-ઘોડાને તિતર-બિતર કરીને યુદ્ધને વધારે વિકટ બનાવી દીધું. એ જ સમયે મહાન યોદ્ધો અભિમન્યુ સમરભૂમિમાં આવ્યો અને વિશ્વસેન સાથે લડાઈ કરવા લાગ્યો અને થોડીવારમાં જ અભિમન્યુએ તેના સારથીને ધરાશાયી કરી દીધો. સારથીના ધરાશાયી થવાથી તે વીર પોતે રથ ચલાવીને અભિમન્યુ સાથે લડવા આગળ આવ્યો. તે બંને એકબીજા ઉપર બાણોની વર્ષા કરવા લાગ્યા. અંતમાં અભિમન્યુના પ્રખર બાણોના પ્રહારથી એ શલ્યપુત્ર કાળગ્રસ્ત થઈ ગયો. તેની આ અવસ્થા જોઈને દુર્યોધનના પુત્ર લક્ષ્મણે અભિમન્યુને બાણોથી આચ્છાદિત કરી દીધો. ત્યારે અભિમન્યુએ પણ બાણ ચલાવવાનું શરૂ કર્યું અને લક્ષ્મણને પણ યમલોક પહોંચાડી દીધો. આવી રીતે તેણે બીજા ચૌદ હજાર કુમારોને પણ યમના અતિથિ બનાવી દીધા. તે એ સમયે મહાન ભટોને મારતો એવી શોભા પામતો હતો કે જાણે હાથીઓના મસ્તકને વિદીર્ણ કરતો પરાક્રમી સિંહ જ હોય.

તેનું આ કૃત્ય જોઈને દુર્યોધનને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેનું મન અત્યંત ક્ષુબ્ધ થઈ ગયું. એ સમયે તેણે પોતાના વીર યોદ્ધાઓને ઉત્સાહ આપતા પ્રેમભરી દૃષ્ટિથી જોયું. તેની આ કૃતજ્ઞતાપૂર્ણ દૃષ્ટિને જોઈને યોદ્ધાઓનું મન લડાઈ કરવા માટે અત્યંત ચંચલિત થઈ ગયું. તેઓ ઉત્સાહપૂર્વક હાથી, ઘોડા, રથ આદિ સવારી ઉપર સવાર થઈને સમરભૂમિમાં રવાના થઈ ગયા. તેમની સાથે દ્રોણ પણ શત્રુઓના હૃદયને ભયભીત કરતાં ચાલ્યા. કલિંગ અને કર્ણ પણ ત્યાં આવી પહોંચ્યા. બંને બાજુની સેના ભેગી થઈ ગઈ અને પરસ્પર યુદ્ધ ચાલુ થઈ ગયું. વીર અભિમન્યુએ થોડી જ વારમાં કલિંગના હાથીને મારી નાખ્યો તથા દ્રોણ અને કર્ણના ગર્વને પણ નષ્ટ કરી નાખ્યું. મતલબ એ કે અભિમન્યુએ જ્યાં જ્યાં લડાઈ કરી ત્યાં ત્યાં તેણે વિજયલાભ મેળવ્યો. ત્યાં કોઈ પણ એવો શૂરવીર ન હતો કે જે અભિમન્યુનો સામનો કરી શકે. બરાબર જ છે કે હાથી કેટલો પણ મદોન્મત્ત કેમ ન હોય પણ તે શું સિંહનો સામનો કરી શકે છે! એ સમયે લડાઈમાં કોઈ પણ એવા હાથી, ઘોડા, રથ, પાયદળ ન બચ્યા કે જે અભિમન્યુના બાણના લક્ષ્ય ન બન્યા હોય.

લડાઈની આ અવસ્થા જોઈને વીર અક્ષયકુમારે એક સાથે દસ બાણો છોડીને અભિમન્યુને ઘાયલ કરી દીધો. તે ઘાયલ થતાં જ પૃથ્વી ઉપર પડી ગયો. પછી જ્યારે મૂર્છા ભંગ થઈ ત્યારે લડાઈ માટે ફરી ઊભો થઈ ગયો અને તેણે તેના પ્રખર બાણો દ્વારા હાથમાં ધનુષ-બાણ લઈને દોડતા દોડતા અશ્વત્થામાને એક જ ક્ષણમાં વિમુખ કરી દીધો. આ જોઈને કર્ણે દ્રોણાચાર્યને કહ્યું કે ગુરવર! અભિમન્યુએ લક્ષ્મણ આદિ હજારો યોદ્ધાઓને યમપુર મોકલી દીધા છતાં પણ પોતે જેમનો તેમ સ્થિર રહ્યો. ત્યારે કહો કે આની આ લડાઈમાં મૃત્યુ થશે કે નહીં? આ સાંભળીને દ્રોણે કહ્યું કે કર્ણ! તું જ કહે કે જે એકલા વીર યોદ્ધાએ રાજાઓને પછાડી દીધા તેને મારવાની કોનામાં ક્ષમતા છે? ત્યારબાદ, ક્રોધિત થઈને દ્રોણે રાજા લોકોને જોરથી કહ્યું કે આને મારો અને આના ધનુષ-બાણ છીનવીને તોડી નાખો. સાવધાન! એ ભાગી ન જાય. આ સાંભળીને રાજાઓ આવેશમાં આવીને ઊભા થયા અને ન્યાય-અન્યાયનો કોઈ પણ વિચાર ન કરીને બધા જ એક સાથે એ વીર બાળકને મારવા માટે તૂટી પડ્યા પરંતુ એ વીર બળવાને એકલા જ એ બધાને સમરભૂમિમાં પરાજિત કરી દીધા. થોડી જ વારમાં એ બધા રાજાઓ જોશમાં આવીને એ વીર અભિમન્યુ સાથે લડાઈ કરવા લાગ્યા અને તેમણે પોતાના બાણો દ્વારા કુમારની ધ્વજા સહિત રથને છિન્ન-ભિન્ન કરી નાખ્યો. આ જોઈને અભિમન્યુએ વજ્રનો દંડ હાથમાં લઈને બધાને વાતવાતમાં જ ચકનાચૂર કરી નાખ્યા.

એ જ સમયે જયદ્રથે આવીને અભિમન્યુને પોતાના બાણો દ્વારા વેધી નાખ્યો પરંતુ તેમ છતાં તે વીર તેની સામે દૃઢતાપૂર્વક ઊભો રહ્યો. અંતમાં એ ઘાયલ થઈને પૃથ્વી ઉપર પડી ગયો. એ સમયે દેવોના હાહાકારથી પૃથ્વી ભરાઈ ગઈ. ન્યાયી રાજા હાહાકાર કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે આ અભિમન્યુ સાથે ભારે અન્યાય થયો છે કે જે એક સાથે આટલા વીર યોદ્ધાઓ એક વીર બાળક ઉપર તૂટી પડ્યા. તેને પીડિત જોઈને ગુસ્સાને દૂર કરી અત્યંત શાંતચિત્ત થઈ કર્ણએ કહ્યાં એ કુમાર! થોડું ઠંડુ પાણી પી લ્યો, જેથી થોડી શાંતિ મળે, સ્થિરચિત્ત અભિમન્યુએ કહ્યું કે રાજન્! હવે હું પાણી ન પીને ઉપવાસ ધારણ કરીશ અને તરણતારણ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં પ્રાણોનો ત્યાગ કરીશ. આ પ્રકારે કુમારે શાંતિયુક્ત વચન કહ્યા તો દ્રોણ આદિ તેને નિર્જન વનમાં લઈ ગયા. ત્યાં તે પોતાના આત્માનું ચિંતન કરતો સ્થિર રહ્યો. કાય અને કષાયોને ક્ષીણ કરીને બધાની ક્ષમા માગી અને બધાને ક્ષમા આપીને પંચપરમેષ્ઠીના ધ્યાનપૂર્વક એ વીર આત્માએ પોતાનું અશુચિમય શરીર ત્યાગી દીધું. નિદાન રહિત પ્રાણ છોડ્યા તેથી વિક્રિયાનો ધારક, ગુણોનો ભંડાર સ્વર્ગમાં જઈને દેવ થયો. આ બાજુ દુર્યોધનને જ્યારે અભિમન્યુના મરણના સમાચાર મળ્યા ત્યારે તેના હર્ષનો પાર ન રહ્યો, તેણે તે ખુશીમાં અનેક પ્રકારના વાજિંત્ર વગડાવ્યા. એટલામાં રાત્રિનો પ્રવેશ થયો. સૂર્ય અસ્તાચલમાં પહોંચી ગયો જે એવું લાગતું હતું કે સૂર્યને અભિમન્યુનું મૃત્યુ સહન ન થયું તેથી તે પણ એ વીરની સાથે જ વિલીન થઈ ગયો. રાત્રિનું આગમન લડાઈનું વારણ કરવા અને કૌરવોની સેનામાં નવો ઉત્સાહ પ્રદાન કરવા માટે લાગતું હતું.

વીર અભિમન્યુના મૃત્યુના સમાચારથી કૃષ્ણની સેનામાં ભારે શોક છવાયેલો હતો. બધા રાજાઓની આંખમાંથી

અવિરલ આંસુની ધારા વહી રહી હતી. તેઓ ખૂબ જ દુઃખી થઈ રહ્યા હતા. અભિમન્યુના મૃત્યુના સમાચાર સાંભળીને યુધિષ્ઠિર મૂર્છિત થઈને પૃથ્વી પર પડ્યા. તે પડેલો એવો લાગતો હતો જાણે કે પ્રલયકાળના પ્રબળ વાયુથી ઉન્નત પહાડ જ ઊડીને જમીન પર પડ્યો હોય! ત્યારબાદ તેને જેમ જેમ ચેતના આવતી ગઈ તેમ તે તે દુઃખપૂર્ણ અવાજમાં રુદન કરવા લાગ્યા કે હા પુત્ર! તું ક્યાં ગયો? તારા સિવાય કોણ એવો પરાક્રમી યોદ્ધો છે કે જે એકલો જ હજારો શત્રુઓને એક સાથે યમનું ઘર દેખાડી શકે? હા પુત્ર! તે જ જલંધર રાજાની બાર હજાર સેનાને મારીને તેના ઉપર વિજય મેળવ્યો હતો. હા! ક્યા દુષ્ટ પાપીએ તારા જેવા શૂરવીર યોદ્ધાને ધરાશાયી બનાવી દીધો?

એટલામાં શોકથી તીવ્ર સંતપ્ત થયેલો અર્જુન પણ ત્યાં આવી ગયો અને ભાઈને કહેવા લાગ્યો કે પૂજ્ય! બધા જ યોદ્ધા સમરભૂમિથી પાછા આવી ગયા પરંતુ અભિમન્યુ હજી કેમ નથી આવ્યો? શું ચક્રવ્યૂહમાં શત્રુઓએ તેને મારી તો નથી નાખ્યો ને? અથવા પોતે જ તો નથી મરી ગયો ને? અર્જુનના આવા વચનો સાંભળીને યુધિષ્ઠિરે ભારે અવાજમાં કહ્યું કે ભાઈ! તું એ સમાચાર સાંભળીને કઈ રીતે ધૈર્ય ધારણ કરીશ? એ સમાચાર કહેતાં છાતી ફાટે છે. જુઓ એ અન્યાયને કે એક બાળક ઉપર હજારો નીચ રાજાઓએ એક સાથે પ્રહાર કરી અભિમન્યુને મારી નાખ્યો. બસ, આટલું સાંભળતાં જ અર્જુન મૂર્છિત થઈને ધડામથી જમીન પર પડ્યો. પછી જ્યારે ભાનમાં આવ્યો ત્યારે કરુણ રુદન કરવા લાગ્યો કે જેને સાંભળીને છાતી ફાટતી હતી. એ કહેવા લાગ્યો કે હા પુત્ર! હવે તારા વિના પૃથ્વીનું પાલન કોણ કરશે? હવે વેરીઓને કોણ જીતશે? આ સમયે ત્યાં કૃષ્ણ પણ આવી ગયા અને શાંતિદાયક વચનોમાં બોલ્યા કે પાર્થ! આજે તારો પ્યારો પુત્ર નથી ગયો પરંતુ અમારી સેનાને વિધવા કરી ગયો છે. તે મને અત્યંત પ્યારો હતો. તે મને આજે દુર્લભ થઈ ગયો છે. તેથી ભાઈ! હવે શોક ન કર! હૃદયમાં ધૈર્ય અને સંતોષ ધારણ કર. તારો આ સમય અહીં બેસીને કાયરની જેમ રુદન કરવાનો નથી. જો આ સમયે તું કાયરની જેમ શોક કરીશ તો શત્રુના મનમાં પ્રસન્નતા થશે. તેથી શોકને છોડીને શત્રુઓનો ધ્વંસ કરો. અભિમન્યુને મારવાવાળા નરાધમને આ અપરાધનું ફળ ચખાડવું એ જ તારું કર્તવ્ય છે. તું સમજે છે કે બુદ્ધિમાન પુરુષ સમય જોઈને જ કામ કરે છે.

આ બાજુ અર્જુનને સમજાવીને શાંત કર્યો એટલામાં સુભદ્રા વિલાપ કરતી ત્યાં આવી ગઈ અને આ સમાચાર સાંભળતાં જ મૂર્છિત થઈ ગઈ. જ્યારે તે ભાનમાં આવી ત્યારે જોરથી હાય પુત્ર! હાય પુત્ર! કરતી રૂદન કરવા લાગી. હાય પુત્ર! તું લડાઈમાં સહાય વિના માર્યો ગયો, હાય પુત્ર! આ દુસ્તર પાથરણા ઉપર ચૂપચાપ પડ્યો કેમ સૂતો છે? શું એ સમયે તારી કોઈએ પણ સહાયતા ન કરી? હા મહાભાગ યુધિષ્ઠિર! તમે પણ મારા પુત્રની રક્ષા ન કરી? હા પ્રભો! તમારા આ વંશમાં કુળ-દીપક વંશપુત્ર બીજો પછી કોણ અવતાર લેશે? હા પરાક્રમી ભીમ! તમે પણ મારા લાડલા પુત્રની સહાયતા કરવા ન પહોંચ્યા? હા સ્વામી વીર અર્જુન! તમારે તો તમારા પ્યારા પુત્રની રક્ષા કરવી હતી ને? હા ભાઈ કૃષ્ણ! તમે મારા પુત્રનું ધ્યાન ન રાખ્યું? બધા જ ચૂપ થઈ ગયા. હા! હું હવે કેવી રીતે આ દુઃખમાં ધૈર્ય ધારણ કરું? હા

પુત્ર! તારા વિયોગથી આજે નગરવાસી લોકો પણ ખૂબ જ દુઃખી થઈ રહ્યા છે. હા! મારે કૃષ્ણ જેવો નારાયણ બળવાન પૃથ્વીનો રક્ષક ભાઈ છે, યુધિષ્ઠિર અને ભીમ જેવા ભયંકર બળવાન જેઠ છે તથા સ્વાર્થસાધક અને પરમાર્થસાધક પૃથ્વીની રક્ષા કરવાવાળા વીર ધનુર્વિશારદ અર્જુન જેવા પતિ છે તેમ છતાં આજે પુત્રના વિયોગથી દુઃખી થઈને રડવું પડે છે. હું મારા દુઃખની શું વાત કરું? હું શોકસાગરમાં ડૂબી રહી છું.

આ પ્રકારે પોતાની પ્રિયાને શોકસાગરમાં ડૂબતી જોઈને દીર્ઘ નિઃશ્વાસ છોડતો પાર્થ સુભદ્રાને કહેવા લાગ્યો કે પ્રિયે! સાંભળ. હું પ્રતિજ્ઞા કરું છું કે મારા પુત્રને જેણે મારીને આપણી આ દશા કરી છે એ દુષ્ટ જયદ્રથનું માથું ધડથી જુદું ન કરું તો અગ્નિમાં બળીને ભસ્મ થઈ જઈશ. તેથી પ્રિયે! તું ઊઠ અને શોક ઓછો કર અને પાણીથી તારું મોઢું ધોઈ લે. એટલામાં ત્યાં શ્રીકૃષ્ણ આવીને બહેનને સમજાવવા લાગ્યા કે પ્રિય બહેન! તું ક્ષત્રિય રાજાની પુત્રી છે અને ક્ષત્રિય જ તારો સ્વામી છે, પછી તું રુદન શા માટે કરે છે? હવે શોક કરવાથી શું લાભ? વિધિને કોઈ ટાળી શકતું નથી. સંસારની દશા ઘણી વિચિત્ર છે. ક્યારેક આ જીવને સુખ અને ક્યારેક દુઃખ ચાલ્યા જ કરે છે. આ જીવ સદાય આ પર્યાયમાંથી બીજી પર્યાયમાં અને બીજી પર્યાયમાંથી ત્રીજી પર્યાયમાં ભ્રમણ કર્યા કરે છે અને દુઃખ સુખ ભોગવતો રહે છે.

પ્રિય બહેન! આ સંસાર રેંટ સમાન છે જેથી એમાં કોઈની પણ ક્યારે પણ એક જેવી હાલત નથી રહેતી. જેને તું આજે જોવે છે તે બીજા સમયે નાશ પામી જાય છે. તું જાણે છે કે આયુક્ષયના સમયે કોઈ પણ કોઈની રક્ષા કરી શકતું નથી. પોતે કેટલો પણ બળવાન હોય પોતાના કેટલાય પણ સહાયક હોય પરંતુ અંત સમયમાં કોઈ કાંઈ કામ નથી આવતા. આ જીવ કર્મના ચક્કરમાં ફસાયેલો અનેક પ્રકારના સ્વાંગ રચે છે એ તું સારી રીતે જાણે છે. તેથી હે બહેન! શોક ન કર. આ પ્રકારે કૃષ્ણએ પોતાની બહેનને સંબોધિત કરી.

એ બાજુ કોઈ ગુપ્તચરે જયદ્રથને આ સમાચાર આપ્યા કે પાર્થે તને મારવાની દૃઢ પ્રતિજ્ઞા કરી છે અથવા સ્વયં બળી મરવાનો સંકલ્પ કર્યો છે. તેથી જો તું તારી રક્ષા ઈચ્છે છે તો તેની શરણમાં જા નહીંતર આજની સવાર થતાં જ નક્કી તું યમપુર પહોંચી જઈશ. મરણને નજીક જોઈને પણ નિશ્ચિંત બેઠો છે એ કેવા આશ્ચર્યની વાત છે! આ સાંભળતાં જ જયદ્રથ ભારે ચિંતામાં પડી ગયો. એ **બરાબર જ છે કે પોતાના જીવનની ચિંતા એ મનુષ્યોની બધી ચિંતાઓથી બળવાન ચિંતા હોય છે.** તે વિચાર કરતો દુર્યોધન પાસે ગયો અને કહેવા લાગ્યો કે રાજન્! હું આ સમયે ઘણો ભયભીત છું. મારી ઉપર આ સમયે વિકટ સંકટ આવ્યું છે. તેથી હું તો વનમાં જઈને નિર્દોષ તપ કરીશ. જ્યાં હું અર્જુનનું નામ પણ મારા કાનથી નહીં સાંભળીશ. અર્જુન મહાન બળવાન છે. તે જે સમયે ધનુષ-બાણ લઈને સમરભૂમિમાં આવે છે એ સમયે એનો સામનો કરવા માટે કોઈ પણ વીર સમર્થ નથી થઈ શકતો.

આ સાંભળી દુર્યોધને કહ્યું કે હે જયદ્રથ! તું ભય ન કર, ધૈર્ય ધારણ કર. આ સંસારમાં કોઈ પણ પુરુષ અજર-

અમર નથી. જે ઉત્પન્ન થયો છે તે અવશ્ય નાશ થશે. એમાં જરાય પણ સંદેહ નથી. તેથી ક્ષત્રિયને રણમાં પીઠ દેખાડીને ખસી જવું શોભા નથી દેતું. તેનાથી સંસારમાં અપકીર્તિ થશે. આ ક્ષત્રિયનો ધર્મ નથી. ક્ષત્રિયનો ધર્મ એ છે કે રણમાં મરો અથવા મારો. તેથી વીર! તું ભય છોડીને શત્રુથી લડ. મરવાનો ડર શું? એક દિવસ મરવાનું તો છે જ! અને જો વિજય મળશે તો જયલક્ષ્મી આપણા હાથમાં આવી જશે. બીજી વાત એ છે કે પ્રતિજ્ઞાનુસાર સૂર્યાસ્ત સમય સુધીમાં જ અર્જુન બળીને ભસ્મ થઈ જશે. પછી તમને મારવાવાળું કોણ રહેશે? તેથી તમે એકદમ નિશ્ચિંત રહો.

રાત વીતી ગઈ. સવાર થઈ, પ્રતાપી સૂર્યનો ઉદય થયો. ચારે બાજુ અજવાળું ફેલાઈ ગયું. અર્જુનનો એક ગુપ્તચર એ જાણવા નીકળ્યો કે જયદ્રથ ક્યાં છે. રસ્તામાં તેને એક માણસ મળ્યો. તેણે તેને પૂછ્યું કે રણમાં જયદ્રથનો રથ કેમ ઓળખાશે? એ માણસે કહ્યું કે તેની રક્ષા માટે કૌરવોએ એક મોટા ચક્રવ્યુહની રચના કરી છે તેની અંદર જયદ્રથને રાખવામાં આવ્યો છે. તેને ગોતવો મનુષ્યની શક્તિની તો બહાર છે જ પરંતુ દેવતા પણ નહીં ગોતી શકે. અર્જુનને આ સમાચાર મળ્યા ત્યારે તેણે કહ્યું કે ભલે આજે દેવ પણ એની રક્ષા કરવા ન આવી જાય પણ આજે તેને માર્યા વિના નહીં છોડું. એમ કહીને તે એક યક્ષના ચબૂતરા ઉપર કુશાસનથી સ્થિરચિત્ત બેસી ગયો અને જિનશાસનની રક્ષા કરવાવાળી શાસનદેવીનું આરાધન શાંતચિત્ત અને સ્થિરતાપૂર્વક કરવા લાગ્યો. એ જ સમયે શાસનદેવી પ્રગટ થઈ અને તે કૃષ્ણ અને અર્જુનને સુખકર વાણી દ્વારા કહેવા લાગી કે જ્યાં પ્રતાપી નારાયણ કૃષ્ણ અને મહામના તીર્થંકર જેવા પુણ્યશાળી નેમિનાથ પ્રભુ હશે હું તેમની સદાય સેવા કરીશ, તમે જે આજ્ઞા હોય તે કહો. આ સાંભળીને અર્જુને તેના વેરીની બધી વાત તેને કહી દીધી. આ સાંભળીને શાસનદેવી બોલી કે તમે મારી સાથે ચાલો. તમારા બધાય મનવાંછિત કાર્ય સિદ્ધ થશે. દેવીના કહ્યા અનુસાર કૃષ્ણ અને અર્જુન તેની સાથે ગયા. તે બધા કુબેરને સ્નાન કરવાની એક વાવડી પર પહોંચ્યા. તે વાવડી સુખની ખાણ હતી, અત્યંત સુંદર હતી, કમળોથી પરિપૂર્ણ હતી અને હંસ આદિ જળચર જીવોને ક્રીડા કરવાનું સ્થાન હતી. શાસનદેવીએ અર્જુનને કહ્યું કે અર્જુન! આ વાવડીમાં બે ભયંકર સર્પો ફરે છે. તમે નિઃશંક થઈને વાવડીમાં ઘુસીને એને પકડો. શત્રુઓના નાશ કરવા માટે આ બંને તમને કાળનું કામ આપશે. આ સાંભળીને એ જ સમયે અર્જુન બેધડક વાવડીમાં ઘુસી ગયો અને સર્વસિદ્ધિ આપવાવાળા એ યુગલ સર્પને પકડી લાવ્યો. ત્યારબાદ, શાસનદેવીએ કહ્યું કે જુઓ, આ બંનેમાંથી એક તો બાણનું કામ આપશે અને એક શંખનું કામ આપશે. દેવીની આ વાત સાંભળીને અર્જુનને ખૂબ જ પ્રસન્નતા થઈ. ત્યારબાદ દેવીએ આશીર્વાદરૂપમાં કહ્યું કે પાર્થ! તમે આના દ્વારા વેરીને જીતો અને જયદ્રથનું મસ્તક છેદીને પ્રસન્ન થાઓ. પરંતુ એ ખ્યાલ રાખજો કે જયદ્રથનો પિતા વનમાં વિદ્યા પ્રાપ્તિમાટે ધ્યાન કરી રહ્યો છે. તેથી તમે જયદ્રથને મારીને તેનું મસ્તક તેના ખોળામાં નાખી દેજો. તમે તેનું મસ્તક ખોળામાં નાખશો કે તેને જોતાં જ તે મરી જશે. આવી રીતે તમે શત્રુરહિત થઈ જશો. શત્રુના વિનાશ માટે આના સિવાય તમારે બીજો કોઈ ઉપાય કરવાની જરૂર નથી. દેવીના આવા વચનોથી અર્જુનને ઘણો જ સંતોષ થયો અને તે ધનુષ-બાણ લઈને કૃષ્ણની સાથે પોતાની સેનામાં ગયો.

ઉભય પક્ષના યોદ્ધા યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા હતા. આ સમયે દ્રોણે જયદ્રથને ધૈર્ય બંધાવ્યું અને કહ્યું કે તમે નિર્ભય રહો, હું તારી રક્ષા કરવામાં સાવધાન રહીશ. ત્યારબાદ દ્રોણે ચૌદ હજાર હાથીની વચ્ચે ઘેરામાં તેને રાખ્યો અને એ હાથીઓની ચારેબાજુ ત્રણ ઘેરા બનાવ્યા કે જેમાં પહેલો ઘેરો એક લાખ ઘોડાનો, બીજો ઘેરો સાઈઠ હજાર રથોનો અને ત્રીજો ઘેરો વીસ લાખ પાયદળનો હતો. આ પ્રકારે દ્રોણે જયદ્રથની રક્ષાનો પૂર્ણ પ્રબંધ કર્યો અને પોતાના પક્ષના રાજાઓને કહ્યું કે તમે લોકો જયદ્રથની રક્ષામાં રહો. હું આ બાજુ શત્રુઓનો નાશ કરવા માટે જાઉં છું.

ત્યારબાદ, યુધિષ્ઠિરે કૃષ્ણને કહ્યું કે આ સમયે અમે લોકો કર્તવ્યહીન બની રહ્યા છીએ. એવું લાગે છે કે હવે શત્રુ ઉપર વિજય મેળવવો અમારી શક્તિથી બહાર થઈ રહ્યું છે. પાર્થની પ્રતિજ્ઞા આજે વ્યર્થ થઈ રહી છે. લોકો કાંઈ પણ બોલી દે છે પણ પાછળથી તેનું પાલન થવું ઘણું જ મુશ્કેલ થઈ જાય છે. યુધિષ્ઠિરની વાત સાંભળીને કેશવે કહ્યું કે મહારાજ! તમે કોઈ પણ પ્રકારની ચિંતા ન કરો. તમારા ઈચ્છિત બધા જ કાર્ય સિદ્ધ થશે. તમે એકછત્ર કુરુમંગલ દેશનું રાજ્ય કરશો અને પાર્થની પ્રતિજ્ઞા પણ અવશ્ય સફળ થશે. એ જ સમયે પાર્થ ત્યાં આવ્યો અને તેણે યુધિષ્ઠિરને પ્રણામ કરીને કહ્યું કે પૂજ્ય! આપ આજ્ઞા આપો કે જેથી હું તમને મારું બાહુબળ દેખાડું. આ સાંભળીને યુધિષ્ઠિરે ખૂબ જ પ્રસન્નતાપૂર્વક કહ્યું કે વત્સ! જૈનધર્મના પ્રસાદથી તારા બધા જ કાર્ય સિદ્ધ થાય. યુધિષ્ઠિરના પવિત્ર આશીર્વાદ ગ્રહણ કરીને અર્જુન રથપર સવાર થઈને કૃષ્ણની સાથે ત્યાંથી ચાલી નીકળ્યો. એ સમયે લડાઈના વાજા વાગવા લાગ્યા. હાથી, ઘોડા, યોદ્ધાઓ અવાજ કરવા લાગ્યા અને યુદ્ધ કરવા આગળ ચાલ્યા અને સમરભૂમિમાં પહોંચીને વેરીઓના મસ્તક છેદવા લાગ્યા અને તેને લોહીલુહાણ કરતાં લડાઈ કરવા લાગ્યા. વીર પાર્થે શત્રુઓના રથને તોડી નાખ્યા, મદોન્મત્ત હાથીઓની સૂંઢને છિન્ન-ભિન્ન કરી તેમને ધરાશાયી કરી દીધા, વીરોના મસ્તકને ધડથી જુદા કરી નાખ્યા. આ રીતે, ત્યાંની પૃથ્વી લોહીલુહાણ દેખાવા લાગી. એવો કોઈ પણ યોદ્ધો ન બચ્યો જે લોહીથી લથપથ ન થયો હોય. આ પ્રકારે પોતાની સેનાને પાર્થના મારને કારણે ભાગતી જોઈને દ્રોણે તેમને ધૈર્ય બંધાવ્યું અને કહ્યું કે વીરો! ભાગો નહીં, ભય ન કરો. આવું કરવાથી આપણે લજ્જિત થવું પડશે. જ્યારે હું અહીં છું તો તમે ભય કઈ વાતનો કરો છો? અહીં નિર્ભય થઈને રહો. દ્રોણના આ વચનો સાંભળીને વીરગણ ભાગવાથી રોકાઈ ગયા અને લડવા માટે ફરી હાથમાં હથિયાર લઈ લીધા. એ દરમિયાન કૃષ્ણ અને અર્જુને દ્રોણને નમસ્કાર કરીને કહ્યું કે પૂજ્ય! અમારી તમને એક વિનીત પ્રાર્થના છે કે તમે આ રણમાં યોગદાન ન આપીને તમે રણક્ષેત્રથી જતાં રહો કારણ કે તમે અમારા ગુરુ છો. અમે અમારા ગુરુને લાંઘતાં થકા કઈ રીતે શત્રુસૈન્યનો ધ્વંસ કરીએ?

આ વાત સાંભળીને દ્રોણે ઉત્તર આપતાં કહ્યું કે હું હવે રણથી કઈ રીતે પાછો જઈ શકું? મારે તમારી સાથે યુદ્ધ કરવું જ પડશે. હું તમને પહેલાં જ એક વાત કહી દઉં કે મેં આજ સુધી સંસારમાં જેની રક્ષા કરી એ જ જીવે છે અને જેને માર્યો એ સદાય માટે મરી ગયો છે. તેથી તમે લોકો આ વાત ધ્યાનમાં રાખીને મારી સાથે યુદ્ધ કરજો. દ્રોણની

આ વાત સાંભળીને અર્જુનને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તે એ જ સમયે રથમાં સવાર થઈને હાથમાં ધનુષ લઈને યુદ્ધ કરવા માટે ચાલ્યો. પહેલાં જ પાર્થે દ્રોણને લક્ષ્માં લઈને નવ બાણ છોડ્યા જેને તેમણે છેદી નાખ્યા. ત્યારબાદ એનાથી બમણા બાણ છોડ્યા અને એમ કરતાં કરતાં જ્યાં સુધી એક લાખ બાણ ન થયા ત્યાં સુધી એ છોડતો ગયો અને દ્રોણે તેનું નિવારણ કર્યું. આ જોઈને કૃષ્ણએ કહ્યું કે પાર્થ! આ શું છે? શું તને શત્રુઓ સાથે પણ ગુરુ-શિષ્ય જેવી લડાઈ કરવી ઉચિત છે? કેમ વિલંબ કરે છે? કૃષ્ણની આ વાત સાંભળતાં જ અર્જુન હાથમાં તલવાર લઈને શત્રુદળને ચિરતો માર્ગ કરતો આગળ વધ્યો. આ જોઈને દ્રોણ હાથમાં લોહ-યષ્ટિ લઈને પાર્થની સામે આવ્યા અને તેણે કહ્યું કે પાર્થ! ઊભો રહે. ક્યાં નિઃશંક થઈને ચાલ્યો જાય છે? આ સાંભળીને પાર્થે કહ્યું કે હે ગુણોની રાશી! હું ફરી કહું છું કે તમે મારી સાથે ન લડો. આ તમારા માટે યુક્તિયુક્ત નથી. કારણ કે અમે બધા તમારા પુત્ર છીએ, આપના માટે તો જેવો અશ્વત્થામા તેવો જ હું અને તેવા જ આ વિષ્ણુ છે. દુશ્મનથી યુદ્ધ કરવું ઉચિત છે. તેથી ગુરુદેવ તમે કૃપા કરીને યુદ્ધ કરવાનો સંકલ્પ છોડી દ્યો. અર્જુનની આ પ્રાર્થના સાંભળીને લજ્જિત થઈને દ્રોણ પાછા ફર્યા અને ત્યારે અર્જુન એકલો જ પોતાના બાણથી શત્રુ-સૈન્યનો વિધ્વંસ કરવા લાગ્યો. તેણે એ સમયે ગાંડીવ ધનુષની ટંકારથી કૌરવોની સેનાનું ભેદન કરી નાખ્યું.

આ સમયે પાર્થને પોતાની સામે આગળ વધતો જોઈને ઘણા રાજાઓ બોલવા લાગ્યા કે જુઓ! દ્રોણે જાણીને પાર્થને અહીં મોકલ્યો છે. હવે એ આવીને અહીં ઉપદ્રવ કરશે. જો એને દ્રોણનો સહારો ન હોત તો તે ક્યારેય આગળ વધી શક્યો ન હોત. આ જોઈને શતાયુદ્ધને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે એ જ સમયે કૃષ્ણ-અર્જુનને આગળ વધતા રોકી દીધા. ત્યારે એ બંનેએ ક્રોધમાં આવીને શતાયુધના રથ, હાથી, ઘોડા વગેરે છેદી નાખ્યા. ત્યારબાદ શતાયુધે મનમાં ગદાનું સ્મરણ કરતાં જ એ ગદા દાસીની જેમ હાથમાં આવી ગઈ. વિજળીની જેમ ચમકતી ગદાને જોઈને કૃષ્ણએ અર્જુનને કહ્યું કે પાર્થ! હવે કાર્ય સિદ્ધ થવું મુશ્કેલ લાગે છે. છતાં પણ હું મારા જ્ઞાનબળથી વેરીનો નાશ કરી દઈશ. તું ચિંતા નહીં કર. ત્યારબાદ શ્રીકૃષ્ણએ કહ્યું કે રે શતાયુધ! તું તારી ગદાનો મારી ઉપર પ્રહાર કર, કેમ વિલંબ કરે છે? કૃષ્ણના આ પ્રકારે કહેવાથી તેણે નિશ્ચય કર્યો કે વાસ્તવમાં અર્જુન અને કૃષ્ણ જ આ લડાઈના મૂળ કારણ છે તેથી આ બંનેને ગદાના પ્રહારથી કાળગ્રસિત બનાવવાથી જ કાર્ય સિદ્ધ થશે અને એનાથી જ મને વિજયલક્ષ્મી પ્રાપ્ત થશે. આમ વિચારી પહેલાં તેણે શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળને વિદીર્ણ કરવા માટે એ ગદાનો પ્રહાર કર્યો. પરંતુ એમના પુણ્યના પ્રતાપે એ ગદા સુગંધિત ફૂલોની માળા બનીને તેમના ગળાનો હાર બની ગઈ. એ બરાબર જ છે કે પુણ્યશાળી જીવોને દુઃખની સામગ્રી પણ સુખદાયક બની જાય છે. ત્યારબાદ એ ગદાએ પુણ્યમયી કૃષ્ણની પૂજા કરી અને ફરી પાછી જઈને એ પાપી શતાયુધના મસ્તક પર પડી જેથી તેનું માથુ ફાટી ગયું અને તે યમાલયનો અતિથિ બની ગયો. આ જોઈને કૌરવોની સેનામાં ભારે હાહાકાર મચી ગયો અને તે બધાય લડવા માટે તૈયાર થઈ ગયા. પરંતુ તેઓ અર્જુન અને કૃષ્ણના પ્રબળ બાણોના મારથી ક્ષણવારમાં લીલફુગની માફક આમતેમ વિખરાઈ ગયા.

ત્યારબાદ, કૃષ્ણએ અર્જુનને કહ્યું કે આપણા ઘોડા આ સમયે ખૂબ જ તરસથી વ્યાકુળ થઈ રહ્યા છે તથા તેઓ ચાલવામાં અસમર્થ થઈ રહ્યા છે. તેથી હવે આપણે પગે ચાલીને જ શત્રુ સાથે લડાઈ કરવી જોઈએ. આ વાત સાંભળીને અર્જુને કહ્યું કે રે દેવ! મને ખંડવનમાં એક દેવતાએ આ બાણ આપ્યું હતું એનું ફળ એ બતાવ્યું હતું કે જ્યાં તેને પાણીની આવશ્યકતા લાગશે ત્યાં તેની પૂર્તિ કરશે. તેથી માધવ! હું હમણા અહીંયા જ આ બાણના પ્રભાવથી ગંગાના જળનો પ્રવાહ પ્રગટ કરી આપું છું. આમ કહીને તેણે સુરોપુનિત બાણ ચલાવ્યું જેથી એક ક્ષણમાં જ ત્યાં ગંગાના પ્રવાહની જેમ પાણી વહેવા લાગ્યું. એમાં તેણે સારી રીતે ઘોડાને પાણી પીવડાવ્યું. પાણી પીને એ ઘોડા ફરી ચાલવા માટે સમર્થ થઈ ગયા. આ કૃત્ય જોઈને આકાશમાં દેવગણ સાધુવાદ આપવા લાગ્યા અને કહેવા લાગ્યા કે જુઓ! જે મહાપુરુષ પાતાળમાંથી જમીન પર પાણી કાઢી લાવ્યા, એની સાથે લડાઈ કરવાવાળા કેવા અસંજ્ઞી છે? શું તેઓ આવા પુણ્યશાળીઓથી વિજય પ્રાપ્ત કરી શકે?

ત્યારબાદ, કૃષ્ણ અને અર્જુન બંને લડવા માટે રથમાં બેસીને ચાલ્યા. સમરક્ષેત્રમાં પહોંચતાં જ કૃષ્ણએ શત્રુઓના વિધ્વંસ માટે એક સાથે લાખ બાણ છોડ્યા કે જેથી કૌરવોની સેનાના હાથી, ઘોડા, પાયદળ આદિ બધાય છેદાઈ ગયા, રથ પણ નષ્ટ થઈ ગયા અને ભયને કારણે તેમના સૈનિક આમતેમ ભાગવા લાગ્યા. એમને ભાગતાં જોઈને દુર્યોધને તેમને લલકારીને કહ્યું કે હે વીરો! તમે ક્યાં ભાગી રહ્યા છો? શું તમારી આ જ શૂરવીરતા છે? આ સાંભળીને સંયત બોલ્યો કે રાજન્! શું તમને કૃષ્ણ અને અર્જુનની શૂરવીરતાની ખબર નથી? તેમણે તમારી પૂરી સેના ભેદી નાખી, બળવાન દુર્મર્ષણને પરાસ્ત કરીને ભગાવી દીધા, આપણો ભાઈ દુઃશાસન ડરનો માર્યો તેમની સામે જ ન આવ્યો, દ્રોણને ગુરુ સમજીને તેમણે છોડી દીધા, કૃતવર્મા આદિને યમપુર મોકલી દીધા, શતાયુધ, વૃંદ અને વિદના પ્રાણોને નષ્ટ કરી નાખ્યા, અર્જુન પાતાળથી પરમ પાવન ગંગાને અહીં લઈ આવ્યો છતાં તમે સેનાને ભાગવાનું કારણ પૂછો છો? મહારાજ! પાર્થ અને કૃષ્ણ બંનેય બળવાન છે, તેજસ્વી છે, તેમની વીરતાનો કોઈ પાર નથી પામી શકતા.

આ સાંભળીને દુર્યોધનના ગુસ્સાનો પાર ન રહ્યો. તે એ સમયે દ્રોણની નિંદા કરવા લાગ્યો. એ કહેવા લાગ્યો કે દ્રોણ! તમે આ સારું ન કર્યું કે વેરીને ઘૂસવાનો રસ્તો આપ્યો. તમને પાંડવોનો પક્ષ કરતાં સંકોચ ન થયો? શું તમારી આવી જ ધર્મબુદ્ધિ છે? બલિહારી છે તમારી આ દુષ્ટ બુદ્ધિની! દુર્યોધનની મર્મભેદી વાણી સાંભળીને વિષાદ-ચિત્ત થઈ દ્રોણે કહ્યું કે જો! હું પાર્થના બાણોથી ભેદાઈ ગયો છું. હું એની સમાનતા કરવામાં સમર્થ ન થયો અને થઈ પણ નહીં શકું. એ તરુણ અને હું વૃદ્ધ, બંનેની સમાનતા કેવી રીતે થઈ શકે છે? તું તરુણ છો, બળવાન છો તેથી તું જ તેમની સાથે લડવા માટે ઉપયુક્ત થઈ શકે છે. આ સાંભળીને દુર્યોધન બોલ્યો કે સારું! તમે ચૂપ બેસીને જોતાં રહો, હું મારા પુરુષાર્થ દ્વારા ક્ષણભરમાં જ કાળના મોઢામાં પહોંચાડી દઉં છું. આમ કહીને તેણે હાથમાં ધનુષ ઉપાડ્યું અને અર્જુન સાથે સંગ્રામ કરવા લાગ્યો. એની સાથે બીજા યોદ્ધાઓ પણ પરસ્પર લડવા લાગ્યા, લડાઈ કરતાં દુર્યોધને પાર્થના બાણોને છેદી નાખ્યા

અને ગર્વમાં આવીને હાસ્યના રૂપમાં પાર્થને કહેવા લાગ્યો કે તને તો ગાંડીવ ધનુષનું બળ હતું તે હવે ક્યાં ચાલ્યું ગયું? આ જોઈને કૃષ્ણે પાર્થને કહ્યું કે પાર્થ! તું થાકી તો નથી ગયો ને? ઉત્તરમાં પાર્થે કહ્યું કે નહીં; હું તો આ શત્રુઓને મારીને શાંતિ લેવા માટે બેસી ગયો છું. હું હમણા જ આ બાકી બચેલા આ બધાને ધરાશાયી કરી દઉં છું. તમે વિશ્વાસ રાખો કે હું હમણા આ બધા કૌરવોને જીતીને ઉજ્જ્વળ યશ પ્રાપ્ત કરીશ. આમ કહીને જોશમાં આવીને પાર્થે બાણના પ્રબળ મારથી દુર્યોધનને વેધી નાખ્યો. તેને જોઈને કૌરવોની સેનામાં હાહાકાર મચી ગયો અને તે આમતેમ ભાગવા લાગી. આ જ સમયે કૃષ્ણે પોતાના પંચજન્ય શંખના શંખનાદ દ્વારા આકાશને ગુંજાયમાન કરી દીધું જેનો અવાજ સાંભળીને જયાદ્ર-જયદ્રથ ખૂબ જ ડરી ગયો અને તે ભયભીત થઈ ધ્રુજવા લાગ્યો. આ સમયે એવું ભયંકર યુદ્ધ થયું કે ચારે તરફ પૃથ્વીમાં લોહી જ દેખાવા લાગ્યું. જ્યાં જુઓ ત્યાં મડદાં જ મડદાં દેખાવા લાગ્યા.

ત્યારબાદ, અર્જુને જ્યાં જયદ્રથને જોયો ત્યાં તેનો ક્રોધ વધારે પ્રબળ થઈ ગયો અને તેણે મર્મભેદી શબ્દો દ્વારા કહ્યું કે નીચ! ચાંડાલ! તેં જ લડાઈમાં અન્યાયથી અભિમન્યુનો વધ કર્યો છે. હવે મારી સામે આવ અને મને તારું પરાક્રમ અને તારી વિદ્યા દેખાડ. હું પણ જોઉં તો કે તારામાં કેટલું પરાક્રમ અને કેટલી વિદ્યા છે? નીચ! હું તને ઘણી મુશ્કેલીથી જોઈ શક્યો છું. જો તારામાં કાંઈ પણ શક્તિ હોય તો શસ્ત્ર ઊઠાવ અને મારી સાથે રણાંગણમાં યુદ્ધ કર અને કૌરવોની સેનાને બચાવ. પાર્થના આ વચન સાંભળીને દેવતાઓને ઘણો સંતોષ થયો અને તેઓ તેની પ્રશંસા કરવા લાગ્યા. એ જ સમયે ધનંજયે જયદ્રથના ધનુષ, ઘોડા અને ધ્વજાને છેદી નાખ્યા. કૃષ્ણે તેનું કવચ ભેદી નાખ્યું અને અર્જુનને કહ્યું કે પાર્થ! તું સૂર્યાસ્ત થતાં પહેલાં જ આનું મસ્તક ધડથી જુદું કરી નાખ એમાં જ તારી વીરતા છે. કૃષ્ણના આ વચન સાંભળીને પાર્થે શાસનદેવીનું આપેલું નાગબાણ હાથમાં લીધું અને તેને ધનુષ પર ચડાવીને છોડી દીધું કે જેના લાગતાં જ જયદ્રથનું મસ્તક ધડથી જુદું થઈ ગયું અને એ મસ્તકને આકાશમાર્ગેથી ત્યાં મોકલ્યું કે જ્યાં તેના પિતા વનમાં તપસ્યા કરી રહ્યા હતા. એ મસ્તક એના ખોળામાં પડ્યું. જેવી રીતે તળાવમાં ઉગેલું કમળ કાપી નાખતા પડી જાય છે તેમ તે મસ્તકને જોતાં જ તેના પિતા ચૈતન્યરહિત થઈ પૃથ્વી પર પડી ગયા. આ બાજુ જયદ્રથના મરી જવાથી પાંડવોની સેનામાં જય જયનો શબ્દ થવા લાગ્યો જેથી પાર્થની કીર્તિ દિગંતવ્યાપી થઈ ગઈ, એ બાજુ કૌરવોની સેનામાં હાહાકાર મચી ગયો અને દુર્યોધનના નેત્રોથી અશ્રુઓની ધારા વહેવા લાગી અને તે જયદ્રથ માટે ખૂબ વિલાપ કરવા લાગ્યો.

પશ્ચાત્ અશ્વત્થામાએ દુર્યોધનને ધૈર્ય બંધાવીને કહ્યું રે રાજન્! તમે કેમ દુઃખી થાવ છો? હું હમણા તમારા આ દુઃખના કારણને હટાવી દઉં છું. આમ કહી તે ધનુષ-બાણ લઈને અર્જુન ઉપર તૂટી પડયો અને યુદ્ધ કરતાં કરતાં અર્જુનના ધનુષની પ્રત્યંચા-દોરી છેદી નાખી. આ જોઈને અર્જુનને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે બીજું ધનુષ-બાણ લઈ દાંતોને કચકચાવતાં એના ઉપર વાર કર્યો જેથી તે દબાઈ ગયો જેવી રીતે સિંહ મત્ત હાથીને દબાવી દે છે. ત્યારબાદ પાર્થે પોતાના છ બાણો દ્વારા અશ્વત્થામાના સારથીને પૃથ્વી પર પાડી દીધો અને તેને પણ ઘાયલ કરી દીધો. આ જ રીતે અર્જુને

ત્યાં બીજા પણ ઘણા યોદ્ધાઓને ગત પ્રાણ કરી દીધા. આમ, લડાઈ કરતાં કરતાં રાત થઈ ગઈ અને બધી સેના પોતપોતાના સ્થાને ચાલી ગઈ.

પોતાની દુરાવસ્થા જોઈને દુર્યોધને દુ:ખિત હૃદયે દ્રોણને કહ્યું કે આ બધું તમારું જ કરેલું છે. જો તમે પાર્થને રસ્તો ન કરી આપેત તો તે કોઈ પણ હાથી, ઘોડા અને કોઈ યોદ્ધાને પણ મારી ન શકત. ઉપરથી તે આસાનીથી પોતાની પ્રતિજ્ઞા હારી જાત. દુર્યોધનના આ વચનો સાંભળીને દ્રોણે ક્રોધે ભરાઈને કહ્યું કે તમારું કહેવું નિતાંત અનુચિત છે. અર્જુને મને બ્રાહ્મણ જાણીને જીવતો છોડ્યો છે. તમે ક્ષત્રિય છો તેથી ક્ષત્રિય સાથે લડાઈ કરો. હું તમને જ પૂછું છું કે તમે જ લડાઈ કરતાં સમયે તેને કેમ છોડી દીધો? પોતાના દોષ તો જોતાં નથી અને દુરાગ્રહથી બીજાના માથે દોષ નાખો છો? મેં ઘણીવાર અર્જુનનું બળ જોયું છે, હું તેની સમાનતા નથી કરી શકતો, હવે તમને જે ઠીક લાગે તે કરો. આ વાત સાંભળીને વિનમ્ર થઈને દુર્યોધન બોલ્યો કે પ્રભુ! તમે પૂજ્ય છો. અમારા અને અમારા પૂજ્ય પુરુષોના ગુરુ છો તેથી તમે અમારા અપરાધ ક્ષમા કરો અને કોઈ એવો ઉપાય કરો કે જેથી શત્રુ આજે રાત્રે જ નષ્ટ થઈ જાય.

ત્યારબાદ, બધાએ નિશ્ચય કર્યો કે પોતાની સેનાને લઈને પાંડવોની સૂતેલી સેના ઉપર જ ચડાઈ કરી દેવામાં આવે. કર્ણને પણ સૂચના આપી દીધી. બસ, પછી તો શું હતું! કૌરવોની સેના રાતોરાત જ રણસ્થળ તરફ ચાલી અને તેણે નિદ્રાધીન પાંડવોની સેના ઉપર ચડાઈ કરી દીધી. કૌરવોએ બાણોની વર્ષા કરવાનું શરૂ કરી દીધું જેથી પાંડવોની સેના છિન્ન-ભિન્ન થઈ ગઈ. પાંડવ પક્ષના રાજાઓ આમતેમ ભાગવા લાગ્યા. ત્યારબાદ કૌરવોએ એક સાથે દશ બાણ દ્વારા ભીમને અને ત્રણ બાણ દ્વારા નકુલ અને સહદેવને ઘાયલ કર્યા તથા દશ બાણ દ્વારા ભીમના પુત્ર ઘટુકને, પાંચ બાણ દ્વારા અર્જુનને અને છ બાણ દ્વારા શિખંડીને ઘાયલ કર્યો તથા સાત બાણ દ્વારા ધૃષ્ટદ્યુમ્નને અને પાંચ બાણ દ્વારા શ્રીકૃષ્ણને ઘાયલ કર્યા.

એ જ સમયે ક્રોધયુક્ત યુધિષ્ઠિર લડાઈ કરવા માટે ઊભા થયા અને તેણે પોતાના પ્રખર બાણો દ્વારા દુર્યોધનને ખૂબ જ ઘાયલ કરી દીધો જેથી એ પછાડ ખાઈને પડી ગયો અને તેને મૂર્છા આવી ગઈ. આ જોઈને દ્રોણ યુધિષ્ઠિરની સામે લડાઈ કરવા માટે આવ્યા અને પાંડવોની સેનામાં ઘૂસી ગયા. એ સમયે એ એવા શોભાયમાન થવા લાગ્યા જાણે કે આકાશમાં સૂર્ય જ હોય. આ જ સમયે સવાર થઈ ગઈ, સૂર્યનો ઉદય થયો. પાંડવોની સેનાએ ક્ષણમાત્રમાં દ્રોણને પાછળ હટાવી દીધા. આ જોઈને પાર્થે બ્રહ્મ બાણ છોડ્યું જેણે દ્રોણને પૂરા ઘાયલ કરીને વિવશ કરી દીધા. ગુરુ જાણીને પાર્થે તેમને છોડી દીધા અને ભક્તિભાવથી તેમની સ્તુતિ કરી તથા પોતાના અપરાધની ક્ષમા માંગી. દ્રોણ અર્જુનના આ કાર્યથી લજ્જિત થયા અને યુદ્ધથી ઉદાસીન થઈ બેસી ગયા.

ત્યારબાદ, અર્જુને સારથીને કહ્યું કે હવે તું રથને કર્ણ, દુર્યોધન અને અશ્વત્થામા બાજુ ચલાવ. એ સમયે દુર્યોધન





Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પાર્થના પરાક્રમથી ભયભીત થઈને કર્ણના રથને હાથથી પકડીને કહેવા લાગ્યો કે કર્ણ! આપણી બધી જ સેના નષ્ટ થઈ ગઈ તેથી હવે તમે જ કહો કે આપણે શું કરીએ? કર્ણએ કહ્યું કે ભાઈ ચિંતા ન કરો, પહેલાં હું પાર્થને જ નષ્ટ કરી નાખું છું, પછી બીજા યોદ્ધાઓને જોઈશ–આમ કહીને કર્ણે અર્જુન સાથે યુદ્ધ કરવાનું ચાલુ કરી દીધું. આ બાજુ કૌરવોની સેના યુધિષ્ઠિર સાથે લડવા લાગી. એ બધામાં ધનઘોર લડાઈ થવા લાગી. બાણોની વર્ષાથી આકાશ વ્યાપ્ત થઈ ગયું, યુદ્ધના અવાજથી દિશાઓ ગૂંજી ઊઠી. આ જોઈને પાર્થે પોતાના બાણોના મારથી કર્ણના રથને છિન્ન-ભિન્ન કરી નાખ્યું અને તેના ધનુષને તોડી નાખ્યું.

આ બાજુ, દ્રોણ ધૃષ્ટકાર્જુન સાથે યુદ્ધ કરી રહ્યા હતા અને એકબીજા ઉપર બાણ વર્ષાવી રહ્યા હતા. દ્રોણે તેના રથ અને ધ્વજાને નષ્ટ કરી નાખ્યા અને સાથે સાથે વીસ હજાર યોદ્ધાઓને પણ યમપુર પહોંચાડી દીધા. ઘણા બધા હાથી, ઘોડા, રથ, પાયદળ કે જેની સંખ્યા ન કહી શકાય તે બધાને નષ્ટ કરી નાખ્યા અર્થાત્ તેણે એક અક્ષૌહિણી સેનાને નષ્ટ કરી નાખી. એટલામાં ઉપરથી આકાશવાણી થઈ કે દ્રોણ! તમે વ્યર્થમાં જ આ સજ્જન રાજાઓની સાથે વિરોધ કરીને પાપ ઉપાર્જન કરો છો. તમારે આ બધા પાપના કાર્યમાં પડવાની આવશ્યકતા નથી. હે ભવ્ય! તમે તો મનને પવિત્ર કરીને આત્મપદમાં સ્થિર રહો અને આ હિંસાના કામને છોડો. આ સાંભળીને ભીમ બોલ્યો કે શ્રેષ્ઠ વિપ્ર! વાસ્તવમાં તમારે હિંસાનું કાર્ય કરીને શા માટે પાપ ઉપાર્જન કરવું જોઈએ? તેનાથી કાંઈ લાભ નથી, તમે તો પાંડવોને કુરુજાંગલ દેશનું રાજ્ય આપીને સુખેથી રહો. ભીમના આ વચન સાંભળીને દ્રોણે કહ્યું કે એ તો ક્યારે પણ ન બની શકે. મેં આજે મારા મનમાં પ્રતિજ્ઞા કરી છે કે પૂરું રાજ્ય કૌરવોને આપીશ. ત્યારબાદ, દ્રોણ અને ધૃષ્ટકાર્જુન ફરી લડાઈ કરવા માટે પ્રવૃત્ત થયા.

આ બાજુ અશ્વત્થામાએ ભીમના પુત્ર ઘટુકને લલકાર્યો અને તેની સામે આવતાં જ તેને બાણોના મારથી ગતપ્રાણ કરી દીધો. જેથી પાંડવોને ખૂબ જ દુઃખ થયું અને તેઓ બધા વિલાપ કરવા લાગ્યા. આ જોઈ કૃષ્ણે તેમને સમજાવ્યા કે શું આ સમય તમારા વિલાપ કરવાનો છે? મોકો મેળવીને કૌરવોની સેના લડાઈ કરવા ઉદ્યત થઈ ગઈ. આ જોઈને ભીમે અશ્વત્થામાને લલકારીને કહ્યું કે પહેલાં મેં તને ગુરુપુત્ર જાણીને લડાઈમાં જીવનદાન આપીને છોડ્યો હતો. પરંતુ હવે તને કોઈ પણ રીતે જીવતો નહીં છોડું. તું સાવધાન થઈ જા. આમ કહીને ભીમે તેના ઉપર ગદાનો પ્રહાર કર્યો કે જેથી તે મૂર્છિત થઈને પડી ગયો. ત્યારબાદ, ભીમે તેના હાથીને પણ મારી નાખ્યો.

આ જ સમયે પાંડવોની સેના યુધિષ્ઠિરને પ્રણામ કરીને કહેવા લાગી કે મહારાજ! દ્રોણે લડાઈમાં તમારી સેનાને તહસ-નહસ કરીન નાખી છે, અમારામાંથી કોઈ પણ યોદ્ધામાં એવી શક્તિ નથી કે જે એ બળવાનને પરાસ્ત કરી દે. તેના માટે એક જ ઉપાય છે અને તે તમારા કહેવાથી જ થઈ શકે. દ્રોણને પોતાના પુત્ર ઉપર ખૂબ જ પ્રેમ છે. તેથી તમારા મોઢે કહી દો કે અશ્વત્થામા લડાઈમાં મરી ગયો. બસ પુત્રવધને સાંભળતાં જ તે લડાઈથી વિમુખ થઈ જશે. આ સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું કે ભાઈ! તમે મને કેમ ખોટું બોલાવડાવો છો? તમે નથી જાણતા કે જૂઠ અનર્થનું કરવાવાળું છે અને ઘણું

દુઃખદાયી છે? આ સાંભળીને પાંડુસેનાએ ફરી કહ્યું કે આ લડાઈમાં અશ્વત્થામા નામનો હાથીને માર્યો છે તેથી એ ખોટું નથી. અંતમાં તેમના આગ્રહથી યુધિષ્ઠિરે જોરથી એ શબ્દ કહ્યા કે અશ્વત્થામા લડાઈમાં માર્યો ગયો. ધર્મરાજના જોરથી કહેલા શબ્દ દ્રોણના કાનમાં જ્યાં પડ્યા કે તરત જ પુત્રવધને સાંભળીને હાહાકાર કરવા લાગ્યો. તેના હાથમાંથી એ જ સમયે ધનુષ-બાણ છૂટી ગયા અને આંસુઓની અવિરલ ધારાથી પૃથ્વી સિંચવા લાગ્યા. એમની આ અવસ્થા જોઈને દુર્યોધને થોડીવારમાં કહ્યું કે મનુષ્ય નહીં પરંતુ હાથી માર્યો ગયો છે. આ સાંભળીને દ્રોણનો શોક શાંત થયો અને ધૈર્ય બાંધ્યું પરંતુ એટલામાં ધૃષ્ટકાર્જુન હાથમાં તલવાર લઈને આવી ગયો ને તેણે તલવારનો એક પ્રહાર કરીને દ્રોણને સદાય માટે ધરાશાયી કરી દીધા.

દ્રોણની આ અવસ્થા જોઈને કૌરવ અને પાંડવ બંનેને ભારે દુઃખ થયું. તેઓ ગુરુ-વિયોગમાં ભારે વિલાપ કરવા લાગ્યા. કહેવા લાગ્યા કે હે ગુરુદેવ! આપનો વિયોગ થવાથી અમારી આ છત્ર-છાયા જતી રહી. સંસારમાં અમારી અપકીર્તિ ફેલાઈ ગઈ. આ બધું દુર્યોધન જેવા પુરુષની સંગતિનું જ પરિણામ છે. એ સમયે ગુરુના વિયોગથી દુઃખી થઈ ક્રોધિત થઈને અર્જુન યુધિષ્ઠિરને કહેવા લાગ્યો કે પૂજ્ય! ધૃષ્ટકાર્જુન કાંઈ આપણો સગો નથી પછી તેણે આપણા ગુરુ દ્રોણાચાર્યને કેમ માર્યા? આ સાંભળી ધૃષ્ટકાર્જુન વિનયપૂર્વક બોલ્યો કે પ્રભુ! આમાં મારો થોડો પણ અપરાધ નથી. સત્ય તો એ છે કે જ્યારે લડાઈ થાય છે એ સમયે એક યોદ્ધા બીજા યોદ્ધા પર પ્રહાર કરે જ છે પછી એમાં ભલે કોઈનો પણ નાશ કેમ ન થાય, એનો કાંઈ વિચાર નથી રહેતો. આ વાત સાંભળીને અર્જુન શાંત તો થયો પરંતુ તેનો અંતર્દાહ ગુરુ-વિયોગથી શાંત ન થયો.

ત્યારબાદ, ફરી કૌરવોની સેના લડવા માટે તૈયાર થઈ ગઈ અને તેણે રણભેરી વગડાવીને આકાશ ગુંજાવી દીધું. યુદ્ધ ચાલુ કરતાં જ યુધિષ્ઠિરે શલ્યના મસ્તકને ધડથી જુદું કરી દીધું કે જે શલ્ય વિરાટની સામે પોતાનું પરાક્રમ દેખાડી ચૂક્યો હતો. પાર્થે પણ એ સમયે પોતાના દિવ્યાસ્ત્રો દ્વારા હજારો રાજાઓને ધરાશાયી કરી દીધા. એ યુદ્ધ દિવસ-રાત ચાલતું હતું. જો કોઈને ઊંઘ આવતી તો તે ત્યાં જ જમીન ઉપર સૂઈ જતા હતા, ત્યાં તે સમયે મારો-કાપો સિવાય કોઈ અવાજ જ સંભળાતો ન હતો. આ રીતે મહાયુદ્ધને સત્તર દિવસ પૂરા થઈ ગયા પછી અઢારમો દિવસ આવ્યો અને ફરી એ જ ઘમાસાન યુદ્ધ ચાલુ થઈ ગયું. એ સમયે બંને સેનાઓમાં મકરવ્યુહની રચના થઈ. બંને સેનામાં માર-કાપ થવા લાગી. એ સમયે કૌરવોની સેના સમુદ્ર જેવી લાગતી હતી. આ જોઈ તેને નષ્ટ કરવા ભીમ રથમાં બેસીને તેની વચ્ચે ધુસી ગયો. આ બાજુ કર્ણ અને અર્જુનનું પરસ્પર ફરી યુદ્ધ શરૂ થઈ ગયું. થોડીવારમાં અર્જુને પોતાના બાણો દ્વારા કર્ણનું ધનુષ તોડી નાખ્યું. કર્ણે પણ પાર્થનું ધનુષ છેદી નાખ્યું. કર્ણે એક સાથે એક લાખ બાણ છોડ્યા અને પાર્થનું ધનુષ્ય તોડી નાખ્યું. ત્યારે પાર્થે ફરી બીજું ધનુષ ઉપાડ્યું અને કર્ણને કહ્યું કે કર્ણ! તમે કુંતીમાતાના પુત્ર અને મારા ભાઈ છો એ સંસાર-પ્રસિદ્ધ વાત છે. તમારું અને મારું યુદ્ધ ભાઈ-ભાઈનું યુદ્ધ છે તેથી તમે મારા ઘન જેવા આઘાત ધૈર્યથી સહન કરો. જુઓ,

પીઠ દેખાડીને રણથી ભાગી ન જતાં. મેં તમને ઘણીવાર લડાઈમાં આધીન કરીને છોડી દીધા છે પરંતુ આ વખતે નહીં છોડું. તેથી લડાઈ માટે તૈયાર થઈ જાવ અથવા તમારા ઘરે ચાલ્યા જાવ એમાં જ તમારી ભલાઈ છે.

અર્જુનની વાત સાંભળીને કર્ણે કહ્યું કે રે મૂર્ખ! તું શું વ્યર્થમાં બકવાદ કરી રહ્યો છે? જો હું તને જોતજોતામાં જ હમણા જ ધરાશાયી કરી દઉં છું. તું એ સારી રીતે જાણે છે કે મેં તારી સામે જ હજારો રાજાઓને ધરાશાયી બનાવી દીધા છે, તેથી તું તારા મોઢે જ તારા વખાણ ન કર અને વ્યર્થમાં દુર્વચન ન બોલ અને મારા આઘાત સહન કર. આ દરમિયાન કૃષ્ણે વિશ્વસેનના મરવાના સમાચાર આપ્યા. પોતાના પુત્રના વિયોગના સમાચાર સાંભળીને જ કર્ણ એ જ સમયે વિહ્વળ થઈ ગયો અને ભારે ચિંતામાં પડી વિચારવા લાગ્યો કે જુઓ! આ તુચ્છ રાજ્ય માટે ભાઈ ભાઈને મારી નાખે છે. આ કેવો ઘોર અન્યાય છે. આ પ્રકારે શોકથી અધીર થયેલા કર્ણને જોઈને દુર્યોધને તેને સંબોધિત કરતાં કહ્યું કે કર્ણ! આ સમય શોક કરવાનો નથી. તેથી તમે શોકને તિલાંજલી આપીને શીઘ્ર અર્જુનનો વધ કરો. આ સાંભળીને કર્ણ ફરી અર્જુન સાથે લડવા માટે ઊભો થઈ ગયો અને અર્જુનની ઉપર અવિરલ બાણોની વર્ષા કરવા લાગ્યો. એ સમયે અર્જુનને કૃષ્ણએ પ્રોત્સાહન આપ્યું કે પાર્થ! હવે તું શીઘ્રતાથી બાણ ચલાવ. બંને તરફથી ખૂબ જ બાણોની વર્ષા થવા લાગી. અર્જુને થોડી જ વારમાં કર્ણના ધનુષ-બાણ તોડી નાખ્યા અને કર્ણે પણ પોતાનું જોર લગાવીને અર્જુનનું ધનુષ તોડી નાખ્યું. પછી પાર્થે દિવ્યાસ્ત્ર હાથમાં લીધું અને એમના રક્ષક દેવને કહ્યું કે હે દિવ્યાસ્ત્ર અને દિવ્ય શક્તિના ધારક દેવ! જો તમારામાં કાંઈ સત્ય છે અને અમે સાચા કુળના રક્ષક છીએ અથવા યુધિષ્ઠિર મહારાજમાં કાંઈ ધર્મ છે તો મારા આ શત્રુને શીઘ્રતાથી નષ્ટ કરો. આમ કરીને તેણે પોતાનું દિવ્યાસ્ત્ર છોડ્યું જેથી કર્ણનું મસ્તક ધડથી જુદું થઈને જમીન ઉપર પડ્યું.

આ પ્રકારે ચંપાપુરી નગરીના પ્રતાપી રાજા કર્ણને ધરાશાયી જોઈને કૌરવગણ ભારે વિલાપ કરવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે હા કર્ણ! આજે તમારા વિના આ સંગ્રામ સૂનું થઈ ગયું. હે તાત! તમારા વિના હવે કોણ વીર અર્જુનનો સામનો કરશે? આ બાજુ કૌરવસેના રુદન કરી રહી હતી અને આ બાજુ ભીમ એકલો યોદ્ધાઓને યમપુર પહોંચાડતો હતો. એટલામાં હાથમાં અસ્ત્ર લઈને દુઃશાસન આદિ રાજા સમરભૂમિમાં આવ્યા. એમને પણ એકલા ભીમે યમરાજના ઘરે પહોંચાડી દીધા જેવી રીતે અગ્નિનું એક કણ અગણિત વૃક્ષોને ખાખ કરી નાખે છે. આ જોઈને ત્યાં ઘણા રાજાઓ કહેવા લાગ્યા કે જેવી રીતે એકલો સિંહ સેંકડો હાથીઓને ધરાશાયી કરી દે છે તેવી જ રીતે આ ભીમ પણ એક-એક કરીને કૌરવોને ધરાશાયી કરતો જાય છે.

આ સમયે કોઈએ દુર્યોધનને ભાઈઓના મરવાના સમાચાર આપ્યા. જેને સાંભળીને તે ખૂબ જ દુઃખી થયો. તે તરત જ ત્યાં પહોંચ્યો જ્યાં તેના ભાઈઓના મૃત શરીર પડ્યા હતા. એને જોઈ સારથીએ કહ્યું કે રાજન્! જુઓ, આ બધા આટલા શૂરવીર હોવા છતાં પણ કેવી રીતે મર્યા પડ્યા છે? દુર્યોધને તેમને જોઈને કહ્યું કે ક્યાં તો તે એવા વિકરાળ હતા કે તેઓ ગ્રહ, ભૂત, પિશાચ આદિને તૃપ્ત કરતાં હતા અને ક્યાં આજે પૃથ્વી પર પડ્યા છે. આ અવસ્થા જોઈને

દુર્યોધનને સારથીએ કહ્યું કે મહારાજ! હવે યુદ્ધ કરવાનો સમય નથી. આ સમયે યુદ્ધની ઈચ્છા છોડો અને તમે ઘરે ચાલો. સારથીની આ વાત સાંભળીને દુર્યોધનને ખૂબ જ ગુસ્સો આવ્યો અને બેકાબુ થઈ ગયો. આ જોઈ સારથી ફરી ગરજીને બોલ્યો કે મહારાજ! હજી પણ તમે તમારી હઠ છોડતા નથી. અડધું રાજ્ય જે એમના હક્કનું હતું તે પણ તમે પાંડવોને ન આપ્યું પરંતુ પોતાના સો ભાઈઓની યુદ્ધમાં આહુતિ આપી દીધી. સેનાનો એટલો સંહાર થયો કે જે કહી નથી શકાતો. તેથી સ્વામી! હવે તો સુબુદ્ધિ ધારણ કરો કે જેથી હવે કોઈ નવો ઉપદ્રવ તો ન થાય. એની આ વાત સાંભળીને દુર્યોધને કહ્યું કે રે સારથી! તું મારા સામે આ કાયર જેવી વાત શું કરે છે? હું કહું છું એ તું સાંભળ, હું પાંડવોને મારીને જ મરીશ, બીજી રીતે હું ન મરી શકું. આમ કહીને તે ફરી પાંડવોની સેના સાથે યુદ્ધ કરવા લાગ્યો. બંને તરફની સેના પરસ્પર લડવા લાગી. તેઓ એકબીજાને મારો મારો શબ્દ કહેતા મારવા લાગ્યા, બાણોની વર્ષા થવા લાગી, હથિયારોના અવાજ આવવા લાગ્યા. આ સમયે યુધિષ્ઠિર મદ્રાધિપની સાથે અને ભીમ દુર્યોધનની સાથે તથા કર્ણના ત્રણ પુત્ર નકુલની સાથે યુદ્ધ કરવા લાગ્યા. વીર નકુલે યુદ્ધ કરતાં થોડી જ વારમાં તીક્ષ્ણ તલવાર દ્વારા આઠ વીરોની સાથે તેમને પણ ધરાશાયી કરી દીધા.

આ બાજુ દુર્યોધને ભીમનું ધનુષ તોડી નાખ્યું ત્યારે ભીમે હાથમાં શક્તિ લીધી અને દુર્યોધનના વક્ષ:સ્થળ પર જોરથી પ્રહાર કર્યો કે જેથી તે મૂર્છિત થઈને જમીન પર પડ્યો. ત્યારબાદ, જ્યારે તે સચેત થયો ત્યારે તેને ખૂબ જ ક્રોધ આવ્યો અને તે આવેશમાં આવીને ભીમ ઉપર કૂદી પડ્યો. તેણે તે સમયે જળચર, થળચર અને નભચર બાણો દ્વારા એકદમ પૂરી દીધો અને તેનું કવચ છેદી નાખ્યું. પોતાની આ અવસ્થા જોઈને ભીમને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે તેની ગદા હાથમાં લીધી અને વીસ હજારથી વધારે વીરોને કાળનો કોળિયો બનાવી દીધા, આઠ હજાર રથને ચકનાચૂર કરી દીધા, ઘણા હાથી અને ઘોડાને પ્રાણરહિત કરી નાખ્યા અને જ્યાં જ્યાં ગયો ત્યાં વીરોને નષ્ટ કરતો ચાલ્યો ગયો. આ જોઈને ત્યાં જેટલા પણ રાજાઓ હતા તે બધા ભીમથી ડરવા લાગ્યા. ભીમ જેને પણ જોતો હતો તે યમનો મહેમાન બની જતો હતો. આ રીતે ભીમના મારના ડરથી કૌરવોની આખી સેના આમતેમ ભાગી ગઈ જેમ સિંહના ભયથી મૃગગણ ભાગી જાય છે.

આ સમયે રણોદ્યોત દુર્યોધનને યુધિષ્ઠિરે કહ્યું કે જો! તું મારી આધિનતા સ્વીકાર કરીને જ્યાં તને સુખ ઊપજે ત્યાં રહે. એ સિવાય તને જે કાંઈ પણ હાથી, ઘોડા, રથ, પાલખી, ધન, સંપત્તિ જોઈએ એ પણ મારાથી લઈ લે. હજી પણ મારી સાથે દુષ્ટતા છોડીને મિત્રતા ધારણ કર કે જેમાં તારું જ હિત છે. તું જે ઈચ્છિશ તેની જ તને પ્રાપ્તિ થશે. આ વાત સાંભળીને દુર્યોધન અભિમાનથી બોલ્યો કે મારો અને તમારો જન્મથી જ વિરોધ છે. એ આજે કેવી રીતે મટી શકે. હું તમારી આધિનતા સ્વીકારું એ સંભવ નથી. હું એકલો જ તમારા લોકોની સત્તાનો નાશ કરવા માટે સમર્થ છું. હું કદાચ રાજ્ય ન પણ કરી શકું તો તમને પણ નહીં ભોગવવા દવ. અમારો અને તમારો આ વિષયનો ફેસલો રણમાં જ થશે. તેથી તમે લડાઈ કરવા માટે ઉતરો. આમ કહીને દુર્યોધને ક્રોધના આવેશમાં આવીને યુધિષ્ઠિર ઉપર તલવારનો

પ્રહાર કર્યો જેને યુધિષ્ઠિરે પોતાની તલવારથી રોકી લીધો. એટલી વારમાં ભીમ ત્યાં આવી ગયો અને કૌરવોની સેનાને લલકારતો કહેવા લાગ્યો કે ક્યાં ભાગો છો? ઊભા રહો.

ત્યારબાદ, તે ગદા લઈને લડવા લાગ્યો. એ સમયે ભીમની ગદા એવી લાગતી હતી જાણે કે વિજળી જ હોય અથવા નાગકન્યા અથવા યમની જીભ જ હોય! પછી ભીમે દુર્યોધન ઉપર ગદાનો જોરથી પ્રહાર કર્યો કે જેથી તેનું મસ્તક ફાટી ગયું અને ધરતી પર પડ્યો. એ સમયે તે પોતાના જીવનની આશા છોડીને ધીમા અવાજમાં બોલ્યો કે શું કૌરવોની સેનામાં એવો કોઈ વીર નથી બચ્યો કે જે આ પાંડવોનો સર્વનાશ કરી દે? આ સાંભળીને પાસે ઊભેલો એક માણસ બોલ્યો કે હાઁ, હજી ગુરુપુત્ર અશ્વત્થામા છે કે જે આ બધાનો પરાજય કરી શકે છે. તેની શક્તિ અજેય છે. એ બાજુ જ્યારે અશ્વત્થામાને દુર્યોધનના મરવાના સમાચાર મળ્યા તો ક્રોધે ભરાઈને તે જરાસિંઘની પાસે ગયો અને બોલ્યો કે પ્રભુ! આજે દસ હજાર રાજાઓની સાથે દુર્યોધન પણ ધરાશાયી થઈ ગયો એ ઘણા દુઃખની વાત છે. આ સમાચાર સાંભળીને જરાસિંઘને ભારે શોક થયો અને તે શોકથી વ્યાકુળ થઈ ગયો. તેણે તરત જ પોતાના સેનાપતિ આદિની સાથે અશ્વત્થામાને લડાઈનો આદેશ આપ્યો. પછી અશ્વત્થામા ત્યાંથી નીકળીને દુર્યોધન પાસે આવ્યો અને તેની આ દશા જોઈને શોકાકુલિત થઈને બોલ્યો કે રાજન્! તમારા વિના અત્યારે અહીં શૂન્યતા જણાય છે. પ્રભુ! અમે તમારા પ્રસાદથી જ રાજ્ય ભોગવતા હતા. પરંતુ હવે તમારા વિના અમે શું કરી શકશું? એટલામાં જરાસિંઘે રાજા મધુના મસ્તક પર વીર પટ્ટ બાંધીને તેને ઘણી સેના સાથે આપીને પાંડવોની સાથે લડાઈ કરવા માટે મોકલ્યો. તેણે યુદ્ધ માટે ચાલતાં સંકલ્પ કર્યો કે હું અત્યારે પહોંચીને તરત જ પાંડવોનો ધ્વંશ કરી નાખીશ અને સાથે સાથે કૃષ્ણને પણ ગતપ્રાણ કરી નાખીશ. આ સંકલ્પ તેણે બીજા લોકને જોરથી કહી પણ દીધો.

ત્યારબાદ, અશ્વત્થામાને જોઈને કંઠગત પ્રાણ દુર્યોધને કહ્યું કે વીરવર! તમે સારા મોકા પર આવી ગયા. હું તમારા મસ્તક પર 'વીરપટ્ટ' બાંધી દઉં છું. તમે નિઃશંક થઈને રણભૂમિમાં જાઓ અને ત્યાં જઈને શત્રુનો ધ્વંસ કરો. આ સાંભળીને અશ્વત્થામા પોતાની સેના લઈને ત્યાંથી નીકળ્યો અને પાંડવોની સેનાને ચારે બાજુથી ઘેરી લીધી. એ સમયે તેણે મહેશ્વરી નામની વિદ્યાનું સ્મરણ કર્યું. એ વિદ્યા હાથમાં ત્રિશૂળ લઈને સામે આવીને એ જ સમયે ઊભી રહી ગઈ. એ વિદ્યાના મસ્તક પર ચંદ્રનું ચિહ્ન હતું. જેથી તે ઘણી શોભતી હતી. તેના પ્રભાવને કૃષ્ણ અને પાંડવોની સેના સહન ન કરી શકી, તેથી તેઓ રણ છોડીને ભાગવા લાગ્યા, જેટલા બાકી રહ્યા તેને અશ્વત્થામાએ મારી નાખ્યા. તેણે તે સમયે ઘણા હાથી, ઘોડા, રથ આદિને નષ્ટ કરી બળવાન પાંચાલ રાજાના મસ્તકને છેદી નાખ્યું અને મસ્તક લઈને દુર્યોધનની સામે રાખી દીધું. એ મસ્તક જોઈને દુર્યોધનને થોડી શાંતિ થઈ. પછી તેણે કહ્યું કે પૃથ્વી પર કોઈ એવું છે કે જે પાંડવોને નષ્ટ કરી શકે કે જેણે સુર, અસુર અને નરને પરાસ્ત કરીને પ્રસિદ્ધ વીર દ્રોણ અને બલી કર્ણને યમરાજના ઘરે પહોંચાડી દીધા છે? એમાંથી એક એકલા ભીમે જ હજારો બળવાન રાજા-મહારાજાઓને રણમાં પરાસ્ત કરીને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખ્યા

છે. સંસારમાં જ્યાં સુધી આ પાંચેય પાંડવો જીવતા છે ત્યાં સુધી આ તુચ્છ પાંચાલ આદિ રાજાઓને મારવાથી કાંઈ લાભ નથી.

આ બાજુ પાંડવો અને બળભદ્ર આદિને આ સમાચાર સાંભળીને ઘણું દુઃખ થયું કે અશ્વત્થામાએ પાંચાલ રાજાને મારી નાખ્યા. આ અવસ્થા જોઈને કૃષ્ણે બધાને સંબોધિત કર્યાં કે આ સમય શોક કરવાનો નથી. આ તો આમ જ થવાનું હતું. ભવિતવ્યને કોણ રોકી શકે છે? અરે! એક પાંચાલ માર્યો ગયો તો શું થયું, હજી આપણે બધા તો જીવિત બેઠા છીએ. આમ કહીને કૃષ્ણે પોતાની સાથે પાંડવ અને બળભદ્રને લઈને અશ્વત્થામા અને તેની સેનાનો શિરચ્છેદ કર્યો. કૌરવોની આ દુરાવસ્થા જોઈને જરાસિંઘ ક્રોધથી પ્રલયકાળના સમુદ્રની જેમ ત્યાં આવ્યો. અવસર પામીને અસુર દેવોએ કૃષ્ણને કહ્યું કે હે કેશવ! હવે વિલંબ કેમ કરો છો? જલ્દી મગધેશનું કામ તમામ કરી નાખો. આ જ આપના માટે યોગ્ય સમય છે. આ સાંભળીને કૃષ્ણે પોતાની સેનાને તૈયાર કરી લીધી. તૈયાર થયેલી સેનાને જોઈને જરાસિંઘે સોમક નામના દૂતથી બધા રાજાઓનો પરિચય પૂછ્યો. દૂત બોલ્યો કે જુઓ મહારાજ! આ સમુદ્રવિજયનો રથ છે જેમાં સોનાના રંગના ઘોડા છે અને સિંહની ધ્વજા છે, આ રથ અર્જુનનો છે જેમાં લીલા રંગના ઘોડા અને બળદની ધ્વજા છે, આખી સેનાની આગળ આ કમલાપતિ કૃષ્ણનો રથ છે જેમાં સફેદ ઘોડા છે અને ગરુડના ચિહ્નની ધ્વજા છે. આ વિચિત્ર અદ્ભૂત રથ ભીમનો છે, આ લાલ ઘોડાવાળો ઉગ્રસેનનો રથ છે, પીળા ઘોડા અને હરણની ધ્વજાવાળો જરત્કુમારનો રથ છે, સિસુમારની ધ્વજા અને લાપ-પીળા ઘોડાવાળો રથ મેરુનો છે. જુઓ મહારાજ! જેમાં કામ્બોજના ઘોડા અને સિંહની ધ્વજા છે એ સૂક્ષ્મરાયનો રથ છે, કમળ જેવા રંગના ઘોડાનો રથ પદ્મરથનો છે અને આ અનાવૃષ્ટિ સેનાપતિનો રથ છે જેમાં હાથીના ચિહ્નવાળી ધ્વજા અને કાળા ઘોડા લાગેલા છે.

આ રીતે બીજા પણ અનેક રાજાઓનો પરિચય જરાસિંઘને કરાવ્યો. જરાસિંઘ પાંડવોની અપાર સેનાને જોઈને ખૂબ જ ક્રોધિત થયો અને ક્રોધના આવેશમાં કૃષ્ણથી યુદ્ધ કરવા લાગ્યો. એ બંને યોદ્ધા પરસ્પર યુદ્ધ કરતાં સિંહ સમાન લાગતા હતા. એ સમયે અવસર મેળવીને કૃષ્ણે અગ્નિબાણ છોડ્યું જેનાથી જરાસિંઘની સેના બળવા લાગી. આ બાજુ ચક્રીએ તેને શાંત કરવા જલબાણ છોડ્યું જેથી તેની સેનામાં શાંતિ થઈ. ત્યારબાદ તેણે નાગપાશ બાણ ચલાવ્યું તો નારાયણે ગરુડબાણથી તેને રોકી દીધું. જ્યારે જરાસિંઘે બહુરૂપિયણી, અંસિની, ચક્રિણી, શૂલા આદિ વિદ્યાના બળથી કેશવીની આખી સેનાને અચેત કરી દીધી પરંતુ મહામંત્રના પ્રતાપથી કૃષ્ણે એ બધી જ વિદ્યાઓની શક્તિ નષ્ટ કરી નાખી. આ જોઈને જરાસિંઘને ખૂબ જ દુઃખ થયું. ત્યારબાદ, જરાસિંઘે ચક્રરત્નનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ તે તેના હાથમાં આવી ગયું. ચક્રવર્તીએ એ ચક્રને કૃષ્ણ ઉપર ચલાવ્યું. તે ચમચમાતું આકાશમાર્ગથી ચાલીને યાદવોની સેનાને ત્રાસિત કરતું સેનાની વચ્ચે પહોંચ્યું. એ એવું લાગતું હતું કે પોતાના પ્રચંડ કિરણોથી સુશોભિત સૂર્ય જ આકાશમંડળમાં ઘૂસ્યો હોય. એ સમયે ચક્રરત્નના તેજના પ્રભાવ આગળ કૃષ્ણ, બળભદ્ર અને પાંડવો સિવાય કોઈની પણ ત્યાં ઊભા રહેવાની તાકાત ન હતી.

એ ચક્ર કૃષ્ણ પાસે આવીને તેની ત્રણ પ્રદક્ષિણા દઈને તેના જમણા હાથમાં આવી ગયું. તેને જોતાં જ યાદવોની સેનામાં જય જય શબ્દ થવા લાગ્યો.

આ સમયે કૃષ્ણે મીઠા વચનોથી જરાસિંઘને કહ્યું કે જુઓ! હજી પણ સમય છે. મારા ચરણોમાં નમસ્કાર કરી રાજ્યસુખ ભોગવો. હજી પણ તમારું કાંઈ બગડ્યું નથી. આમાં જ તમારી ભલાઈ પણ છે. કૃષ્ણની આ વાત સાંભળીને જરાસિંઘને ખૂબ જ ગુસ્સો આવ્યો અને વિષાદયુક્ત બોલ્યો કે કૃષ્ણ! તું ભૂલી ગયો કે તું એક ગોવાળિયો છે અને હું મગધનો રાજા છું. હું તને કેવી રીતે નમસ્કાર કરી શકું? એ ક્યારેય પણ શક્ય નથી. જો તને ચક્રનો ગર્વ છે તો એમાં શું થયું? ચક્ર તો કુંભાર પાસે પણ હોય છે. તું હવે અહીંથી જલ્દી ભાગી જા. વ્યર્થમાં મારા હાથે શા માટે બલિવેદી ઉપર ચડવા માગે છે? તને યાદ નથી કે સમુદ્રવિજય સદાય મારો ગુલામ રહ્યો છે. તારો પિતા વસુદેવ પણ મારી મહેરબાનીમાં રહેતો હતો. તું તો એક ગરીબ ગોવાળિયાનો પુત્ર છે. રે ધીઠ! તને આવા શબ્દો કહેતા લાજ નથી આવતી? આ પ્રકારે જરાસિંઘના અમર્યાદિત વચન સાંભળીને કૃષ્ણના નેત્ર ક્રોધથી લાલ થઈ ગયા અને તેમણે એ જ સમયે જરાસિંઘ ઉપર ચક્રરત્ન ચલાવ્યું. ચક્રે તેનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું અને પાછું કૃષ્ણના હાથમાં આવી ગયું. આ જોઈને યાદવ લોકો જય જયકાર કરવા લાગ્યા. દેવતા લોકો પણ ઉપરથી કુસુમવૃષ્ટિ કરવા લાગ્યા અને દિવ્યવાણીથી કહેવા લાગ્યા કે કૃષ્ણ! તમે ત્રણ ખંડના અધિપતિ અને નવમા નારાયણ સંસારમાં પ્રસિદ્ધ થયા છો. તેથી પૂર્વ-પુણ્યથી ઉપાર્જિત આ પૃથ્વીનું હવે તમે રક્ષણ કરો, અને તેનું શાસન કરો, કારણ કે પુણ્યથી જ જીવોને બધા સુખ મળે છે.

ત્યારબાદ, કૃષ્ણ અને પાંડવો રણભૂમિ તરફ ચાલ્યા તો ત્યાં જરાસિંઘને પડેલો જોયો તો ખેદખિન્ન થઈ ગયા. થોડે દૂર તડપતો દુર્યોધન પડ્યો હતો. તેને જોઈને સમતાભાવથી દુર્યોધનને કહેવા લાગ્યા કે ભાઈ! હવે આ સમયે તું ક્રોધભાવ છોડીને ધર્મનું સ્મરણ કર અને હૃદયથી દ્વેષભાવ એકદમ કાઢી નાખ જેથી તું ભવોભવમાં સુખી થાય. યુધિષ્ઠિરની આ વાત સાંભળીને નિર્લજ્જ દુર્યોધન એ અવસ્થામાં પણ બોલ્યો કે તમે ચિંતા ન કરો હું નિશ્ચયથી જીતીશ અને આજે જ તમને બધાને યમપુર પહોંચાડીશ. તમે મને શું શિક્ષા દેવા ચાલ્યા. એનો આ પ્રકારનો ઉત્તર સાંભળીને કૃષ્ણ, યુધિષ્ઠિર આદિએ વિચાર્યું કે આ ખૂબ જ અધર્મી છે. તેથી તેને ધર્મના વચન પણ ગમતા નથી. ત્યારબાદ તડપતો દુર્યોધન ક્રુરલેશ્યાના પરિણામો લઈને મર્યો અને મરીને પાપકર્મના ઉદયથી દુર્ગતિમાં પડ્યો.

ત્યારબાદ, સમસ્ત સેના, દ્રોણ અને કર્ણને ત્યાં મૃતક અવસ્થામાં પડેલા જોઈને કૃષ્ણ, પાંડવ, બળદેવ આદિને ખૂબ જ દુઃખ થયું. તેમણે એ જ સમયે જરાસિંઘ આદિ મૃતક રાજાઓનો અગુરુચંદન આદિ દ્વારા અગ્નિસંસ્કાર કર્યો. એ જ સમયે જરાસિંઘના ચતુર મંત્રીઓએ પ્રતિહરના સહદેવ નામના પુત્રને કૃષ્ણની ગોદમાં લાવીને રાખી દીધો. કૃષ્ણે તેને ખૂબ જ પ્રેમથી તેના પિતાની ગાદી પર રાખી દીધો. મગધ દેશનો રાજા બનાવી દીધો. **એ બરાબર જ છે કે સજ્જન પુરુષોનો ક્રોધ શત્રુની વચ્ચે ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી તે તેની આધિનતા સ્વીકાર કરતો નથી. શત્રુ વિનમ્ર થતા તે**

**પણ નમ્ર થઈ જાય છે અને એવા સ્વભાવવાળા થઈ જાય છે કે માનો તેના પ્રત્યે ક્યારેય ક્રોધના ભાવ થયા જ ન હોય.**

ત્યારબાદ, ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણે બળદેવ સહિત વિવિધ પ્રકારના ઉત્સવ અને વાજિંત્રોની સાથે દ્વારિકામાં પ્રવેશ કર્યો. આ બાજુ પાંડવો પણ પોતાની રાજધાની હસ્તિનાપુરમાં આવી ગયા. ત્યાં તેઓ આનંદપૂર્વક ધર્મ-સાધન કરતા સુખથી પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

જેઓ જિનધર્મના પ્રતાપથી વેરીઓનો નાશ કરી ઈન્દ્રતુલ્ય થયા તથા જેમણે પુણ્યોદયથી ફરીથી હસ્તિનાપુરનું રાજ્ય પ્રાપ્ત કર્યું અને અપૂર્વ સુખના ભોક્તા થયા એવા યુધિષ્ઠિર શત્રુઓના ભયને હણવાવાળા છે, ભીમ પોતાની અપ્રતિહત શક્તિથી સંસારમાં પ્રસિદ્ધ છે, પાર્થ પોતાના નામ પ્રમાણે ગુણોને સાર્થક કરવાવાળો છે, માદ્રીના પુત્ર નકુલ અને સહદેવ પોતાની શૂરવીરતાને કારણે જગતમાં પ્રખ્યાત છે, જેમણે પોતાના પરાક્રમથી અરિકુળને નિકુળ બનાવી દીધું અને સદાય જિનસેવામાં લીન રહે છે. આ પાંચેય પાંડવો અસાધારણ ગુણોના અક્ષય ભંડાર ચિરકાળ સુધી પૃથ્વીનું પાલન કરે. સદાય તેમની જય હો!

ગ્રંથકાર કહે છે કે આ બધું ધર્મનું જ ફળ છે તેથી હે ભાઈ! સદાય ધર્મનું પાલન કરો.

**।। અધ્યાય એકવીસમો સમાપ્ત ।।**

**હે ભવ્ય જીવ! યદિ તૂ આત્માકા હિત કરના ચાહતા હૈ તો નિમ્ન કામ કર :—ઈસ ભયાનક સંસારકે દુઃખોંસે ભય કર, જિનશાસનમેં પ્રેમ કર ઔર પૂર્વ કિયે હુએ પાપકા શોક કર.** *(શ્રી કુલધર આચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક–૨૯૮)*

**આ જગત ઈન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિઃસાર છે, એ શું તું નથી જાણતો? નથી સાંભળ્યું? વા પ્રત્યક્ષ નથી દેખાતું? હે જીવ! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે તેમ છે? છતાં મૂર્ખ મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિકાલીન મોહની ઘેલછા છે.** *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૮૪)*

# અધ્યાય બાવીસમો

હું એ મલ્લિનાથ ભગવાનને નમસ્કાર કરું છું કે જેમણે મોહરૂપી મલ્લને પછાડીને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી છે, જેમના દર્શનમાત્રથી શોક દૂર થઈ જાય છે તથા જે ત્રણલોકના જીવોને સુખદાયી છે, જેમનું શરીર મલ્લિકા પુષ્પ સમાન અત્યંત સુગંધિત છે તે પ્રભુ મને ઉત્તમમાર્ગ પર લાવે.

એક સમય ભીમ આદિ ભાઈઓથી પૂજિત યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં સિંહાસનારૂઢ હતા. એની શોભા એ સમયે ઈન્દ્ર સમાન લાગતી હતી. એ જ સમયે તેમની સભામાં આકાશમાર્ગથી નારદ આવ્યા. એ મહાભાગ પાંડવો મહર્ષિ નારદને જોઈને ઊભા થયા અને તેમનો યથોચિત આદર કર્યો. નારદે તેમને અહીં-તહીંની ઘણી વાતો કરીને તેમની સાથે રણવાસમાં ગયા. ત્યાં જઈને તેમણે દ્રૌપદીનો સુંદર મહેલ જોયો. એ સમયે દ્રૌપદી પોતાના શ્રૃંગારમાં લીન હતી. તેથી તે પોતાના ઘરે આવેલા નારદજીને જોઈ ન શકી તેથી તે તેમના આવવાથી ઊભી પણ ન થઈ અને નમસ્કાર પણ ન કર્યા. નારદને પોતાનું અપમાન લાગ્યું તેથી તે ત્યાંથી જ પાછા વળી ગયા અને ક્રોધથી ઘરથી બહાર જતા રહ્યા.

એ આકાશમાર્ગે આમતેમ ફરવા લાગ્યા પણ ક્યાંય પણ શાંતિ મળી નહીં. ત્યારે તે કોઈ પણ મનુષ્ય ન હોય એવા એકાંત વનમાં ગયા. ત્યાં જઈને તે મનમાં જ વિચાર કરવા લાગ્યા કે હું એ નારદ છું કે જે વાજા વિના જ હર્ષથી નાચવા લાગું છું અને જ્યારે વાત મળી જાય છે તો મારા હર્ષનો કોઈ પાર નથી રહેતો. જુઓ! આ દ્રૌપદીએ મારું કેટલું અપમાન કરીને મને દુઃખી કર્યો. જ્યાં સુધી હું તેનાથી આનો બદલો નહીં લઉં ત્યાં સુધી મને શાંતિ નહીં થાય. હું એને મારીને પણ બદલો લેવા ચાહું તો લઈ શકું છું પણ એવું કરવું મહાન પાપનું કારણ છે અને નરક-નિગોદમાં લઈ જવાવાળું છે. તેથી એવું કરવું મને ઠીક નથી લાગતું. હાં, એ થઈ શકે કે એનું કોઈ પરસ્ત્રીલંપટ પુરુષ દ્વારા અપહરણ કરાવડાવી લઉં. જુઓ! નારાયણ, બળભદ્ર તથા બીજા બધા રાજાઓ તો મને નમસ્કાર કરે, બધા મને ગુરુ માને; અને ખાસ કરીને હું સ્ત્રી-જાતિનો ગુરુ અને એમાં પણ મારું આટલું અપમાન કર્યું, મારી નિંદા કરી કે હું એના ઘરે ગયો છતાં પણ ઊભા ન થવું અને આનંદથી બેસીને દર્પણમાં મોઢું જોવું! તેથી હવે હું એવો જ ઉપાય કરું કે તેને જે શ્રૃંગારથી આટલી વિશેષ રુચિ છે એ જ છોડાવી દઉં. હું નિશ્ચયથી એનું સૌભાગ્ય છોડાવી દઈશ ત્યારે જ મારું મનોરથ પૂર્ણ થશે. જ્યાં સુધી હું તેનું આકાશમાર્ગ દ્વારા અપહરણ જોઈ ન લઉં ત્યાં સુધી મારા અપમાનનો બદલો નહીં ચૂકવાય. આ પ્રકારે નિશ્ચિત કરી નારદજી પરસ્ત્રીલંપટ રાજાને ગોતવા આકાશમાર્ગથી ચાલ્યા. તેમણે ફરતા ફરતા જંબૂદ્વીપની બધી જ જગ્યા જોઈ લીધી પણ ક્યાંય તેમને તેમની ઈચ્છા પ્રમાણેનો પરસ્ત્રીલંપટ રાજા ન મળ્યો ત્યારે તે હતાશ થઈને ધાતકીખંડ દ્વીપમાં ગયા.

એ ધાતકીખંડ અત્યંત શોભાયુક્ત હતો કે જેનો વિસ્તાર ચાર લાખ યોજન હતો. તેની પૂર્વ દિશામાં મંદર નામનો એક પહાડ છે કે જે અત્યંત મનોહર તથા ૮૪ હજાર યોજન ઊંચો છે, જેની ઉપર વિશાળ ચાર વન છે. તેની જમણી બાજુ છ-ખંડ દ્વારા મંડિત ભરત નામનું ક્ષેત્ર છે. આ ભરતક્ષેત્રની વચ્ચે અમરકંકા નામની એક નગરી છે કે જે અત્યંત મનમોહક બની હતી. આ નગરીનો રાજા પદ્મનાભ છે કે જે અત્યંત બળવાન અને સુંદરતામાં કામદેવથી પણ વધીને છે. ઘણા રાજાઓ એની સેવા કરે છે.

ત્યાં પહોંચીને નારદે એક ચિત્રપટ ઉપર વિશ્વની સ્ત્રીઓને જીતવાવાળું દ્રૌપદીનું એક સુંદર ચિત્ર બનાવીને એ ચિત્રપટ પદ્મનાભ રાજાને ભેટમાં આપી દીધું. એ ચિત્રપટને જોતાં જ રાજા મનમાં વિચારવા લાગ્યો કે આ ચિત્રપટ કોનું છે? શું સ્વર્ગમાંથી આવેલી ઈન્દ્રાણી છે? લક્ષ્મી છે કે રોહિણી છે? કોણ છે? ક્યાંક કિન્નરી કે વિદ્યાધરી તો અહીં નથી આવી ને? અથવા કામની પત્ની સાક્ષાત્ રતિ તો નથી આવી ગઈ ને? આ પ્રકારે અનેક વિચારો એના મનમાં ઘર કરવા લાગ્યા. તે એ વાતનો નિશ્ચય ન કરી શક્યો કે આ કઈ મનમોહિનીનું ચિત્ર છે. તે આ ચિત્ર પર એટલો મુગ્ધ થઈ ગયો કે તેને મૂર્છા આવી ગઈ. તેની આ અવસ્થા જોઈને મહેલના બધા લોકો હાહાકાર કરતાં ત્યાં દોડ્યા આવ્યા. તેઓએ તરત જ રાજાનો શીતોપચાર કર્યો કે જેથી તેને ભાન આવ્યું. ભાનમાં આવતાં જ તેણે નારદજીને નમસ્કાર કર્યા અને વિનયપૂર્વક પૂછ્યું કે પ્રભુ! આ કઈ સૌભાગ્યશાલિનીનું ચિત્ર છે? કૃપા કરીને મને સાચું કહો. ઉત્તરમાં નારદજીએ કહ્યું કે રાજન્! જો તું આ ચિત્રના સંબંધમાં જાણકારી મેળવવા ઈચ્છતો હોય તો હું તેની બધી વાત કહું છું તે તું ધ્યાનથી સાંભળ.

દ્વીપોના મધ્યમાં જંબૂદ્વીપ નામનો ગોળાકાર એક દ્વીપ છે. એની બરાબર મધ્યમાં સુદર્શન નામનો એક પહાડ છે કે જે એક લાખ યોજન ઊંચો છે. તેની દક્ષિણ તરફ છ ખંડોમાં વિભક્ત ભરતક્ષેત્ર છે. તેમાં કુરુજાંગલ નામનો એક અતિસુંદર દેશ છે. એ દેશમાં અત્યંત સુંદર હાથીઓના સમૂહથી ભરેલું હસ્તિનાપુર નામનું નગર છે. ત્યાંનો રાજા યુધિષ્ઠિર છે. તેને સંસારમાં પ્રસિદ્ધ પાર્થ નામનો એક નાનો ભાઈ છે. તેની પત્નીનું નામ દ્રૌપદી છે. આ એ જ સૌભાગ્યવતીનું ચિત્ર છે. જો આપને સુખ ભોગવવાની ઈચ્છા હોય તો આપ આ સ્ત્રીરત્નને તમારે આધીન કરો. આને પ્રાપ્ત કર્યા વિના તમે તમારા જીવનને ભારરૂપ જ ગણો. હવે તમને જેમ યોગ્ય લાગે તેમ કરો. આમ કહીને નારદજી તો ત્યાંથી આકાશમાર્ગે ચાલ્યા ગયા. આ બાજુ રાજા પદ્મનાભ દ્રૌપદીની રૂપરાશિ પર એટલા મુગ્ધ થઈ ગયા કે તેને તેના સ્મરણ સિવાય બીજું કાંઈ દેખાતું જ ન હતું. પરંતુ જ્યારે તેની પ્રાપ્તિનો કોઈ ઉપાય ન સૂઝ્યો ત્યારે તે વનમાં ગયો અને ત્યાં તેણે મંત્રારાધના કરીને એક ગદાધારી સંગમ નામના દેવને સિદ્ધ કર્યો. તે દેવે તરત જ પ્રગટ થઈને તેને નમસ્કાર કર્યા અને કહ્યું કે સ્વામિન્! જેના માટે તમે મને સિદ્ધ કર્યો છે એ આજ્ઞા કરો. ત્યારે રાજાએ સંતુષ્ટ થઈને એ દેવને કહ્યું કે તું રૂપની ખાણ દ્રૌપદી મને મેળવી આપ. આ સાંભળીને તે અસુર બે લાખ યોજનના સમુદ્રને પાર કરીને આકાશમાર્ગથી તરત જ હસ્તિનાપુર પહોંચી ગયો અને તે રાત્રિમાં સુતેલી દ્રૌપદીનું હરણ કરીને પદ્મનાભ રાજાના ઉદ્યાનમાં એક સુંદર મહેલમાં છોડી

દીધી. નિદ્રાભિભૂત દ્રૌપદીને એ સમયે હેયોપાદેયનું કાંઈ પણ ભાન ન હતું. તે ત્યાં શય્યા ઉપર જેવી રીતે સૂતી હતી તેવી જ રીતે સવાર સુધી અહીં પણ સૂતી રહી. ત્યારબાદ, તે અસુરે દ્રૌપદીના હરણ કરી લાવ્યાના સમાચાર પદ્મનાભને મોકલી દીધા. પદ્મનાભ તરત જ ઊઠીને ઉમંગમાં આવીને ત્યાં આવ્યો અને તે કનકવર્ણ શશિવદની મૃગનયની દ્રૌપદીને સૂતા જોઈને મનમાં ખૂબ જ પ્રસન્ન થવા લાગ્યો. તે પ્રેમને વશ થઈને બોલ્યો કે હે ભદ્રે! હવે રાત્રિ પૂરી થઈ છે, પ્રાતઃકાળ થઈ ગયો છે તેથી હે ભામિની! હવે નિદ્રા છોડીને ઊઠો. પદ્મનાભના આ અમૃતતુલ્ય વચનો દ્વારા દ્રૌપદી જાગી ગઈ. જાગતાં જ ડરેલી હણીની જેમ ચારે બાજુ જોવા લાગી. એ સમયે તે ખૂબ જ ચિંતામાં પડી ગઈ. એ વિચાર કરવા લાગી કે આ ક્યો દેશ છે? મારી સાથે વાત કરે છે એ કોણ છે? આ ઉદ્યાન કોનું છે અને આ મહેલ કોનો છે? લાગે છે કે હું આ સ્વપ્ન જોઈ રહી છું આમ વિચારી તે આંખ બંધ કરીને ફરી સૂઈ ગઈ. તેની આ અવસ્થા જોઈને અને તેના મનની વાત જાણીને રાજાએ કહ્યું કે કમલલોચની દેવી! આ સ્વપ્ન નથી પરંતુ વાસ્તવિકતા છે. તેની આ વાત સાંભળીને દ્રૌપદીને નિશ્ચય થયો કે વાસ્તવમાં આ મારું સ્વપ્ન નથી. એ વખતે તેણે તેની દૃષ્ટિ ચારે બાજુ ફેરવી તો તેને ઉપર નાની નાની ઘંટડીઓથી યુક્ત એક સુંદર વિમાન દેખાયું.

ત્યારબાદ, એ વિષયલંપટી, કપટી રાજા પદ્મનાભ દ્રૌપદીને કહેવા લાગ્યો કે હે ભામિની! જે દેશમાં અત્યારે તું છો એ ચાર લાખ યોજનનો ધાતકીખંડ છે. આ ધાતકીખંડને ચારેબાજુથી કાલોદધિ સમુદ્રે ઘેરેલું છે. આ અમરકંકા નામની નગરી છે અને એનો રાજા હું પદ્મનાભ છું કે જે ઈન્દ્રતુલ્ય છે. ભામિની! મેં તને પ્રાપ્ત કરવા માટે ખૂબ કષ્ટથી અસુર સિદ્ધ કર્યો હતો અને તેના દ્વારા જ તને અહીં લાવવામાં આવી છે. હવે તારા વિના મને ખાવું નથી ગમતું અને પાણી પીવું પણ નથી ગમતું. આ બધું વિષ સમાન લાગે છે. તારા વિના મારી અવસ્થા મૃતકતુલ્ય થઈ રહી છે. આ તો એ દેવતાએ મારા ઉપર ખૂબ કૃપા કરી છે કે જે તને અહીં લઈ આવ્યો. હે કૃશોદરિ! હવે તું અહીં કોઈ પણ પ્રકારનો ભય ન કર અને પ્રસન્નચિત્ત રહે. અહીં તને આ વિભૂતિ–હાથી, ઘોડા, રત્ન, મહેલ, ખજાના જે કાંઈ દેખાય છે એ તારા જ છે. તારું ચિત્ત જેનાથી પ્રસન્ન રહે તેનાથી પોતાના ચિત્તને પ્રસન્ન કર. ભામિની! મારા હૃદયમાં વિરહની અગ્નિ ભડકી રહી છે, તેથી માન છોડીને ભોગરૂપી જળથી એનું સિંચન કર. મારી તરફ પ્રેમભરી દૃષ્ટિ કર અને મારી રાજરાણી બની જા.

પદ્મનાભની આ પ્રકારની વાત સાંભળીને એ સતી થરથર ધ્રુજવા લાગી અને છાતી પીટી-પીટીને રડવા લાગી. એ સમયે એની આંખોથી આંસુઓની અવિરલ ધારા વહેવા લાગી. એ સમયે તે પાંડવોને એક એક કરીને યાદ કરવા લાગી. હા પૂજ્ય યુધિષ્ઠિર! હા બલી ભીમ! તમે સંસારમાં પ્રસિદ્ધ યોદ્ધા છો. હા સ્વામી અર્જુન! તમે જોતાં નથી કે તમારા રહેવા છતાં પણ મારી ઉપર આ કેવો દુઃખનો પહાડ તૂટી પડ્યો છે! કહો કે મારી રક્ષા કોણ કરશે? શું તમારી આ જ વીરતા છે? પરંતુ આમાં આપનો દોષ નથી. તમને તો જ્યારે મારા હરણના સમાચાર જ નથી તો તમે કરી પણ શું શકો?

હા દેવતા! તમે આ સારું નથી કર્યું કે જે મને એકલી અહીં છોડી દીધી. આ બાજુ દ્રૌપદી રુદન કરી રહી હતી અને એ બાજુ પદ્મનાભ પોતાનું મનોરથ સફળ કરવાની વાત વિચારી રહ્યો હતો. તેણે ફરી તેને કહ્યું કે હે શુભાનને! તું શોક ન કર. અહીં તને કઈ વાતની તકલીફ છે? આનંદપૂર્વક મને પોતાનો બનાવીને રહે.

**સતી દ્રૌપદી રાજાના શીલભંગના વચનો સાંભળીને વિચાર કરવા લાગી કે જુઓ, આ શીલરત્ન જ સજ્જન પુરુષોનો સૌથી કિંમતી દાગીનો છે. એ જ મહામંત્રના પ્રભાવથી રાજા આદિ વશમાં થઈ જાય છે અને કિંકર થઈને કામ કરે છે. આ જ શીલના પ્રભાવથી ઉજ્જવળ સુંદર શરીરની પ્રાપ્તિ થાય છે. એનાથી જ પૂજ્યકુળમાં જન્મ પામે છે. આ શીલના પ્રભાવથી જ સ્વર્ગસુખ મળે છે અને એનાથી જ ચક્રવર્તીપદ પ્રાપ્ત થાય છે. આ શીલના માહાત્મ્યથી જ ધધકતી અગ્નિ સતી સીતાને શીતળ બની ગઈ હતી, સતી સુલોચનાને માટે ગંગા જેવી મહા નદી સ્થળ બની ગઈ હતી. એ શું હતું?–શીલનું જ મહત્વ હતું. શેઠ સુદર્શનને શૂળીનું સિંહાસન બન્યું એ શેનાથી?–આ જ શીલથી. શીલનું માહાત્મ્ય અચિંત્ય છે. જે પણ સ્ત્રી-પુરુષ આ શીલધર્મનું પાલન કરે છે એ વાસ્તવમાં સાચું સુખ પ્રાપ્ત કરે છે. શીલરહિત જીવન એ જીવન નથી, આવું જીવન એ અપકીર્તિનું જીવન છે. શીલરહિત મનુષ્ય મરીને દુર્ગતિમાં પડીને નરક-નિગોદાદિના દુઃખ સહન કરે છે પરંતુ શીલને ધારણ કરનીને મરવાથી આ જીવને ભવ-ભવમાં સુખ મળે છે. તેથી મારા પ્રાણ ભલે જાય પરંતુ શીલધર્મને નહીં છોડું. હું તેને મારા પ્રાણોથી પણ વધારે પ્યારું સમજીશ.**

આમ વિચારીને દ્રૌપદીએ પદ્મનાભને કહ્યું કે તને ખબર નથી કે તું કોનાથી વાત કરે છે! સંસારમાં પ્રસિદ્ધ પાંચ પાંડવ મારા રક્ષક છે કે જેના બાહુબળથી શત્રુ-સમૂહ થર-થર ધ્રુજે છે તથા ત્રણ ખંડના અધિપતિ સુર-અસુર અને નરપતિ દ્વારા પૂજિત શ્રીકૃષ્ણ અને બળદેવ જેના ભાઈ છે એવી દ્રૌપદી સાથે તું આ નીચ વ્યવહાર કરે છે? તને ખબર નથી કે એકવાર દુષ્ટ કીચકે મારું શીલ બગાડવાની દુષ્ટ ચેષ્ટા કરી હતી પરંતુ બલી ભીમે તેને સો ભાઈઓ સાથે મૃત્યુલોકમાં પહોંચાડી દીધા હતા. તેથી હું ફરી કહું છું કે તે તારા ઘરમાં સર્પિણી પાળી રાખી છે અથવા એમ સમજ કે વિષવૃક્ષને રાખ્યું છે, તેનું ફળ શું આવશે એ તું વિચારી લેજે. તને મારા વચન ઉપર કદાચ વિશ્વાસ નહીં હોય તો ધૈર્ય ધારણ કરીને એક મહિનો જોઈ લે. એ બલી પાંડવો અહીં જ આવી જશે અને જો કદાચ એક માસમાં પાંડવો અહીં નહીં આવે તો જેમ ઠીક લાગે તેમ કરજે. દ્રૌપદીના આ વચનો સાંભળીને પદ્મનાભ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે આટલા વિશાળ લવણસમુદ્રને પાર કરીને પાંડવો અહીં આવશે કેવી રીતે? આમ વિચારી રાજા સ્થિરમને પોતાના ઘરમાં બેસી ગયો. આ બાજુ સતી દ્રૌપદીએ માથાના વાળ બાંધીને એ જ દિવસે એ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી મારા ઉપર આવેલું સંકટ દૂર ન થાય ત્યા સુધી આહાર-પાણી અને વેષભૂષાનો મારો ત્યાગ છે.

આ બાજુ હસ્તિનાપુરમાં સવાર થઈ. પાંડવોને ખબર પડી કે દ્રૌપદી મહેલમાં શય્યા સહિત નથી, તે કોઈ શત્રુ દ્વારા હરણ કરાઈ ગઈ છે. તેમણે દ્રૌપદીની ઘણી તપાસ કરી પણ ક્યાંય ન મળી. એટલામાં કોઈ એક અપરિચિત વ્યક્તિએ





Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

દ્વારિકા જઈને દ્રૌપદીના હરણના સમાચાર કહ્યા જેને સાંભળીને શ્રીકૃષ્ણને ખૂબ જ દુઃખ થયું. ત્યારબાદ, તેમણે ક્રોધે ભરાઈને યુદ્ધની ઘોષણા કરી દીધી. ઘોષણા સાંભળતાં જ કૃષ્ણની સેનાના હાથી, ઘોડા અવાજ કરવા લાગ્યા, પાયદળ હાથમાં તલવાર લઈને ચલાવા લાગ્યા, કોઈ ભાલા લઈને ફેરવવા લાગ્યા, કોઈએ ધનુષ-બાણ લીધા. આ રીતે અહીં ચતુરંગ સેના યુદ્ધ માટે તૈયાર થવા લાગી. એ જ સમયે નારદજી અમરકંકાપુરી પહોંચ્યા. ત્યાં તેમણે દ્રૌપદીને વિખરાયેલા વાળ સહિત અને આંસુઓની અવિરલ ધારાથી ભીનું મોઢું જોયું. તે શોકાકુળ થઈ ઉદાસચિત્ત બેઠી હતી. તેની આ દશા જોઈને એમ લાગતું હતું કે ક્રિયારહિત લાકડાની પુતળી છે અથવા ઈન્દ્રથી રહિત હતપ્રભ ઈન્દ્રાણી જ છે. તેની આ અવસ્થા જોઈને નારદજીને પણ ખૂબ જ દુઃખ થયું. એ વિચારવા લાગ્યા કે જુઓ, મેં પાપીએ માનને વશ થઈને આ સતીને વ્યર્થમાં જ દુઃખ આપ્યું. આ મેં સારું કાર્ય નથી કર્યું.

ત્યારબાદ, એ નારદ મુનિ યુદ્ધ માટે તૈયાર શ્રીકૃષ્ણ પાસે તરત જ પહોંચ્યા અને તેમને કહ્યું કે હે નારાયણ! તમે આ સેના શા માટે ભેગી કરી છે? જો દ્રૌપદી માટે કરી છે તો તેને તો ધાતુકીખંડની અમરકંકાપુરીના રાજા પદ્મનાભે એક અસુરની આરાધના કરીને હરી છે. અહીંનો મનુષ્ય કેટલો પણ બળવાન કેમ ન હોય પણ તેનું ત્યાં પહોંચવું શક્તિથી બહારની વાત છે. તેથી તમારો આ પ્રયત્ન એકદમ નિષ્ફળ છે. નારદજીના આ વચન સાંભળીને કૃષ્ણએ પોતાની સેનાને તો ત્યાં જ મૂકી દીધી અને પોતે એકલા જ રથારૂઢ થઈને હસ્તિનાપુર પહોંચી ગયા. ત્યા પાંડવોએ દ્રૌપદીના હરણના બધા જ સમાચાર કૃષ્ણની સામે કહી સંભળાવ્યા જેને સાંભળીને બધાને જ ઘણું દુઃખ થયું.

ત્યારબાદ, બધાએ મળીને વિચાર કર્યો કે લવણસમુદ્રને પાર કરવો નિતાંત મુશ્કેલ છે. તેથી કોઈ બીજો ઉપાય કરવો જોઈએ. આમ વિચારી એ બધા લવણસમુદ્રના કિનારે ગયા અને ત્યાં કૃષ્ણએ ત્રણ દિવસનો ઉપવાસ કરીને સમુદ્રના સ્વામી સ્વસ્તિક નામના દેવને સિદ્ધ કર્યો. તેણે પ્રસન્ન થઈને તેમને છ રથ આપ્યા. જેમાં બેસીને શ્રીકૃષ્ણ અને પાંડવ થોડી જ વારમાં અમરકંકાપુરી પહોંચી ગયા. ત્યાં પહોંચતાં જ તેમણે સિંહનાદ કર્યો. પછી કૃષ્ણએ ધનુષ પર બાણ ચડાવીને ભયંકર ટંકાર શબ્દ કર્યો, ભીમે ગદા હાથમાં લીધી, નકુલે ભાલુ લીધું, સહદેવે તલવાર લીધી અને વીર યુધિષ્ઠિરે તીક્ષ્ણ શક્તિ હાથમાં લીધી. આ રીતે પોતાના ભાઈઓને યુદ્ધ માટે પ્રસ્તુત જોઈને અર્જુન યુધિષ્ઠિરને પ્રણામ કરીને બોલ્યો કે તમે બધા અહીં આનંદથી વિશ્રામ કરો. હું એકલો જ જઈને શત્રુનો વિધ્વંસ કરીશ.

આમ કહીને અર્જુને દેવદત્ત નામનો શંખ વગાડ્યો અને સ્વયં હાથમાં ધનુષ-બાણ લઈને ઉત્તમ રથ પર સવાર થઈને શત્રુ પર ચડાઈ કરવા ચાલી નીકળ્યો. કૃષ્ણે પણ એ સમયે ભયાવહ પોતાનો પંચજન્ય શંખ વગાડ્યો જેનો શંખનાદ સાંભળીને પદ્મનાભ નગરમાંથી બહાર આવ્યો અને તેણે પણ રણભેરી વગડાવીને દિશાઓને શબ્દાયમાન કરી દીધું અને પાર્થની સાથે ખૂબ જ યુદ્ધ કર્યું. અંતમાં પાર્થે તેને પોતાના તીક્ષ્ણ બાણોથી ખૂબ જ ઘાયલ કરી દીધો જેથી તે રણસ્થળથી ભાગીને નગરીનું દ્વાર બંધ કરીને અંદર ઘૂસી ગયો. કૃષ્ણે પોતાની પગની ઠોકરથી એ ફાટકને તોડી નાખ્યું અને તે બધા

નગરીની અંદર ઘૂસી ગયા અને ત્યાંના અધિવાસીઓને ભયભીત કરી દીધા. બળવાન ભીમે પોતાની ગદાના પ્રહારથી ત્યાં અનેક મહેલ તોડી નાખ્યા અને તેની અંદરની બધી લક્ષ્મી લૂંટી લીધી. આ જોઈને લોકો ડરીને ત્યાંથી ભાગવા લાગ્યા. રાજા પણ તેમની સાથે ભાગવા લાગ્યો અને તે ભાગીને સતી દ્રૌપદી જ્યાં હતી ત્યાં આવ્યો અને બોલ્યો કે દેવી! તારું હરણ કરીને મેં જે અન્યાય કર્યો તેનું ફળ મને મળી ગયું. હવે તું મારી રક્ષા કર. દ્રૌપદી બોલી કે મૂઢ! મેં તને ત્યારે જ કહ્યું હતું કે પાંડવો અહીં શીઘ્ર જ આવશે અને તને નષ્ટ કરી નાખશે. એમના બળનું શું કહેવું છે! જ્યારે એમણે દુર્યોધન જેવો યોદ્ધો રણમાં જીતી લીધો પછી તું તેમના માટે ક્યા ખેતની મૂળી છે!

રાજા પદ્મનાભ દ્રૌપદીને પ્રાર્થના કરી જ રહ્યો હતો કે એ જ સમયે નિરંકુશ પાંડવો ત્યાં આવી ગયા. તેમને જોતાં જ રાજા 'રક્ષા રક્ષા' શબ્દો દ્વારા નમ્રીભૂત થઈને પ્રાણોની ભીખ માગવા લાગ્યો. તે દ્રૌપદીના શરણે જઈ કહેવા લાગ્યો કે હે દેવી! તું અખંડ શીલનું પાલન કરવાવાળી સતી સુશીલા છે. તેથી મને અભયદાન-જીવનદાન આપ. આ સાંભળીને દયાર્દ્ર દ્રૌપદીએ તેને અભયદાન આપીને નિર્ભય કરી દીધો. પછી તેણે કૃષ્ણ અને પાંડવોને નમસ્કાર કર્યા અને તેમનું ભોજન વસ્ત્ર, આભૂષણ આદિથી ખૂબ જ સન્માન કર્યું. ત્યારબાદ પાંડવોએ દ્રૌપદીની સાથે બધા જ વિઘ્નોને દૂર કરવાવાળા જિનદેવના ચરણોમાં નમસ્કાર કર્યા અને ભક્તિભાવથી પૂજા કરી તથા ત્યારબાદ દ્રૌપદીને પારણું કરાવ્યું. આ પ્રકારે પાંડવો અને કૃષ્ણ દ્રુપદસુતાને પ્રાપ્ત કરી ઘણા પ્રસન્ન થઈને ત્યાં સુખેથી રહ્યા.

જે જૈનધર્મના પ્રભાવથી પાંડવો અને કૃષ્ણ લવણસમુદ્રને પાર કરીને ધાતકીખંડ પહોંચ્યા, ત્યાં બળવાન પદ્મનાભ રાજાને જીતીને લબ્ધકીર્તિ થયા તથા પાર્થ-પત્ની દ્રૌપદીને પ્રાપ્ત કરી, ગ્રંથકાર કહે છે કે આવા જિનધર્મને હે ભવ્ય પ્રાણીઓ! ત્રણે કાળ વિશુદ્ધમન થઈને સેવન કરો જેથી આત્માનું કલ્યાણ થાય.

**॥ અધ્યાય બાવીસમો સમાપ્ત ॥**

**મિથ્યાજ્ઞાન સહિત આત્માકે દ્વારા ઐસા કર્મોકા બંધ હોતા હૈ કિ એકેન્દ્રિયાદિ પર્યાયોંમેં અનંત જન્મ ધારણ કરના પડતા હૈ; પરંતુ જબ સમ્યગ્જ્ઞાનમયી આત્મા હો જાતા હૈ તબ મન, વચન, કાયકી ગુપ્તિકે ઉત્તમ લાભસે સર્વ કર્મ ક્ષય હો જાતે હૈં.**

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૫૮૩)*

# અધ્યાય ત્રેવીસમો

પાપોને નષ્ટ કરવાવાળા, દુઃખના નાશક, સુખ કરવાવાળા, શિવપુરગામી, ઉત્તમ વ્રતોને દેવાવાળા મુનિસુવ્રતનાથ સ્વામીનું હું ધ્યાન કરું છું. જેનું ધ્યાન કરવાથી અંતરંગમાં વ્યાપ્ત અંધકારનો નાશ થઈને કેવળજ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ જાય છે, જે ભગવાન અત્યંત ધીર તથા અનંત બળના ધારી છે એ પ્રભુ મને સુવ્રતનું પાલન કરવામાં સહાયક થાય.

ત્યારબાદ, પાંડવોએ કૃષ્ણના ચરણોમાં નમસ્કાર કરીને હર્ષયુક્ત શબ્દોમાં કહ્યું કે અમને જે વેરી દ્વારા હરાયેલી દ્રૌપદીની પ્રાપ્તિ થઈ છે એ આપનો જ પ્રતાપ છે. પશ્ચાત્ તેઓ દ્રૌપદીને રથમાં બેસાડીને ત્યાંથી ચાલતા થયા. જતાં જતાં કૃષ્ણે મેઘસમાન ગર્જના કરવાવાળો પંચજન્ય શંખ વગાડ્યો. એનો અવાજ સાંભળીને ધાતકીખંડની ચંપાપુરીનો ત્રિખંડી કપિલ નારાયણ કે જે ત્યાં જિનભગવાનની વંદના કરવા આવ્યો હતો તે આશ્ચર્યમાં પડી ગયો. એણે ત્યાં જ ભગવાન મુનિસુવ્રતસ્વામીને પ્રશ્ન કર્યો કે પ્રભુ! આ શંખધ્વનિ કોની છે? ઉત્તરમાં ભગવાને કહ્યું કે જંબૂદ્વીપના ભરતક્ષેત્ર ખંડમાં દ્વારિકા નામની નગરી છે, ત્યાંના રાજા ત્રણ ખંડના પ્રતાપી નારાયણ કૃષ્ણનો આ શંખધ્વનિ છે. એ પાર્થની પ્રિયા દ્રૌપદીને લેવા અહીં આવ્યો છે કારણ કે દ્રૌપદીને અમરકંકાપુરીના રાજાએ અપહરણ કરાવીને મંગાવી લીધી હતી.

આ વાત સાંભળીને કપિલ ચક્રી કૃષ્ણને જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેને જોઈને ભગવાને કહ્યું કે જુઓ ચક્રી! આ નિયમ છે કે એક ચક્રીને બીજો ચક્રી, એક નારાયણને બીજો નારાયણ, એક તીર્થંકરને બીજા તીર્થંકર તથા એક બળભદ્રને બીજો બળભદ્ર જોઈ શકતો નથી. હાં, જો તું ઈચ્છે તો તેની ધ્વજાના દર્શનમાત્ર કરી શકે છે. કપિલ ભગવાનની વાત સાંભળીને પણ ન માન્યો અને કૃષ્ણને જોવા માટે ત્યાંથી ચાલ્યો પરંતુ તેને ભગવાનના કહ્યા અનુસાર એમની ધ્વજાના જ દર્શન થયા. ઘણો પ્રયત્ન કરવા છતાં પણ તેમને સાક્ષાત્ ન જોઈ શક્યો. ત્યારે એ બંનેએ પોતપોતાના શંખ વગાડ્યા જેનો અવાજ એકબીજાએ સાંભળ્યો. પછી કૃષ્ણ સમુદ્રમાં પ્રવેશ કરી ગયા એ સમાચાર સાંભળી કપિલ પાછો આવ્યો અને ચંપાપુર નગરીમાં પહોંચીને પરસ્ત્રીલંપટ પદ્મનાભને ત્યાંથી તિરસ્કૃત કરી કાઢ્યો. પછી તે ત્યાં આનંદથી રહેવા લાગ્યો.

આ બાજુ પાંડવ અને કૃષ્ણ પહેલાંની જેમ સમુદ્રને પાર કરીને કિનારે આવી ગયા. ત્યાં પહોંચીને કૃષ્ણે પાંડવોને કહ્યું કે તમે લોકો યમુનાને પાર કરીને મારા માટે નૌકા મોકલો ત્યાં સુધી હું સ્વસ્તિક દેવને વિસર્જન કરી દઉં છું. કૃષ્ણના કહ્યા અનુસાર પાંડવ દ્રૌપદી સહિત યમુના પાર કરીને એક કિનારા તરફ બેસી ગયા. એટલામાં ભીમે કૃષ્ણનું બાહુબળ જોવા માટે છળથી નૌકાને એક બાજુ રાખી દીધી. આ બાજુ કૃષ્ણ દેવતાને વિસર્જન કરીને આવ્યા અને નૌકા ન જોઈ તો તેમણે પાંડવોને પૂછ્યું કે તમે યમુના કઈ રીતે પાર કરી! ઉત્તરમાં પાંડવોએ કહ્યું કે અમે તો અમારા બાહુબળથી પાર

કરી. આ સાંભળતાં જ કૃષ્ણ યમુનામાં કૂદી પડ્યા અને પોતાના બાહુબળથી યમુના પાર કરી, કિનારે પહોંચીને પાંડવોને જોઈને કૃષ્ણે ખૂબ હર્ષ વ્યક્ત કર્યો. આ સમયે કૃષ્ણને જોઈને પાંડવો ખૂબ જોરથી હસી પડ્યા. તેમને હસતાં જોઈને કૃષ્ણએ પૂછ્યું કે તમે લોકો આટલું કેમ હસો છો? એનું શું કારણ છે? ઉત્તરમાં પાંડવોએ કહ્યું કે અમે લોકોએ તો યમુના નૌકાથી પાર કરી હતી પરંતુ આપનું બાહુબળ જોવા માટે એ નૌકા અમે છુપાવી દીધી હતી. હે નરેન્દ્ર! આપે આ અદ્વિતીય કામ કર્યું તેથી આપ વાસ્તવમાં હરિ-સિંહ સમાન પરાક્રમી છો! પાંડવોની આ છળ ભરી વાત સાંભળીને કૃષ્ણ થોડા ક્રોધે ભરાઈને બોલ્યા કે વાસ્તવમાં તમે લોકો માયાચારી છો, સ્વજનના સ્નેહથી રહિત છો અને સદાય અનિષ્ટ અને કલહ કર્યા કરો છો. હવે તમે કહો કે તમે મારું નદી પાર કરતાં એવું ક્યું મહત્ત્વ જોયું કે જે તમે ગોવર્ધન પર્વત ઉપાડવા સમયે, કાલિંદી નાગનું મર્દન કરતાં સમયે, ચાણૂર મલ્લને નિર્મદ કરતાં સમયે તથા કંસનો વધ કરતાં સમયે, જરાસિંઘના ભાઈને મારતા સમયે, ગૌતમ અમરના સંસ્તવ-આરાધન સમયે, રુક્મિણીના હરણના સમયે, શિશુપાલ અને જરાસિંઘના વધ સમયે તથા ચક્રરત્નની પ્રાપ્તિના સમયે ત્રણ ખંડના સ્વામી બનતા સમયે નહોતું જોયું! નદી પાર કરવામાં ક્યું મોટું કાર્ય હતું? પરંતુ વાત એમ છે કે હજી સુધી તમારી દુષ્ટતા અને જડતા નથી ગઈ. તેથી હવે તમે અહીંથી સો યોજન દૂર જઈને દક્ષિણ મથુરામાં ઘણા સમય સુધી રહો. કૃષ્ણના આ વચનો સાંભળીને પાંડવોના મનમાં ઘણું દુઃખ થયું. તેઓ ત્યાંથી હસ્તિનાપુર આવ્યા. કૃષ્ણે ત્યાંનું રાજ્ય વિરાટની પુત્રી ઉત્તરાના ગર્ભથી ઉત્પન્ન થયેલ અભિમન્યુના પુત્ર પરીક્ષિતને આપ્યું અને પછી તેઓ દ્વારિકા ચાલ્યા ગયા. આ બાજુ પાંડવો પણ કુટુંબ સહિત દક્ષિણ મથુરા ચાલ્યા ગયા.

એક સમયે દ્વારિકામાં ભગવાન નેમિનાથ અને કૃષ્ણ રાજસભામાં બેઠા હતા ત્યારે માહોમાહે એ ચર્ચા ચાલી કે બન્નેમાં કોણ અધિક બળવાન છે. ઘણા લોકોએ ત્યારે નેમિનાથ સ્વામીના બળને કૃષ્ણના બળથી ઓછું કહ્યું. આ સાંભળીને નેમિપ્રભુએ પોતાનું બળ દેખાડવા પોતાની ટચલી આંગળીના બળથી હરિને લટકાવી દીધા. આ જોઈને કૃષ્ણના મનમાં એ વિચાર આવવા લાગ્યો કે મારું એકછત્ર રાજ્ય આમના રહેતા નહીં થઈ શકે.

ત્યારબાદ, એક દિવસ જળક્રીડાના સમયે નેમિનાથપ્રભુએ કૃષ્ણની રાણી જાંબુવતીને પોતાનું કપડું નિચોવવા માટે કહ્યું. તે સમયે અભિમાનમાં આવીને જામ્બુવતીએ એમની વાતનું કાંઈ લક્ષ ન કર્યું. આ જોઈ નેમિપ્રભુ ત્યાંથી કૃષ્ણની અસ્ત્રશાળામાં ગયા અને ત્યાં જઈને ભગવાન નાગશય્યા પર ચડી ગયા તથા ત્યાં તેમણે ધનુષ પર બાણ ચઢાવ્યું અને નાકના શ્વાસથી પંચજન્ય શંખ વગાડ્યો. શંખનો અવાજ સાંભળતાં જ કૃષ્ણ ત્યાં દોડતા આવ્યા અને તેમણે નેમિપ્રભુના ચરણોમાં નમસ્કાર કર્યા અને તેમના બળની ઘણી પ્રશંસા કરી અને સમય જોઈને પ્રભુને વિવાહ કરવાની પ્રાર્થના પણ કરી.

ત્યારબાદ, નેમિપ્રભુ માટે ઉગ્રસેનની જયાવતી રાણીની પુત્રી રાજીમતિની યાચના કરી. રાજ્યના લોભવશ કૃષ્ણે એક માયાજાળ રચી કે જેથી ભગવાન કોઈ પણ રીતે આ રાજ્યથી વિરક્ત થઈ જાય. જાન આવવાના એક દિવસ પહેલાં કૃષ્ણે રસ્તામાં ઘણા પશુઓ ભેગા કરીને બંધાવી દીધા. વિવાહ માટે જતાં એ બાંધેલા પશુઓને જોઈને ભગવાને એમના

રક્ષકોને પૂછ્યું કે મહારાજ! જાનમાં જે માંસભક્ષી રાજાઓ આવશે એમના માટે કાલે એમનો વધ થશે. (તીર્થંકરની જાનનાં જમણમાં માંસાહાર ન હોય પણ કૃષ્ણે માયાજાળ રચી હતી તેથી રક્ષકોએ પણ એવું જ કહ્યું.) બસ, આ વાત સાંભળતાં જ ભગવાન વિષય-ભોગોથી વિરક્ત થઈ ગયા અને તેઓ એ જ સમયે બાર ભાવનાઓનું ચિંતવન કરવા લાગ્યા. આ વાત જાણીને પોતાનો નિયોગ પૂરો કરવા માટે પાંચમા સ્વર્ગમાંથી લૌકાંતિક દેવો ત્યાં આવ્યા અને ત્યાં આવીને એમણે ભગવાનના વૈરાગ્યની ભારે પ્રશંસા કરી.

ત્યારબાદ, દેવકુરુ નામની પાલકીમાં બેસીને ભગવાન વનમાં ચાલ્યા ગયા અને ત્યાં તેમણે સહસ્રામ્ર વૃક્ષની નીચે બેસીને શ્રાવણ સુદ-૬ના દિવસે ૧૨ હજાર રાજાઓની સાથે દીક્ષા ધારણ કરી. થોડા સમયમાં જ ભગવાનને મનઃપર્યયજ્ઞાન થઈ ગયું. ત્યારબાદ ભગવાને છ ઉપવાસ કર્યા બાદ પારણા માટે દ્વારાવતીમાં આવ્યા. ત્યાં એમને આવતાં જોઈને કનકાભ નામના રાજાએ તેમનું નવધાભક્તિપૂર્વક પડગાહન કર્યું, ઉચ્ચાસન પર બેસાડ્યા, પાદ-પ્રક્ષાલન કર્યું, મન-વચન-કાયશુદ્ધિ દ્વારા નમસ્કાર કર્યાં. પછી આહારશુદ્ધિ દ્વારા રાજાએ તેમને આહારદાન કર્યું. એ સમયે રાજાને ઘરે પંચાશ્ચર્ય થયા. દેવતાઓએ ઉપરથી સાડા બાર ક્રોડ રત્નોની વર્ષા કરી, પુષ્પ વર્ષાવ્યા, મંદ-સુગંધિત પવન ચાલવા લાગ્યો, ગંધોદક-વૃષ્ટિ થઈ તથા દુંદુભિ વાજા વાગવા લાગ્યા. ત્યારબાદ, ભગવાન આહાર કરીને વનમાં ચાલ્યા ગયા અને ત્યાં ચિદાનંદરૂપ આત્માનું ધ્યાન કરવા લાગ્યા.

આ પ્રકારે ધ્યાન કરતાં ભગવાને ૫૬ દિવસ તો છદ્મસ્થ અવસ્થામાં કાઢ્યા. ત્યાંથી ગમન કરીને પ્રભુ રૈવતક પહાડ પર સ્થિર થઈને બેસી ગયા. ત્યાં એમણે ષષ્ઠોપવાસ ધારણ કર્યો. એ પ્રભુ મહાવ્રતો સહિત ત્રણ ગુપ્તિથી અલંકૃત, સમિતિના પાલક, પરિષહના વિજેતા હોવાથી અત્યંત શોભતા હતા. ભગવાને આત્મધ્યાનના બળથી દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિ–સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને સમ્યક્ત્વ મિથ્યાત્વ તથા ચારિત્ર મોહનીય કર્મની ચાર પ્રકૃતિ–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ—આ સાત સમ્યક્ત્વઘાતી પ્રકૃતિઓને આત્માથી જુદી કરી દીધી. ત્યારબાદ શુકલધ્યાન દ્વારા ભગવાને ઘાતિકર્મની બાકી ચાલીસ પ્રકૃતિઓને તથા નામકર્મની તેર પ્રકૃતિઓનો નાશ કર્યો. જેથી પ્રભુને દૈદીપ્યમાન કેવળજ્ઞાન થયું. એ આસો સુદ-૧નો દિવસ હતો. એ દિવસે સુર, અસુર, મનુષ્ય આદિએ કેવળજ્ઞાનની પૂજા કરી. ભગવાનના વરદત્ત આદિ અગિયાર ગણધર થયા.

ત્યારબાદ, પરમ પાવન ભગવાનના સમવસરણની રચના કુબેરે કરી કે જેની શોભા અત્યંત અદ્ભુત હતી. સમવસરણની પ્રસાદ ભૂમિ ઉદ્યાન આદિથી તથા ધ્વજાપંક્તિ, માનસ્તંભ, સિંહાસન, ધૂપઘર, તળાવ આદિથી તેની શોભા અપૂર્વ થઈ રહી હતી. સભાની બરાબર વચ્ચે ભગવાન અષ્ટ પ્રાતિહાર્ય, ચોત્રિસ અતિશયોથી અલંકૃત થઈ રહ્યા હતા. સમવસરણમાં બાર સભાઓની રચના કરવામાં આવી હતી, જેમાં નીચે પ્રમાણે સૌ બેઠા હતા.

પ્રથમ સભામાં નિર્ગ્રંથ મુનિરાજ બેઠા હતા, બીજી સભામાં સ્વર્ગની દેવીઓ, ત્રીજી સભામાં આર્યિકા, ચોથી સભામાં જ્યોતિષી દેવોની દેવીઓ, પાંચમી સભામાં વ્યંતરદેવોની દેવીઓ, છઠ્ઠી સભામાં ભવનવાસી દેવોની દેવીઓ, સાતમી સભામાં ભવનવાસી દેવ, આઠમી સભામાં વ્યંતરદેવ, નવમી સભામાં જ્યોતિષી દેવ, દશમી સભામાં કલ્પવાસી દેવ, અગિયારમી સભામાં મનુષ્ય અને બારમી સભામાં પશુ, આ પ્રકારે સમવસરણ બાર સભાઓથી શોભતું હતું. એ સમયે ભગવાને દિવ્યધ્વનિ દ્વારા ગણધરને ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશમાં પ્રભુએ જીવાદિક સાત તત્ત્વ, છ દ્રવ્ય, પંચાસ્તિકાયનું વ્યાખ્યાન કર્યું તથા ઉર્ધ્વ, મધ્ય અને પાતાળ લોકનું વર્ણન કર્યું, શરીરની ઊંચાઈ, સ્વર્ગ-નરકની રચના, દ્વીપ-ઉદધિનું પ્રમાણ બતાવ્યું તથા ચાર ગતિ, પાંચ ઈન્દ્રિય, છ કાય, પંદર યોગ, ત્રણ વેદ, પચ્ચીસ કષાય, આઠ મદ, સાત સંયમ, ચાર દર્શન, છ લેશ્યા, ભવ્ય-અભવ્ય ભેદ, છ સમ્યક્ત્વ, ચાર સંજ્ઞા, બે ઉપયોગ, ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણા, ચૌદ જીવસમાસ, છ પર્યાપ્તિ, દશ પ્રાણનું વ્યાખ્યાન કર્યું. સાથે સાથે પ્રભુએ મુનિધર્મ અને શ્રાવકધર્મનું કર્તવ્ય પણ કહ્યું. ભગવાનની પરમ પાવન વાણીને સાંભળીને કેટલાય ભવ્ય જીવોએ સમ્યક્ત્વ ધારણ કર્યું, કેટલાયે અગિયાર પ્રતિમારૂપ શ્રાવક વ્રત ધારણ કર્યા, કેટલાયે મુનિવ્રત ધારણ કરી મહાવ્રત અંગીકાર કર્યો. આ પ્રકારે ભગવાન ધર્મામૃતની વર્ષા કરતાં કરતાં દેશ-વિદેશમાં વિહાર કરવા લાગ્યા. પછી વિહાર કરતાં કરતાં ભગવાન સમવસરણ સહિત ગિરનાર પહાડ પર આવ્યા. પ્રભુને ત્યાં આવ્યા જાણીને યાદવ લોકો બળભદ્રને આગળ કરીને એમની વંદના કરવા માટે પ્રમોદ સહિત ત્યાં આવ્યા અને ભગવાનની સ્તુતિ, નમસ્કાર કરીને પોતાના યથાયોગ્ય સ્થાનમાં બેસી ગયા અને સ્થિરમને ધર્મનો ઉપદેશ સાંભળવા લાગ્યા.

ત્યારબાદ, ભગવાનને નમસ્કાર કરીને બળદેવે પૂછ્યું કે ભગવન્! એ કહો કે કૃષ્ણનું આ વિશાળ રાજ્ય ક્યાં સુધી ચાલશે અને આ દ્વારિકાની સ્થિતિ કેટલો કાળ રહેશે? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને દિવ્યધ્વનિ દ્વારા કહ્યું કે રાજન્! દ્વારિકા નગરી આજથી બાર વર્ષ પછી શરાબને કારણે દ્વીપાયન મુનિનું નિમિત્ત પામીને બળીને ભસ્મ થઈ જશે અને જરતકુમારના બાણ દ્વારા કૃષ્ણનું મૃત્યુ થશે. ભગવાનની આ વાણી સાંભળીને દ્વીપાયન સંયમ ધારણ કરીને દૂર ચાલ્યા ગયા અને જરતકુમાર પણ દ્વારિકા છોડીને કૌશામ્બીના વનમાં રહેવા લાગ્યા. ત્યારબાદ, ભગવાન પણ ત્યાંથી વિહાર કરી ગયા.

ત્રણ લોકના નાથ પરમ પાવન ભગવાનની વાણી ક્યારે પણ ખોટી નથી હોતી. જ્યારે સમય પૂરો થયો ત્યારે દુર્ભાગ્યવશ દ્વીપાયન મુનિ ત્યાં આવી ગયા. શરાબ પીને ઉન્મત્ત યાદવોએ તેમને ખૂબ જ હેરાન કર્યા જેથી મુનિને ખૂબ જ ક્રોધ ઉત્પન્ન થઈ ગયો. ક્રોધ થતાં જ એમના શરીરમાં અંગારાની જેમ એક તેજસ પૂતળું નીકળ્યું અને તેણે ક્ષણવારમાં જ આખી દ્વારિકામાં આગ લગાવી દીધી. એ પૂતળાએ પાછા આવીને એ મુનિને પણ ભસ્મ કરી નાખ્યા. આ મહા પ્રલયમાં ફક્ત કૃષ્ણ અને બળદેવ જ બચ્યા. એ બંને ભાઈ ચાલતાં-ચાલતાં કૌશાંબી વનમાં પહોંચ્યા. ત્યાં પહોંચતાં કૃષ્ણને ખૂબ જ તરસ લાગી. બળદેવ તેના માટે પાણી લેવા માટે ગયા, ત્યાં એકલા કૃષ્ણ રહી ગયા. એટલામાં દૈવયોગથી જરતકુમારે

હરણ સમજીને પોતાના બાણથી નિશાન લગાવીને તેમને પરલોક પહોંચાડી દીધા. બળદેવ જ્યારે પાછા આવ્યા ત્યારે જુએ છે કે શ્રીકૃષ્ણ જીવીત ન હતા. પરંતુ મોહની તીવ્રતાવશ બળદેવ શ્રીકૃષ્ણને છ મહિના સુધી ખભા ઉપર ઉપાડીને પાગલની જેમ ફરતા રહ્યા. સિદ્ધાર્થ દેવે તેમને ખૂબ સમજાવ્યા પરંતુ મોહની પ્રબળતાને કારણે કોઈ પણ રીતે કૃષ્ણને મરેલા સ્વીકારવા તૈયાર ન થયા અને આવી રીતે જ કૃષ્ણને લઈને તે ફરતા રહ્યા.

ત્યારબાદ, જરતકુમાર તરત જ પાંડવો પાસે ગયા અને ત્યાં પહોંચીને પોતાના દ્વારા કૃષ્ણના મૃત્યુના અને દ્વારિકાના બધા સમાચાર કહ્યા. કૃષ્ણનું મરણ સાંભળીને પાંડવો અત્યંત દુઃખી થયા. માતા કુંતીએ પણ ખૂબ જ વિલાપ કર્યો. ત્યારબાદ, કુટુંબ સહિત પાંડવો બળદેવને મળવાની ઈચ્છાથી જરતકુમારને આગળ રાખીને ચાલ્યા. તેઓ થોડા દિવસોમાં ત્યા પહોંચી ગયા જ્યાં બળદેવ હતા. તેમને આ અવસ્થામાં જોઈને તેઓ બધા ખૂબ દુઃખી થયા અને વિલાપ કરવા લાગ્યા. એમને જોઈને બળદેવે ઊઠીને કુંતીને નમસ્કાર કર્યા અને બધાને મળ્યા. ત્યારબાદ, પાંડવોએ બળદેવને સમજાવ્યા કે તમે શ્રીકૃષ્ણ માટે શોક ન કરો. સંસારની આવી જ ક્ષણભંગુરદશા છે. આ કાળથી કોઈ પણ બચ્યું નથી. તમે કોના માટે ફરી રહ્યા છો? આ તો મૃતક શરીર છે. આનો તો જલ્દી દાહસંસ્કાર કરવો જોઈએ. પાંડવોની આ વાત સાંભળીને બળદેવ મોહના વશે ક્રોધિત થઈ બોલ્યા કે તમે જ તમારા મિત્ર, પુત્ર, ભાઈઓને ચિતા બનાવીને એમાં જલાવી દ્યોને! જાઓ, મને સમજાવો નહીં, મને તમારી શિક્ષાની આવશ્યકતા નથી. આ પ્રકારે બળદેવને સમજાવતાં ચોમાસું વ્યતીત થઈ ગયું.

એક દિવસ એ જ સિદ્ધાર્થ નામના દેવે ફરી સમજાવ્યા ત્યારે તેમને કાંઈક ભાન થયું અને બોલ્યા કે તમે લોકો આવ્યા એ સારું થયું. પછી બળદેવે પાંડવોની સાથે તુંગીગિરિ પર જઈને કૃષ્ણના શબની દગ્ધક્રિયા કરી અને સ્વયં પિહિતાશ્રવ મુનિરાજની પાસે જઈને સંયમ ધારણ કરી લીધું. આ પ્રકારે બળદેવ બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીને દિગંબર મુનિ બની ગયા.

જે નેમિનાથ ભગવાને પ્રાપ્ત રાજ્યને તથા અનુપમ સુંદરી રાજીમતિનો ત્યાગ કરી દીક્ષા ધારણ કરી કે જે ઈન્દ્ર, નરેન્દ્ર, ચક્રવર્તી આદિથી પૂજ્ય છે, જેમણે કામદેવ સમાન મહામલ્લને પછાડીને મુક્તિવધૂ સાથે સ્નેહ કર્યો તથા ઘાતિકર્મોને નષ્ટ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તથા જેમણે દેશ-વિદેશમાં વિહાર કરી ભવ્ય જીવોને ધર્મામૃતનું પાન કરાવ્યું અને અંતમાં ગિરનાર પર્વત પર સ્થિત થઈને મોક્ષ લાભ લીધો એવા પરમ-પાવન એ નેમિનાથ ભગવાનને મારા ફરી ફરી નમસ્કાર હો! એ પ્રભુ મને સમ્યગ્જ્ઞાન પ્રદાન કરે!

**॥ અધ્યાય ત્રેવીસમો સમાપ્ત ॥**

# અધ્યાય ચોવીસમો

હું એ નેમિજિનને નમસ્કાર કરું છું કે જે જ્ઞાનનો ભંડાર છે, જેમણે સુધ્યાનના પ્રભાવમાં કુધ્યાનને નષ્ટ કરી નાખ્યું, જે મોક્ષના કારણ છે, પોતે સંસારરૂપી સમુદ્રથી પાર થયા છે અને બીજાને પાર કરાવવાળા છે, જે અનાથોના નાથ તથા જિતેન્દ્રિય છે.

ત્યારબાદ, પાંડવ જરાપુત્રને આગળ કરીને દ્વારિકામાં આવ્યા અને તેમણે એ દ્વારિકામાં નવા મહેલ બનાવડાવી ફરીથી વસાવ્યું અને ત્યાંના રાજ્યસિંહાસન પર જરતકુમારને બેસાડ્યો. એ સમયે કુંતી સહિત પાંચેય પાંડવ કૃષ્ણ અને બળભદ્રના પુરાતન રાજ્યનું સ્મરણ કરીને શોકાકુલિત થયા. તેઓ વિચારવા લાગ્યા કે જુઓ, જે દ્વારિકાની દેવો દ્વારા રચના થઈ હતી તે જ આજે બળીને ભસ્મ થઈ ગઈ. જ્યાં નિત્ય નવા મંડપ અને ઉત્સવ થતા હતા ત્યાં આજે શૂન્યતા પ્રતીત થઈ રહી છે. હા! એ રુક્મિણી આદિ રાણીઓના સુંદર ભવન કે જેમાં તેઓ હાસ્ય-વિલાસ કર્યા કરતી હતી એ ક્યાં ગયા? એમના એ પુત્ર ક્યાં ગયા જે સદાય હર્ષિત રહેતા હતા. **વાસ્તવમાં આ કુટુંબનો સમાગમ વિજળીની જેમ ક્ષણનશ્વર છે, મેઘપટલની જેમ જોતજોતામાં વિનાશવાળો છે અથવા નદીના પ્રવાહ સમાન છે અથવા અંજલિના પાણી સમાન છે કે જે યત્ન કરવા છતાં પણ વિલીન થઈ જાય છે. એ જ કારણ છે કે જે પુરુષ, સ્ત્રી-રાગથી રંગાયેલા છે એ પણ સંસારની વિનાશીક અવસ્થાને જોઈને, સ્ત્રીઓના પગમાં લાગેલી મહેંદીસમાન, ઉદાસીન થઈ જાય છે અર્થાત્ મહેંદીનો રંગ જેવી રીતે થોડી વારમાં જ છૂટી જાય છે એવી રીતે એ વિવેકી પણ સ્ત્રી-રાગથી વિરક્ત થઈ જાય છે. વાસ્તવમાં વિચાર કરવામાં આવે તો જે પુત્ર-પૌત્રાદિકને આ જીવ પોતાના માને છે તે પોતાના નથી. પોતાનું શરીર જ જ્યારે પોતાનું નથી તો પછી પરદ્રવ્ય તો પોતાનું કેવી રીતે હોઈ શકે? બાહ્ય વસ્તુઓમાં સુખ-દુઃખ માનવું એ માત્ર કલ્પના છે. પોતાની વસ્તુ તો માત્ર આત્મા જ છે. આ વિષયભોગ તો વાસ્તવમાં ભોગવતાં સમયે જ સારા લાગે છે, પરંતુ ત્યારબાદ નિરસ લાગે છે. પરંતુ ખેદ છે કે આ મૂઢ પુરુષ એમનું સેવન કરવામાં જ પોતાને સુખી માને છે. આવા પુરુષ જાણીને અંધારા કૂવામાં પડે છે અને નિયમથી દુર્ગતિમાં જાય છે. લોકો સુંદર સ્ત્રીના સુખને સૌથી મોટું સુખ માને છે, પરંતુ એ સુખ તો ધાધર ને ખરજવાના સુખ જેવું છે કે જેમાં પછી દુઃખ જ છે. બીજી વાત એ છે કે વિષયભોગોને જેટલા ભોગવવામાં આવે એનાથી ક્યારે પણ તૃપ્તિ નથી થતી. તેનાથી જ આ જીવ પંચપરાવર્તનરૂપ સંસારમાં રેંટના ઘડાની જેમ ચક્કર લગાવ્યા કરે છે અને અનાદિકાલીન મિથ્યાત્વની વાસનાથી હિત-અહિતના વિચારથી દૂર થઈ જાય છે. ધર્મ તરફ તેની રુચિ નથી રહેતી, એ ધર્મને ઘૃણાની દૃષ્ટિથી જોવા લાગે છે. ફળ એ આવે છે**

**કે એ વિષય-લંપટી પુરુષ બાર પ્રકારની અવિરતિનું સેવન કરવા લાગે છે અને કષાયોના ચક્કરમાં પડીને દુર્ગતિને પ્રાપ્ત કરી ઘોર વિપદામાં પડી જાય છે. તેથી મોક્ષસુખની લાલસાથી ભવ્ય જીવોએ પચ્ચીસ કષાય, પંદર પ્રમાદ, શુભ-અશુભરૂપ ભોગોનો સદાય ત્યાગ કરવાયોગ્ય છે.** આ રીતે ચિંતવન કરતાં કરતાં એ પાંડવો ત્યાંથી પલ્લવદેશમાં આવ્યા કે જ્યાં ભગવાન બિરાજમાન હતા.

ત્યાં તેમણે સુર-અસુરો દ્વારા સેવનીય પ્રભુની વંદવા કરી. ભગવાન નેમિપ્રભુ અશોકવૃક્ષની નીચે ત્રણ છત્રયુક્ત સિંહાસન પર સુશોભિત હતા. તેમના ઉપર દેવો દ્વારા ચોસઠ ચામર ઢાળવામાં આવતા હતા, આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ રહી હતી, દેવોનો જય-જય શબ્દ થઈ રહ્યો હતો, દેવો દ્વારા દુંદુભિ વાજા વાગી રહ્યા હતા, અઢાર મહાભાષારૂપ દિવ્યધ્વનિ છૂટી રહી હતી, જેમની પાછળ કરોડો સૂર્યની કાંતિથી પણ વધારે કાંતિવાળું ભામંડળ સુશોભિત થઈ રહ્યું હતું એવા પરમ પાવન પ્રભુને જોઈને પાંડવોએ તેમની ભક્તિભાવથી પૂજા કરી અને આ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા—

હે નાથ! તમે જ સંસારરૂપી અગાધ સમુદ્રથી પાર કરવા માટે નૌકા સમાન છો. હે જિનદેવ! તમે જ સંસારના સ્વામી, જગતના રક્ષક અને પરમેશ્વર છો. નાથ! તમે જ કેવળજ્ઞાની અને જગતગુરુ છો, ગુણવંત છો, અવ્યયરૂપ છો, ભવ્યોને નિર્ભય કરવાવાળા છો તથા દીપ્તિવાન છો. ભગવન્! તમે જ જગતમાં ધન્ય છો કારણ કે આપે વિપુલ સંપત્તિને ત્યાગીને રાજમતિ સમાન રૂપગુણયુક્તા સતીને ત્યાગી છે. પ્રભુ! તમે અનંત ગુણોના સ્વામી અને અનંત બુદ્ધિના ધારક છો. ભગવન્! અમે તમારું ક્યાં સુધી સ્તવન કરીએ! અમારામાં એટલી શક્તિ નથી, અમારામાં એટલું જ્ઞાન નથી કે આપની સર્વાંગરૂપે સ્તુતિ કરી શકીએ. તેથી પ્રભુ! આપને અમારા વારંવાર નમસ્કાર છે. આ રીતે, ભગવાનની સ્તુતિ કરીને એ પાંડવો પુરુષોની સભામાં ધર્મપિપાસુ થઈને બેસી ગયા.

ત્યારબાદ, ભગવાને દિવ્યધ્વનિ દ્વારા ધર્મામૃતની વર્ષા કરવાનું શરૂ કર્યું. તે કહેવા લાગ્યા કે રાજન્! ધર્મ જીવદયાને કહે છે અને એ દયા ષટ્કાયના જીવોની રક્ષા કરવાથી થાય છે. એ ધર્મ બે પ્રકારનો છે : એક મુનિધર્મ અને એક શ્રાવકધર્મ. એમાં મુનિધર્મ એને કહેવાય કે જેમાં પાંચ આચારોનું પાલન કરવામાં આવે અર્થાત્ શુદ્ધ સમ્યગ્દર્શન એ દર્શનાચાર, જિનભાષિત શાસ્ત્રોનું અધ્યયન એ જ્ઞાનાચાર, તેર પ્રકારે ચારિત્રનું પાલન કરવું એ ચારિત્રાચાર, બાર પ્રકારના તપને તપવું એ તપાચાર અને વીર્ય પ્રગટ કરીને ઉત્તમ આચરણ કરવું એ વીર્યાચાર—એ પંચાચાર કહેવાય છે. ત્યારબાદ, ભગવાને કહ્યું કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રના ભેદથી ધર્મના ત્રણ પ્રકાર થાય છે. શંકા, કાંક્ષા આદિ આઠ દોષોથી રહિત અને આઠ અંગ સહિત વસ્તુના સ્વરૂપસહિત પદાર્થોનું જે શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન કહેવાય છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાન-રહિત પદાર્થોનું યથાર્થ જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એ સમ્યગ્જ્ઞાન શબ્દ અને અર્થના ભેદથી બે પ્રકારનું કહેવામાં આવ્યું છે. કર્માદાનના નિમિત્તે ક્રિયાઓનું દૂર થવું એ સમ્યક્ ચારિત્ર છે. તેના તેર ભેદ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યના ભેદથી પણ ધર્મના દશ ભેદ કહેવામાં

આવે છે. ક્રોધનું ન હોવું એ ક્ષમા છે, માન ન કરવું એ માર્દવધર્મ છે, છળ, કપટનો ત્યાગ કરવો એ આર્જવધર્મ છે, લોભનો પરિત્યાગ કરવો એ શૌચ છે, અસત્ય વચનનો ત્યાગ એ સત્ય છે, જીવની રક્ષા કરવી તથા ઈન્દ્રિય અને મનને વશમાં કરવા એ સંયમ છે, અનશનાદિ બાર પ્રકારના તપ કરવા એને તપ કહે છે, ધનનો ત્યાગ કરવો એ ત્યાગ છે, શરીર સાથે પણ મમત્વ નહીં રાખવું અને એ ભાવના રાખવી કે મારું કાંઈ પણ નથી એ આકિંચન ધર્મ છે, સ્ત્રીઓથી મમત્વ-પરિણામ દૂર કરીને માત્ર આત્મામાં લીન થવું એ બ્રહ્મચર્ય છે. ઉત્તમ શબ્દ બધા સાથે લાગેલો છે. તેનો મતલબ એ કે ઉત્તમતાથી-પૂર્ણરૂપથી પાલન કરવું અથવા બધી માયાજાળથી ખસીને આત્મસ્વરૂપમાં તલ્લીન થવું એ પણ ધર્મ કહેવાય છે. આ ધર્મના જેટલા પણ ભેદ કરવામાં આવ્યા છે એ બધા વ્યવહારનયની અપેક્ષાએ છે. નિશ્ચયથી તો આત્મસ્વરૂપમાં લીન થવું, શુદ્ધ, શાંત, ચિદ્રૂપ કેવળજ્ઞાન તથા ઉપયોગમય આત્મા જ વાસ્તવિક ધર્મ છે. ધર્મ શબ્દનો અર્થ જ એ છે કે જે જીવને સંસારથી છોડાવીને સાચા સુખ-મોક્ષમાં સ્થાપિત કરે.

આ પ્રકારે ધર્મનું સ્વરૂપ પૂર્ણપણે સાંભળીને પાંડવોએ પોતાની આત્મશુદ્ધિ અર્થે ભગવાનને પોતાના પૂર્વભવ પૂછ્યા. તેમણે કહ્યું કે પ્રભુ! અમે પહેલાં એવું શું પુણ્યકાર્ય કર્યું હતું કે જેથી અમે બધા સ્નેહસહિત મહાબલી નિર્મળ ચિત્તવાળા ભાઈ થયા અને આ દ્રૌપદીએ એવું શું પુણ્ય કર્યું હતું કે જેથી તે આટલી સુંદરી થઈ અને એવા કેવા પાપકર્મનો ઉદય આવ્યો કે જેથી એ પંચભર્તારી કહેવાઈ? ઉત્તરમાં પરમ પાવન પ્રભુએ કહ્યું કે આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં એક સુંદર અંગદેશ છે. તેમાં ચંપા નામની નગરી છે કે જે પ્રાકાર અને ખાઈ આદિ દ્વારા પરિવેષ્ટિત હોવાથી અત્યંત સુંદર છે. એ નગરીમાં મેઘવાહન નામનો કૌરવવંશી એક પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. એના રાજ્યકાળમાં એક સોમદેવ નામનો ગુણાઢ્ય બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમિલા નામની કૃષ્ણવર્ણની એક સ્ત્રી હતી. તેને સોમદત્ત, સોમિલ અને સોમભૂતિ નામના ત્રણ પુત્રો હતા. સોમિલાના ભાઈનું નામ અગ્નિભૂતિ હતું, તેની સ્ત્રીનું નામ અગ્નિલા હતું. તેને ચંદ્રમા સમાન રૂપવાળી ધનશ્રી, મિત્રશ્રી અને નાગશ્રી નામની ત્રણ પુત્રીઓ હતી. આ ત્રણ પુત્રીઓના સોમદત્ત આદિ એ ત્રણે પુત્રો સાથે વિવાહ થઈ ગયા.

એક સમયની વાત છે કે સોમદેવ બ્રાહ્મણ કોઈ નિમિત્તને પામીને સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થઈ ગયો અને ગુરુ પાસે જઈને તેણે જિનદીક્ષા ધારણ કરી લીધી. આ બાજુ સોમદત્ત આદિ ત્રણે ભાઈ શ્રાવકધર્મનું અધ્યયન કરવા લાગ્યા. સમ્યગ્દર્શન ધારણ કરવાવાળી સોમિલા પણ પુત્ર, બાંધવોને એક જ શિક્ષા આપ્યા કરતી હતી કે જુઓ, તમે જે કાંઈ પણ ગૃહસ્થીના કામ કરો એ બધા સારી રીતે જોઈને કરો કે જેથી કોઈ જીવને બાધા ન પહોંચે. સોમિલાના આ પવિત્ર ઉપદેશને સાંભળીને બે વહુ તો સુધરી ગઈ અને તેમના કહ્યા પ્રમાણે કરવા લાગી પણ નાગશ્રીને આ વાત રુચિ નહીં. એ સ્વભાવથી પણ અત્યંત કલહપ્રિય હતી. તેના વિચાર મિથ્યાત્વ સેવનમાં રહેતા હતા. સોમિલાએ તેમ છતાં તેને સુધારવા માટે ઉપદેશ આપ્યો કે પુત્રી! મિથ્યાત્વનું સેવન કરતાં આ જીવનો અનંતકાળ વ્યતીત થઈ ગયો. તેથી હવે તો

એને છોડીને ધર્મને ધારણ કર કે જેથી તારું આત્મકલ્યાણ થાય. આ મિથ્યાત્વના નશામાં મોહિત થયો થકો જીવ ધર્મમાં રુચિ નથી કરતો જેવી રીતે પિત્તજ્વરવાળા રોગીને મીઠું દૂધ રુચિકર નથી થતું. જે પાપી જીવ છે તેમને ધર્મનો કેટલો પણ ઉપદેશ કેમ ન દેવામાં આવે પણ એને ક્યારે પણ રુચતો નથી જેવી રીતે ઘુવડના બચ્ચાને સૂર્યનો પ્રકાશ સારો નથી લાગતો. મતલબ એ છે કે મિથ્યાત્વને વશવર્તી થયો થકો આ જીવ સદાય સંસારમાં ભટકે છે. તેથી જે જીવ પોતાનું આત્મકલ્યાણ ઈચ્છે છે તેને મિથ્યાત્વને તિલાંજલી આપીને સમ્યક્ત્વને ગ્રહણ કરવું જોઈએ. આ પ્રકારે સોમિલાએ અનેક રીતે ધર્મનું સ્વરૂપ નાગશ્રીને સમજાવ્યું. પરંતુ તેના મનમાં જરાય પણ પ્રવેશ ન પામ્યું જેવી રીતે કમળના પાન પર પાણીની એક બુંદ પણ અટકતી નથી.

ત્યારબાદ, એક સમયે ધર્મરુચિ નામના મુનિરાજ આહાર માટે ત્યાં આવ્યા હતા. સોમદત્તે તેમનું ભક્તિપૂર્વક પડગાહન કર્યું. પ્રાસુક જળથી પગ ધોયા અને તે નાગશ્રીને આહારની વિધિ કહીને પોતે કોઈ કાર્યવશ બહાર ચાલ્યો ગયો. નાગશ્રીની મુનિરાજને આહાર આપવામાં આનાકાની જોઈને તેની સાસુ સોમિલાએ તેને કહ્યું કે બેટા! તું આ મુનિરાજને નવધાભક્તિપૂર્વક મનથી આહાર આપ. આ વચન સાંભળી મિથ્યાત્વરૂપી મદથી મત્ત થયેલી એ નાગશ્રીને ખૂબ ક્રોધ આવ્યો અને મનમાં ખોટા વિચાર કરવા લાગી કે આ નગ્ન મુનિ કોણ છે? આમને દાન દેવાથી શું ફાયદો છે? મને તો આ નાગાને જમાડવામાં શરમ આવે છે. આ પ્રકારે ઘૃણિત વિચાર થવાથી એ ક્રોધથી ધ્રુજવા લાગી અને એ જ સમયે ભોજનમાં ઝેર ભેળવી દીધું જેવી રીતે કોઈ નાગણી ઝેર નાખે છે. તેની સાસુને આ વાતની ખબર ન હતી કે દુષ્ટાએ ભોજનમાં ઝેર નાખી દીધું છે. તેણે એ જ ભોજન ભક્તિપૂર્વક મુનિરાજને આહારમાં આપીને પુણ્ય ઉપાર્જન કર્યું. ભોજન કરતાં જ મુનિરાજના શરીરમાં ઝેર ફેલાઈ ગયું અને એમને તરત જ ખ્યાલ આવી ગયો કે એમને વિષયુક્ત આહાર આપવામાં આવ્યો છે. એ મુનિરાજ સાવધાન થઈને સંન્યાસપૂર્વક તપ કરવા લાગ્યા, નિર્મળ પરિણામોથી આરાધનાઓને ભાવતા થકા એમણે પોતાના પ્રાણ છોડ્યા અને તે સર્વાર્થસિદ્ધિમાં ગયા.

અહીં, સોમદત્ત આદિને જ્યારે નાગશ્રીની દુષ્ટતાની ખબર પડી ત્યારે એમને ખૂબ જ દુઃખ થયું અને એ જ સમયે એમને સંસાર, શરીર અને ભોગોથી વૈરાગ્ય થઈ ગયો. પછી તે ત્રણે ભાઈઓએ વરુણ નામના મુનિરાજ પાસે જઈને જિન-દીક્ષા ધારણ કરી લીધી. નાગશ્રીના આવા દુષ્કૃત્યથી ધનશ્રી અને મિત્રશ્રીને પણ સંસારથી ઉદાસીનતા થઈ ગઈ અને તેમણે પણ ગુણવતી નામની આર્યિકા પાસે દીક્ષા લઈ લીધી. ત્રણેય મુનિ ધર્મધ્યાનમાં લીન થઈ પાંચેય આચારોનું પાલન કરવા લાગ્યા. ઉગ્ર તપ તપતા અને અંતમાં સંન્યાસ ધારણ કરી કષાયોનો શાંતિપૂર્વક પ્રાણોત્સર્ગ કર્યો અને તે આરણ અને અચ્યુત સ્વર્ગમાં ઉત્પન્ન થયા કે જ્યાં બાવીસ સાગરનું આયુષ્ય છે. આ બાજુ ધનશ્રી અને મિત્રશ્રી પણ સમ્યગ્દર્શનને ધારણ કરીને ઉત્તમ આચરણોનું પાલન કરવા લાગી. શીલના રક્ષણ માટે એક સફેદ સાડી ધારણ કરેલી શોભા પામતી હતી. અંતમાં એમણે સંન્યાસ ધારણ કરીને પ્રાણોત્સર્ગ કર્યો જેથી તે આરણ અને અચ્યુત સ્વર્ગમાં સ્ત્રીલિંગ છેદીને સામાનિક

જાતિના દેવ થયા. પુણ્યકર્મના યોગથી એ પાંચેય જીવ આરણ, અચ્યુત સ્વર્ગના સુખ ભોગવતા સમય વીતાવવા લાગ્યા. તેમણે અવધિજ્ઞાન દ્વારા પોતાના પૂર્વભવ જાણી લીધા. તે ત્યાં આનંદપૂર્વક નૃત્ય જોતા, ગીતો સાંભળતા હતા, કોઈ પણ પ્રકારનું દુઃખ ન હતું. તેઓ બવીસ હજાર વર્ષ વ્યતીત થયા બાદ માનસિક આહાર કરતાં હતા, બાવીસ પક્ષ વ્યતીત થવા પર શ્વાસોચ્છવાસ લેતા હતા. હજારો દેવ તેમની સેવા કરતાં હતા. તેઓ ત્રણ લોકના કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયોની વંદના કરતાં હતા, હજારો સુંદર દેવાંગનાઓ તેમની સેવા કરતી હતી.

જે બુદ્ધિમાન મનુષ્યભવના સુખોને ભોગવીને અંતમાં પરિગ્રહથી મોહ પરિણામને હટાવીને તપ તપીને આરણ, અચ્યુત નામના સ્વર્ગમાં ઉત્પન્ન થયા, જેમણે સ્ત્રીલિંગનો છેદ કરીને સોળમા સ્વર્ગનું દિવ્ય સુખ પ્રાપ્ત કર્યું એ બધો એકમાત્ર ધર્મનો જ પ્રભાવ છે આમ જાણીને બુદ્ધિમાનોનું કર્તવ્ય છે કે તેઓ સદાય સર્વ અર્થસિદ્ધિ દાતા ધર્મનું જ સેવન કરે, એ જ સંસારમાં સાર છે અને મનુષ્યજન્મની સાર્થકતા પણ આમાં જ છે.

**॥ અધ્યાય ચોવીસમો સમાપ્ત ॥**

રૂપમેં લીન હુએ પતંગ-જીવ દીપકમેં જલકર મર જાતે હૈં, શબ્દ વિષયમેં લીન હિરણ વ્યાઘ્રકે બાણોંસે મારે જાતે હૈં, હાથી સ્પર્શ વિષયકે કારણ ગઢ્ઢેમેં પડકર બાંધે જાતે હૈં, સુગંધકી લોલુપતાસે ભૌંરે કાંટોમેં યા કમલમેં દબકર પ્રાણ છોડ દેતે હૈં ઔર રસકે લોભી મચ્છ ધીવરકે જાલમેં પડકર મારે જાતે હૈં. એક એક વિષય-કષાયકર આસક્ત હુએ જીવ નાશકો પ્રાપ્ત હોતે હૈં તો પંચેન્દ્રિયકા (પંચ-ઈન્દ્રિય વિષયોંમેં આસક્ત જીવકા) કહના હી ક્યા હૈ? ઐસા જાનકર વિવેકી જીવ વિષયોંમેં ક્યા પ્રીતિ કરતે હૈં?—કભી નહીં કરતે. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.—૩, શ્લોક—૧૧૨)*

પ્રાણીઓનું જેટલું ઉગ્ર અહિત, સંસારમાં ઈન્દ્રિયવિષયરૂપી શત્રુ કરે છે તેટલું અહિત મદોન્મત્ત હાથી, માંસ- લોલ્લુપી સિંહ, ભયંકર રાહુ, ક્રોધાયમાન રાજા, અતિતીક્ષ્ણ વિષ, અતિક્રુદ્ધ યમરાજ, પ્રજ્વલિત અગ્નિ અને ભયંકર શેષનાગ આદિ પણ નથી કરતાં અર્થાત્ હાથી આદિ એક જ ભવમાં દુઃખ આપે છે અથવા અનિષ્ટ કરે છે પરંતુ ભોગવેલા ઈન્દ્રિયવિષય ભવભવમાં દુઃખ દેનારા છે. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક—૨)*

# અધ્યાય પચ્ચીસમો

એ અરિષ્ટનેમિને મારા નમસ્કાર છે કે જે ઈન્દ્ર, નરેન્દ્ર આદિ દ્વારા પૂજ્ય છે, ધર્મરથની ધુરા છે, જેમનો પવિત્ર ઉપદેશ સાંભળીને ઘણા પ્રાણીઓએ પોતાનું હિત કર્યું છે તથા જેમનું શાસન પરમ પુનિત છે.

ત્યારબાદ, એ નાગશ્રી કે જેણે મુનિનિંદા કરીને મુનિના આહારમાં વિષ ભેળવ્યું હતું એનું એ પાપ પ્રગટ થઈ ગયું. લોકો તેની ખૂબ નિંદા કરવા લાગ્યા અને અનેક પ્રકારે પીડા કરવા લાગ્યા. કોઈએ તેને ઈંટથી તો કોઈએ તેને પથ્થરથી મારી. લોકોએ તેનું મુંડન કરાવીને અને કાળું મોઢું કરીને ગધેડા પર બેસાડી આખા નગરમાં ફેરવી અને તેને પોતાના નગરમાંથી બહાર કાઢી મૂકી જેથી એ ખૂબ જ દુઃખી થઈ. તેને કોઢ થઈ ગયો અને તેના દુઃખથી મરી. મરતાં સમયે પરિણામ ખૂબ જ સંક્લેષિત હતા જેથી તે પાંચમાં નરકમાં ગઈ. ત્યાં તેણે છેદન, ભેદન, તાડન આદિ અનેક પ્રકારના દુઃખ સહન કરતાં કરતાં સત્તર સાગરનું આયુષ્ય પૂર્ણ કર્યું. આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી નીકળી સ્વયંપ્રભા નામના દ્વીપમાં દૃષ્ટિવિષ જાતિનો સર્પ થયો. તે સર્પ ભયંકર, ચંચળ, ક્રોધની મૂર્તિ સમાન લાગતો હતો. તે સર્પ પણ આયુષ્ય પૂરું થતાં મર્યો અને મરીને બીજા નરકમાં ગયો. ત્યાં તેણે ત્રણ સાગરનું આયુષ્ય ભોગવ્યું, પછી, ત્યાંથી નીકળીને બે સાગરથી થોડો ઓછો સમય ત્રસ અને સ્થાવર પર્યાયમાં વીતાવ્યો. એટલા કાળમાં તેણે અનેક યોનિઓમાં જન્મ ધારણ કર્યો અને અનેક પ્રકારના દુઃખ સહન કર્યા.

ત્યારબાદ એ પાપીણી નાગશ્રીનો જીવ ચંપાપુરીમાં ચાંડાલણી થઈ. દૈવયોગથી એક દિવસ એ વિભુક્ષિતા ઉદંબર ફળ ખાવાની ઈચ્છાથી જંગલમાં ગઈ હતી. ત્યાં તેને સમાધિગુપ્ત નામના યોગીન્દ્ર દેખાયા. તેમને જોઈને સુખની ઈચ્છાથી તે ત્યાં પહોંચી કે જ્યાં મુનિન્દ્ર બિરાજિત હતા. મુનિરાજ એ સમયે મૌનાવસ્થા ધારણ કરીને ધ્યાનમાં બેઠા હતા. ત્યાં પહોંચીને એ ચાંડાલિએ પૂછ્યું કે મહારાજ! આ તમે શું કરી રહ્યા છો? તેનો આ માસૂમ સવાલ સાંભળીને મુનિરાજનું ધ્યાન તેની તરફ આકર્ષિત થયું અને તેઓ કહેવા લાગ્યા કે હે ભવ્ય! ભયથી આકુલિત થઈ આ જીવો સંસારમાં ભ્રમણ કરી રહ્યા છે અને પાપોદયથી દુર્ગતિમાં પડીને જન્મ, મરણ, રોગ આદિ દુઃખને ભોગવી રહ્યા છે. આશ્ચર્ય એ છે કે ઘણા જીવો ઘણી કઠિનતાથી પ્રાપ્ત થયેલી આ મનુષ્ય-પર્યાયને પામીને પણ ધર્મ નથી કરતાં અર્થાત્ વ્યર્થમાં ખોઈ બેસે છે. તેમને ફરી એ જ દુઃખ ભોગવવા પડે છે. તેથી મનુષ્યમાત્રનું એ કર્તવ્ય છે કે તે મદ્ય, માંસ, મધુ અને પાંચ ઉદંબર ફળોને ખાવાનું છોડી દે; જે ચીજ ખાવાથી ત્રસાદિક જીવોનો ઘાત થાય એ ન ખાય; ફણગાવેલું અનાજ ન ખાય; રાત્રિના ન

ખાય, કંદમૂળ ન ખાય, અસત્ય ન બોલે, ચોરી ન કરે, શીલધર્મનું પાલન કરે, પરિગ્રહનું પ્રમાણ કરે, જિન-પ્રણીત ધર્મનું શ્રદ્ધાન કરે, ણમોકાર મંત્રનો ધ્યાનથી જાપ કરે. આ જ સાચો ધર્મ છે. આ ધર્મને ધારણ કરવાથી જીવને સુખની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે ધર્મનું વ્યાખ્યાન કરીને મુનિરાજે કહ્યું કે હે ભવ્ય! આ જે જે ધર્મનું સ્વરૂપ કહ્યું તેને તું સવિધિ પાલન કર જેથી તારો આ ભવ અને પરભવ સુધરી જાય.

ચાંડાલણીએ દયાળુ મુનિરાજના કહ્યા અનુસારે પંચ નમસ્કાર મંત્રનો સ્વીકાર કર્યો તથા મદ્ય, માંસ, મધુનો ત્યાગ કર્યો તથા યથાશક્તિ અણુવ્રતોને ગ્રહણ કર્યા અને પાપથી રહિત થઈને પવિત્ર બની ગઈ. ધર્મનું પાલન કરતાં તેણે આયુષ્ય પૂર્ણ કર્યું તેથી તે ચંપાપુરીના ધનાઢ્ય સુબંધુ નામના વૈશ્યને ત્યાં ધનદેવી ભાર્યાને ત્યાં દુર્ગંધા નામની પુત્રી થઈ જેના શરીરથી ઘણી દુર્ગંધ આવતી હતી.

આ જ નગરીમાં એક બીજો ધનદેવ નામનો વૈશ્ય રહેતો હતો જે ખૂબ જ દરિદ્ર હતો. તેની સ્ત્રીનું નામ અશોકદત્તા હતું. અશોકદત્તને જિનદેવ અને જિનદત્ત નામના બે પુત્ર હતા. એક દિવસ સુબંધુએ ધનદેવને એ પ્રાર્થના કરી કે તમે અમારી પુત્રીનું ધર્માત્મા જિનદેવ સાથે પાણિગ્રહણ કરવાનું સ્વીકાર કરી લ્યો. સુબંધુની આ વાત સાંભળીને ધનદેવ ચૂપ રહી ગયો અને તે વિચાર કરવા લાગ્યો કે હોનહાર કોણ બદલી શકે છે! પછી સુબંધુએ ફરી યાચના કરી ત્યારે તેણે તથાસ્તુ કહીને સ્વીકારતા કરી દીધી, તેનાથી રાજમાન્ય ધનાઢ્ય સુબંધુની યાચના ટાળી ન શકાઈ. બરાબર છે કે ધનવાન પુરુષની વાતને સંસારમાં કોણ એવો છે કે ટાળી શકે? ધનવાન જ મોટો માણસ ગણાય છે અને ચતુર ગણાય છે. આ સંબંધની વાત જ્યારે જિનદેવે સાંભળી તો તેનો ચહેરો એકદમ ઉદાસ થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે ક્યાં તો મારો આ સુંદર યૌવનવંત દેહ અને ક્યાં એનું દુર્ગંધયુક્ત શરીર! જો દુર્ગંધાના મારી સાથે વિવાહ થઈ ગયો તો મારા સમાન અભાગી સંસારમાં કોઈ નહીં હોય. મારી આ યુવાની જ વ્યર્થ ગઈ, જેવી રીતે બકરીના ગળામાં લટકતા આંચળ નકામા હોય છે, તેમાંથી દૂધ નીકળતું નથી, ખાલી દેખાવના હોય છે, તેવું જ આ મારું જીવન નિઃસાર છે. દુર્ગંધાનો પિતા તો એક ધનાઢ્ય છે, રાજમાન્ય છે, રાજા સાથે તેને ઊઠવા-બેસવાનું છે, તેથી તેમની વાતનું મારા પિતા ક્યારેય પણ ઉલ્લંઘન કરી નહીં શકે. જો એ દુષ્ટા, અભાગણી અને દુઃખી દુર્ગંધા મારી પત્ની બની તો ભોગ ભોગવવા તો દૂરની વાત છે પણ આવી સ્ત્રીપ્રાપ્તિ કરતાં તો મરી જવું સારું છે. જ્યાં સુધી તે જીવશે ત્યાં સુધી તે મારા શરીરને બાળશે. આ પ્રકારે વિચાર કરતાં જ તેની મતિ વિહ્વળ થઈ ગઈ. તેની ઊંઘ, ભૂખ, તરસ ગાયબ થઈ ગયા, દિવસ-રાત ચિંતામાં ફર્યા કરતો હતો.

જ્યારે, એ બલાથી છુટકારો પામવાનો કોઈ રસ્તો ન મળ્યો ત્યારે એક દિવસ તે કોઈને કહ્યા વિના ઘરેથી નીકળી વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે સમાધિગુપ્ત નામના મુનિરાજને જોયા અને જોઈને નમસ્કાર કર્યા અને મુનિરાજથી ધર્મ સાંભળવાની જિજ્ઞાસા પ્રગટ કરી. મુનિરાજે દયા કરીને તેને જિનધર્મનું સ્વરૂપ સમજાવ્યું અને અંતમાં કહ્યું કે જુઓ, **આ જીવને જે સારો સંયોગ મળે છે એ ધર્મનું જ ફળ છે. ધર્મ વિના કોઈ એમ માને કે મને મનચાહ્યા ભોગ્યવસ્તુની પ્રાપ્તિ**

**થાય તો એ નિતાંત અસંભવ છે. તેથી હે ભવ્ય! ધર્મને ધારણ કરો.** પરમોપકારી મુનિરાજના આ વચન સાંભળીને જિનદેવને વૈરાગ્ય થઈ ગયો અને તેણે એ જ સમયે મુનિરાજ પાસે મુનિના વ્રત ધારણ કરી લીધા. બરાબર છે કે વિવેકી પુરુષ યોગ્ય સમય પ્રાપ્ત કરીને પોતાનું કાર્ય સાધે જ છે.

ત્યારબાદ, જ્યારે સુબંધુને જિનદેવના આ સમાચાર પ્રાપ્ત થયા ત્યારે તેણે પોતાની પુત્રી દુર્ગંધાના વિવાહ હઠપૂર્વક ધનદેવના બીજા પુત્ર જિનદત્ત સાથે ઘણા ઠાઠમાટથી કરાવી દીધા. જિનદત્ત નવોઢા સ્ત્રીને આલિંગન કરવાની ઈચ્છાથી તેની પાસે જઈને પલંગ ઉપર બેસી ગયો. ત્યાં બેસતાં જ તેને દુર્ગંધાના શરીરથી નીકળતી દુર્ગંધ સહન ન થઈ તો તે ત્યાંથી તરત જ પાછો ફર્યો અને સવાર થતાં જ માતા-પિતાને બહાનું બતાવીને ઘરેથી નીકળી ગયો. તે પણ ઘર છોડીને જતો રહ્યો છે તે જાણીને દુર્ગંધાને ખૂબ જ દુઃખ થયું. તે પોતાની નિંદા કરતી રડવા લાગી કે હા! મેં પૂર્વમાં કેવા ખોટા કર્મ કર્યા છે કે જેનું ફળ મને અહીં ભોગવવું પડે છે. પછી જિનદત્તના ચાલ્યા ગયાના સમાચાર દુર્ગંધાના માતા-પિતાને મળ્યા તો તેને પણ ખૂબ દુઃખ થયું. તેમણે તેમની પુત્રીને ઘરે પાછી બોલાવી લીધી અને તેને સમજાવ્યું કે પુત્રી! હવે તું ધર્મને ધારણ કર! ધર્મ ધારણ કરવાથી જ તારું બધું સંકટ દૂર થશે. આ પ્રકારે દુર્ગંધા ધર્મમાં મન લગાવતી માતા-પિતાના ઘરે જ રહેવા લાગી. પરંતુ પરિવારના લોકોથી પણ જ્યારે તેના શરીરની દુર્ગંધ સહન ન થઈ ત્યારે તેના પિતાએ તેના રહેવા માટે એક જુદા મકાનની વ્યવસ્થા કરી દીધી. દુર્ગંધા એ મકાનમાં અત્યંત દુઃખી થઈને રહેવા લાગી.

ત્યારબાદ, એક દિવસ ગુણની ખાણ એક આર્જિકા તેના પિતાના ઘરે આવ્યા. તેમની સાથે બે બીજી આર્જિકાઓ પણ હતી. દુર્ગંધાએ તેમને જોઈને નમસ્કાર કર્યા. તેમનું પડ્ગાહન કરીને સવિધિ આહાર કરાવ્યો. આર્જિકાજીએ પણ ગ્લાનિ રહિત પવિત્ર મનથી આહાર કર્યો અને આહાર લીધા પછી સમતાભાવથી ત્યાં થોડો આરામ કર્યો. દુર્ગંધાએ મોકો મેળવીને મોટા આર્જિકાજીને પૂછ્યું કે હે પૂજય! તમારી સાથે આ જે બે આર્જિકાઓ છે એ કોણ છે? હું એમના વિષે જાણવા ચાહું છું. ઉત્તરમાં આર્જિકાજીએ કહ્યું કે આ બંને પૂર્વભવમાં સૌધર્મ સ્વર્ગમાં સૌધર્મેન્દ્રની વિમળા અને સુપ્રભા નામની દેવીઓ હતી.

એક દિવસ બંને દેવીઓ પોતાના સ્વામી સાથે નંદીશ્વરદ્વીપના દર્શન કરવા ગઈ. ત્યાં તેમણે ખૂબ જ ભક્તિભાવથી હર્ષપૂર્વક જિનેન્દ્રદેવના ચરણોની પૂજા કરી અને ગીત-નૃત્ય આદિ દ્વારા પ્રભુની ભક્તિ પ્રગટ કરી. ત્યારબાદ, બંને દેવીઓએ એ પ્રતિજ્ઞા કરી કે આપણે આગળના ભવમાં મનુષ્યપર્યાય ધારણ કરીને નિયમથી તપ કરીશું. ત્યારબાદ એ બંને સ્વર્ગીય આયુષ્ય ભોગવીને ત્યાંથી ચ્યુત થઈને અયોધ્યાના રાજા શ્રીષેણની પત્ની શ્રીકાંતાના ગર્ભથી આ બંને સુંદર પુત્રીઓ થઈ. આમના નામ હરિષેણા અને શ્રીષેણા છે. સમય અનુસાર આ બંને પુત્રીઓ વયસ્ક થઈ ત્યારે તેમના પિતાએ તેમના વિવાહ માટે એક સુંદર સ્વયંવર મંડપની રચના કરી. જેમાં ઘણા સુંદર ગુણાઢ્ય નિમંત્રિત રાજાઓ દેશ-વિદેશથી આવ્યા અને પોતપોતાના સ્થાન ઉપર બેસી ગયા. પછી વેશભૂષાથી સુસજ્જિત થઈને કમળા નામની સખીની સાથે આ કન્યાઓ

સભામંડપમાં આવી. ત્યાં આવીને આવેલ રાજાઓ ઉપર નજર કરી કે તરત જ તેમને જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું કે જેથી તેમને પોતાના પૂર્વના સંબંધ યાદ આવી ગયા અને દેવ-પર્યાયમાં કરેલી પ્રતિજ્ઞા પણ યાદ આવી ગઈ. તેમણે પોતાના પૂર્વભવની બધી જ વાત ત્યાં આવેલા બધા રાજાઓને કહી અને તેમને સમજાવીને વિદાય કર્યા અને પોતે વનના રસ્તે ચાલી. ત્યાં પરમ તપસ્વી જ્ઞાનસાગર મુનિરાજને જોયા અને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. પછી તેમણે મુનિરાજને એ પ્રાર્થના કરી કે મહારાજ! હવે અમને એવો ઉપદેશ આપો કે જેથી આ સ્ત્રી-પર્યાય ફરી ધારણ ન કરવી પડે. ત્યારબાદ, તેમણે મુનિરાજ પાસે જિનદીક્ષા ધારણ કરી લીધી અને વિહાર કરતી અહીં આવી છે.

શ્રી આર્જિકાજીના મુખથી એ બંને આર્જિકાની કથા સાંભળીને દુર્ગંધા વિષય-ભોગોથી વિરક્ત થઈ ગઈ. તે મનમાં વિચાર કરવા લાગી કે જુઓ, આ રાજપુત્રીઓએ કે જેઓને સુંદર રૂપ અને સુકોમળ શરીર હોવા છતાં ઉત્તમ ભોગોને તિલાંજલી આપી દીધી અને જિનદીક્ષા ધારણ કરી. અહા! એમને ધન્ય છે. એકવાર નહીં પણ હજારવાર ધન્ય છે અને ક્યાં આ મારું દુર્ગંધયુક્ત શરીર કે કોઈ પાસે આવવા દેતાં નથી તોપણ હું ભોગોમાં ફસાયેલી રહી. આમ વિચાર કરતી તે પોતાના મનમાં પોતાની આ વિષય-લંપટતારૂપ પ્રવૃત્તિ માટે મનમાં થોડી લજ્જિત થઈ. તેણે નતમસ્તક થઈને દીક્ષા લેવા માટે આર્જિકાજીને પ્રાર્થના કરી અને માતા-પિતાને સમજાવીને જિનદીક્ષા લઈ લીધી અને અનેક પ્રકારના ઉગ્ર તપ કરવા લાગી. ક્રોધને ટાળીને બધા જીવો પર ક્ષમાભાવ ધારણ કરવા લાગી, પરિષહ સહન કરવા લાગી. આ પ્રકારે એ દુર્ગંધા એ આર્જિકાજીની સાથે પૃથ્વી પર વિહાર કરવા લાગી.

એક દિવસે અશુભકર્મના ઉદયે તેણે વનમાં પાંચ જાર-પુરુષ સાથે વસંતસેના નામની વેશ્યાને જોઈ. તેને જોઈને તેણે નિદાન બંધ કરી લીધું કે આગળના ભવમાં હું આના જેવા સુંદર શરીરવાળી બની જાવ. નિદાન બાંધ્યા પછી એણે જ્યારે એ વાત પર વિચાર કર્યો ત્યારે એ પોતાના આ નિંદનીય વિચારને ધિક્કારવા લાગી. તે વિચારવા લાગી કે હા! મેં આ સુખને તિલાંજલી આપવાવાળી વાતને કેમ હૃદયમાં સ્થાન દીધું? એ મારો વિચાર મિથ્યા થાઓ. ત્યારબાદ, તેણે ઘોર તપસ્યા કરી, પરિષહ જીત્યા, અંતમાં સંન્યાસ ધારણ કરીને શરીરનો ત્યાગ કર્યો અને ત્યાંથી મરીને અચ્યુત નામના સોળમા સ્વર્ગમાં સોમભૂતિ નામની દેવી થઈ. ત્યાં તેણે પંચાવન પલ્યનું આયુષ્ય ભોગવ્યું. એ સ્વર્ગમાં મન-પ્રવિચાર હતો અર્થાત્ મનમાં વિચાર થતા જ વિષય-ભોગોની ઈચ્છા તૃપ્ત થઈ જતી હતી. એનું સેવન કરતાં તેણે ઘણો સમય સ્વર્ગમાં વ્યતીત કર્યો.

શ્રી ૧૦૦૮ ભગવાન નેમિનાથ સ્વામી યુધિષ્ઠિરને સંબોધન કરતાં કહે છે કે જુઓ! જે પહેલાં બ્રાહ્મણનો પુત્ર સોમદત્ત હતો તે તો તું નિર્મળ પવિત્ર વિચારવાળો યુધિષ્ઠિર થયો છે અને સોમિલ નામનો જે તારો ભાઈ હતો તે આ નિર્ભિક ભીમ થયો છે. તારો જે સૌથી નાનો ભાઈ સોમભૂતિનો જીવ હતો તે વિપક્ષીઓના પક્ષને નિષ્પક્ષ કરવાવાળો એ વીર અર્જુન થયો. આ પ્રકારે તમે ત્રણ ભાઈ વિશાળ પુણ્યવાળા સંસારમાં લબ્ધપ્રતિષ્ઠ થયા છો. જે ધનશ્રી તથા મિત્રશ્રીના

જીવો હતા તે બંને વીર યોદ્ધા માદ્રીથી નકુલ અને સહદેવ–તારા ભાઈ થયા છે. પૂર્વમાં જે દુર્ગંધાનો જીવ હતો તે પાંચાલદેશના રાજા દ્રુપદ અને તેની રાણી દઢરથાને દ્રૌપદી નામની પુત્રી થઈ. તેણે પૂર્વભવમાં વ્રતાચરણનું સારી રીતે પાલન કર્યું હતું, તેનું જ આ ફળ છે કે આ ભવમાં ઉત્તમોત્તમ ભોગોપભોગની સામગ્રી મળી, ઉત્તમ સુંદર શરીર પ્રાપ્ત કર્યું તથા વસંતસેના નામની વેશ્યાને જોઈને જે નિંદ્ય નિદાન કર્યું એના ફળથી જ દ્રૌપદીની સંસારમાં અજ્ઞાનીઓ દ્વારા આ અપકીર્તિ થઈ કે દ્રૌપદી પંચભર્તારી હતી અર્થાત્ તેના પાંચ પતિ હતા. **એ નિશ્ચિત છે કે જીવ મન-વચન-કાયાથી જેવા કર્મ કરે છે એવા જ ફળ પ્રાપ્ત કરે છે.** પૃથ્વીમાં જેવું બીજ વાવવામાં આવે, ફળ પણ તેવું જ મળે છે.

તેથી જે સુખના ઈચ્છુક છે તેમણે ભૂલીને પણ પાપ ઉપાર્જન ન કરવું જોઈએ. પૂર્વભવમાં યુધિષ્ઠિરે ઉત્તમ આચરણ કર્યું હતું તેથી સંસારમાં તેમની સત્યવાન તરીકેની કીર્તિ ફેલાઈ. પૂર્વભવમાં સાધુઓની પરમ વૈયાવૃત્તિ કરી હતી તેનું આ જ ફળ છે કે ભીમ મહા બળવાન ભયરહિત યોદ્ધા થયો. મન લગાવીને પરમ શુદ્ધ ચારિત્રનું પાલન કર્યું હતું તેના જ કારણે રાજા ધનંજય ધનુર્વિદ્યામાં પ્રવીણ થયો. નાગશ્રી ઉપર તેનો અધિક રાગ હતો તેથી દ્રૌપદી ઉપર પણ તેને અધિક અનુરાગ છે તેથી તેની જ પત્ની બની કારણ કે વિશેષ અનુરાગ હોવું—સ્ત્રી-પુરુષનું મળવું—એ પૂર્વભવના નિમિત્તથી જ થાય છે. ધનશ્રી અને મિત્રશ્રી—બંને બ્રાહ્મણ કન્યાઓએ જે સમ્યક્ત્વ સહિત વ્રતાચરણ કર્યું હતું તેના જ પ્રભાવથી આ બંને નકુલ અને સહદેવ તમારા ભાઈઓ થયા. આ પ્રકારે ભગવાન શ્રી નેમિનાથની પવિત્ર દિવ્યધ્વનિ દ્વારા પોતાના પૂર્વ ભવોને જાણીને પાંડવો ઘણા પ્રસન્ન થયા. તેમના મનમાં કોઈ પ્રશ્ન ન રહ્યો.

જે શુભભાવવાળા છે, સંસારરૂપી વનને બાળવા માટે દાવાનળ સમાન છે, વીતરાગ પ્રભુના ભક્ત છે, વિકારી ભાવોથી રહિત છે, જે શુભાકાર અને સુખાકાર છે, કર્મના દહન માટે પાલક છે, સમ્યક્ત્વ સહિત છે, જેમણે ઘણા કાળ સુધી બ્રાહ્મણના ભવમાં ઘોર તપ કર્યું અને અચ્યુત સ્વર્ગના સુખો પ્રાપ્ત કર્યા છે, ત્યાંથી ચ્યવી અહીં આવી રાજ્યપદ પ્રાપ્ત કર્યું છે અને દુર્યોધનાદિ શત્રુઓ પર વિજય મેળવ્યો છે અને કૃષ્ણની મદદ દ્વારા લવણસમુદ્રને પાર કરીને દ્રૌપદીને ધાતકીખંડથી લાવ્યા અને ત્યાંના રાજા ઉપર વિજય પ્રાપ્ત કર્યો એવા પાંચેય પાંડવ સદાય જયવંત રહો....!

**॥ અધ્યાય પચ્ચીસમો સમાપ્ત ॥**

# અધ્યાય છવ્વીસમો

મારા એ પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર છે કે જે પ્રભુ પ્રાણીઓના પાલક છે. જેમની નિકટમાં સદાય ભવ્ય જીવોનું નિવાસસ્થાન રહે છે, જે વિઘ્નોને દૂર કરવાવાળા છે તથા જે લક્ષ્મી આપવાવાળા છે એ પ્રભુ મને પણ પોતાના ચરણોમાં આશ્રય આપે.

ત્યારબાદ, પાંડવ ભગવાન નેમિનાથને નમસ્કાર કરીને બોલ્યા કે હે પતિત પાવન પ્રભુ! જે સંસારમાં દુઃખની મહાજવાળા શરીરરૂપી વૃક્ષોને ભસ્મ કરી રહી છે, જે વિકરાળ કાળ દ્વારા અત્યંત ગહન છે, દુઃખરૂપી માર્ગ દ્વારા વ્યાપ્ત છે, અનેક દુષ્ટકર્મ જેને ચારે તરફથી ઘેરી રહ્યા છે એવા મહાભયાનક આ સંસારમાં આ પ્રાણી જન્મ-મરણના દુઃખ પામી રહ્યો છે. પ્રભુ! આ બધા તમારા આશ્રય વિના દુઃખી થઈ રહ્યા છે. જો એમને આપનું અવલંબન મળી ગયું હોત તો અત્યાર સુધીમાં ક્યારનું એમનું કલ્યાણ થઈ ગયું હોત. હે ત્રિલોકીનાથ! આ જન્મ-મરણરૂપી સંસારમાં દુઃખરૂપી લહેર ચારે બાજુ દેખાય છે, દુષ્કર્મરૂપી વડવાનળ જેમાં સળગી રહ્યો છે, ખોટા ભાવરૂપ ભ્રમર જેમાં પડી રહ્યા છે એવા દુર્જય-દુર્ગમ સમુદ્રમાંથી પાર કરવા માટે આપ જ એક અનુપમ નાવ છો.

હે નાથ! આ કર્મોએ અમને સંસારરૂપી ગાઢ અંધારા કૂવામાં નાખી રાખ્યા છે કે જ્યાં અમને જરાપણ હેયોપાદેયનું જ્ઞાન નથી. તેથી હે પ્રભુ! કૃપા કરીને તમે અમને ધર્મરૂપી દીપક હાથમાં આપો કે જેથી અમે અમારો માર્ગ શોધી લઈએ. હે પતિત પાવન! અમે ભવવનમાં અનાદિકાળથી ભટકી રહ્યા છીએ. આજે શુભ ભાગ્યોદયથી આપ અમને મળ્યા છો. તેથી હે નાથ! જલ્દી અમને પાર પમાડો. હવે આ નશ્વર સંસારમાં રહેતા અમારું મન ઉચક થઈ ગયું છે. તેથી હે અશરણના શરણ! તમે અમને શીઘ્ર જ મોક્ષનો માર્ગ દેખાડો. અમે આપના માર્ગ પર ચાલવા પૂર્ણરૂપથી સમર્થ છીએ. હે નાથ! હવે વિલંબ કરવાનો સમય નથી. અમને સીધું જ દિગંબરી દીક્ષાથી દીક્ષિત કરો. આ રીતે, પાંડવો ભગવાનને પ્રાર્થના કરીને દીક્ષા લેવા માટે ભગવાન સામે પ્રસ્તુત થઈ ગયા. તેમણે રાજ્યભાર પોતાના પુત્રોને આપ્યો તથા વસ્તુ, સોના, ચાંદી, દાસી, દાસ, ધનાદિથી મમત્વ પરિણામ દૂર કરીને તથા મિથ્યાત્વ, વેદ, રાગાદિ, હાસ્યાદિ અંતરંગ પરિગ્રહોનો ત્યાગ કરીને દુર્ગતિના કારણ કષાય આદિ ભાવોને છોડીને, તેર પ્રકારના ચારિત્રને ધારણ કરીને કેશલોંચપૂર્વક જિનદીક્ષા ધારણ કરી. તેમની સાથે જ કુંતી, સુભદ્રા, દ્રૌપદીએ પણ રાજીમતિ આર્જિકા પાસે જઈને કેશલોચ કરીને પરમ પવિત્ર સંયમ ધારણ કર્યો. એ સિવાય બીજા પણ આત્મ-હિતેચ્છુ ઘણા રાજાઓએ તથા તેમના ભાઈઓએ પણ મમત્વ પરિણામોને દૂર કરીને દીક્ષા ધારણ કરી. **પરિણામોની વિચિત્રતા જાણવામાં આવતી નથી, ક્ષણમાં કાંઈક અને ક્ષણમાં કાંઈક થઈ જાય છે.**

ત્યારબાદ, ગુણગરિષ્ઠ વંદનીય યુધિષ્ઠિર મુનિરાજે અનાયાસ જ નિષ્ઠુર મોહમલ્લને જીતી લીધો તથા ભવ-અરિ બંધન નિર્ભય ભીમે પણ મહામોહને નિર્મદ કરી નાખ્યો તથા જયનશીલ ધનંજયે મુક્તિરૂપી નારીને પોતાના મનમંદિરમાં આશ્રય આપ્યો અને ચાર આરાધનાઓનું આરાધન કર્યું. મહામુનિ નકુલ અને સહદેવે પણ દ્રવ્ય-પર્યાય આદિને જાણીને પરિગ્રહથી મમત્વ હટાવીને નાસાગ્રદૃષ્ટિ લગાવી. આ પ્રકારે કર્મોને નષ્ટ કરવામાં પ્રયત્નશીલ પાંડવોએ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિય-વિજય, છ આવશ્યક, કેશલોંચ કરવું, સ્નાન નહીં કરવું, તિલતુષમાત્ર પરિગ્રહ નહીં રાખવો અર્થાત્ નગ્ન રહેવું, ભૂમિમાં એક કરવટથી સ્વલ્પ શયન કરવું, દાંત સાફ નહીં કરવા, એકવાર એક દિવસમાં ઊભા રહીને પોતાના હાથમાં નિર્દોષ આહાર લેવો–એ અઠ્યાવીસ મૂળગુણોનું પાલન કરતાં ઉત્તરગુણોની ભાવના કરતાં પોતાના ચિત્તને ધર્મ-ધ્યાનમાં દૃઢ કર્યું. મન-વચન-કાય ગુપ્તિ દ્વારા દ્વાદશાંગમાં મનને લગાવ્યું અને બળને પ્રગટ કરી ભગવાન નેમિનાથ પ્રભુની બાજુમાં કઠિન તપ કર્યું કે જેથી કર્મોની ઘણી નિર્જરા થઈ. એ ધીર-વીર યોગીરાજ પાંડવોએ છ–આઠ ઉપવાસ ધારણ કર્યા અને પારણાના દિવસે બત્રીસ ગ્રાસ આહાર લઈને અવમોદર્ય તપ કર્યું, રસનો ત્યાગ કર્યો; જ્યાં કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ ન હોય એવા એકાંત સ્થાનમાં, ગુફા, વન, પહાડમાં શય્યાસન લગાવ્યું; શરીરથી મોહ છોડીને કઠિનતર તપ કરવામાં શક્તિ લગાવી; કાય-ક્લેષ કર્યું. આ પ્રકારે બાહ્યતપનું આચરણ કરતાં દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત તપ, જ્ઞાન-દર્શન-ચારિત્ર અને ઉપચારના ભેદવાળું વિનય તપ પાળતા દસ પ્રકાર વૈયાવૃત્ત, વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશરૂપ પાંચ પ્રકારે સ્વાધ્યાય તપ અને શરીરથી મમત્વ પરિણામ હટાવીને વ્યુત્સર્ગ તપ અને આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય, સંસ્થાન વિચય–આ ધર્મધ્યાનને સાધતા શુક્લધ્યાનના પ્રથમ ભેદ પૃથક્ત્વ વિતર્ક વિચારનું સાધન કર્યું. આ પ્રકારે અંતરંગ–બહિરંગ બાર પ્રકારના તપ તપવાથી એ ધીર-વીર આત્માઓએ કર્મની શક્તિને ઉપક્ષિણ શક્તિવાળા કરી દીધા જેવી રીતે ગરુડ પાસે સર્પ કમજોર થઈ જાય છે અને તેને જોતાં જ ભાગી જાય છે. એ યોગીરાજ પાંડવોએ અત્યંત ઘોર તપ કર્યું જેથી તેમની પાસે ઋદ્ધિઓ સ્વતઃ આવીને ઊભી રહી ગઈ. તપના પ્રભાવથી ઋદ્ધિવાળા થઈ ગયા. બરાબર છે કે તપનો પ્રભાવ જ એવો છે.

એ ધીર-વીર પાંડવ સંસારના બધા પ્રાણીઓની વચ્ચે મૈત્રીભાવ ધારણ કરતાં હતા. અધિક ગુણવાળાઓથી વિશેષ પ્રમોદભાવ રાખતા હતા. દીન, દુઃખી, રોગી, વિપરીત મતવાળાઓમાં કરુણાભાવ, માધ્યસ્થભાવ રાખતા હતા. સદાય શુદ્ધ-બુદ્ધ નિરંજનરૂપ આત્મામાં લીન રહેતા હતા કે જેથી તેમના આત્મામાં પ્રકાશમાન રત્નત્રય ઉદય થઈ ગયો અને મોહરૂપી ગાઢ અંધકાર જડમૂળથી ખસી ગયો. એ ધીર-વીર આત્માઓએ મનુષ્ય, તિર્યંચ અને દેવકૃત ઉપસર્ગોને ઘણી ધીરતાથી સહન કર્યા અને ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ આદિ બાવીસ પરિષહોને શાંતિપૂર્વક જીત્યા. એ બ્રહ્મચર્યવ્રતના ધારી મહાગંભીર, નિઃપ્રમાદી, નિર્ભિક અને ચારિત્રધારી પાંડવોએ મોહ અને પ્રમાદનો તો ક્ષય કરી નાખ્યો તથા બાકીના પાપસમૂહને નષ્ટ કરવામાં પ્રયત્નશીલ હતા.

મહામુનિ પાંડવ ત્યાંથી વિહાર કરીને સૌરાષ્ટ્રદેશમાં આવ્યા. ત્યાં પહોંચીને તેમણે શત્રુંજયગિરિ ઉપર ધ્યાન લગાવ્યું. ત્યાં તેમણે આતાપન યોગ દ્વારા સિદ્ધિ માટે ઘોરાતિઘોર તપ કર્યું અને પોતાના આત્માને ઘોર ઉપસર્ગ સહન કરવાયોગ્ય બનાવી લીધો. આ મુનિરાજ આ બાજુ પોતાના આત્માનું એકાગ્રચિત્તથી ધ્યાન કરી રહ્યા હતા કે એટલામાં જ દુર્યોધનનો ભાણેજ દુષ્ટચિત્ત ક્રૂરકર્મી ત્યાં આવ્યો અને પાંચેય પાંડવોને જોઈને વિચાર કરવા લાગ્યો કે આમણે જ મારા મામાને મારીને રાજ્ય પ્રાપ્ત કર્યું છે. આજે હું એમને જોઈ શક્યો છું. આજે હવે એ મારાથી ભાગીને ક્યાં જશે? મને બદલો લેવાનો સારો મોકો મળ્યો છે કારણ કે આ સમયે તેઓ યોગારૂઢ થઈ રહ્યા છે તેથી યુદ્ધ કરશે જ નહીં તેથી હું મારો બદલો સારી રીતે લઈ શકીશ. આમ વિચારી તેણે લોઢાના સોળ આભૂષણ બનાવડાવ્યા અને તે આભૂષણોને અગ્નિમાં નાખીને ખૂબ જ તપાવ્યા કે જેથી તે અંગારા જેવા લાલ થઈ ગયા. ત્યારબાદ એ દુષ્ટે અગ્નિમાંથી જાજ્વલ્યમાન મુકુટ એમના મસ્તક પર પહેરાવ્યા, ગળામાં હાર પહેરાવ્યા, કાનમાં કુંડળ પહેરાવ્યા, હાથમાં કડા પહેરાવ્યા અને કમરમાં કરધની તથા પગમાં સાંકળ અને આંગળીમાં અંગૂઠી પહેરાવી. એ આભૂષણોનો સંપર્ક થતાં જ એ યોગીરાજોનું શરીર કાષ્ઠની જેમ સળગવા લાગ્યું. તેમના બળતા શરીરમાંથી એવી રીતે ધૂમાડો નીકળવા લાગ્યો કે જેવી રીતે લાકડા બળવાથી નીકળવા લાગે છે. એ સમયે બળતા પોતાના શરીરને જોઈને ધીર-વીર પાંડવોએ ક્ષમારૂપી જળનો આશ્રય લીધો. તેઓએ સમયે મંગળમય અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને ધર્મનું ચિંતવન કરવા લાગ્યા, આત્મધ્યાનમાં વધારે દૃઢતર થઈ ગયા અને વિચારવા લાગ્યા કે અગ્નિ અમારા આત્માને તો બાળી શકતી નથી કારણ કે આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યસ્વરૂપ, નિરાકાર, નિરંજનસ્વરૂપ છે, કર્મમળથી રહિત છે. હાં, મૂર્તિમાન શરીર પર એનું જોર છે તો ભલે એને બાળે, એમાં અમારું શું નુકશાન છે? આ પ્રકારે શરીરથી ભિન્ન આત્માનો વિચાર કરતાં તે મહાઉપસર્ગવિજયી મુનિરાજ પાંડવો આત્મધ્યાનમાં દૃઢ કરવાવાળી અનુપ્રેક્ષાઓનું આ પ્રકારે ચિંતવન કરવા લાગ્યા અને આ બાજુ શરીરને બાળતી અગ્નિએ વિશાળરૂપ ધારણ કર્યું. તેઓ વિચાર કરવા લાગ્યા કે—

૧. સંસારમાં આ જીવ ક્ષણનશ્વર છે, મેઘપટલની જેમ જોતજોતામાં વિલીન થઈ જાય છે. ધન, દોલત, મકાન, મંદિર–એ જે કાંઈ પણ દેખાય છે એ બધા નશ્વર છે. ભોગોપભોગ અનિત્ય છે, એને કોઈનાથી પ્રીતિ નથી. પુણ્યશાળી ચક્રવર્તીને પણ જ્યાં સુધી પુણ્યનો ઉદય રહે છે ત્યાં સુધી જ તે તેમની સાથે રહે છે. પુણ્યનો નાશ થતાં એ પણ જતાં રહે છે. એક આત્મા જ એવી ચીજ છે જે સદાય શાશ્વત રહે છે. તેથી હે આત્મન્! તું બાહ્ય વસ્તુઓથી મમત્વ ખસેડીને સ્વમાં સ્થિત થા. એ જ તારી વસ્તુ છે. ભરત સમાન ચક્રવર્તી કે જે છ ખંડના રાજા હતા તે પણ જ્યાં નિત્ય નથી રહ્યા ત્યારે તું કોનાથી સ્નેહ કરે છે? કોને પોતાના સમજે છે? પોતાના સમજવા એ તારી નિતાંત મૂર્ખતા છે. તેથી તારે વ્યર્થના વિકલ્પજાળમાં ન પડીને આત્મહિતમાં લાગી જવું જોઈએ. એ જ મનુષ્યજીવનની સાર્થકતા છે.



૨. જેવી રીતે ભૂખ્યા સિંહની પાસે આવેલા હરણના બચ્ચાની કોઈ રક્ષા કરી શકતું નથી એવી જ રીતે યમરાજ

દ્વારા પકડાયેલા જીવની પણ કોઈ રક્ષા કરી શકતું નથી. કોઈ એમ કહે કે અમે લોખંડના મકાનમાં બંધ કરીને શસ્ત્રોથી, યોદ્ધાઓથી, હાથી-ઘોડા આદિ સેનાઓથી જીવની રક્ષા કરી લેશું અથવા યંત્ર-મંત્ર-તંત્ર આદિથી જીવને બચાવી લેશું તો એનું કહેવું પણ કહેવામાત્ર જ છે. વાસ્તવમાં જેનું આયુષ્ય પૂરું થઈ ગયું હોય તેની કોઈ રક્ષા કરી શકતું નથી. દેવ-ઈન્દ્ર-નરેન્દ્ર રક્ષા કરે છે એ પણ કહેવામાત્ર જ છે. તેઓ જ્યારે પોતાની જ રક્ષા નથી કરી શકતા તો બીજાની રક્ષા શું કરશે? તેથી આત્મન્! તું અવિનશ્વર ચૈતન્યસ્વરૂપ આત્માનું જ શરણ લે એ જ તારા માટે શરણ છે અને બીજા બધા શરણ ખોટા છે.

૩. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ સંસારમાં મારો આ આત્મા સ્વ-સ્વરૂપને સમજ્યા વિના ચક્કર લગાવી રહ્યો છે. ક્યારેક આ ગતિમાં તો ક્યારેક બીજી ગતિમાં બહુરૂપિયો થઈને ફર્યા કરે છે. આ એક પરાવર્તનનો સમય અનંત છે. એ પણ આ જીવે એકવાર નહીં પણ અનંતવાર પૂરા કર્યા છે, છતાં પણ તેની વિષય-લાલસા પૂરી નથી થઈ તો હવે શું થશે? તેથી આત્મન્! આ સંસારચક્રથી તારો છૂટવાનો એક જ ઉપાય છે કે તું તેનાથી મોહ હટાવીને આત્મધ્યાનમાં લીન થાય.

૪. આ જીવ એકલો જ આવે છે, એકલો જ જન્મ-મરણના દુઃખ ભોગવે છે, એકલો જ ગર્ભમાં આવે છે, એકલો જ શરીર ગ્રહણ કરે છે, એકલો જ બાળક થાય છે, એકલો જ યુવાન થાય છે, એકલો જ વૃદ્ધ થાય છે અને એકલો જ મૃત્યુ પામે છે. આ જીવના સુખ-દુઃખનો કોઈ સાથી નથી. જે કુટુંબાદિકને પોતાનું માને છે તે તારું નથી. કુટુંબ તો દૂર રહો પણ જે શરીરને પરિપુષ્ટ કર્યું, ૨૪ કલાક સદાય સાથે રહ્યું એ પણ જ્યાં સાથ નથી આપતું તો બીજું તો શું સાથ આપશે? તેથી આત્મન્! તું શું કામ બીજાના માટે પાપનો બોજો ઉપાડે છે? બધાથી મોહ દૂર કરીને આત્મધ્યાનમાં લાગી જા.

૫. પાણી અને દૂધની જેમ શરીર અને આત્માનો મેળ છે પણ વાસ્તવમાં તો એ ભિન્ન જ છે. હે આત્મન્! તેને અભિન્ન સમજવું એ ભૂલ છે. તારો તો જ્ઞાયકભાવ છે, ચારિત્રભાવ છે, રત્નત્રયસ્વરૂપ છે.

૬. આ શરીર અશુચિનો પટારો છે. માંસ, લોહી, હાડકા અને પરુથી બનેલો છે, જેમાંથી ઘૃણા ઉત્પન્ન કરનારા મળના નવ દ્વાર વહે છે. આ શરીરનાં સંબંધમાત્રથી ઉત્તમથી ઉત્તમ વસ્તુ દૂષિત થઈ જાય છે. હે આત્મન્! પછી શું કારણ છે કે તું અશુચિના સ્થાનરૂપ આ શરીરથી મોહ કરે છે? આ તારી મોટી ભૂલ છે. ક્યાં તો એ મલિન સ્વરૂપ અને ક્યાં તો આ નિર્મળ સ્વભાવ! તેથી શરીરને હેય સમજીને જલ્દી તું તેનાથી તારું કામ કાઢી લે એમાં જ તારી બુદ્ધિમતા છે.

૭. તળાવમાં પડેલી છિદ્રવાળી નાવમાં જેમ સતત પાણી આવતું રહે છે તેમ મન-વચન-કાયની ચંચળતાથી આત્મામાં કર્મોનું આવવું થતું રહે છે. કર્મોના આવવામાં પ્રધાન કારણ પાંચ મિથ્યાત્વ, બાર અવિરતિ ભાવ, પચ્ચીસ કષાય અને

પાંડવ પુરાણ

પંદર યોગ છે. આ આસ્રવના ભેદ છે. હે આત્મન્! આ આસ્રવો જ તને સંસારમાં ભટકાવવાવાળા છે તેથી તું આસ્રવોને છોડ અને નિરાસ્રવ બન, ત્યારે જ તને સુખ થશે.

૮. આસ્રવોનું રોકાવું એ જ સંવર છે. એ સંવર પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાર તપ અને સદ્ધ્યાન દ્વારા થાય છે. તેના હોવાથી આ આત્મા ફરી સંસારમાં નથી ભટકતો. તેને પછી સુખનો રસ્તો મળી જાય છે. તેથી હે આત્મન્! હવે તું બધી જંજટોને છોડીને આ પુનિત સંવરનો આશ્રય લે.

૯. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિમિત્તે પૂર્વોપાર્જિત કર્મની નિર્જરા થાય છે જેવી રીતે, પ્રજ્વલિત અગ્નિ દ્વારા કડાઈનું બધું પાણી શોષાઈ જાય છે. નિર્જરાના સવિપાક અને અવિપાક એવા બે પ્રકાર છે. સવિપાક નિર્જરા બધા જીવોને થાય છે. પરંતુ અવિપાક નિર્જરા વ્રતધારી સમ્યગ્દૃષ્ટિ મુનિઓને થાય છે. તેનાથી આત્માનું કાર્ય સિદ્ધ થાય છે. તેથી હે આત્મન્! તું અવિપાક નિર્જરાનું આચરણ કર કે જેથી તને કેવળી થવામાં સમય ન લાગે.

૧૦. આ લોક કોઈએ બનાવ્યો નથી અને કોઈ તેનો નાશ પણ ન કરી શકે અને કોઈએ એને ધારણ પણ નથી કર્યો. આ તો અનાદિ સિદ્ધ અકૃત્રિમ છે. કમર ઉપર હાથ રાખીને પગને ફેલાવીને ઊભેલા પુરુષ સમાન આનો આકાર છે. આવા આ લોકમાં આ જીવ જ્ઞાન વિના અને મમતાભાવને કારણે ચક્કર લગાવ્યા કરે છે. તેથી હે આત્મન્! આ ઊર્ધ્વ, મધ્ય અને અધોલોકની વિચિત્રતા જોઈને નિજધ્યાનમાં સ્થિર થા.

૧૧. આ જીવને ભવ્યપણું હોવું ખૂબ જ મુશ્કેલ છે. ભવ્ય થઈને મનુષ્ય પર્યાય, ઉત્તમ કુળ, નિરોગ શરીર, સંગતિનું મળવું અને જિનવાણીનું સાંભળવું એ ઉત્તરોત્તર મળવું ખૂબ જ દુર્લભ છે. ભાગ્યવશ એ બધું મળ્યું અને ધર્મબુદ્ધિ ન થઈ તો બધું વ્યર્થ છે. કદાચિત્ ધર્મબુદ્ધિ પણ થઈ તો મુનિધર્મને ધારણ કરવું ખૂબ મુશ્કેલ છે. મુનિવ્રત ધારણ પણ કર્યું તો આત્મબોધનું પામવું તો નિતાંત મુશ્કેલ છે. આ જ આત્મબોધના થવાથી આ આત્મા પછી અચળ-સ્થિર થઈ જાય છે. તેથી હે આત્મન્! તું આ આત્મબોધને પ્રાપ્ત કરવા માટે સદાય પ્રયત્નશીલ થા. એ જ સાચું સુખ છે, એ જ સાચો લાભ છે અને એ જ સાચું જ્ઞાન છે. એ એકની પ્રાપ્તિ થતા તારો બેડો પાર છે. તેને પ્રાપ્ત કર્યા વિના ક્રોધરૂપી ધનુષને ધારણ કરીને આ યોદ્ધો સંસારમાં ફરી રહ્યો છે.

૧૨. સમ્યગ્દર્શનાદિ જે ધર્મ છે તેનાથી જ આ જીવને સુખની પ્રાપ્તિ થાય છે. ધર્મ નામ તો તેનું જ છે જે જીવોને દુઃખની અવસ્થાથી છોડાવે અને સુખરૂપ શિવધામમાં પહોંચાડી દે. તેથી હે આત્મન્! તું ભાવમોહથી ઉત્પન્ન થયેલા વિકલ્પોને છોડીને શુદ્ધ ચૈતન્યરૂપ આત્મામાં લીન થા એ જ ધર્મ છે. સંસારમાં જે વિવિધ પાખંડરૂપ ધર્મ દેખાય છે એ ધર્મ નથી એમ સમજીને નિશ્ચય ધારણ કરી લે કે જેનાથી આત્માની વિશુદ્ધિ થાય એ જ ધર્મ છે. એવા ધર્મને ધારણ કરવાથી જ અચળ સુખ મળી શકે છે.

આ પ્રકારે બાર ભાવનાઓનું ચિંતવન કરવાથી તેમની વિરક્તતા વધારે દ્રઢ થઈ ગઈ. બુદ્ધિમાન પુરુષ અમૃત મળવાથી પછી વિષ પસંદ નથી કરતાં. આ પ્રકારે ત્રણ પાંડવ યુધિષ્ઠિર, ભીમ અને અર્જુને મનોયોગને રોકીને શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત કરી ક્ષપકશ્રેણી પર આરૂઢ થયા તથા શુદ્ધ ધ્યાનના બળથી અધઃકરણનું આરાધન કરી અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ પર પહોંચ્યા અને ઉત્તરોત્તર પરિણામોની વિશુદ્ધતાના કારણે સાતમા ગુણસ્થાનથી બારમા ક્ષીણકષાય ગુણસ્થાન સુધી ત્રેસઠ કર્મોને પણ એવી રીતે જ નાશ કરી એ ત્રણે મહામુનિ પાંડવ અંતઃકૃત કેવળી થઈને સિદ્ધાલયમાં બિરાજમાન થઈ ગયા. આઠ કર્મોનો નાશ થવાથી ક્ષાયિક સમ્યક્ત્વાદિ ગુણોથી સુશોભિત થઈ ગયા. એમને પછી સંસારની કોઈ બાધા ન રહી. નિરંજન બની ગયા. કૃતકૃત્ય થઈ ગયા જે અનંતકાળ સુધી અવિનાશીક આત્મસુખ ભોગવશે.

આ રીતે, મહાન ઉપસર્ગ વિજયી એ ત્રણે પાંડવોનો કેવળજ્ઞાન અને નિર્વાણ, બંને એક સાથે થયા જાણીને તત્કાળ દેવગણ સ્વર્ગથી આવ્યા અને તેમણે ભક્તિપૂર્વક જ્ઞાનકલ્યાણક અને નિર્વાણકલ્યાણક મહોત્સવ ઉજવ્યો. પછી તેઓ પોતપોતાના સ્થાન પર ચાલ્યા ગયા. આ રીતે અક્ષયસુખના ભોક્તા એ સિદ્ધ પાંડવો અમને પણ સિદ્ધપદ પ્રદાન કરે!

આ બાજુ મહામુનિ નકુલ અને સહદેવે પણ એ મહાન ઉપસર્ગને દ્રઢતાપૂર્વક આત્મચિંતન કરતાં જીત્યો હતો પરંતુ અંત સમયે પરિણામોમાં થોડી અસ્થિરતાના કારણે તેઓ સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયા અને તેમણે તેત્રીસ સાગરની ઉત્કૃષ્ટ આયુ બાંધી. ત્યાં તેઓ તેંત્રીસ સાગરનું સુખ ભોગવશે અને ત્યાંથી ચ્યવીને મનુષ્યનો એક ભવ ધારણ કરીને એ જ ભવમાં શુક્લધ્યાન કરી મોક્ષ પ્રાપ્ત કરશે.

એવી જ રીતે, મહાઅર્જિકા રાજીમતિ, સુભદ્રા, કુંતી અને દ્રૌપદીએ પણ સમ્યક્ત્વની સાથે વ્રત ધારણ કર્યા અને તેનું અંત સુધી નિર્દોષતાપૂર્વક મન-વચન-કાયની શુદ્ધતાપૂર્વક પાલન કર્યું, આરાધનાઓનું આરાધન કર્યું, ઉપવાસાદિ કર્યા અને અંતમાં સંન્યાસ ધારણ કરીને મરણ કર્યું જેથી તેઓ બધા સોળમાં સ્વર્ગમાં જઈને સ્ત્રીલિંગનો છેદ કરીને સામાનિક જાતિના દેવ થયા. ત્યાં તેઓ બાવીસ સાગરનું આયુષ્ય ભોગવીને ત્યાંથી ચ્યવીને મનુષ્ય-પર્યાય પ્રાપ્ત કરીને તપસ્યા કરીને મોક્ષ પ્રાપ્ત કરશે.

ત્યારબાદ, ભગવાન નેમિનાથ પણ અનેક દેશોમાં વિહાર કરતાં રૈવતક પહાડપર આવ્યા. એમનું આયુષ્ય એ સમયે એક મહિનો રહ્યું હતું. ત્યાં પહોંચીને તેમણે યોગનિરોધ ધારણ કર્યો અને પર્યંકાસન લગાવીને નિષ્ક્રિય થઈ ગયા. પછી અંતિમ ગુણસ્થાનમાં બાકી રહેલી પચ્ચીસ પ્રકૃતિઓનો નાશ કરીને શુક્લપક્ષના સાતમના દિવસે પાંચસો છત્રીસ અન્ય મુનિઓની સાથે મોક્ષધામ પહોંચ્યા. ભગવાનનો નિર્વાણ મહોત્સવ ઉજવવા માટે સ્વર્ગથી દેવો આવ્યા અને ભક્તિભાવથી ઉત્સવ ઉજવીને પ્રભુના ગુણોનું ગાન કરતાં પાછા સ્વર્ગમાં ચાલ્યા ગયા. ગ્રંથકાર કહે છે કે એવા એ પ્રભુને મારા મન-વચન-કાય દ્વારા ત્રિકાળ નમસ્કાર હો!

જે ભગવાન પૂર્વભવમાં વિંધ્યાચલ પર્વત પર ભીલ થયા, પછી ગુણશાળી શ્રેષ્ઠ વણિક થયા, સાકેતુ દેવ થયા, ત્યાંથી ચ્યવીને ચિંતાગતિ વિદ્યાધર રાજા, ત્યાંથી મહેન્દ્ર, ત્યાંથી પરાજિત રાજા, પછી અચ્યુતેન્દ્ર દેવ, ત્યાંથી સુપ્રતિષ્ઠ રાજા અને અંતમાં તપ તપીને જયંત નામના વિમાનમાં અહમિન્દ્ર અને ત્યાંથી ચ્યવીને ત્રણલોકના નાથ નેમિપ્રભુ થયા એ પ્રભુ અમારા બધાની રક્ષા કરો.

જે પહેલાં ઉત્તમ બ્રાહ્મણ હતા પછી તપ કરીને અચ્યુત સ્વર્ગમાં દેવ થયા તથા ત્યાંથી ચ્યવીને આ ભવમાં યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ થયા અને પછી ઘોર તપ કરીને ત્રણ મોક્ષ પધાર્યા અને બીજા બે ભાઈઓ સર્વાર્થસિદ્ધિ પધાર્યા એ પાંચેય પાંડવો અમને સુખ પ્રદાન કરો.

જે નેમિ જિન ધર્મરૂપી રથની ધુરા છે, પાપરૂપી વૃક્ષને બાળવા માટે દાવાનળ સમાન છે, કામને રમવા માટેની જગ્યાને ખોદવા માટે કુહાડી સમાન છે અને અખંડ શીલના પરિપાલક છે, વિશ્વદર્શી છે, મોક્ષમાર્ગપ્રકાશક છે, દોષોને નષ્ટ કરવાવાળા છે તથા ભવકૂપમાં ડૂબતા જીવોને હસ્તાવલંબન આપવાવાળા છે એ પ્રભુ મને ભવસાગરથી પાર ઉતારી મારા ઉપર ઉપકાર કરે.

ક્યાં તો ગૌતમસ્વામી દ્વારા કહેવામાં આવેલ પાંડવ ચરિત્ર અને ક્યાં તો મારું આ આવરણથી ઢંકાયેલું અલ્પજ્ઞાન! તોપણ આ ચરિત્રને કહેવાનું મેં આ જે સાહસ કર્યું છે એ મારી ધીઠતા જ છે. વાસ્તવમાં મારો આ પ્રયત્ન જ એવો છે કે જેમ કોઈ નાનો બાળક આકાશમાં તારા ગણવાની કોશીશ કરે. પરંતુ ઉત્તમ પુરુષ દોષ ગ્રહણ નથી કરતા. જે પુરુષ અસજ્જન છે તેઓ જ બીજાના દોષ જોયા કરે છે.

જે સાધુ છે તે સદાય બીજાના કાર્યમાં દત્તચિત્ત રહે છે, બીજાના દોષ તરફ જેમની નજર જ નથી જતી. શાસ્ત્રમાં કોઈ દોષ હોય તો તેને કાઢીને સાર ગ્રહણ કરે છે. તેમનો સ્વભાવ ચંદ્ર સમાન હોય છે. સંસારમાં બધા પ્રકારના માણસો હોય છે, સારા પણ અને ખરાબ પણ. કારણ કે તેમના ભિન્ન-ભિન્ન કાર્યો જોવામાં આવે છે. જો સમાન કૃતિ જ જોવામાં આવતી તો સારા-ખરાબની ઓળખાણ કરવી જ અત્યંત મુશ્કેલ થઈ જાત. કાચની હયાતીથી મણિની વિશેષતા ખ્યાલમાં આવે છે. તેથી હું એવા સાધુજનોથી–જે બીજાના કાર્યો કરવામાં સદાય તત્પર રહે છે તેમને હું પ્રાર્થના કરું છું કે આ ચારિત્રમાંથી સાર વસ્તુ ગ્રહણ કરીને અસાર વસ્તુને છોડી દે. તેઓ સદાય બીજાના ગુણો જ સાંભળે છે અને કહે છે. તેમને બીજાના દોષોથી કાંઈ પ્રયોજન નથી. તેમનો સ્વભાવ હંસ જેવો છે. જેવી રીતે હંસ મળેલા દૂધ-પાણીમાંથી દૂધ ગ્રહણ કરે છે અને અસારરૂપ પાણીને છોડી દે છે, ઠીક એવી જ રીતે સજ્જન પુરુષ પણ સાર વસ્તુને ગ્રહણ કરે છે અને અસાર વસ્તુને છોડી દે છે.

કોઈ એમ કહે કે દુષ્ટ પુરુષ ખરાબ હોય છે તો એમ કહેવું ભૂલ ભરેલું છે. હું તો કહું છું કે દુષ્ટ પુરુષ સજ્જનોનો ખૂબ ઉપકાર કરે છે કારણ કે તેમનું લક્ષ્ય સદાય દોષ ઉપર રહે છે અને દોષને જ કાઢી-કાઢીને કહ્યા કરે છે તેથી સજ્જન

પુરુષોની જે કૃતિ છે એ દોષ નીકળી જવાથી પવિત્ર થઈ જાય છે. તેથી કહેવું પડશે કે દુષ્ટ પુરુષ પણ સજ્જનોના મોટા ઉપકારી છે.

ગ્રંથકાર કહે છે કે હું આ પાંડવોના પરમ-પવિત્ર પુરાણની રચના કરીને કોઈ સ્વર્ગીય સુખ અથવા રાજ્યપાટ અથવા બીજી કોઈ વસ્તુ નથી ઈચ્છતો. હું તો આ ભક્તિનું ફળ એટલું જ ઈચ્છું છું કે મને મુક્તિપદની પ્રાપ્તિ થાય જેથી ફરી સંસારમાં ક્યારેય પણ ભટકવું ન પડે!

મારી આ પુરાણ રચનામાં જો કોઈ વ્યાકરણ, ન્યાય, કાવ્ય, છંદ, અલંકાર, વિરામ આદિની ભૂલ રહી ગઈ હોય તો બુદ્ધિમાન પુરુષ તેને સુધારીને વાંચે. કારણ કે બુદ્ધિમાન પુરુષોનો પ્રયાસ સદાય પરોપકાર માટે જ હોય છે. મેં કોઈ કાવ્ય-ગ્રંથ નથી વાંચ્યો અને નથી કોઈ છંદ-ગ્રંથ પણ જોયા, તેથી ભૂલ થવી સંભવ છે. તેથી બુદ્ધિમાન પુરુષ કોઈ પણ કારણે રોષ ન કરે, મારા ઉપર ક્ષમાભાવ ધારણ કરે.

આ મૂળ સંઘમાં આચાર્ય પદ્મનંદિ થયા, પછી તેમના પટ્ટ પર સકળકીર્તિ આચાર્ય થયા, તેમના પછી ભુવનવિખ્યાત ભુવનકીર્તિ થયા, તેમના પછી ચિદ્રૂપના કહેનાર જગતપૂજ્ય ચંદ્રસૂરિ થયા, તેમના પછી રાજમાન્ય સુક્ષ્મમતિના ધારી પવિત્રાત્મા વિજયકીર્તિ થયા, તેમના પટ્ટ પર ગુણગરિષ્ટ મહાવ્રતી શુદ્ધમતિ શ્રી શુભચંદ્ર આચાર્ય થયા કે જેમણે આ પરમ-પવિત્ર પાંડવ-પુરાણ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથનું બીજું નામ મહાભારત પણ છે. આ ગ્રંથ અતિસરળ, પરમ પવિત્ર ઉત્તમ-ઉત્તમ યુક્તિઓથી પરિપૂર્ણ છે. આ જ શુભચંદ્રાચાર્યના એક વિદ્વાન શ્રીપાલ બ્રહ્મચારી શિષ્ય હતા. એમણે આ ચારિત્ર તપાસ્યું અને તેના અર્થ સંગ્રહે મને સહાયતા કરી તેથી એ શિષ્ય સદાય જયનશીલ હો.


જ્યાં સુધી આકાશમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, સુરપતિના વિમાન, સમુદ્ર, ગંગા આદિ નદી છે અથવા જ્યાં સુધી વીતરાગ ધર્મ છે ત્યાં સુધી આ ભારતભૂમિ પર કલ્યાણ કરવાવાળું આ પુનિત પાંડવોનું પુરાણ પણ શાશ્વત રહો!

જે શુદ્ધમનથી આ પવિત્ર પુરાણ લખશે, વાંચશે, સાંભળશે તથા સંભળાવશે તે સંસારના સુખોને ભોગવીને ઉત્તમ પદને પ્રાપ્ત કરશે, અવિનાશી મોક્ષપદ પામશે. એ જ ધન્યવાદને પાત્ર છે.

આ પુરાણની રચનાનો સમય વિક્રમ સં. ૧૬૦૮ ભાદરવા સુદ બીજ છે. આની રચના વાગડ પ્રાંતના સાગવાડા નગરમાં શ્રી આદિનાથ ભગવાનના મંદિરમાં થઈ છે. આ ભગવાનની પવિત્ર વાણી કલ્પાંતકાળ સુધી જયવંત રહો....!

**શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત પાંડવ-પુરાણ સમાપ્ત.**

**II અધ્યાય છવ્વીસમો સમાપ્ત II**



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.